'ખભે કોથળો ને દેશ મોકળો' તથા 'શૂન્યમાંથી સર્જન' જેવા
બેસ્ટ સેલર્સની કલમનું નવું નજરાણું...

રશ્મિ બંસલ

ભાવાનુવાદ
સોનલ મોદી



સપનાનાં સોદાગરો

(રશ્મિ બંસલ કૃત 'I Have a Dream'નો ભાવાનુવાદ)

આ દેશના પાયાના પ્રશ્નોનું નવા નજરિયાથી નિરાકરણ લાવવાનું
સ્વપ્ન સાકાર કરનાર વીસ વીરલ સમાજસેવકોની અત્યંત પ્રેરક કહાણીઓ...

VISIT…

LANZAROTE

Caliente.com

'ખભે કોથળો ને દેશ મોકળો' તથા 'શૂન્યમાંથી સર્જન' જેવા
બેસ્ટ સેલર્સની કલમનું નવું નજરાણું...

રશ્મિ બંસલ

ભાવાનુવાદ
સોનલ મોદી

સપનાનાં સોદાગરો

(રશ્મિ બંસલ કૃત 'I Have a Dream'નો ભાવાનુવાદ)

આ દેશના પાયાના પ્રશ્નોનું નવા નજરિયાથી નિરાકરણ લાવવાનું
સ્વપ્ન સાકાર કરનાર વીસ વીરલ સમાજસેવકોની અત્યંત પ્રેરક કહાણીઓ...

'ખભે કોથળો ને દેશ મોકળો' **તથા** 'શૂન્યમાંથી સર્જન' જેવા
બેસ્ટ સેલર્સની કલમનું નવું નજરાણું...

રશ્મિ બંસલ

ભાવાનુવાદ
સોનલ મોદી

સપનાનાં સોદાગરો

(રશ્મિ બંસલ કૃત 'I Have a Dream'નો ભાવાનુવાદ)

આ દેશના પાયાના પ્રશ્નોનું નવા નજરિયાથી નિરાકરણ લાવવાનું
સ્વપ્ન સાકાર કરનાર વીસ વીરલ સમાજસેવકોની અત્યંત પ્રેરક કહાણીઓ...

Table of Contents

સપનાનાં સોદાગરો



બેસ્ટ સેલર્સ
'સ્ટે હંગ્રી સ્ટે ફૂલિશ' તથા “કનેક્ટ ધ ડોટ્સ'ના લેખકનું
નવું નજરાણું...

સપનાનાં સોદાગરો

[I HAVE A DREAM]

રશ્મિ બંસલ

ભાવાનુવાદ
સોનલ મોદી

આ દેશના પાયાના પ્રશ્નોનું નવા નજરિયાથી
નિરાકરણ લાવવાનું સ્વપ્ન સાકાર કરનાર વીસ
વીરલાં સમાજસેવકોની અત્યંત પ્રેરક કહાણીઓ...



પ્રથમ આવૃત્તિ -૨૦૧૧
ISBN 978-93-81148-01-3

પેઈજ ડિઝાઈન, ટાઈપસેટિંગ તથા કન્ટેન્ટ (અંગ્રેજી આવૃત્તિ મુજબ)
JAM વેન્ચર પબ્લિશિંગ (પ્રા.) લિ.
Email : mail@rashmibansal.in

કવર ડિઝાઈન
રૂપિન્દર સિંહ

પ્રથમ પ્રકાશન : એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન
કોર હાઉસ, પરિમલ ગાર્ડન પાસે, ઑફ સી. જી. રોડ,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ભારત.
Email : eklavya@eklavya.org

મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ.
પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

અર્પણ...

મારી વહાલસોયી પુત્રી નિવેદિતાને સસ્નેહ



ઋણસ્વીકાર

સુનીલ હાન્ડા - મારા શિક્ષક, ફ્રેન્ડ, ફિલૉસૉફર અને ગાઈડનો હૃદયપૂર્વક આભાર. કોઈપણ લેખકને આથી સારા પ્રકાશક ન જ મળી શકે તેની ખાતરી સાથે.

દીપક ગાંધી - મારામાં વિશ્વાસ મૂકીને મારી સાથે સતત કામ કરવા બદલ. પિયુલ મુખર્જી - જે ફક્ત મિત્ર જ નથી, વિવેચક પણ છે.

IIM અમદાવાદ ના LEMના વિદ્યાર્થીઓ તથા મારા પ્રૂફરીડર્સ સૂર્યા રઘુનાથન, સ્વસ્તિક નિગમ, નૂપુર મસ્કરા તથા સૌરભ દાતારને કેમ ભુલાય?

મદન મોહન - જેમણે અસંખ્ય પાનાં અથાગ પરિશ્રમે બનાવ્યાં છે , મોંમાંથી "બસ અબ હો ગયા' - શબ્દો કાઢ્યા વગર...

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનના વિપુલ પટેલ અને રાજીવ મહેતા - બંનેએ પ્રોડક્શન અને માર્કેટિંગમાં જાન રેડીને પુસ્તકના વેચાણને વિક્રમી આંકે પહોંચાડ્યો છે તથા મને પણ ફાયદો કરાવ્યો છે.

નિખિલ સહસ્બુદ્ધે, સૂર્યા, મિહિર ઝા, સંજીવ પ્વરિયમ ચંદ્રન, માનસી તિવારી તથા અવિનાશ અગ્રવાલ - મારી ટ્રાન્સક્રિપ્શન ટીમના આ સભ્યોના પ્રેમ અને ઝીણવટને સલામ!

રૂપિન્દર સિંગે સુંદર કવર ડિઝાઈન કરીને પુસ્તકની શોભા વધારી છે.

નિવેદિતા - મારી વહાલી પુત્રી મને સતત ડહાપણ તો બક્ષે જ છે, પરંતુ મને નિષ્કપટ અને સરળ રહેવામાં મદદરૂપ થાય છે.

યતીન - જેણે મને જીવનોપયોગી બોધ આપીને ફિલસૂફીના રસ્તે પા પા પગલી મંડાવી છે.

મારી મા - જેના નિઃસ્વાર્થ પ્રેમ તથા રોજિંદી મદદ વગર હું કદાચ લેખક તરીકેની કારકિર્દી બનાવી જ ન શકી હોત!

સોનલ મોદીનો - અનુવાદ જ ન લાગે તેવો અનુવાદ કરીને મારાં પુસ્તકોને ગુજરાતીઓના દિલ સુધી પહોંચાડવા બદલ.

મંગલ અને સંગીતા - સતત અમારા સહુની સગવડો સાચવનાર ઘરસેવકોએ જ અમારું જીવન આટલું સરળ અને કમ્ફર્ટેબલ બનાવ્યું છે .

અને છેલ્લે... પોતાની અત્યંત પ્રેરક જીવનસફરનું મારી સમક્ષ વર્ણન કરનાર આ વીસ વીરલ વ્યક્તિઓનો ખૂબ ખૂબ આભાર...

વાચકો, આપ પણ આ પુસ્તક વાંચ્યા બાદ સમાજસેવા ક્ષેત્રે પગરણ માંડશો એ આશા સહ...

ઋણસ્વીકાર

“I have a dream... That one day all of God’s children will be able to join hands and sing... Free at last! Free at last! Thank God Almighty, we are free at last!”

- Martin Luther King Jr. speaking on 28th August, 1963, at the Lincoln Memorial, Washigton D.C.

લેખકની નોંધ

લેખકની નોંધ

મને લાગે છે કે આ વિશ્વમાં બે પ્રકારના લોકો હોય છે. ફક્ત વિચારનારા- મગજથી કામ કરનારા તથા સંવેદનશીલ - અર્થાત્ હૃદયથી કામ કરનારા!

નાના બાળકને રસ્તા પર ભીખ માંગતું જોઈને વિચારશીલ વ્યક્તિ બોલી ઊઠશે - “ચલ, હટ, જા અહીંથી”!

જ્યારે સંવેદનશીલ વ્યક્તિ બાળકને કાંઈક આપશે! પાઈ-પૈસો ન આપી શકે તો ય કરુણા તો દર્શાવશે જ!

વિચારશીલ વ્યક્તિઓ માટે વિશ્વ બહુ સાંકડું છે.

'મારું ઘર'

'મારું કુટુંબ

'મારી નાત'

'મારો લાભ'

બસ, આ જ એમનું સંકુચિત વિશ્વ!

સંવેદનશીલ વ્યક્તિ 'વસુધૈવ કુટુંબકં'ની ભાવના ધરાવે છે.

અમીર કે ગરીબ, પાપી કે પુણ્યશાળી - આપણે સહુ ક્યાંક ને ક્યાંક એકમેકમાં તાણાવાણાની જેમ ગૂંથાયેલાં છીએ . આથી જ જયારે આપણે અન્યની મદદ કરતા હોઈએ છીએ, ત્યારે આપણે ખુદની ય મદદ કરતા જ હોઈએ છીએ. જો કે, આ સમજવું અઘરું છે.

ભારતના મોટાભાગના મધ્યમવર્ગીય લોકો વર્ષોથી વિચારકો જ બની રહ્યાં છે. ગરીબ, ભૂખ્યા, ઘરબાર વિહોણા કે ગુનેગારો તરફ આપણી સંવેદનાની સરવાણી સુકાઈ ગઈ છે.

આપણે તો એક જ વાક્ય ગોખી લીધું છે... 'એમાં મારા કેટલા ટકા?'

હા, આજે ય આ જ ભારતવર્ષમાં જૂજ સંખ્યામાં સંવેદશીલ વ્યક્તિઓ બચી છે. તેઓ બનતું કરે જ છે પરંતુ આ દેશના પ્રાણપ્રશ્નો વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યા છે.

જો કે હમણાંથી આશાનાં કિરણોનો સોનેરી સૂર્યોદય થયો છે. હવા કા રૂખ બદલ રહા હે...

વિચારશીલ + સંવેદનશીલ વ્યક્તિઓનો હવે એવો ફાલ ઊગ્યો છે, કે જેઓ પ્રશ્નો સામે જોઈને પગ વાળીને બેસવાને બદલે એને સૂલઝાવવાની કમર કસે છે. યુદ્ધ છેડે છે. સમાજસેવાને તેમણે ઉધોગસાહસિકતા સાથે સાંકળીને 'Social Entrepreneurs' નું બિરુદ મેળવ્યું છે.

આ બધાં છે કોણ? મધર ટેરેસાની હું વાત નથી કરતી! આ તો તમારા- મારા જેવા સાવ સામાન્ય લોકો જ છે - જેઓ આ દેશના પાયાના પ્રશ્નોને ઉદ્યોગસાહસિકોની દષ્ટિએ જોઈને સમાજ સુધારણા કરી રહ્યા છે.

અહીં 'નફા'નો અર્થ “લાલચ' નથી. અહીં તો સમાજના સળગતા પ્રશ્નોને સાથે મળીને હલ કરવાની

પ્રતિબદ્ધતા છે. મારો એકડો મોટો કરવાની નહીં, પરંતુ અશિક્ષિતનો કક્કો ખરો કરવાની મોટાઇ છે!

આ ફાની દુનિયામાંથી વિદાયવેળાએ ફક્ત કર્મો જ સાથ નિભાવવાનાં છે. એ એક જ બેન્ક બૅલેન્સ વાપરી શકાશે. ખરુને?

તો મિત્રો, થોડી પળો માટે ખુદને ભૂલીને અન્ય તરફ નજર નાંખશો? પ્રેમ, સ્મિત અને લાગણી જેવી નિઃશુલ્ક ભેટ તો તમે આપી જ શકો ને!

અને હા, એક બાબતની ખાતરી આપું છું.

જેટલું આપશો તે બમણું થઈને પાછું આવશે.

- રશ્મિ બંસલ

જાન્યુઆરી, ૨૦૧૧
મુંબઈ

અનુવાદકનો પરિચય



સોનલ મોૅાઈી લેખન, અનુવાદતથા સમાજસેવા ક્ષેત્રો પ્રવૃત્ત ગૃહિણી છે. દૂરદર્શન તથા [શેક્ષણ-ક્ષેને કારકેર્દીની શરૂઆત કર્યા બાદ હાલમાં તેઓ કોર્પોરેટ જગત સાથી સંકળાયેલ છે.

ગુજરાતના અંતરિયાળ વિસ્તારના ખેડા જિલ્લાના બાલાસિનોર ગામમાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરીને તેમણી M.A. [અંગ્રેજી સાહિત્ય), તથા M.A. [ભૂગોળ)ની ડિશ્નીઓ મેળવી છે.

૨૦૦૧થી અનુવાદ ક્ષે પદાર્પણ કરીને આજ સુધીમાં તેમણે ગુજરાતી ભાષાને સત્તરજેટલાં બૈસ્ટસૈલર પુસ્તકો આપ્યાં છે. તેમનાં પુસ્તકો દ્વારા મળતી બધી જ આવક સમાજ્સૈવાના [વિવિધ પ્રોજેક્ટ્સમાં વપરાય છે. તેઓ અમદાવાદમાં સંયુક્ત કુટુંબમાં રહે છે.

વધુ સંપર્ક : smodi1969@yahoo.co.in

પગવવહાર : 363/18, Satyagrah, Satellite,
Ahmedabad-380015. India.

અનુવાદકનો પરિચય

અનુવાદકની નોંધ

આ પુસ્તક અંગ્રેજીમાં પ્રકાશિત થયું તે પહેલાં જ મેં તેનો ભાવાનુવાદ કરવાનું નક્કી કરી લીધેલું. કારણમાં તો શ્રી સુનીલભાઈ હાન્ડા અને રશ્મિનો મારામાં વિશ્વાસ અને પુસ્તકની સબળતા.

અંગ્રેજી મેન્યુક્રિપ્ટ વાંચતા અનેકવાર હૈયું ભરાઈ આવ્યું છે, આંખમાંથી પાણી આવ્યાં છે અને આ દેશ માટે આશા જાગૃત થઈ છે. દુઃખ એક જ વાતનું થયું - હું વીસ વર્ષની હતી ત્યારે આ પુસ્તક મારા હાથમાં કેમ ન આવ્યું? એની વે, સારાં કામ કરવા માટે ॥ 15 110૫૯૦ ૫૦૦ |ઢા૯ અને આ પુસ્તક જો નવી પેઢીને જાગૃત કરી શકે તો ય મારું સદભાગ્ય માનીશ. નવી પેઢીના પ્રતીક સમી મારી બે પુત્રીઓ અમી - અનાર તથા જમાઈઓ કુનાલ - સ્વપ્નીલને આ પુસ્તક ખૂબ ખૂબ આશા સાથે અર્પણ કરું છું.

And Rashmi, Thanks... You are truly a genius!

- સોનલ મોદી
ભાવાનુવાદક
૨૦૧૧

વિષયસૂચિ

RAINMAKERS
સમાજૌદ્યોગિકો

કદાચ ગુજરાતીઓ માટે આ નવો શબ્દ છે, કેમકે ગુજરાતમાં સામાજિક કાર્ય ફક્ત "સેવા' તરીકે સ્વીકાર્ય છે, ઉદ્યોગ તરીકે નહીં. અહીં એવી વ્યક્તિઓની ચચા છે, કે જેમણે સમાજોપયોગી કાર્યોને ફક્ત "સેવા' તરીકે નહીં પરંતુ "નફાકારક ઉદ્યોગ' તરીકે અપનાવીને એક એવું મૉડલ વિકસાવ્યું છે, કે જ્યાં "સત્કાર્ય'ની ભાવના છે પરંતુ "દાન'ની અપેક્ષા નથી.

[અસ્પૃશ્ય]
બિંદેશ્વર પાઠક, જન્મ-૧૯૪૩
'સુલભ ઈન્ટરનેશનલ' (શૌચાલય) (Sulabh International)

ચુસ્ત બ્રાહ્મણ કુટુંબના ફરજંદ બિંદેશ્વરબાળપણમાં 'સ્વશુદ્ધિકરણ' માટે દાદીમાએ ગાયનું છાણ ખવડાવ્યું હતું!! કારણ? તેઓ '"અસ્પૃશ્ય'ને અડી ગયા હતા ત્યારે 'સ્વશુદ્ધિકરણ માટે દાદીમાએ ગાયનું છાણ ખાવાની ફરજ પાડી હતી. આ જ બ્રાહ્મણે જતે દિવસે એક એવી ચળવળ ચલાવી છે કે જેને ભારતભરમાં 'સુલભ' તરીકે ઓળખ મળી છે. "મેલું ઉપાડનાર' પાયખાનાંના સફાઈ કામદારોને આ ક્રાંતિદ્રાસ સામાજિક મોભો મળ્યો છે.

[રદ્દીમાંથી રળનાર]
અનીતા આહુજા, જન્મ-૧૯૬૦
'કન્ઝર્વ ઈન્ડિયા' (Conserve India)

સુખી ઘરની સ્ત્રીઓ નવરાશના સમયમાં શોખ ખાતર થોડુંઘણું "સોશિયલ વર્ક' કરે, એ ન્યાયે અનીતાએ પણ '"ટાઈમ-પાસ' માટે સમાજસેવાની શરૂઆત કરી. રદ વીણનારાઓને નજીકથી ઓળખ્યાં ત્યારે તે અત્યંત દ્રવિત થઈ ગઈ. આજે પોતાના પતિ શલભ સાથે "કન્ઝર્વ ઈન્ડિયા દ્વારા પ્લાસ્ટિકના રસા ક્લિંગમાંથી એક્સપોર્ટ ક્વોલિટીની થેલીઓ બનાવે છે.

[સેવામાંથી મેવા]
વિનીત રાય, જન્મ-૧૯૭૧
'આવિષ્કાર સોશિયલ વેન્ચર ફંડ' (Aavishkar Social Venture Fund)

સાવ આકસ્મિક રીતે ૨૫ વર્ષના વિનીત શય 'ગિયાન' (Gian)ના CEO નિમાઈ ગયા!પાયાના સંશોધનોને આ સંસ્થા ખાતર પાણી પૂરા પાડીને પોષે છે. આમાંથી જ તેમને ગ્રામ્ય સંશોધકો માટેનું વેન્ચર ફંડ શરૂ કરવાનો વિચાર સ્ફુર્યો. આજે તો 'આવિષ્કાર' ૨૩ જેટલી નફાકારક કંપનીઓને પોષે છે તથા રોકાણકારોને નફો પણ રળી આપે છે.

[વણકરોને એક્સૂત્રે બાંધનાર]
સુમિતા ઘોષ, જન્મ-૧૯૬૦
'રંગસૂત્ર' (Rangsutra)

સંજય ઘોષ નામના અત્યંત આદર્શવાદી IRMA સ્નાતક સાથે લગ્નગ્રંથિથી જોડાઈને સુમિતાએ સેવા સંસ્થા (NGO)માં જ કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું. ૧૯૯૮માં 'ઉલ્ફા'ના આતંકવાદીઓએ સંજયની બેસહેમીથી કતલ કરી પછી માંડ માંડ શોકમાંથી બહાર આવીને હિંમતપૂર્વક સુમિતાએ 'રંગસૂત્ર'ની સ્થાપના કરી. અહીં ગામડાના વણકરો અને હસ્તકલાકારોને ઉત્તેજન આપીને 'ફેબ ઈન્ડિયા" દ્વારા વેચીને નફો રળવામાં આવે છે.

[હાલોને આપણાં મલકમાં]
સલોની મલ્હોત્રા, જન્મ-૧૯૮૧
'દેસી ક્રૂ' (Desicrew)

૨૩માં વર્ષે એન્જિનિયર થઈ ગયેલી સલોની જીવનમાં કાંઈક "નોખી ભાતનું', અલગ કરવા ઈચ્છતી હતી. તે શુન્યમાંથી સર્જન કરવાવાળી જમાતમાં ભળવા ઈચ્છતી હતી. ગ્રામ્ય, ટેક્નોલોજી અને ધંધાનો ત્રિવેણીસંગમ કરીને તેણે "દેશી ક્રૂ'ની સ્થાપના કરી છે. જે ભાસ્તની સર્વપ્રથમ ગ્રામ્ય બી.પી.ઓ. કંપની છે. આખો વિચાર 11 મદ્રાસનો હતો, તેથી આ પ્રોજેક્ટે તેમની પ્રતિષ્ઠાને પણ ચાર ચાંદ લગાવ્યા હતા.

[મેરા ભારત મહાન]
ઈશિતા ખન્ના, જન્મ-૧૯૪૪
"સ્પિતિ ઈકોસ્ફિયર' (Spiti Ecosphere)

ચૂલબુલી યુવાન અને પર્યાવરણના રક્ષણને સમર્પિત ઈશિતા માને છે કે, પ્રગતિ અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુઓ છે, "ઈકોસ્ફિયર દ્વારા" તે પર્યાવરણનું રક્ષણ થઈ શકે તથા પહાડી લોકોને રોજી પણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરે છે. હાલમાં તે પર્યાવરણલક્ષી પ્રવાસન તથા ફળોને પ્રોસેસ કરવાના ઉદ્યોગ દ્વારા પહાડી પ્રજાને પોતાના આ કુદરતી વારસાનું સંવર્ધન કરતા શીખવી રહ્યાં છે.

આદિત્ય મિત્ર

હરીશ હાન્ડે, જન્મ-૧૯૬૪

"સેલ્કો' (Selco)

હરીશ હાન્ડેને ઘણાં 'ગાંડો' કે "ધૂની વૈજ્ઞાનિક માને છે. Ph.D.ના અભ્યાસ દરમિયાન તે શ્રીલંકા અને ભારતના ગામડાંઓમાં અડ્ડો જમાવીને બેસી ગયો. હતો. કારણ? ભારતને ભગવાને આપેલ સૌથી મોટી ભેટ એવી સૌરઊર્જાને ગામડાંઓ સુધી સસ્તા ભાવે પહોંચાડવાની ધૂન એના મગજ ઉપર સવાર થઈ છે. હાલમાં 'સેલ્કો' દ્વાર તેમણે કર્ણાટકમાં ૧,૨૦,૦૦૦ સૌર વીજ પેનલ્સ બેસાડી, છે તથા ધીમેધીમે આખા ભાસ્તનાં ગામડાંઓમાં આ સસ્તી ઊર્જાનો સોત પહોંચાડવા ઇચ્છે છે.

વૃક્ષની શીળી છાયામાં

સંતોષ પારૂલેકર, જન્મ-૧૯૬૯

"પીપલ ટ્રી' (Pipal Tree)

આઈ.ટી. કંપનીની મોભાદાર નોકરીથી સંતુષ્ટ થઈ ચૂકેલ સંતોષને એકવાર કામ અંગે ગ્રામ્ય વિસ્તારોમાં જઈને "માઈક્રો ફાઈનાન્સ' વિષે સમજણ લેવાની જરૂર ઊભી થઈ. આજે તેઓ ગ્રામ્ય વિસ્તારના ગરીબ યુવાનોને 'કન્સ્ટ્રક્શન વર્ક્સ' તરીકે તૈયાર કરીને કાયમી નોકરી તથા આવક પૂરાં પાડે છે.

કામ નહીં, તો દામ નહીં

દિનબંધુ સાહુ, જન્મ-૧૯૦૧

'પ્રોજેક્ટ ચિલ્કા'

'મરીન બાયૉલૉજિસ્ટ' તરીકે દિનબંધુ સાહુ આખી જિંદગી એસ્કંડેશન્ડ લેબોરેટરીમાં રિસર્ચમાં ગાળી શક્યા હોત! પરંતુ તેમણે તો ખરા અર્થમાં લોકજીવન સાથે સંશોધનોને સાંકળીને "પ્રોજેક્ટ ચિલ્કા'ની શરૂઆત કરી. ઓરિસ્સાના અત્યંત છેવાડાના દરિયા કિનારાનાં ગામોમાં તેઓ ગરીબોને "માછલીની ખેતી' શીખવીને "નીલી ક્રાંતિ'ના પ્રણેતા બન્યા છે. વિશ્વના અસંખ્ય છેવાડાના ખારવાઓને આશાનું નવું કરણ આ પ્રોજેક્ટે દેખાડ્યું છે .

ગાંવ ઔર ગલી કી પાઠશાલા

આનંદકુમાર, જન્મ-૧૯૪૩

'સુપર ૩૦'

આનંદકુમાર ગણિત વિષયના ટ્યૂશન ક્લાસિસ ચલાવતા હતા. જો કે ૨૦૦૨માં એક કૌતુક થયું! એક અખતરા તરીકે જ તેણે ત્રીસ અત્યંત ગરીબ, છતાં ય તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યૂશન આપવાનું બીડું ઝડપ્યું. ૨૦૦૮માં આ ત્રીસેત્રીસ વિદ્યાર્થીઓએ ભારતની સૌથી અથરી ગણાતી I1ની 12 (જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ) પાસ કરીને અસંખ્ય તેજસ્વી વિદ્યાર્થીઓને મહેનત કરવાનો ઉત્સાહ બક્ષ્યો. ભારતનાં ગામે ગામની ગલીએ ગલીમાં ગરીબ વિદ્યાર્થીઓને આ સફળતાએ 'કાંઈક કરી બતાવવા'ની પ્રેરણા આપી છે.

ધ સાઉન્ડ ઑફ સાઈલન્સ

ધ્રુવ લાકરા,જન્મ ૧૯૮૦

'મિરેકલ કુરિયર્સ'

ધ્રુવb લાકરા નખશીખ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર દીસે છે, પરંતુ તેમણે પોતાની બુદ્ધિનું ઈન્વેસ્ટમેન્ટ એક "હટકે' આઈઈડિયામાં કર્યું છે. ફક્ત મૂક-બધિરો. દ્વારા ચલાવાતી ભારતની એક માત્ર કુરિયર સર્વિસ ઊભી કરીને ભલભલી જામેલી કંપનીઓને તેઓ ટક્કર આપી રહ્યા છે.

જો કે તેમની મહેચ્છા તો વિશ્વ પ્રસિદ્ધ Fed Exને ભૂ પીવડાવવાની છે… સમાજસેવાની ભાવના સાથેજસ્તો!!

વિષયસૂચિ

CHANGEMAKERS
સમાજસુધારકો

કોઈપણ ચળવળ શરૂ કરવા માટે એક વ્યક્તિ કાફી છે. આખી દુનિયા જેને સ્વીકારી લે છે તેને આ સુધારક 'બહુજનહિતાય', 'બહુજનસુખાય' દ્દષ્ટિએ માપે છે અને બદલાવ માટે આકાશ-પાતાળ એક કરીને 'સમાજોપયોગી' મૉડલ સ્વીકૃતિ પામે તે માટે સઘળું ન્યોચ્છાવર કરવા તત્પર રહે છે.

[સમાજવાદી વૈજ્ઞાનિક](#)
માધવ ચવાણ, જન્મ-૧૯૫૪
'પ્રથમ'

રાજકારણીના ફરજંદ શું બને? મોટેભાગે તો "ખાઉ' રાજકારણી જ! માધવે શરૂઆતથી જ સામ્યવાદી નેતા બનવાનું વિચારેલું! જો કે અમેરિકાના Ph.D. ના અભ્યાસે તેમના વિચારોમાં આમૂલ પરિવર્તન આણ્યું. ભારત પરત આવીને તેમણે શિક્ષણને પોતાના જીવનનો એકમાત ધ્યેય બનાવ્યો છે . આજે તેમણે સ્થાપેલ "પ્રથમ' સંસ્થા ભારતનાં અનેક બાળકોને શિક્ષિત કરી રહી છે તથા આ ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા બની ચૂકી છે.

[નગ્ન સત્ય](#)
અંશુ ગુપ્તા,જન્મ-૧૯૭૦
'ગુંજ'

માસ કમ્યુનિકેશનના સ્નાતક અંશુએ સમાજને કાંઈક જુદું જ વ્યાવહારિક જ્ઞાન આપવાનું નક્કી કર્યું. વપરાયેલા , જૂનાં કપડાંને વ્યવસ્થિત રીતે છૂટા. પાડીને શહેરોના શેઠિયાઓના ઊભરાતા કબાટોમાંથી ગામડાંના ગરીબ વેઠિયા સુધી પહોંચાડીને વસ્ત્રવિહોણાઓને માન-સન્માન બક્ષ્યું છે.

[એકલવીર યોદ્‌ધો](#)
ત્રિલોચન શાસ્ત્રી, જન્મ ૧૯૬૦
'એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોમ' (ADR)

MIT/IIT/IIM ની ડિગ્રીઓ મેળવ્યા બાદ શ્રિલોચન પણ ઠંડીગાર ઓફિસમાં મોંમાં હોકલી ખોસીને ધુમાડા કાઢતાં આ દેશની અનેક વિષમ પરિસ્થિતતિઓના. વિવેચક બની શક્યા હોત! પરંતુ તેમની સાવ સાદી સમજણે તેમને જાહેર હિતની અરજીઓ (Public Interest Litingation-PIL) કરતા કર્યા. ભારત દેશના સામાન્ય માનવીના જીવનને ભો[રિંગની જેમ વીંટળાયેલા ભ્રષ્ટાચારને તથા તે આચરનાર અનેક રાજકારણીઓને તેમણે ધૂળ ચાટતા કર્યા છે.

[આપ ભલા તો જગ ભલા](#)
શાહિન મિસ્ત્રી, જન્મ-૧૯૭૧
'આકાંક્ષા' (Akanksha)

વિદ્યાર્થી કાળમાં જ શાહેને ઝૂંપડપટ્ટીમાં બાળકોને ભણાવવાનું શરૂ કરી દીધું હતું. પંદર બાળકોથી શરૂ થયેલ એ પ્રવૃત્તિ આજે તો પાંગીસસો બાળકોની સંખ્યાએ પહોંચી છે . હાલમાં આકાંક્ષની છ શાળાઓ અને અટ્ટાવન સેન્ટર્સ છે. ભારતના જાગૃત યુવાનોને દેશ માટે કાંઈક કરી છૂટવાની પ્રેરણા આપવાનું શાહિને બીડું ઝડપ્યું છે.

[સાચા સ્વાતંત્ર્યની ખોજમાં...](#)
અરવિંદ કેજરીવાલ, જન્મ-૧૯૬૮
'પરિવતન'

'RTI' વિષે જ્યારે પેપરમાં વાંચીએ ત્યારે એ ચળવળ પાછળ કોનું ફળદ્રુપ ભેજું કામ કરતું હશે તે જાણવાની આપણને સહુને સહજ જિજ્ઞાસા થાય છે. આ અરવિંદ કેજરીવાલની કમાલ છે. "પરિવર્તન નામની ચળવળ દ્વારા તેમણે સૌ પહેલાં તો પોતાના જ [ડિપાર્ટમેન્ટ સામે યુદ્ધ છેડ્યું. ઈન્ડિયન રેવન્યુ સર્વિસ સામે! આગળની રસપ્રદ વાત હવે વાંચો...

[આંતરખોજ](#)
ભૂષણ પુનાની, જન્મ ૧૯૫૪
'6લાઈન્ડ પસન્સ એસોસિયેશન' (BPA)

યુવાન વયે MBA તો થઈ ગયા. હવે શું? ભૂષણે 'અંધજન મંડળ (અમદાવાદ)ને કારકિર્દી તરીકે સ્વીકારવાનું નક્કી કર્યું. લાખો રૂપિયાની નોકરીની ઓફર્સને લાત મારીને આવો "હટકે' નિર્ણય શા માટે? જસ્ટ, જોવા , કે ફાંકડી કૉલેજો MBAની જે ડિગ્રીઓ આપે છે તેનો સમાજ સુધારણા ક્ષેત્રે ખરેખર કોઈ ઉપયોગ છે ખરો કે માત્ર પોથીમાંના રીંગણા જ છે? આજે તો એ વાતને એકત્રીસ વર્ષનાં વહાણાં વાઈ ચૂક્યાં છે અને પેલા પ્રશ્નનો જવાબ પણ મળી ગયો છે... 'હાઃ...

વિષયસૂચિ

THE SPIRITUAL CAPITALIST
આઘધાત્મિક મૂડીવાદીઓ

'જનસેવા એ જ પ્રભુસેવા' 'સાચો સદ્ગુણ સેવા'... આ તો જૂગજૂતી વાત છે ખરું ને? પરંતુ આજે ય આપણી આસપાસ જ સેવાના આ આદર્શોને જ જીવનનો પર્યાય સમજીને પોતે બળીને ઉજાસ ફેલાવતી દીવેટો આપણી વચ્ચે શ્વસી રહી છે. કેમકે તેમની પાસે એક સાદી સમજણ છે, કાર્યશુદ્ધિ અને નિસ્વાર્થ ભાવ જ જીવનનો સાચો ધર્મ અને મર્મ છે!

[આત્મા અક્ષય છે!]

મધુ પંડિત દાસા, જન્મ-૧૯૫૬

'અક્ષયપાત્ર'

આઈ.આઈ.ટી.ના અભ્યાસકાળ દરમિયાન મધુએ એકવાર તો આત્મહત્યા કરવાનું નક્કી જ કરી નાંખ્યું હતું! એ જ ગાળામાં તેમની ઓળખાણ કૃષ્ણ સાથે થઈ! અર્જુનના સખા ભગવાન શ્રીકૃષ્ણ. .. હોં કે! અને બસ એ દિવસથી જ એ આધ્યાત્મના રસ્તે ચાલી નીકળ્યા 'ISKCON' (બેંગલુરૂ)ના વડા તરીકે આજે તો મધુ 'અક્ષયપાગ'ના વડા છે... કદાચ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવો અ સેવાનો ભેખ અને મેનેજમેન્ટની જબ્બર કલાનો સુભગ સમન્વય છે! રોજનાં દસ લાખ ભૂખ્યાં જનોનો જઠરા ગ્નિ ઠારવાનું કામ કાંઈ બચ્ચાંનો ખેલ થોડો છે?

[વી આર અ ફેમિલી]

વિનાયક લોહાની, જન્મ-૧૯૭૮

'પરિવાર આશ્રમ'

IIM (કોલકાતા)માંથી સ્નાતક થયા પછી વિનાયકે કોર્પોરેટક્ષેત્ર જવાને બદલે સામાજિકક્ષેત્રો કાંઈક કરી છૂટવાના આદર્શથી 'પરિવાર આશ્રમ'ની સ્થાપના કરી. આજે અહીં ૪૫૦ થી વધુ વેશ્યાઓનાં સંતાનો, ઘરબાર વિહોણા આદિવાસીઓ અને આંગળિયાત દીકરીઓ રહે છે.

[કટાવા કરતાં ઘસાવું સારું!]

શિરીષ જોંઈવ, જન્મ-૧૯૬૮

'બ્રેલૂર મઠ'


આ.ઇ.આ.ઈઇ.ટી.માંથી ગ્રેજ્યુએટ તો થઈ ગયા! હવે શું? બીબાંઢાળ કારકિર્દી તો પસંદ કરવી જ નથી! સમાજસેવા ક્ષેત્રે જ કાંઈક કરવાની મહેચ્છા છેવટે શિરીષે સમાજને તિલાંજલી આપીને પૂર્ણ કરી. સમાજમાં વ્યાપેલ કુરિવાજોરૂપી અંધારાને કોસવા કરતાં હાથમાં નાનકડી મિણબત્તી લઈને થોડુંઘણું ય અજવાળું ફેલાવવું શું ખોટું? આ સ્વાર્થી દુનિયામાં ઉજાસ ફેલાવી રહેલી આવી જૂજ વ્યક્તિઓને દિલી સલામ!

વિષયસૂચિ

RAINMAKERS

સમાજૌદ્યોગિકો

કદાચ ગુજરાતીઓ માટે આ નવો શબ્દ છે, કેમકે ગુજરાતમાં સામાજિક કાર્ય ફક્ત "સેવા' તરીકે સ્વીકાર્ય છે, ઉદ્યોગ તરીકે નહીં. અહીં એવી વ્યક્તિઓની ચર્ચા છે, કે જેમણે સમાજોપયોગી કાર્યોને ફક્ત "સેવા' તરીકે નહીં પરંતુ "નફાકારક ઉદ્યોગ' તરીકે અપનાવીને એક એવું મૉડલ વિકસાવ્યું છે, કે જ્યાં "સત્કાર્ય'ની ભાવના છે પરંતુ "દાન'ની અપેક્ષા નથી.



અસ્પૃશ્ય

બિંદેશ્વર પાઠક
"સુલભ ઈન્ટરનેશનલ'

ચુસ્ત બ્રાહ્મણ કુટુંબના ફરજંદ બિંદેશ્વર બાળપણમાં "સ્વશુદ્ધિકરણ' માટે દાદીમાએ ગાયનું છાણ ખવડાવ્યું હતું!! કારણ? તેઓ 'અસ્પૃશ્ય'ને અડી ગયા હતા ત્યારે "સ્વશુદ્ધિકરણ' માટે દાદીમાએ ગાયનું છાણ ખાવાની ફરજ પાડી હતી. આ જ બ્રાહ્મણે જતે દિવસે એક એવી ચળવળ ચલાવી છે કે જેને ભારતભરમાં 'સુલભ' તરીકે ઓળખ મળી છે. 'મેલું ઉપાડનાર' પાયખાનાંના સફાઈ કામદારોને આ ક્રાંતિ દ્વારા સામાજિક મોભો મળ્યો છે.

"મારા વતનના ગામડે વીતેલા બાળપણના અનેક મીઠા-મધુરા પ્રસંગો આજેય મારા દિમાગમાં કચકડાની પટ્ટીની જેમ મઢાયેલા છે. પરંતુ એમાંની એક કડવી યાદ છે - જાજરૂની! યાદ કરું છું, ને કમકમાટી આવી જાય છે! એ મળના ઢગલા, ભયંકર દુર્ગંધ અને અસંખ્ય માખીઓનો બણબણાટ! નરક તો મેં જોયું નથી પણ એ જાજરૂથી તો સારું જ હશે. એ જાજરૂમાં જવાનું થાય એટલે મારાં મામી મારા હાથમાં "વિક્સ'ની બાટલી આપી દે!

"ભાણાભાઈ, નાકમાં વિક્સ ચોપડીને જ જજો એટલે વાસ નહીં આવે!" જો કે, ગમે તે ચોપડીએ , વાસથી તો માથું ફાટી જતું! અમે ઘણીવાર તો ત્રણ-2ણ દિવસ સંડાસ જ રોકી રાખતા! પરંતુ છેવટે તો એ નરકની મુલાકાત લેવી જ પડે!" બિંદેશ્વર બાળપણની યાદમાં સરી પડે છે...

અત્યારે હું દિલ્હીના પાલમ વિમાનમથક પર સ્થિત વિશ્વના એકમાત્ર "બાથરૂમ-સંડાસના મ્યુઝિયમ" નજીક ઊભી છું. મારી બાજુમાં 'સુલભ શૌચાલય'ના સ્થાપક બિંદેશ્વર પાઠક છે.

સાઠી વટાવી ચૂકેલ બિંદેશ્વર ખાદીના કુર્તા-ચૂડીદારમાં સમાજ સુધારક જેવા નહીં, પણ ગામડાની શાળાના હેડમાસ્ટર જેવા લાગે છે. અને હા, નિશાળના આચાર્યની માફક જ એ રોજ સવારે આ "સુલભ કેમ્પસ'માં પ્રાર્થના સભા પણ યોજે છે અને તેને સંબોધે છે.

મને સમૂહગાનના શબ્દો સંભળાય છે. એક સેવક આવીને મારી સામે ચા અને ભજિયાંની ડીશ મૂકી જાય છે.

બિંદેશ્વરની ઓફિસ વિશાળ છે, એ.સી. પાવરફુલ છે, વાતે વાતે બિંદેશ્વર મને પૂછે છે : "બોલો બહેન, શક્ય છે કે નહીં? તમે જ કહો..."

અને હું મોં વકાસીને એમની વાતો સાંભળ્યા જ કરું છું... વચ્ચે વચ્ચે હોંકારા દઉં છું... “હાસ્તો ભાઈ, શક્ય તો છે જ ને!” અને તમારા જેવા માણસો આ દેશમાં છે ત્યાં સુધી ઊગતી પેઢી માટે ઘણી આશાઓ ય છે.

ખરેખર, એકલે હાથેય માણસ જાદુ કરી શકે, ડુંગરા ડોલાવી શકે... અને હા, એ માણસ તમે પણ હોઈ શકો!

અસ્પૃશ્ય

બિંદેશ્વર પાઠક
સુલભ ઈન્ટરનેશનલ

"બિહારના વૈશાલી જિલ્લાના રામપુર બાઘેલ નામના નાનકડા ગામના અતિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં મારો જન્મ. જો કે આજે તો હું આ નાત-જાતની વાડાબંધીમાં માનતો જ નથી. મારા દાદા જોષી હતા અને પિતાજી આયુર્વેદિક ડૉક્ટર. કુટુંબનો મોભો ઘણો . ખાધેપીધે સુખી અને પ્રતિષિત.

ઘરમાં નવ તો ઓરડા હતા. એક રૂમમાં ચોવીસ કલાક દીવો બળે. સેવા-પૂજા ચાલે. વચ્ચે મોટો ચોક હતો. ઘરના કૂવાનું જ પાણી રસોઈમાં વાપરી શકાય. મારાં દાદી તો પાક્કાં મરજાદી! ઘરમાં એક ઓરડામાં ઘંટી હતી તે જ લોટની કણેક ઘરના કૂવાના પાણીએ બંધાય તો જ રોટલી ખાવાલાયક ગણાય. બધી સગવડ હતી, પણ બાથરૂમ-સંડાસની સગવડ ન હતી.

સવારમાં ચાર વાગ્યામાં તો ઘરમાં ધમાલ થઈ જાય. પુરુષવર્ગ ઊઠે એ પહેલાં અંધારામાં જ શૌચક્રિયા પતાવવાની બૈરાંઓમાં હોડ લાગે! હું તો સાવ નાનો... પણ ઊંઘમાં ય મને એ ધમાચકડીના અવાજો સંભળાતા. ડબલાં ભરાય, ડોલો ઉંચકાય ને ઠલવાય... અરે, ઘરમાં જો કોઈ સ્ત્રી માંદી હોય, ને બહાર ન જઈ શકે તો તેને માટીનું એક વાસણ આપવામાં આવતું. વાસણની અંદર ચારેય તરફ રખિયા (રાખ) ચોપડવામાં આવતી. એમાં એણે મળ-મૂત્ર વિસર્જન કરવાં પડતાં! બૈરાઓની તો કાંઈ હાલત થતી! યાદ કરું છું, ને મને આપણી સમાજ વ્યવસ્થા પર ઘૃણા આવે છે ! કેટલીય સ્રીઓ કુદરતી હાજતે જતી જ નહીં, દિવસો સુધી વૃત્તિઓ દબાવી રાખવાથી અનેકને માથાના દુઃખાવાની બીમારી ઘર કરી જતી. વળી, ઘરથી દૂર અંધારામાં "દિશાએ જવાનું' હોવાથી સાપ-વીંછી જેવાં ઝેરી જનાવરો કરડવાથી યુવાન સ્રીઓનાં મરણ થતાં. એકાંતનો અને અંધારાનો લાભ લઈને સ્રીઓ પર શારીરિક અત્યાચારો પણ થતા.

હું ચારેક શાળાઓમાં ભણ્યો છું. એકેયમાં બાથરૂમની સગવડ ન હતી. જો કે એકેયમાં છો કરીઓ ભણવા ય આવતી ન હતી! અમારા ગામના જમીનદારને ઘેર મેં પહેલવહેલું પાકું સંડાસ જોયું. જો કે એમાં એવી માથું ફાટી કાઢે તેવી દુર્ગંધ આવતી કે અમે એ રસ્તે જવાનું જ બંધ કરી દીધું. જવું પડે તો નાકે રૂમાલ દાબી દઈએ! એ સંડાસ સાફ કરનાર એક અસ્પૃશ્ય બાઈ હતી. જે ગામના છેવાડે રહેતી. એક દિવસ હું એ હરિજન કુટુંબના એક બાળકને અડી ગયો , ને ઘરમાં જાણે વીજળી ત્રાટકી!

દાદી છાણ, ગૌમૂત્ર, ગંગાજળ અને રેતી લઈને હાજર થઈ ગયાં. મને ચારેક જણે ઝાલ્યો અને ઊંધો કરીને મારા મોંમાં છાણ , ગૌમૂત્ર, ગંગાજળ વગેરે ઠાંસવામાં આવ્યું. મારી મા તો કાંઈ રડે... રડે! પણ દાદીએ નક્કી કર્યું હતું કે હરિજનને અડીને અભડાઈ ગયા પછી શુદ્ધિકરણ માટે આટલી વિધિ અનિવાર્ય છે. એમણે એક જ રટણ ચાલુ રાખ્યું, "આ બધું નહીં કરીએ તો આ છોકરો ઘરમાં રહી જ નહીં શકે!"

આ પુસ્તકના વાચકોને કદાચ વિચાર આવતો હશે, કે ભૂતકાળમાં આવું બધું હશે, પણ આજે ય ભારતમાં આ શક્ય છે? તો મિત્રો, તમારી જાણ ખાતર, 'બાલિકાવધૂ' ફક્ત સિરિયલ નથી, આજે ય ભારતમાં લાખો દીકરીઓ ૧૧ થી ૧૮ વર્ષની વયમાં જ લગ્નવેદીએ હોમાઈ જાય છે અને હા, તમારા ઘરથી ૫૦ કિલો મિટરના અંતરે જ સ્રીઓ આજે ય ખુલ્લામાં જ હાજતે જાય છે!! અને ગામડાંમાં તો શુ, મારી સોસાયટીમાં આજે ય કચરો ઉપાડવાવાળી બહેનને વધ્યું- ઘટયું ખાવાનું ઉપરથી' ફેંકીને અપાય છે. હાથ ન અડી જાય તેનુ ધ્યાન રખાય છે. 'આભડછેટ' જંગલની આગની જેમ આ દેશમાં વ્યાપેલ છે.

હા, તો હવે વાત કરીએ બિંદેશ્વરની... આ અરસામાં તેમની કૌટુંબિક જમીનો વેચાઈ ગઈ. ઘરમાં નાણાંભીડ ઊભી થઈ. તેણે વિચાર્યું, કુટુંબનો મોભો પાછો લાવવા માટે હું શું કરી શકું? તેણે ભણવાનું નક્કી કર્યું. પટણાની બી.એન. કૉલેજમાં તેઓ પ્રથમ આવ્યા. અત્યારે જેમ ડૉક્ટર, એન્જિનિયરના સિક્કા બોલાય છે તેવું એ જમાનામાં લૅક્ચરરનું હતું. બી.એ. (ઓનર્સ) પછી તેમણે "ક્રિમિનોલોજી'માં માસ્ટર્સ કરવાનું વિચાર્યું. કારણ? 'આઈ.પી.એસ.' કે 'સી.આઈ.ડી.'માં નોકરી મળે તો પ્રતિષ્ઠા મળે. જો કે, ફાઈનલ પરીક્ષામાં તેમનો નંબર ચોથો આવ્યો, અરે ફર્સ્ટક્લાસ પણ ન આવ્યો તેથી પ્રોફેસર બનવાનું સપનું તો ભાંગી ગયુ."

"બસ, આ મારા જીવનનો "ટર્નિંગ પોઈંટ'! જીવનમાં ઘણા વળાંકો આવે છે પરંતુ એમાંથી કયા વળાંક પર તમે અટકી જાઓ છો તે જ અગત્યનું છે તેથી જ હું તો બધાંને કહું છું, પ્રયત્ન કરવાનું ચાલુ રાખો. હું પણ સૌથી પહેલાં શિક્ષક બન્યો, પછી મેં બીજી નાની- મોટી નોકરીઓ પણ કરી, ત્યારબાદ અમારા કૌટુંબિક ધંધામાં મેં ઝંપલાવ્યુ. મેં આયુર્વેદિક દવાઓ વેચવાનું શરૂ કર્યું. જો કે એ જમાનામાં બિઝનેસમૅન તરફ લોકોને માન ન હતું. તમારી પાસે લાખો રૂપિયા, જમીનો કે મોટરો હોય તેથી લોકો તમને સન્માન આપે તે જરૂરી ન હતું; પણ તમે ડૉક્ટર, વકીલ કે શિક્ષક હો તો તમારી સામાજિક પ્રતિષ્ઠા વધુ ગણાતી .

બિઝનેસમૅન તરીકે મારા એક મિત્રએ તો મને એટલે સુધી કહેલું કે "ભાઈ, તું મારી સાથે રિક્ષામાં ભલે બેસ, પણ મારી દુકાનથી થોડો દૂર ઉતરી જજે. મને કોઈક તારા જેવા સેલ્સમૅન સાથે જુએ, તો મારી ઈજ્જતના કાંકરા થઈ જાય."

આ શબ્દોએ મને વિચારતો કરી મૂક્યો. જે કામ કરવામાં નાનમ હોય, કોઈને તમારી બાજુમાં ઊભા રહેતાય શરમ આવતી હોય, તો કામ કરવામાં શો ફાયદો?

૧૯૪૭ના ડિસેમ્બરની આ વાત છે. મેં ફરીથી ક્રિમિનોલૉજી ભણીને સમાજમાં માન વધે તેવી પ્રોફેસરની નોકરી મેળવવાના વિચારે મધ્યપ્રદેશની સાગર યુનિવર્સિટીમાં અરજી મોકલી.

૧૯૬૮ના જૂનમાં ટ્રેનમાં બેસીને હું સાગર જવા નીકળ્યો . રસ્તામાં હાજીપુર જંક્શને હું ચા પીવા ઊતર્યો. મારો પિત્રાઈ ભાઈ મને સ્ટેશને મળ્યો. મને કહે, "ક્યાં ઊપડ્યો?" મેં મારી ટિકિટ બતાવી . એ હસવા લાગ્યો... "અલ્યા, તેં તો લખનૌની ટિકિટ લીધી છે. સાગર તો દક્ષિણમાં છે, ને આ પૂર્વમાં..."

મેં ખરેખર સાવ ઉંધી જ દિશાની ટિકિટ લીધી હતી. ગુગલ મેપ્સ અને જી.પી.એસ.ના આ યુગના યુવાનોને મારી બાઘાઈ પર હસવુ આવશે પણ મેં જીવનમાં મારા ગામથી પટણા સિવાયની કોઈ મુસાફરી કરી જ ન હતી! મારા પિત્રાઈ ભાઈ સાથે તેનો એક વકીલ મિત્ર પણ હતો . બંને જણ મંડ્યા... "હવે અહીં જ ઊતરી જા. બહુ ભણી લીધું. ક્રિમિનોલોજીમાં 10.5૮. કરીને મહિને રૂ. ૪૫૦/-ની પ્રોફેસરીથી વધુ સારી નોકરીની અમે તને ગેરંટી આપીએ છીએ." પેલો વકીલ મિત્ર કહે, "આવતે વર્ષે ગાંધીજીની જન્મ શતાબ્દી છે . "બિહાર ગાંધી જન્મ શતાબ્દો સમિતિ'ને માણસોની જરૂર જ છે. તને રૂ.૯૦૦/- ની નોકરી અપાવી દઈશ. તારો સામાન ઉતારી લે ને અમારી જોડે ચાલ!" ટ્રેનમાંથી એ બંનેએ રીતસર મારો સામાન સ્ટેશન પર ફેંકી જ દીધો. અરે, ક્યાંય સુધી મેં મારો બિસ્રો પાછો ખેંચવાનો પ્રયત્ન કર્યો... પણ હું સાવ પાપડતોડ પહેલવાન - ૪૮ કિલોનો હતો. ક્યાં ગજ વાગે? બસ, આમ હું પાછો પટણા પહોંચ્યો.

જો કે, એક આડવાત કરવાની અદમ્ય ઈચ્છા અહીં રોકી શકતો નથી. હમણાં (વર્ષો પછી) મને મધ્યપ્રદેશની એ જ સાગર યુનિવર્સિટીએ તેમની યુનિવર્સિટીનું અત્યંત પ્રતિષિત 'હરિસિંહ ગોર મેમોરિયલ લૅક્ચર' આપવા આમંત્રિત કર્યો હતો. મારા ભાષણનું શીર્ષક હતું , "અડતીસ બરસ મેં સાગર

કી યાત્રા" - હું અડત્રીસ વર્ષે સાગર શી રીતે પહોંચ્યો તેની દાસ્તાન!

ચાલો, તમને પણ એ યાત્રામાં શામિલ કરું...

પટના, ૧૯૪૮! યુવાન બિંદેશ્વર સરયુ પ્રસાદને મળે છે. સરયુ 'ગાંધી શતાબ્દી સમિતિ'ના પ્રમુખ છે. ૧૯૫૨-૫૭ દરમિયાન હાજીપુરમાંથી ચૂંટણી જીતીને ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. પેલો વકીલમિત્ર એમની ચૂંટણીઓનો સંચાલક હતો . એ પ્રસાદને મળીને આ છોકરાની (બિંદેશ્વરની) સિફારિશ કરે છે. બધું બરોબર છે, પણ નોકરી છે જ નહીં તો ક્યાંથી એ છોકરાને આપું? પ્રસાદ છોકરાને બેસાડે, થોડીઘણી વાતો કરે, ટાંપું કરાવડાવે, ચા-નાસ્તો કરાવે ને પાછો કાઢે. જો કે પેલો વકીલે ય કાંઈ કાચી માટીનો નહોતો. રોજ સવારે મંદિર જતો હોય એમ આ છોકરાને લઈને પેલા ધીટ પ્રસાદને ઘેર લઈ જાય.

બિંદેશ્વરે અગાઉની યોજના પ્રમાણે સાગર યુનિવર્સિટીમાં જવાનુ પણ વિચાર્યું. રજિસ્ટ્રારને ફોન કર્યો. તેમને ફાળવવામાં આવેલી સીટ હવે ભરાઈ ગઈ હતી. હવે શુ? સૂડી વચ્ચે સોપારી જેવી હાલત! વહેલામોડા ય પ્રસાદના દિલમાં રામ જાગે એની રાહ જોવાની હતી! વચમાં તેમણે હિન્દીમાંથી અંગ્રેજીનું અનુવાદનું થોડું કામ પણ કરાવી લીધું . તદ્દન મફત! ઘેરથી ભણવા માટે લીધેલ રૂપિયા ય હવે તો પૂરા થવા આવ્યા. આખરે ચાર મહિના પછી પ્રસાદ નામનો પથ્થર પીગળ્યો. તેણે બિંદેશ્વરને મહિને રૂ.૨૦૦/-ના પગારે રાખ્યા.

"મેં "ગાંધી સંદેશ પ્રચાર' નામની એક પેટા-કમિટીમાં કાર્યકર્તા તરીકે કામ ચાલુ કર્યું. "ગાંધીજી કો સાદર પ્રણામ' નામનુ અમારું એક પુસ્તક પણ પ્રકાશિત થયું. એ કમિટીના આંતરકલહ અને રાજકારણનો હું ભોગ બન્યો અને મારી રાતોરાત "અસ્પૃશ્યતા નિવારણ સમિતિ'માં બદલી કરી નાંખવામાં આવી. આ સમિતિ ખુદ જ એક સજા ગણાતી.

જો કે મારી સાચી જીવનયાત્રા એ દિવસથી જ તો શરૂ થઈ!

મને ઉપરીઓ તરફથી કહેણ આવ્યું, "ગાંધીજી કા એક સપના થા, તુમ ઉસકો પૂરા કરો." (હરિજન ઉદ્‌ધારનું) -

ફક્ત ભારત જ નહીં, ચીન, જાપાન, બાંગ્લાદેશ, બર્મા,

લાઓસ, કંબોડિયા તથા અનેક આફ્રિકન દેશોમાં

પણ જ્ઞાનનું જ વધુ મહત્ત્વ છે.

નાનપણમાં હરિજનને અડી ગયા પછી દાદીમા તરફથી મારે જે શારીરિક અને માનસિક અત્યાચારનો સામનો કરવો પડયો હતો તે યાદો ફરી તાજી થઈ. આ લોકો સાથે હું કામ શી રીતે કરીશ? વળી, હું તો એન્જિનિયર પણ નહોતો. તો હું તેમના પ્રૉબ્લેમ દૂર કેવી રીતે કરીશ?

એ જમાનામાં બિહારમાં હરિજનો રોજ ઘેરઘેર ડબા લઈને આવતા અને મળ ઉઠાવી જતા. ઘરમાં ખાડો હોય. તેના પર પગથિયાં હોય, એ ખાડામાં જે ડબો હોય, તેમાં બધા મળવિસર્જન કરે અને નિશ્ચિત સમયે ગામમાંથી મેલું ઊંચકનાર (અસ્પૃશ્ય લોકો) આવીને એ ખાડો તથા ડબો સાફ કરી જાય. (અનુવાદકની નોંધ-મેં ખુદ અમદાવાદની ઘાંચીની પોળમાં મારા ફોઈને ઘેર આ વ્યવસ્થા જોયેલી છે .)

આ સમસ્યા તો હતી જ પરંતુ આવી તો આવી, એક વ્યવસ્થા તો હતી! મારે એનો ઉકેલ લાવવો હતો પરંતુ સમસ્યાની ગંભીરતા સમજયા વગર છૂટકો ન હતો. હું બેતિયા નામના વિસ્તારની હરિજન

કોલોનીમાં રહેવા જતો રહ્યો. ત્યાં મને ભોલા રાઉતની ઓળખાણ થઈ. એ આ વિસ્તારમાંથી ચૂંટાઈને વિધાનસભ્ય થઈ ગયો હતો.

મને જોઈને ઊભો થઈ ગયો... “સાહેબ, આઘા રો! તમારી તો ફિરકી ફરી ગઈ લાગે છે! તમે રહ્યા બામણ ! અમારી ભેળા રહેવાની વાતથી ય પાપ લાગ હે!”

એની વાત જરાય ખોટી ન હતી. મારા બાપુજીને ભારે આઘાત લાગ્યો. મારા સસરાને માથે તો જાણે પહાડ તૂટી પડયો . આજે એ બધી વાતો યાદ કરવાનો કોઈ ફાયદો નથી પણ મેં ઘણાં અપમાનો અને તિરસ્કારનો સામનો કર્યો છે. હું ટણ મહિના સુધી એ કોલોનીમાં જ રહ્યો અને એ દરમિયાન બનેલી બે ઘટનાઓએ મારા મન પર કાયમી અસર છોડી.

હું એ કૉલોનીમાં રહેવા ગયો ત્યારે જ એક નવોઢા પરણીને હરિજન કોલોનીમાં આવી હતી. લગ્નના પ્રથમ દિવસે જ સાસુ, સસરા તથા પતિ તરફથી લોકોનું “મેલું ઊંચકવા' જવા માટે તેની પર દબાણ

હું મારા ગામમાં પેસું કે તરત જ બ્રાહ્મણો બોલવા લાગે... “હાં,

ભાઈ... ભંગીજી આ જાઈએ... આ જાઈએ... આજકાલ તો તમે

ભંગીઓનું જ કામ કરો છો એમ સાંભળ્યું છે ને કાંઈ...!”

કરવામાં આવ્યું. છોકરી તો કાંઈ રડે! રડે! મારી આંખમાં ય પાણી આવી ગયાં! જો કે એનાં સાસરિયાં માન્યાં જ નહીં અને તેણે કૌટુંબિક ધંધાની માગણીને વશ થવું જ પડયું.

બીજો પ્રસંગ યાદ કરું છું ત્યારે તો મને મારી જાત પર પણ ઘૃણા ઊપજે છે. એ બનાવના દસેક દિવસ પછી બજારમાં એક માતેલા સાંઢે બારેક વર્ષના એક છોકરાને શિંગડે ચઢાવ્યો. બજારમાં ઊભેલા ઘણા લોકો તે છોકરાને બચાવવા દોડ્યા ય ખરા... એવામાં કોક બોલ્યુ, “અલ્યાઓ , દૂર રો', ભંગીયો છે!” એકાએક ઘાસલેટ પડે ને કીડીઓનું કટક વિખેરાઈ જાય, તેમ બધા દૂર ભાગી ગયા. હું ને મારો એક મિત્ર જ બાકી રહ્યા. અમે રસ્તા પર પડેલી ઈંટો અને પથરા મારીને સાંઢની પક્કડમાંથી છોકરાને છોડાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તેને પુષ્કળ ઈજા થઈ હતી. માંડ-માંડ અમે તેને હૉસ્પિટલ સુધી પહોંચાડયો પરંતુ તે રસ્તામાં જ મરી ગયો.

બસ, આ બે બનાવો બાદ મેં નક્કી કર્યું, કે દુનિયા કી એસી કી તૈસી! મૈં કિસીકી સુનનનેવાલા નહીં હું! ગાંધીબાપુનુ આ સ્વપ્નું મારે સાર્થક કરવું જ છે. આ દેશમાંથી ઊંચનીચ અને આભડછેટ દૂર થવા જ જોઈએ. એ વખતે સસરાએ માથુ ઊંચક્યું. “જુઓ , જમાઈજી, અમને તમારી ફિકર નથી. અમને તો અમારી દીકરીની ચિંતા છે. અમે તો તમને પટણા યુનિવર્સિટીના ગ્રૅજયુએટ માનીને પસંદ કર્યા હતા. અમને શી ખબર કે તમે આવા ઝંડા ફરકાવશો?”

મેં એમને સ્પષ્ટ કહો દીધું, “હવે હું પાછી પાની કરવાનો નથી. તમને મારા કામની શરમ આવતી હોય તો હું સફળ થાઉં, ત્યાં સુધી તમારી દીકરીને તમારે ઘેર રાખો. મને સફળતા મળશે એટલે તો સ્વાભાવિક છે કે તે જ દોડતી આવશે .”

અને જયારે તમારા મગજ પર આવી કોઈ સત્કાર્યની ધૂન સવાર થાય, ત્યારે પ્રભુ કોઈ ને કોઈ સ્વરૂપે તમને મદદ પહોંચાડી જ દે છે.

હું પટનાથી જયારે બેતિયાની હરિજન કોલોનીમાં રહેવા ગયો, ત્યારે મને પેલા પ્રસાદબાબુએ એક પુસ્તક આપ્યું હતું. “વર્લ્ડ હૅલ્થ ઓર્ગેનાઈઝેશન' દ્વારા પ્રકાશિત થયેલ એ પુસ્તકનું નામ હતું

“Excreta Disposal in rural Areas and Small Communities.” નાનકડી કોલોનીઝ અને ગ્રામ્યવિસ્તારોમાં મળ વિસર્જનની જે સમસ્યાઓ છે તે સમજવા ઈચ્છતી દરેક વ્યક્તિ માટે આ બાઈબલ જેવું પુસ્તક છે. એમણે મને ટકોર કરી હતી, “મને તારામાં તરવરાટ દેખાય છે. તું ધારીશ તો આ પ્રશ્નનું નિરાકરણ જરૂર લાવી શકીશ. જા, ફત્તેહ કર!” જો કે ફત્તેહ ક્યાં અને કેમ કરાય તેની મને ખાસ સમજ ન હતી.

લગભગ આ જ અરસામાં શ્રી રાજેન્દ્રલાલ દાસે મને તેમનું એક પુસ્તક આપ્યું. તેમણે ખુદ સર્વોદય ચળવળમાં ભાગ લીધો હતો. આ પુસ્તકનું વિષયવસ્તુ તો એ જ હતું પરંતુ પ્રમાણમાં તે ઘણું સરળ અને ઉંડાણપૂર્વકનું હતું. આ વાંચતાં, વિચારતાં તથા અનુભવોના સાગરમંથનમાંથી જે ઉત્તરો મળ્યા તે જ અમૃત . 'WHO' (વર્લ્ડ હૅલ્થ ઑર્ગેનાઈઝેશન)ની હૅન્ડબુકના એક વાક્યે મારું ખાસ ધ્યાન ખેંચ્યું . વિશ્વભરના અસંખ્ય સંડાસની રચનાઓના અભ્યાસ બાદ અમે એ સિરાકરણ પર પહોંચ્યા છીએ કે ભારતીય સ્ટાઈલનું સંડાસ (Pit Privy) એ ઉત્કૃષ્ઠ ડિઝાઇન છે. - આ વિશ્વભરમાં બધે જ વાપરી શકાય તેવી યુનિવર્સલ ડિઝાઈન છે. જો કે યુનિવર્સલ એટલે “વાપરવા માટે તૈયાર' એવો મતલબ ન કાઢી શકાય.

આમ, થોડું અહીંથી ને થોડું ત્યાંથી ભેગું કર્યું અને એમાં થોડો અનુભવનો અર્ક મેળવ્યો તો સંશોધન થઈ ગયું! બીજ કો ઈએ રોપ્યું , ખાતર-પાણી અમે સીંચ્યા ને ફળ સમાજ ખાય છે! “ઈનોવૅશન'ની આ જ તો મજા છે! 'સુલભ' શૌચાલયમાં “ખાસ” શું છે? સૌ પહેલાં તો આ તદ્દન સરળ ટૅક્નોલૉજી છે, સસ્તી છે, આમાં પાણીનો વપરાશ તદ્દન ઓછો થાય છે.તેથી જ, ભારત ઉપરાંત અહીં આફ્રિકા, મધ્ય-પૂર્વના રણપ્રદેશો બધે જ “સુલભ” પહોંચ્યા છે.) ઉપરાંત મળમાંથી અહીં ખાતર બને છે. આ સંડાસ ખૂબ જ ઝડપથી બાંધી શકાય છે તથા તેની સફાઈ માટે કામદારોની જરૂર પડતી નથી.

મારા અનુભવને આધારે કહું છું કે જીવનમાં સફળતા માટે પાંચ

ગુણો અનિવાર્ય છે. દષ્ટિ, અભિગમ, નિષ્ઠા, કાર્યક્ષમતા અને

આવડત. આ પાંચેયનો સમન્વય થાય તો સફળતા મળે જ!

સાદી ભાષામાં કહીએ તો 'સુલભ' એટલે બે ખાડાવાળાં, હાથેથી ફ્લશ કરી શકાય તેવાં (ડબલાંથી), ઊંડા ઢાળવાળાં, Y આકારની ચેનલવાળા જાજરૂ છે. એક ખાડો પુરાઈ જાય પછી મળ બીજા ખાડામાં ભરાય એટલે ત્યાં સુધીમાં પહેલા ખાડામાં ભરાયેલ મળનું ખાતરમાં રૂપાંતર થઈ જાય. જોકે એક ખાડાને સંપૂર્ણપણે ભરાતાં મહિનાઓ કે વર્ષ-બે વર્ષ થાય છે. આમાં “રેસ્ટ પિરિયડ'માં મળનું ખાતરમાં રૂપાંતર થતું હોવાથી વાસ આવવાનો કે જંતુ-જીવાત થવાનો પ્રશ્ન ઉદ્દભવતો નથી.

'સુલભ'ની ડિઝાઈન એટલી 'સિમ્પલ' છે કે એ સાદગી જ એની નબળાઈ પણ છે . જયારે મેં ગવર્નમેન્ટ ઑફિસરને સહુ પહેલી વાર પટણામાં આ અંગે વાત કરી ત્યારે રમેશચંદ્ર અરોરા નામના એન્જિનિયર 105 ઓફિસરે તો ફટ દઈને મને મોં પર કહી દીધું , “આ તો તદ્દન ફાલતુ ડિઝાઈન છે... સાવ હંબગ છે... હું તો એન્જિનિયરિંગ ભણ્યો છું, ભાઈ! આ તે કાંઈ ડિઝાઇન છે? તુ એ.*્જિનિયર છે? મેં કહ્યું, “ના, સાહેબ! હુ તો બહું ભણેલો નથી પરંતુ અનુભવે મેં આ પ્રકારના સંડાસ તૈયાર કર્યા છે. સર, તમે પટણામાં અમુક જાહેર સ્થળોએ આ મુકાવીને ટેસ્ટિંગ તો કરી જુઓ!”

પરંતુ, એ અરોરાસાહેબ ટસના મસ ન થયા! મને મોં પર જ સંભળાવી દીધું, “જ્યાં સુધી હું પટણા શહેરના ચાર્જમાં છું, ત્યાં સુધી આવી ફાલતુ ડિઝાઇનો પાછળ સરકારનો એકેય રૂપિયો હું નહીં બગાડું.”

જો કે એક અન્ય 105 ઑફિસર, જે ખુદ એન્જિનિયર ન હતા મિ. કોહલી, તે મારી વહારે આવ્યા. વળી, તે અરોરાના સિસિયર હતા. તેમણે અરોરાને સમજાવ્યા, અરે ભાઈ બસો સુલભ બંધાવીએ, નહીં ચાલે તો બંધ કરી દઈશું... પણ નવો આઈડિયા આવે જ નહીં, તે તો બરોબર કહેવાય. આમ, ૧૯૭૦માં બિહાર સરકારે “સુલભ શૌચાલય'ના પ્રથમ પ્રોજેક્ટને માન્યતા આપી. સેક્રેટરી સાહેબની ઓફિસમાંથી સરક્યુલર નીકળ્યો.

હા, આજ અરસામાં “સુલભ' નામે સંસ્થાની પણ મેં શરૂઆત કરી. સુલભ 'NGO' છે- નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન'- મોટે ભાગે અમારા જેવી સેવાકીય સંસ્થાઓને સરકારી બાબુઓ અને સરકાર સાથે બાપે માર્યા વેર હોય છે. કાણિયા જોડે ફાવે નહીં ને કાણિયા વગર ચાલેય નહીં! સરકારી ગ્રાન્ટ વગર અમે નભી ન શકીએ ને ગ્રાન્ટ આપવા માટે ઓફિસરો સંસ્થાઓને અસંખ્ય ફોર્મબાજીના ચકરાવે ચડાવી દે! પરંતુ મેં હંમેશાં સરકાર અને બાબુઓ સાથે સુમેળથી કામ કર્યું છે. મને શત્રુઘ્નશરણ સિંહ તથા દરોગાપ્રસાદ રાય જેવા રાજકારણીઓના પણ ભરપુર સાથ અને સહકાર મળ્યાં છે. દરોગાજી તો બિહારના ચીફ મિનિસ્ટર પણ રહી ચૂકેલા અને પહેલેથી માનતા કે સામાજિક બદલાવ લાવવાનું કામ સરકાર એકલે હાથે નહીં જ કરી શકે. તેથી જ સમાજ તથા સંસ્થાઓના સાથની જરૂર પડશે.

૧૯૭૧માં રૂા.૭૦,૦૦૦/-ની ગ્રાન્ટ માટે અરજી કરી. એમાંથી ફ્ા.૫૦,૦૦૦/- મંજૂર પણ થયા. પરંતુ એ જ વખતે સરકારનું પતન થયું. તંત્ર બદલાયું. નવા IAS શ્રી રામેશ્વર નાથ આવ્યા. શ્રીનાથ મારે માટે તો ખરા અર્થમાં મારા “નાથ' સ્વરૂપે હાજર થયા! એ ન હોત તો આજે 'સુલભ' આ સ્વરૂપે ચોક્કસ ન હોત! એમણે મને મળવા બોલાવ્યો. હું પહોચ્યો. મને કહે, “કોણ છે ભાઈ તું?”

મેં કહ્યું, “સાહેબ, તમે તો મને મળવા બોલાવ્યો હતો! હું 'સુલભ' શૌચાલય સંસ્થાનો સેકેટરી બિંદેશ્વર છું!”

“ઓહ! મને તો એમ કે આવી સંસ્થા કોઈ સિત્તેર વર્ષનો બુલ્દો ચલાવતો હશે અથવા તો હાથમાં લાકડી લઈને ડગુમગુ ચાલતો કોઈ વૃદ્ધ સ્વાતંગ્યસેનાની મને મળવા આવશે. બેસ ભાઈ! તું જે કામ કરી રહ્યો છે તે આ દેશના સ્વાસ્થ્ય અને સમાજજીવન પર મોટી અસર કરશે તેની મને ખાતરી છે, પરંતુ મને એક ચિંતા છે.”

“બોલો ને સાહેબ.”

“જો ભાઈ, તું ગાંધી જન્મ શતાબ્દી સમિતિમાં કામ કરતો હતો તેના ચૅરમૅન અને પ્રેસિડેન્ટ તો સરકારી બાબુઓ હતા તો ય એમને પાંચ લાખની માંગેલી ગ્રાન્ટમાંથી ફક્ત અઢી લાખ મંજૂર થયા, ખરું ને? આ સિત્તેર હજારની અરજી ક્યારે કરેલી?”

‘ગયા વર્ષના એપ્રિલમાં’!

“ને મંજૂર થયા આ વષના ફેબ્રુઆરીમાં! ને એય ફક્ત રાં.૫૦,૦૦૦/- ખરું ને? એ રૂપિયા વપરાઈ જશે એટલે ફરી પાછો તું સરકારી ઑફિસોના ચક્કરો કાપવા લાગીશ. તારે બાબુઓની દાઢીમાં હાથ નાંખવા દોડવુ પડશે ને કારકુનોને ય કટકીઓ આપવી પડશે. સમજે છે, ભાઈ તુ? બે વર્ષ પછી ફરી એ જ પરિસ્થિતિ! એના કરતાં તારે જે કામ કરવું છે તે કર અને પૈસા લઈને કર. મફતની કાંઈ કિંમત નથી.”

એમની એ સોનેરી સલાહને હુ આજ સુધી વળગી રહ્યો છું . જાજરૂ બનાવવાના હોય, સગવડ ઊભી કરવાની હોય તો નાણાં લઈ લેવાના. જાજરૂ વાપરવા હોય તો પાઈ-પૈસો આપીને જ વાપરવાનાં. એ નાણાંની આવકમાંથી સંડાસ-બાથરૂમની ચોખ્ખાઈ, જાળવણી અને અન્ય રિપેરિંગ થાય. અમે કોઈ

જાતની ગ્રાન્ટ લેતા નથી, ડૉનેશન, લોન કે સબસિડી માટે મેં આજ સુધી અરજી કરી નથી.

શ્રી નાથે મારા હાથમાં હાથ મૂકીને ૧૯૭૧માં વચન લઈ લીધું હતુ , "ભાઈ, તને જે નાણાં મળે તેનો દુરુપયોગ ન કરતો અને લાલચને વશ ન થતો. તો જ તારી સંસ્થાની પ્રગતિ થશે ." એ વખતે તો મેં એમને ફટ દઈને કહી દીધુ હતું, "અરે સાહેબ, લાલચ-લોભ કે નાણાંનો દુરુપયોગ ન કરવાનો કોઈ સવાલ જ ઉભો નથી થતો. ચિંતા ન કરશો."

"ત્યારે શ્રી નાથે કહ્યું હતું, "હાથમાં કાણો પૈસો ન હોય ત્યારે ચોખ્ખા રહેવાની બધા ય વાતો કરે છે અને પછી એકવાર ખણખણાટ સંભળાય પછી લોભને થોભ નથી રહેતો. સંભાળજે. મને ગેરંટી આપ કે તું બગડીશ નહીં!"

હું શી ગેરંટી આપું? પરંતુ સાચું કહું છું, જીવનમાં જયારે જયારે અપ્રમાણિકતા આચરી શકવાની તક સામે આવી છે, ત્યારે એ ભગવાન રામના અવતાર સમા મારા નાથ શ્રી રામેશ્વર નાથ મારી આંખ સમક્ષ અચૂક પ્રગટ થયા છે."

આપણને સહુને ય ઉપરથી' આવા ઘણા સંદેશાઓ , આદેશો મળતા જ હોય છે, પણ આપણે સાંભળીએ છીએ ખરા? ના રે, આપણે તો સહુ સગવડિયા બહેરા છીએ .

પરમિશન આવતાં પહેલાં જ શ્રી નાથની બદલી થઈ ગઈ. ફાઈલ ધૂળ ખાવા લાગી. લગભગ બે-ત્રણ વર્ષ વીતી ગયાં. ત્રીજીવાર 'સુલભ'ની ફાઈલ નવા 105 પાસે ગઈ ત્યારે તેમણે ફાઈલ પર નોંધ લખી - હવે આ ફાઈલ મારા ટેબલ પર જે પાછી લાવશે, તે કારકુનને હું સસ્પેન્ડ કરી દઈશ."

બાપ રે! સાહેબની તુમાખીનો તો પાર નહીં! હવે? મારે એક કોંગ્રેસી નેતા સાથે સારાસારી હતી. તે દિલ્ડી જવાના હતા. મેં પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને એક પત્ર લખ્યો .

"મેડમ, તમે આ દેશને "ગરીબી હટાવો'નું સૂત્ર તો આપ્યું. પણ આ મળ-મૂત્ર ઊંચકવાનું કામ કરનારાઓની હાલત તો જુઓ સ્ટેટ ગવર્નમેન્ટ તો તદ્દન નિષ્ક્રિય છે. સારા પ્રોજેક્ટો માટેની ફાઈલો મહિનાઓ નહીં, બલ્કે વર્ષો સુધી બાબુઓ ના ટેબલો પર ધૂળો ખાય છે. ગરીબી ક્યાંથી હટે?"

તમને નવાઈ લાગશે, પરંતુ ફક્ત દસ જ દિવસમાં બિહારના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી કેદાર પાંડે પર શ્રીમતી ગાંધીનો સંદેશો આવ્યો. એ સંદેશાની આખા તંત્રમાં સુનામી જેવી અસર થઈ. બધાં કુંભકર્ણ નીંદરમાંથી અને પોતપોતાની સલામત ખુરશીઓમાંથી હાલ્યા. બિહારના 'શરણ' જિલ્લામાં સુલભનો સૌ પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવાની અમને મંજૂરી મળી. ૧૯૭૩માં ૃા.૨૫,૦૦૦/-ની ગ્રાન્ટ મંજૂર થઈ અને ફરી ઑફિસર બદલાઈ ગયા. નવા સેક્રેટરી આવ્યા. મારા જીવનનો કદાચ એ સૌથી કપરો કાળ હતો! મેં મારી ગામની જમીનનો મને મળેલો ભાગ વેચી કાઢ્યો. મારી પત્નીને પિયેરથી થોડા દાગીના મળ્યા હતા, તે પણ વેચી કાઢ્યા. મારી પત્નીને જોઈને અમારા ઘણાં સગાં મોં મચકોડતાં , "આ તો પરણેલી છે તો ય લાગતી જ નથી! વાલની વીંટી ય નથી પહેરી!" અમારી મિથાઈલ બ્રાહ્મણની નાતમાં તો દહેજનુ ય ભારે દૂષણ અને લગ્નના ખર્ચા ય ખૂબ. જો કે, આમાંનું કાંઈ મેં મારી પત્નીને આપ્યું નથી તેનું મને ક્યારેક દુઃખ થાય છે. મારા પિતાજીના કપરા કાળમાં મારી માના દાગીના ગિરવે મૂકવા પડ્યા હતા, તેનુ દુઃખ મેં માનની આંખમા જોયું છે. મારી પત્ની પણ એ જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. મારી પર આ ઉપરાંત રૂા.૫૦,૦૦૦/- નું દેવું હતું. ૧૯૭૦માં આ ઘણી મોટી રકમ ગણાતી. બે-ત્રણ વાર તો મેં આત્મહત્યાનો ય વિચાર કરેલો!

આ ગાળામાં સેલ્સમૅની તો ચાલતી જ હતી. હોટેલોમાં હું ક્યારેય રહ્યો નથી. રાત્રે જે ગામમાં હોઉં, ત્યાં

સ્ટેશન પર ધો તિયું પાથરીને સૂઈ જવાનું. શરીર પર જે કુર્તો હોય તેનું ઓશીકું બનાવવાનું ને એ ય સવાર પડજો વહેલી! મને એટલો થાક લાગતો કે હું પડતાંની સાથે જ પથ્થર થઈ જતો! એકવાર હું દવાના સેલ્સમેન રીકે અરાહ નામના ગામમાં ગયો હતો. ત્યાં મને મારા એક જૂના ઓળખીતા રમાકાંત મિશ્રા મળ્યા. તે ત્યાં મ્યુનિસિપાલિટીમાં ઓફિસર હતા. મને કહે, "પછી તારા પેલા સુલભ શૌચાલયના પ્રોજેક્ટનું શું થયું?"

મેં તેમને મારા નિષ્ફળ પ્રયાસો અને સરકારી બાબુઓની તથા તંત્રની નિષ્ક્રિયતાની વાત કરી.

મિશ્રાજી કહે, "મારી પાસે લાખ રૂપિયાનું બજેટ છે . મારે એ માટે કોઈની મંજૂરીની જરૂર નથી. તુ બે શૌચાલય બનાવ. ફંડ હું આપીશ." તેમણે હેડ ક્લાર્ક શ્રી કેશવ ઉપાધ્યાયને બોલાવ્યા. "આને પાંચસો રૂપિયા આપો અને કામ શરૂ કરાવો"...

"પણ આ પૈસાની ઉચાપત તો નહીં કરી જાય ને?"

મિશ્રાજી કહે, "ના ના, માણસ ચોખ્ખો લાગે છે."

જ્યારે વગર ઓળખાણે કોઈ તમારા પર વિશ્વાસ મૂકે ત્યારે તમને આ દુનિયા જીવવા જેવી લાગે, ને ઈશ્વર કૃપાની અનુભૂતિ થાય.

હું પોતે જ વહીવટમાં ગરબડ નથી કરતો એટલે મારી સંસ્થાના

કર્મચારીઓ પણ પ્રમાણિક રહે છે. વળી, અહીં ગરબડ

આચરતનારને કડક સજા પણ મળે છે. બધાંને ખબર જ છે કે ખોટું

કરીશું તો નોકરી જશે તેથી બધા સીધા રહે છે.

આમ ૧૯૭૩ના ઓગસ્ટમાં સુલભના સૌ પ્રથમ બે શૌચાલય બન્યા. જો કે લોકો એક ખાડાવાળા જાજરૂથી તથા મેલું ઊંચકવા આવનારથી એવા ટેવાઈ ગયેલા, કે આવા મળ ભરાઈ રહે તેવા બે ખાડાવાળા જાજરૂની સિસ્ટમ તેમન મગજમાં ઉતારવી મુશ્કેલ પડતી. સુરેશપ્રસાદ સિંઘ નામના એક મ્યુનિસિપલ કાઉન્સીલર મારી વહારે ધાયા. મને કહે, "મારા ઘરનાં બંને જાજરૂ તારી ડિઝાઇન પ્રમાણે બનાવી દે." ધીમે ધીમે વાત મહોલ્લામાં પ્રસરી. બાજુના બક્સર નામના ગામમાંથી પણ પૂછપરછ આવી. પટણામાં બેઠેલા બાબુઓના બહેરા કાનમાં ય સુલભનો સળવળાટ સંભળાયો. ૩૦ એપ્રિલ ૧૯૭૪ના દિવસે પટણાથી ઑર્ડર છૂટયો... 'સુલભ' સરકાર, સ્થાશસ્તિક સંસ્થાઓ અને લાભકર્તાઓની સહિયારી સંસ્થા છે. ગવર્નમેન્ટ ૫૦% લોન આપશે. હાલના સંડાસોને સુલભમાં બદલવા માટે સરકાર સુલભને કુલ ખર્ચના ૫૦% આપે છે. ૫૦% ઉપભોક્તા ભોગવે , સરકારી ૫૦% માંથી ૧૦% સંસ્થાના ખર્ચા માટે વપરાય છે.

એક દિવસ હું પટના મ્યુનિસિપલ કોર્પોરેશનના એડમિનિસ્ટ્રેટર સાથે તેમની ઓફિસમાં બેઠો હતો. તે પોતાના ચીફ એ ન્જિસિયરને સૂચના આપતા હતા, "આજે બપોરે ત્રણ વાગે રિઝર્વ બેન્ક પાસે આવી જજો. ત્યાં પબ્લિક ટૉયલેટ બાંધવાનું છે." તેમણે મને પણ ત્યાં પહોંચવાનું કહ્યું. અમે ત્યાં પહોંચ્યા ત્યારે સાહેબ કહે, "કાલે બપોરે બાર વાગ્યા પહેલાં અહીં બાથરૂમ બ્લોક બનાવવાનો છે. કામ શરૂ કરી દો."

સાહેબ તો બોલીને જતા રહ્યા પણ પેલો એ*્જિતિયર તો બઘવાઈ ગયો! એ તો મારા પગમાં જ પડી ગયો. "તમે જ કાંઈક કરો! સાહેબને તો ઠીક છે! બોલીને ઊપડી ગયા..."

મારી પત્ની સિવાય બધાંએ મારા કામનો, પસંદગીનો વિરોધ

કર્યો છે. જો કે સફળતા મળ્યા પછી બધાં કહેવાતાં સગાં સાથ

આપવા આવી ગયાં. એમાં એમનો ય શો વાંક?

સમય સમય બલવાન, નહીં મનુષ્ય બલવાન!

મારે માટે તો સરકાર માટે , સરકાર સાથે રહીને કામ કરવાની આ સોનેરી તક હતી અને એ ય સરકારી નાણાંથી! મેં પડકાર ઝીલી લીધો. મને કામ શરૂ કરવાના ૨૦,૦૦૦/- રૂપિયા ય મળી ગયા. એન્જિનિયર કહે, "હવે હું સવારે સાત વાગે આવીશ. ઈન્સ્પેકશન કરવા. તમતમારે કામે લાગો."

હું વિચારમાં પડયો ! ક્યાંથી શરૂ કરું? કેવી રીતે કરું? જયાં ટૉઈલેટ બ્લોક બનાવવાનો હતો તે આમ તો જાહેર સંડાસ જ હતાં. દિવસમાં બેથી ત્રણ હજાર માણસો આ જગ્યાએ જ ઝાડાપેશાબ કરતા અને આખા વિસ્તારમાં ભયંકર દુર્ગંધ આવતી હતી. મેં મારા માણસોને વીસ ટ્રક લાલ માટી લાવવા કોળીવાડ નામના ગામે મોકલ્યા. આમાં સાંજ પડી. પછી મેં થોડા માળીઓને પકડયા. પુષ્કળ છોડ અને કૂંડાં મંગાવ્યાં. થોડાં મોટાં ઝાડ પણ મંગાવ્યાં. આખા ગંધાતા મેદાન પર લાલ માટી પથરાઈ ગઈ. તેની આસપાસ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. અનેક કૂંડાં ગોઠવવામાં આવ્યાં. એક ખાડો ખોદીને તેમાં ચંદનનાં લાકડાં ગોઠવવામાં આવ્યાં. બધી વાસ ગાયબ થઈ ગઈ અને વિસ્તારમાં ચંદનની માદક ખુશ્બૂ વ્યાપી ગઈ. આખી રાત અમે બેઠા જ નહીં. આમ ને આમ સવારના ચાર વાગ્યા.

કારીગરોને ચા-પાન-બીડી-નાસ્તો કરાવીને સંડાસ માટેના ખાડા કરવાના કામે લગાડ્યા ત્યાં તો એન્જિનિયર આવી પહોંચ્યા. એ તો જોઈને ખુશ થઈ ગયા! હજી સંડાસ તો બન્યા જ ન હતા, પરંતુ જાહેર શૌચાલયની જગ્યાએ પુષ્કળ ચોખ્ખું મેદાન અને અસંખ્ય રોપાઓ , ઝાડ, કૂંડાં હોવાથી પબ્લિક ગાર્ડન જેવું દશ્ય લાગતું હતુ! દુર્ગંધનું સ્થાન ચંદનની સુગંધે લીધું હતું. વળી, કામ ચાલુ હોવાથી રોજની જેમ જાહેરમાં શૌચક્રિયા પતાવવા સ્ત્રી-પુરુષો કે લોટાનું ક્યાંય નામોનિશાન ન હતું. જાણે આખા વિસ્તાર પર જાદુઈ છડી ફરી ગઈ હતી.

સાહેબે જાજરૂ વિષે તો કાંઈ પૂછ્યું જ નહીં! સારું જ થયું, કેમકે એ તો બંધાયા જ ન હતા. એમને તો ઉપરથી ઑર્ડર હતો, કે રિઝર્વ બેન્કની સામે જાહેરમાં જે હજારો લોકો શૌચક્રિયા પતાવે છે એનું કાંઈક કરો! આખો વિસ્તાર ગંધાય છે. એમાં જાજરૂ બાંધવાની તો વાત જ ન હતી... આમ, સાહેબના સાહેબ પણ ખુશ થયા.

દસ દિવસમાં છાપરાં વગરનાં સંડાસ પણ તૈયાર થઈ ગયા. જો કે વાપરવાનો ચાર્જ હતો - દસ પૈસા. મારા માથે ઘણા માછલાં ધોવાયાં... અરે ભાઈ, પિશાબ કરને ભી પૈસા હોતા હૈ? યહાં તો હમ લોગ ટ્રેન ઔર બસ મેં ભી બિના ટિકટ કટવાયે હી પ્રવાસ કરતે હૈ... યે બિહાર હૈ બબુવા..."

"આપ સમજીએ સાબ... હું સફાઈ માટે જ આ પૈસા વાપરવાનો છું." - અને હુ સાચો પડ્યો. પહેલે જ દિવસે સંડાસ વાપરવા માટે ૫૦૦ જણની લાઈન લાગી! બસ, તરત જ પટણા શહેર અને અન્ય સ્થળોથી 'સુલભ' માટે ઈન્કવાયરી શરૂ થઈ ગઈ.

૧૯૭૭માં "વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન'ના સેનેટરી એન્જિતિયર શ્રી એ. કે. રોય "સુલભ'ના એક શૌચાલયની મુલાકાતે આવ્યા. તેઓ 'સુલભ'ની સફળતાથી આશ્ચર્યચકિત થઈ ગયા. ફક્ત ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં સુલભે ૪૦,૦૦૦ ઘરોમાં બે ખાડાવાળા "ઈન્ડિયન સ્ટાઈલ' જાજરૂ તૈયાર કર્યા હતા તથા બિહારમાં સરકારી મદદથી અસંખ્ય "સુલભ કૉમ્પ્લેક્ષ' ઊભા થયા હતા. તેઓ ખૂબ જ નમ્રતાથી મને

કહે, "હું ૧૯૪૦ થી એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરું છું. અમે આજ સુધી કાંઈ જ નથી ઉકાળ્યું. મને તમારે

આ દેશમાં એક તરફ એવાં બાળકો છે જે વિવિધ રમતો રમે છે,

મીઠાઈ ને પિઝા-પાસ્તા ખાય છે, ક્રિકેટની મેચો જુએ છે તે

મલ્ટિપ્લેક્સમાં મૂવી જોઈને મૉલમાં બેફામ ખર્ચા કરે છે અને

આજે ય અસંખ્ય બાળકો લોકોના સંડાસ સાફ કરે છે ને મેલું

માથે ઉપાડે છે! ઉનકો યહી બચપન નસીબ હુઆ હૈ...

હજી ઘણું કામ બાકી છે...

માટે ખૂબ માન થાય છે." તેમણે તેમના એક સાથી આલ્બર્ટો બાસાને પણ બિહાર મોકલ્યા. તેમના રિપોર્ટનું પહેલુ વાક્ય આજે ય મને યાદ છે.... "ધીસ ઈઝ અનબિલિવેબલ બટ ટ્રુ!'...

૧૯૭૮ માં WHO, UNICEF અને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાએ આખા દેશના ચીફ એન્જિનિયર્સ અને સરકારી બાબુઓ માટે એક સેમિનાર યોજયો . મુખ્ય વિષય હતો - "'સુલભ' મોંડલ જો બિહારમાં સફળ થઈ શકે, તો આખા ભારતમાં આ પ્રમાણે શૌચાલયો બનાવી ભંગી સમાજને મેલું ઊંચકવાની સજામાંથી મુક્તિ આપવી જોઈએ. ચાલો, બિહાર ગરીબાઈ સિવાયની કોઈ એક વસ્તુમાં તો દેશમાં અગ્રેસર બન્યુ!

૧૯૭૮ પછી બંગાળ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ અને પછી તો સમગ્ર ભારતમાં 'સુલભ' શૌચાલય બન્યાં. હવે તો અફઘાનિસ્તાનમાં પણ 'સુલભ' છે અને અમે ૧૪ જેટલાં આફ્રિકન દેશોના પ્રતિનિધિઓને ટ્રેઈનૈગ આપી ચૂક્યા છીએ . આજે સમગ્ર ભારતમાં ૭૫૦૦ સુલભ શૌચાલયોના જાહેર કૉમ્પ્લેક્સો છે. ભારતભરનાં બાર લાખ ઘરોમાં અમે બે ખાડાવાળા સંડાસો બાંધી ચૂક્યા છીએ . બધે જ એક મોંડલથી કામ કરવામાં આવે છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોંડલ. પબ્લિક ટૉઈલેટ માટે જમીન સરકાર આપે, બાંધવાના નાણાં પણ સરકાર આપે, 'સુલભ' વ્યવસ્થા ઉભી કરે. વપરાશના નક્કી કરેલ નાણાં સફાઈ તથા જાળવણી માટે વપરાય. આ એક એવી વ્યવસ્થા છે કે જે સ્વનિર્ભર છે. ઊભી થઈ ગયા પછી તેને કોઈના આધારની જરૂર નથી રહેતી.

ઘરોમાં 'સુલભ' શૌચાલય બનાવવા માટે સરકાર ૫૦% ગ્રાન્ટ આપે છે અને ૫૦% લોન આપે છે.

અમારે ભાગે મુખ્ય કામ ઘેર-ઘેર ફરીને લોકોને 'સુલભ'ના ફાયદા સમજાવવાનું આવે છે. અમારે લોકોમાં વિશ્વાસ ઊભો કરવો પડે, આખા વિસ્તારમાં ફરીને સહીઓ ઉઘરાવવી પડે, સરકારી ગ્રાન્ટ- લોન માટેના કાગળિયાં બનાવવા પડે તથા છેવટે જાજરૂ બાંધવા પડે. આ પ્રક્રિયા ફક્ત બિહારમાં જ નહીં, આખા દેશના બધાં જ રાજ્યોમાં કરવાની તથા બધે જ ગ્રાહકને સંતોષ આપવાનો. વળી,

માનવીય હક્કો અને અસ્પૃશ્યોને સમાજમાં સ્થાન આપવાની આ

લડત છે. કહેવાતા ઉચ્ચ વર્ણના આ લોકોએ વતાવેલ કેરની

સામેની આ ચળવળ છે. આ પ્રકારનાં સંડાસ તથા બાયોગેસ

પ્લાન્ટ્સથી જ હાંસિયામાં હડસેલાઈ ગયેલો એ સમાજ ફરીથી

માથું ટટ્ટાર રાખીને સરળતાથી સમાજમાં ભળી શકશે.

ગરીબ, અભણ તથા આભડછેટમાં માનતા લોકો જોડે કામ લેવાનુ . ઘરમાં જાજરૂ બાંધવાના હોય, તો જરૂરી મટિરિયલનું એક સ્ટાન્ડર્ડ લીસ્ટ અમે તૈયાર રાખ્યું છે. જેથી મકાનમાલિક ચેક કરી શકે . જાજરૂ બંધાઈ ગયા પછી પણ અમારા એક કાર્યકર મકાનમાલિકની મુલાકાત લે છે. ગ્રાહકનો સંતોખ એ ખરૈખર અમારો મુદ્રાલેખ છે. જે મકાનમાં સુલભ બંધાય તે કુટુંબને અમે કાંઈક ઈનામ પણ આપીએ છીએ. વળી, દરેક ગ્રાહકને પાંચ વર્ષનું ગેરંટીકાર્ડ આપવામાં આવે છે. એ પાંચ વર્ષના ગાળામાં કોઈપણ તકલીફ થાય તો અમે રિપેરિંગ જ નહીં, રિપ્લેસમૅન્ટ પણ કરી આપીએ છીએ.

'સુલભ' સંસ્થાનો પણ ઝડપથી વિકાસ થયો. અમારે એ-્જિતિયરોની જરૂર ન હતી. ફક્ત સામાજિક કાર્યકરો બસ હતા. ધીમે ધીમે મેં રોપેલ બીજમાંથી વૃક્ષ થયુ .

બહેન, તમે પૂછશો જ, કે હું જે નીતિ અને પ્રતિબદ્ધતાથી કાર્ય કરું છું, તે મુજબ મારી બધી જ શાખાઓના કાર્યકર્તાઓ કરે છે ખરા? તો મારો તો એક જ જવાબ છે, કે દાખલો તો મારે જ બેસાડવો પડે. સંસ્થામાં એક કલ્ચર પેદા કરવું પડે. આ તો સામાન્ય સમજ છે. દેશનો નેતા હોય કે શાળાનો હેડમાસ્ટર! યથા રાજા તથા પ્રજા. ખરું ને? હા, ક્યારેક અમારી ટોપલીમાં ય સડેલાં ઈંડા પેસી જાય છે... પરંતુ ટકી શકતા નથી.”

“બિંદેશ્વર, આખા દેશમાં ૭૫૦૦ સુલભ શૌચાલયો છે. તેમાં રોજના હજારો રૂપિયાની આવક થતી હશે. તમે તો કમ્પ્યુટરાઈઝ એકાઉન્ટિંગ સિસ્ટમ પણ નથી વસાવી તો આ બધું ધ્યાન કોણ રાખે?” હું સહજ ભાવે પૂછું છું. “જુઓ બહેન, ઝીણું કાંતીયે તો દુકાનદાર જ રહેવાય. રાજ ચલાવવું હોય તો રાજા જેવું દિલ અને મન રાખવાં પડે. અમે 'સુલભ' ખાતે શ્રી મંથલી ચેક' નામની એક સરળ સિસ્ટમ વિકસાવી છે. રોજેરોજની કમાણી નહીં ચેક કરવાની. કોઈપણ ત્રણ મહિનાના ગાળામાં ફક્ત એક જ દિવસનું કલેક્શન જોઈ લેવાનું. એ આંકડા પરથી રોજ લગભગ એટલું જ કલેક્શન થતું હશે તેવી ધારણા મુકાય. જે વ્યક્તિ એ સુલભ કૉમ્પ્લેક્સ ચલાવતો હોય, તેણે મિનીમમ એટલા નાણાં તો આપી જ દેવા પડે. ત્રણ મહિના પછી ફરીથી ઈન્સ્પેક્શન થાય.

જુઓ બહેન, વાડ હોય ત્યાં છીંડા તો હોય જ. પણ મોટું તંત્ર ચલાવવું હોય તો આંખ આડા કાન કરવા જ પડે... “ઘર કી શાંતિ કે લિયે થોડા બહોત ચલાના પડતા હૈ...”

મેં ઘણા HRના મોટા-મોટા સાહેબોને આવી વાતો કરતા સાં ભળ્યા છે પરંતુ બિંદેશ્વરે જીવનમાં આ અપનાવ્યું છે. “વી આર અ ફૅમિલી' ની મોટી વાતો ઘણી કંપનીઓમાં ચાલતી હોય છે પરંતુ નાનકડી ભૂલ માટે પટાવાળાને ય તગેડી મુકાય છે . જયારે અહીં? કર્મચારીઓ માટે પ્રેમ, દયા, લાગણી, કરુણા અને ગર્વની ભાવના છે.

બિંદેશ્વર ખૂબ જ સચ્ચાઈથી જ કહે છેઃ “અમારા કોઈપણ કાર્યકર્તા કે તેના કુટુંબીજનને માંદગી આવે અરે હાર્ટ કે લિવર જેવી મોટી માંદગી પણ આવે તો અમે બધી જ મદદ કરી છૂટીએ છીએ. બે લાખ હોય કે ચાર લાખ. હું ગણતો જ નથી. માણસની જિંદગી પર થોડી પ્રાઈસ ટૅગ લગાડાય?”

વાત તો સાચી જ છે, પરંતુ 'સુલભ'ની વાર્ષિક આવક કેટલી છે વાચકો, જાણવું છે? ભાગ્યે જ કોઈ સ્વનિર્ભર સંસ્થાની હોઈ શકે તેટલી... અધધધ ૧૨૫ કરોડ! સુલભ બે હાથે કમાય છે. ઘરો અને સરકાર તથા સંસ્થાઓ માટે શૌચાલયો બાંધવા માટે તેમને નાણાં મળે છે તથા તે શૌચાલયો વાપરનાર પણ સુલભને નાણાં આપે છે. તો આ ૧૨૫ કરોડનું શું થાય છે?

અલગ-અલગ રીતે નાણાં વપરાય છે. નવાં-નવાં શૌચાલયો બાંધવા તથા તેની જાળવણીમાં, ૨૫,૦૦૦ કાયમી તથા ૧૦,૦૦૦ પ્રોજેક્ટ પર કામ કરતા કર્મચારીઓના પગારમાં તથા મોટાભાગે કર્મચારીઓ તથા તેમનાં બાળકો માટેની વેલ્ફેર પ્રવૃત્તિઓમાં વપરાય છે. દા.ત. દિલ્હીમાં 'સુલભ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ' ચાલે છે જ્યાં ૯૦% બાળકો હરિજન કુટુંબોનાં તથા બાકીના ૪૦% સમાજના અન્ય વર્ગોપના ભણવા આવે છે. અસંખ્ય પરિવારો દીકરીઓનાં લગ્નના ખર્ચ કરવા અસમર્થ હોય છે. “સુલભે' સેંકડો દીકરીઓને કન્યાદાન આપ્યુ છે. કોઈ કંપની ૧૦૦ કરોડની “કમાણી' કરે અને 'સુલભ' ૧૦૦ કરોડની કમાણી કરે તેમાં મોટો ફરક એ છે, કે “સુલભ'ના સોએ સો કરોડ સમાજની સુખાકારી માટે જ વપરાય છે.

સાદો દાખલો “સુલભ પબ્લિક ટૉઈલેટ'નો જ જોઈએ . ૭૫૦૦ જાહેર શૌચાલયોમાંથી ૪૦૦૦માં કોઈ કમાણી જ નથી. ૧૦૦૦માં ખર્ચા- પાણી નીકળે તેટલી આવક છે પણ બાકીના ૨૫૦૦ “દૂઝણી ગાય' જેવાં છે. બેંગ્લોરના જાહેર બસ-સ્ટૅન્ડની સામેના શૌચાલય કે અમુક સ્ટેશનો પરના કોમ્પ્લેક્સ કમાઉ દીકરા છે. એટલે શું પેલા ૪૦૦૦ ટૉઈલેટ બંધ કરી દેવા? ના, સુલભ કૉર્પોરેટ કંપની નથી. સમાજનું ત્રણ અદા કરવા માટે કામ કરતી સંસ્થા છે.

“બિંદેશ્વરજી, તમે સમાજ માટે જે કાર્યો કર્યા તેમાં સૌથી સારું કાર્ય તમે કયું ક્યું? આખા ભારતમ! જરૂરી જાહેર સ્થળોએ પબ્લિક ટૉઈલેટ કર્યા તે કે અસંખ્ય ઘરોમાં બે ખાડાવાળા જાજરૂ બનાવ્યા તે?”

“ના, ના, બેમાંથી એકે ય નહીં. આ તો બહાર દેખાડવાની વાત છે. ખરું કાર્ય તો સમાજ ઉદ્ધારનુ થયું. મહાત્મા ગાંધીજીનું એક સ્વપ્ન હતું. હરિજન ઉદ્ધારનું. મારે તો એ સ્વપ્ન સત્ય કરવું હતું. હરિજનોને ભણાવો, નોકરી-ધંધે લગાડો અને સમાજમાં માથું ઊંચું રાખી શકે તેવું સ્થાન આપો. હું તમને નાનકડો દાખલો આપું. જે હરિજન બાઈઓ માથા પર મેલું ઉપાડતી હતી તે આજે મોબાઈલ રાખે છે .નાના-મોટા ધંધા કરે છે . જે 'મેડમો'ના ઘરમાં એ બાઈઓ ના પ્રવેશ માત્ર પર નિષેધ હતો તે મેમસાહેબના ઘરમાં હવે આ બહેનો જાય છે, ચા-પાણી પીવે છે , સોફા પર બેસી શકે છે અને મંદિરોમાં પણ જાય છે. હવે આ જ્ઞાતિને પણ “'માણસ' હોવાનો મોભો મળ્યો છે.

ઘણું કામ થયું છે પરંતુ હજુ તો ઘણું કરવાનું બાકી છે. આજે ય ભારતમાં ૩ થી ૪ લાખ લોકો આ વ્યવસાયમાં જ છે. જો કે સરકારી આંકડો ૧,૨૭,૦૦૦ નો છે. જે હોય તે, આજે ય ભંગીઓનુ કામ ચાલુ જ છે. હાલમાં અમે રાજસ્થાનના ટોંકમાં “મિનિસ્ટ્રિ એફ સોશિયલ વેલ્ફેર'ના સહયોગથી એક સેન્ટર ચાલુ કર્યું છે. જયારે ૬૧ બાળકીઓ રહે છે. બહેન, તમને જાણીને આઘાત લાગશે પણ આ છોકરીઓ બે વર્ષની હતી ત્યારથી જ તેમની મા સાથે લોકોના ઘરનું મેલું ઉપાડવા જતી. સાત વર્ષની થતી ત્યાં સુધીમાં તો જાતે કામ બાંધતી .. . આપણી દીકરીઓ જેવાં સ્વપ્ન જોવાનો પણ એમને અધિકાર નથી? એક સામાન્ય જિંદગી જીવવાનો એમને હક્ક જ નથી? અસ્પૃશ્યોને શાળાઓમાંથી મૂકી દેવાથી કામ નથી પતી જતું. તેમની “સેલ્ફ એસ્ટિમ' વધારવાની છે.

ડૉ. આંબેડકરે પોતાના પુસ્તકમાં એક હૃદયસ્પર્શી બીના ટાંકી છે. એ નાના હતા ત્યારે તેમની શાળામાં એક ઈન્સ્પેક્ટર આવ્યા. તેમણે પૂછયું: “એસી કૌનસી ચીજ હૈ જો આપ દેખ સકતે હૈં મગર છૂ નહીં સકતે” - બધા વિદ્યાર્થીઓએ જાત-જાતના જવાબ આપ્યા: સૂર્ય, ચંદ્ર, તારા વગેરે... ડૉ. આંબેડકરે કહ્યું, “પાની કા ઘડા.” તેમણે દૂરથી પોતાના ક્લાસની બહાર પડેલું માટલું બતાવ્યું જેને અડવાની તેમને મનાઈ હતી. તેમણે જાહેરાત કરી હતી કે, “જયાં સુધી આ દેશની દરેક કોમના લોકો મંદિરોમાં ન જઈ શકે, પૂજા ન કરી શકે, એક જ તળાવમાં જોડે નાહી ન શકે તથા એક જ કૂવાનું પાણી પી ન શકે ત્યાં સુધી આ દેશમાં અસ્પૃશ્યતા નિવારણ થયું ન કહેવાય.

તેથી જ હું તો હરિજન સ્ત્રીઓને ફાઈવ સ્ટાર હોટેલમાં ડીનરમાં લઈ જાઉં છું. ઘણા મને ગાંડો ગણશે... પરંતુ તેમને થવું જ જોઈએ કે હમ ભી યહાં આ સકતે હૈં... પહેલી વાર હું દિલ્હીની મોર્ય શેરેટોનમાં આવા ગ્રૂપને લઈ ગયો ત્યારે ત્યાંનો મૅનેજર દોડતો આવ્યો... મને કહે, "પાઠકજી, તમે આ "બધાને" ક્યાંથી ઉપાડી લાવ્યા?" જો કે અમે શાંતિથી જમ્યા. ત્રણ લાખનું બિલ ચૂકવ્યું ત્યારે એ ખુશ થઈ ગયો... અરે બધાંને કહે, "ફરી આવજો બહેનો!" દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે, રશ્મિજી, સમજતી હૈં ન આપ?! યે તો થા ઉનકા સન્માન બઢાને કા સિમ્બોલિક તરીકા. ગાંધીજીનું તો એક સ્વપ્ન હતું કે હરિજન મહિલા ભારતનાં રાષ્ટ્રપતિનું સ્થાન શોભાવે . ભારતના પ્રેસિડેન્ટ તો આપણે ન નીમી શકીએ પણ અમે 'સુલભ'ના પ્રેસિડેન્ટના સ્થાન પર એક મહિલાની જ નિમણુક કરી છે. તેમનું નામ છે ઉષા ચૌમાર. તેઓ આખી દુનિયા ફર્યા છે. તેમને અનેક એવૉર્ડ્ઝ મળ્યાં છે તથા વિશ્વભરના નેતાઓ સાથે તેમની મુલાકાતો , લંચ ,ડીનર યોજાયાં છે.

ગયે વર્ષે તો ઉષાએ યુનાઈટેડ નેશન્સની ટ્રસ્્ટીશીપ કાઉન્સિલને સંબોધી - અંગ્રેજીમાં-!! ભારતની ટૉપમોસ્ટ મોડલ્સ સાથે તેમણે રૅમ્પવૉક પણ કર્યું છે. ૨૦૦૭માં "વર્લ્ડ ટૉઈલેટ સમિટ' દિલ્હીમાં યોજાઈ ત્યારે તેમણે વિજ્ઞાન ભવનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. કાલે રાત્રે મારી ઓફિસમાં મને મળીને ગઈ ત્યારે મને કહે, "સર, થેંક્યુ, બાય બાય, ગુડ નાઈટ!" જબરદસ્ત કૉ ત્ફિડન્સથ બોલી ગઈ!

બિંદેશ્વરની કામ કરવાની રીત ઘણાંને "ચક્રમ' જેવી લાગે. જો કે પવનનો વિરુદ્ધ દિશામાં વહાણ ચલાવવાની તેમને હવે ટેવ પડી ગઈ છે. તે ધાર્યું કામ કઢાવી શકે છે. 'સુલભ' બીજી ગરીબડી સંસ્થાઓ જેવી નથી. બિંદેશ્વર મને પેટ છૂટી વાત કરે છે...

"જુઓ બહેન, ૨૦૦૭ની "વર્લ્ડ ટોઈલેટ સમિટ' યોજવા માટે મેં પટણાની સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાંથી દસ કરોડનો ઓવર ડ્રાફ્ટ લીધો હતો. મેં અમારી બહેનોને બૅન્કના પૈસે અમેરિકાની ટૂર કરાવી છે. એ લોકોને "યુનો'માં જવાનું હતું, તો મેં ન્યૂયોર્કમાં સસ્તી હોટેલ શોધવાને બદલે યુનાઈટેડ નૅશન્સની બરોબર સામેની હોટેલમાં ભલે મોંઘી છતાંય તેમનું બુકિંગ કરાવ્યું. રોજ યુનૌમાં મિટિંગમાં આવવા- જવામાં તેમને કોઈની મદદના ઓશિયાળા ન રહેવું પડે. મોટી કંપનીઓ તગડા નફા કમાઈને પોતાના શેર હોલ્ડરોનાં ખીસાં ભરે છે. અમે અમારા કર્મચારીઓ માટે પૈસા વાપરીને તેમનાં જ જીવનધોરણ, સામાજિક મોભો અને ગૌરવ વધારીએ છીએ. ગ્લોબલાઈઝેશનની ઠાલી વાતો કરવાને બદલે વૈશ્વિકરણના લાભ ભારતના સામાન્ય, તરછોડાયેલા વર્ગ સુધી પહોંચાડવાની મારી સંસ્થાની સાદી સમજ છે. આમાં મગજથી નહીં, હૃદયથી વિચારવું પડે, બહેન!"

હું અત્યારે દિલ્હીના પાલમ-દાબરી રોડ પર આવેલ "સુલભ ઈન્ટરનૅશનલ કૉમ્પ્લેક્સ'માં ઊભી છું. મને ખબર નથી પડતી કે બિંદેશ્વરને આ સર્જન કરવાનું કોણે સુઝાડ્યું હશે. પરંતુ આ, "ટોઈલેટનું ડિઝનીલૅન્ડ" છે. વાચકો, તમને ખાસ વિનંતી કરું છું કે આ જોવા જેવી જગ્યા છે. જજો. ત્યાં વિઝીટર્સ માટે ટૂર છે. સુલભ પબ્લિક સ્કૂલ , ત્યાં બાળકો માટે ચાલતા વિવિધ ધંધાકીય પ્રશિક્ષણના વર્ગો, બે ખાડાવાળા જાજરૂની રચના, બાયો-ગૅસ પ્લાન્ટ અને વિશ્વનું એકમાત્ર ટોઈલેટનું એવું મ્યુઝિયમ, જેની ૧૯૯૨થી આજદિન સુધીમાં બાવીસ લાખ લોકોએ ખરેખર 'વિઝીટ' લીધી છે.

બિંદેશ્વર મને કહે છે, "અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોએ તો મોટેભાગે ગંદકીની સમસ્યા સુલઝાવી દીધી છે પરંતુ એશિયન દેશો , આફ્રિકા, સાઉથ અમેરિકા અને મધ્યપૂર્વના અમુક દેશોમાં અસ્વચ્છતાનો પ્રાણપ્રશ્ન આજે ય સળગે છે. આજે ય ૨.૫ બિલિયન લોકોના ઘરમાં સરખાં શૌચાલય નથી. આ પ્રશ્નનું નિરાકરણ પણ સહેલું નથી કેમકે સામાન્ય માણસને ગટર અને સેપ્ટિક ટૅંક પોસાતાં નથી. તેથી જ સુલભે એક વૈકલ્પિક વ્યવસ્થા શોધી છે. નામ છે, ડિસેન્ટ્રલાઈઝડ્ઝ વૉટર ટ્રિટમેન્ટ

પ્લાન્ટ - આનાથી પાણી રિસાઈકલ થાય છે. બાયોગેસ બને છે તથા છાણિયું ખાતર પણ બને છે. કોઈપણ મોટી હાઉસિંગ કોલોની, શાળા-કૉલેજ કે હૉસ્પિટલ માટે આ શ્રેષ્ઠ વ્યવસ્થા છે."

"અરે વાહ, આવો આઈડિયા ક્યાંથી આવ્યો?" હું પૂછું છું- "અરે, ૧૯૭૭ની વાત છે. હું દિલ્હીની ડિપ્લોમેટ હોટેલમાં નાસ્તો કરતો હતો ત્યારે બાજુના ટેબલ પર બે માણસો એક આદિવાસીએ પોતાના સંડાસને બાયોગેસ પ્લાન્ટ સાથે શી રીતે જોડ્યું હતું તે વિષે ચર્ચા કરતા હતા. હું તો તેમના ટેબલ પર પહોંચી ગયો. એ આદિવાસીનું સરનામું પૂછયું . ઈન્દોર પાસે ક્યાંક હતું. હું ત્યાં પહોચ્યો. ખરેખર, એ અભણ માણસની હોશિયારી પર હું વારી ગયો. એ મળમાંથી મિથેઈન ગૅસ બનાવતો હતો તથા તેના ઘરનો ચૂલો એ ગૅસથી ચાલતો હતો. ."

આ તો એક બીજી લાંબી કથા થઈ જાય તેવી રસપ્રદ વાત છે! પણ ફરી ક્યારેક... ફળશ્રુતિ એ જ કે ભણતર કરતાં ગણતર વધુ અગત્યનું છે અને હા, હૃદયપૂર્વક કરેલું કામ સૌથી અગત્યનું છે.

યુવં દમંજૌઘેંગિકેંને મારી શીખ

ગાંધીજીએ એકવાર કહ્યું હતુ કે, "આઝાદી મોડી મળશે તો ચાલશે પરંતુ આ દેશને ગંદકીમાંથી મુક્તિ મળશે તો મને વધુ આનંદ થશે .' નવી પેઢીએ આ પડકાર ઝીલવાનો છે.

આ દેશમાં ટૉઈઈલેટની સંખ્યા ઓછી છે, પરંતુ સારામાં સારી રેસ્ટોરાંમાં જોજો. ફૂડ સ્વાદિષ્ટ હશે, સર્વિસ જોરદાર હશે પણ બાથરૂમ જવું પડે તો નાક દાબીને જવું પડશે! ખરું ને? ચોખ્ખાઈ એક સંસ્કાર છે. આપણા દેશનું એ "નેશનલ મિશન' બનશે ત્યારે જ સાફસુથરા 'રેસ્ટરૂમ્સ' મળશે.

આ દેશનો એક સાંસ્કૃતિક વારસો છે. જેનું આપણે જતન કરવાનુ છે. હા, હું વહેમ અને અંધશ્રદ્ધાનો સખત વિરોધી છું પરંતુ સંતોષમાં સુખ છે તે સમજીને ચાલવાનું છે. અન્ય દેશોમાં જે સદ્ગુણો છે તે અપનાવવામાં શો છોછ પણ આપણી સંસ્કૃતિના ભોગે નહીં.

આજકાલના જુવાનિયાં વાતવાતમાં ડિપ્રેસ્ડ થઈ જાય છે કેમ ભાઈ? રિશેશન છે? નોકરી નથી મળતી? હું તો પર્વતમાંથી રાઈ અને ફરીથી રાઈમાંથી પર્વત બન્યો છું. પૈસો , સફળતા, નિષ્ફળતા એ તો બધી નસીબની બલિહારી છે. નિસ્પૃહતાથી જીવતા શીખશો તો ચારેકોર સુખ જ છે.

અને યુવાનો, તમારી એક અલગ ઓળખ જરૂર ઊભી કરજો. મેં તો મારા દીકરાને કહ્યું છે, "કોઈ એસા કામ કરો જીસસે તુમ્હારી અલગ પહેચાન બને. ક્યું કિ જો વ્યક્તિ અપને નામ સે જાના જાતા હૈ વોહી નંબર વન કહેલાતા હૈ. ઔર નંબર વન બનના અચ્છી ફિલિંગ હૈ..."



રદ્દીમાંથી રળનાર

અનીતા આહૂજા
'કન્ઝર્વ ઈન્ડિયા'

સુખી ઘરતી સ્રીઓ તવરાશના સમયમાં શોખ ખાતર થોડુંઘણું 'સોશિયચલ વર્ક' કરે, એ ન્યાયે અનીતાએ પણ 'ટાઈમ-પાસ' માટે સમાજસેવાની શરૂઆત કરી. રદ્દી વીણનારાઓતે નજીકથી ઓળખ્યાં ત્યારે તે અત્યંત દ્રવિત થઈ ગઈ, આજે પોતાના પતે શલભ સાથે 'ડન્ઝર્વ ઈન્ડિયા દ્વારા પ્લાસ્ટિકના રિસા ક્લિં ગમાંથી એક્સપોર્ટ ક્વોલિટીની થેલીઓ બતાવે છે.

અનીતાને મળતાં જ તમને ખ્યાલ આવી જાય છે, કે એ દક્ષિણ દિલ્લીના ભદ્ર, પૈસાદાર સમાજનો સ્ત્રી છે. સ્માર્ટ અને ચુલબુલી . પંજાબી ખરી, પણ પંજાબણ જરાય નહીં.

આવી સ્ત્રીઓ સવારે ગાર્ડનમાં વોક લે, બપોરે વિવિધ કિટી પાર્ટીઓ શોભાવે, સાંજે આર્ટ-કલ્ચરના પ્રોગ્રામમાં હાજરી પુરાવે અને અઠવાડિયે બે-ત્રણ કલાક કોઈક સેવાકીય કામ કરે. ભાઈ, છોકરાં મોટાં થઈ ગયા... ટાઈમપાસ કે લિયે કુછ તો કરના પડતા હૈ ના... પરંતુ અનીતા આ બધી ધારણાઓને તદ્દન ખોટી પાડે તેવી માટીની બનેલી છે. તેણે વિશ્વના બજારોમાં ભારતની રદ્દીને પહોંચાડી છે. “કન્ઝર્વ' નામની સંસ્થા દ્વારા એ પ્લાસ્ટિકના નકામા કચરામાંથી વર્લ્ડ-ક્લાસ શોપિંગ-બૅગ્ઝ અને હેન્ડ બૅગ્ઝ બનાવે છે. આ શેલીઓમાં આજે વિશ્વના જાણીતા ડિઝાઈનર્સ પોતાનો માલ ગ્રાહકને આપે છે.

સમાજસેવા કે ધંધો કરવાનું અનીતાએ ક્યારેય આયોજન નહોતું ક્યું. દિલ્હીમાં રદ્દી વીણનારાઓ પર લેખ કે પુસ્તક લખવાની એષણાએ તેણે તેમની દુનિયામાં ડોકિયું માત્ર કરેલું... પરંતુ ગરીબમાં ય અત્યંત રાંક એવી આ જાતના જીવનની મજબૂરીઓ જેમ જેમ એ જોતી ગઈ તેમ તેમ તેનું હૃદય હાલી ઊઠયું. આ રાંક જાતને પણ સન્માનનો અધિકાર છે અને ભલે ઓછી તો ઓછી, પરંતુ નિયમિત આવકનો તેમને હક છે, તેમ સમજીને તેણે “કથીરમાંથી કંચન' સર્જવાની આ પ્રવૃત્તિ શરૂ કરી.

શું કરવુ? કેમ કરવુ? શરૂઆત ક્યાંથી કરવી? આ પસ્તીમાંથી બનેલી ચીજવસ્તુઓ ખરીદશે કોણ? મારા પહેલાં આવુ સાહસ બીજા કોઈએ કર્યું છે ખરું? એમને સફળતા મળી હતી? અનીતાની સામે અસંખ્ય પ્રશ્નો હતા. હુ કેર્સ? બસ કરના હૈ...

શિખાઉ વ્યક્તિ જેવા ઉત્સાહથી અને કલાકાર માંહ્યલાની મસ્તીથી તેણે તો કામ શરૂ કરી દીધું. પસ્તીની પ્લાસ્ટિકની રંગબેરંગી કોથળીઓમાંથી દુનિયાએ ક્યારેય ન જોઈ હોય તેવી થેલીઓ તેણે બનાવવા

માંડી. આજે તો વિશ્વભરની જાણીતી દુકાનો તેની થેલીઓ મોં માંગ્યા દામે ખરીદે છે . ન્યૂયોર્કનો ફિફ્થ એવન્યુ હોય કે પેરિસનો જાજરમાન શાં દ લિઝે નો રસ્તો હોય... લંડનની ઓક્સફર્ડ સ્ટ્રીટ હોય કે સિંગાપુરનો ઓર્ચર્ડ રોડ... અસંખ્ય ડિઝાઈનર્સ "કન્ઝર્વ' ની બૅગ્ઝ તેમની દુકાનોમાં વાપરે છે. અને હા, રદ્દી વીણનારા ૩૦૦ માણસ આજે અનીતાની ફેક્ટરીમાં કામદાર બનીને નિયમિત વેતન તો મેળવે જ છે, પરંતુ તેઓ પ્રોવિડંડ ફંડ, પેન્શન તથા અન્ય લાભોના અધિકારી બન્યા છે.

હાલમાં હું 'કન્ઝર્વ ઈન્ડિયા' ની પતપરગંજની ઓફિસમાં બેઠી બેઠી 'અમૂલ'ની દૂધની કોથળીઓમાંથી બનેલી મસ્ત શોપિંગ બેગ્ઝ સામે જોઈને તદ્દન મંત્રમુગ્ધ થઈ ગઈ છું! અનીતા અને તેનો પતિ શલભ મારી સામે બેઠાં છે. અનીતા કલાકાર અને શલભ આખા પ્રોજેક્ટ પાછળનું તકનીકી બ્રેઈન બંને જણ માટે આ ફક્ત "ધંધો' નથી, માંહ્યલાનો અવાજ છે , અંતરઆત્માનો પોકાર છે અને સુંદર વિશ્વને જોવાનું સ્વપ્ન છે...

રદ્દીમાંથી રળનાર

અનીતા આહૂજા
'કન્ઝર્વ ઈન્ડિયા'

"મારા પિતાજી સ્વાતંતર્યસેનાની હતા. ભોપાલમાં મારો જન્મ. ગાંધીયન કુટુંબની જેમ અમે પણ સાદાઈમાં માનનારા. એ જમાનાનું ભોપાલ એટલે ખૂબ જ નાનું. હિન્દુ-મુસ્લિમમાં કોઈ અતર નહીં અને સહુ સંપથી રહે. ભોપાલની જાણીતી 'તજુલ મસ્જિદ'ની બરોબર સામે જ અમારું ઘર હતું જેનું નામ "રામ-લક્ષ્મણ નિવાસ." મારા બાપુજીનું નામ રામ અને કાકાનું નામ લક્ષ્મણ હતુ, તેથી. જો કે મસ્જિદની સામે રામ-લક્ષ્મણ રહેતા હોય તેથી કોઈને કાંઈ ફરક નહોતો પડતો . કોમી વૈમનસ્ય મેં જોયું જ નથી.

હું દસ વર્ષની થઈ ત્યારે પિતાજીની બદલી દિલ્હીમાં થઈ અને મને ખૂબ જ જાણીતી "મૉડર્ન સ્કૂલ'માં દાખલ કરવામાં આવી. અહીં છોકરા-છોકરીઓ સાથે જ ભણતાં અને સમગ્ર માહોલ ભોપાલ કરતાં ખૂબ જુદો અને છૂટછાટભર્યોર હતો. હુ ખરા અર્થમાં 'દિલ્લીઆઈટ' થઈ ગઈ. શાળામાંથી અમને સમાજસેવા કરવા લઈ જવાતાં ન હતાં પરંતુ વિદ્યાર્થીઓના હૃદયમાં સંવેદનાઓ જાગૃત થાય તેવા કાર્યક્રમો શાળા તરફથી યોજાતા રહેતા. મારા જમાનાની અન્ય સ્ત્રીઓની જેમ હુ પણ ખાસ "એમ્બિશિયસ' ન હતી.

દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.એ. ક્યું, પોલિટિકલ સાયન્સ અને સાહિત્યમાં એમ.એ. કર્યું, એટલે માતા-પિતાએ આદેશ કર્યો,- બહુ થયું ચોપડા ફાડવાનુ઼. હવે પરણીને ઘરસંસાર સંભાળો - હુ પહેલેથી જ કલાકાર આત્મા હતી પરંતુ પિતાજી કલાને કારકિર્દી તરીકે અપનાવાની વિરુદ્ધમાં હતા. "એ બધું નવરાશના સમયમાં કરવાનું. બેટા પહેલા ભણી લો, પરણી જાઓ અને ઠરીઠામ થાઓ."

શલભ સાથે હું ઘણા સમયથી ખુલ્લેઆમ ફરતી હતી અને પિલાણીમાં BITS માંથી એન્જિનિયર થયેલો આવો મુરતિયો જવા દેવામાં કોઈ સાર ન હતો તેથી પિતાજીએ મને એમ .એ . પછી તરત જ ૧૯૮૪માં ચોવીસમા વર્ષે પરણાવી દીધી. શલભ નોકરીની વિરુદ્ધમાં હતો. એના મગજ પર ધંધો કરવાની ધૂન સવાર થયેલી. એક જ રટણ... નાનકડો ય મારો ધંધો હોય તો ચાર-પાંચ માણસને નોકરીએ રાખું , તેમની આંતરડી ઠરે. તેણે ટેલિવિઝન બનાવવાનું શરૂ કર્યું. હું ફટાફટ બે બાળકોની માતા બની ગઈ.

મારા પિતાજી વકીલ ખરા, પરંતુ સ્વાતંત્યસેનાની. મારા વિચારો પર તેમના આચાર-વિચારની મોટી અસર છે. વકીલ તરીકે કોલસાના રાષ્ટ્રીયકરણનો, બરોડા ડાયનેમાઈટનો વગેરે રસપ્રદ કેસ તેઓ લડ્યા હતા. હું પણ નાનપણથી જ રાજકારણના રંગે રંગાયેલી ખરી પણ પૉલિટેક્સમાં પડવાની મારી સહેજે ય ઈચ્છા ન હતી. મારાં બાળકો મોટાં થયાં એટલે સમય મળતાં મેં નાનું- મોટું લખવાનું શરૂ કર્યું. વાર્તાઓ, લેખો... કાંઈ પણ ! મારાં બા મને ઘણીવાર કહેતાં, "તું ખરેખર સારું લખે છે બેટા, સિરિયસલી લખ. (િયમિતતા રાખ." પણ મારામાં શિસ્તનો અભાવ હતો."

જોકે, દરેક ઊગતા લેખકને એકાદ વાર તો આ ફિલિંગ આવતી જ હોય છે! મેં ય ક્યારેય નહોતું વિચાર્યું કે હુ પુસ્તકો લખીશ...

"૧૯૯૪માં મારા બા ગુજરી ગયાં. એ વર્ષોમાં ભારતમાં સમાજ અને રાજકારણક્ષેત્રે ભારે ખળભળાટ

થયો.” બાબરી મસ્જિદ, રથયાત્રા, માંડલ કમિશન....વગેરે. અમારા ભોપાલના મકાનની સામેની તજુલ મસ્જિદના દરવાજા ઈમામે પહેલીવાર અંદરથી બંધ કરી દીધા. મુસ્લિમોએ 'જિહાદ' ની ગર્જના કરી અને અયોધ્યામાં 'મહાઆરતી' થઈ.આ બધું વૈમનસ્ય જોઈને મને ખાસ્સો વલોપાત થયો. એક સૌની સંવેદનશીલ કલમે મારે આ વિષય પર લખવું જોઈએ એમ મને લાગ્યું. લોકોને ગમે કે ન ગમે, તેઓ મારી સાથે સંમત હોય કે અસંમત!

મેં બે વર્ષે 'Flames of Fervour' (જોશની જ્વાળાઓ)નામનું અંગ્રેજી પુસ્તક લખ્યું. ખૂબ વેચાયુ , વંચાયું, સારા રિવ્યૂઝ મળ્યા, મીડિયામાં ઘણું કવરેજ મળ્યું અને અનેક સેમિનારમાં વક્તવ્ય આપવા માટે મને આમંત્રણો મળ્યાં . અરે, પુસ્તક પરથી એક ફિલ્મ પણ બની. જો કે ખાટલે મોટી ખોડ એ જ હતી કે પુસ્તકમાં રાજકારણને બેફામ ભાંડવામાં મેં બાકી નહોતું રાખ્યું. મને સમાજના અમુક વર્ગો તરફથી ધમકીઓ મળવા લાગી.

દક્ષિણ દિલ્હીના એક મધ્યમવર્ગીય પરિવાર તરીકે અને એમાંય નાનાં બાળકોની મા તરીકે, લટકતી તલવાર નીચે જીવવું મારા માટે શક્ય ન હતું. આપણે લોકશાહી દેશમાં રહીએ છીએ અને આપણું ન્યાયતંત્ર સ્વાયત્ત છે . આ બધાં વાક્યો ચોપડીઓમાં જ સારા લાગે. મારા અનુભવે કહું છું કે સત્તા આગળ શાણપણ નકામું છે.

મારા પતિના ધંધા પર પણ અસર થવા લાગી. ઘરમાં સિક્યુરિટી રાખવાનું અમને પોસાય તેમ ન હતું. મેં ફરીથી ન લખવાનું નક્કી કર્યું. તમારી લેખિનીને સ્વાતંત્ર્ય ન હોય, તો તેમાં બળ ક્યાંથી આવે? વળી મારે જે કહેવું હતું તે મેં મારા પ્રથમ પુસ્તકમાં જ કહી દીધું હતુ-છૂટથી-હવે મારે નવું કંઈક લખવું હોય તો એ અંગે મારે સંશોધન કરવું પડે, શીખવું પડે.

નવું શીખવાના ચક્કરમાં હું સમાજસેવાના રસ્તે ફંટાઈ. વિશ્વને નવી બારીએથી જોવાની ખેવનાએ મેં થોડા મિત્રો સાથે એકઠા થઈને NGO શ કરી. જો કે દિલ્હીમાં દરેક ઘરમાં એક NGO કે ફાઉન્ડેશન હોય છે. એટલે આ શબ્દને કોઈ સિરિયસલી લેતું જ નહી. ૧૯૯૮માં અમે “કન્ઝર્વ ઈન્ડિયા' ને રજિસ્ટર કરાવ્યું. અમારો મુખ્ય પ્રોજેક્ટ આસપાસના વિસ્તારોમાંથી રદી વીણવાનો હતો. એ કચરામાંથી રસોડાનો લીલો કચરો અલગ કરીને અમારા વિસ્તારના પબ્લિક પાર્કમાં ખાડો કરીને કંપોસ્ટ ખાતર બનાવવાનો અમારો ઈરાદો હતો.

સૌથી પહેલો પાઠ એ ભણી, કે ઝાઝા હાથ રળિયામણા. “એકલો જાને રે' સમાજસેવામાં ન ચાલે. દિલ્હીમાં 'રપ//0' અથાત્ 'રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોશિયેશનો' હોય છે. આવા તમારા વિસ્તારના '[૨//' સાથે તમારે સતત સંપર્કમાં રહેવું પડે. તમારે ડેપ્યુટી કમિશનરને પટાવવા પડે, મ્યુનિસિપાલિટીમાં અદના કારકુનને ય સાધવો પડે, તો જ આ સંસ્થા આગળ વધે, નહીં તો પડીકું વળતા વાર ન લાગે. આ અરસામાં જ દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષીતે “'ભાગીદારી' નામનો એક કાર્યક્રમ શરૂ કર્યો. અમે તેમનો સંપર્ક કર્યો તો તેમણે તો લાગલું પૂછ્યું, “તમે બે-ત્રણ RWA માં તો કામ કરો જ છો, તો વધારે વિસ્તારો તમારી પાંખમાં લઈ શકો?”

અમે વગર વિચાયે જ કહ્યું, “ચોક્કસ.”

અમે અમારા વિસ્તાર ઉપરાંત મધુબન, પ્રીત વિહાર અને સફદરગંજ એન્કલૅવ સુધીના વિસ્તારોમાં ફરી વળ્યા.

“અનીતા, વિવિધ વિસ્તારોમાં લોકોને સમજાવવામાં તકલીફ ન નડી?” હુ પૂછું છુ.

“મુશ્કેલીઓ તો પડે જ. પરંતુ અમે અમારા વિસ્તારમાં સફળતા મેળવી હતી અને અમારી મથરાવટી મેલી ન હતી તે સુવાસ ફેલાયેલી હતી. વળી મારી લેખક તરીકેની નિષ્કલંક છાપ હતી. આ બધું હું મારા અંગત સ્વાર્થ માટે કે ચૂંટણીમાં ટિકિટ મેળવવા કરતી ન હતી તે સર્વવિદીત હતું. આમાં મારે કાંઈ કમાણી કરવાની ન હતી. અમે બધાં ઘરનાં સુખી હતાં. અરે, સંસ્થા એકે રૂપિયાનો પગાર ચૂકવતી ન હતી. બધાંનો આશય સેવાનો જ હતો. અમે તો રદ્દી વીણનારાઓનું કામ અને જીવન બહેતર બનાવવાના એકમાત્ર આશયથી સંસ્થા ઊભી કરી હતી. અમે એમને સારામાંની કચરાગાડીઓ આપી, તેમને માટે યુનિફોર્મ અને આઈડેન્ટીટી કાર્ડ્ઝ કરાવ્યાં, તેમને તાલિમ આપી કે ઘેરઘેર ફરીને લીલો-સૂકો કચરો છૂટો શી રીતે કરવો. સૌજન્યપૂર્વક કેમ વાતચીત કરવી અને હળીમળીને કેમ રહેવુ.

જુઓ રશ્મિ, મારા અનુભવે એક વાત ખાતરીપૂર્વક કહી શકું છું કે વિચાર સારો હોય તો લોકો તેને વધાવી લે છે. લોકો જ તેનો પ્રચાર કરે છે. અમે તો રદ્દી વીણનારાઓને જ નહીં પરંતુ જે તે વિસ્તારના નોકરો અને શેઠાણીઓને પણ લીલો-સૂકો કચરો અલગ રાખવાની તાલિમ આપી અને બધાંએ હોશેહોશે એ પ્રમાણે કામ કરવાનું સ્વીકાર્યું.

ધીમેધીમે અમે 3000 જેટલા [રળ/4 સાથે કામ કયું. આ સોસયાટીઓ ફક્ત પૈસાદાર લોકોની નથી, સમાજના દરેક વર્ગના લોકો આ કૉલોનીઓમાં રહે છે. તેમનો રહેણીકરણી આવક તથા કુટુંબ સંખ્યા અલગ-અલગ છે. અમે હવે તો કચરાના નિકાલ ઉપરાંત સિક્યુરિટી, રસ્તાઓ તથા રાઈટ-ટુ ઈન્ફોર્મેશન (RTI) ની અરજીઓનુ કામ પણ આ કોલોનીઝ માટે કરીએ છીએ . ૨૦૦૨ થી તો “કન્ઝર્વ' મારે માટે 'ફૂલટાઈમ જોબ' થઈ ગયું. સાચા અર્થમાં સંસ્થા. અમને દિલ્હી સરકાર તરફથી ગ્રાન્ટ મળવા લાગી. એ પછી તરત જ પર્યાવરણ મંત્રાલય, યુ.એસ. એઈડ તથા વર્લ્ડ બૅન્ક તરફથી પણ ગ્રાન્ટ મળી. ખૂબ નાના પ્રમાણમાં રૂપિયા મળતા હતા. બે, પાંચ કે વધુમાં વધુ દસ લાખ!

જો કે પૈસા આપનાર સંસ્થા મોટે ભાગે બોર આપીને કલ્લું કાઢવાની આશાએ આવતી. પ્રપોઝલ બનાવો , ફોટા મોકલો , પ્રેસમાં તેમને મોટા-ભા કરો અને તેમને જોઈએ તેવા રિપોર્ટ યેનકેન પ્રકારેણ તોડી-જોડીને ય બનાવી આપો. .

મને ટૂંક સમયમાં સમજાઈ ગયું કે હવે પોતાના પગ પર ઊભા રહેવાનો વખત આવી ગયો છે. સંસ્થાએ કમાણી કરવી પડશે. કેવી રીતે? કોને માટે? હુ ચાર વર્ષથી રદ્દી વીણનારાઓ સાથે કદમ મિલાવીને ઘણું શીખી હતી. મેં આનાથી વધુ ગરીબ પ્રજા મારી જિંદગીમાં જોઈ ન હતી. હું તેમના ઘરે ય પ્રસંગોપાત જતી. ઘર એટલે કેવું? કાર્ડબોર્ડનાં ખોખાં ભેગાં કરીને ઉકરડાને આરે ઊભી કરેલ નાની ખોલીઓ માત્ર! સમ ખાવા પૂરતું ય કોઈને અક્ષરજ્ઞાન ન હોય. અંગ્રેજી સમજવાની તો વાત જ બાજુ પર રહી, હિન્દીના ય વાંધા! એમાંના કેટલાય લોકો અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશી સિરાશ્રિતો હતા. બધા જ બિનકાયદેસર દિલ્હીમાં રદ્દી વીણી ખાય.

આપણામાંના ઘણાંને લાગશે કે આવા બિનકાયદેસર નિરાશ્રિતો પ્રત્યે અનુકંપા દાખવવાની આપણે શી જરૂર? સડે કે મરે, આપણા કેટલા ટકા? પણ એ ય આપણી જેમ માણસો છે. આપણી નજર સામે જ તેમને પશુથી ય બદતર હાલતમાં જીવવા દેવામાં આપણી માણસાઈને લાંછન છે . તેઓ ગમે ત્યાંથી આવ્યા હોય, હવે આપણા દેશમાં આપણી સામે જ રહે છે. દિલ્હી જેવા શહેરમાં મહિનાનો ખર્ચ રૂ. ૪૦૦૦/- તો થાય જ. આ લોકો ફક્ત રૂા.૧૫૦૦ થી ૨૦૦૦ માં ગુજારો કરે છે. વળી, આખો ધંધો કૉન્ટ્રાક્ટરોની પિશાચી પકડમાં

ભીના કચરાને ભેગો કરીને અમે કમ્પોસ્ટ ખાતર બનાવતા જ

હતા તો પ્લાસ્ટિકમાંથી પણ એવી જ કોઈ વેચાણલાયક વસ્તુ

બનાવાય ખરી? મેં પ્રયોગ કરવા શરૂ કયા.

છે. પૈસા મળે તો મળે, ઊંચો અવાજ કરો તો તમારી વલે થઈ જાય. ઘણીવાર તો આખા દિવસને અંતે ઠેકેદાર બધાંને સૂકી રોટલીઓ-ની થપ્પી કે લગ્નના જમણવારનું વધ્યુંઘટયું ખાણું આપીને હાથ ઊંચા કરી દે.

આપણા સમાજમાં અસંખ્ય પ્રશ્નો છે. ગરીબાઈ, બાળમરણ, બીમારી, અક્ષરજ્ઞાનનો અભાવ... લિસ્ટ લાંબું છે. પ્રત્યેક સેવાભાવી વ્યક્તિએ પોતાને જે પ્રશ્ન સૌથી વિકરાળ લાગતો હોય તે અંગે કામ કરવું જોઈએ. મેં આ રદ્દી વીણનારાઓ અંગે કાંઈક કરવાનું નક્કી કર્યું કેમકે હું તેમને ખૂબ નજીકથી જાણતી હતી. તેમની તકલીફો પારાવાર હતી.”

“અનીતા, તમે શરૂઆત કેવી રીતે કરી?” મને હવે રસ પડયો .

“મને જે નાણાકીય મદદ મળતી હતી તેનાથી અમારો મૂળ પ્રોજેક્ટ તો ચાલુ જ રહ્યો પરંતુ પ્લાસ્ટિકની પીળી, ગુલાબી અને ભૂરી થેલીઓનાં ઝભલાંના નિકાલનો પ્રૉબ્લેમ તો હતો જ. અમે ભીના કચરાનો (શાકભાજી તથા ફ્રુટ) નિકાલ કરીને તેમાંથી વેચાણલાયક ખાતર બનાવતા જ હતા. તેથી એક દિવસ મને વિચાર આવ્યો કે આ બધી ઝભલાં કોથળીઓનો ઉપયોગ કરીને કાંઈક વેચવા લાયક બનાવાય તો કેમ?

ઈન્ટરનેટ દ્વારા મેં પ્લાસ્ટિકને ફરી વપરાશમાં લઈ શકાય તે અંગે ઘણી જાણકારી મેળવી. સૌથી પહેલાં અમે પ્લાસ્ટિકના ઉપયો ગથો ગાલીચા બનાવવાનું શરૂ કર્યું. જો કે એ ગાલીચા દેખાવમાં સારા નહતા લાગતા અને વેચાય એવા તો બિલકુલ નહોતા લાગતા. પછી મેં પ્લાસ્ટિકની થેલીઓના એક-મેકની ઉપર થર કરીને, ગોઠવીને ડિઝાઇનો બનાવી. એટલી સદર પેટરન્સ બની કે વીણેલી કોથળીઓમાંથી આ ડિઝાઇનો બની હોય તેવું કોઈ માની જ ન શકે! મેં તો કલા તરીકે આને વેચવાનું નક્કી કર્યું, પરંતુ મારા પતિ બિઝનેસ માઈન્ડેડ હોવાથી તેમણે જ આની ફેક્ટરી શરૂ કરવાનું સૂચન કયું.

શલભે જાતે જ પ્લાસ્ટિકની શીટ્સમાંથી થેલીઓ બની શકે તેવુ મશીન સર્જ્યું. હું આર્ટિસ્ટ ને એ એન્જિનિયર... ડાબું અને જમણું મગજ ભેગું થયું ને છ મહિનામાં તો સુંદર, દેખાવડી ૨૦૦ પ્લાસ્ટિકની ડિઝાઈનર શીટ્સ તૈયાર થઈ ગઈ. શરૂઆતમાં મેં વાઈન બૅગ્ઝ, કૅરી બૅગ્ઝ, ફાઈલો અને ફૉલ્ડર્સ તૈયાર કર્યાં, રસ્તા પર રિપેરિંગ કામ કરતા હોય તેવા સસ્તા દરજીઓને ટ્રેઇનગ આપી. દિવાળીમાં દિલ્હીમાં ઘણીબધી એલચી કચરીઓ (embassies)માં વ્યાપાર મેળા થતા હોય છે. ત્યાં અમારી આઈટમો ધૂમ વેચાઈ. અમારા રદ્દી વીણનારા ભાઈઓ જ સ્ટોલમાં ઉભા રહ્યા અને વેચાણના પાઠ ભણ્યા. જો કે એ અરસામાં હું માર્કેટિંગનો પહેલો પાઠ ભણી. માર્જિન ઓછો હોય તેવી નાની-નાની આઈટમો ન બનાવવી. ઊંચા સોચો.

ત્યાં શોપિંગ કરવા આવેલી બહેનોએ જ મને આઈડિયા આપ્યો. તમે મોટી શૉપિંગ બૅગ્ઝ બનાવો ને! બસ, ગ્રાહકને ભગવાન માનીને મેં નાની ચીજ-વસ્તુઓને બદલે આ “હૉટ-સેલિંગ' થેલીઓ બનાવવા પર સમગ્ર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ અરસામાં મારા પ્રેમાળ પતિ શલભે પોતાનો ધંધો વેચીને મારી સાથે ફૂલટાઈમ કામ કરવાનું નક્કી ક્યું. શલભને લાગ્યું કે, ફક્ત બૅગ્ઝ ઉપરાંત વોલપેપર, ફાઈલ-ફૉલ્ડર્સ અને ચંપલો ય બનાવીને વેચાય તેમ છે! બહોત કુછ હો સકતા હૈ મગર કરને વાલા ભી ચાહિયે ના!

પોતાની “લાસ્ટ પ્રાયોરિટી' સમાજ પ્રત્યેની સભાનતાની હોવા છતાં

> વિશાળકાય કોર્પોરેટ કંપનીઓ CSR - કૉર્પોરેટ સોશિયલ
> રિસ્પોન્સિબિલિટી - નાં બણગાં ફૂકે છે. જ્યારે અમારા જેવી NGO કે
> ફેરટ્રેડ કંપનીઓ સેવા કે વસ્તુનું માર્કેટિંગ કરે છે ત્યારે "સર્વ પ્રત્યે
> સમભાવ'ની ભાવનાથી એ કાર્ય કરે છે.

શલભના ઉત્સાહ અને આવડતે "કન્ઝર્વ'માં લોહી સિંચ્યું. ધંધાનો ઝડપથી વિકાસ થયો. શીખાઉ દરજીઓનું સ્થાન હવે હોશિયાર 'માસ્ટરજી'ઓએ લીધું . આ હોંશિયાર ટેલર્સ ચામડાની ચીજવસ્તુઓ બનાવવાના નિષ્ણાત હતા. તેઓ તેમની સાથે અનેક દેશી-વિદેશી ડિઝાઈનનાં પુસ્તકો , કેટલૉગ્ઝ લાવ્યા.

અને હા, એક અંદરની વાત કહું... વિદેશી, ફિરંગી લોકોને સમાજ પ્રત્યેની સભાનતાના ઈરાદાથી બનેલી ચીજ-વસ્તુઓ પ્રત્યે ગાંડું આકર્ષણ હોય છે. તેઓ ગરીબો દ્વારા, ગરીબોના ભલા માટે બનેલી ચીજો મોં માગ્યા દામે ખરીદે છે. અરે, કેટલાય વિદેશીઓ અમારી સંસ્થામાં કામ કરવા તદ્દન મફતમાં આવતા. અમારી સાથે રહેતા. અમે ખાઈએ તે જ ખાતા. તેમાંના ઘણા અમને નવી નવી ડિઝાઈન્સ શીખવતા. યુ.કે.થી એન્ડ નામે એક છોકરો આવેલો . એણે તો અમને પ્લાસ્ટિક કલેક્શનથી માંડીને પાર્સલોને લેબલ મારતાં ય શીખવ્યું . અમારો જથ્થો સંભાળી શકાય તેવું સૉફ્ટવેર બનાવી આપ્યું! આજે ય હું તેને ભૂલી નથી. બધાં કહે છે, કે સારા કામમાં સો વિઘ્ન, પરંતુ મને તો જુદો જ અનુભવ થયો છે. નિઃસ્વાર્થ ભાવે થતા કામને ટેકો મળી જ રહે છે.

૨૦૦૩માં દિલ્હીના પ્રગતિ મેદાનમાં એક વ્યાપારી મેળો યોજાયો હતો. કાપડ-ઉદ્યોગ મંત્રાલયે અમારા જેવી NGOને ત્યાં રાહત દરે નાના-નાના સ્ટોલ્સ આપ્યા હતા. એ વખતે અમે ૩૦ લાખના ઓર્ડર્સ ગાંઠે કર્યા. અમારે માટે એ ખરેખર મોટી સિદ્ધિ હતી. અમારી પ્રોડક્ટના બે યુનિક સેલિંગ પોઈંટ હતા (USP). એક તો તે રિસાઈકલ્ડ મટિરિયલ્સમાંથી બનેલી હતી તથા તેનુ ડિઝાઈનિંગ ઉત્કૃષ્ઠ હતું. વળી, વિવિધ એલચી-કચેરીઓમ અમારી ચીજો અગાઉ વેચાઈ અને વખણાઈ હતી અને નિકાસ કરી શકાય એ કક્ષાની હતી. માર્કેટિંગનો બીજો અને અગત્યનો પાઠ ત્યાં અમે શીખ્યા. વિદેશની ધંધાદારી કંપનીઓને સેવાકીય સંસ્થાઓના ઓઠા હેઠળ બનેલી ચીજવસ્તુઓ ખરીદવામાં ઝાઝો રસ નથી હોતો . મુખ્ય કારણ એ કે સંસ્થાઓ 4િયમિત સપ્લાય નથી મોકલતી, વસ્તુઓની ગુણવત્તા એકધારી નથી રહેતી તથા ત્યાં ક્વૉલિટી કંટ્રોલના માપદંડો નથી હોતા. ઘણીવાર તો સેમ્પલ કરતાં માલ સાવ જુદો જ હોય.

અમે પ્રોપ્રાઇટરશીપ કંપની શરૂ કરવાનો નિર્ણય ત્યાં જ લઈ લીધો . અમે હૃદયથી સેવાકીય કામ કરીએ છીએ પરંતુ વ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ સાથે. પેલો મોટો ઑર્ડર પૂરો કરતાં ૪-૫ મહિના લાગ્યા. એકસરખી ડિઝાઈનની બેગો બનાવવા માટે અદ્દલ નમૂના જેવા જ રંગની એકધારી બ્લુ, પિંક અને ગ્રીન કોથળીઓ એકઠી કરવી પડે. આ એક મોટો પડકાર હતો . ધીમે ધીમે મેં ચોકડીઓ અને લીટીઓવાળી ડિઝાઈન્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું કેમકે પ્લેન ડિઝાઇનોમાં સહેજેય રંગનો તફાવત તરત જણાઈ આવે."

અનીતા પોતાની સર્જન વિષે ઊંડાણપૂર્વક તકનીકી માહિતી આપતી જ જાય છે. જો કે હું બહુ સમજતી નથી પરંતુ અનીતાનો અભૂતપૂર્વ ઉત્સાહ મને સ્પર્શી જાય છે . પોતાન પ્રોજેક્ટની સફળતા માટે તેણે આકાશ-પાતાળ એક કર્યા છે. સપ્ટેમ્બર-૨૦૧૦માં "કન્ઝર્વ ઈન્ડિયા'ને "હૅન્ડમેઈડ રિસાયકલ્ડ

પ્લાસ્ટિક' માટે ૨૦ વર્ષની પેટન્ટ મળી છે. અનીતાએ બસો ઉપરાંત ડિઝાઈન્સ બનાવી છે. પરંતુ મોટાભાગના ટ્રેડ-શૉમાં તે ફક્ત બાર જ પેટર્ન સીઝન અને રંગ પ્રમાણે બનાવે છે.

પાંચ વર્ષથી "કન્ઝર્વ' કંપની તરીકે રજિસ્ટર થઈ છે. વિકાસ સારો છે. હવે વૈવિધ્યકરણ પણ થયું છે . ખરીદદારો પણ મોટાં માથાં છે. ટાયરો અને કાપડનું રિસાઈઈરકિલગ શરૂ કર્યું છે. પ્લાસ્ટિકના કચરામાંથી ચંપલો બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. હવે "મટિરિયલ' માટે ફક્ત રદ્દી વીણનારાઓ પર આધાર રાખી શકાતો નથી તેથી દિલ્હીના કેટલાક કબાડીવાળાઓ સાથે "કન્ઝર્વ' અમુક ખાસ પ્રકારની વીણેલી રદ્દી માટે કૉન્ટ્રેક્ટ કર્યા છે.

"અનીતા, આમાં રછી વીણનારાઓનું હિત તો ભુલાઈ જ ગયું, ખરું ને?" મારાથી પૂછયા વગર રહેવાતું નથી.

"ના, ના હજીએ મોટાભાગનો પ્લાસ્ટિકનો કચરો તેમની પાસેથી જ ખરીદવામાં આવે છે, પરંતુ વધુ અગત્યની વાત એ છે કે ૩૦૦ ભૂતપૂર્વ રદ્દી વીણનારાઓ જ અમારી આખી "બૂટ-ચંપલ'ની ફેક્ટરી સંભાળે છે. તેમાંના ઘણા ગ્રુપ-લીડર બન્યા છે . તેઓ બીજાને તાલિમ આપે છે, મશીનો ચલાવતા અને રિપેરિંગ કરતા શીખ્યા છે. પહેલાં જે સ્રીઓ આખી દિવસ ટાઢ-તડકા-વરસાદમાં ફક્ત રદ્દી વીણતી એ ફેક્ટરીના રસોડે કામ કરે છે, પ્લાસ્ટિક શીટ્સ ઊંચકે છે. તેનું કટિંગ અને ફોલ્ડિગ કરે છે, ડાઈંગ ક્વૉલિટી ચેકિંગ, ફિનિશિંગ ચેકિંગ અને પેકિંગ બધું આ જ સ્રીઓ કરે છે."

"તેમના જીવનમાં સુધારો થયો ખરો?" હું પૂછું છું. "હાસ્તો! હવે તેમને બધાં "ફેક્ટરીના કામદારો' તરીકે ઓળખે છે . માણસ ખાલી લૅબલ જ મારતો હોય, પણ તે કામ કચરો વીણવા કરતાં તો સારું જ છે ને! એને પણ પોતાની જાત પ્રત્યે સ્વમાનની લાગણી જાય છે. અહીં ઓછામાં ઓછા રૂા.૪૦૦૦/- તો બધાંને મળે જ છે. તે ઉપરાંત વીમો, પ્રોવિડંડ ફંડ, ઓવરટાઈમ, બધું જ નફામાં. ૨૦૧૧માં અમારી આવક ૫ કરોડને આંબશે. માંગ વધવાને કારણે અમે હાલમાં બહાદુરગઢ વિસ્તારમાં નવી ફેક્ટરી બનાવી છે.

તાલિમ પામેલા કારીગરોને જ નોકરીએ રાખીએ તો અમે ઘણું બધું અને સારું ઉત્પાદન કરી શકીએ પરંતુ અમારો ધ્યેય આ અત્યંત દારૂણ ગરીબીમાં જીવતા લોકોને નિયમિત આવક આપીને તેમનું જીવનધોરણ સુધારવાનો છે.

ધીમી પણ મક્કમ ગતિએ. "કન્ઝર્વ' હવે ફક્ત ઉત્પાદક બની રહેવાને બદલે "બ્રાન્ડ' બનવા તરફ આગળ વધી રહ્યુ છે. શરૂઆતમાં અમારી થેલીઓ પર જે તે ખરીદનાર પોતાની બ્રાન્ડનું સ્ટીકર મારી દેતાં હવે અમારી થેલીઓ માટે તેઓ પણ ગર્વ અનુભવે છે. તેઓ સમાજને અને રિસાઈક્લિગને મદદરૂપ થઈ શકે છે."

અનીતા અને શલભ બંને કાળી મજૂરી કરે છે , પરંતુ મજૂરીમાં ખૂબ ખૂબ આનંદ લૂંટે છે. સમાજ માટે કાંઈક કરવાનો આનંદ લે છે. NGO તરીકે રૂપિયા રળવામાં તેમને કોઈ ખટકો મહેસૂસ થતો નથી કેમકે ફક્ત સમાજસેવાથી કોઈનું ય દળદર ફીટતું નથી. આજે ફક્ત દિલ્હીના ત્રણસો ઘરનો ચૂલો "કન્ઝર્વ' ને કારણે સળગે છે. જો હું ન કમાઉ તો હું બીજાને શી રીતે કમાવડાવું? આ તો સીધી વાત છે. ચાલો ઘસાઈને ઊજળા થઈએ...

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

મને ડિઝાઈનિંગનો ગાંડો શોખ હતો. તમારું ય કોઈ પસંદગીનું ક્ષેત્ર હશે જ. પરંતુ મારી સલાહ માનીને હિસાબ-કિતાબ , કાયદાકીય જાણકારી, માર્કેટિંગ, હ્યુમન રિસોર્સ તથા ક્વૉલિટી કંટ્રોલનુ પાયાનું જ્ઞાન જરૂર મેળવજો..

ધંધો કરવો હોય કે સમાજ સેવા, માનસિક બળ, શારીરિક શક્તિ અને લાગણીતંત્ર પરનો કાબૂ અનિવાર્ય છે.

ફક્ત પૈસા કમાવવાનો આશય રાખીને કામ કરશો, તો તમારાં કુટુંબીજનો અને મિત્રમંડળ એ પૈસાને વાપરી કાઢીને તેનો વહીવટ કરી કાઢશે. જો સમાજ માટે કાંઈક કરવાની ઈચ્છાથી ધંધો કરશો તો અપ્રતિમ સંતોષ મળશે. તમે દારુણ ગરીબીને નજીકથી જોશો તો ડિપ્રેસ થઈ જશો . ફક્ત પર્યાવરણની રક્ષા માટે કામ કરશો, તો ઘણો વિરોધ થશે અને ફક્ત સેવા કરવાનો ભેખ લેશો તો રોટલાના ય ફાંફા થશે.

તેથી જ મધ્યમમાર્ગ અપનાવીને બેલૅન્સ જાળવવામાં જ ફાયદો છે.

____



સેવામાંથી મેવા

વિનીત રાય
'મરાવિષ્કાર સોશિયલ વેન્ચર ફંડ'

સાવ આકસ્મિક રીતે ૨૫ વર્ષના વિનીત રાય "ગિવાન' (ઊંઢા)ના CEO નિમાઈ ગવા! પાયાના સંશોધનોને આ સંસ્થા ખાતર પાણી પૂરા પાડીને પોષે છે. આમાંથી જ તેમને ત્રા◌ામ્વ સંશોધકો માટેતુ વૈન્ચર કડ શરૂ કરવાનો વિચાર સ્ફુર્યો. આજે તો "આવિષ્કાર' ૨૩ જેટલી નકાકારક કંપનીઓને પોષે છે તથા રૌકાષછાકારોને નકો પરા રળી આપે છે.

વિનીતની ઓફિસ કોઈ "કંપની'ની ઓફિસ જેવી ભભકાદાર લાગે છે. સેવાકીય સંસ્થાની ઓફિસ જેવી તો બિલકુલ જ નથી લાગતી! મસ્ત રંગરોગાન, રફાર્નચર ને વોલ ટુ વોલ કાર્પેટ!

હું વિચારમાં પડું છું - આ માણસ કઈ રીતનું "સોશિયલ વર્ક' કરે છે?

વિનીત રાય એક "સોશિયલ વેન્ચર ફંડ' ચલાવે છે. આ ફંડ એવી કંપનીઓમાં પૈસા રોકે છે, કે જે સમાજોપયોગી સાધનો બનાવતી હોય જેમકે સારા હળ, સારા સ્ટવ, વગેરે! હા, એ કંપનીઓનો ઉદ્દેશ ફક્ત સમાજોત્થાનનો જ નહીં, નફો રળવાનો પણ હોવો જોઈએ, એ શરત ખરી! આ ફંડમાં નાણાં રોકનારાઓને થોડો- ઘણો નફો તો થવો જ જોઈએ. આમાં બીજા વેન્ચર કેપિટલ ફંડની જેમ ફક્ત લુચ્ચાઈ અને સ્વાર્થનો સંબંધ નથી. અહીં સમાજને અમુક સીમામાં રહીને મદદરૂપ થવાની સવલત છે.

વિનીતને ઘણાંએ વાર્યો હતો... આવું શક્ય જ નથી... પરંતુ આજે સાત વર્ષ પછી વિનિતે ત્રેવીસ કંપનીઓમાં નાણાં રોક્યા છે અને એના વિરોધીઓ ખોટા પડયા છે.

'અવિષ્કારે' સાબિત કર્યું છે કે ફક્ત "સામાજિક' કે ફક્ત "ધંધાકીય' એવી લક્ષ્મણરેખાઓ દોરવાની જરૂર જ નથી. સમાજોપયોગી સાધનોનો એવો ધંધો કરી શકાય કે જેનાથી સમાજની હાલત, રોજબરોજનું જીવન સુધરે, અને એ કંપનીમાં ઇન્વેસ્ટ કરનારને પણ ફાયદો થાય.

તમે તમારી કારકિર્દી જંગલમાં શરૂ કરો કે એ.સી. ઓફિસમાં, તમે નેતા બની શકો. ક્ષમતા હોય અને ધગશ હોય તો!

તમે અનેકને પ્રેરણા આપી શકો,

ઘણાંનાં હૃદય પરિવર્તન કરી શકો

અને

સંપત્તિનું સર્જન પણ કરી શકો.



સેવામાંથી મેવા

વિનીત રાય
'આવિષ્કાર સોશિયલ વેન્ચર ફંડ'

“મારો જન્મ અને ઉછેર જોધપુરમાં થયો. પિતાજી સ્ટેટ ગવર્નમેન્ટની નોકરીમાં હતા. આપણા રામ ભણવા-ગણવામાં ઠીક- ઠીક કહેવાઈએ એવા હતા. જોધપુર ભારત-પાકિસ્તાનની સરહદથી નજીક હોવાથી મિલિટરીની કવાયતો અમને વારંવાર જોવા મળતી. નાનપણથી જ મેં એક અને માત્ર એક જ સપનું જોયું હતું. મિલિટરીમાં જવાનું! ક્રિકેટ-ફૂટબોલ રમવાનું, બોડી બનાવવાનું અને સેનામાં દાખલ થઈને હીરો બનવાનું.

સમય થયો એટલે મેં આર્મીની પરીક્ષા આપી . પહેલી જ ટ્રાયલે પાસ થયો, પણ ઈન્ટરવ્યૂમાં નાપાસ! મને સેના પર પ્રેમ હતો પણ સેનાને મારા પર પ્રેમ ન હતો. મેં નૌકા સૈન્ય (CDS) માં પણ પ્રયત્ન કર્યો . ત્યાં પણ મને કોઈએ ન આવકાર્યો. એ પછી એરફોર્સમાં અરજી કરી. ત્યાંથી પણ લીલા તોરણે પાછો આવ્યો. પ્રેમભગ્ન વ્યક્તિ કરતાંય મારું હૃદય વધારે ભાંગી પડયું . મેં જીવનમાં આર્મા ઓફિસર થવા સિવાય અન્ય કોઈ જ કારકિર્દી વિષે વિચાર્યુ જ ન હતું. હવે? એક મિત્રે કહ્યું, “એમ.બી.એ. કરવાનો ટ્રાય કરી જોને!” તેણે જ મને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફૉરેસ્ટ મૅનેજમૅન્ટની માહિતી આપી. મને કહે, “તુજે દેશ કે લિયે મરના હી ચાહતા થા ન ! અગર ફોજમેં ભરતી નહીં હુઆ તો કમ સે કમ જંગલમેં તો ચલા જા...તુજે મજા આયેગા....”

મારા મિત્ર જયેશ ભાટિયાએ જ મને IIFM ની પ્રવેશ પરીક્ષાનું ફોર્મ લાવી આપ્યું. ભર્યું પણ તેણે અને ફી પણ ભરી આવ્યો. અને કહે, “હવે જીમેટ (GMAT) ની ચોપડીઓ લાવીને વાંચવા માંડ.”

આ અરસામાં મેં “કરંટ ટેક્ષ રિપોર્ટર' નામની કંપનીના સેલ્સ રિપ્રેસન્ટેટીવ તરીકે નોકરી કરી. મને મહિને રૂા.૨૦૦૦/- મળતા. એ જમાનામાં વીસ વર્ષના લબરમૃછિયા યુવાન માટે આ રકમ ખરેખર સારી ગણાતી (૧૯૯૧માં) આ કંપની ટેક્સેશન વિષય પર પુસ્તકો લખાવીને પ્રકાશિત કરતી. એ પુસ્તકોના વેચાણ અંગે હું ગૌવા અને કર્ણાટકના અનેક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને મળ્યો અને ખૂબ ફર્યો. એ દરમિયાન મને ખાતરી થઈ ગઈ કે સેલ્સમૅનશીપમાં હું “ઢ' છું. હું બીજાં કામો માટે સર્જાયો છું .

મેં બરોબર કમર કસીને પ્રવેશ-પરીક્ષા માટે મહેનત કરી. પરીક્ષા તો પાસ કરી જ પણ ઈન્ટરવ્યૂમાં પણ સફળ થયો અને જૂન ૧૯૯૧માં ભોપાલની IIFM માં પ્રથમ વર્ષમાં દાખલ થયો. એ કૉલેજમાં શું શીખવાડાય છે તે ત્યાંના પ્રોફેસરોને ય ખબર ન હતી! જંગલ વિષે કે મૅનેજમૅન્ટ વિષે! ભગવાન જાણે! જે હોય તે, બિલ્ડિંગ ટોપ હતું! પહેલા મહિને જ મેં નક્કી કર્યું, કે મહેનત કરીને મારે પ્રથમ આવવું છે. જો કે ત્રણ મહિના પછી મારો ઉત્સાહ મોળો પડી ગયો અને એ પછીના દોઢ વર્ષમાં મેં ખરા અર્થમાં મારી કોલેજલાઈફ એન્જોય કરી!

મારા જીવનમાં સ્વાતિનો પ્રવેશ થયો. જે હવે મારી પ્રિય પત્ની છે . એણે મને જીવન ખરા અર્થમાં માણતા શીખવાડ્યું. હું આજે જે કાંઈ છું તેમાં તેનો ફાળો મોટો છે. તેણે મને એક જગ્યાએ ટકીને પ્રવૃત્તિ કરતાં શીખવ્યું બાકી તો હું આજે ય ભટકતો જ હોત- મને ૧૯૯૪ના જૂનમાં તો 'બલ્લારપુર ઈઈન્ડસ્ટ્રીઝ'માં નોકરી મળી ગઈ. મારી બેચમાં સૌથી પહેલો નોકરી મને જ મળી ગઈ. મારે ઓરિસ્સામાં કટક નજીકનો ચૌદવાર નામની તદન અજાણી - અંતરિયાળ જગ્યાએ જવાનું થયું. ત્યાં

જઈને શું કરવાનું છે તે અંગે પણ હું તદન અજાણ હતો.

મારી કંપનીએ એક નાની કંપની ખરીદી હતી. મારે તો બેસવાની ય જગ્યા ન હતી. નહીં "ટેબલ' નહી "ખુરશી'! તમે જાણતા જ હશો કે "બલ્લારપુર' કંપની કાગળ બનાવે છે. [BILT] ભારતનો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પોતાનાં જંગલોનો વહીવટ આવી ખાનગી કંપનીઓને આપી દે છે. એ કંપનીઓ મનફાવે તેમ જંગલોમાંથી વાંસ અને અન્ય લાકડાં કાપીને પોતપોતાની ફેક્ટરીઓ સુધી પહોંચાડે છે.

હું તો ભોપાલ જેવા કોંક્રિટ જંગલમાં ફાઈવસ્ટાર હોટેલ જેવી કૉલેજમાં ભણેલો. મેં જિંદગીમાં ખરું જંગલ એ દિવસે પહેલી જ વાર જોયું! અરે, વાંસનું ગાઢ જંગલ અને હાથીઓનાં ટોળેટોળાં અમારી પાછળ પડે! મેં એક વર્ષ ચૌદવારમાં કામ કર્યું પછી મને એનાથી ય ગાઢ જંગલમાં બદલી મળી. વાત એમ થઈ હતી કે, હું મારા બૉસ સાથેની એક ગંભીર મિટિંગમાં હસવા લાગ્યો હતો. બોંસ ગરમ થઇ ગયા અને મારી બદલી બો ઈન્ડા નામની એક સાવ જ છેવાડાની જગ્યાએ કરી દેવાઈ! ૧૫૦ કિ.મિ. દૂર!

ત્યાં બ્રિટિશ જમાનાનું ઢળતાં છાપરાંવાળું જૂનું કોટેજ હતું. આજુબાજુ સાત એકરનું ફાર્મ હતુ. લાઇટ-પાણી તો ક્યાંથી હોય? એક કૂવો હતો અને એ જંગલનો હું ટારઝન હતો.

મને બે ફોરેસ્ટ ડિવિઝનનુ રખોપું સોંપવામાં આવ્યું હતું . સવારે ૪ વાગે હું ઊઠી જતો . સૌથી પહેલાં જંગલમાં રાઉન્ડ મારવાનું, રાની પશુઓથી બચવાનું, જંગલમાં આગ લાગી હોય તો બુઝાવવાની અને અમારી ફેક્ટરીની વાંસ ભરેલી ટ્રકો માટે રસ્તો સાફ રહે તે જોવાનું. મહિને રૂા.૯૦૦૦/- નો પગાર અને હા, હવે મને મોટરબાઈકને બદલે જીપ આપવામાં આવી હતી. ૨૦૦૦ માણસો અને બેત્રણ ઑફિસરોનો હું ચોવીસમાં વર્ષે 'સાહેબ' થઈ ગયો હતો . સૌથી મોટો પ્રોબ્લેમ એ હતો , કે એ બધાં જંગલવાસી, અબુધ માણસો માટે હું પિતાતુલ્ય, પૂજનીય વ્યક્તિ હતો . સવારે ઊઠતો , ત્યારે મારા કોટેજની બહાર બસો માણસો વિવિધ પ્રશ્નોના શસિરાકરણ માટે મારી રાહ જોઈને બેઠા હોય! આમ ને આમ મેં વીસ મહિના "જંગલના બાદશાહ' તરીકે કાઢ્યા. જો કે, હવે હું અધીરો થઈ ગયો હતો. સ્વાતિ પણ મારી રાહ જોઈને બેઠી હતી.

છેવટે મેં નોકરીમાંથી રાજીનામું મૂક્યું અને નવી નોકરીની શોધમાં હું દિલ્લી પહોંચ્યો. મારા જેવા, છેલ્લાં ટાણ વર્ષથી જંગલમાં રહેલાને દિલ્હીમાં કોણ નોકરી આપે? મને ઈન્ટરનેટ તો શું, કૉમ્પ્યુટર પણ નહોતું આવડતું! મારા અનેક મિત્રો દિલ્હીની હાઈ ફાઈ કંપનીઓમાં સૂટ-બૂટ પહેરીને નોકરીએ લાગી ગયા હતા. આ બધાનો મને જબ્બર શોક લાગ્યો!

એવામાં IIM (અમદાવાદ)ના પ્રોફેસર અનિલ ગુપ્તાનો મારી પર સંદેશો આવ્યો. "હું તને રૂ.૩૦૦૦/- આપીશ. મારે જંગલ તથા કંપની એમ બંને વિષયનું જ્ઞાન હોય તેવા રિસર્ચ આસિસ્ટન્ટની જરૂર છે." મેં લખ્યું, "સાહેબ આટલા રૂપિયાથી હું જંગલમાં ગુજરાન ચલાવી શકું, અમદાવાદ જેવા શહેરમાં નહીં!" સાહેબે લખ્યું - રૂ.૫૯૮૦ સુધી આપી શકીશ. આવી જા.

સાહેબ સાથે આઠ મહિના ગાળ્યા બાદ મને સમજાઈ ગયું, કે રિસર્ચમાં આપણી ચાંચ નહીં ડૂબે! હુ તો કામ કરવા સર્જાયેલો , વિચાર કરવા નહીં! જો કે એ વખતે ગુજરાત ગવર્નમેન્ટ અને પ્રોફેસર ગુપ્તા ભેગા થઈને 'GIAN'- Grassroot Innovation Augmentation Network - નામની સંસ્થા સ્થાપવાની તૈયારી કરી રહ્યા હતા. પ્રોફેસર ગુપ્તાએ કહ્યુ, "તું અરજી તો કર!"

મેં મેનેજરની પોસ્ટ માટે અરજી કરી, ને મારા સાનંદઆશ્ચર્ય વચ્ચે મને CEO ની પોંસ્ટની ઓફર થઈ!

કારણ? બીજી કોઈ અરજીઓ આવી જ નહોતી! હું એક એવી સંસ્થા CEO બની ગયો કે જે ફક્ત કાગળ પર અસ્તિત્વ ધરાવતી હતી! મેં સાહેબ સાથે શરત કરી, કે હું જુદી ઑફિસ લઈશ. IIM માં નહીં બેસું. હું મારા પગ પર ઊભો રહેવા માગું છું, તમારો ઓ શિયાળો રહેવા નથી માંગતો .

પ્રોફેસર ગુપ્તા કહે, “તારે કરવું હોય તેમ કર!”

એ પછીનાં ચાર વર્ષ મારે માટે રોલર-કોસ્ટર રાઈડ જેવા ઉબડ- ખાબડ સાબિત થયાં. અમે 'GIAN' ના માધ્યમથી ગુજરાતનો

આજે હું છાતી ઠોકીને કહું છું કે મારી પાસે એક જોરદાર

આઈડિયા હતો...પણ સાચું કહું તો “આવિષ્કાર” શરૂ કર્યું ત્યારે

કાંઈ જ મનમાં ન હતું. હા, ભારતનાં ગામડાંના લોકો પર

વિશ્વાસ હતો અને તેમની શક્તિમાં નાણાં રોકનારને થોડું ઘણું ય

રિટન મળશે તેવી ખાતરી હતી.

સર્વપ્રથમ “ઈન્ટલેક્ચ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ્સ' સેલ સ્થાપ્યો. એ ઉપરાંત ઊગતા ડિઝાઈનર્સને તેમનાં સંશોધનો પર હક્ક અપાવી શકે તેવો ડિઝાઈન સ્ટુડિયો અમદાવાદની જ “નૅશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ડિઝાઈન' (NID) ના સહકારથી સ્થાપ્યો. 'હની-બી'” *નેટવર્કના નેજા હેઠળ કામ કરતી આઠ-નવ કંપની માટે અમે વિવિધ પેટન્ટ ફાઈલ કરી અને સંશોધકોને તેમના હક્ક વિષે જાગૃત કર્યા.

આ બધી મહેનત કર્યા પછી ૧૯૯૯-૨૦૦૦માં મને એક સત્ય સમજાયું. ભારત દેશમાં નાણાં ઊભા કરવાં એ લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર કામ છે. મોટી ડંફાસો મારીને બૅન્કો પાસે મોટી રકમો મેળવવી તથા ઉચાપત કરી જવાની સહેલી છે, પરંતુ નાની રકમ મેળવવી તો ખૂબ જ મુશ્કેલ છે.

એવામાં મને જ્ઞાન થયું, કે GIAN ની શરૂઆત તો એક “વેન્ચર કેપિટલ ફંડ' તરીકે થઈ હતી. [અનુવાદકની નોંધ - અંગ્રેજીમાં ખાસ્સો જાણીતો એવો આ શબ્દ ગુજરાતીમાં અનુવાદિત કરવો અઘરો છે. વધુ માહિતી માટે - www.google.com(Gujarati) હા , તો અનેક ઊંડા ગજવાવાળા રોકાણકારો જયારે કો'ક નવી જ, અજાણી કંપની કે વિચારમાં પૈસા રોકવા ભેગા થઈને ભંડોળ ઊભું કરે છે તેને “વેન્ચર કેપિટલ ફંડ' કહેવાય એવી સાદામાં સાદી સમજ છે. તેઓ ખાસ્સા ઊંચા વળતરની આશાએ જ આવી કંપનીઓમાં નાણાં રોકે છે.

‘GIAN’ ના માધ્યમથી અમે એક “માઈક્રો-વેન્ચર ફંડ' ઊભું કરવાનુ અને ગામડાંઓમાં રહીને નાના-નાના ઉદ્યોગો સ્થાપવામાં મદદરૂપ થવાનું વિચાર્યું. આપણાં ગામડાંઓમાં કેટલાંય 'ભણેલા નહીં પણ ગણેલા' સંશોધકો રોજબરોજના જીવનને સરળ બનાવે તેવી ચીજવસ્તુઓ બનાવે છે પરંતુ તેમના સંશોધનનું “ધંધા' માં પરિવર્તન નથી કરી શકતા કેમકે તેમના વિચારમાં નાણાં રોકનાર નથી મળતા. આવા લોકોને ફક્ત એકથી વીસ લાખ રૂપિયાની જ જરૂર હોય છે. મેં “સિડબી' (SIDBI) અને “નાબાર્ડ' (NABARD) સમક્ષ સરસ પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું. ત્યાંના બાબુઓએ ઠંડીગાર કૅબિનમાં ચા પીતાંપીતાં મારી મહેનતનું પ્રદર્શન જોયુ ખરું, પણ સાવ ઠંડો રિસ્પોન્સ આપ્યો ... “આઈડિયા અચ્છા હૈ મગર ચલેગા નહીં. . .' લ્યો!

આ અરસામાં જ પ્રો. ગુપ્,]ાએ પણ તેમના બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે આવું “માઈક્રો વેન્ચર ફંડ' સ્થાપવા અંગે ચર્ચા કરી હતી. ૨૦૦૧માં તેમાંના એક શ્રી અનંત નાગેશ્વરનનો મારી પર ફોન આવ્યો.

તેણે મને સિંગાપુર બોલાવ્યો. ત્યાં અનંતે મને કહ્યું, "અહીં વસીને અઢળક નાણાં કમાઈ રહેલા ચાલીસ [પરા ભારતીયોને ભારત માટે કાંઈક કરી છૂટવું છે. તેઓ ફક્ત દાન કરવા નથી માંગતા. ભારતના ઉદ્યોગસાહસિકોના સાહસમાં તેમના વધારાના નાણાં રોકીને નફો ય રળવા ઈચ્છે છે અને મદદ પણ. દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી - જે હોય તે.

અનંતે મને ૫૦૦૦ ડૉલર આપ્યા - ફક્ત મારા વિશ્વાસે, કોઈ કાગળિયા નહીં, એગ્રીમેન્ટ કે હિસાબોની આશા વગર! ભારતના કોઈક છેવાડાના ગામડામાં ખેડૂતે સરસ હળ કે પાક વાઢવાનું મશીન પોતાની અક્કલ હોશિયારીથી બનાવ્યું છેઃ તો આવા સંશોધકોને શોધી કાઢો અને તેમને મદદ કરો. મહિને ફક્ત એક જ નહીં પણ સો મશીન બનાવી શકે, તેનો પ્રચાર કરી શકે અને ઉત્પાદન ખર્ચ નીચો લાવી શકે તે માટે મદદરૂપ થાઓ.

અમે આવા બે અંતરિયાળ સંશોધકોને શોધી કાઢયા. એક હતા મનસુખભાઈ પટેલ, જેમણે કપાસનાં ઝીંડવામાંથી રૂ કાઢવાનું મશીન પોતાની કોઠાસૂઝથી બનાવ્યું હતું. અને બીજા હતા શ્રી કૈલાસભાઈ ગજ્જર. તેમણે તલ પીલવાની મોંડર્ન ઘાણી બનાવી હતી. અમે બંને ધંધામાં એક-એક લાખ રૂપિયા રોક્યા. વાચકો, તમને જાણીને નવાઈ લાગશે પણ એ બે લાખ રૂપિયાનું ફક્ત છ મહિનામાં અમને ૨૬ ટકા રિટર્ન મળ્યું.

પેલા સિંગાપુરના રોકાણકારો તો છક્કડ ખાઈ ગયા! એમણે તો ગયા ખાતે ગણીને જ મને નાણાં આપ્યાં હતા. જો કે આ અરસામાં મારા અને પ્રોફેસર અનિલ ગુપ્તા વચ્ચે મોટા મતભેદ થયા. તેઓ મદદ અને નફાને સાંકળવાની વિરુધ્ધ હતા જયારે મારી સાદી સમજ એ હતી, કે સંશોધકોને નાણાં સ્વરૂપે મદદ મળતી હોય અને નાણાં રોકનારને નફો ય મળતો હોય તો એમાં ખોટું શું છેઃ આપણે મમમમથી કામ છે કે ટપટપથી?

અમારા મતભેદે મનભેદનું સ્થાન લીધુ એટલે એક દિવસ મેં રાજીનામું મૂકી દીધું! એ પછી ૪-૫ મહિના હુ રખડયો જ છું. ન નોકરી ન ધંધો! એક દિવસ સિંગાપુરથી શ્રી અરુણ ડિયાઝ નામના ભાઈનો ફોન આવ્યો. મને કહે, "મને ઓળખ્યો? આપણે સિંગાપુરમાં મળેલા. તમે "આવિષ્કાર'ની ફરી રચના કરો. કામ સારું હતુ."

મેં કહ્યુ, "પહેલા મને ગવર્નમેન્ટ ઑફ ગુજરાત અને ।।[0 (અમદાવાદ)નો ખાસ્સો સપોર્ટ હતો. હવે તો હું સાવ એકલો છું. અઠયાવીસ વર્ષનો બિનઅનુભવી છોકરડો!"

અરુણભાઈ કહે, "એમાં શું થઈ ગયું? આગે આગે ગોખર જાગે! હિંમતે મર્દા તો મદદ ખુદા. તને પહેલાં જેમણે ૫૦૦૦ ડૉલર આપેલા તે અનંત અને અરવિંદને કાને વાત નાંખુ છું."

આ અરસામાં મેં "તુંગારી એન્ડ મનોહર વેન્ચર કેપિટલ ફંડ' (T & M VCL) સાથે એક કોન્ટ્રેક્ટ પર સહી કરી હતી. "થિંક સિસ્ટમ'ના સ્થાપકો રવિ રેડી અને સંદીપ તુગારી સમાજનું ત્કણ ચૂકવવાના શુભ આશયથી "સોશિયલ ઈન્વૅસ્ટમૅન્ટ' કરવા ઈચ્છતા હતા. "આવિષ્કાર'નો પણ એ જ ઈરાદો હતો પરંતુ ૨૦,૦૦૦/- ડૉલરથી વધુ મદદ એક પાર્ટીને આપવાની અમારી ત્રેવડ ન હતી. જયારે તુંગારી બેથી અઢી લાખ ડૉલર સુધીની મદદ એક જ પાર્ટીને આપવા તૈયાર હતા.

હું T & M માટે કામ કરવા મુંબઈ ગયો એ જ અરસામાં, ૨૦૦૧માં મેં "આવિષ્કાર'નું ટ્રસ્ટ તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યુ. સિંગાપુરવાળા રોકાણકારોએ ૫૦ લાખ રૂપિયા જેટલું ભંડોળ એકઠું કરી દીધુ હતુ, પરંતુ સેબી (SEBI) ના નિયમો પ્રમાણે ભારતમાં રોકાણકાર તરીકે વિદેશી વૅન્ચરને પ્રવેશવા માટે

ઓછામાં ઓછું દસ લાખ ડૉલર (સાડા ચાર કરોડ રૂપિયા)નું ભંડોળ અનિવાર્ય છે.

મેં 'સેબી'ના પગથિયાં ઘસી કાઢયાં. છેવટે તેમણે મને એક શરતે રજિસ્ટ્રેશન કરી આપ્યું. ભંડોળ ૧૦ લાખ ડૉલરનું થાય ત્યાં સુધી અમારે એકેય કંપનીમાં રોકાણ ન કરવું. ચાલો, તેમ તો તેમ! ન મામા કરતાં કહેણો મામો શું ખોટો? ૨૦૦૨માં નવી આફત આવી. T & M વાળાએ ભારતમાંથી ઉચાળા ભર્યા. હું ફરી રસ્તા પર આવી ગયો. અનંત અને અરવિંદની મહેનતથી ભંડોળ ૫૦ લાખમાંથી એક કરોડે માંડ પહોંચ્યું.

ફરીથી મેં "સેબી' ના ધક્કા ખાવા માંડ્યા... ભાઈ, અમારી પાસે આટલા પૈસા છે. અમને ઈન્વેસ્ટ કરવા દો, તો બીજા ઘણા રોકાણકારો વધુ નાણાં આપશે. ઈન્વેસ્ટ જ નહીં કરીએ, તો ભારતનાં આવા નાના સાહસિકો ક્યાંથી આગળ વધશે? છેવટે ૨૦૦૨માં 'સેબી'માંથી પત્ર આવ્યો. તેમના દિલમાં રામ વસ્યા. મને તો લાગે છે કે મને રોજ સેબીની ઑફિસમાં જોઈ જોઈને ય તેઓ કંટાળ્યા હશે.

ચાલો , સેબીની મંજૂરી તો મળી પણ હવે ખરી કવાયત સારી કંપની શોધવાની હતી. "રૂરલ ઇનોવેશન નેટવર્ક'ના પૉલ બેસિલે 'સર્વલ્સ' નામની કંપની તરફ આંગળી ચીંધી. સાઠ વર્ષના એક ઉત્સાહી માણસ મુકુંદને ચેન્નાઈમાં ગરીબ લોકોના ઘરમાં વાપરી

વૅન્ચર કૅપિટાલિસ્ટો મહા લાલચુ હોય છે. આખું અમેરિકા
મૂડીવાદી અને અઠંગ લાલચુ એવી આ પ્રજા પર નભતું હોવાથી
ત્યાંની ઈકોનૉમીની આજે આ હાલત થઈ છે! આ લોકોને
મહત્તમ નફો મેળવવામાં જ રસ હોય છે. યેન કેન, પ્રકારેણ!
અમે અન્ય રોકાણકારોની માફક જ કામ કરીએ છીએ. ફરક એટલો
જ કે અમે માત્ર અને માત્ર નફો રળવાની દષ્ટિએ ઈન્વેસ્ટ નથી
કરતા. અમે સામાજિક ઉત્થાનને વધુ મહત્ત્વ આપીએ છીએ.

શકાય તેવા સસ્તા સ્ટવ બનાવ્યા હતા. તેનું બર્નર બીજા સ્ટવ કરતાં ૩૦૪% વધારે સારું હતું. જેનાથી કેરોસીન પણ બચે અને પ્રદૂષણ પણ ઓછું થાય. વિજય મહાજન સિવાયના અમારા બધા કમિટી મેમ્બર્સને આ કંપની પસંદ પડી ગઈ. ૨૦૦૨માં અમે સર્વલ્સનો ૪૯% હિસ્સો આઠ લાખમાં ખરીદ્યો .

જો કે થોડા જ વખતમાં અમને ખ્યાલ આવ્યો , કે કંપનીમાં ખાસ દમ ન હતો. એક સાઠ વર્ષનો માણસ , બીજો પાંસઠ વર્ષનો માણસ અને સરસ પ્રેઝન્ટેશન (જેના પર અમે વારી ગયા હતા) અમને જણાવાયું હતું કે વર્ષે બે કરોડ બર્નર વેચાશે. જેમાં સર્વલ્સનો હિસ્સો ૧૦% હશે. પહેલે વર્ષે માત્ર ૪૨૦૦ બર્નર વેચાયાં. બીજે વર્ષે માત્ર ૨૨,૦૦૦ બર્નર વેચાયાં. અમારા સિંગાપુરના રોકાણકારો મારો જીવ ખાવા માંડયા. બર્નર સાથે તપેલી ફ્રી આપો... ગમે તે રીતે વેચો! અરે, એક ઈન્વેસ્ટરે તો ઈ-મેઈલ કર્યો. બર્નર વેચવા આઈ.આઈ.એમ.નો એક ફ્રેશ ગ્રેજ્યુએટ રાખી લ્યો.

થોડા જ વખતમાં પી. પ્રદિપ નામનો એક M.B.A. આવિષ્કારમાં જોડાયો. અમે બંનેએ ઘેર ઘેર જઈને બર્નર વેચવાનો પણ પ્રયત્ન કર્યો. તરત જ અમને ખ્યાલ આવ્યો કે, ગામડાના ગરીબ લોકોને ક્વૉલિટીમાં ગતાગમ નથી પડતી. એમને તો એમના લિમિટેડ બજેટમાં પોસાય તેવી ચીજ જોઈતી હોય છે . અમારો એક ડીલર તો છડેચોક બોલ્યો, "બીજા બર્નર લોખંડના ભંગારમાંથી બને છે. ત્રણ મહિનામાં

ઘરાકને બદલવું જ પડે. તમે તાંબુ વાપરો છો એટલે બર્નર વરસ-બે વરસ ચાલે છે. અમને શો ફાયદો? વળી, તમે અમને કમિશનેય ઓછું આપો છો!

અમે આ બર્નરની જે વિશેષતાઓ ગણતા હતા તે તો ખરેખર તેની નબળાઈઓ હતી! આમ ને આમ એક વર્ષ વીત્યું . ૨૦૦૪માં દક્ષિણ ભારતના દરિયાકિનારે સુનામીનાં મોજાં ફરી વળ્યાં. ૨૦૦૫માં ૫૦,૦૦૦ બર્નર વેચાયાં. હું તો નાસીપાસ થઈ ગયો હતો પણ મુકુંદનનો ઉત્સાહ ઓસર્યો ન હતો. રોકાણકારો રોજ મારી ગળચી દબાવતા હતા તેની એને ક્યાં ખબર હતી? બધાં મને કહેતા, “નુકસાન વેઠીને ય એ કંપનીને પડતી મૂકો . પંદર લાખનો જ સવાલ છે ને, જવા દો ને!”

૨૦૦૫માં પેલા મુકુંદનકાકાએ બર્નરની પડતર કિંમત ઓછી આવે તેવી એક શોધ કરી. જે ધાતુમાંથી બર્નર બનતું તેમાં સામાન્ય ફેરફારો કર્યા. ગુણવત્તા ઘટાડ્યા વગર કિંમત ઓછી થઈ ગઈ એટલે મહિને ૧૦,૦૦૦ બર્નર વેચાવા લાગ્યા. હવે શું કરવું? આટલા બધા ઓર્ડર પૂરા કરવા તો ફેક્ટરી બાંધવી પડે. ફરી પેલા કાકા કહે, “આપણે આખા ગામને જ આ કામે લગાડી દઈએ તો કેમ? દરેક ઘર એક ફેક્ટરી થઈ જાય!” શું બ્રિલિયન્ટ આઈડિયા હતો!

મુકુંદનકાકા કહે, “હું રંગાસ્વામી ઈલેન્ગો નામના એક માણસને ઓળખું છું. ચેશાઈથી ૫૦-૯૦ કિ.મી. દૂર કુથલક્કમ નામનું એક ગામ છે. (વધુ માહિતી માટે www.modelvillageindia.com) આ ગામ આખી દુનિયામાં “મોડલ વિલેજ' તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. આ રંગાસ્વામી I.I.T. (મદ્રાસ) નો ગ્રેજ્યુએટ છે . તેણે ઉચ્ચ અભ્યાસ બાદ વિદેશની નોકરીઓને લાત મારીને પોતાના વતનનું જ ભલું કરવાનું બીડું ઝડપ્યું. ૧૯૯૯માં સરપંચની ચૂંટણીમાં ઊભો રહ્યો અને ચૂટાયો. તેના ગામમાં દારૂ ,જુગાર, વાડાબંધી જેવાં અનેક દૂષણ રોગચાળાની જેમ ફેલાયેલાં. પાણી ન મળે, રસ્તા કે વીજળીની તો વાત જ નહીં અને આખી પ્રજા નવરી ધૂપ! સમ ખાવા પૂરતી નોકરી નહીં. એટલે ભણી ભણીને યુવાનો ગામ બહાર ભાગી જાય. એણે ગામ માટે પંચવર્ષાય યોજના કરી. લોકોને ગામના પ્રશ્નોમાં રસ લેતા કર્યા. આજે તો તમે કુથલક્કમ જુઓ તો દંગ થઈ જાઓ! ત્યાં સર્વલ્સના ૩૦,૦૦૦ બર્નર બને છે. ગામના લોકો ખુશ છે. હવે તો સર્વલ્સના મહિને ૭૦,૦૦૦ બર્નર વેચાય છે. કંપનીનો ટર્નઓવર વર્ષે બે કરોડ છે, જે આવતે વર્ષે ૩.૫ કરોડે પહોંચશે . હમણાં જ અમે તેમને ૦ લાખની વધુ મદદ કરી.”

ખરેખર, ધીરજનાં ફળ મીઠાં તે આનું નામ! આઠ લાખના રોકાણની આજે કિંમત છે દોઢ કરોડ!

અમારી ઈન્વેસ્ટમેન્ટ કમિટીમાં રોકાણકારો વચ્ચે થોડું ઘણું

વૈમનસ્ય ઊભું થયું છે. અમુક સભ્યો માને છે, કે તફો થાય તો

કંપની સામાજિક ઉત્થાન માટે કાર્ય કરે છે તેમ ન ગણાય.

“આવિષ્કારે' આવી તો ત્રેવીસ નાની-મોટી કંપનીઓમાં ઓછું- વત્તું રોકાણ કર્યું છે. પિરામિડના સૌથી નીચે દબાયેલાને મદદ કરો તો તે ઉપર જ ઊઠશે - તે ભાવનાથી. થોડી કંપનીઓનાં નામ- નવીન ગ્રામ (પશુપાલન તથા ખેતીવાડી આધારિત ટૅક્નોલૉજી કંપની)વૉરટેક્ષ એજિનિયરિંગ (સસ્તામાંના ATM મશીન બનાવતી કંપની...) લિસ્ટ લાંબુ છે.

“જુઓ બહેન, અમારું એકેય રોકાણ “નોર્મલ' નથી. આ દરેક કંપનીની પાછળ પણ અમારા જેવી જ કઠોર પરિશ્રમની કહાણી છે. ૨૦૦૫માં અમારું ભંડોળ ચાર કરોડે પહોંચ્યું. ફંડ મૅનેજમૅન્ટની ફી ૧.૫% એટલે કે વર્ષે ૬ લાખ ગણાય. અમારું વાર્ષિક બજેટ ૮ લાખનુ છે. જેમાં પગારો, પ્રવાસના ખર્ચા, હોટેલ બધું જ આવી જાય. હું તો મુંબઈમાં ઘેરથી કામ કરું છું. પ્રદીપ ચેન્નાઈમાં તેને ઘેર બેઠો

કામ કરે છે. અમારી ટિકિટના પૈસા ક્લાયંટે આપવાના હોય ત્યારે જ અમે પ્રવાસ કરીએ છીએ...” (હસે છે)

“પ્રદીપ મહિને રૂ.૩૫,૦૦૦/- અને હુ રૂા.૨૫,૦૦૦/- નો પગાર લઈએ છીએ. જો કે મારા દીકરાને સ્કૂલમાં મૂકવાનો થયો ત્યારે મને ઝાટકો લાગ્યો! શાળાએ રૂા.૨૦,૦૦૦/-નું ડૉનેશન માંગ્યુ, ને બીજા રૂા.૧૦,૦૦૦/- ડિપોઝીટ! આ વખતે શ્રી વિજય મહાજન (વધુ માહિતી ખભે કોથળો ને દેશ મોકળો /google.com) મારી વ્હારે ધાયા. મને કહે, “સાઇડ ઈન્કમ માટે કન્સલ્ટિંગનું થોડું કામ કર. ભાઈ, નહીં તો ભૂખે મરીશ.”

૨૦૦૨માં હું જ્યારે ખરેખર ભૂખે મરતો હતો , ત્યારે મેં ‘Intellecap’ નામની એક કંપની રજિસ્ટર કરાવી રાખી હતી. તે મને સંકટ સમયે કામ લાગી. હવે મારે એ કંપનીમાં થોડાં કામો લેવાનાં હતાં. બે જ દિવસમાં SKS Microfinance ના ભૂતપૂર્વ CFO શ્રી ગૌતમ ઈવેચ્યુરીનો મારી પર ઈ-મેલ આવ્યો . વર્લ્ડ બૅન્કને એમનું માઈક્રો ફાઈનાન્સનુ કામ બહારની એજન્સી પાસે કરાવવું છે. તને રસ હોય તો પ્રપોઝલ બનાવવા માંડ. મેં પાવનની મદદથી (જે યુ.એસ.માં હતો) ખરેખર સરસ પ્રપોઝલ બનાવી અને અમને મહિને ૧૦૦૦ ડૉલરનો કોન્ટ્રેક્ટ મળી ગયો . ૨૦૦૪ની પહેલી માર્ચે મેં “ઈન્ટેલકૅપ'માં પ્રથમ કર્મચારીની નિમણૂક કરી - અપરાજિતા અગ્રવાલ.

મારા ઘરના ટેબલ પર જ એક તરફ હું બેસતો ને સામે અપરાજિતા. આમ '“આવિષ્કાર' અને “ઈન્ટેલકૅપ' સામ-સામે ચાલ્યું . ધીમે ધીમે એકમાંથી આઠ કર્મચારીઓ થયા. “આવિષ્કાર'ને ટકાવવા માટે પણ અમારે ઈન્ટેલકૅપ ચલાવવાનું છે.

૨૦૦૫માં મને લાગ્યું કે, હવે આવિષ્કાર માટે વધુ નાણાં ભેગા કરવાનો સમય પાકી ગયો છે. મેં “ઈન્ટેલકૅપ'માંથી પૈસા કાઢીને વર્લ્ડ ટૂર કરી. ઈન્વેસ્ટરો પાસે પહોંચ્યો. સાઠ લાખ ડૉલર ઊભા કર્યા. ૨૦૦૮માં આ આંકડો ૧.૧૦ કરોડ ડૉલરે અને ૨૦૦૯માં દોઢ કરોડ ડૉલરે પહોચ્યો છે. અત્યાર સુધીમાં અમે ૧.૯૦ કરોડ રૂપિયાની મદદ નાની-મોટી કંપનીઓને આપી ચૂક્યા છીએ .

“આવિષ્કાર'ની સાથે સાથે મારી કંપની “ઈન્ટેલકેપ'નો ધીમી પણ મક્કમ ગતિએ વિકાસ થતો રહ્યો છે. અમે સામાજિક રોકાણ તથા નોલેજ મૅનેજમૅન્ટ વિષયમાં સલાહસૂચન આપીએ છીએ. અમારા ક્લાયન્ટ્સ મોટેભાગે માઈક્રો-ફાઈનાન્સ સંસ્થાઓ, સામાજિક- આર્થિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તથા હોસ્પિટલો હોય છે. અમારે ત્યાં કામ કરવા માટે અત્યત કુશાગ્ર I.I.T અને I.I.M. ગ્રૅજ્યુએટ્સની લાઈન લાગે છે. બહાર કરતાં ૩૦% થી ૭૦% ઓછા પગારે પણ તેઓ અમારે ત્યાં રાજી થઈને કામ કરે છે કેમકે તેમને ગમતું કામ મળે છે. જે સમાજોપયોગી છે.

હું હંમેશ તેમને કહેતો હોઉં છું કે, આ કંપની તમારે જ ચલાવવાની છે. અમારી ટૉપ મૅનેજમૅન્ટ ટીમ વર્ષોથી બદલાઈ જ નથી. હવે તો

કોઈનો વિશ્વાસ પ્રાપ્ત કરતાં પહેલાં ઘણી પરીક્ષાઓમાંથી પાસ
થવું પડે છે. કેટલાય લોકો મારી પાછળ બોલતાં - આ તો છ
મહિનામાં ભાગી જશે. મેં બધાને ખોટા પાડયા.
વિકાસનાં સ્વપ્નાં જોવાં અને ખરા અથમાં પ્રગતિ સાધવામાં
આસમાન જમીનનું અંતર છે. “લગે રહો' તો અભિગમ રાખવો



પડે તથા તેમાં ખર્ચ પણ ઘણો થઈ જાય છે.

"આવિષ્કાર' ફેમિલી પણ મોટું થયુ છે. હુ ઓક્સફર્ડ યુનિવર્સિટીની SAID સ્કૂલ ઑફ બિઝનેસની મુલાકાતે ૨૦૦૫માં ગયો હતો ત્યારે ત્યાં વિમવાન ડાર બિકને મળ્યો. તેમની મદદથી "આવિષ્કાર ગુડવીલ' સ્થપાયું છે. ત્યાર બાદ "વેન્ચર ઈસ્ટ' ની મદદથી મેં BYST ગ્રોથ ફંડની સ્થાપના કરી છે.* આ ફંડ યુવાન ઉદ્યોગ સાહસિકોને ચાર લાખથી એક કરોડની મદદ કરે છે.

અમને ૨૫ થી ૩૦% નું વળતર મળે તો અમારી ખુશીનો પાર નથી રહેતો. જો કે ૧૨% થી ય અમને તો સંતોષ હોય છે . અમે બીજા VC જેવાં નથી. જેમને ફક્ત પોતાના જ લાભમાં રસ હોય છે. હા, નફો તો થવો જ જોઈએ, પણ લોકોને ચૂસીને કે તેમના હાડ-માંસ ઉખાડીને નહીં. ૨૦૦૮ સુધીમાં જે ૧૪ કંપનીઓમાં અમે રોકાણ કર્યું છે તેમાંથી સાતમાં સારો નફો થાય છે. બાકીની કંપનીઓમાં પણ થશે. આગે આગે ગોરખ જાગે..."

"વિનીત, તમારી આ કંપનીઓની સામાજિક અસર પણ થઈ જ હશે ને?" હું પૂછું છું.

"મેડમ, એ અસરનો માપદંડ શો? પેલા મુકુંદનકાકા પાંસઠ વર્ષની ઉંમરે, ડાયાબીટિસ સાથે , જે ઉત્સાહથી દિવસમાં બાર કલાક કામ કરે છે, તે માપવાનું કોઈ મીટર ખરું? હું તો ડૉ. કુરિયનની જેમ નાનાં નાનાં સેંકડો અમૂલ સ્થાપવાની યાત્રાનો પ્રવાસી છું. "આવિષ્કાર' કૉમરશિયલ ફંડ છે કે સામાજિક? અ ચર્ચા જ અસ્થાને છે. કોઈને દાન આપી દેવાની હું ક્યારેય તરફેણમાં નથી. નાના- નાના ઉદ્યોગકારોને પ્રેરણા આપવામાં હું તો માનું છું. ફક્ત પૈસા આપીને પાંગળા કરવામાં નહીં. વળી, જે સમાજ માટે તેઓ કાંઈક સદ્ભાવનાથી સારી પ્રોડક્ટ બનાવવાની મહેનત કરી રહ્યા છે તે ભાવના ટકી રહેવી જોઈએ.

શરૂઆતમાં તો કોઈને ખબર જ નહોતી પડતી કે મેં આ શું માંડયું છે! મારાં માતા-પિતાએ તો મારા નામનું નાહી જ નાંખેલું. પણ હમણાં તો મારા બાપુજી પેલા મુકુંદનકાકાને મળી આવ્યા. ખુશ થઈ ગયા! મારી બહેન માટે તો હું દયાભાભીનો '"વીરો' છું અને સ્વાતિ, મારી પત્ની! શી ઇઝ જસ્ટ અમેઝિંગ! મારા પત્તાંના મહેલ જેવા વિચારો નીચે ઊભેલો કોંક્રિટનો થાંભલો! હું કંઈ પણ કરું, એણે ક્યારે ય વિરોધ નથી કર્યો. અરે, મેં ગાંડપણ પર સવાર થઈને નોકરી છોડી દીધી ત્યારે ય તેણે હરફે ય નથી કાઢ્યો . મારામાં તેને સંપૂર્ણ અને આંધળો કહી શકાય એ હદે વિશ્વાસ છે."

જેમ વિનીતને એના આઈડિયામાં હતો ,

જેમ મુકંદનકાકાને પોતાના વિચારમાં હતો, ને

જેમ તમને તમારામાં હશે જ!

યુવા સમાજોધોગિકોને મારી શીખ

ઉધ્યોગ સાહસિક્તામાં સફરનો આનંદ લેવાનો છે, તો પરિણામ સારાં જ મળશે.

જોખમ પણ ખેડવું પડશે. જોખમ અને મળતર એક સિક્કાની બે બાજુ સમાન જ છે.

ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર - આ કહેવતનો સાર સમજજો. ઉતાવળમાં પૈસાદાર થવામાં, 'રકેંમત' અને "મૂલ્ય'માં ઘણો ફરક છે. બધા જ પૈસાદારોનું મૂલ્ય નથી હોતું. યુવાનો, તમે સમજો છો?

દુનિયાભરનાં શેરબજારો અને મૂડીવાદી નીતિઓને કારણે વિશ્વભરમાં લોભ અને લાલચે માઝા મૂકી છે.

“પૈસો મારો પરમેશ્વર, ને હું પૈસાનો દાસ' આ એક જ વિચારસરણીથી કામ કરનારે ૨૦૦૮ની મંદીને યાદ રાખવા જેવી છે.

---

* www.honeybee.com પર વધુ માહિતી મેળવો .

* વધુ માહિતી માટે www.aavishkar.in



વણકરોને એકસૂત્રે બાંધનાર

સુમીતા ઘોષ
'રંગસૂત્ર'

સંજય ઘોષ નામના અત્યંત આદર્શવાદી IRMA સ્નાતક સાથે લગ્નગ્રંથિથી જોડાઈને સુમિતાએ સૈવા સંસ્થા (NGO) માં જ કાર કેર્દા બનાવવાનું નક્કી કર્યું. ૧૯૯૮માં 'ઉલ્ફા'*ના આતંકવાદીઓએ યંજયની બૈરહેમીથી ક્તલ કરી પછી માંડ માંડ શૌકમાંથી બહાર આવીને કહિમતપૂર્વક સુમિતાએ "રંગસૂત્ર'ની સ્થાપના કરી. અહીં ગામડાના વણકરો અને હસ્તકલાકારોને સ્તિજન આપીને "ફેબ ઈન્ડિયા" દ્વારા વેચીને નફો રળવામાં આવે છે.

નકશા પર તો 'લાડો-સરાઈ' દિલ્હીનું જ પરું છે, પરંતુ આવી જગ્યાઓ આખા હિન્દુસ્તાનના કોઈપણ ભાગમાં હોઈ શકે!

સાંકડી ધૂળિયા ગલીઓ, નાની-નાની દુકાનો અને નુક્કડો પર ચાની રેકડીઓ, રિક્ષાઓ અને સાઈકલોની પાર વગરની ભીડ....ગિરદી- ગીરદી! આવામાં જ એક મકાનના ત્રીજા માળે "રંગસૂત્ર'ની આંફિસ છે. બોર્ડ નથી. આજે હું એક એવી કંપનીની મુલાકાતે જઈ રહી છું, જે 'બાલિકાવધૂ'માં બતાવાયેલા દેહાતી ભારતને "ઈકોનોમિક ટાઈમ્સ' ના ચકાચક ભારત સાથે જોડે છે.

'અમૂલ'ની જેમ 'રંગસૂત્ર' પણ એક સહકારી મંડળી છે જે દૂધ ભેગું કરવાને બદલે ગામડાંઓમાંથી કાપડ અને હાથવણાટ તેમજ હસ્તકલાના નમૂના એકત્ર કરીને કારીગરોને તેનો મહત્તમ ભાવ અપાવે છે. તમારા મારા સુધી પહોંચાડીને! તમે કહેવાના જ, ખાદી ગ્રામોદ્યોગવાળા પણ કંઈક આવું જ કરે છે ને? આ બહેને શી નવાઈ કરી?

તો જરા ગૌર કિજિયે... તમને સમજાવું! "રંગસૂત્ર' ખાનગી કંપનીની જેમજ કામ કરે છે, "સહકારી મંડળી'ની જેમ નહીં. આમ, અનાયાસે તે "સેવાકીય સંસ્થા'ના માળખામાંથી બહાર આવી ગઈ છે અને "બજાર આધારિત સંસ્થા' બની ચૂકી છે. પરિણામે સંસ્થાનો ઝડપી વિકાસ થયો છે અને વિશાળ જનસમુદાયને મદદ મળી રહી છે. "સહકારી મંડળી' બનીને કૂવામાંનો દેડકો બની રહેવાની માનસિકતામાંથી બહાર આવીને જબ્બર વિકાસદર હાંસલ કર્યો છે અને પરિણામ? અનેકનાં જીવનમાં પાયાનાં પરિવર્તન!

અહીં ગ્રાન્ટ કે સબસિડી જેવી ભીખ પર નભવાની નેમ નથી. અહીં તો 'પ્રોફિટ' અને "ડિવિડન્ડ' ની

વાતો છે. સંસ્થાઓ, તમે પણ 'ભીખ' અને લોકોની “ભલમનસાઈ' પર નભવાને બદલે “રંગસૂત્ર પાસેથી પ્રેરણા લઈને સ્વનિર્ભરતાથી સમાજસુધારણા કરી શકો છો.

શિયાળાની એક ખુશનુમા સવારે 'રંગસૂત્ર'ની ઓફિસમાં ચારેતરફ રંગબેરંગી સૅમ્પલોથી ઘેરાયેલી સુમિતા મને તેની કહાણી કહે છે.

હિંમત, પરિશ્રમ અને આત્મવિશ્વાસના ત્રિવેણીસંગમ જેવી આ એક એવી મનોહર કહાણી છે, કે જે વાવાઝોડું પસાર થઈ ગયા પછી મેઘધનુષ્યથી નિખાર પામેલ સિરભ્ર આકાશના સૌંદર્યને પણ આંટી મારી દે છે.

* ઉલ્ફા = ULFA = યુનાઈઈટૅડ લીબરૅશન ફ્રન્ટ ઓફ આસામ.

વણકરોને એકસૂત્રે બાંધનાર

સુમીતા ઘોષ

'રંગસૂત્ર'

મારો જન્મ કલકત્તામાં પણ હું ઊછરી મુંબઈ - એ વખતના બૉમ્બેમાં. શાળા-કૉલેજ શિક્ષણ શ્રોષઠ મળ્યું હોવાને કારણે હુ માનતી કે જીવનમાં બધું જ શક્ય છે. ધારો તે કરી શકો.

એં લિફ્સ્ટંન્ટ કૉલેજમ[થી ગ્રેજ્યુએટ થયા બાદ મેં મુંબઈ યુનિવર્સિટીમાંથી ઈકૉનોમિક્સમાં પોસ્ટ ગ્રૅજયુએશન (એમ.એ) ક્યું. મેં એડવર્ટાઈઝિંગમાં જવાનું વિચાર્યું હતું. મને લખવું ગમતું હતું, તેથી કોપીરાઈટર તરીકેની કારકિર્દી સારી પડશે તેવું લાગતું હતું, પરંતુ એ ક્ષેત્રના લોકોને હું જેમ - જેમ મળતી ગઈ તેમ તેમ મને એ ક્ષેત્રના લોકોની ઉપરછલ્લી અને નાટકીય વર્તણૂંક તરફ તિરસ્કાર થવા લાગ્યો. ઉપરથી બધાં મજાકિયા ... પરંતુ અંદરથી ભારે અતડા અને ઉછાંછળા!

આ ગાળામાં જ મારાં લગ્ન સંજય ઘોષ સાથે થયાં. સંજય સાથે મને કૉલેજકાળથી જ પ્રેમ થયેલો. લગ્ન થતાંની સાથે જ જીવનમાં જબરજસ્ત મોડ આવ્યો. સંજય 1ાર/0/નો ગ્રેજ્યુએટ હતો. ગ્રામીણક્ષેન્ને કામ કરવાનું તેનું સ્વપ્ન હતું, તેથી અમે ગુજરાતમાં આણંદ ગયાં અને ત્યાંથી રાજસ્થાન.

મુંબઈમાં મારા ઘણાં મિત્રો મને પૂછતાં , "તને ગામડાંમાં ગમે છે?" હું પ્રેમમાં પડેલી યુવાન સ્ત્રી હતી. એમાં વિચારવા જેવુ શું હતુ? મનનો માણિગર જયાં હોય ત્યાં ગમે જ ને? હુ એ બધાને કહેતી, "હું તો વિચારતી જ નથી. બસ, ગમાડવાનું!" જો કે ભારતના અંતરિયાળ વિસ્તારોમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવનું ભયંકર ભૂત આજેય ધૂણે છે. મુંબઈની પચરંગી પ્રજામાં ઊછરેલી એવી હું, એ ઊંચ-નીચમાં સમજતી ન હતી. વળી, વર્ષોથી મેં ફક્ત જીન્સ-ટી શર્ટ પહેર્યા હતાં. હવે હુ રોજ સાડી પહેરતી હતી.

'અમૂલ' ડેરી જે રીતે સ્થપાઈ અને તેનાં જે પરિણામો મળ્યાં તેનાથી અમે ખરેખર અંજાઈ ગયાં હતાં. ૧૯૮૪માં અમને બંનેને એક વર્ષ માટે ઓક્સફર્ડ જવાની તક મળી. ૧૯૮૫માં ત્યાંથી પાછા આવીને અમે રાજસ્થાનમાં "ઉર્મૂલ' ડેરી પ્રોજેક્ટથી કામની શરૂઆત કરી. આ સહકારી મંડળી "અમૂલ' દ્વારા પ્રેરિત છે. એ જમાનામાં ય 'ઉમૂંલ' ડેરી નફો રળતી હતી તેથી એ નફામાંથી તેઓ સહકારી મંડળીના સભ્યોના સ્વાસ્થ્ય અંગે કોઈક પ્રોજેક્ટ શરૂ કરવા ઈચ્છતા હતા. અહીં દૂધાળી ગાયો માટે સાધનસજ્જ હોસ્પિટલ હતી, પરંતુ ગામના માણસો ઝાડા-ઊલટીની સારવાર વગર મરતા હતા. માઈલો સુધી સરકારી દવાખાનું ય ન હતું.

બિકાનેરથી સાઠ કિલોમિટરે લુંકરણસર નામનું ગામ છે. અમે "ઉમૂંલ' ડેરીના હૅલ્થ પ્રોજેક્ટ પર કામ કરવા ત્યાં પહોંચ્યા. સંજયે સહકારી મંડળીના હોદ્દેદારોને સમજાવ્યું કે મેમ્બરો પાસે ત્રણ રૂપિયે લિટર દૂધ ખરીદવામાં આવે છે, તેમાંથી ફક્ત ત્રણ પૈસા હૅલ્થ પ્રોજેક્ટ માટે અલગ કાઢી લેવામાં આવે. જોકે, પૈસાદાર ખેડૂતો , જે રોજનુ હજાર-પાંચ હજાર લિટર દૂધ ભરતા, તેમણે આ સ્કીમનો જોરદાર વિરોધ કર્યો. માંદા પડનાર ખેડૂતો ગરીબ હતા. તેમને ટી.બી., ઝાડા-ઊલટી, સુવાવડ વગેરે માટે સારવારની વારંવાર જરૂર પડતી. એવા ગરીબ ખેડૂતો તો માંડ પાંચેક લિટર દૂધ ભરતા. પૈસાદાર ખેડૂતોએ કહી દીધું - એમની સારવાર માટે અમે શા માટે રોજ પૈસા કપાવીએ?

એ સ્કીમ પડતી મૂકીને અમે ચાર્જ લઈને દવાખાનું ચલાવવાનું શરૂ તો કરી દીધું. ધીમે ધીમે સરકાર તરફથી તથા વિદેશી સંસ્થાઓ તરફથી મદદ પણ મળી ગઈ. આ વિસ્તારમાં કોઈ ડૉક્ટર ટકતા ન હતા.

બધા શીખવા આવે, ગરજ સરે એટલે શહેર તરફ પ્રયાણ

આ ઈશ અસમાનતાનો ભંડાર છે. વિવિધતાસભર પ્રશ્નો તથા

અંતરિયાળ વિસ્તારોની ભાતીગળ સંસ્કૃતિનો વારસો. સંજયે

અને મેં ગામડાંઓમાં કામ કરવાનું આ કારણોસર

જ સ્વીકાર્યું

કરે. આ સમસ્યાનું પણ અમે નિરાકરણ શોધી કાઢ્યું. ગામડાંની દાયણોને તાલીમ આપી તથ ગ્રેજ્યુએટ છોકરાઓને શોધીને તેમના દ્વારા રસીકરણ શરૂ કર્યું. રોગને ઊગતા જ ડામવામાં શાણપણ છે ને?

પ્રોજેક્ટ ૧૯૮૯માં શરૂ થયો. બધું બરોબર ચાલતું હતું. એવામાં ૧૯૮૭માં રાજસ્થાનમાં આકરો દૃષ્કાળ પડયો. ઢોર-ઢાંખર ચારા- પાણીને અભાવે ફટાફટ મરવા લાગ્યાં. જયાં ખાવાનાં જ સાંસાં હોય, ત્યાં સ્વાસ્થ્યની ડાહ્યીડાહ્મી વાતો કોણ સાંભળે? લોકો પાસે કાંઈ જ કામ ન હતું તેથી અમે ઉન લાવીને વણકરોને આપ્યું અને ગામની સ્ત્રીઓ ચરખા પર કાંતવા લાગી. કપડું તો બન્યું , પણ સાવ ખરબચડું. કોણ ખરીદે?

અમે અમુક સારા વણકરોને અમારા વિસ્તારમાં બોલાવ્યા અને 'પટોળા' વણવાની તાલીમ આપ. પછી અમદાવાદની એન.આઈ.ડી. સંસ્થા સાથે તેમને બેસાડીને સારી ડિઝાઈન્સ તથા સુંવાળુ કપડું વણવાની તાલીમ આપી. અમુક સ્ત્રીઓ ખૂબ જ સરસ હાથભરત કરતી હતી. મોટેભાગે ૧૯૭૧ના ભારત-પાક યુધ્ધ બાદ આ સ્રીઓ સિંધ પ્રાંતથી ભાગીને નિરાશ્રિત તરીકે ભારતમાં રહી પડી હતી. “ઉમૂલ ટ્રસ્ટ' દ્રારા આવા લોકોને વધુ મદદ કરી શકાય, તેના પ્રયત્નરૂપે બજારમાં તેમના દ્વારા બનાવાયેલ ચીજવસ્તુઓ વેચવાની શરૂઆત કરાઈ. આમ, શરૂઆતથી જ સેવાકીય સંસ્થાને બદલે આવક રળવાની સંસ્થા - જેનો અંતિમ ધ્યેય સેવાનો હતો - તેવું મૉડેલ અમે સ્વીકાર્યું.

શરૂઆતમાં નુક્સાન પણ થયું. આખો પ્રોજેક્ટ રાજસ્થાન સરકાર તથા જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થા “ઓંક્સકાર્મ' દ્વારા ફંડેડ હોવાથી ગાડું ગબડતુ . ધીમેધીમે જેમ નફો થવા માંડયો , તેમ અમે સરકારી તેમજ અન્ય સહાય લેવાની તદ્દન બંધ કરી. ૧૯૯૩ સુધી મેં 'ઉમૂંલ'માં કામ કર્યું. રાજસ્થાનમાં હવે મને આજકાલ કરતા આઠ વર્ષ થયાં! મારે બે બાળકો પણ હતાં . પાંચ અને છ વર્ષનાં! બેમાંથી એકેય સ્કૂલનું મોં જ નહોતુ જોયું . સંજય ગામડામાં જ રહ્યા અને હું બાળકો સાથે દિલ્હી આવી. ૧૯૯૩ થી ૯૫નાં બે વર્ષ મે યુનાઈટેડ નેશન્સમાં કામ ક્યું. ચીનના બેઈજિંગમાં “૯૫માં ઈન્ટરનેશનલ વુમન્સ કૉન્ફરન્સ યોજાવાની હતી. હું તે પ્રોજેક્ટ પર લાગી. વિશ્વભરમાંથી ૩૦,૦૦૦ જેટલી સ્રીઓએ આ પરિષદમાં ભાગ લીધો. અમે ભારતનાં ગામડાંઓમાંથી બસો સ્રીઓને લઈને ગયા હતા. આ સમયે સંજયે પણ “ઉમૂલ'ની નોકરી છોડી. જો કે એને દિલ્હીમાં રહેવું ન હતું.

અમે આસામ જવાનું નક્કી કર્યું. કારણ? હુ ભલે જન્મી કલકત્તામાં પણ અમે પાંચ વર્ષ ગૌહત્તી (આસામ) માં રહ્યાં હતાં. તેથી અમે આસામના જોરહાટ જિલ્લાના મર્જાલી ગામે જવાનું નક્કી કર્યું. મને “'મૅકઆર્થર ફાઉન્ડેશન' તરફથી ફેલોશિપ મળી હતી અને સંજયની વિવિધ એન.જી.ઓ .ના સંયુક્ત પ્રતિનિધિઓના મંડળના નેતા તરીકે નિમણૂક થઈ હતી. એ એન.એ.આર.ડી. (એસોસિયેશન ઓંફ વોલિયેન્ટરી એજન્સીઝ ઈન રૂરલ ડેવલપમેન્ટ)નો જનરલ સેક્રેટરી સમાયો હતો.

૧૯૯૪માં અમે આસામ પહોંચ્યાં. રાજસ્થાનનાં ગામડાંઓમાં અમે વર્ષો કાઢ્યાં હતાં છતાંય આસામમાં તો પરિસ્થિતિ સાવ જુદી જ હતી. મારી ઈચ્છા દરેક સ્ત્રીને વણાટ શીખવવાની હતી પરંતુ

એ વર્ષે જ આસામમાં ભારે પૂર આવ્યુ અને દૂષિત પાણીને કારણે ઝાડા- ઊલટીના અસંખ્ય કેસ થયા. અમારી ટીમમાં એક ડૉક્ટર પણ હતા. તેથી અમે વણાટ તરફથી ધ્યાન ખસેડીને દર્દીઓની સારવારમાં ધ્યાન કેન્દ્રિત કર્યું.

જમીનોનું ધોવાણ એ આસામનો પ્રાણપ્રશ્ન છે . અહીં દર વર્ષે સોથી ત્રણસો ઈંચ વરસાદ પડે છે તથા જંગલો ઘણાં કપાઈ ગયાં છે. અમે દિબ્રુગઢ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સાથે મિટિંગો કરીને જમીનનું ધોવાણ અટકાવી શકાય તેવા સારા પાળાઓ બાંધવાની નવીન ટૅક્નિક અમલમાં મૂકવાની શરૂઆત કરી. જો કે, થોડા જ વખતમાં અમને કડવું સત્ય સમજાયું કે અહીં માણસની કુદરત સાથે લડાઈ નથી. અહીં તો કુદરતનો જંગ માફિયાઓ સાથે છે. આસામના ગઠિયા કૉન્ટ્રાક્ટરોની સીધી સંડોવણી છે. દરવર્ષે પાળા એવા જ બાંધવાના કે સહેજ વરસાદ પડતાંમાં જ ધોવાઈ જાય.ધોવાય તો જ બીજે વર્ષે ફરી કામો નીકળે ને! કોન્ટ્રેક્ટરો અને બાબુઓનાં ગજવાં ભરાયાં જ કરૈ. તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ! જમીનો ધોવાયા જ કરે અને ખેડૂત વધુ ને વધુ ગરીબ થતો જાય કેમકે જમીનનો કસ ઓછો થતો જાય.

મેં અને સંજયે આ માફિયાઓ વિરુદ્ધ પેપરોમાં લખવા માંડયું . તરત જ 'ઉલ્ફા'ના ત્રાસવાદી સંગઠન તરફથી અમને ધમકીઓ મળવા લાગી. અમે આ ધમકીઓને ગણકારી નહીં તે અમારી મોટી ભૂલ હતી. “ઉલ્ફા'ની પણ માફિયાઓ સાથે સાંઠગાંઠ હતી જ. ૧૯૯૭, ૪થી જુલાઈ ! એ દિવસ હું કેમ ભૂલું? “ઉલ્ફા'ના ત્રાસવાદીઓએ સંજયનુ અપહરણ કર્યું. આજ સુધી એમની લાશ પણ નથી મળી. 'ઉલ્ફા'ને અમારો ભય કેમ હતો? મને લાગે છે કે ફક્ત પંદર જ મહિનામાં અમે ૩૦,૦૦૦ સ્થાસિક લોકોને નવા પ્રકારના પાળા બાંધવાની ટ્રેનિંગ આપી હતી. ઉલ્ફા વર્ષોથી આસામના લોકોને ઊંઠાં જ ભણાવતી હતી - “સરકાર તમારે માટે કાંઈ કરતી નથી, અમારા સંગઠનને ટેકો આપો. અમે જ તમારું ભલું કરીશું-' હવે અમે જ લોકોનું સાચેસાચ ભલું કરવા માંડીએ તો ઉલ્ફાનો તો એકડો જ નીકળી જાય અને તેમની માફિયાઓ સાથેની સાંઠગાંઠ પણ ખુલ્લી પડી જાય.

જે હોય તે, સંજયના અવસાન બાદ અમારી ટીમનું નૈતિક બળ તુટી ગયું અને અમે બધાં છૂટાં પડી ગયાં. હું ગુડગાંવ (દિલ્હી) પાછી ગઈ. મારી ફેલોશિપ હજુ ચાલુ હતી. હવે હું મારો વિષય બદલવા માંગતી હતી. મારા અનુભવે મને શીખવ્યું હતું કે અહિસક લડતથી સ્રીશક્તિમાં વધારો થાય છે, જ્યારે કાશ્મીરમાં થઈ રહી છે તેવી હિંસક ચળવળોથી સ્ત્રીઓનું સમાજમાં સ્થાન નીચું થતુ જાય છે.

હું “હંગર પ્રોજેક્ટ' માં જોડાઈ. અમેરિકાની એક સંસ્થાનો આ પ્રોજેક્ટ છે. મે ગ્રામપંચાયત સ્તરે કામ કરવાનું શરૂ કર્યું. ૨૦૦૧માં

પુરુષો તો ગામડાંમાં રહે કે શહેરમાં એકધારા કપડાં જ પહેરે છે.

પણ સ્ત્રી તરીકે તમે જે ગામડાંમાં પહેરો તે શહેરમાં ન પહેરી શકો.

તમારે સમતુલા સાધવી પડે.

મને વિશ્વપ્રસિદ્ધ “ફૂલબ્રાઈટ સ્કોલરશીપ' મળી. હું એક વર્ષ માટે અમેરિકાની “ઈસ્ટર્ન મેનોનાઈટ યુનિવર્સિટી'માં ભણી. અહીં ધર્મની નહીં. આસ્થાની સમજણ અપાય છે. અહીં જ મને 'રંગસૂગા'નો આઈડિયા આવ્યો. અહીં મેં વ્યક્તિઓ અને સંસ્થાઓ વચ્ચે ઘર્ષણ ઘટાડવા અંગે ઘણું મનોમંથન કર્યું. પેપર્સ લખ્યાં. વિચારવલોણાને અંતે મને સમજાયું કે ઘર્ષણ ન થાય તો બદલાવ આવે જ નહીં. એલવ્રી કન્ફલીક્ટ ઇઝ એન ઓપોર્ચ્યુંસિટી ફોર ચેન્જ.

અખંડ ભારતમાં જીવતા બે ભારત વચ્ચેનો તફાવત મને વધુ ને વધુ કઠવા લાગ્યો . બોલિવૂડ અને બ્યુટી

પેજન્ટમાં બતાવાતા 'શાઈનિંગ ઈન્ડિયા' અને બિહાર અને રાજસ્થાનમાં વસતા "અંધારિયા ભારત' નો ભેદ! મારા કામ દરમિયાન જ મને ગ્રામ્ય ભારતમાં રોજગારીની તક વધારવાનો તુક્કો સૂઝ્યો. કાપડ, વણાટ અને હસ્તકલાના માધ્યમ દ્વારા આ કાર્ય થઈ શકે તેમ હતુ.

ગામડાંઓમાં સુંદર વણાટ અને ભરતકામની ચીજવસ્તુઓ બને છે, પરંતુ કારીગરના હાથમાં કાંઈ જ નથી આવતું. શહેરનો દુકાનો તે જ માલ વેચીને તગડો નફો રળી લે છે. આ બાબતે શું થઈ શકે? આમ તો ૧૯૯૩માં મેં રાજસ્થાનને રામરામ કર્યા હતા, પરંતુ આજ દિન સુધી ત્યાંના શ્રેઠ કારીગરો સાથે મેં સંપર્ક જાળવી રાખ્યો હતો . હું દર વર્ષે દિલ્હીમાં તેમની કલાકારીગરીનું પ્રદર્શન યોજતી હતી તથા આસામ, બંગાળ અને ઉત્તરાંચલના કારીગરો સાથે પણ સંપર્ક રાખતી. મેં વિચાર્યું કે અમે બધાં જો ભેગાં થઈને નાનકડી દુકાન લઈને ત્યાં વેચાણ કરીએ તો વચેટિયાનો પ્રશ્ન ન રહે.

પેલુ 'ઉમૂલ ટ્રસ્ટ' આ જ રીતે વર્ષે એક કરોડનુ વેચાણ કરતું હતું. નાનાં મોટાં પ્રદર્શનો કરૈ, નાની દુકાનોને માલ વેચે તથા ફેબ ઈન્ડિયાને પણ વેચે. એક કરોડના વેચાણે પહોંચતા તેમને દસ વર્ષ

સાવ સાદી સમજણ ધરાવતી વ્યાંક્ત પણ એટલું તો સમજી જ શકે, કે

કારીગર અને દુકાનદાર એક-બીજા વગર નભી જ ન શકે.

આ તો સામાન્ય બુદ્ધિ અને કરુણાસભર હૃદય

ધરાવનારને સમજાવવું જ ન પડે!

થયાં હતાં. વણકરો ખુશ હતાં. તેમને પૂરતાં ઓંડર્સ મળતા, બધો માલ ખપી જતો તથા વર્ષોવર્ષ બોનસ પણ મળતું. જોકે "ઉર્મૂલ' વાળા સ્વાસ્થ્ય, શિક્ષણ , પર્યાવરણ તથા પીવાના પાણીના ક્ષેત્રે પણ પ્રોજેક્ટ કરતા હતા તેથી હસ્તકલાના ક્ષેત્રે ઝાઝું ધ્યાન નહતું અપાતું.

હું ૨૦૦૨ના ડિસેમ્બરમાં ભારત પરત આવી. દિલ્હીમાં "ઉર્મૂલ'નું વાર્ષિક પ્રદર્શન યોજાવાનું હતુ. ત્યાં જ હું 'અમૂલ' ફ્રેઈમ અશ્રિતા પટેલને (એન.ડી.ડી.બી. ના ચૅરપર્સન) મળી. એમણે મને સારી સલાહ આપો - "જો સુમિતા, રાજસ્થાનમાં સહકારી મંડળીઓનું ભાવિ મને જોખમમાં લાગે છે. મુખ્ય કારણ સરકારી હસ્તક્ષેપ છે. તું સહકારી મંડળી સ્થાપવાને બદલે "ઉત્પાદક કંપની' તરીકે કામ શરૂ કર" - એમના જેવા અનુભવીની સલાહ કોણ અવગણી શકે? મેં ૨૦૦૪ના ડિસેમ્બરમાં "પ્રોડ્યુસર કંપની" તરીકે મેં "રંગસૂત્ર'ના શ્રી ગણેશ કર્યા.

'પ્રોડ્યુસર કંપની' એટલે શું? - હું પૂછું છું .

એક એવી કંપની કે જયાં ઉત્પાદકો જ શેરહોલ્ડરો હોય આવી કંપની અન્ય કોંર્પોરેટ કંપની તરીકે જ કામ કરે છે. ફરક માત્ર એટલો જ, કે આ કંપનીઓનો એકમાત્ર ધ્યેય નફો રળીને ડિવિડંડ ચૂકવવાનો નથી હોતો.

આવી કંપનીઓમાં થોડું મળતર વ્યાજના રૂપમાં રોકાણકારોને (અહીં કારીગરોને) પાછું મળે છે. અમુક નફો કંપનીની ભાવિ યોજનાઓ અને વિકાસ માટે વપરાય છે. આવી કંપનીઓની એક મર્યાદા પણ છે . બહારના રોકાણકારો આમાં પૈસા રોકી શકતા નથી તેથી કંપનીનો વિકાસ મર્યાદિત રહે છે. રોકાણ કરનાર કારીગર કે ઉત્પાદક હોવો જ જોઈએ એ પહેલી શરત છે! મૂડીવાદી વિચારસરણીની નફરત અહીં સ્પષ્ટ દેખાય છે.

સુમિતા ચોખ્ખું જ કહે છે, "વો તો સિર્ફ પૈસા કમાના ચાહતે હે. એમને અમારા કામ કે સમાજસેવા

સાથે મુદ્દે ય નિસબત નથી.”

“તો સુમિતા, તમે આ સંસ્થાની શરૂઆત કેવી રીતે કરી? એ વખતે તો નાણાંની જરૂર પડી જ હશે ને?”

“હાસ્તો! મારા કારીગરો અને હું તો સાવ જ ઠણઠણ ગોપાલ હતાં.. છતાંય અમે દસ જણે માંડમાંડ દસ-દસ હજાર મૂક્યા. લાખની મૂડી થઈ. બેન્કોનાં ય પગથિયાં ઘસી કાઢયાં. અરે, એમણે તો અમને ખાતું ખોલવાની ય મનાઈ ફરમાવી દીધી, લોન આપવાની તો વાત જ બાજુએ રહી! બીજી તરફ 'રંગસૂત્ર'એ તે ગવર્નમેન્ટ ગ્રાન્ટ મેળવવાની પાત્રતા પણ ગુમાવી દીધી હતી કેમ કે હવે અમે “કંપની'હતાં. ૨૦૦૫નું વર્ષ આમ ને આમ વીતી ગયું.

આ અરસામાં “આવિષ્કાર સોશિયલ વેન્ચર ફંડ' ફેઈમ વીનિત રાય સાથે મારો મેળાપ થયો . અમે બંને “અશોકા' ફેલો * છીએ. અશોકા ફેલોશીપ સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ માટે અપાય છે. વિનીતે મને શાંતિથી સમજાવ્યું કે “પ્રોડ્યુસર કંપની” કે “પ્રાઈવેટ કંપની' ની ભેદરેખા કાનમાંથી ભૂંસી કાઢ. તારા હૃદયમાં જો કારીગરો માટે લાગણી હશે, તો “પ્રાઈવેટ કંપની' તરીકે પણ તું તેમના જ ભલા માટે કામ કરીશ. સાથે સાથે તું બજારમાંથી પણ નાણાં ઊભાં કરીને કંપનીની ઝડપી પ્રગતિ સાધી શકીશ.

૨૦૦૯માં રંગસૂત્રને અમે “ખાનગી કંપની' તરીકે રજિસ્ટર કરાવી. આ સમયે ફૅબ ઈન્ડિયા સાથે પણ સંપર્ક થયો. આમ તો અમે ફૅબ ઈન્ડિયાને થોડોઘણો માલ સપ્લાય કરતા જ હતા અને તેના માલિક શ્રી વિલિયમ બિસેલે મને તડકી-છાંયડીમાં સાથ આપ્યો હતો. તેથી નવી કંપનીમાં ૩૦ ટકા હિસ્સો ફૅબ ઈન્ડિયાનો, ૨૦ ટકા મારો, ૨૩ ટકા આવિષ્કારનો અને બાકીનો ઉત્પાદકોનો છે. ફૅબ ઈન્ડિયાનું રોકાણ આર્ટિઝન્સ માઈક્રોફાઈન્સ પ્રા. લિ. દ્વારા આવ્યું છે.

અમારા કારીગરો પાસે રોકાણ માટેનાં નાણાં કઢાવતાં મારા નાકે દમ આવી ગયો પરંતુ ફૅબ ઈન્ડિયા, આવિષ્કાર અને મેં પોતે બૅન્કમાંથી લોન લઈને પૈસા રોક્યા એટલે તેમને પણ વિશ્વાસ બેઠો . આજે તો અમારા ઉપરાંત ૧૦૬૪૦ કારીગરો '“રંગસૂત્ર'ના માલિક છે. તેમને રૂ.૧૦૦/- ના ભાવે શેરો મળ્યાં છે. “આવિષ્કાર' તથા 'ફૅબ ઈન્ડિયા' એ પ્રિમિયમથી શેરો ખરીદ્યા હતા. કારીગરવર્ગના મગજમાં કંપનીની માલિકીભાવના ઉત્પન્ન કરવી એ સૌથી મોટી તકલીફ છે. તેઓ પોતાની જાતને કારીગર જ સમજે છે.

જો કે ધીરેધીરે બદલાવ આવી રહ્યો છે. કારીગરો પણ બોર્ડ મિટિંગમાં આવે છે. ફેબ-ઈઈન્ડિયાવાળા ઓછે ભાવે માલ માંગે તો તેઓ મોઢે જ સંભળાવી દે છેઃ “સાહેબ, સેવા કરવા તમે નીકળ્યા છો, અમે નહીં. અમે તો સૌથી ઊંચો ભાવ આપે તેને જ અમારો માલ વેચીશું. આ ભાવે લેવો હોય તો લો!”... વળી અમારા સ્ટાફને પણ “સેવાકીય સંસ્થા'ને બદલે “કંપની'ના માળખામાં કામ કરતાં જોર આવે છે. નફો રળવો હોય તો કમર કસીને બધાંએ મહેનત કરવી જ પડે.

પ્રદર્શનો પૂરાં થાય પછી “ઉમૂલ' પાસે ઘણો વણવેચાયેલ માલ રહી જતો. “ઉમુંલ' સેવાકીય સંસ્થા હોવાથી તેમને એ પોસાય, પણ તમારે તો વેચાય એવી જ આઈટમો બનાવડાવવી પડતી. મારે ઑર્ડર આપતાં પહેલાં સો વાર વિચારવું પડે છે. અત્યારે તો અમે હાથભરત, સુંવાળું હાથવણાટનું કપડું અને બાંધણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બિકાનેરમાં અમારી પાસે એક ફૂલ-ટાઈઈમ ડિઝાઈનર છે અને અન્ય ફ્રિલાન્સર્સ છે . માલ બને તે સૌ પ્રથમ ફૅબ-ઈન્ડિયાને બતાવવામાં આવે છે કેમકે તેઓ તમારા સૌથી મોટા ગ્રાહક છે.

મારી સામે સૌથી મોટો પડકાર માલનો સમયસર ડિલિવરીનો છે. વળી હાથબનાવટની ચીજવસ્તુઓમાં ગુણવત્તા પણ એકધારી નથી નીકળતી. ગઈકાલે જ અમારા એક વીસ વર્ષ જૂના વણકર સાથે મારે

ખટપટ થઈ ગઈ હતી! અમે એને એક ઓર્ડર માટે બે મહિનાનો સમય આપ્યો હતો. શરણ મહિના પછી એ મને વસ્તુ વગર મળવા આવ્યો. મને કહે, "શું કરું બેન! ગોમમાં મરણ થઈ ગ્યું, તે વીસ દા'ડા હુધી કોઈ મારાં વાલાં કોમે જ નોં આઈવા!?" - બોલો, શું કરવુ?

"સુમિતા, આવા પ્રોબ્લેમ્સ કેવી રીતે સુલઝાવો છો?"

"શું કરું? હુ સતત આ લોકોની પાછળ આદુ ખાઈને પડી જ હોઉં છું. મારા અનુભવે સમજી છું કે સ્ત્રી કારીગરો વધારે વફાદાર - નિયમિત હોય છે. સ્ત્રીઓ કમાણી કરવા ઈચ્છે છે, તેથી ખૂબ કામ કરે છે. કુટુંબમાં એક સ્ત્રી દિવસમાં ૪ થી ૫ કલાક કામ કરે તો ૩૦૦૦-૪૦૦૦ તો સહેલાઈથી રળી લે છે. એ સ્ત્રીને આપવા માટે મારી પાસે તો આઠ કલાકનું કામ હોય છે પણ એટલું ભરતકામ કરે તો એની આંખ બગડે. વળી તેમનાં ઘર-બાળકો અને સંસાર રખડી પડે.

અમારી મોટાભાગની રોકાણકાર સ્ત્રીઓ જ છે. એમની પાસે ઝાઝી બચત ન હતી તેથી ઘણાંએ તો પાંચ-પાંચ શેરો (૫૦૦/- રૂ.ના) લીધાં છે. પણ તમે એમનો ઉત્સાહ જુઓ તો... પાર વગરનો! પોતાની માલિકીના, પોતાની બચતમાંથી ખરીદેલા પાંચ શેરે એમને અપ્રતિમ આત્મવિશ્વાસ અપાવ્યો છે.

૨૦૦૭માં વેચાણ ૨૬ લાખ થયું હતુ જે ૨૦૦૮માં ૧.૫ કરોડે અને ૨૦૦૯માં ૪ કરોડે પહોંચ્યું. ૨૦૧૧માં આઠ કરોડનું વેચાણ થશે તેવો અંદાજ અમે મૂક્યો છે. ગયે વર્ષે અમે ૧૦ ટકા વળતર પણ ચૂકવ્યું. સાથેસાથે સમાજસુધારણા તો થઈ જ રહી છે. આટલા બધા કારીગરોને રોજીરોટી નિયમિતરૂપે મળે છે . દુકાળના સમયમાં પણ અમારા એકેય કારીગરો સરકારી સહાય માંગવા નથી ગયા. બધા જ ઘેર બેઠા જ મહેનત કરીને કમાઈ લે છે. અમારા કાયમી ૧૦૪૦ કારીગરો ઉપરાંત અમે બીજા ૧૦૦૦ કારીગરોને રોજ પર રાખ્યા છે. કંપનીની પ્રગતિની સાથે આ આંકડામાં પણ વધારો જ થશે.

અત્યારે રાજસ્થાનના જેસલમેર અને બારમેર જિલ્લાઓમાં કામ થાય છે. આપણા દેશની અન્ય સંસ્થાઓ તથા "સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ' પણ અમારી સાથે જોડાવા તત્પર છે. અમારે વિકાસ સાધવો છે પરંતુ મારે આડેધડ, ગમે ત્યાંથી હલકી કક્ષાનો માલ નથી ખરીદવો . હાલમાં અમારી ઑફિસ બિકાનેરમાં છે જયાં ૨૧ કર્મચારીઓ છે. આ દિલ્હીનું યુનિટ ફક્ત સેમ્પલો બનાવવા માટેનું છે. અહીં અમારા દરજીઓ કામ કરે છે અને હું અઠવાડિયે બે વાર અહીં આવુ છું. મારા કારીગરોની માફક હું પણ ઘેર બેઠે જ કામ કરું છું . પ્રદુષણ તો ઓછું થાય!

'રંગસૂત્ર' દ્વારા બનાવાયેલ દરેક વસ્ત્રોમાં કુદરતી રંગો અને વનસ્પતિજન્ય રસાયણો વપરાય છે. આ કારણે અમને નિકાસના પણ ખૂબ ઓર્ડર્સ મળે છે . અમે "રંગસૂઝા' બ્રાન્ડનું પણ સર્જન કરવા ઈચ્છીએ છીએ પરંતુ દુકાનો બનાવ્યા વગર! મોટી રિટેઈલ ચેઈન્સ (વેસ્ટસાઇડ કે બિગબઝાર જેવી) તથા ઈન્ટરનેટ દ્વારા વેચાણ કરીને.

એક બાબતે હુ બહું સ્પષ્ટ છું, કે આ કંપનીનું ભાવિ ફક્ત હસ્તકલા કે વણાટના કાપડથી નહીં સુધરે. અમારે બીજાં ઘણાં ક્ષેત્રો ખેડવાં પડશે. ગ્રામ્ય-જીવનના એવા ઘણાં પાસાં છે. .. ખેતપેદાશો , ઈકો-ટૂરિઝમ -ગ્રામ્યજીવન-ની ઝાંખી કરાવે તેવી ટૂર્સ - અમે બિકાનેરથી શરૂ કરી છે. રાજસ્થાનમાં કિલ્લા અને મહેલો સિવાય પણ ઘણું જોવા-માણવા જેવું છે. અહીંની ઓર્ગેનિક ખેતપેદાશો પણ બજાર ઈચ્છે છે. 'ડિ-લાઈટ ડિઝાઈન' નામની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના બે સ્નાતકો દ્વારા સ્થપાયેલ કંપની પણ 'રંગસૂગ' સાથે 'કિરણ' નામના વિશ્વના સૌથી સસ્તા સૂર્ય-ઊર્જા દ્રારા ચાલતા ફાનસના વેચાણ માટે જોડાવા ઈચ્છે છે. જો આવી સસ્તી લાઈટો ઘેર-ઘેર પહોંચે તો સ્ત્રીઓ રોજ બે કલાક વધુ કામ કરી

શકે, ગામડેગામ બાળકો ભણી શકે!"

સુમિતાની ચમકતી આંખો વધુ ચમકે છે! હું પણ મનોમન ઈચ્છું છું, કે ગામડે ગામડે પ્રકાશ પથરાય... આશાનો, બદલાવનો , પ્રગતિરૂપી પ્રકાશ! "મેં જયારે આંતરરાષ્ટ્રીય સેવાકીય સંસ્થાની ઊંચા પગારની નોકરી છોડીને લોન લઈને '"રંગસૂત્ર' ની શરૂઆત કરી ત્યારે ઘણાંએ માનેલું કે મારી ફીરકી ફરી ગઈ છે. મારે બે બાળકો હતાં અને અમારી સાત પેઢીમાં કોઈએ "ધંધો' કર્યો ન હતો. અરે, એન.જી.ઓ.વાળાઓ પણ મારો વિરોધ કરૈ છે. કેમકે હું "કંપની' ચલાવું છું 'સંસ્થા' નહીં. પચીસ વર્ષ પહેલાં મારા પતિ સાથે શરુ કરેલ યાત્રા જાણે અવિરત ચાલુ જ છે... એ સ્વપ્નદ્રષ્ટા તો આજે મારી પડખે નથી, પરંતુ મને ખાતરી છે કે એ જયાં હશે ત્યાં એમની છાતી ગજગજ ફુલતી હશે .

યુવા સમાજોધોગિકોને મારી શીખ

કેટકેટલી તકો આપણી આસપાસ જ છે!

મારી જ વાત કરૂં, તો અમે વણાટ અને કાંતણથી શરૂઆત કરી. હાલમાં અમે ગ્રામ્ય ટૂરિઝમ, ઈકો ટૂરિઝમ અને રાસાયણિક ખાતરમુક્ત ખેતપેદાશો તરફ વળ્યાં છીએ. . મહેનત કરનાર માટે તો સ્કાય ઈઝ ધ લિમિટ!

જાહેરમાં એક ખાનગી વાત કરું છું: દેશ-વિદેશમાં કુદરતી , હાથબનાવટી તથા ગામડાંઓમાં બનેલી પ્રદુષણમુક્ત ચીજવસ્તુઓની માંગ વધી રહી છે. બસ, તમારામાં થોડી સર્જનશક્તિ જોઈએ!

તમારી પોતાની ટીમ હોય અને થોડો અનુભવ લો તો વધુ સારું. હા, ગામડામાં - રિયલ ઈન્ડિયામાં - જરૂર રહી આવજો. ત્યાંનો ભવ્ય ભાતીગળ વારસો તમને ઘણું શીખવશે . અમે જ્યારે બિકાનેર કામ કરવા ગયાં ત્યારે પગાર સાવ ઓછો હતો પરંતુ લોકોનાં જે પ્રેમ અને લાગણી મળ્યાં તે અમૂલ્ય હતાં. અમે જે સંબંધો બાંધ્યા તેની પૈસાથી તુલના જ ન થઈ શકે.

'રંગસૂત્ર'ના પાયામાં એ સંબંધો જ છે. રાજસ્થાનમાં ગાળેલાં એ વર્ષો દરમિયાન થયેલ ઓળખાણો જ મારી સફળતાના પાયામાં છે. વળી, કોઈ પણ ધંધો કરો, બજારને ધ્યાનમાં રાખજો. તમે ગામડાંના વણકર પાસે કાપડ વણાવ્યું છે તે કારણસર કોઈ તમારું કપડું ન ખરીદે. ગુણવત્તા તો જાળવવી જ પડે.

બસ, તો યા હોમ કરીને પડો , ફતેહ છે આગે! મેં તો જીવનના ઘણાં વર્ષો વેડફી કાઢ્યાં. તમે ધારો ત્યારે શરૂઆત કરી શકો, વહેલું-મોડું મનનું કારણ છે.



હાલોને આપણાં મલકમાં

સલોની મલ્હોત્રા
'દેસી ક્રૂ'

૨૩માં વર્ષે એન્જિનિયર થઈ ગયેલી સલોની જીવનમાં કાંઈક "નોખી ભાતનું', અલગ કરવા ઈચ્છતી હતી. તે શૂન્યમાંથી સર્જન કરવાવાળી જમાતમાં ભળવા ઈચ્છતી હતી. ગ્રામ્ય, ટેક્નોલૉજી અને ધંધાનો શિવેણીસંગમ કરીને તેણે "દેસી ક્રૂ'ની સ્થાપના કરી છે. જે ભારતની સર્વપ્રથમ ગ્રામ્ય બી,પી.ઓ. કંપની છે. આખો વિચાર |11 મદ્રાસનો હતો, તેથી આ પ્રોજેક્ટે તેમની પ્રતિષ્ઠાને પણ ચાર ચાંદ લગાવ્યા હતા. સલોની મલ્હોત્રા! નમ્ર , વિવેકી અને ખાસ્સી નાની દેખાય છે. હજી કૉલેજની વિદ્યાર્થિની હોય તેવું જ આપણે માની લઈએ!

મારા મનમાં શું ચાલી રહ્યું છે તે સમજીને સલોની બોલી ઊઠે છેઃ "ઉંમર કરતાં નાના દેખાવાની તકલીફો મારે સહન કરવી પડે છે. અમારા ધંધામાં તો બે-ચાર સફેદ વાળ હોય તો લોકો તમારા પર ઝાઝો વિશ્વાસ મૂકે..."

જો કે આઈ.ટી.આઈ. મદ્રાસના પ્રોફેસર અશોક ઝુનઝુનવાલાને સલોનીના અનુભવ કે ઉંમર સાથે નિસ્બત ન હતી. ત્રેવીસ વર્ષની છોકરીના ગાંડપણને સમજીને તેમણે તેને પડકર ઉઠાવી લેવા કટિબદ્ધ કરી.

આ પડકાર એટલે સમાજ પ્રત્યેની જવાબદારીની પ્રતિબદ્ધતા સાથેનો ધંધો શરૂ કરવો. સલોનીને બે વાર નિષ્ફળતા મળી પરંતુ કરોળિયાની જેમ તેણે પ્રયત્નો ચાલુ રાખ્યા અને ત્રીજીવાર જે સફળતા મળી તેનું નામ દેસી-ક્રૂ.

આજે તો આ કંપની સ્વ-સંચાલિત, નકો રળતી, ગ્રામ્ય બી.પી.ઓ . (બૅક પ્રોસેસ આઉટસોર્સિંગ) કંપની છે. ગામડામાં રહેતી, ભણેલી પ્રજાને શહેર તરફ દોડાવ્યા વગર, તેમના વતનમાં જ આવક રળવાની તક "દેસી-ક્રૂ"" આપે છે. ભારતનાં કીડિયારાંની માફક ઉભરાતાં શહેરોમાં ઠલવાવાને બદલે પોતપોતાનાં ગામના ઘરમાં, સ્વચ્છ-સાત્વિક વાતાવરણમાં રહીને આ યુવાનો માથું ઊંચું રાખીને જીવી શકે તેટલી આવક કમાઈ લે છે.

તમને જાણીને નવાઈ લાગશે કે આ આઇડિયા એક એવી કન્યાનો છે, કે જેણે બાપ જન્મારામાં ગામડું જોયું ય ન હતું!! એણે શમણું જોયું અને દિલ્હીથી નીકળીને તામિલનાડુના ધૂળિયા રસ્તે ચાલી નીકળી.

ખરેખર, સ્વપ્ન માનવીને વણચાતર્યા ચીલા ચાતરવાની હિમત આપે છે.

હાલોને આપણાં મલકમાં

સલોની મલ્હોત્રા
'દેસી ક્રૂ'

સલોનીનો જન્મ અને ઉછેર દિલ્હીમાં થયો. માતા-પિતા બંને ડૉક્ટર. પિતા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ (11105) માં પ્રૉફેસર અને મમ્મી ડૉક્ટર તરીકે પ્રાઈવેટ પ્રેક્ટિસ કરે. જો કે સલોનીએ માતા-પિતાના વ્યવસાયમાં જવાને બદલે એન્જિતિયરિંગમાં જવાનું પસંદ ક્યું અને પૂનાની ભારતી વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો .

"ભણવા કરતાં મને ઈતરપ્રવૃત્તિમાં વધુ રસ હતો. હું 'લિયો' ક્લબમાં જોડાઈ જે લાયન્સ ક્લબનું મિનિવર્ઝન છે. લિયો ક્લબ દ્વારા હું ઘણી સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાઈ, પ્રગતિલક્ષી કાર્યો કર્યા. જે ક્લબની મેમ્બર તરીકે જોડાઈ હતી તેના પ્રેસિડેન્ટ તરીકે મારી વરણી થઈ. સાત મેમ્બર્સથી શરૂ થયેલ મંડળ હવે સાઠની સંખ્યાએ પહોચ્યું. અહીં કામ કરતાં કરતાં મને જ્ઞાન થઈ ગયું કે મને આવાં પ્રગતિલક્ષી, સામાજિક કાર્યોમાં વધુ રસ પડે છે. જેમાં ફંડ ભેગું કરવાનું હોય, છતાંય હિસાબો રાખીને ધંધા જેવું તંત્ર ચલાવવાનું મળે તો મજા પડે!

મન તો બધું ય થાય, પરંતુ યુવાન, નવા સિશાળિયા, બી.ટેક. થયેલ પર વિશ્વાસ કોણ મૂકે? મારાં માતા-પિતાએ આખી જિંદગી મહેનત કરીને ટીપે ટીપે બચત કરી હતી. તેમની પાસે જઈને હાથ લંબાવવાનુ મને યોગ્ય ન લાગ્યું. કયા મોઢે તેમને કહું, કે મને એન.જી.ઓ. શરૂ કરવા માટે રૂપિયા આપો. ઘણા વિચારને અંતે મેં "'વેબચટણી' નામની નાની કંપનીમાં નોકરી શરૂ કરી. મારે તો ધંધાનો અનુભવ લેવો હતો... યે અપના બિઝનેસ ચલાના હોતા ક્યા હૈ?

મેં "બિઝનેસ ડેવલપમેન્ટ' વિભાગમાં શરૂઆત કરી. જોકે મારાં માતા-પિતા મને રોજ કહ્યાં કરતાં, પોતાનો ધંધો શરૂ કરવો હોય તો ઝટ કર, નહીં તો એમ.બી.એ. કર. હું છ મહિના ઘેર બેસી રહી. એ ગાળામાં ક્યાંય સારાં પ્રવચનો હોય તો હું સાંભળવા જતી. એક કોન્ફરન્સમાં મેં પ્રોફેસર અશોક ઝુનઝુનવાલાને સાંભળ્યા. હું એમના વિચારોથી એટલી અભિભૂત થઈ ગઈ કે મેં ઘેર જઈને તરત જ મારી €.'. તેમને મોકલીને સ્વપરિચય આપી દીધો .

આ ૨૦૦૩ની વાત છે. હું ફક્ત ત્રેવીસ વર્ષની હતી. મેં અંદરખાને તેમના વિષે ઘણી માહિતી મેળવી લીધી હતી. ભારતમાં "સામાજિક દૃષ્ટિકોણ સહિતના બિઝનેસ" ના ક્ષેત્રે તેમણે પહેલ કરી હતી. મારા ઈ-મેલનો પ્રત્યુત્તર મળ્યો ત્યારે તો મારા આનંદનો પાર ન રહ્યો. હું તેમને 11, મદ્રાસ મળવા ઊપડી. મારા મગજમાં ધંધા વિષે જે આઈડિયા હતા, તે વિષે મેં તેમની સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. તેમણે મને નહીં નહીં તો હજાર સવાલ પૂછયા. મને લાગે છે કે મેં સંતોષકારક જવાબો આપ્યા હશે. બસ, મારા જીવનનું એ ટર્નિગ- પોઈંટ!

મારે ક્યાં શૂન્યમાંથી સર્જન કરવું હતું તે બાબતે હું ખૂબ સ્પષ્ટ હતી. ગ્રામ્ય, બિઝનેસ અને ટૅક્નોલૉજી - આ ત્રણ શૂન્યોને મારે જોડવાં હતાં. કેવી રીતે કરવું, ક્યાંથી શરૂ કરવું, કાંઈ જ સમજ ન હતી. પ્રોફેસરે મને કહ્યુ, "ગામડાંમાં જઈને કાંઈક વેચવા કરતાં ગામડાંઓમાં જ મૂડીનું રોકાણ કરીને નોકરીની તકો ઊભી થાય તેવું કાંઈક વિચારીએ. વિચાર તો ઉમદા હતો, પરંતુ ખેતીલાયક ચીજવસ્તુઓ સિવાય ગામડાંમાં બનેલી કઈ ચીજ વેચાય? હા, ખાદી-ગ્રામોદ્યોગ, ફેબ ઈન્ડિયા, લિજ્જત પાપડ વગેરે ઉદ્યોગો

ગ્રામ્ય કારીગરોને ઘેરબેઠાં રોજી રળવામાં મદદ કરે છે . પરંતુ એમાં કાંઈ નવું ન હતું. પડકાર ન હતો.

તામિલનાડુના ગામડાંઓમાં પણ મોટાભાગના લોકો કડકડાટ

અંગ્રેજી બોલે છે. તેથી જ મેં તામિલનાડુનાં ગામડાં પર

બી.પી.ઓ. બિઝનેસ શરૂ કરવાનો કળશ ઢોળ્યો.

શહેરોમાં એ અરસામાં 'આઉટસોર્સિંગ' ની ભારે બોલબાલા હતી. ગામડાંઓ અને નાનાં શહેરોમાંથી ભણેલી પ્રજા નોકરીની શોધમાં શહેરોમાં આવીને, બસ્તીઓમાં પશુથી પણ બદતર હાલતમાં દિવસો ટૂંકા કરી રહી હતી. શહેરો પર પણ ભારણ આવતું. પાણી, ગટર, વીજળી, રસ્તા, ગંદકી, રોગચાળો ... કેટકેટલા પ્રશ્નો! આનો શો ઉપાય કરી શકાય? ગ્રામ્ય પ્રજાશક્તિ અને સંદેશાવ્યવહારની તકનિકોનો હોંશિયારીથી ઉપયોગ કરીને ગામડાંઓમાં જ રોજગારી ઊભી કરી શકાય?

પ્રોફેસર ઝુનરઝુનવાલાને મારો વિચાર ગમી ગયો. મને કહે, હુ તને મારી ઓફિસમાંથી કામ કરવા દઈશ. તું મારો ફોન-ફેક્સ- કૉમ્પ્યુટર પણ વાપરજે. અમે આમાંના ઘણાં ગામોમાં વિકાસલક્ષી કામો હાલમાં કરી રહ્યાં છીએ તેથી અમારી માહિતી, ડેટા બધું જ તને કામમાં આવશે."

જો કે એક શરત હતી -

"મેં બે વર્ષ મહેનત કરી છે. હવે તું બે વર્ષ પછી હીરો ઘોઘે જઈ આવે તેમ મારી પાસે એક પેપર લઈને પાછી ન આવતી... કે સર, 'ધીસ કાન્ટ બી ડન' - મારે તો જીવતી-જાગતી કંપની જોઈએ છે."

હું તો તૈયાર જ હતી. મેં કહ્યું, "સર, હું તો દિલ્હીથી ચેન્નાઈ આવી ત્યારે બેંગબિસ્રા લઈને જ આવી છું. હવે તો અઠે દ્વારકા! પાછા જાય તે બીજા!"

સર કહે, "બસ ત્યારે કરો કંકુના! કાલથી જ મંડી પડો ."

એ દિવસ પછી હું દિલ્હી પાછી જ ન ગઈ. મેં દક્ષિણ ભારતનાં ગામોમાં ફરવાનું શરૂ કર્યું. નિતનવા લોકોને મળું, ભાષા સમજવાનો પ્રયત્ન કરું, રીત-રિવાજો સમજું. આ ગાળામાં જ તામિલનાડુના પૂર્વકિનારે સુનામી ત્રાટક્યું. ભારે વિનાશ વેરાયો. જાન્યુઆરી, ૨૦૦૪માં જ મેં કામ શરૂ કરી દીધું.

હું જયારે દિલ્હીથી પૂના ભણવા ગઈ હતી ત્યારે એન્જિનિયરિંગની મારી હોસ્ટેલમાં હું મહારાષ્ટ્રના સાંગલી તાલુકાની એક ગ્રામ્ય વિદ્યાર્થીનીને મળી હતી. તેણે કૉમ્પ્યૂટર એન્જિસિયરિંગમાં પ્રવેશ મેળવ્યો હતો. એ એટલી તો ખુશ હતી કે હવે તેની આખી લાઈફ બદલાઈ જશે! એને માટે કોમ્પ્યૂટર ફક્ત એક ઈલેક્ટ્રોનિક સાધન ન હતું, વૈભવશાળી જીવનમાં પ્રવેશ કરવાનો પાસપોર્ટ હતો .

ઉધોગસાહસિકતા માટે ફક્ત "ગ્રેટ આઈડિયા' પૂરતો નથી. આઈડિયા તો બીજ છે. તેને ખાતર-પાણીની જરૂર પડે છે. ।1 એ મારા વિચારને આગળ વધવા માટે ખાતર-પાણી ઉપરાંત પ્રકાશ (જ્ઞાન) પણ પુરાં પાડ્યાં. વળી, "સાહેબે? થોડું સ્ટાઈપેન્ડના રૂપમાં મહેનતાણું પણ દર મહિને આપવાનું પણ નક્કી ક્યું એટલે મારાં માતા-પિતા ખુશ થયાં, કે ચાલો દીકરી 111 મદ્રાસમાં કામ કરે છે.

હવે તો ।।1 મદ્રાસમાં રૂરલ ટૅક્નોલૉજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર' (ર181) નામનું આવું આખું સેન્ટર જ ધમધમે છે, જયાં ગ્રામ્ય વિકાસ આધારિત ઘણાં સારા પ્રોજેક્ટ્સને પોષણ મળે છે પરંતુ એ વખતે આવું કાંઈ હતું નહીં. મારો પહેલો પ્રોજેક્ટ એક વર્ષમાં ફ્લૉપ ગયો. એ પ્રોજેક્ટ કાંઈક આવો હતો - ટેલિફોન બૂથ જેવાં "કિઓસ્ક' (થાણાં) ગામે ગામ હોય. એ થાણા પર શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી સેવાઓ

મળે. કર્ણાટક, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં આ અંગેના પ્રયોગો ચાલુ જ હતા. આમ તો આપણા આખા દેશમાં ૭૦૦૦ થી ૮૦૦૦ આવાં થાણાં છે જ. તકલીફ એ છે કે દિવસમાં આઠથી દસ કલાક ત્યાં મૂકેલાં કમ્પ્યૂટરો નવરાં હોય છે . કેટલો ભયંકર બગાડ! સમય અને શક્તિનો! મારો આઈડિયા સરળ હતો. આ થાણાં પર જ લોકોને કામે લગાડી દેવાં. આને માટે મેં ‘nLogue’ નામની કંપનીની મદદ લીધી. આ કંપની IIT મદ્રાસના કૅમ્પસથી જ શરૂ થઈ હતી અને તેમણે આવાં ૩૦૦૦ કિઓસ્ક બનાવ્યાં હતાં.

અમે પ્રથમ પ્રોજેક્ટ માટે પંદર સ્થળો શોર્ટલિસ્ટ કર્યા અને હું કામ શોધવા નીકળી. ડી.ટી.પી., ફોર્મેટિંગ, ડેટાએન્ટ્રી જે કામ મળે તે! મારા થોડા ઓળખીતા-પારખીતાઓએ તથા 111 માંથી પાસ થઈને કંપનીઓ ચલાવતા હતા તેવા મિત્રોએ કામ આપ્યું ખરું, પણ એમાં મહેનતના પ્રમાણમાં મળતર ન હતું. બહુ બહુ તો દસ-પંદર થાણાંઓ ધમધમતાં રહી શકે તેટલુ કામ મળતું, પરંતુ મને એક સત્ય સમજાયું... ગામડાંઓમાં ભણેલા લોકો ઘણાં છે! તેમને સારી નોકરી ગામડાંમાં મળે તો તેઓ વતનમાં રહેવા તૈયાર છે . બધાંને શહેર ભણી દોટ નથી માંડવી. બસ, ધંધો સારો જોઈએ. .

ખૂબ મનોમંથનને અંતે મને સમજાયું કે, ઘરમેળે કામ કરવામાં ગામડાના લોકો શિસ્ત પાળી શકતા નથી. નિયમિતતા ગુમાવે છે તથા તેમનાં ઘરોમાં વ્યવસ્થિત બેસવાની જગ્યા પણ હોતી નથી. આના નિરાકરણરૂપે એક જગ્યામાં ચારથી પાંચ કૉમ્પ્યૂટર્સ મૂકીને નાનાં નાનાં ગ્રૂપ સાથે જ કામ કરી શકે તેવી સગવડ ઊભી કરવાનું મેં મુનાસિબ સમજયું .

૨૦૦૭ના ફેબ્રુઆરીમાં દેસી-ક્રૂ સોલ્યુશન્સ પ્રા. લિ.' કંપનીનું વિધિવત રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું . શરૂઆત દસ સ્થળે કરવામાં આવી. મોટાભાગનાં સ્થળો ફ્રેંચાઈસી (શાખાધારક)ને ચલાવવા આપી દેવાં તેવુ નક્કી કર્યું હતું, પરંતુ તેમાં ઘણા પ્રૉબ્લેમ્સ નડ્યા. નવાં કૉમ્પ્યૂટર્સ મોંઘા પડે, તેથી જે તે શાખા ચલાવનાર જૂના ડબ્બા જેવાં કમ્પ્યૂટરો ઠઠાડી દે. તેમાં પુષ્કળ વાઈરસ હોય. તેથી અમે સીપીયુ, યુપીએસ તથા ઓરિજિનલ સોફ્ટવેર શાખાધારકને સપ્લાય કરીએ છીએ.

શાખાના કર્મચારીઓને કેટલો પગાર આપવો તે ફ્રેન્ચાસી જ નક્કી કરે છે પરંતુ તેણે શ્રમ અંગેના બધા જ કાયદાઓનું ચોકસાઈથી પાલન કરવું પડે છે. પ્રોવિડંડ ફંડ, ઈ.એસ.આઈ., વગેરે... જો કે, આમાં ય ઘણાં વિઘ્નો આવ્યાં. શાખાધારક ધંધામાં ક્યારે ઠરે? સિયમિત આવકની ગેરંટી હોય ત્યારે જ, ખરું ને? અને ગ્રાહક ક્યારે કામ આપે? વ્યવસ્થિત ઓફિસ, સ્ટાફ અને માળખાકીય સગવડો જુએ ત્યારે જ. અહીં તો પરિસ્થિતિ પહેલાં મરઘી કે પહેલાં ઈંડું જેવી હતી. અમને એમ કે ગ્રાહક પકડી લાવીશું તો કામ મળશે , કમાઈશુ તો ઓંફિસ ટનાટન બનાવીશું અને ગ્રાહકને એમ થાય કે

અમારે માટે નફાનું મહત્ત્વ તો છે જ.

નફો એટલે અમારી કાર્યકુશળતા માપવાનું સાધન.

'સબસલામત'ની પારાશીશી.

આવા મુફલિસોને કામ કેમ અપાય? વળી, બી.પી.ઓ.. ક્ષેત્રે નફાનો માર્જિન પાતળો હોય છે. હવે અમારી કંપની પ્રાઈવેટ લિમિટેડ હતી, સંસ્થા નહીં. તેથી આછાપાતળા નફાવાળાં કામો ય ન લેવાય. અરે, એકવાર તો હું મારી શાખાની મુલાકાતે ગઈ ત્યારે ત્યાંના માલિકે ઓફિસમાં લાઈટ-પંખા જ બંધ કરી દીધા હતા. વીજળીનું બીલ બચાવવા માટે કર્મચારીઓને અંધારામાં બેસાડયા હતા.

આ બધું જોયા પછી મેં નક્કી કર્યું કે, “દેસી ક્રૂ' ની ઓફિસો બનાવવી પડશે. અમે અમારાં ચાર

શાખાધારકોને વિશ્વાસમાં લઈને તેમની જ શાખાઓ ખરીદી લઈને ત્યાં સુવિધાપૂર્ણ ઓફિસો બનાવવાનુ નક્કી કર્યું. દરેક શાખામાં ચોખ્ખો કોન્ફરન્સ રૂમ, ડાઈનિંગ રૂમ, બાથરૂમ તથા જનરેટર સેટ મૂકવામાં આવ્યાં. જે શાખા અમે ત્રણ કમ્પ્યૂટર્સથી શરૂ કરી હતી, ત્યાં અત્યારે પાંસઠની ક્ષમતા છે! આ યુનિટ કોઈમ્બતૂર નજીક પલ્લદમ નામના ગામમાં છે. ગામની વસ્તી ૫૦,૦૦૦ની છે.

વિકાસની ગતિ દરેક સ્થળે અલગ હતી. અમે દસ હજારની વસ્તી ધરાવતા બે પંચાયતનાં ગામોમાં અને તેનાથી પણ નાનાં ગામોમાં બે સેન્ટર્સ શરૂ કર્યા હતાં. એમાં પણ કામ મળતું હતું. ૨૦૦૭માં કંપનીને ત્રણ વર્ષ પૂરાં થયાં ."

"સલોની, ચડતી-પડતી દરમિયાન તમે કેવી રીતે ટકી રહ્યા?" મેં પૂછયું .

"IIT તરફથી મને પ્રોજેક્ટ શરૂ કરવા માટે પાંચ લાખ શરૂઆતમાં જ મળ્યા હતા. તેમાં મેં મારી બચત ઉમેરી. મેં ક્યારેય ખોટ કરી જ નથી. હા, નફાને વધુ સારી સગવડો ઊભી કરવામાં રિ-ઇન્વેસ્ટ કર્યો છે. ૨૦૦૮ માં અમને અમારા પ્રથમ 'રોકાણકાર' મળ્યા. 'ઓનમોબાઈઈલ'ના સી.ઓ.ઓ.. રાજીવ કુચ્ચલ ઘણા વખતથી મારા

IIT (મદ્રાસ)ના ઈન્ક્યુબેશન સેન્ટરથી અમે શરૂઆત કરી હોવાથી

ઈન્ક્યૂબેટરમાં રાખેલ બાળકને જે સાર-સગવડ, સંભાળ મળે તેવાં જ

અમને મળ્યાં. બધાં અમને લાડ લડાવતા...

"નિષ્ફળતાની બીક રાખ્યા વગર મહેનત કરે રાખો. એમાંથી ય ઘણું

શીખવા મળશે." આનાથી અમારી હિંમત વધતી.

પ્રયત્નો સાક્ષીભાવે જોઈ રહ્યા હતા. તેમની પાસે ઘણાં રૂપિયા હતા તથા તે સમાજસેવા ક્ષેત્રે નાણાં વાપરવા ઈચ્છતા હતા. તેમણે ખુદની સંસ્થા પણ શરૂ કરી હતી. "દેસી-ક્રૂ' નું કામ એમને પસંદ આવ્યુ.

'દેસી-ક્રૂ' બીજી બી.પી.ઓ . કંપનીઓ જેવી હાઈ-ટેક કંપની નથી. અમારાં મુખ્ય કામો હાઇ-ટૅક નહીં, પણ હાઈ-વૉલ્યુમ હોય છે. જેમકે વીમાની કંપનીઓના કે પબ્લિક પ્રોવિડંડ ફંડના નામ- સરનામાંની ડેટાએન્ટ્રી, બેન્કો કે સંસ્થાઓના રેકોર્ડ્ઝની સાચવણી , કોઈક કંપનીના ડેટાની ચકાસણી, લોકલ મોબાઈલ સર્ચ એન્જિનની તપાસ, મેડિકલ ટ્રાન્સસ્ક્રીપ્શન, અનુવાદ, વગેરે.

હાલમાં ચોપડે ૨૫૦ કર્મચારીઓ છે. જેમાં બે બિઝનેસ હેડ તથા બાર પ્રૉજેક્ટર મૅનેજર્સનો સમાવેશ થાય છે. તમને સવાલ થશે જ, કે આમાં સેવા કે સમાજ-સુધારવાનું પાસું ક્યાં આવ્યું? તો સમજાવું... અમે 111 ના ડિપ્લોમા હૉલ્ડર્સને તથા ગ્રૅજ્યુએટ્સને નોકરીએ રાખીએ છીએ. આમાંના મોટાભાગનાં શહેરોમાંથી વતન તરફ પાછા વળેલા છે અથવા તેમણે વતનમાં રહીને જ કામ કરવાનું સ્વીકારીને શહેરો તરફ દોટ નથી માંડી. આ બધાંને પગારો પણ સારા મળે છે. ગામડાંમાં રહેવું એટલે ઓછા પગારે રહેવુ તેવું નથી. ટ્રેઈનીને (જેઓ ક્રૂ-મેટ્સ તરીકે ઓળખાય છે) ૫૦૦૦- ૪૬૦૦૦ નો પગાર અને ૨૦૦૦ જેટલાં ભથ્થાં મળે છે. ગ્રાહકને પણ વ્યાજબી દામે જોબવર્ક કરાવ્યાનો ફાયદો મળે છે.

અમારે ભાડાનો રૂપિયાનો ય ખર્ચ નથી. ટ્રાન્સપોર્ટ પાછળ પણ ખર્ચ નથી. ખાવાનું સસ્તું મળે છે. આમ, વધારાના ઉપરના ખર્ચ ઓછા છે. વળી, શહેરની બી.પી.ઓ. કંપનીઓમાં 'ઍટ્રિશન રેટ' ખૂબ ઊંચો છે. સો-બસો રૂપિયા વધુ મળતા હોય તો ય કર્મચારી નોકરી છોડી દે છે. આમ, ૬૨ વર્ષે કંપની નવા કર્મચારીઓની શોધમાં લાખો રૂપિયા બરબાદ કરી દે છે. અમારે ગામડાંઓની કંપનીને કર્મચારીઓ

ગુમાવવાનો ભય નથી હોતો. અમારો ૭૦% કર્મચારીગણ તો સ્ીઓ છે. જોકે હમણાંથી જે નવા પ્રોજેક્ટ મળે છે તેમાં નાઈટ-શિફ્ટમાં પણ કામ કરવું પડે છે . તેથી અમે ઘણાં પુરુષ કર્મચારીઓની ભરતી કરી છે. ૨૦૦૮ માં અમે રાજસ્થાન ગવર્નમેન્ટનો એક મોટો પ્રોજેક્ટ પૂરો કર્યો છે.

ગવર્નમેન્ટે એક સ્કિમ મૂકી હતી જેમાં આખા રાજયના પ્રત્યેક બી.પી.એલ. (Below Poverty Line) કુટુંબને બેન્કનું ખાતું, આરોગ્ય વીમો અને ૧૫૦૦/- રૂા. રોકડાની વહેંચણી કરવાની હતી. શરત એ જ કે કુટુંબમાં જે સ્રી સભ્ય હોય, તેને જ આ લાભ મળે. આપણા દેશમાં સ્ત્રીઓની સંખ્યાના કોઈ વ્યવસ્થિત આંકડા જ નથી મળતા તેથી સરકારે આ કામ અમને સોંપ્યું. અમારી કંપની માટે આ એક જબરદસ્ત પડકાર હતો. ગામેગામ ફરીને ૪૦૦ થી ૫૦૦ ડિગ્રી ગરમીમાં ને માઈનસ-૪૬૦ ઠંડીમાં ફોર્મ ભરાવવાં, સહીઓ લેવી, ડેટા ભેગો કરીને ડિજિટાઈઝ કરવો, અલગ પાડવો અને વિવિધ બેન્કોને આ માહિતી પહોચાડવી તથા સ્માર્ટ કાર્ડઝ બનાવતી કંપનીઓને માહિતગાર કરવી.. અમે આ બધું કામ ફક્ત બે મહિનામાં પતાવ્યું! પંદરસો કર્મચારીઓની રાતોરાત ભરતી કરી!

ગયા વર્ષ સુધી અમારા પ્રોજેક્ટ મેનેજર્સ ચેન્નાઈ, બેંગ્લોર કે મુબઈમાં રહેતા હતા, પરંતુ હવે તેઓ પણ ગામડામાં જ સાઈટ ઉપર રહે છે. હમણાં એક રિટાયર્ડ આર્મી ઑફિસર પણ અમારી કંપનીમાં જોડાયા છે . હેડ ઓફિસ ચેન્નાઈમાં છે અને અમારી અલગ- અલગ ટીમ વિવિધ પ્રોજેક્ટ સાઈટ પર ટ્રેઈનગ અને મોનિટરિંગ માટે ફરતી રહે છે. દર મહિને દરૈક ટીમલિડરે ઓછામાં ઓછું એકવાર હેડ-ઓફિસ આવવું પડે છે.

અત્યારે અમારા આઠ ક્લાયન્ટ્સ અમને નિયમિત કામો આપે છે. એમાંથી એક જાણીતી ઈન્શ્યોરન્સ કંપની છે . “ઈકોનોમિક ટાઈમ્સ' પેપરમાં અમારી કંપની વિષે લેખ આવ્યો પછી અમને સામેથી બોલાવીને એમણે કામ આપ્યું. અમારા ગ્રાહકોનાં અમે નામ નથી આપી શકતા, પરંતુ એક ખૂબ જાણીતી ઈન્ટરનેટ કંપનીના સી.ઈ.ઓ. IIT મદ્રાસની મુલાકાતે ગયા હતા. ત્યાંથી તેમને “દેસી- ક્રૂ' વિષે માહિતી મળી . પહેલાં તેમણે અમને એક-બે નાન પ્રૉજેક્ટ આપ્યા. હવે નિયમિત કામ મળે છે.

'દેસી-ક્ર' માંડલ તરીકે સફળ છે, તેનું કારણ કહું? અમારી સફળતા જોઈને ઘણાંએ ગ્રામ્ય બી.પી.ઓ. કંપનીઓ શરૂ કરી છે. વળી, મોટાભાગની આંતરરાષ્ટ્રીય કંપનીઓને પણ હવે ભારતીય ગ્રાહકો વગર ચાલે તેમ નથી. વિદેશી કંપનીઓ કરતાં ભારતીય કંપનીઓ ત્રીજા ભાગની કિંમતે આ કામ કરી આપે છે. મને તો લાગે છે કે તાતા, ઈન્ફોસીસ, વિપ્રો અને આદિત્ય બિરલા જેવી કંપનીઓ જે અત્યારે અમારા મોંડલનુ અનુકરણ કરૈ છે, તે ભવિષ્યમાં તેમનુ આઉટસોર્સ્ડ કામ અમને આપશે જ. અમે તો કોઈપણ કામ લેવા તૈયાર જ છીએ . ગામડાંઓમાં રોજગારી ઊભી થતી હોય તેવી એક પણ તક હું જતી નહીં કરૂં.

તમને સવાલ થતો જ હશે, કે આવી 'ગામડિયા' કંપનીઓમાં કામ કરવા ક્યો ભણેલો, ફૉરેન-રિટર્ન માણસ આવતો હશે? પણ સામાજિક જવાબદારી અદા કરવાનુ , સમાજનું ત્કણ ચૂકવવાનું અને વતન માટે કાંઈક કરી છૂટવાનું મળતું હોય તો ભલભલા ભેજાબાજો ને ભણેશ્રીઓ પલળી જાય છે. “સમાજસેવા! રૂપી ઓઈલ જ “દેસી- ક્ૂ'ના ઍન્જિને ધમધમતું રાખે છે.

અમારા પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ. મનીવન્નન અહીં જોડાયા તે પહેલાં 'સત્યમ'“ના ગ્રામ્ય બી.પી.ઓ. “ગ્રામઆઈટી'માં હતા. અમારી ટીમના બે અન્ય સિસિયર સભ્યોમાંથી અશ્વંત યુ.કે.થી પરત આવેલ છે, થીરૂ પોતે જ ઉધોગસાહસિક હતા. આ બધાંને બીજે ઘણા તગડા પગારો મળી શક્યા હોત, પરંતુ 'દેસી-ક્ર'ની વાત જ અલગ છે.

એકવાર એક ઈન્સ્યોરન્સ કંપનીએ અમને મુંબઈમાં સો કર્મચારીઓની ઓફિસ ઊભી કરવાનું સૂચન કર્યું હતુ. અમે એ કામ રાજીખુશીથી જવા દીધું , કેમકે એમાં ગામડાંઓમાં રોજગારી ઊભી કરવાનુ અમારી કંપનીનું મૂળ તત્ત્વ જ માર્યું જાય. બીજા એક કિસ્સામાં એક ઈન્ટરનેટ કંપનીએ અમને અમુક સર્ચ એન્જિન પરથી લોકો શું શોધે છે તેનું ક્લાસિફિકેશન કરવાનું કામ સોંપ્યું હતું જે અમે નકારી કાઢ્યું, કેમકે તેમાં અમારા કર્મચારીઓએ. ઈન્ટરનેટ પરથી ઘણી પોર્નોગ્રાફિક સાઈટ્સ અને સાહિત્ય કેંદવુ પડે તેમ હતું. આ કામ અમે લીધું હોત તો કંપનીની કર્મચારી સંખ્યામાં ત્રણસો માણસોનો સીધો વધારો થાત અને કંપનીની પ્રગતિમાં હરણફાળ ભરાત પરંતુ મૂલ્યોનું ધોવાણ થઈ જાત!

આજે તો 'દેસી-ક્ર' એક “સક્સેસ સ્ટોરી' છે. આઈ.આઈ.ટી. (શેન્નાઈ)નું કાચની પેટીમાં રાખીને જતનપુર્વક ઉછેરેલું પ્રથમ બાળક! આજે તો એ બાળકને ય બચ્ચાં આવ્યાં હોય તેમ બાર જેટલી નાની-નાની કંપનીઓ એ જ ઈન્ક્યુબેટરમાં ઊછરી રહી છે. એ કાચની પેટીને નામ અપાયું છે રૂરલ ટૅક્નોલૉજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર' RTBI-અમારી કંપનીની સમાજ પરની અસર માપવાની કોઈ પારાશીશી તો નથી જ પરંતુ ગામોમાં લોકોની ખરીદશક્તિ વધી છે. “કોલુર' નામના ગામમાં અમારા પચીસ માણસો કામ કરે છે. બધાંને મહિને પાંચ હજાર મળે છે. વળી, એ ગામ હવે બ્રોન્ડબૅન્ડ કનેક્ટિવિટી ધરાવતું હોવાથી વિશ્વભરના સમાચારો , ખેતપેદાશોના ભાવો તથા બૉ લિવૂડ સાથે સતત સંપર્કમાં રહી શકે છે. કેટલીય દીકરીઓનાં માતા-પિતા મને મળવા આવે છે અને કહે છે, “બહેન, તમે ગામમાં આ કંપની ના કાઢી હોત, અમારી દીકરિયું તો ઘેર જ બેઠી હોત! હવે તો બેન કેવી હુશિયાર થઈ ગઈ છે! ઓણસાલ એનાં લગન લેવાં છે, તે બૅન્કમાં ખાતું ખોલાઈને પૈહા ભેગા કરે છે, ને એના બાપાને કે, “અદા, મારા લગનની ચિંતા તમે છોડી દેજો .” બેન, હમણાં તો ઈંગ્લિસનો પેલો ટપાલનો કોર્સ મંગાયો છે ને રોજ રાતે ભણે સે!”

બસ, મૈંને જો સોચા, વહી હુઆ! ભારતનાં ગામડાંઓમાં તક ઊભી થઈ, કમાણી વધી, લોકોનો આત્મવિશ્વાસ વધ્યો. કેટકેટલી તકલીફો પડી! અરે એકવાર તો અમારો જ એક શાખાધારક અમારાં બધાં કોમ્પ્યૂટર્સ, સાધનો અને ગ્રાહકનો ઓર્ડર લઈને છૂ થઈ ગયો! મારે એને માટે પોલીસ સ્ટેશનના ય ધક્કા ખાવા પડયા હતા! એ વખતે તો હું ખરેખર નાસીપાસ થઈ ગઈ હતી, કે આ બધું હું કોને માટે કરું છું?!

હા, મારાં માતા-પિતા ખૂબ જ સહકાર આપે છે. મારા પર લગ્ન કરીને ઠરીઠામ થઈ જવાનુ દબાણ નથી કરતા.

ખરેખર, સલોનીની ઓફિસમાંથી વિદાય થતાં થતાં હું પણ એ જ વિચારી રહી છું... આવા સમજુ માતા-પિતા ભારતની બધી દીકરીઓને મળે તો આ દેશમાં ઘણી- બધી સલોનીઓ પેદા થાય.

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

મારા અનુભવે હું તો સૌથી પહેલી અને અગત્યની એક જ સલાહ આપીશ : “લગે રહો'.

અમને કંપની સેટ કરતાં પાંચ વર્ષ થયાં. હવે આછો-પાતળો નફો થાય છે, પરંતુ ખાડા-ટેકરા અને કંટકભર્યા માર્ગ પર ચાલવાની તૈયારી આજે ય રાખવી જ પડે છે.

હા, ધંધો કરવો હોય કે સેવા કરવી હોય, અધડ્ૂકિયુ નહીં ચાલે. સો ટકા ખૂંપવાની તૈયારી હોય તો જ

સાહસ કરજો . ધંધો શરૂ કરો ત્યારે નોકરી ચાલુ રાખવી હોય તો ય વાંધો નથી, પરંતુ જે કરવા ઇચ્છતા હો તેમાં તન-મન-ધનથી સ્વાર્પણની તૈયારી રાખવી પડશે . શરૂઆતમાં હું પણ જયારે સ્પષ્ટ ન હતી ત્યારે બે અલગ-અલગ બે- ત્રણ કંપનીઓમાં અને સંસ્થાઓમાં કામ કયું હતુ.

કોઈપણ કંપનીમાં તમે તમારું ગમતું કામ કરી શકો! આપણી આસપાસ નજર નાખીએ તો એટલું બધું કામ હોય છે કે દિવસ- રાત ઓછા પડે. બસ મહેનત કરવાની તૈયારી જોઈએ.

મારી જ વાત કરું તો, હું જ્યારે દિલ્હોની "વેબચટની' નામની કંપનીમાં કામ કરતી, ત્યારે અમારે દિવસના ૧૮ થી ૨૦ કલાક કામ કરવું પડતુ! આમ કામ તો કરવું જ પડે અને કામ કામને શીખવે!



મેરા ભારત મહાન

ઈશિતા ખન્ના
'સ્પિતિ ઈકોસ્ફિયર'

ચૂલબૂલી યુવાન અને પર્યાવરણના રક્ષણને સર્માિપત ઈ[શેતા માને છે કે, પ્રગતિ અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુઓ છે, "ઇડી સ્ફિયર દ્વારા" તે પર્યાવરણનું રક્ષણ થઈ શકે તથા પહાડી લોકોને રીજી પણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરે છે. હાલમાં તે પર્યાવરણલક્ષી પ્રવાસન તથા ફળોને પ્રોસેસ કરવાના ઉદ્યોગ દ્વારા પહાડી પ્રજાને પોતાના આ કુદરતી વારસાનું સંવર્ધન કરતા શીખવી રહ્યાં છે.

જ્યારે જ્યારે હું પર્વતોમાં કુદરતના ખોળે ફરવા જાઉં છું ત્યારે હંમેશ વિચારું છું, કે અહીં જ કાયમ માટે રહેવાનું હોય તો ગમે? કેવું લાગે?

તેથી જ ઈશિતાને મળતાં જ હું અભિભૂત થઈ જાઉં છું. આ છોકરી લડાખ નજીકની "સ્પિતિ વૅલી'ના પ્રેમમાં પડી અને અહીં જ રહી પડી! જીના યહાં... મરના યહાં...

૨૦૦૨ થી અહીં "સ્પિતિ ઈકો સ્ફિયર' નામની એક સેવાકીય પ્રવૃત્તિની તેણે અહીં ધૂણી ધખાવી છે. પહાડી પ્રજાના જીવનનિર્વાહમાં મદદરૂપ થાય અને સાથેસાથે પ્રકૃતિનાં તત્ત્વોનું રક્ષણ પણ થાય તેવી સાપ મરે ય નહીં ને લાઠી ભાંગે ય નહીં તે પ્રકારે તેણે પ્રવૃત્તિઓ શરૂ કરી છે. મોટીમોટી ડિંગો હાંક્યા વગર નાનાં-નાનાં શમણાં સાકાર કરવામાં તે પડી છે.

દેખાવમાં તે નાજુક લાગે છે, પરંતુ તેણે દેખાડી દીધું છે કે જો ધારો તો પર્વતો ય ડોલી શકે! અને હા, એને માટે એરકંડીશન ઓફિસ, લૅપટોપ કે કનેક્ટિવિટીની જરૂર જ નથી. જે વાતાવરણમાં હો, ત્યાંથી જ મદદ મળે. દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિએ... પહાડમાં ઊગતા જંગલી બોરમાંથી ય આવક રળી શકાય, [મત અને આવડત હોય તો!

ભૂગોળ વિષય પ્રત્યે પારાવાર રુચિ ધરાવતી આ લોખંડી મનોબળવાળી નમણી છોકરીનો પર્વતપ્રેમ તેને ક્યાંથી ક્યાં લઈ ગયો તેની રસાળ કહાણી હવે વાંચો... તમે વાંચશો જ, મને ખાતરી છે, કેમકે આપણે પણ જયારે જયારે આબુ કે સિમલા જઈએ છીએ ત્યારે એકાદવાર તો વિચારીએ જ છીએ કે "મારું પણ એક ઘર અહીં હોય તો?" ...

મેરા ભારત મહાન

ઈશિતા ખન્ના
'સ્પિતિ ઈકોસ્ફિયર'

ઈઈશિતાનો જન્મ અને ઉછેર દહેરાદૂનમાં થયો. મોટાભાગનું સ્કૂલી શિક્ષણ "વૅલ્હામ ગર્લ્સ સ્કૂલ'માં થયું. પિતા મર્ચંટ નેવીમાં હતા તથા તેની મમ્મી હાઉસવાઈફ છે. "ભણવામાં મને ક્યારેય રસ ન હતો. આખા દિવસમાં રસ લઈને હું ફક્ત એક જ વિષય ભણતી- ભૂગોળ! નાની હતી ત્યારથી જ મને પર્યાવરણ, પશુ-પક્ષીઓ , જંગલો, રાની પશુઓ તથા કુદરતી તત્ત્વોના અભ્યાસમાં ખૂબ જ રસ પડતો . પપ્પા મર્ચંટ નેવીમાં હતા, બહારના બહાર હોય, તેથી મમ્મી અમને દર શનિ-રવિ કે વેકેશનમાં ટ્રેકિંગમાં લઈ જાય. સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા! ઓછા ખર્ચે અમે ખૂબ ખૂબ મજા કરતા. બે બહેનો અને મમ્મી ખાસ્સો એવો "ક્વૉલિટી ટાઈમ' સાથે ગાળતા.

આમ ને આમ મારો કુદરતમાં રસ એ કક્ષાએ પહોંચ્યો કે ગ્રેજ્યુએશન કરવા હું દિલ્હી યુનિવર્સિટી ગઈ ત્યારે મેં ભૂગોળને મારા મુખ્ય વિષય તરીકે પસંદ કર્યો. અરે, મને દિલ્હીની ખૂબ જ પ્રતિષિત સેંટ સ્ટિફન્સ કૉલેજમાં "ઈંગ્લિશ ઓનર્સ'માં પ્રવેશ મળતો હતો તે જતો કરીને મેં "ભૂગોળ' ભણવાનું નક્કી ર્ક્યું.

ગ્રૅજયુએશન પછી હું મુંબઈની અત્યંત જાણીતી "ટાટા ઈન્સ્ટીટ્યૂટ આકફ સોશિયલ સાયસત્સિઝ' (1155) મં "માસ્ટર્સ ઈન સોશિયૉલૉજી' કરવા ગઈ. મારો વિચાર તો "એન્વાયરમેન્ટ પ્લાસિંગ' ક્ષેત્રે આગળ ભણવાનો કે કામ કરવાનો હતો, પરંતુ 1155 માં અર્બન અને રૂરલ કૉમ્યુનિટી ડૅવલપમૅન્ટનો એક કોર્સ હતો જે મને ગમી ગયો. અમારે એમ.એ. માટે છેલ્લે જે પેપર લખવું પડતું (ડિઝર્ટેશન પેપર) તેને માટે મેં 'સોશિયો-કલ્ચરલ એન્ડ ઈકોલૉજિકલ ઈમ્પેક્ટ ઓંફ ટૂરિઝમ- અ કેસ સ્ટડી ઓંફ ગંગોત્રી'- એ વિષય પસંદ કર્યો. આ દેશમાંથી વર્ષે દહાડે લાખો લોકો ગંગોઃ2પની મુલાકાતે જાય છે. પર્યાવરણ પર તથા ત્યાંના સમાજજીવન પરની અસરો તપાસવાનો મારો મુખ્ય હેતુ હોવાથી મારે ઘણું ફિલ્ડવર્ક કરવું પડયું. હું અસંખ્ય યાત્રાળુઓને મળી, સાધુઓના ઈન્ટરવ્યૂ લીધા, ચોબાઓ અને ભજનિકોની પાછળ ફરી, મંદિરમાં બેઠેલી ટેમ્પલ કમિટીને મળી તથા ગંગોત્રીની ટૂરો ઉપાડનારા અસંખ્ય ટૂર ઓપરેટર્સને ય મળી. મારું તો મગજ બહેર મારી ગયું! અરે, આમ ને આમ ચાલશે તો આ વિસ્તારમાં એકે ઝાડ નહીં બચે, ઉકરડાના અને પ્લાસ્ટિકના ઢગલા ખડકાશે!

પાણી, ગટર તથા દુષિત પાણી અને કચરાના શિકાલનો અહીં પ્રાણપ્રશ્ન છે. લોકો આવ્યે જ જાય છે, નવી હોટેલો બંધાતી જ જાય છે અને માળખાકીય સુવિધાઓના નામે મીંડું છે. કોઈ જાતનુ પ્લાનિંગ નથી. ત્યાંની સ્થાનિક પ્રજા બિચારી-બાપડી , ગરીબ અને અભણ છે. ગણેલી છે પણ ભણેલી નથી તેથી તેમને કોઈ પૂછતું જ નથી. 'ગરીબકી જોરૂ સબકી ભાભી' એ ન્યાયે અહીં આડેધડ વિકાસ થયો છે.

એમ.એ. તો પતી ગયું. આગળ શું કરવું એ વિષે મેં ખાસ વિચાર્યું ન હતું. બસ, પર્યાવરણ ક્ષેત્રે કાંઈક કરવું હતું. તેથી મેં 'CAPART' નામની એક સંસ્થામાં નોકરી લીધી, જે વિવિધ N.G.O. ને નાણાંની તથા લોનની સગવડ પૂરી પાડતી હતી. મારે તો ભારતનાં ગામડાંઓમાં જ કામ કરવું હતું તેથી મેં હિમાચલ પ્રદેશમાં પો સ્ટિંગ માગ્યુ.

તેમણે મને સ્પિતિ ખીણમાં મોકલી. લડાખની પડોશમાં આવેલ આ પ્રદેશ જોતાં જ પ્રેમમાં પડી જવાય

તેવો રૂડો-રૂપાળો છે . માઈલોના માઈલો સુધી વ્યાપેલ અવર્ણનીય, અકથ્ય, અલૌ કિક, કુદરતી સૌંદર્ય! પ્રત્યેક સ્થળ એક પિક્ચર પોસ્ટકાર્ડની ગરજ સારે. શુ એ જગ્યા, શું ત્યાંની ભોળી પ્રજા ને શું અફાટ કુદરત! અંદરખાને હું ગભરાઈ ગઈ! આ પ્રદેશની પણ ટૂર ઓપરેટર્સ વલે નહીં કરી કાઢે ને? “લંડનમાં લાડવા, પેરિસમાં પાતરાં ને રોમમાં રસ-પૂરી' વાળી ગુજ્જુ ટૂરો આ પ્રદેશની ય ખો તો નહીં કાઢી દે ને?

મેં મનોમંથન આદર્યું. એવી કો'ક ચીજ તો હશે જ જેને કારણે આ પ્રદેશમાં આર્થિક [વિકાસ અને કુદરતી સૌંદર્યની જાળવણી સહઅસ્તિત્વ ધરાવી શકે? કોઈપણ પાયાના બદલાવના મૂળમાં આવો એક વિચારનો તણખો જ હોય છે . અહીં ઊગતા 'સિબકથોર્ન' નામનાં નાનકડાં કેસરી રંગના બોર પર મારી નજર ઠરી. ખૂબ ઊંચાઈવાળા વિસ્તારમાં, જ્યાં સૂકી આબોહવા હોય, ત્યાં આ જાતનાં બોર (berries) ઊગે છે. વિશ્વભરમાં બીજી કોઈપણ વનસ્પતિમાં આનાથી વધુ વિટામિન-સીની માત્રા નથી હોતી. વિટામિન-સીનો આ તદ્દન કુદરતી સ્રોત છે. આ વનસ્પતિ તો અહીં જંગલના ફૂલની જેમ આપોઆપ જ ઊગતો હતી અને તેના બજારમૂલ્યનું સ્થાનિક પ્રજાને ખાસ ભાન ન હતું. આ વનસ્પતિનો બીજો અને વધુ અગત્યનો ઉપયોગ જમીનનું ધોવાણ અટકાવવાનો હતો. તેનાં મૃળિયામાં જમીનને પાકાં પકડી લે છે, જમીનમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે છે અને પરિણામે ફળઠદ્દુપતા વધે છે .

મેં સરકાર સાથે લખાપટ્ટી શરૂ કરી. સરકારી બાબુઓએ સ્પષ્ટ જણાવી દીધું : જો બહેન, તું તો આજકાલની અહીં આવી છું. અમે દસ વરસથી આ અંગે સંશોધન કરીને બેઠાં છીએ.આ પ્રદેશમાં 'સિબકથૉર્ન' ની ખેતી શક્ય નથી. આવા કોઈ પ્રોજેક્ટમાં અમને મુદ્દલે ય રસ નથી.

અરે, સરકારી સાહેબો સમજતા કેમ નથી? મેં વિચાર્યું. જો પડોશમાં જ લડાખમાં અસંખ્ય પ્રાઈવેટ પાર્ટીઓ સૌબકર્થોર્નની વ્યાપારી ધોરણે ખેતી કરીને લાખો રળતી હોય, તો અહીં સ્પિતિ વેલીમાં પ્રયત્ન કરવામાં શો વાંધો છે? ૨૦૦૨માં મેં નોકરી છોડી. મારા બે મિત્રો પરીક્ષિત અને સુનીલ સાથે સ્પિતિ વેલીમાં “મ્યૂઝ' નામની સેવાકીય સંસ્થાની શરૂઆત કરી. જો કે ૨૦૦૩ના શિયાળામાં જ પરીક્ષિતનું એક ગોઝારા રોડ અકસ્માતમાં અવસાન થયું પરંતુ અમે હૈયા પર પથ્થર મૂકીને કામ ચાલુ રાખ્યું .

સૌથી પહેલું કામ મેં ત્યાંના રાજા નોનો સોનમ અંગ્દુઈનો વિશ્વાસ સંપાદન કરવાનું કર્યું. આ માણસ પાસે હવે કોઈ રાજકીય સત્તા નથી પરંતુ સ્થાનિક પ્રજા તેમને ભારોભાર માનની નજરે જુએ છે .

પર્વતો પાસેથી તમને ઘણું શીખવા મળે છે. કુદરતનું માણસ પર
સંપૂર્ણ આધિપત્ય છે. તેનો તમે સ્વીકાર કરો છો અને એ સત્યનું
ભાન થતાં જ તમે નમ્ર બતી જાઓ છો.

મુખ્ય કારણ એ છે કે, તેમને પોતાના પ્રદેશના વિકાસમાં અંગત રસ છે. તેઓ નવા વિચાર અને પ્રગતિના પથદર્શક છે, સ્થાનિક પ્રજા માટે કાંઈક કરી છૂટવા માગે છે. તેમણે સિબકથૉર્ન વિષે સાંભળ્યું હતું. તેથી અમને પૂરતી મદદ કરવાની તેમણે ખાતરી આપી.

મેં ત્યાંની સ્થાનિક સ્ત્રીઓનો સંપર્ક સાધ્યો. તેમને બોર વીણતા, ક્વૉલિટી પ્રમાણે છૂટાં પાડતાં અને સાફ કરતાં શીખવ્યું . કૉન્ટ્રાક્ટથી આવું કામ કરાવવું સસ્તું પડત, પરંતુ મારા મૂળ હેતુનો તેમાં ભોગ લેવાઈ જાત. મારે તો સ્થાનિક લોકોને બે પૈસા મળે , કામ મળે તથા અંતે તેમનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિ કરવી હતી. બોરમાંથી જે “બોરફૂટો' (૫૯૫) નીકળે, તેના વેચાણની હવે વ્યવસ્થા કરવાની હતી. તે માટે અમે “લેહ બૅરી' નામની કંપનીનો સંપર્ક કર્યો . તેમણે અમારો બધો જ માલ ખરીદી લેવાની ખાતરી આપતાં જ અમે નિશ્ચિત થઈને ફક્ત ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પહેલે જ વર્ષે બે ટન બોરકૂટો ભેગો થયો. બીજે વર્ષે ઉત્પાદન પાંચ ટને પહોંચ્યું. આ બોરને સપ્ટેમ્બર મહિનામાં ઉતારી, વીણી લેવાં પડે છે. બે જ અઠવાડિયામાં બધું સમેટી લેવું પડે, કેમકે પછી સખત ઠંડી શરૂ થઈ જાય. લગભગ આ ગાળામાં GTZ નામની એક જર્મન એજન્સીએ અમને નાનું પ્રોસેસિંગ યુનિટ નાખવા માટે મદદની ઓફર કરી. અમને તો લૉટરી લાગ્યા જેવો આનંદ થયો! હજી તો અમારી સંસ્થા કહો કે કંપની, બરોબર રજિસ્ટર પણ થઈ ન હતી એ પહેલાં જ સામેથી નાણાં મળવાની શરૂઆત?!

અમે પ્રપોઝલ બનાવી. જર્મન કંપનીએ અમને અગિયાર લાખ રૂપિયાની મદદ કરી. એ નાણાં અમે પલ્પ કાઢવા, પ્રોસેસ કરવા તથા પેકિંગ કરવાની મશીનરીમાં વાપર્યા. બેરલ, ક્રેટ, પલ્પર, પાવર જનરેટર્સ જેવાં સાધનો ખરીદવામાં નાણાં ક્યાં વપરાઈ ગયાં તેનો ખ્યાલ જ ન રહ્યો. તમે કોઈપણ ફ્રૂટ-જ્યૂસ બનાવતી ફેક્ટરી જોઈ હશે તો તમને અમારી ફેક્ટરીનો આછો અંદાજ આવી જશે. બોરને વીણવાં, સાફ કરવાં તથા જુદાં પાડવામાં મોટેભાગે સ્થાસિક સ્ત્રીઓની હવે હથોટી બેસી ગઈ હતી. દિવસના ૫૦૦ થી ૮૦૦ રૂપિયા તો તેઓ સહેજે કમાઈ લેતાં! ૨૦૦૮માં સીબકથોર્નના લણનારને કિલોના ૩૦/- નું મહેનતાણું મળતું. 'સ્પિતિ વૅલી' ના આશરે ત્રોસ ગામડાંઓનાં ૫૦૦ કુટુંબોના જીવનનિર્વાહનો આધાર આ પ્રવૃત્તિ જ છે.

આ બધું તો બરોબર, પણ આખો ધંધો એક જ ખરીદનાર પર આધારિત હતો એ પ્રાણપ્રશ્ન મને સતત મૂંઝવતો હતો. "લેહ બૅરી' કંપની સાથે ઊંચા ભાવ મેળવવા માટે મારે સતત ઝીંક ઝીલવી પડતી. તેથી ૨૦૦૪માં થાકી-કંટાળીને અમે અમારી ખુદનો બ્રાન્ડ Tsering ("સૅરિંગ') નામે શરૂ કરી.

શરૂઆતમાં થોડો નફો દેખાવા લાગ્યો. એવામાં મારું ધ્યાન બીજી એક બાબત પર ગયુ. ૧૯૯૦ સુધી ભારતીય લોકોને "સ્પિતિ વેલી" ફરવા જવું હોય તો પરમિશન લેવી પડતી. ૧૯૯૦માં સરકારે સ્પિતિને પ્રવાસન માટે ખુલ્લું મૂકી દીધું. ભારતનાં જાણીતાં હિલસ્ટેશનોની જેમ જ આ કુદરતી સૌંદર્યની ખાણને લોકો ઉસેટવા લાગ્યાં. આડેધડ વિકાસ, બિલાડીના ટોપની જેમ રાતોરાત ફૂટી નીકળેલ હોટેલો અને કોઈ જ પ્લાનિંગ નહીં! જે જગ્યાએ રાત્રે નાનું ઘર હોય, ત્યાં સવારે "ગેસ્ટ હાઉસ' નું પાટિયું લટકવા લાગે. ગટર, પાણીની કે ગંદકીના નિકાલની તો સગવડ હોય જ નહીં! વળી, પૈસાદાર વધુ પૈસાદાર થતો જાય, ને ગરીબ વધુ ગરીબ. અમે આ પરિસ્થિતિના સિરાકરણ માટે "ઈકો-ટૂરિઝમ' ક્ષેત્રે ઝંપલાવ્યું .

હવે પરિસ્થિતિ અહીં એવી હતી, કે દિલ્હી અને મનાલીમાં બેઠેલા તગડા ટૂર-ઑઓંપરેટર્સ અહીં ધાડેધાડાં મોકલતાં . ટૂરિસ્ટને સ્થાશિક સભ્યતા કે સંસ્કૃતિનો તો ખાસ પરિચય જ ન થાય. બહુ બહુ તો તેમને એકાદ મોનેસ્ટ્રી દૂરથી દેખાડી દેવામાં આવે! મને અંદરખાનેથી ખાતરી હતી કે ટૂરિસ્ટ કાંઈક અલગ જોવાની, કરવાની અને અનુભૂતિની આશાએ છેક સ્પિતિ સુધી લાંબો થતો હતો. અમે "હોમસ્ટે' નામની સ્કિમ શરૂ કરી. સ્થાસિક પ્રજાના ઘરમાં જ ટૂરિસ્ટ રહે, સંસ્કૃતિની અનુભૂતિ લે, તેમનો જ ખોરાક ખાય. એમાં સ્થાનિક લોકોને પણ ફાયદો થવાનો હતો . જેના ઘરમાં વધારાનો એકાદો ય રૂમ હોય તે પ્રવાસીને રાખી શકે.

"હોમસ્ટે' - "ભલે પધાયા" - સ્કિમ ઉપરાંત અમે સ્થાનિક યુવા પ્રજાને ડ્રાઈવિંગ, ટ્રેકિંગ વગેરેની ટ્રેઈનગ આપી. તેઓ ટૂર ગ્રુપને કૅમ્પમાં લઈ જાય, જીપ-સફારી કરાવે, અહીંના સૌંદર્ય તેમજ પશુપક્ષીનો નજારો દેખાડે તથા જરૂર પડે તો ફર્સ્ટએ9ઈડ પણ આપે. જો કોઈ પડે આખડે તો!

હું મોટેભાગે માર્કેટિંગ સંભાળું છું અને ઇન્ટરનેટના માધ્યમથી ઘણા પ્રવાસીઓ મળી રહે છે. ટ્રાવેલ એજન્સીઓ અને હોટેલો અમારી સફળતાથી ગભરાઈ ગયાં છે તેથી અમારે ખુદ જ અમારું માર્કેટિંગ

કરવું પડે છે. ગયે વર્ષે અમે ત્રીસ ગ્રૂપને સ્પિતિમાં ખેંચી લાવ્યાં . મોટાભગાના ગ્રુપ વિદેશી પ્રવાસીઓનાં હતાં. એમાંના ઘણાં તો અમારા પ્રોજેક્ટ પર સેવા કરવાની ભાવના પણ ધરાવે છે. અમે હવે સ્પિતિ વૅલીમાં શાકભાજી ઉગાડવાનાં "ગ્રીન હાઉસ' ઊભાં કર્યા છે, એ ઉપરાંત "એનર્જી ઓફિસિશિયન્ટ' ઘરો બનાવવામાં અમે મદદરૂપ થઈએ છીએ. અહીં સૂર્યની ઊર્જા વાપરવામાં આવે, તો વર્ષે દહાડે ૫૦ થી ૯૦% જેટલો લાકડાંનો વપરાશ ઘટી જાય તેમ છે.

અમારી ટૂર્સ માટે જે જીપો જાય છે, તેમાં અમે પ્લાસ્ટિક નથી વાપરતા. અમે એક્વાગાર્ડનું પાણી આપીએ છીએ, બોટલ્સ નહીં. દર વર્ષે ૩૫ થી ૪૦ લાખનો નફો ફક્ત ટૂરિઝમમાંથી મળે છે. ગયે વર્ષે લગભગ સત્તર ટન બોરમાંથી પલ્પ કાઢવામાં આવ્યો. અમારી બ્રાન્ડ નવી છે એટલે નફો પણ પાતળો છે અને પ્રગતિ ય ધીમી છે. પણ અહીં સફળ થવાની ઉતાવળેય કોને છે?

અમારી જરૂરિયાતના લગભગ ૫૦% નાણાં અમે જ કમાઈ લઈએ છીએ પરંતુ બાકીના નાણાં માટે અમારે નાણાકીય સંસ્થાઓ પર આધાર રાખવો પડે છે . અમુક સંસ્થાઓ ફક્ત સખાવતો પર આધાર રાખે છે. અમે એ રીતે ભીખનો વાડકો લઈને ક્યારેય નથી ફર્યા. ફંડ માટે જયારે તમે એજન્સીઝ પર નિર્ભર હો છો , ત્યારે તમે તમારા મનપસંદ પ્રોજેક્ટ્સ નથી કરી શકતા."

ઈશિતા વર્ષના લગભગ આઠ મહિના સ્પિતિ વેલીમાં જ ગાળે છે. એપ્રિલથી નવેમ્બર સુધી સ્પિતિમાં અને બાકીના ચાર માસ દિલ્હીમાં . "ઈકોસ્ફિયર'ની હેડ-ઑફિસ સ્પિતિના મુખ્ય મથક "કાઝા'માં છે. જે સ્પિતિનું સિમલા ગણાય છે.

"હું ઓફિસની બાજુમાં જ એક રૂમમાં રહું છું. સવારે નવથી છ કામ કરું છું. બધું જ કામ ઉનાળામાં જ કરવું પડે છે , કેમકે અહીંનો શિયાળો બહુ જ આકરો હોય છે. તાપમાન ઘણીવાર તો શૂન્યથી પાંત્રીસ ડિગ્રી ઊતરી જાય છે. ૨૦૦૨માં તો અહીં એસ.ટી.ડી.ની સગવડ ન હતી. હવે તો મોબાઈલ ફોન અને સાયબર કાફે પણ થઈ ગયાં છે. ઉનાળામાં વીજળીનો પ્રૉબ્લેમ નથી થતો પણ પાણીની અહીં મોટી સમસ્યા છે. નળમાં પાણી લાવવા માટે હેન્ડ પંપની બાજુમાં તાપણાં કરવાં પડે છે નહીં તો પાણી પાઈઈપોમાં જામી જાય છે અને પાઇપો ફાટી જાય છે.

અહીંની સંસ્કૃતિ પર તિબેટની ઊંડી અસર છે. ભાષા, રીત-રિવાજ તથા ખોરાકની ઢબ તિબેટ જેવાં છે. પ્રજા ભોળી અને મિલનસાર અને સ્ત્રીઓ ખૂબ જ સશક્ત છે. મને તો અહીં આવ્યાં પછી કોઈ જ તકલીફ નથી પડી. મારા કુટુંબીજનોનો પણ મને ખૂબ જ સહકાર મળ્યો છે."

"ઈશિતા, હવે આગળ ઉપર શું કરવા ધાર્યું છે?" હું પૂછી લઉ છું.

"અમે સ્પિતિનીી બાજુની ખીણ લાહોલમાં પણ વિકાસ કાર્યો શરૂ કર્યા છે. અહીં પણ કચરાના નિકાલનો મોટો પ્રોબ્લેમ છે. તે અંગે પણ કાંઈક કરવું છે. ભૂતાનમાં જેમ દર વર્ષે ટૂરિસ્ટની સંખ્યાનો ક્વૉટા નક્કી કરેલો છે તેવું જ કાંઈક અહીં કરવા માટે અમે વર્ષોથી સરકારની પાછળ પડ્યા છીએ . આ પ્રદેશ આથી વધુ ભારણ ઝીલી શકે તેમ નથી.

હું સ્પિતિના પહાડોને દિલોજાનથી ચાહું છું પરંતુ સમજું છું, કે એક દિવસ તો મારે અહીંથી વિદાય લેવી જ પડશે . અહીંની પ્રજાને પોતાના પગ પર ઊભા રહેતાં શીખવીને મારે જવું છે . ધીમેધીમે હું ફક્ત સલાહકાર તરીકે જ કામ કરવા ઈચ્છું છું. હું પણ રોજ નવુ નવું શીખું છું. બધાં કામોમાં બધાંને જોતરી નથી શકાતા. બોરના પલ્પના કામમાં અમે સહકારી મંડળીનો અપ્રોચ લીધો છે પરંતુ પ્રવાસનમાં અમે કામગરા, ઉત્સાહી યુવાનોને તાલિમ આપીને તૈયાર કર્યાં છે.

ગામડાંઓની ભોળી પ્રજા સાથે કામ કરતાં કરતાં મારામાં ધૈર્ય અને સહનશીલતા જેવાં ગુણો ખીલ્યાં છે. શહેરમાં જે કામ બે દિવસમાં થાય, તે થતાં અહીં બે મહિના થાય છે.

"ઈશિતા, આ સ્થળે કામ કરવાનો ઉત્સાહ ટકી રહેવાનુ કારણ જણાવશો?" - હું પૂછું છું.

"જુઓ , પૈસાની મને લાલચ નથી. ફલાણા ડ્રેસ પહેરવા કે ઢીંકણી બ્રાન્ડની કારમાં ફરવું એ મારા જીવનનો ધ્યેય નથી. મારે તો બસ જીવનને અર્થ બક્ષે તેવી પર્યાવરણ આધારિત પ્રજાકીય પ્રવૃત્તિ કરવી છે. આ કામને કારણે હું દિલ્હીમાં રહી શકું તેમ સ્ટાઈલબંધ નથી રહી શકતી પરંતુ મેં કોઈપણ જાતનો ભોગ આપ્યો છે તેવું તમે ન લખતા. હા, મારાં માતા-પિતા સાથે હું ખૂબ ઓછો સમય ગાળું છું તેવું મને લાગે છે અને તેમની પણ સતત ફરિયાદ હોય છે. કો'ક દિવસ કદાચ દહેરાદૂન પાછી જઈને સ્થાઈ થઈશ એવું મને ય લાગે છે પણ હજી તો દહેરાદૂન ઘણું દૂર છે. ઘણાં પર્વતનો ચડવાનાં છે ને માઈલોનો પંથ કાપવાનો છે ."

એક વિશ્વચપ્રવાસી, દેશબંધુ, ધરતીના છોરૂને મળવાનો મને પણ સંતોષ છે.

યુવા સમાજોધોગિકોને મારી શીખ

આઈડિયા છે? તો બીક શેની? અમે તો હિંમતથી શરૂઆત કરી દીધી'તી. પૈસાય ન હતા ને પ્લાનિંગ પણ ન હતું. પણ સાહસનું આવું જ હોય છે. ઝંપલાવી દેવાનું. તરતાં આવડી જાય. યાહોમ કરીને પડો, ફત્તેહ છે આગે!

બહુ જ લાંબુ પ્લાનિંગ કરનાર મોટેભાગે ગભરાઈને પાણીમાં બેસી જાય છે ને ડૂબી મરે છે.

સમાજસેવાનો રસ્તો અપનાવનારે તો કાંઈક ગુમાવવાનું જ નથી. આ ક્ષેત્રમાં આવનાર એમ માને છે કે હુ સમાજ માટે કાંઈક કરી છૂટીશ. તેમને મદદ કરીશ. અંતે તો એ ખુદ ઘણું વધારે મેળવીને જાય છે. જેટલુ આપશો તેનાથી બમણું મળશે .

પર્યાવરણ માટે તો આપણે જેટલું કામ કરીએ એટલું ઓછું છે. અરે, બ્રશ કરતાં નળ તો બંધ કરો! મહાવીર સ્વામીએ ક્યાં ક કહ્યું હતું કે પાણીને ઘીની જેમ વાપરો .' ખરેખર, સ્પિતિમાં આવ્યા પછી મને આ સુવાક્યનુ ખરું મહત્ત્વ સમજાયું છે. આ ઉચ્ચ પ્રદેશમાં હેન્ડપંપથી એક ડોલ પાણી ભરી તો જુઓ ! કાલથી જ તમે ટીપેટીપુ પાણી બચાવશો .

અમે તૌ અમારા ટૂરિસ્ટોને પણ આ પ્રદેશની વાસ્તવિકતાઓ જ બતાવીએ છીએ .. અરે , અહીં આવીને જુઓ તો ખરા, લોકો રોજિંદા જીવનમાં પાણી, વીજળી ને કચરાના નિકાલની કેવી હાડમારી ભોગવે છે! તમે તમારા રોજિંદા જીવનમાં નાનો શો ફેરફાર કરશો તો તેની હકારાત્મક અસર સમગ્ર માનવજાત પર પડવાની જ છે. જાઓ, પેલો પંખો બંધ કરી દો તો!



આદિત્ય મિત્ર

હરીશ હાન્ડે
'સેલ્કો'

હરીશ હાન્ડેને ઘણાં "ગાંડો' કે "ધૂની" વૈજ્ઞાનિક માને છે. 2॥.0.ના અભ્યાસ દરમિયાન તે શ્રીલંકા અને ભારતના ગામડાંઓમાં અડ્ડો જમાવીને બેસી ગયો હતો. કારણ? ભારતને ભગવાને આપેલ સૌથી મોટી ભેટ એવી સૌરઊર્જાને ગામડાંઓ સુધી સસ્તા ભાવે પહોંચાડવાની ધૂન એના મગજ ઉપર સવાર થઈ છે. હાલમાં "સેલ્કો' દ્વારા તેમણે કર્ણાટકમાં ૧,૨૦,૦૦૦ સૌર વીજ પેનલ્સ બેસાડી છે તથા ધીમે ધીમે આખા ભારતનાં ગામડાંઓમાં આ સસ્તી ઊર્જાનો સ્રોત પહોંચાડવા ઇચ્છે છે.

વાંકડિયાં ઝૂલ્ફાં, ચોળાયેલ શર્ટ અને મંદમંદ મુસ્કાન... હરીશ હાન્ડે અદલ એક યુવા-વૈજ્ઞાનિક જ લાગે છે!

પરંતુ નવાઈની વાત એ છે કે પરિસ્થિતિ તદ્દન ઊલટી છે. વર્ષો પહેલાં, પીએચ.ડી. કરતાં કરતાં એમણે હંમેશા માટે લૅબોરેટરીને રામરામ કરી દીધાં છે. લૅબોરેટરીની એ બંધિયાર કોટડીમાંથી એ દુન્યવી પ્રયોગશાળામાં આવી ગયા છે. લોકોના ઊર્જાના પ્રશ્નોને સૂલઝાવવા તેમણે લોકોની વચ્ચે જ પ્રયોગશાળાઓ શરૂ કરી દીધી છે.

"જેમ જેમ અભ્યાસમાં વધુ ઊંડો ઊતરતો ગયો , તેમ મને સમજાતું ગયું કે આ ગણતરીઓ તો પોથીમાંના રીંગણાં છે. ટૅકનૉલૉજીની ખરી જરૂર તો ગરીબ પ્રજાને છે. જો કે પ્રજાને ખરેખર શેની જરૂરિયાત છે, તે પ્રયોગશાળામાં બેસીને તો ન જ સમજાય, તેથી હું લગભગ બે વર્ષ સુધી ગામડામાં રહેવા જતો રહ્યો. બે વર્ષને અંતે બ્રહ્મજ્ઞાન થયું! ગરીબ પ્રજાને સૌથી વધુ આવશ્યકતા ઊર્જાની છે. જો વ્યાજબી ભાવે સૌરઊર્જા તેમને આપીએ તો તેઓ ખરીદવા તૈયાર છે.

હા, એક બાબત સમજવી અનિવાર્ય હતી, કે અહીં બધાંને એક લાકડીએ ન હંકાય. પ્રત્યેક ઘરની જરૂરિયાત જુદી હોય. કોઈને ખેતરમાં હેન્ડપંપ કે મોટર માટે ઊર્જા જોઈતી હોય, તો કો'ક ને બાળકોને ભણાવવા માટે ફક્ત એક ઓરડામાં ઉજાસ ફેલાવવો હોય."

૧૯૯૫માં ઘણા મનોમંથનને અંતે હરીશે એક કંપની સ્થાપી. જેનું નામ રાખ્યું. 'SELCO'. આજે તો આ કંપનીએ એવું કાઠું કાઢયું છે કે કૉન્ફરન્સો અને સેમિનારોમાં વંચાતા ભલભલા પેપરોને ઝાંખા પાડી દે! અહીં અનુભવ અને આવડતનો સુભગ સમન્વય સ્પષ્ટ દેખાય છે. અહીં સામાન્ય, મહેનતકશ

આમઆદમીને પોસાઈ શકે તેવાં રોજિંદી જરૂરિયાતના સાધનોનું મોટેપાયે ઉત્પાદન કરવામાં આવે છે.

મગફળોની ખેતી કરતા ખેડૂતો, પાણી-પૂરીના ખૂમચાવાળા, ગામડાંગામમાં સુવાવડો કરાવવા ઘેરઘેર ફરતી દાયણો તથા શાકભાજીની લારીઓ ફેરવતા ફેરિયાઓના જીવનમાં "સૅલ્કો'નાં સૌરઊર્જાથી ચાલતાં ઉપકરણોએ પાયાનું પરિવર્તન આણ્યું છે .

"ભારતમાં આજે ય સૌરઊર્જા બધાંને મોંઘી લાગે છે, પરંતુ એ ઊર્જાથી તમે કમાણી વધારી શકતા હો તો તમને એ જરૂર પોસાય. ગરીબમાં ગરીબ માણસ પણ બે કલાક વધુ પાણીપૂરી વેચી શકતો હોય તો તે સૌર-લૅમ્પ ખરીદવાનો જ!"

હું બેંગ્લોરસ્થિત સૅલ્કોની ઓફિસમાં રવિવારે પહોંચી છું. ચારેબાજુ વ્યાપેલ નીરવ શાંતિમાં હરીશ પોતાના વિચારો, આઈડિયાઝ, પ્રેરણા તથા ભવિષ્ય વિષે અત્યંત ઉત્સાહથી વાતો કરે છે. મને થાય છે, કે આ માણસ બોલ્યા જ કરે અને હું સાંભળ્યા જ કરું... અને હા, સંશોધકે પ્રજાથી નજીક રહેવુ જોઈએ.. આપ મૂવા વિના સ્વર્ગે ન જવાય.

[આદિત્ય મિત્ર]

હરીશ હાન્ડે
'સેલ્કો'

"મારો જન્મ બેંગ્લોરમાં અને ઉછેર રૂરકેલામાં થયો . મારા પિતાજી ત્યાં લોખંડ-પોલાદના ગંજાવર પ્લાન્ટમાં કામ કરતા. બાળકો માટે કંપનીએ શ્રેઠ શાળાની તથા રમતગમતની તાલિમની સગવડ કરી હતી. શાળામાં જ અંદર-અંદર ભણવા માટે અને એક એક માર્ક માટે ગળાકાપ હરીફાઈ ચાલતી. બધા વિદ્યાર્થીઓ 11ની પ્રવેશપરીક્ષા આપતા એમ મેં પણ આપી. ક્રમાંક સારો આવ્યો એટલે મને ।1 ખડગપુરમાં મૅટલેજીની બ્રાન્ચમાં પ્રવેશ મળ્યો. જો કે ત્યાં જઈને મેં શાખા બદલી કાઢી. મેં "એનર્જી એન્જિસતિયરિંગ'માં સ્નાતક થવાનું નક્કી કયું. નાનકડું ડિપાર્ટમેન્ટ અને ફક્ત સાત જ વિદ્યાર્થીઓ કેવી મજા!

મારા પિતાજી અને તેમના ઘણાં મિત્રોએ મને વણમાગી સલાહ આપી, "આ લાઈનમાં ભણીશ તો ભૂખે મરીશ. કોણ તને નોકરી આપશે?" પણ હું તો શાંતિથી કહેતો: "કાલ કોણે દીઠી છે? ચાર વર્ષ પછી આ ક્ષેત્રે ઘણી તક ઊભી થઈ જાય!" અને સાચું કહું, હું નોકરી મેળવવાના આશયથી ભણતો જ ન હતો. મને તો બસ મારા વિષયોમાં ભણવાની બેહદ મજા આવતી હતી! ઈલેક્ટ્રિકલ, કેમિકલ અને મિકે(#્નિકલ એન્જિનિયરિંગના વિષયોની મસ્ત ઘીથી મઘમઘતી ખિચડી અમે ખાતા હતા. બાયોગેસ, બાયોમાસ, પરમાણુ ઊર્જા... ઓહ આઈ સિમ્પલી એન્જોઈડ વૉટ આઈ વોઝ સ્ટડિંગ! બીજે વર્ષે તો અમારે સૌરઊર્જા વિષે ભણવાનું આવ્યું... ને મારે બત્રીસે કોઠે દીવા થઈ ગયા. એ વિષયે મને એવુ તે ઘેલું લગાડયુ , કે મે અમેરિકા જઈને એ જ ક્ષેત્રે પોસ્ટ-ગ્રૅજ્યુએશન કરવાનું મનોમન નક્કી કરી નાખ્યુ.

મેં અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઝમાં ભણાવાતા વિષયોનો અભ્યાસ કરીને મારી પસંદગી યુનિવર્સિટી ઑફ મૅસેચ્યુસેટ્સ (UMASS) પર ઉતારી. અહીં મેં "થર્મલ એનર્જી' પર કામ શરૂ કર્યું. સૂર્યનો તડકો જયારે લોખંડ પર પડે ત્યારે તેમાંનાં તત્ત્વો પર પડતી અસરોનો અભ્યાસ મેં કર્યો. મારા એડવાઈઝર પ્રોફેસર જૉસ માર્ટિન એક ક્યુબન અમેરિકન હતા.

માસ્ટર્સ ડિગ્રવનું મારું પ્રથમ વર્ષ પૂરું થયું, ત્યારે તેમણે મને ડોમિનિકન રિપબ્લિક નામના દેશની મુલાકાતે મોકલ્યો. ત્યાં મેં સામાન્ય લોકોને સૂર્ય-ઊર્જાથી ચાલતી લાઈટો પોતાના ઘરમાં વાપરતાં જોયા. જીવન પ્રત્યે જોવાની મારી જાણે દૃષ્ટિ જ બદલાઈ ગઈ! મારા પ્રોફેસરના એક મિત્ર શ્રી રિચાર્ડ અન્સેન સાથે મેં બે મહિના ગાળ્યા. છેક ૧૯૮૪થી તેમણે ગ્રામ્યક્ષેત્રે "વિકેન્દ્રિત ઊર્જા'ના પ્રયોગો ચાલુ કર્યા છે. આ દેશનાં ગામડાં ભારતનાં ગામ જેવાં છે. ગરીબ પ્રજા, નાનાં નાનાં ઘરો, ઝૂપડાં અને ઊર્જાનો અભાવ. અહીં ગરીબમાં ગરીબ માણસ પણ ઊર્જાનાં નાણાં ભરતો હતો. જો એનું જીવનધોરણ સુધરતું હોય, તો એને વીજળી માટે પૈસા આપવાનો વાંધો ન હતો.

૧૯૯૧માં હું ત્યાંથી યુ.એસ.એ.ની મારી યુનિવર્સિટીમાં પરત આવ્યો. હવે મારું મન પ્રયોગશાળાના પ્રયોગો અને પુસ્તકિયા જ્ઞાન પરથી ઊઠી ગયું હતું. મારે તો લોકોની વચ્ચે જઈને તેમના જીવનમાં પાયાનો બદલાવ લાવે તેવી સસ્તી ટેક્નોલૉજી સર્જવી હતી. મેં મારા ડિપાર્ટમેન્ટમાં અરજી મૂકી "મને પીએચ.ડી. કરવામાં રસ નથી. મને ભારત પાછો જવાની પરવાનગી આપો!" - ડિપાર્ટમેન્ટ હેડ તો આડા ફાટ્યા "અમે તને આ યુનિવર્સિટીમાં એક જ શરતે પ્રવેશ આપ્યો હતો કે તું અહીં ડૉક્ટરેટ (Ph.D) કરે. એમ અધવચ્ચે તને જવા નહીં દઈએ."

એ સમયે મારા એડવાઈઝર માર્ટિન સાહેબ મારી વહારે ધાયા. તેમને કારણે મને ભારત પરત આવવા મળ્યું. સૌથી પહેલાં હું શ્રીલંકા ગયો કેમકે મારે "સાહેબ' તરીકે નહીં પણ એક અજાણ્યા આમઆદમી તરીકે કામ શરૂ કરવું હતું અને મારો એક મિત્ર શ્રીલંકાની એક

શ્રીલંકામાં ગાળેલા એ છ મહિનાએ મતે સંપૂર્ણપણે 'ગામાડેયો'

કરી કાઢ્યો. હું દસ-દસ દિવસ પાણી વગર રહી શકતો. મેં મારી

જરૂરિયાત પર જ કાપ મૂકી દીધો અને મારાં માતા-પિતાને તો

ખબર જ ત હતી કે હું શું કરતો હતો!

સેવા-સંસ્થામાં કામ કરતો હતો. એણે મને ચેતવ્યો, "જો દોસ્ત, અહીં આવતાં પહેલાં વિચારજે, LTTE નો અહીં મોટો પ્રૉબ્લેમ છે. ભાષા તરીકે સિંહાલી જ બોલાય છે. અરે ગામડેથી કોલંબો જવું હોય, તો 2્ણ-ત્રણ દિવસે તો બસ મળે છે!" છતાંય મેં ઝંપલાવ્યું. એ શ્રીલંકન ગામડામાં હું છ મહિના રહીને ભારત પાછો આવ્યો. દોઢ વર્ષ કર્ણાટકનાં ગામડાઓમાં ગાળ્યાં . અંતે બ્રહ્મજ્ઞાન થયુ. કે આજ સુધી જે કાંઈ ભણ્યો છું તે સૌથી પહેલા ભૂલવું પડશે . લોકોની જરૂરિયાત તો સાવ અલગ જ છે. દા.ત. અમને કૉલેજમાં શીખવવામાં આવતું કે ગામડાંમાં સામાન્ય રીતે ઘર દીઠ વીજ- વપરાશ લગભગ ૫૦૦ વોટ્સ ગણી શકાય. હું જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ફર્યો ત્યારે મને આશ્ચર્ય થયું કે, લોકોને ફક્ત વીસ વૉટ્સ મળી રહે તો ય ભયો ભયો! સરકાર તેમની એટલી જરૂરિયાત પણ પૂરી નથી કરી શકતી.

ગામડાંઓમાં પ્રજાને લાઈટો ક્યારે જોઈએ? સવારે જયારે ભળભાંખળું હોય, ને ગાયો દોહવાની હોય ત્યારે કે ખેતરે પંપ ચલાવવો હોય ત્યારે. રાત્રે એક-બે કલાક બાળકોને ભણવું હોય તો તેમને કમ્પ્યૂટર કે લેપટૉપ અને હૉમથિયેટર નથી ચલાવવાનાં. હું બેંગ્લોરમાં એરકંડિશન્ડ ઑફિસમાં બેસી રહ્યો હોત તો મને ક્યારેય આ સીધી-સાદી સમજ ન આવત.

૧૯૯૪માં હું વોશિંગ્ટન ગયો ત્યાં નૉવિલ વિલિયમ્સને મળ્યો. તેઓ 'SELF' - Solar Electric Light Fund - નામનું એક નોન-પ્રૉફિટ ફંડ ચલાવતા હતા. તેમણે મને સામેથી બોલાવ્યોઃ "હરીશ, ભારતમાં સૌર-ઊર્જા વિષયક પ્રોજેક્ટ શરૂ કરવામાં તને રસ છે?" હું શું કહુ? મારે તો દોડવું'તું ને ઢાળ મળ્યો... જેવો ઘાટ થયો.

જો કે એમનો પ્રોજેક્ટ ભારતમાં સફળ થાય તેમ ન હતો તેથી મેં એક જ અઠવાડિયામાં નેવિલને ફોન કર્યો... તમારો પ્રોજેક્ટ ફોટા પાડવા માટે જ છે, કે ખરેખર લોકોને મદદ કરવા માટે? હુ સો સૂર્યઊર્જાથી ચાલતી સિસ્ટમ તો ઘેરઘેર લગાડી દઉં, ફોટા પાડીને તમને મોકલી આપું એટલે તમને નવું ફંડ મળી જાય અને તમારી વાહવાહ થઈ જાય. કોન્ફરન્સો અને સેમિનાર્સમાં આ પ્રોજેક્ટને એક-બે એવોર્ડ પણ મળી જાય પણ પછી "આફ્ટર-સેલ્સ સર્વિસ' નુ શું? કોઈપણ ચીજ ભલેને તે મફત મળી હોય, તે ઉપયોગી ન હોય તો શું કામની? આ સિસ્ટિમ્સ છ જ મહિનામાં નકામી થઈ જશે કેમકે તેનું કોઈ રણીધણી જ નહીં હોય. તેથી સેવા તરીકે આ પ્રોજેક્ટ ચાલુ કરવાને બદલે એક કંપની બનાવી દઈએ. જેમાં વેચાણ બાદ સર્વિસ મળે.

૧૯૯૪માં "સેલ્કો'ની શુભ શરૂઆત થઈ. કંપનીનું નામ એંડિસનની "ઇલેક્ટ્રિક લાઈટ કંપની' પરથી પ્રેરિત છે. કંપનીની સ્થાપના મેં મુખ્ય બે હેતુસર કરી હતી. એક તો, ગરીબો ટેક્નોલૉજી વાપરશે તથા સાચવશે અને બે, તેઓ નાણાં ખર્ચશે. ૧૯૯૪માં કંપની સ્થાપવી એ ખૂબ અઘરી બાબત હતી. એક સમાજસેવક રોકાણકારે અમારી કંપનીમાં નાનકડો હિસ્સો લીધો . (કંપની હતી ૯ ક €૦) જો કે

'ફૉરેઈન ઈન્વેસ્ટમેન્ટ' “પ્રમોશન બોર્ડે' તેમાંય રોડાં નાંખ્યા. મને તો આ સરકારી બાબુઓ સાથે માથાઝીંક કરતાં બિલકુલ ન ફાવે! વળી પેલી -1200ની ઓફિસ દિલ્હીમાં હતી. મારા દિલ્હીના આંટાફેરા વધી ગયા. આમદાની અઠ્ઠની ખર્ચા રૂપૈયા જેવો ઘાટ હતો . ગાંઠના ગોપીચંદન કરીને હું દિલ્હીના ધક્કા ખાતો. ૧૯૯૫માં અંતે કંપની રજિસ્ટર થઈ. પેલા ઈન્વેસ્ટરે ચાર લાખ આપ્યા. બીજે જ

આ દેશમાં તથા દુનિયામાં જ્યાં જ્યાં ગરીબાઈ છે, તેવા સાઉથ

અમેરિકા કે અફઘાનિસ્તાનમાં ગરીબાઈનું નિરાકરણ કેમ તથી

આવતું? કેમકે બધાં ગરીબોને એક જ લાકડીએ ઢહાંકવામાં આવે છે.

ગરીબાઈના પણ વિવિધ સ્તર છે. એ લોકો માણસો છે,

એક થાંભલો નહી.

નફો કરવામાં ખોટું શું છે? જુઓ, સમજાવું... રસ્તા પરની શાકવાળી

અમારો “સોલાર લેમ્પ' વાપરીને વધુ નફો રળી શકતી હોય,

તો અમે શા માટે ભીખનો વાટકો લઈને ગ્રાન્ટ માટે

દર દરની ઠોકરો ખાઈએ? એવો ધંધો લાંબે ગાળે

ઠપ જ થઈ જાય, ખરું ને?

વર્ષે ‘USAID’ તરફથી પણ વર્કિંગ કેપિટલ મળી. હું મહિને ફક્ત ૧૦૦૦ થી ૧૫૦૦માં કામ ચલાવતો.

કંપનીની શરૂઆતથી જ મારી પાસે નાણાંની અછત હતી તે એક રીતે તો સારું જ હતું. મને કરકસરની ટેવ પડી તથા અમે સંશોધન પાછળ વધુ સમય આપી શક્યા. અમે કોઈ જ નવી ટૅક્નૉલૉજીનો શોધ નથી કરી. કેમક “સોલર પૅનલ' તો જગજાહેર આઈટેમ છે. જેમાં મકાનને ધાબે પૅનલ મુકાય છે, સૌરઊર્જાને કારણે એ પેનલમાં રહેલી બેટરી ચાર્જ થાય છે અને પ્રકાશ રેલાય છે. હા, આ બેટરી સુકાઈ જવાનો ભય રહેતો હોવાથી દર છથી આઠ મહિને તેની સર્વિસ કરવી પડે છે ખરી! વળી, આપણો દેશ ધૂળિયો હોવાથી પૅનલ્સ વખતોવખત સાફ કરવી પડે છે. અરે ઘણે સ્થળે તો વાંદા અને ઉદરડાનો ય પ્રૉબ્લેમ થાય છે .

આપણા દેશમાં “તાતા બી.પી.' નામની કંપની સુંદર સોલાર પૅનલ્સ બનાવે છે. અમે તેમની જ ટૅક્નૉલૉજીમાં વખતોવખત સુધારણા કરી છે. અમારી સૌથી મોટી સફળતા એ છે કે, આ તક્નિક અમે નાનામાં નાના ઘર સુધી પહોંચાડી શક્યા છીએ. જયારે અમે કંપનીની શરૂઆત કરી ત્યારે સિસ્ટમની કિંમત ૧૫૦૦૦/- હતી. પૈસાદાર ખેડૂતને પણ આ સિસ્ટમ મોંઘી લાગતી. એકવાર એક ખેડૂતની માતાને અમે જાણકારી આપી અને તે પોતાના દીકરાની પાછળ પડી ગઈ. મને પાછલે બારણેથી બોલાવીને સિસ્ટમ બેસાડાવી. એ મારી પહેલી સફળતા. પૈસા માગવાની તો મારી હિંમત જ ન હતી, તેથી અઠવાડિયા પછી હું સબસલામત છે કે નહીં તે જોવા જ પાછો ગયો . ખેડૂતે ખુશ થઈને પેમેન્ટ આપી દીધું .

આ સિસ્ટમ કર્ણાટક અને કેરળની સરહદના મુલેરી નામના ગામે અપાઈ હતી. પહેલે જ વર્ષે અમે આવો

૧૫૦ સિસ્ટમ ખુદ બેસાડી. કોઈ ટૅક્નિશિયન વગર અપના હાથ જગશાથ! પહેલી ૪૦૦ સિસ્ટમ્સ મેં મારા આ હાથે જ બેસાડી છે. સવારે ૫.૩૦ -૬ વાગે કામ ચાલુ કરું, ને રાત્રે દસ વાગે નવરો પડું! આ કામ જાતે કરવાથી મને એક ફાયદો એ થયો કે આજે ય મને બરોબર ખબર પડી જાય છે કે ચાર રૂમના ઘરમાં સોલાર પૅનલ બેસાડવાની હોય, તો કેટલો સમય જાય અને કેટલું મટિરિયલ જોઈએ. મને કોઈ ઉલ્લુ નથી બનાવી શકતુ.

૧૯૯૯માં મેં કંપનીમાં પહેલો કર્મચારી લીધો. વર્ષને અંતે ત્રણ થયા. શ્રીધર, ગુરુપ્રકાશ અને ઉમેશ. એ લોકો ટીવી વગેરે રિપેર કરીને સારું એવું કમાઈ લેતા હતા. મારી સાથે તેમણે સાવ નવેસરથી શરૂઆત કરવી પડી. પહેલાં તો એમના ઘરમાં શાક અને મીઠાઈ આવતાં , હવે તો ફક્ત ભાત પર જીવવાના દિવસો આવ્યા. બધાંના ઘેર બૈરાઓ કકળાટ કરવા લાગ્યા. “આ ગાંડિયા (મારી) સાથે શું દાટયું છેઃ સરખો નોકરી કર ને બે પૈસા કમાઈને લાવ!” મારા કર્મચારીઓ એ શબ્દોને બીજા કાનેથી કાઢી લેતા.

જો કે જેમજેમ હું કામ વધારતો ગયો, તેમતેમ મને ખ્યાલ આવતો ગયો કે પૈસાદાર ખેડૂતો, ડૉક્ટરો અને શિક્ષકો જેવા સારા એવા ખમતીધર લોકો અમારી ટૅક્નિક વાપરતા, પરંતુ જે વર્ગ સુધી મારે પહોંચવું હતું ત્યાં સુધી તો હજી હું પહોંચી જ નહોતો શક્યો . દરજી , દાયણ, પાણીપૂરી કે શાકભાજીની લારીઓવાળાને તો હજી મારી ટૅક્નૉલૉજી પોસાતી જ ન હતી. એ બધાંને વીજળીની જરૂર હતી,

સભાઓ ગજવતા વક્તાઓ તેમનું ભાષણ પૂરું કરે ત્યારે તાળીઓના
ગડગડાટ થાય છે. તગડા પગારની નોકરી છોડીને વ્યક્તિ
સમાજસેવા તરફ વળે ત્યારે તેની વાહવાહ થાય છે. પરંતુ એવૉર્ડ તો
એવા લોકોને મળવા જોઈએ કે જેણે કોઈપણ જાતની ડિગ્રીઓ વગર
માત્ર 'સૅલ્કો' જેવા એક આઈડિયામાં વિશ્વાસ રાખ્યો હોય. એવા
લોકોને કારણે જ આજે આ કંપનીનું અસ્તિત્વ છે!

પણ મને સામેથી પૂછતા, “ભઈ, તું જ અમને થોડા પૈહા આલે, તો ધીમે ધીમે પાસા વારી દઈહું!” મને ખરેખર લાગી આવતું... પણ હું શું કરું? મારી ખુદની પરિસ્થિતિ સાત સાંધે ને તેર તૂટે તેવી હોય તેનું શું?

એવામાં મારી નજર રિજિયૉનલ રૂરલ બૅન્ક (RRB) પર પડી. ભારતમાં આવી ગ્રામિણ બૅન્કોનું જબરદસ્ત માળખું વ્યાપેલ છે. જો કે આ બેન્કોએ પણ બીબાંઢાળ જવાબ આપી દીધો... “જુઓ ભાઈ, તમારી ભાવના સારી છે પરંતુ ગરીબોના ઘરમાં વીજળી મૂકવાથી કયો આર્થિક વિકાસ થવાનો? કઈ કમાણી થશે? હા, એગ્રીકલ્ચર ફાઈનાન્સની વાત હોય તો કહો..” (ભલે ને પછી ખેડૂત આપઘાત કરે. ને બૅન્કે એ નાણાંના નામનુ નાહી નાખવું પડે.)

હું તો આદુ ખાઈને આ બેન્કોની પાછળ જ પડી ગયો. બે વર્ષે પથ્થરો પીંગળ્યા. મહિને જેમની ૫૦૦૦/- થી ૭૦૦૦/- ની આવક હોય તેવાં ખાતેદારને તેમણે લોન આપવાની સંમતિ દર્શાવી. ૧૯૯૭- ૯૮ સુધીમાં તો અમે વર્ષે ૩૫૦ જેટલી પૅનલો વેચવા લાગ્યા... પણ હજી તો ઘણું કામ બાકી હતું. મહિને ૩૦૦૦/-ની આવક ધરાવતા લોકો સુધી અમારે પહોંચવું હતું.

બરોબર આ જ વખતે “યુઝર સેંગ્મેન્ટ'નો આઈડિયા આવ્યો. જુઓ , તમને સમજાવું. પાણીપૂરીના ખૂમચાવાળાને કેટલું લાઈટ જોઈએ? દિવસમાં ચાર કલાક, બરોબર? દરજીને આખો દિવસ જોઈએ.

હવે વરસાદ પડે એ દિવસે ખૂમચા પર કમાણી ન થાય તો એ બેન્કનાં નાણાં કેવી રીતે ભરે? તો બૅન્ક સાથે એવી કોઈ ગોઠવણ થાય, કે જેમાં EMI(Easy monthly installments) ને બદલે EI - ફક્ત ઈઝી ઈસ્ટૉલમેન્ટ્સની ગોઠવણ કરી શકાય? અમારા ઘણાં ઘરાકના ડાંગરનાં ખેતરો હતાં . તેમની આખ । વર્ષની કમાણી જાન્યુઆરીમાં જ થાય. હંમેશ મને પૂછે, "સાયેબ, તમારી બધી વાતું હાચી, પણ મઈને મઈને પૈહા દેવા નોં પોહાય... તમે ક્યો તો માગશરમોં બધા હામટા દઈ દઈએ." એમની વાત મને ગળે ઊતરતી... અરે તમે નહીં માનો, પણ ગરીબો ઊર્જા માટે આપણા કરતાં વધારે ખર્ચ કરે છે. બેંગ્લોરનો અક એક ફેરિયો દરરોજના સરેરાશ પંદર રૂપિયા ફક્ત કેરોસીન લેમ્પ પાછળ વેડફે છે. એટલે કે મહિને રૂા. ૪૫૦/-. પાંચ વર્ષમાં તો એને છ લાઈટની સોલર સિસ્ટમ મફત પડે! અમે તો આવા લોકોને શરૂઆતમાં 'સિંગલ લાઈટ સિસ્ટમ' જ વેચતા. જેનો ખર્ચ દિવસના ફક્ત છ રૂપિયા બેસતો .

અમારા ટૅક્નિશિયનો હવે એટલા હોંશિયાર થઈ ગયા છે, કે પાંચ- દસ મિનિટમાં જ ગ્રાહકના વપરાશ પ્રમાણે ગણતરી કરીને તેને પોસાય તેવી ટૅક્નૉલૉજી સૂચવી શકે છે. ઘણીવાર તો ગ્રાહક ચાર લાઈટની માંગણી કરે તો અમે જ એને સમજાવીએ... "જો ભાઈ, બે લાઈટ જ લે. સવારે રસોઈ પતી જાય એટલે લાઇટ બાળકોને ભણવા માટે આપી દેવાની." અમે તેમના ભલાની વાત કરીએ એટલે તે ખુશ થાય અને બીજા ગ્રાહકને પકડી લાવે. ૨૦૦૯-૧૦માં અમે ફક્ત કર્ણાટકમાં જ ૧૨,૫૦૦ સિસ્ટમ્સ લગાડી છે. તમે મૅનેજમૅન્ટ ગુરુ સ્વ. સી. કે. પ્રહ્લાદનાં પુસ્તકો વાંચ્યા હશે, તો તમને તેમના પિરામિડ વિષે તો ખ્યાલ હશે જ. હાલમાં અમે એ જ પિરામિડનો જે સૌથી નીચેનો ભાગ (બોટમ ઑફ ધ પિરામિડ) છે તે પ્રજા સુધી પહોંચી રહ્યા છીએ .

કર્મચારીઓની સંખ્યા ૧૭૦ પર પહોંચી છે . અમારી એકવીસ શાખા ઓફિસો છે. દરેક ઓફિસમાં બે સેલ્સના માણસો , બે ટૅક્નિશિયનો એક ઓફિસ આસિસ્ટન્ટ અને એક મૅનેજર બેસે છે. ઘણાં સ્ટાફ મૈમ્બર્સ ટેક્નિશિયન તરીકે જોડાઈને આજે મૅનેજમૅન્ટ સ્તરે પહોંચ્યા છે. અમારો ડૅપ્યુટી ઓપરેશન્સ મૅનેજર ૧૯૯૯માં ઑફિસ બૉય તરીકે ગામડામાં જોડાયો હતો. આજે મહેનત અને લગનથી અહીં બેંગ્લોરની ઓફિસમાં બેસીને એકવીસે એકવીસ ઑઑફિસોનુ સંપૂર્ણ ઍડમિનિસ્ટ્રેશન સંભાળે છે. અને મેડમ, એક વાત ખાસ લખજો,

હજી ગયે જ મહિને સોનમહલ્લી નામના ગામનાં ત્રીસ જેટલાં

કુટુંબોએ રૂ. ૯૫૦૦/- ની કિંમતની સોલાર લાઈટ્સ ખરીદી. આ

પ્રજાની મહિને ફક્ત ૧૬૦૦/- ની જ માસિક આવક હતી પરંતુ તેઓ

મહિને રૂા.૨૦૦/- કેરોસીન અને મીણબત્તીઓમાં વાપરતા હતા!

કે એણે મૅનેજમેન્ટની કોઈ જ ડિગ્રી નથી લીધી. અમારી કંપનીમાં કોઈપણ વ્યક્તિ પોતાની આવડત અને ધગશથી ઊંચામાં ઊંચી પાયરીએ પહોંચી શકે છે.

હું પણ કૅબિનના દરવાજા ખુલ્લા જ રાખું છું. મારો કોઈપણ કર્મચારી ગમે ત્યારે મારા રૂમમાં આવીને મને કહી શકે છે, કે "હરીશ, યુ હૅવ મેઈડ ધીસ સ્ટુપિડ મિસ્ટેક!" અમારા ટ્રેઈનિંગ પ્રોગ્રામ્સમાં અમે ટૅક્નિશિયનનોને પણ એક પાઠ ખાસ શીખવીએ છીએ કે તમે જે સિસ્ટમ ગ્રાહકને વેચો છે, તેના તમે ૫૦% ભાગીદાર છો અને સમજીને જ આગળ વધજો. ગ્રાહક હોય સ્ટાફ, અમારા 'SELCO' નો કુટુંબીજન જ ગણાય છે. અરે, પાંચ વર્ષ પહેલાં એક ટૅક્નિશિયનના લગ્નમાં અઢીસો ક્લાયન્ટ્સ આવ્યા હતા!

મેં શરૂઆતમાં જે પાંચસો ગ્રાહકોને સિસ્ટમ્સ વેચી હતી તે ગ્રાહકો તો આજે ય કંપનીમાં ફોન કરીને પૂછે છે, "હરીશ છે?" રિસેપ્શનીસ્ટ જ્યારે કહે, કે "સાહેબ, આપને શું કામ છે તે કહો" તો એ ગ્રાહક અકળાઈ જાય છે... "કેમ, હવે હરીશ એવડો મોટો સાહેબ થઈ ગયો છે કે અમને જવાબે ય નથી આપતો?" તરત જ હું ફોન લઈને કહું છું... નહીં નહીં... એસા નહીં હૈ... બોલિયે, મુઝે ક્યું યાદ કિયા?"

છેલ્લાં પંદર વર્ષમાં સેલ્કોએ ૧,૨૦,૦૦૦ ઘરમાં પ્રકાશ પાથર્યો છે. હવેનાં ચાર વર્ષમાં બીજા બે લાખ ઘરોમાં વીજળી આવશે. અમારું મુખ્ય લક્ષ્ય એ જ છે કે ૨૦૧૨ સુધીમાં અમારા ૪૦૪% ગ્રાહકો એવા હોય, કે જેમની માસિક આવક ૨૦૦૦/- થી પણ ઓછી હોય. આજે ય અમારા ૩૫% ગ્રાહકો માસિક ૩૦૦૦/- થી ૩૫૦૦/- ની આવકવાળા છે. હવે આનાથી ય ઓછી આવકવાળા લોકો સુધી પહોંચવુ તો છે, પરંતુ બૅન્કો તેમને લોન આપવા તૈયાર નથી. દસ હજારની લાઈટિંગ સિસ્ટમ માસિક બે-અઢી હજારની આવડકવાળું કુટુંબ શી રીતે ખરીદે? બેન્કોને તો માર્જિન મની પણ જોઈએ. હવે અમે આનો ઉપાય શોધ્યો છે. જે કુટુંબને દસ હજારવાળી સિસ્ટમ નંખાવવી હોય તેના રૂ.૧૫૦૦/- માર્જિનની રકમ અમે જ બૅન્કને ચૂકવી દઈએ છીએ. પછી એ કુટુંબ માસિક હપ્તો બેન્કને ચૂકવે.

છેલ્લો હપ્તો ચૂકવાય, ત્યારે અમારા ૧૫૦૦/- રૂપિયા છૂટા થાય અને તે બીજા કુટુંબ માટે વપરાય. આ ચક્કર ચાલ્યા જ કરે. આમાં કો'ક વાર ગ્રાહક હપ્તા ન ચૂકવી શકે તેવુ પણ થાય છે. તેનો પણ અમે ઉપાય શોધી કાઢયો છે. અમે એ સિસ્ટમ ખરીદી લઈએ છીએ. આજકાલ માઇક્રોફાઈનાન્સ કંપનીઓ જે ગપગોળા હાંકે છે તે માનશો નહીં. ડિફોલ્ટર ગ્રાહકો તો હોય જ! અમને ઘણા સલાહકારો કહે છે, "તમે માઇક્રોફાઇનાન્સ કંપનીઓ સાથે જ જોડાણ કરી દો ને" પણ હું તો એવી સંસ્થાઓનો કટ્ટર વિરોધી છું. એ કંપનીઓ સેવાને નામે ગરીબોનું લોહી ચૂસે છે.

જો કે અમે બધી માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટીટ્યૂશનના વિરોધી નથી. SEWA બૅન્ક1અમદાવાદ સ્થિત) પાસેથી તો અમે ઘણું શીખ્યા છીએ. તેમની પાસેથી તથા તેમની મિટિંગોના અહેવાલો વાંચીને અમે ગરીબમાં ગરીબ માણસને સ્વનિર્ભર કરવાની રીતો શીખ્યા છીએ . મેં ક્યારેય સેવા કે સમાજસેવાની ઠાલી વાતો નથી કરી. હું તો પહેલે જ દિવસથી એક નફાકારક કંપની જ સ્થાપવા માંગતો હતો. મારી તો એક જ ફિલસૂફી હતી... નફો કરો, કંપનીના વિકાસમાં જ એ નફો વાપરો... ૨૦૦૯-૧૦માં અમે ૧૪.૫ કરોડનું વેચાણ કર્યું અને ૪૦ લાખનો નફો . એ વધારાના રૂપિયા નવા સેન્ટર્સ ખોલવામાં તથા કર્મચારીઓના પગારવધારામાં વાપર્યા.

અહીં શેરહૉલ્ડરો નથી. કોઈને વ્યાજ ચૂકવવાનું નથી અને કોઈની માલિકી ય નથી. આખી કંપની માત્ર ત્રણ સંસ્થાઓની માલિકીની છે. લૅમેલસન ફાઉન્ડેશન, "ઈ એન્ડ કંપની' અને "વુડ એનર્જીઝ' નામની ત્રણ કંપનીઓ પાસે ૯૯% થી પણ વધુ માલિકી છે. મારો હિસ્સો સાવ નગણ્ય છે. અમે જે પગારો આપીએ છીએ તેનાથી દસ-દસ ગણા વધુ પગાર બીજે મેળવી શકે તેવાં ભેજાં અહીં કામ

અમારી કંપનીના અમુક મૅનેજર્સ તો એવા કામગરા છે, કે મેં તેમના

પગાર વધાર્યા હોય તો એ પત્ર મારી સામે જ ફાડી કાઢે. અરે મતને

કહી દે, "સાહેબ ગાંડા થયા છો કે શું! આ વર્ષે અમે બહું સારું કામ

નથી કરી બતાવ્યું તો પગાર વધારો શેનો?"

અમારી કંપનીમાં કૅબિનો છે જ નહીં! કંપનીનો નાનામાં નાનો

ટેક્નિશિયન મારી પાસે આવીને કહી શકે છે -

કરીને સંતોષ મેળવે છે. અમારા CFO અને વાઈસ પ્રેસિડેન્ટ સી. રેવતી આનું શ્રેહ ઉદાહરણ છે . એમને કારણે કંપનીમાં નાણાંનું શિસ્ત જળવાય છે અને કંપનીનો સમાજસેવાનો મૂળ હેતુ માર્યો જતો નથી."

"રશ્મિ, તારે અમારી એકાદ મિટિંગમાં હાજરી આપવી જોઈએ. આતશબાજી ચાલતી હોય તેવી મજા આવી જશે! શાબ્દિક તણખા ય ઝરે ને હાથાપાઈ (શાબ્દિક) પણ થઈ જાય. આવી જગ્યાએ જ આનંદ નારાયણ જેવાં ભેજાંઓ આવે અને ટકી જાય.

૧૯૯૮માં હું એક ગામડામાં મારી એક સૌર-ઊર્જામાં ચાલતી પૅનલનુ પ્રદર્શન કરી રહ્યો હતો ત્યારે ટોળાંમાંથી એક માણસે ઊભા થઈને મને પૂછ્યું , "અબે , તુમ કૌનસી I.I.T. સે હો?" હું તો નવાઈ પામી ગયો. આવા નાનકડા ગામમાં આવો પ્રશ્ન? પછી મને ખબર પડી કે એ પ્રશ્ન પૂછનાર યુવાન આનંદ નારાયણ ખુદ જ I.I.T. (ચેન્નાઈ)નો ગ્રેજ્યુએટ તથા માસ્ટર્સ અને પીએચ.ડી. ફ્રોમ યુનિવર્સિટી ઓફ્ કૉલોરાડો (યુ.એસ.) હતો . દુનિયાભરમાં ફરીને એ દેશભાવના કાજે ભારત પરત આવીને કર્ણાટકનાં ગામમાં લાઈટ-પંખા વગર જીવીને રાસાયણિક ખાતર રહિત ઑર્ગેનિક નારિયેળની ખેતી કરતો હતો! પછી તો એ અમારો ગ્રાહક અને અચ્છો મિત્ર બની ગયો.

બે વર્ષ પછી આનંદ ફરીથી યુ.એસ.એ. ગયો, એની ગર્લફ્રેન્ડને ડૉક્ટરેટ પૂરું કરવામાં મદદરૂપ થયો . પરણ્યો , એક બાળકનો પિતા બનૌને પાછો કર્ણાટકના ગામડાંમાં આવીને સ્થાઈ ગઈ ગયો. આ વખતે તેણે 'સેલ્કો'માં સંશોધન માટેની લૅબોરેટરી સ્થાપી છે. બેંગ્લોરથી પાંચ કલાક દૂર ઉજીરે નામના ગામમાં આવેલી આ પ્રયોગશાળા એવી તો નમૂનેદાર છે, કે અમારી લૅબમા કામ કરવા વિશ્વભરની કોઠ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ વચ્ચે જાણે હોડ લાગે છે. અહીં MIT અને લંડનની ઈમ્પિરિયલ કૉલેજથી વિદ્યાર્થીઓ આવે છે, રહે છે, નવા નવા પ્રકારની લાંબા સમય સુધી ચાલે તેવી બેટરી વિષયક સંશૌધન કરૈ છે. આ વર્ષે અમારી 'સમર ઇન્ટર્નશીપ'ની બધી જ સીટો ફક્ત એક જ અઠવાડિયામાં ભરાઈ ગઈ હતી. આમાંના કેટલાય વિદ્યાર્થીઓ પોત-પોતાના દેશમાં પરત થાય પછી પણ સૌરઊર્જા વિષયક કામ ચાલુ રાખે છે ."

એક પ્રશ્ન પૂછયા વગર હું રહી નથી શકતી... "હરીશ, "સેલ્કો'નો વ્યાપ આપ વધારતા કેમ નથી? આખા ભારતમાં તમારી જરૂર છે." "હા, વાત તો સાચી જ છે. અમે પણ વધુ ને વધુ પ્રજા સુધી પહોંચવા ઈચ્છીએ છીએ. દરેક રાજયમાં વ્યવસ્થિત માળખું રચવા માટે વિશ્વાસપાત્ર, સેવાભાવી માણસોની શોધવામાં જ છીએ. આને માટે 'E & Co' તથા સિએટલ (U.S.) સ્થિત "ગ્રામિણ ફાઉન્ડેશન'ની અમને મદદ મળી રહી છે. અમે ૪-૫ ઉદ્યોગસાહસિકોને શોધીને ટ્રેનિંગ આપવાની શરૂઆત કરી છે. "સૅલ્કો' એ પંદર વર્ષમાં જે સિદ્ધ કર્યું છે તેટલુ આ લોકો પાંચ જ વર્ષમાં કરશે તેવી મને આશા છે.

સરકારના દિલમાં રામ વસે અને ગ્રામિણ બેન્કોને ફક્ત ખેતી માટે લોનની પરવાનગી આપવાને બદલે જેને વીજળીની જરૂર હોય તેને પણ લોન આપવાની છૂટ મળે, તો અમારા જેવી કંપની તદ્દન છેવાડાની પ્રજા સુધી ઝડપથી પહોંચી શકે. ગ્રામિણ બૅન્કના મૅનેજરને ફક્ત પાંચ ટકા નાણાંય એની મરજી પ્રમાણે વહેંચવાની (લોન તરીકે) છૂટ હોય તો ઘણો ફરક પડે.

અમદાવાદમાં એક બહેન ઘરઘરાઉ સલાઈકામ કરીને મહિને ખાસ્સું રળી લે છે. એને પોતાના સંચાની મોટર સૌરઊર્જાથી ચાલે તેવી

અમારી કંપનીમાં કશુ જ બંધબારણે નથી થતું. અમે કાંઈ જ છુપાવતા નથી, કશું જ ખાનગી નથી. અમે અમારા અનુભવે જે કાંઈ શીખ્યા છીએ તે અન્ય કર્મચારીઓ જોઈ શકે તથા શીખી શકે તેવું “આંપન સોર્સ ઑર્ગેનાઇઝેશન' અમે રચ્યું છે.

બનાવડાવવી હતી, પરંતુ ૪૦ વૉટ પર ચાલે તેવી મોટર બજારમાં મળતી જ નથી. ઉત્પાદકોએ પણ આવા ગ્રાહકોને લક્ષ્યમાં રાખીને આવી નાની મોટરો બનાવવી પડશે .

બીજાની ક્યાં વાત કરું? મારા પોતાના પિતા મને ગાંડો, ધૂની ગણતા'તા. હવે આટલે વર્ષે એમને સૂર્યઊર્જા અને મારા ગાંડપણનું મહત્ત્વ સમજાયું છે. હાલમાં તો તે મારા “બિગેસ્ટ સપોર્ટર' છે અને મારી પત્ની રૂપલને કેમ ભુલાય? આમ તો એ બૉસ્ટનમાં (યુ.એસ.) રહે છે! અમે અગિયાર વર્ષથી જુદાં જ રહીએ છીએ. અમારી આઠ વર્ષની દીકરી અદિશ્રી રૂપલ સાથે અમેરિકામાં જ રહે છે પણ દરેક ઉનાળામાં મારી સાથે ગામડાંઓમાં ફરે છે.

આ વર્ષે કર્ણાટક બોર્ડમાં દસમા ધોરણમાં જે વિદ્યાર્થિની પ્રથમ નંબર આવી છે, તેના ઘરમાં સોલાર લાઇટ્સ અમે બેસાડી હતી. એનું રિઝલ્ટ આવ્યું ત્યારે તેના વાલીએ સૌ પહેલો ફોન મને કર્યો... “સાહેબ, તમારી લાઈટથી અમારી દીકરી રાતોની રાતો ભણીને આવું રિઝલ્ટ લાવી. ભગવાન તમારું ભલું કરે, સાહેબ.”

આવાં તો કેટલાંય જીવનપરિવર્તનનાં ઉદાહરણ હરીશ પાસે છે. એક અંધકારભર્યા જીવનમાં પ્રકાશ પાથરવો એ કાંઈ નાનીસૂની બાબત છે? કેટકેટલી આશાઓ , ખુશાલી અને અજવાસની લહાણીનો સંતોષ કાંઈ જેવો તેવો હોય?

“Good Luck, Harish, Best Wishes ‘SELCO’”

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

મળતર સામે, નાણાં સામે જોશો તો સાહસ કરવાનુ માંડી વાળવુ પડશે. સૌથી પહેલાં તો જે ક્ષેત્રમાં કામ કરવા ઈચ્છતા હો તેમાં કૂદી પડો. બારીકાઈથી જાણો . ટૅક્નનિશિયન બનો . હા બે-ત્રણ વર્ષ બગડશે પરંતુ સરવાળે તમે ક્ષેત્રના એક્કા થઈ જશો. મારી આ સલાહ માનશો તો તમે મને યાદ કરશો.

પાવર પોઇંટ પ્રેઝન્ટેશન લઈને દર દરની ઠોકરો ન ખાતા. કોઈ તમને નાણાંની મદદ નહીં કરે. તમે ફક્ત અહીંથી ત્યાં ફંગોળાશો . ફેન્સી બિઝનેસ પ્લાન બનાવવામાં સમય બગાડશો નહીં.

તમારો ધંધો ગમે તેટલો વિકાસ સાધે, પણ તમે છકી ન જશો. સફળતાને માથા પર ન ચડવા દેશો. અમારી કંપનીની બોર્ડ મિટિંગ હોય તેની આગલી રાતે હું સાઇટો પર મારા ટૅક્નિશિયનોને ય ફોન કરીને પૂછતાં નથી અચકાતો, કે “ભાઈ, સાઈટ પર શું ચાલે છે?”

અને હા, બધાંને શાંતિથી સાંભળજો . મારે મતે તો “નાનો માણસ' જેવી વ્યક્તિનું અસ્તિત્વ જ નથી. “સૅલ્કો'માં અમે પ્રમોશન કે નોકરી માટે ડિગ્રીઓ નથી જોતાં .

છેલ્લે ટૅક્નોલૉજી કરતાં પ્રોસેસનું મહત્ત્વ ઘણુ વધારે છે. તમારી પાસે જો વિશ્વાસુ માણસો હોય, તેમને

તમારી કંપની પ્રત્યે માન હોય તથા તમારી શક્તિમાં વિશ્વાસ હોય તો બીજું બધું ઘણુ સહેલું થઈ જાય છે.



વૃક્ષની શીળી છાયામાં

સંતોષ પાર્લેકર
'પીપલ ટ્રી'

આઈ.ટી. કંપનીની મોભાદાર નોકરીથી સંતુષ્ટ થઈ ચૂકેલ સંતોષને એકવાર કામ અંગે ગ્રામ્ય વિસ્તારોમાં જઈને "માઈક્રો ફાઈનાન્સ" વિષે સમજણ લેવાની જરૂર ઊભી થઈ. આજે તેઓ ગ્રામ્ય વિસ્તારના ગરીબ યુવાનોને "કન્સ્ટ્રક્શન વર્કર્સ' તરીકે તૈયાર કરીને કાયમી નોકરી તથા આવક પુરાં પાડે છે.

હું એક અત્યંત વિનમ્ર , સચોટ તથા ખૂબ જ ચોક્કસ આદમીની સામે બેઠી છું. તેઓ પારાવાર વૈચારિક સ્પષ્ટતા ધરાવે છે તેવું તરત જ જણાઈ આવે છે. જ્યારે તેઓ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના વ્યવસાયમાં હશે, ત્યારે તેમના ગ્રાહકોને પણ તેમની સામે ફરિયાદનું કોઈ કારણ નહીં જ મળતું હોય.

અરે, સંતોષ પોતે ફરિયાદ કરે છે ત્યારે ય ફરિયાદ કરતા હોય તેવુ નથી લાગતું! - "જુઓ બહેન, અહીં કેટલાય છોકરાઓનાં જીવન બદલાયાં છે પણ હું અપેક્ષા નથી રાખતો કે તેઓ આવીને મારો આભાર માને."

કારકિર્દીની શરૂઆત સીટી બેન્કથી કર્યા બાદ સંતોષ અમે રિકાની એક આઈ.ટી. કન્સલ્ટિંગ કંપનીમાં જોડાયા. ધાર્યું હોત તો બાકીની જિંદગી સિલિકોન વેલીમાં આરામથી ગાળી શક્યા હોત. ભારત પરત આવ્યા પછી ભારતની વિશાળ આઈ.ટી. કંપનીઓની ચકાચક કાચ મઢેલી એરકંડિશન ઓફિસો તેમને ખાવા ધાતી. મનમાં થતું , આમાં "મારું ભારત' ક્યાં? આ તો "વિદેશોનું ભારત' છે.

સંવેદનાઓને ઝંકૃત કરીને તેમણે દેશમાં વધુ નોકરીઓની તક ઊભી કરવા અંગે કામ કરવાનું નક્કી કર્યું- જો કે એ નિર્ણય લેતાં પહેલાં માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ, સ્વરોજગારી તાલિમ સંસ્થાઓ ને ગામડાંઓનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ પણ કર્યો.

અત્યારે હુ એમની સાવ સાદી ઓફિસમાં બેઠી છું. મુબઈના ગોરેગાંવમાં બેઠેલા આ માણસના શરીરમાં કેવો ધબકતો આત્મા હશે, કેવી નિષ્ઠા અને કેવી હિંમત હશે! હુ આવા મુઠ્ઠી ઉંચેરા માનવીને બધાં જ ભારતીયો તરફથી મનોમન "શેંક્યુ' કહી દઉં છું.

વૃક્ષની શીળી છાયામાં

સંતોષ પાર્લેકર
'પીપલ ટ્રી'

મારો જન્મ મુંબઈમાં થયો. પિતાજી મ્યુનિસિપાલિટીમાં કોન્ટ્રાક્ટર હતા. અમારું ઘર માહિમમાં હતુ. બધાં મરાઠી મિડિયમની સ્કૂલમાં જ ભણતા. મારી શાળાનું નામ સરસ્વતી વિદ્યામંદિર. જો કે, મને ખૂબ જ સહેલાઈથી મુંબઈની અત્યંત પ્રતિઠિત એન્જિનિયરિંગ કૉલેજ VJTI માં પ્રવેશ મળી ગયો.

ગ્રેજ્યુએશન પછી મને તરત જ ટાટા કંપનીમાં નોકરી મળી ગઈ. ત્યાં બે વર્ષ કામ કર્યા પછી મેં "ઈન્ડિયન કૉમ્પ્યુટર એકેડેમી'માંથી કમ્પ્યૂટર સાયન્સમાં એમ.ઈ. કરવાનું શરૂ કર્યું. આ કૉલેજ બેંગ્લોરની પ્રતિષિત "ઈન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ' (IIST) ની જ પ્રશાખા છે તથા આ કોર્સ અન્વયે અમારે બીજું વર્ષ વિશ્વ પ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટી'માં ભણવું પડતું. આમ, હું ભણવા માટે યુ.એસ.એ. ગયો અને માસ્ટર્સ પત્યા પછી મને 'સીટીકોર્પ' માં નોકરી મળી ગઈ. ૧૯૯૦માં જ કંપની તરફથી મને પહેલાં યુ.કે. અને પછી પોલેન્ડ મોકલવામાં આવ્યો .

મારા અભ્યાસ મુજબ મને કૉર્પોરેટ બેકિંગની તકનિકી શાળામાં મૂકવામાં આવ્યો હતો, પરંતુ સૌટી બેન્કમાં કામ કરનારે ટૅક્નોલાં જિકલ તથા કમ્પ્યુટર વિષયક જ્ઞાન સાથે ધંધાની

> 'માઈક્રોફાઈનાન્સ' એટલે ફક્ત 'નાણાંની મદદ' કે વ્યાજખાઉ
> શરાફોનું "સૉફિસ્ટિકેટેડ વઝન' એમ માનવું તદૃન ભૂલભરેલું
> છે. આવી સંસ્થાઓ જો ગામડાંના ગરીબોને જીવનનિવાહમાં
> મદદરૂપ નત થઈ શકે તો તે નકામી છે.

આંટીઘૂંટીઓ પણ શીખવી પડે છે. અહીં છ વર્ષ કામ કર્યા બાદ મેં "થિંક સિસ્ટમ્સ' નામની કંપનીમાં જોડાવાનું નક્કી કર્યું. બે ભારતીય ઉદ્યોગ સાહસિકો-સેન્ડી તુન્ગારે અને રવિ રેડ્ડી - એ અમેરિકામાં આ કંપની સ્થાપી હતી. આ કંપની "ડિમાન્ડ પ્લાનર' નામની એક અલગ જ પ્રકારની ચીજ બનાવતી હતી. હું જોડાયો પછી ધીમે ધીમે કર્મચારીઓની સંખ્યા બસોએ પહોંચી. ૧૯૯૭માં 'i2 technologies' નામની કંપનીએ "થિંક સીસ્ટમ્સ'ને પંદર કરોડ ડૉલરમાં ખરીદી લીધી. હું સેન્ડી અને રવિ સાથે જ રહ્યો . એ બંને "વિસ્તાર નામની કંપની શરૂ કરવાના હતા. "વિસ્તાર'માં હું ડાયરેક્ટર તરીકે જોડાયો. કંપનીમાં મારો ભાગ પણ હતો. અમારી હેડ ઓફિસ યુ.એસ.એ.માં હતી, પરંતુ મોટાભાગનું કામ ભારતમાં થતું હતું. આ કંપની "ડગ રૂટ ડિઝાઈન', શિપિંગ વગેરે ધંધાનું બૅક ઓફિસનું કામ કરતી.

૨૦૦૨માં મારા બાપુજી સખત માંદા પડયા. હું હંમેશ માટે ભારત પાછો આવ્યો. આ સમયે ડૉટકોમનો ફુગ્ગો પણ ફૂટી ગયો હતો તથા આઈ.ટી. કંપનીઓનાં વળતાં પાણી થયાં હતાં. ૨૦૦૫માં મેં પ્રતિષિત સંસ્થા એસ.પી. જૈન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટમાં £1/10/ પણ પુરું કર્યું. આ ગાળામાં 'SKS MICROSYSTEMS' નામની એક કંપનીએ મારો સંપર્ક સાધ્યો. 'વિસ્તાર'ના સ્થાપકો ટ્રસ્ટ પણ ચલાવતા હતા. 5165ને ફંડની જરૂર હોવાથી તેઓ અમારી પાસે આવ્યા.

મારે તો માઈક્રોફાઈનાન્સ વિષે વધુ જાણકારી મેળવવી જ હતી. તેથી હું SKS ની ટીમો સાથે

આંધ્રપ્રદેશનાં નાનાં-નાનાં ગામડાંઓમાં ફર્યો. આવી જ બીજી ઘણી સંસ્થાઓની કામગીરીનો મેં અભ્યાસ કર્યો. હું આ દરમિયાન ફક્ત છેવાડાના ગામોના કિસાનો, ખેતમજૂરો, સ્ત્રીઓ અને યુવાનોને જ મળ્યો. હું એકપણ સરકારી ઓફિસરોને કે પ્રધાનોને નથી મળ્યો .

ઘણાં વર્ષોથી હું બાંગ્લાદેશની ગ્રામિણ બૅન્કની કામગીરી વિશે વાંચતો આવ્યો છું. તેમનાં કામોથી હું ખરેખર અભિભૂત થઈને બાંગ્લાદેશ જવાની તૈયારીમાં જ હતો ત્યાં જ બાંગ્લાદેશના રાજકારણમાં ઊથલપાથલ થઈ. ખાલિદા ઝીયા અને શેખ હસીનાનાં જૂથો વચ્ચે લોહિયાળ રાજકીય અથડામણો થઈ. મેં ત્યાં જવાનું માંડી વાળ્યું. ત્યાર બાદ મેં મારું ધ્યાન MAVIM - 'મહિલા આર્થિક વિકાસ મંડળ' તરફ કેન્દ્રિત કર્યું. મહારાષ્ટ્ર સરકાર દ્વારા સંચાલિત આ સંસ્થા સેલ્ફ ગ્રૂપ્સના સહકારમાં કામ કરીને સ્ત્રીઓને સ્વરોજગારી મળી રહે તે માટે મદદરૂપ થાય છે . સીવવાના સંચા, વડી-પાપડ ઉદ્યોગ, ફાઈલો બનાવવી, ચંપલો , એમ્બ્રોઇડરી જેવા ધંધા માટે તેઓ શરૂઆતની મૂડી પુરી પાડે છે . બૅન્કોના સહકારથી આ કાર્ય ચાલે છે.

મેં બાંદ્રાઅને ભિવંડીમાં રહીને સહકારથી આ સંસ્થાની કામગીરીનો ઊંડો અભ્યાસ કર્યો. "સોશિયલ એન્ટરપ્રિન્યૉરશીપ' નો પહેલો પાઠ હું અહીં ભણ્યો. મર્યાદિત સ્વરૂપે ધંધાનું સ્વરૂપ આપીને સમાજસેવા કેવી રીતે કરી શકાય તેનો મને ખ્યાલ આવ્યો. મેં 'સ્વધાર'ના સ્થાપક વીણા માંકડ સાથે પણ શહેરી માઈક્રો- ફાઇનાન્સને સમજવા સારો એવો સમય ગાળ્યો. ICICI અને SIDBI ના અધિકારીઓને હુ વારંવાર મળ્યો. આઈ.સી.આઈ. સી.આઈ. મને ખુદની માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટીટ્યૂટ સ્થાપવા માટે દરેક પ્રકારની મદદ કરવા તૈયાર હતી. મારા એ.્જિતસિયરિંગ કૉલેજકાળના મિત્ર શૈલેન્દ્રધારસેને પણ આ સાહસમાં રસ હતો. અમારા એક અન્ય મિત્રને નોંન બેન્કિંગ ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યૂટ (NBFC) શરૂ કરવામાં રસ હતો. માઈક્રો ફાઇનાન્સની ઘણી મર્યાદાઓ હતી. એક તો તેઓ ખૂબ નાની-નાની રકમની લોન આપતા. લોન ફક્ત સ્રીઓને નામે જ અપાતી કેમકે સ્ત્રીઓ મોટેભાગે લોનનાં નાણાં ગમે તે રીતે પરત કરી દે છે તથા નાણાં મળે ત્યારે દારૂની બાટલી અને મરઘીની જયાફતમાં ઉડાવી દેવાને બદલે સાચવીને ફક્ત ધંધામાં રોકે છે.

મારે તો ગામડાંઓમાં નવરાધૂપ બેસી રહેતા અને વ્યસનોને રવાડે ચડી જતા યુવાનો માટે કાંઈક કરવું હતું. તેમને કામ અપાવવું હતું . મારા મગજમા જાતજાતના તુક્કા ચાલતા હતા, ત્યાં જ માઇક્રોફાઈનાન્સ ક્ષેત્રે બધાંને હલાવી દે તેવા સમાચાર આવ્યા. ડિસેમ્બર ૨૦૦૯માં બાંગ્લાદેશમાં ગ્રામિણ બૅન્કના મોહંમદ યુનુસને નોબેલ ઈનામ મળ્યું. તેમને આવાં માન અને પ્રસિદ્ધિ મળ્યાં ત્યાં સુધી દુનિયાને 'માઈઇક્રોફાઈનાન્સ' કઈ બલાનું નામ છે તેની કોઈ જાણકારી જ ન હતી!! બસ, એકવાર એમની વાહ વાહ થઈ ગઈ એટલે અસંખ્ય લોકો આ ક્ષેત્રમાં કૂદી પડ્યા. ભારતી એસ્ટૅલ અને રિલાયન્સ જેવી કોર્પોરેટ કંપનીઓ પણ સેવાને નામે મેવા ખાવા દોડી! અરે, મારા પૂજ્ય પિતાશ્રી, જે આખી જિંદગી મને ગાંડો ગણતા આવ્યા છે તથા ગરીબોને એક દોઢિયું ય ઉપાડ આપવાની વિરુદ્ધમાં છે તે રાતોરાત મને માનની નજરે જોવા લાગ્યા!

જો કે માઇક્રોફાઈનાન્સને હું હવે બરોબર સમજતો થયો હતો અને મને દૂધનું દૂધ અને પાણીનું પાણી દેખાઈ રહ્યું હતું , કે આ સંસ્થાઓ પણ હવે જળોની જેમ ગરીબોનું લોહી ચૂસવાની હોડમાં લાગી હતી! બાંગ્લાદેશમાં યુનુસસ!'બની ગ્રામિણ બેન્ક સાવ છેવાડાના ગામડાંઓમાં મોબાઈલ ફોન એસેમ્બલ કરાવીને લાખો યુવાનોને શસિયમિત રોજીરોટી રળવાની તક પૂરી પાડતી હતી, જયારે ભારતમાં અમુક સંસ્થાઓ નાના ખેડૂતોને ત્રીસ-ત્રીસ ટકા વ્યાજે પૈસા આપીને અંતે આત્મહત્યાના રસ્તે વાળતી હતી! નાણ વ્યાજે આપતાં પહેલાં કે પછી ચકાસણીની કોઈ પદ્ધતિ ન હોવાને કારણે

ગાય-ભેંશ ખરીદવા માટે વ્યાજે ધીરેલ નાણાં દીકરીના લગ્નમાં કે બિયારણ આણવામાં ખર્ચાઈ જતા. આ ક્ષેત્રમાં જેમ જેમ ઊંડો ઊતરતો થયો , તેમ તેમ સમજતો થયો કે આ એક સૉફિસ્ટિકેટેડ વ્યાજખાઉ વાણિયાગીરી જ છે. શાહુકારોની જેમ આ નવા જમાનાના શાયલોકો ગરીબોનું લોહી જ ચૂસે છે!

આ સંસ્થાઓ ફક્ત સ્ત્રીઓને જ લોન આપતી તે બાબત પણ મને ઘણી ખટકતી. હું તો જે જે ગામડાંઓમાં જતો, ત્યાં યુવાનો મને અચૂકપણે ઘેરી વળતા... “સાહેબ, અમને કાંઈક કામ અલાવોને! શે'રમાં નોકરીએ લગાડોને! સાહેબ, હું તો છઠ્ઠું પાસ છું. આઈ કેન રીડ ઈંગ્લીસ... રાઈટ ઈંગ્લીસ થોડા ભોત બોલ ભી લેતા હું, સર! સાહેબ, મારે ખેતરુંમાં હળ નથી ચલાવવાંને ડોબાં નથી ચરાવવાં|” મને ખરેખર આ તરવરિયા યુવાનો પર દયા આવી જતી.

છેવટે, ખૂબ વિચારીને અંતે મેં, શૈલેન્દ્ર અને વિક્રમે ભેગા થઈને 'પીપલ-ટ્રી' નામની સંસ્થા શરૂ કરવાનો નિર્ણય કર્યો. હવે અમારી સામે બે રસ્તા હતા. આ યુવાનોને નોકરીને લાયક બનાવવા, કે તેમને નાણાંની સહાય આપોને તેમની પાસે નાના-મોટા ધંધા કરાવવા? અમને લાગ્યું કે, નાણાંની સહાય આપીને યુવાનોને પોત- પોતાનો ધંધો કરવા માટે સમાજમાં છૂટા મૂકી દેવાથી અમારું કામ તો સહેલું થઈ જાય, પરંતુ ધંધો કરવાની આવડત બધામાં હોય ખરી? એના કરતાં આ યુવાનોને એવો કોઈ હુન્નર શીખવીએ , જેથી તેમને નોકરીની બાંહેધરી મળે. એવુ કોઈ ક્ષેત્ર, કે જેમાં નોકરીઓનો તોટો જ ન પડે! ભારતભરના શહેરોમાં વ્યાપેલ સિક્યુરિટી સ્ટાફ જેવી નોકરી પણ નહીં, કે જેમાં બુદ્ધિની જરૂર ન પડે, જયાં આગળ વધવાનો કોઈ ચાન્સ જ ન હોય, જયાં પગારો વધે જ નહીં! તમને ખબર છે, આ ગાર્ડ્ઝને પંદર વર્ષની નોકરી પછી પણ ૩૫૦૦/- નો જ પગાર મળે છે. જો અવાજ ઊંચો કરો, તો કાલથી એ જગ્યાએ બીજો કઈ પાપડ-તોડ પહેલવાન ગોઠવાઈ જાય! તમને થતું જ હશે , કે આ લોકો ગુજરાન શી રીતે ચલાવતા હશે? બે જ રીત છે! દિવસના સમયે બીજી કોઈ નોકરી કરવાની અથવા તો દેશી દારૂની “કોથળી' પી ને ઊંઘી જવાનું છે. આ ચોકીદારો ચાલીસ વર્ષના થાય ત્યાં સુધીમાં તો તબિયતથી ખતમ થઈ જાય છે. યુ.પી. કે બિહાર પરત થાય છે અને પોતાના દીકરાઓને આવી જ મજૂરી કરવા શહેર રવાના કરે છે. આ ચક્કર ચાલ્યા જ કરે છે!

જુઓ, આ કોઈ પરંપરાગત ધંધો તો છે જ નહીં, ખરું ને? આમાં

ઝાઝું મળતર નથી. છતાં ય એટલું તો મળી જ રહે છે, કે

વિકાસની ગાડી ચાલ્યા કરે.

મેં અન્ય વ્યવસાયો-ક્ષેત્રોનો અભ્યાસ કર્યો. ડિમાન્ડ વધુ હોય અને માણસોનો સપ્લાય ઓછો હોય એવાં અન્ય ક્ષેત્રો કયાં છે? સૌથી પહેલો વિચાર 'રિટેઈલ'નો આવ્યો, ભારતમાં ઉઘડેલ હજારો સ્ટોર્સ-પેન્ટેલૂન, બીગબઝાર, રિલાયન્સ માર્ટ - માં અસંખ્ય નોકરીઓની તક ઊભી થઈ છે. જો કે આ છોકરાઓને આવી નોકરીઓ માટે તાલિમબદ્ધ કરતાં અમારે નાકે દમ આવી જાય તેમ હતો કેમકે તેમને અંગ્રેજીનાં વાંધા હતાં. આઈ.ટી. ક્ષેત્રમાં પણ ઘણી તકો છે પણ ત્યાંય અંગ્રેજી ચકાચક જોઈએ ! ત્યારબાદ અમારી નજર કન્સ્ટ્રક્શન ઉદ્યોગ પર પડી. આપણા દેશમાં ખેતી પછી આ ઉદ્યોગમાં સૌથી વધુ નોકરીઓની તક ઊભી થાય છે. અત્યારે તો સારામાં સારી કંપનીઓને સૌથી મોટો પ્રૉબ્લેમ હોય, તો તે છે લેબરનો. સારા કડિયા, સુથાર, ફીટર, વેલ્ડર, સેસ્ટ્રિંગના કારીગરો શોધ્યા નથી જડતા! અમુક સારી કંપનીઓ સારા કારીગરો તૈયાર કરવા માટે “ટ્રેઈસગ પ્રોગ્રામ'નાં આયોજનો કરે છે. કારીગરો કંપનીના ખર્ચે બધું શીખીને તરત જ નવી કંપનીમાં કૂદકો મારે છે. બસો-પાંચસો વધારે મળે તો તેને સંતોષ છે.

મને અહીં એક મોટી તક દેખાઈ! અમે એ જ દિવસે 'પિપલ-ટ્રી' પ્રાઈવેટ લિમિટેડ “કંપની” તરીકે

રજિસ્ટર કરાવી. મુખ્ય કારણ એ જ કે સારા પ્રોફેસરો, કારીગરો તથા વિદ્યાર્થીઓને આકર્ષવા તથા વિકાસ સાધવા “કંપની' તરીકેનું સ્ટેટસ અનિવાર્ય હતું.

મેં અને મારા બે ભાગીદારોએ ૫૦-૫૦ લાખનું રોકાણ કર્યું. બે સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટર્સ (KMC Constructions તથા BSCPL infra*) તથા એક વેન્ચર કેપિટાલિસ્ટે બાકીનાં નાણાં રોક્યાં. આમ, ૨૦૦૭ના નવેમ્બરમાં આઠ કરોડની મૂડી સાથે 'પિપલ ટ્રી' પ્રાયવેટ લિમિટેડ કંપની તરીકે રજિસ્ટર થઈ.”

“સંતોષ, આટલા બધા રૂપિયાની શી જરૂર છે?” મારાથી પૂછાઈ ગયું.

'જરૂર એટલા માટે હતી, કે અમારે અમારી ખુદની તાલિમી સંસ્થા સ્થાપવી હતી. પોતાનું મકાન બાંધવું હતું. જમીન લેવાની હતી. મોટાભાગના લોકો સાહસ ભાડાના મકાનમાં જ કરે.. “લાગ્યું તો તીર નહીં તો તુક્કો' સમજીને ન ચાલે તો પાટિયાં ઉતારી લેવાનાં! પણ હુ જુદી રીતે વિચારું છું. વિદ્યાર્થીઓ , મોટી બાંધકામ કંપનીઓ તથા શેરહોલ્ડરોમાં વિશ્વાસ ઊભો કરવા માટે આવો ખર્ચ જરૂરી છે. વળી, અમે ખિસ્સામાંથી પૈસા કાઢીને ખર્ચો કર્યો હોય તો ભાગી જવાની ઈચ્છા જ ન થાય. યેન-કેન પ્રકારેણ મહેનત ચાલુ રાખીએ , બધાંને વિશ્વાસ પડે કે આ કંપની આપણને રાતેપાણીએ રોવડાવશે નહીં!

બીજું, બાંધકામ વિષે શીખવવા માટે મોટી જગ્યા તો જોઈએ જ. મશીનો વિષે શીખવવા માટે મશીનો પણ જોઈએ. એ મશીનરી રાખવા માટે પાછી વધુ મોટી જગ્યા જોઈએ. અમે એક “ગ્રેડર' મશીન લાવ્યા છીએ . જેની કિંમત ૪૦ થી ૯૦ લાખ હોય છે. પેવર મશીન (રસ્તા બાંધવાનું) બેથી પાંચ કરોડનું આવે છે. જો કે બધાં મશીનો અમે ખરીદ્યા નથી. અમુક ભાડે લાવીએ છીએ અને અમુક કન્સ્ટ્રક્શન કંપનીઓ તરફથી દાન સ્વરૂપે મળ્યાં છે. થોડાં અમે ખરીદ્યાં પણ છે.

અમે હૈદ્રાબાદમાં ચાર કરોડને ખર્ચે આલિશાન કેમ્પસ ઊભું કર્યું છે. ઓગણત્રીસ વર્ષના ભાડાપટ્ટે અમે પચીસ એકર જમીન લીધી છે. બસો છોકરાઓ રહી શકે તેવી હોસ્ટેલ પણ ઊભી કરી છે. અમે ઓસ્ટ્રેલિયાની જાણીતી ટેક્નિકલ યુનિવર્સિટી TAFE સાથે કરારબદ્ધ થયાં છીએ. અમારા વિદ્યાર્થીઓને તાલિમ આપવા છેક

મોટેભાગે કોઈપણ ધંધામાં “વેઈટિંગ પિરિયડ' ત્રણ વર્ષનો
ગણાય છે. ત્રણ વર્ષ પછી આછો-પાતળો નફો ચાલુ થાય.
પરંતુ સમાજોપયોગી સાહસમાં પાંચ વર્ષ પહેલાં
દોઢિયું ય રળવાની આશા ન રાખશો.

ઓસ્ટ્રેલિયાથી પ્રોફેસર્સ આવે છે . અમે અમુક શ્રેષ્ઠ જર્મન કંપનીઓ સાથે પણ ટાયપ કર્યું છે. બહેન, તમે કહેવાના જ, કે આ બધી મોટી વાતો કરવાને બદલે નીચલા વર્ગના ઉદ્ધારની વાતો કેમ નથી કરતા? સીધાસાદા કડિયા બનવાની ટ્રેઈનીંગ કેમ નથી આપતા? પણ હું તો શ્રોઠતાનો ઉપાસક છું. સાદો કડિયો પોતાના બાપને જોઈને ય શીખવાનો છે પરંતુ આદેશમાં હવે આપણે શ્રેષ્ઠ બ્રિજ, રસ્તા અને એરપોર્ટ્સ કે વિશ્વકક્ષાના હાઉસિંગ પ્રોજેક્ટસ કરવા હશે તો શ્રેઠ કારીગરો જોઈશે. વળી અહીં અમે સ્ટીલ ફિક્સિંગ, બાર-બૅન્ડિંગ જેવી સીધીસાદી ટ્રેઈનગ પણ આપીએ છીએ તથા પ્લાન્ટ એન્ડ મશીનરી તથા સર્વેઈંગ જેવી અઘરી તાલિમ પણ આપીએ છીએ.

બધું કરવા છતાં છોકરાઓને નોકરી ન મળે તો? આ પ્રશ્ન અમે પહેલેથી જ વિચારી રાખ્યો હતો. અમે

ઘણી બધી કન્સ્ટ્રક્શન કંપનીઓ સાથે મિટિંગો કરીને કોર્સનું માળખું તૈયાર કર્યું છે. અહીંનો કોર્સ ફક્ત છ જ અઠવાડિયાંનો છે કેમકે આ છોકરાઓ ગઈકાલ સુધી ગામડાંઓમાં આખો દિવસ રખડતા હતા. એમને ક્લાસરૂમમાં આવી લાંબા સમય માટે બેસાડવા અશક્ય છે. છઠ્ઠું અને આઠમું પાસ છોકરાઓ હવે એક વર્ષ માટે ક્લાસરૂમમાં બેસી જ ન શકે. ભાગી જાય!"

"સંતોષ, દોઢ મહિનામાં છોકરાઓ શું શીખે?" મને જિજ્ઞાસા થાય છે. "બહેન, રોજિંદા વપરાશમાં કામ લાગે તેવી પાંચેક જ ટૅકૂનિકોનું અહીં શિક્ષણ આપવામાં આવે છે. જે કાંઈ કરે તે શ્રેષ્ઠ કરે તથા દસ કલાકની નોકરી હોય, તો દસ કલાક સળંગ કામ કરે તે બે જ બાબતો પર અમે ધ્યાન કેન્દ્રિત ક્યું છે. તમે જોયું જ હશે, કે બાંધકામની સાઈટો પર મજૂરો બીડીઓ પીવામાં, ખાવા- પીવામાં, આડેપડખે થવામાં, વાતો કરવામાં અને પોતાનાં બાળકોને સાચવવામાં જ મોટાભાગનો સમય બરબાદ કરતા હોય છે. વિદ્યાર્થીઓને ટ્રેઈનગ આપનાર શિક્ષક દોઢ મહિના પછી એ જ બેચ સાથે બાકીનું એક વર્ષ સાઈટ ઉપર જ રહે છે અને બાકીની તાલિમ આપે છે.

અમે મોટી-મોટી કંપનીઓના પ્રોજેક્ટ મૅનેજર્સને તેમની ઓફિસમાં મળતા ત્યારે તો અમને જાતજાતનાં વચન આપવામાં આવતા. પરંતુ સાઈટો ઉપર પરિસ્થિતિ તદૂન જુદી હોય છે. મોટામાં મોટી કંપનીઓ પણ પોતાની કંપનીના રજિસ્ટર ઉપર નવા કારીગરો કે સ્ટાફ્ને રાખવાને બદલે કામો સબકોન્ટ્રાક્ટ પર આપી દે છે. ત્યાં કારીગરોને પશુથી યે બદતર હાલતમાં રાખવામાં આવે છે. મજૂરોને બે ટાઈમ ખાવાનાં ય સાંસા હોય, ખર્ચા ન મળે, તેમનાં બાળકો ભૂંડનાં બચ્ચાંની જેમ સાઈટો પર આમ-તેમ રખડયા કરે અને જે તે વીણી ખાય. ઘણાં બાળકો તો ગરમી તથા ભૂખ કે અકસ્માતોથી મરી પણ જાય. આ દેશમાં કોને પડી છે?

અમુક કંપનીઓ અમારા વિદ્યાર્થીઓને NMR ઉપર એટલે કે પ્રોજેક્ટ રજિસ્ટર ઉપર- લેવા તૈયાર થઈ, પરંતુ જયારે અમારી ટીમ સાઈટ ઉપર ગઈ ત્યારે કોઈએ તેમને કાંઈ જ કામ ન આપ્યું. સાઈટ મેનેજરને થયું, કે નવરાધૂપ બેસાડી રાખીશું એટલે ચાર દા'ડામાં બધાં ભાગી જશે . આ દેશમાં ભ્રષ્ટાચાર ક્યાં નથી? સાઈટ મૅનેજરનું સબ-કૉન્ટ્રાક્ટર જોડે 'સૅટિંગ' હોય. નિયમિત કટકી મળી જતી હોય. અમારા છોકરાઓ પાસે કામ કરાવવામાં એને રસ ન હોય, તે સ્વાભાવિક છે કેમકે લેબર કોન્ટ્રાક્ટરનુ મીટર બંધ થઈ જાય.

૨૦૦૮માં અમારા ૪૦ વિદ્યાર્થીઓની પ્રથમ બેંચ પાસ થઈ. શરૂઆતની બે-ત્રણ બેંચના વિદ્યાર્થીઓને આ પ્રશ્ન નડ્યો એટલે મેં હિંમતપૂર્વક એક નિર્ણય લીધો . અમે જ સબ-કોન્ટ્રાક્ટર બની ગયા. કંપનીઓ સાથે સીધી જ વાત - અમને કામ આપો અને પૈસા પણ અમને જ ચૂકવો. આમાં અમારો ખર્ચ ઘણો વધ્યો છે કેમકે ૩૦ થી૩૫ શિક્ષકો રાખવા પડયા છે પરંતુ છોકરાઓને ઓછામાં ઓછા મહિને «૦૦૦/- મળી રહે છે. રહેવાનું મફ્ત! ખાવાનો ખર્ચ લગભગ મહિને ૧૦૦૦/- થાય છે તથા પિપલ-ટ્રી મહિને ૧૦૦૦/- ટ્રેઈનગ આપવાના ખર્ચ પેટે કાપી લે છે, છતાં ય તેમના ખીસામાં ૪૦૦૦/- તો રહે જ છે તથા તેના આનંદનો પાર નથી રહેતો .

જે છોકરાઓ હેવી મશીનરી વાપરતા શીખે છે, તેમને તો મહિને ૭૦૦૦/-પહેલે જ દિવસથી મળે છે. વળી, અમે પણ કંપનીઓ સામે શરત મૂકીએ છીએ કે એ વિદ્યાર્થીને પહેલે જ દિવસથી કંપનીના ચોપડે મૂકવામાં આવે. જેથી તેને પી.એફ. , ઈન્સ્યૉરન્સ, લોન વિગેરે લાભ મળતાં થાય. આવા વિદ્યાર્થીઓના પગારમાંથી દર મહિને ૨૦૦૦/- કાપવામાં આવે છે. (એક વર્ષ સુધી) આવા ઑપરેટર્સને ધીમે ધીમે ૨૫૦૦૦/- સુધીનો પગાર મળતો થાય છે. આમાંના ઘણા છોકરાઓ પિપલ-ટ્રીમાં જ જોડાઈને આજે 'સુપરવાઇઝર' બની ચૂક્યા છે.

આ વ્યવસાયમાં આજે ફક્ત સળિયા વાળવાની કે બાંધવાની મજૂરી કરનાર સારા કારીગરોને મહિને ૮-૧૦ હજાર મળે છે. આવા કારીગરો તદ્દન અંગૂઠાછાપ હોય છે પરંતુ અનુભવની એરણે ચડીને પાકા થયેલા હોય છે . અમે વિદ્યાર્થી પાસે શરૂઆતમાં ફક્ત ૧૫૦૦/ - રૂપિયા લઈએ છીએ. . બાકીના તેના પગારમાંથી કપાય. આ રીતે ધંધો કેમ ચાલે? ઘણાં મને પૂછે છે કે તમે ફક્ત સમાજસેવા કરો છો? વિદ્યાર્થીઓની સંખ્યા વધારીને અમે જીતીએ છીએ . હૈદ્રાબાદમાં અમારું મુખ્ય કૅમ્પસ છે. હવે અમે રાયબરેલી, નાસિક, બિહાર અને રાજસ્થાનમાં અમારી શાખાઓ ખોલી છે . પ્રત્યેક શાખામાં ૨૫- ૫૦ યુવાનો ભણી શકે તેવી સગવડ છે તથા બે જાતના ટ્રેઈનિંગ પ્રોગ્રામ્સ એક સાથે થઈ શકે છે. અત્યારે અમે વર્ષે દહાડે ૩૦૦ થી ૪૦૦ '"સ્નાતકો' તૈયાર કરીએ છીએ . આવતે વર્ષે આ સંખ્યા ૧૫૦૦ એ પહોંચે તેવી ધારણા છે . જયારે આ સંખ્યા ૫૦૦૦ પર પહોંચશે ત્યારે "પિપલ ટ્રી' પહેલી વાર નફો કરશે. "નફો' એ અમારો ઉદ્દેશ નથી એ શરૂઆતથી જ સ્પષ્ટ છે. ૨૦૧૦ના ઓક્ટોબરમાં [1216 [૦૫॥ તંદ્રવધં૦1 (12106 કંપનીનું જ નોટફોર પ્રોફિટ ડિવિઝન)એ અમારી કંપનીમાં સારું એવું રોકાણ કર્યું છે.

પ્રજાની વિચારસરણી રાતોરાત બદલી ન શકાય. લોકોને વિશ્વાસમાં લેતા ઘણો સમય લાગે. જ્યારે આવું તાલિમ કેન્દ્ર ખોલીએ ત્યારે મોટાભાગના લોકો સમજી જ લે, કે માણસ બધાંને નવડાવીને ઉચાળા ભરી જશે. બધાં દૂર ઊભે ઊભે તાલ જોતા રહે છે. હું સરકારી મદદ લઈને વર્ષે ૨૦,૦૦૦ છોકરાઓને તાલિમ તો આપી શકું પરંતુ તેમને નોકરી ન અપાવી શકું તો વાતનો મર્મ જ માર્યો જાય. મેં તો મારી પાસેનાં તાણાંતો મહત્તમ ઉપયોગ કરી બતાવ્યો છે.

જુઓ ફર્સ્ટક્લાસ પાવર-પૉઈન્ટ પ્રેઝન્ટેશન અને ફાંકડો પ્રોજેક્ટ રિપોર્ટ બનાવીને આ સરકાર પાસે ૫-૧૦ કરોડ રૂપિયાની ગ્રાંટ કે સહાય મેળવવી એ મારે માટે ડાબા હાથના ખેલ બરાબર છે પરંતુ એટલા બધા છોકરાઓને નોકરી કોણ આપશે? એવા પૈસા મને ન ખપે. મારે તો 'લંબી રેસ કા ઘોડા' બનવું છે. લાંબો સમય સમાજ માટે કાંઈક કરવું છે. અહીં શરૂ શરૂમાં તો અમે "પિપલ ટ્રી' માટે બહારથી CEO લાવવાનું ય વિચાર્યું હતું પરંતુ ઘણા મનોમંથનને અંતે એ નિષ્કર્ષ પર આવ્યા, કે અમારા ત્રણમાંથી એકાદ જણે તો સંપુર્ણ શક્તિ અને સમય આ સંસ્થાની પ્રગતિ માટે આપવાં જ પડશે .

બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારત દેશમાં મોબાઈલ ફોન અને લક્સ સાબુ વેચવાની રીતો શોધી જ કાઢી છે. અરે, માઈક્રોફાયનાન્સ સંસ્થાઓ પણ સફળ થઈ છે કેમકે તેમનું કામ તો લોકોને પૈસા આપવાનું છે, જયારે અમારું કામ વધારે અઘરું છે. અમે કોર્સની ૧૫૦૦/- રૂપિયા ફી લઈએ છીએ. બિહારમાં સેન્ટર શરૂ કર્યું ત્યારે અનેક વિદ્યાર્થીઓ કહેતા, "સાબ, હમ પાંચસો રૂપૈયા ભી નહીં દે સકત!" આજે એ જ બિહારના યુવાનો ૧૫૦૦/- રૂપિયાની નોટો ગજવામાં ભરીને એડમિશન માટે લાઈન લગાડે છે . એકવાર તેમને નોકરી મળવાનો વિશ્વાસ પડયો એટલે દોડતા આવ્યા.

તકલીફોય ઘણી છે. હમણાં જ હું અને મારો આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ સચીન લખનૌથો મોટર માર્ગે જઈ રહ્યા હતા ત્યારે સચીન ખૂબ અકળાયેલો હતો. મને કહે, "મને નોકરીએ રાખ્યો તે પહેલાં તમે મને ચેતવ્યો હતો , કે મુશ્કેલીઓ તો પડશે જ, પણ સંતોષ. હું તો પરેશાન થઈ ગયો છું! રોજ નવા નવા

પ્રૉબ્લેમ્સ થાય છે.” મેં પૂછ્યું, “કેમ, પાછું શું થયું?”

સચીન કહે, “અરે, ગયે મહિને આપણે એક બેચને ચેન્નાઈ ન'તી મોકલી? એક જ અઠવાડિયામાં બધા છોકરા ભાગો ગયા. મેં કહ્યુ તો કહે, “પીવાનું પાણી બરોબર ન હતું.' સાચું કારણ જાણવુ છે? બધાંને હોળી કરવા રાજસ્થાન જવું હતું.”

મેં સચીનને ઉપાય બતાવ્યો, “એ બધાને જોધપુરની સાઈટ પર મૂકી દે. બધાં રાજસ્થાની છે ને?”

હવે બધા છોકરાઓ ખુશ છે. જો કે એવું ન કહેવાય, કેમકે હમણાં જ થોડા છોકરાઓ અમારી ઑફિસની બરોબર સામે ઉપવાસ પર ઊતરી ગયા હતા. સૂત્રોચ્ચારો કરતા હતા કે નોકરી આપો નહીં તો અમે બધાંને કહી દઈશું કે તમે તો ચોર છો. યુવાનોનું શોષણ કરો છો! હું અંદરખાનેથી બહુ ઢીલો માણસ છું પરંતુ બહારથી મારે કઠોરતાનો આંચળો ઓઢી રાખવો પડે છે નહીં તો આ છોકરાઓ મને હેરાન કરી દે. કો'ક વાર રાત્રે બે-બે વાગે સાઈટ પરથી દારૂ પીને છોકરાઓના ફોન આવે કે “હમકો આજ ખાના ભી નહીં મિલા ઔર તુમ સો રહે હો?” ઘણીવાર આ બધી મહેનત વ્યર્થ લાગૈ છે. નાસીપાસ થઈ જવાય છે, પરંતુ સમય જતાં ઘડાતો જાઉં છું. ધીરજથી કામ લેતા શીખતો જાઉ છું .

આજે ય મારા બધાં જ વિદ્યાર્થીઓને મારા મોબાઈલ ફોનનો નંબર આપું છું પરંતુ બાંહેધરી લઉં છું કે તેમણે બે નિયમો પળાવાના.

•મને ફોન કરવાને બદલે SMS કરવાનો. હું જ સમય મળ્યે તમને ફોન કરીશ.

•હુ૧૧થી ૭માં જ તમને ફોન કરીશ.

આ સિવાય કોઈપણ સમયે તથા રવિવારે હું ફોન નહીં ઉપાડું કે કરું: આજે ય હું મોટાભાગના યુવાનોને નામથી જ બોલાવું છું .

હા, કામ તથા સમજ પ્રત્યેની આવી નિષ્ઠાને કારણે અંગત જીવનનો ભોગ લેવાઈ જાય તે હકીકત સ્વીકાર્યો જ છૂટકો. મારી પત્નીનો સતત સહકાર મળ્યો છે. અગાઉ તો હું મહિનાના ૨૦-૨૫ દિવસ ગામડાંઓમાં રખડતો. અરૈ, મારો પાંચ વર્ષનો દીકરો તો મને ઘરમાં જોતાંની સાથે પૂછે છે, “પપ્પા, હવે તમે ક્યારે પાછા જવાના છો?” મહિનામાં બે અઠવાડિયાં તો હું ટૂર પર જ હોઉં છું. આઠ વર્ષ અગાઉ ખરીદેલી કાર આજે ય વાપરું છું. મને ખોટા દેખાડા કે ભપકાનો શોખ જ નથી. હું અિયમિત પગાર લઉં છું પરંતુ એ નાણાં પણ કંપનીમાં જ રોકું છું.

ભગવાન બુદ્ધને જેમ એક પીપળાના વૃક્ષ નીચે કેવળ જ્ઞાન' લાધ્યું હતું તેમ મારા વિદ્યાર્થીઓને પણ આ “પિપલ-ટ્રી' માંથી જ્ઞાન મળે તથા તેમના જીવનમાં દિવ્યતાનો પ્રકાશ ફેલાય તેવું હું ઈચ્છું છું .”

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

આ દેશને “સોશિયલ ઍન્ટરપ્રિન્યોર્સ'ની તાતી જરૂર છે. આપણા રાજકારણીઓ આ ક્ષેત્રે તદન ઊણા ઊતર્યા છે .

એક બાબત પર ખાસ ભાર મૂકીશ. ખરેખર સમાજનું ત્છણ ફેડવાની ભાવના હોય તો જ આ ક્ષેત્ર ખેડવાનું સાહસ કરજો .

નિષ્ફળતાઓ મળશે , નિરાશા તમને ઘેરી વળશે, તમે જેમને મદદ કરશો તે બધાં તમારો આભાર માનવા દોડતા નહીં આવે. હા, ગામડાંના ભલા, માયાળુ માનવી તેમની આગવી શૈલીમાં ક્યારેક તમારો આભાર માને ય ખરા. પરંતુ અપેક્ષા ન રાખશો .

નારિયેળ જેવી પ્રકૃતિ કેળવજો . અંદરથી નરમ અને ઉપરથી સખત. તો જ વિશ્વાસ અને માનને પાત્ર બનશો.

હા, એક વાત ન ભૂલતા. જુવાનીનું રળ્યું ને અધરાતનું દળ્યું ક્યારેય નકામું નથી જતુ . થોડીઘણી બચત સંઘર્ષના દિવસોમાં ખૂબ વહાલી લાગશે. એ હિમત નહીં હોય તો તમે ટકી જ નહીં શકો.

---

* બંને હૈદ્રાબાદની તથા ભારતની જાણીતી કન્સ્ટ્રક્શન કંપનીઓ છે.



કામ નહીં, તો દામ નહીં

દિનબંધુ સાહુ
'પોજેક્ટ ચિલ્કા'

'મરીન બાયોલૉજિસ્ટ' તરીકે દિનબંધુ સાહુ આખી જિંદગી એરકન્ડિશન્ડ લેબોરેટરીમાં રિસર્ચમાં ગાળી શક્યા હોત! પરંતુ તેમણે તો ખરા અર્થમાં લોકજીવન સાથે સંશોધનોને સાંકળીને 'પ્રોજેક્ટ ચિલ્કા'ની શરૂઆત કરી. ઑરિસ્સાના અત્યંત છેવાડાના દરિયા કિનારાનાં ગામોમાં તેઓ ગરીબોને 'માછલીની ખેતી' શીખવીને 'નીલી ક્રાંતિ'ના પ્રણેતા બન્યા છે. વિશ્વના અસંખ્ય છેવાડાના ખારવાઓને આશાનું નવું કિરણ આ પ્રોજેક્ટે દેખાડ્યું છે.

હું આમ તો વૈજ્ઞાનિકોની કૉલોનીમાં જ મોટી થઈ છું, કેમ કે મારા પપ્પા પણ વૈજ્ઞાનિક હતા. મોટે ભાગે દાઢીવાળા, ખોખલાં કપડાં અને જાડા કાચનાં ચશ્માંવાળાં ચાલીસીએ પહોંચેલા લોકો જ અમારા પડોશી હતા.

નાની હતી ત્યારે ઘણી જિજ્ઞાસા થતી, કે આ બધાં શું કરતા હશે? એકાદ વાર તો મેં પપ્પાને પૂછ્યું પણ હતું, "પપ્પા, તમે આખો દિવસ પ્રયોગશાળામાં શું કર્યા કરો છો? એનાથી લોકોને કાંઈ લાભ થાય ખરો?"

મને સંતોષ થાય એવો જવાબ મારા પપ્પા મને ક્યારેય આપી શક્યા ન હતા.

જો કે મોટી થઈ ત્યારે પાયાનાં સંશોધનોનું સમગ્ર માનવજીવન માટે કેટલું મહત્ત્વ છે તે મને સમજાયું. નવા રોગોને મટાડે તેવી દવાઓ , ઉત્તમ ચીજવસ્તુઓ બનાવી શકે તેવાં મશીનો તથા લોક જીવનને સીધી કે આડકતરી રીતે મદદરૂપ થાય તેવી ચીજોના અનેક વૈજ્ઞાનિકોએ જીવનભર પ્રયોગશાળાઓમાં જ રહેવું પડે છે.

આજે હું એક એવા માણસને મળવાની છું, કે જેણે વિજ્ઞાનની સેવામાં અને બહુજનહિતાય સંશોધનમાં જીવન ન્યોચ્છાવર કર્યું છે. દિનબંધુ સાહુએ સમુદ્રમાં ઊગતી સેવાળ અંગેનાં સંશોધનમાં માત્ર અભ્યાસુ તરીકે નહીં પરંતુ કીડા તરીકે ફરી વળીને અસંખ્ય લોકો માટે જીવનનિર્વાહનો રસ્તો સાફ કર્યો છે. "ચિલ્કા પ્રોજેક્ટ' અન્વયે તેઓ ગામડાંના ગરીબ ખેડુતોને સાચા અર્થમાં "દરિયો ખેડતા' શીખવી રહ્યા છે. સેવાળની ખેતી દ્વારા રોજી રળવાનો રસ્તો ચીંધી રહ્યા છે.

દીનબંધુઓને પોતાની જાતને 'ગરીબોના બેલી' તરીકે ક્યારેય નથી જોઈ, પરંતુ તેઓ છે જ! અત્યારે હું તેમની સાથે ઘાસ પર બેઠી છું. મચ્છર ક્યારેક સતાવી જાય છે... પરંતુ તેમની વાતો સાંભળવાની મજા આવે છે.

હું મનમાં વિચારું છું... કાંઈક કરવા માટે માણસે સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવાની જરૂર નથી... બસ તમારું કામ કર્યે જાઓ. પછી એ કામમાં જાન રેડી દો , ધીમે ધીમે ભૂલી જ જાઓ કે તમે "કામ કરો છો અને પછી જુઓ! જાદુ થાય છે કે નહીં!

કામ નહીં, તો દામ નહીં

દિનબંધુ સાહુ
'પોજેક્ટ ચિલ્કા'

"હું મંદિરોના શહેર જગન્નાથપુરી"માં મોટો થયો છું. અમારા આખા કુટુંબમાં કોઈ ભણ્યું જ નથી. હું પહેલો ગ્રેજ્યુએટ છું. નાનપણથી પડોશીઓનાં નાનાં બાળકોને ભણાવીને મારી ફીનાં નાણાં કમાઈ લેતો. ખૂબ મહેનતથી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો હતો પરંતુ કોઈક ટૅકિનિકલ ક્ષતિને કારણે મારું નામ બીજે નંબરે છપાયું. બસ, એ દિવસે જ મે નક્કી કરી દીધું , કે આ નાની જગ્યાને રામ રામ કરવાનો વખત આવી ગયો છે! કાંઈક બનવા માટે મેં દિલ્હી યુનિવર્સિટીમાં એપ્લાય કર્યું. માંડમાંડ દિલ્હી જવાના રૂ. ૮૦૦/- ભેગા કર્યા. મેં દિલ્હીમાં પહેલી રાત પણ સ્ટેશન પર જ કાઢી.

મને Botany (જીવવિજ્ઞાન) વિષયમાં M.Sc. કરવા માટે નેશનલ સ્કૉલરશીપ મળી હતી. બે વર્ષમાં ભણવાનું તો પતી ગયું હવે શું? મારા ક્લાસમાં શુન્જી હૉસાકા નામનો જાપાનીઝ વિદ્યાર્થી હતો . તેમણે મને કહ્યું, "હું જાપાન જઈને "તાશી શિમ્બુન' નામનો છાપામાં રિપોર્ટર તરીકે નોકરી કરવાનો છું. મે તારી વાત કરી છે. ચાલ મારી સાથે જાપાન!" પરંતુ મેં દિલ્હી યુનિવર્સિટીમાં રિસર્ચર તરીકે નોકરી સ્વીકારી લીધી હતી. મારી સાથેના અન્ય વિદ્યાર્થીઓની માફક હું સિવિલ સર્વિઝની પરીક્ષાની તૈયારી કરવા ઈચ્છતો હતો.

મારા જીવનમાં એક ચમત્કારિક બીના ન બની હોત, તો ભારતના અસંખ્ય યુવા-ગ્રૅજ્યુએટોની જેમજ હુ પણ નોકરીની તલાશમાં લાઈનમાં ઊભો રહી ગયો હોત... પરંતુ એ દિવસ મને બરોબર યાદ છે! મેં એન્ટાર્કિટા જતા ભારતના ગ્રુપના મેમ્બર તરીકે અરજી કરી હતી. એક દિવસ મને સરકાર તરફથી પત્ર મળ્યો કે ૧૯૮૭માં ભારત સરકારના "સાતમા ઈન્ડયન સાયન્ટીફિક એક્સપિડિશન'ના સર્વપ્રથમ વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે મારી પસંદગી કરવામાં આવી છે! મારા આનંદનો પાર ન રહ્યો! દક્ષિણ ગોળાર્ધના એ બર્ફીલા ખંડની કેવી હશે અલગ જ સૃષ્ટિ! બસ, બધું પડતું મૂકીને હું એ સાહસયાત્રાના સભ્ય તરીકે જોડાઈ ગયો!

એ યાત્રાએ મારી દષ્ટિ જ બદલી કાઢી. મેં ભારતની બહારની દુનિયા પહેલી વાર જોઈ. આપણો દેશ કેટલો પછાત હતો! નાના નાના દેશોએ પણ ગજબનું કાઠું કાઢેલું! એ અન્ય વિકસિત દેશો અને ભારત વચ્ચેના અંતરની તો વાત જ શી કરવી? ૧૯૮૯માં મેં દિલ્હી યુનિવર્સિટીમાંથી 2.82. પતાવ્યું અને હું હંમેશ માટે ભારતને રામ રામ કરીને અમેરિકામાં સ્થાઈ થયો . બેગણ વર્ષ ત્યાનાં સુખચેનથી અંજાયેલો રહ્યો... મોટું ઘર, રૂમે રૂમે કારપેટ, સેન્ટ્રલ એરકંડિશન- હીટિંગ, પહોળા રસ્તા... પરંતુ ધીમે ધીમે માંહ્યલો પોકારવા લાગ્યો. ભારત ચાલ! કુછ અલગ સોચ, દુસરે કે લિયે સોચ!

હું દિલ્ડી યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયો. એક મરીન બાયૉલોંજીસ્ટ માટે દિલ્હી કાંઈ શ્રેષ્ઠ જગ્યા નથી કેમકે -દરિયો ત્યાંથી ખાસ્સો દૂર છે, તેથી મારું સંશોધન મેં "ચિલ્કા સરોવર" વિસ્તારમાં શરૂ કર્યું. મુખ્ય કારણ એ છે કે હુ ઓરિસ્સામાં મોટો થયો છું તથા ફક્ત ચિલ્કા સરોવર ઉપરાંત ત્યાંના સમગ્ર પર્યાવરણ તથા માનવજીવનથી હું નાનપણથી પરિચિત હતો.

મને સેવાળ (Marine algae)ના સંશોધનમાં ભારે રસ પડ્યો . ઘણાં એને Seaweed તરીકે પણ ઓળખે છે. આ વનસ્પતિનાં પોષક તત્ત્વો વિષે ભારતમાં કોઈને ખાસ જાણકારી નથી. થાઈલૅન્ડ, ચીન,

જાપાન તથા અનેક એશિયન દેશોમાં સિ-વીડ (સેવાળ)ને રોજિંદા આહારમાં સ્થાન અપાયું છે. કારણ કે તેમાં પુષ્કળ વિટામિન અને મિનરલ્સ છે. આ ઉપરાંત રોજિંદા જીવનમાં વપરાતી અનેક ચીજવસ્તુઓમાં સિ-વીડના રસનો ઉપયોગ થાય છે, જેમ કે ટુથપેસ્ટ, આઈસક્રિમ, ટૉમેટો કેચપ, ચોકલેટ્સ, હૅર-ડાઈ, ટૅક્સ્ટાઈલ પ્રિન્ટિંગ તથા દવાઓ. તમને જાણીને નવાઈ લાગશે પણ આ રસ - જે 'અગર-અગર' નામે ઓળખાય છે - તેની પાછળ ફક્ત ભારતની કંપનીઓ વર્ષે દહાડે ૧,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચે છે!

ફિલિપાઈન્સમાં દસ હજારથી ય વધુ કુટુંબો આ સેવાળની ખેતી પર જ ગુજરાન ચલાવે છે. આપણા ઓરિસ્સાના ગંજમ વિસ્તારમાં આવી જ ખેતી શક્ય છે. લોકો તથા અન્ય સંસ્થાઓ આ બાબતની જાગૃતિ ફેલાવવા માટે મેં ઈ.સ. ૨૦૦૦માં Farming The Ocean' નામનું પુસ્તક પણ લખ્યું છે. આપણા દેશમાં તળાવોમાં તથા મોટા પુકુરોમાં સામુદ્રિક પર્યાવરણ ભયંકર ખતરામાં છે. આપણે ત્યાં કમાણી માટે પ્રૉન્સ, શ્રિમ્પ જેવી માછલીઓની ખેતી કરી કરીને દરિયાને જબ્બર ડહોળી દેવામાં આવ્યો છે. આ માછલીઓ સમુદ્ર તથા તળાવોની ઈકૉસિસ્ટમને ખલાસ કરી નાંખે છે.

સેવાળની ખેતી પર્યાવરણ માટે ફાયદાકારક છે. જો લોકોને આ ખેતીથી કમાણી થઈ શકે તો એ લોકો જરૂર આ ખેતી તરફ વળશે તેવો મને વિશ્વાસ હતો. વળી, એક એવું મૉડલ બનાવી શકાય, કે જે ભારતના લાંબા દરિયાકિનારાના કોઈ પણ વિસ્તારમાં ચાલે. કામ તો સહેલું હતું - બે જ વસ્તુ કરવાની હતી. સ્થાનિક પ્રજાને 'સિ-વિડ' ઉગાડવાની તાલિમ આપવાની હતી અને સામે પક્ષે મોટાં ઉદ્યોગગૃહો સાથે તે પાક ખરીદી લેવા માટે કોન્ટ્રેક્ટ કરવાનો હતો . ભાવ પહેલેથી જ નક્કી થઈ જાય તે ખાસ જરૂરી હતું. એમ થાય તો જ ખેડૂતોને પણ આવકની ગેરંટી મળે. ધીમે ધીમે ઉત્પાદન વધે તો ખેડૂતોની સહકારી મંડળીઓ પણ પોતાની સી-વિડનો અર્ક પીલી લેવાની ફેક્ટરી નાંખી શકે. (તામિલનાડુમાં સેવાળની કાયમી ખેતી કરતા ૫૦૦૦ કુંટુંબોએ પોતાની ફેક્ટરી નાંખી પણ દીધી છે)

કામ સહેલું ય છે, ને અઘરું ય છે, કારણ કે સેવાળનું ઉત્પાદન એક વિજ્ઞાન છે. ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભજીયાંની જેમ વેચાઈ જાય તેવી ચાર પ્રકારની સેવાળ અમે જુદી તારવી છે. તમે માનશો નહીં પણ દર વર્ષે દસ ટકાના દરે આ ચારેય પ્રકારની સેવાળના રસની (Seaweed extract) માંગ વધતી જાય છે.

ભારતમાં જ શહેરો અને સમુદ્રકિનારાનાં ગામડાંઓ વચ્ચે ભારે
આર્થિક અને સામાજિક વિસંગતતાઓ છે. મોટાં શહેરોમાં કદાચ
એક રૂપિયાની કાંઈ જ કિંમત નથી પરંતુ અહીં ઓરિસ્સાના
દરિયાકેનારાના ગામડાંઓમાં દસ પૈસાની ય ભારે કિંમત છે.

હું વૈજ્ઞાનિક હતો, બિઝનેસમૅન નહીં! તેથી જ, મેં સૌથી પહેલા ગવર્નમેન્ટના વિવિધ ખાતાંઓનો સંપર્ક કર્યો. કેટલાય મિનિસ્ટરો અને બાબુઓની ઓ ફિસોનાં પગથિયાં ઘસી કાઢયાં... બધાંનો એક જ જવાબ, “ભાઈ, આઈડિયા તો અચ્છા હૈ મગર ઉપર સે પરમિશન લે કેઆઓ.” અંતે, હારી-થાકીને મેં ભારતના “ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી (DST) નો સંપર્ક સાધ્યો. આ ખાતા પાસે પ્રજાકીય જીવનને સીધી અસર કરી શકે તેવા હકારાત્મક પ્રોજેક્ટસ માટે ખાસ્સુ ભંડોળ હોય છે. DST ની કમિટી બેઠી. તેમણે મારા પ્રોજેક્ટ માટે ત્રણ વર્ષના ગાળા માટે વીસ લાખ રૂપિયા મંજૂર કર્યા.

મેં ભારતનાં બધાં જ રાજ્યોના દરિયાકિનારાનાં ગામોમાં સામૂહિક રીતે કામ લાગે તેવું મૉડલ તૈયાર કર્યું.

આ મોંડલમાં મુખ્ય કામ સામુદ્રિક ખેતી કરી કે તેવા ખેડૂતોની તાલિમનું છે . ચિલ્કા સરોવરથી અમે શરૂઆત કરી હોવાથી હાલમાં સમગ્ર ભારતમાં આ માંડલ "ચિલ્કા મૉડલ' તરીકે ઓળખાય છે.

સેવાળની ખેતીની મજા એ છે, કે એમાં તમારે કાંઈ કરવાનું હોતું નથી! એ એની જાતે જ બેવડાય છે. બસ, નક્કી કરેલ વિસ્તારમાં તમે રોપો નાંખો એટલે, રાજાની કુંવરીની જેમ, દિવસે ન વધે તેટલો રાત્રે વધે! બરોબર પિસ્તાલિસમાં દિવસે ઉગેલો પાક લણી લેવાનો . આ ધંધામાં ખાસ રોકાણ કરવાનું રહેતું નથી. હળની જરૂર નહીં, ટ્રેક્ટર કે બળદ ન જોઈએ, પાણી ખાતર કે જંતુનાશક દવાઓની તો વાત જ નહીં! હા, તળાવ કે પાણીનો જે વિસ્તાર હોય તે સહિયારી માલિકીનો હોય, એટલે પેદાશની આવક પણ પરસ્પર સમજૂતીથી વહેંચવી પડે. ગામડાંની ભોળી પ્રજામાં હજુ શહેર જેવો સ્વાર્થનો વાયરો વાયો ન હોવાથી આ બાબતે પ્રશ્ન ઊભા થતા જ નથી.

સૌ પ્રથમ અમે ચિલ્કા સરોવરનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કર્યો . તળાવની ખારાશ (Salinity), તાપમાન અને અંદરના વહેણનો અભ્યાસ જરૂરી છે કેમકે દરેક વિસ્તારની આબોહવા અને પાણીની ક્વૉલિટીની સેવાળના ઉછેર પર સીધી અસર થાય છે . કયા પ્રકારની સેવાળ કયા વિસ્તારમાં ઉગાડવી વધુ ફાયદાકારક રહેશે તે આ અભ્યાસ પરથી નક્કી થાય છે.

આ પછી સૌથી અગત્યનું કામ શરૂ થાય છે. સાદી અને સરળ ભાષામાં સ્થાનિક ખેડૂતોને સેવાળના ઉછેરનું મહત્ત્વ સમજાવવાનું કામ તથા તેમને તાલિમ આપવી. અત્યાર સુધીમાં ઓ રિયા ઉપરાંત અમે આ તાલિમનું અન્ય ત્રણ ભાષાઓમાં ભાષાંતર કર્યું છે. તામિલ, તેલૂગુ અને મરાઠી. ચિલ્કા સરોવર વિસ્તારમાં ફેબ્રુઆરી, ૨૦૦૯માં "ગ્રાસિલરિયા' નામની સેવાળના ઉછેરની સર્વપ્રથમ તાલિમ 'સાતપડા' નામની સાઈટ પર આપવામાં આવી હતી.

સ્થાનિક NGO તથા SHG (સેલ્ફ હૅલ્પ ગ્રૂપ્સ) દ્વારા જ સમગ્ર પ્રવૃત્તિનું સંચાલન થાય છે. મારો રોલ ટ્રેઈનર તરીકેનો છે. હું બધાંને ભેગા કરું તથા જ્ઞાન વહેંચું છું. સેવાળની ખેતીની ખરી મજા એ છે, કે આ કામ સાવ જ સહેલું છે. તેમાં વાંસના થોડા ડંડા, નાયલોનનાં દોરડાં, ફાટી ગયેલી માછલી પકડવાની જાળો તથા હથોડા સિવાય પાંચમી કોઈ જ ચીજની જરૂર નથી પડતી. હા, મહેનત તો કરવી જ પડે... પણ તે તો કયા ધંધામાં નથી કરવી પડતી?

અમે દરિયાઈ ખેતી કરતા આ ખેડૂતોને 'રાફ્ટ કલ્ચર' (તરાપા પદ્ધતિ) શીખવી છે. આ પ્રકારની ખેતી કરતાં શીખ્યા બાદ ચિલ્કા તળાવની '"લંગલેશ્વર' સાઈટ પર ચાર સ્ત્રીઓએ '"જી.વેરૂકોઝા" પ્રકારની સેવાળની વિપુલ માત્રામાં ખેતી કરી છે . પંદર જ દિવસમાં આનાં પરિણામો દેખાશે.

સેવાળની ખરીદ કિંમત નક્કી છે . દસ રૂપિયે કિલો ! કોઈપણ ખેડૂતને મહિને રૂ. ૫૦૦૦/-ની કમાણી તો સહેજે થઈ જાય. ઓરિસ્સાની ગરીબ પ્રજા માટે રૂ. ૫૦૦/- પણ ઘણી મોટી રકમ છે. હા, સરકાર

વૈજ્ઞાનિક બનીને રિસર્ચ પેપર છપાવવાં અને તેને માટે વાહવાહ
મેળવવી એક બાબત છે, પરંતુ ખરો પડકાર એ સંશોધનનો અતે
ટૅક્નોલૉજીને પ્રજાજીવનના ફાયદા માટે કામે લગાડવાનો છે -
જ્યાં ૯૯% પ્રયત્નો નિષ્ફળ જ જાય છે.

'NREGA' અન્વયે બાંધકામના મજૂરોને આનાથી વધારે રોજી આપે છે, પરંતુ એ કામ રોજ પર હોય છે તથા વરસાદ કે ઠંડીમાં સાઈટ પર મજૂરો કામ ન કરી શકે તો આવક મળતી નથી, જયારે આ કામ

બારમાસી છે. જુઓ, તમને સમજાવું! ત્રણ માણસનુ એક કુટુંબ પાંચ એકરના જળવિસ્તારમાં રોપા નાંખવાનું શરૂ કરે, તો પિસ્તાલિસમા દિવસે તો તેમનો પાક લણવા માટે તૈયાર હોય! અને લણણી વખતે જ બીજી ખેતી ચાલુ થઈ શકે છે. આમ આ ચક્ર બંધ થઈ શકે તેવું જ નથી. આમાં રોજિંદી અને કાયમી આવક મળે છે.

તમે જૂની ચાઈનીઝ કહેવત સાંભળી જ હશે, કે માણસને એક માછલી આપો તો એક દિવસનું ભોજન થઈ જશે. હું એમાં આગળ વધીને કહેવા માગુ છું કે, 'માણસને દરિયાઈ ખેતી કરતા શીખવો ને જીવનભરનું ભથ્થું બાંધી આપો .'

અમારો કાર્યક્રમ સફળ થયો છે પરંતુ સરકારી મદદના અભાવે બધું મંથરગતિએ ચાલી રહ્યુ છે. લોકોને આવક પૂરી પાડવી એ તો આ પ્રોજેક્ટની ફક્ત એક જ બાજુ છે પરંતુ આપણા દરિયાઈ પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ એ આ પ્રોજેક્ટની વધુ અગત્યની બીજી બાજુ છે. માછલીની ખેતી અહીં ખૂબ જ પ્રચલિત છે પરંતુ એ દરિયા માટે ઝેર સમાન છે.

“અઍક્વાકલ્ચર' - જેમાં દરિયાના પાણીમાં બજારમાં વેચાઈ શકે તેવી માછલીઓની ખેતી કરવામાં આવે છે. તેમાં રાસાયણિક ખાતર ઉમેરવામાં આવે છે. જ્યારે સેવાળની ખેતી એક 'ફૉટોસિન્થેટિક પ્રોસેસ' છે. અહીં લીલી વનસ્પતિ (સેવાળ) કાર્બન ડાયોક્સાઇડ અને પાણીની મદદથી સૂર્યપ્રકાશની હાજરીમાં ઓક્સિજન અને વિવિધ ઉપયોગી સંયોજનો બનાવે છે . આને કારણે પાણીના કાર્બનને ચૂસી લેવાની શક્તિમાં વધારો થાય છે.

પાણીમાંથી કાર્બન ડાયોક્સાઇડને કાઢવાનો પ્રોજેક્ટ એ વિશ્વના પ્રત્યેક દેશ માટે ભવિષ્યનો મોટામાં મોટો પડકાર છે. હું પોતે એશિયા-પેસિફિકના અગિયાર મુખ્ય દેશોના સંગઠનનો એક પ્રતિનિધિ છું.” સાહુ વાતનો વિસામો લે છે.

મારાથી પૂછ્યા વગર નથી રહેવાતું, “ભારતના અભણ નાના ગલ્લાવાળા કે રિક્ષાવાળાઓને દરિયાની ગંદકી 'ઍસિડિફિકેશન ઑફ વૉટર' વિષે આપણે કેવી રીતે સમજાવી શકીશું? અરે, સમુદ્રકિનારે રહેતા લોકોને જ જયાં દરિયાની કે પર્યાવરણની પડી નથી ત્યાં બીજાની તો શી વાત કરવી?”

“બહેન, તમારી વાત સો ટકા સાચી છે , પરંતુ આપણા જેવા ભણેલા લોકો જ જો હિમત હારી જશે તો શું થશે? હું મારા દરેક ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ફક્ત 'ચિલ્કામાં સેવાળની ખેતી' વિષે જ વાત નથી કરતો. છું ત્યાંના પર્યાવરણ, લોકજીવન, સૌંદર્ય તથા તે સૌંદર્ય કેટકેટલાં લેખકો અને કલાકારો માટે પ્રેરણાસ્રોત્ર બન્યું છે તેની વાતો ય વણી લઉં છું. અરે, અમે “ચિલ્કા ધ અનટોલ્ડ સ્ટૉરી' નામની ડૉક્યુમેન્ટરી ફિલ્મ પણ બનાવી છે. એમાં થયું એવુ કે મેં બંગાળના સુંદરવન પર બનેલી એક ડૉક્યુમેન્ટરી ફિલ્મ જોઈ. બંગાળની એક સેવા સંસ્થાએ જ ફિલ્મ બનાવી હતી. મેં એમને મારો એક ટ્રેઈનિંગ પ્રોગ્રામ જોવા આમંત્રિત કર્યા. મેં એ પ્રોગ્રામનું ફિલ્મિંગ પણ કરાવ્યું. એ વખતે જ અમને સ્ટૉરી સાથે અ વિષય પર એક ફિલ્મ બનાવડાવવાનો વિચાર સ્ફૂર્યો . મેં ફક્ત ત્રણ પાનાંની સ્ટોરી લખી . તેના પરથી સ્ક્રિપ્ટ લખવામાં આવી. અમે કૅમેરા ટીમ ભાડે રાખી. ત્રણ-ચાર પ્રયત્ને ખૂબ સુદર પિક્ચરાઈઝેશન ધરાવતી ફિલ્મ બની. મોટાભાગના નાણાં મેં પોતે જ ખર્ચ્યા છે પરતુ “નેચર એન્વાયર્નમેન્ટ વાઈલ્ડલાઈફ સોસાયટી (1૫[-0/5) નામની સેવાકીય સંસ્થાનો પણ સહકાર મળ્યો છે. તેમણે તેમનો કલકત્તાનો સ્ટુડિયો વાપરવા આપ્યો તથા શ્રી વિશ્વજીત રૉય ચૌધરીને અમારા કો-ડાયરેક્ટર તરીકે ન સ્વીકારું તો નગુણો ગણાઉ.

આ ફિલ્મ સ્વિડનની “સ્વિડિશ ઈન્ટરનૅશનલ ડૅવલપમેન્ટ એજન્સી' (SIDA) ને બતાવવામાં આવી

ત્યારે તેમને એટલી ગમી, કે તેમણે 'ચિલ્કા' ને "પ્રોજેક્ટ ઑફ ચેઈન્જ' તરીકે સ્વીકાર્યો. આ પ્રોજેક્ટ ફક્ત ભારતમાં જ નહીં, માલદીવ અને થાઈલેન્ડમાં પણ સ્વીકૃતિ પામ્યો છે.

"દીનબંધુ, મારા એક છેલ્લા પ્રશ્નનો જવાબ આપશો? તમે તો વૈજ્ઞાનિક છો. લેબોરેટરીના આરામભર્યા વાતાવરણમાં સંશોધન કરીને પેપરો પબ્લિશ કરી શક્યા હોત, ઈન્ટરનૅશનલ કૉન્ફરન્સિઝ ઍટેન્ડ કરી શક્યા હોત... આ ગરીબ, અભણ પ્રજાની વચ્ચે વાસ્તવિક દુનિયામાં જભ્ભો પહેરીને ફરવામાં તમારા જેવા આવા અભ્યાસુ વૈજ્ઞાનિકને ખરેખર આનંદ મળે છે?

"જરૂર. ત્રીસ વર્ષ પછી ખરેખર મારા જીવનની મજલના રસ્તે પાછો વળીને જોઈશ ત્યારે વધુ સંતોષ મળશે. આ સમાજને મારા થકી નાનો શો ય લાભ થયો હશે તો મારી જાતને બડભાગી સમજીશ અને જે માણસ આ રીતે ન વિચારે તેનું જીવન વ્યર્થ છે. અરે, મારે તો ટ્રેઈનિંગ પ્રોગ્રામ કરવા માટે ગાંઠના ગોપીચંદન કરવાં પડે છે . મેં કોઈ "કંપની' નથી શરૂ કરી, મને વધારાના કામ માટે "ઓવરટાઈમ' નથી મળતો . યુનિવર્સિટીમાં રજાની અરજી મૂકીને કપાતા પગારે સેવા કરવી પડે છે. પણ આ દેશની આ જ બલિહારી છે, ઠીક છે.

આ ખેતીની કેટલી આવક થઈ, કેટલો ટર્નઓવર થયો તેનો હું કોઈ હિસાબ નથી રાખતો. જે તે NGO અને SHGનું એ કામ છે. હું કાંઈ વેપારી નથી. હા, કોઈ મોટી કંપનીને મારી ટૅક્નાલૉજી ખરીદવામાં રસ હશે તો હું તેમની પાસે કિંમત વસૂલ કરીશ, પણ આ ગરીબ પ્રજાને ચૂસવામાં મને કોઈ રસ નથી.

જીવનમાં સૌથી અગત્યની કોઈ બાબત હોય તો ગુડવીલ, શાખ છે. ગમે તેટલુ કમાઓ, પેટ તો મુટ્ટી જેટલું જ રહેવાનું છે! મારી પત્ની પણ નો કરી કરે છે. દિલ્હીમાં ઘરનું ઘર છે . બીજું શુ જોઈએ? હા, એક બાબતનો હંમેશ અફસોસ રહે છે. કુટુંબ માટે ઝાઝો સમય નથી મળતો . ફિલ્ડવર્ક ઘણો સમય લઈ લે છે. પરંતુ મારા Ph.D. ના વિદ્યાર્થીઓ પણ આ પ્રોજેક્ટ પાછળ ગાંડા છે . મારા ખભેથી તેમણે ઘણો ભાર ઉતારી લીધો છે . બહેન, આપણે ગ્રીન રિવૉલ્યુશન જોયું, પછી દૂધ ક્ષેત્રે ક્રાંતિ (વ્હાઈટ રિવોલ્યુશન) જોયું. હવે તમે "બ્યુ રિવૉલ્યુશન' જોવાની તૈયારી રાખજો. દરિયાના પાણોને નાથીને આપણે "ભૂરી ક્રાંતિ' કરવાના છીએ .

બહેન અહીં ઓરિસ્સામાં કુપોષણ (Malnutrition) નો મોટો પ્રૉબ્લેમ છે, એ તો તમને ખબર જ હશે. લોકોને ખાવાના સાંસાં છે. તમને ખબર છે, ૧૦૦ ગ્રામ સેવાળમાં એક કિલો શાકભાજી જેટલું પોષણ મળે છે?"

ના, મને ખરેખર ખબર નથી. હા, પણ મને એટલી તો ખબર છે કે દુનિયાનું ભલુ કરવાની ભેખ લઈને નીકળી પડેલો એક વૈજ્ઞાસિક સરકારને ખર્ચે તાગડધિન્ના કરતા સો 105 ઑફિસર કરતાં તો સારો જછે!

ચાલો, આપણે પણ જૂની વિચારધારાઓને ઉખાડી ફેંકીએ અને નવા વિચારોનાં બીજ રોપીએ . સમાજનું ભલું કરી શકે તેવા નમ્ર સેવાળ જેવાં બીજ...

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

આ સમાજે તમને શું નથી આપ્યું? તમને પણ કાંઈક પાછું વાળવાની ઈચ્છા નથી થતી? તો રાહ જોયા વગર તમે પણ તમારાથી જે કાંઈ સારું થાય, એકાદ વ્યક્તિનું ય ભલું થાય તો કરવા લાગો.

જો દરેક માણસ એમ વિચારશે- કે હું મારી નોકરી! ધંધો તો કરું જ છું ને? જો આવા સંકુચિત વિચારો

જ હશે તો આ સમાજ ક્યાં જઈને અટકશે? ઘણાં તો પોતાનાં નોકરી-ધંધા છોડીને સમાજનું ૠણ ચૂકવવા નીકળી પડ્યા છે. મારા માટે એ શક્ય નથી છતાં ય ઘણું બધું કરી શકું છું. મને મારા કામથી ઘણો સંતોષ મળે છે, તમને પણ મળશે તેની ખાતરી આપું છું.



ગાંવ ઓર ગલી કો પાઠશાલા

આનંદ કુમાર
'સુપર ૩૦'

આનંદકુમાર ગણિત [િષયના ટ્યૂશન ક્લાસિસ ચલાવતા હતા. જો કે ૨૦૦૨માં એક કૌતુક થયું! એક અખતરા તરીકે જ તેણે ત્રીસ અત્યંત ગરીબ, છતાં ય તેજસ્વી વિદ્યાર્થીઓને ટયૂશન આપવાનું બીડું ઝડપ્યું. ૨૦૦૮માં આ ત્રૌસેત્રીસ વિદ્યાર્થીઓએ ભારતની સૌથી અઘરી ગણાતી IITની JEE (જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ પાસ કરીને અસંખ્ય તેજસ્વી વિદ્યાર્થીઓને મહેનત કરવાનો ઉત્સાહ બક્ષ્યો. ભારતના ગામે ગામની ગલીએ ગલીમાં ગરીબ વિદ્યાર્થીઓને આ સફળતાએ 'કાંઈક કરી બતાવવા'ની પ્રેરણા આપી છે.

કોઈપણ શહેરમાં પ્રવેશો ત્યારે જાહેરખબરોનાં મોટાં મોટાં બિલ બોર્ડ્ઝ જોવા મળે છે. એ પાટિયાં તમને શહેર વિષે ઘણી બધી માહિતી આડકતરી રીતે આપી દે છે. એ શહેરના લોકો તથા તેમના ગમા-અણગમાથી પણ તમે પરિચિત થઈ જાઓ છો.

પટનામાં તમને ગલીએ ગલીએ 'IIT' કૉચિંગ'ની જાહેરાતનાં પાટિયાં દેખાશે . ભારતના મોટાભાગના વિદ્યાર્થીઓ માટે IIT માં એડમીશન મળવું એટલે વટનો સવાલ છે, પણ બિહારમાં તો એ જીવન-મરણનો પ્રશ્ન છે . ખરેખર કહું છું! ભણો , ગણો IITમાં જાઓ અને લાઈફ બનાવો. ઠોઠ નિશાળિયા માટે બિહારમાં કોઈ ભવિષ્ય નથી, કેમ કે એ રાજય તદ્દન પછાત ગણાય છે. ત્યાં નવી નોકરીઓ છે જ નહીં. (જો કે પરિસ્થિતિ હવે ઝડપથી બદલાઈ રહી છે).

આ સિચ્યુએશનમાં આનંદ કુમારની એન્ટ્રી પડે છે. ગણિતના ખાં! તેમણે પણ કૉચિંગ ક્લાસ શરૂ કરી દીધા. બિહારમાં સૌથી વધુ ચાલતો આ રોકડીનો ધંધો છે . પરંતુ એક દિવસ એમને એક પ્રયોગ કરવાનુ મન થયું. જે વિદ્યાર્થી હોશિયાર છે, જેને દિલોજાનથી ભણવું છે, પરંતુ ફી ભરવાના પૈસા નથી તેમનું શું?

તેમણે ચીંથરે વીંટયા રતન જેવા શસ ગરીબ પરંતુ ચબરાક વિદ્યાર્થીઓની બેંચ બનાવી. બધાંને મફતમાં IIT ની પ્રવેશ પરીક્ષાની તાલિમ આપવી શરૂ કરી. આ પ્રયોગનું નામ છે "સુપર થર્ટી'. બસ આ પ્રયોગે એક જુદા જ સામાજિક સ્તરમાંથી ઉપર આવેલા સુપર હોંશિયાર વિદ્યાર્થીઓ માટે IIT નાં અને જીવનનાં દ્વાર ખોલી નાખ્યાં . અહીં "અનામત'ની વાત નથી પરંતુ 'અનામત'નાં ધોરણોને ઉઠાવવાની

વાત છે.

'સુપર થર્ટી'ની જબરદસ્ત સફળતાએ સહુને એક બાબતની પ્રતીતિ કરાવી છે, કે કારકિર્દી માટે સૌથી અગત્યની એક જ ચીજ છે અને એ છે હોંશિયારી. એક ઉત્તમ શિક્ષક વિદ્યાર્થીઓ પાસેથી આવું સરસ કામ લઈ શકે તેનો આ શાનદાર નમૂનો છે.

આવા હજારો વિદ્યાર્થીઓ જ ભારતની શાનને નવો આયામ આપશે અને એક એવો જુવાળ ઊભો કરશે કે જે આવતી પેઢીને નવા ભારત તરફ દોરી જશે.

ગાંવ ઔર ગલી કી પાઠશાલા

આનંદ કુમાર
'સુપર ૩૦'

"હુ પટનાના નીચલા મધ્યમવર્ગીય કુટુંબમાં જન્મ્યો. બાબુજી પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં ક્લાર્ક હતા. નોકરી કાયમી ખરી, પણ કુટુંબ એટલું બહોળું કે મહિનાના આખરી દિવસો તો માંડ માંડ પૂરા થાય. પાછો પગાર થાય એટલે ગાડું ગબડે. હું "પટના હાઈસ્કૂલ'માં ભણ્યો છું. આમ તો સરકારી નિશાળ એટલે ભણવામાં ભલીવાર ન જ હોય, પરંતુ મારા વિચારો પહેલેથી જ ઉંચા. મેરા સપના થા કિ મૈં સાયન્ટિસ્ટ બનું. મારા મિત્રો જયારે ક્રિકેટ ટીચતા હોય ત્યારે હું વિજ્ઞાનના પ્રયોગો કરતો હોઉં, મોડલ્સ બનાવતો હોઉં, વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકોનાં જીવનચરિત્રો વાંચતો હોઉં.

નવમા ધોરણમાં આવ્યો ત્યારે મને એક સત્ય સમજાયું. વૈજ્ઞાનિક બનવા માટે ફક્ત મોડલ્સ બનાવવાને બદલે ગણિતમાં એક્કા થવું પડશે. બસ, એ દિવસથી જ મેં મારી જાતને ગણિત વિષયમાં ડુબાડી જ દીધી. દસમાં ધોરણ બાદ મેં પ્લસ ટુ માટે બિહાર નૅશનલ કોલેજમાં (BN College) પ્રવેશ મેળવ્યો. હાયર સેકન્ડરી પાસ થયા પછી ફરીથી હુ મૂઝાયો. બિહારમાં ગરીબી એટલી છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ ડૉક્ટર કે એન્જિનિયર જ બનવા ઈચ્છે છે . જેથી આવક તો મળી રહે! એ ન થવાય તો IAS કરવાનું. સરકારી નોકરી જિંદાબાદ. પરંતુ મને આમાંના કોઈપણ ક્ષેત્રમાં રસ ન હતો . મારે તો બસ મૅથેમેટિશિયન જ બનવું હતું.

જયારે જ્યારે નવરો પડું ત્યારે હું બસ ગણિતના નવા નવા દાખલા, કૂટપ્રશ્નો અને સમીકરણો , ભૂમિતિ અને પ્રમેયોમાં ડૂબી જતો . એક જ દાખલાને ગણવાની અનેક રીતો શોધી કાઢતો . આ ગાળામાં મારી ઓળખાણ પટના યુનિવર્સિટીની સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ . દેવીપ્રસાદ વર્મા સાથે થઈ. આજની તારીખે પણ તેઓ બિહારની તથા દેશની સમગ્ર શૈક્ષણિક જમાતમાં અત્યંત માનભર્યું સ્થાન ધરાવે છે. મેં મારા વિચારો તેમની પાસે વ્યક્ત કર્યા. મારી અનેક નવી ફૉર્મ્યુલા તેમને બતાવી.

પ્રૉફેસર વર્માએ મને ખુબ પ્રોત્સાહન આપ્યું . તેમણે મારાં બનાવેલાં પ્રેઝન્ટેશનો મઠારીને દેશ-વિદેશની અનેક જનરલ્સમાં મોકલ્યાં. બ્રિટનની અત્યંત જાણીતી અને માનભરી જનરલ '"મેથેમૅટિકલ એજન્ટે' મારી ફોર્મ્યુલા છાપી પણ ખરી. આ જનરલના એડિટર ડૉ. જી. એચ. હાર્ડી હતા. જે સી. રામાનુજનના શિક્ષક હતા. આવી પ્રતિષ્ઠિત જનરલ્સમાં મારા પેપર્સ છપાયાં એટલે મારું તો શેર લોહી ચડ્યું. મેં ૧૯૯૪માં બ્રિટન તથા સમગ્ર વિશ્વમાં વિખ્યાત કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં પૉસ્ટ ગ્રેજ્યુએશન માટે અરજી કરી.

દુઃખ તો એ વાતનું હતું, કે એડમિશન મળ્યું પણ અર્ધી જ સ્કૉલરશીપ મળી. અમારા કુટુંબની હાલત જોતાં નાણાકીય મદદ વગર બ્રિટન તો શું, બૉમ્બે સુધી ય જવું મારા માટે શક્ય ન હતું. મારા બાબુજીની ઘણી ઈચ્છા કે હુ કોઈપણ હિસાબે આ તક જતી ન કરું, તેથી તેમણે પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં નાણાકીય મદદ માટે અરજી કરી. ડિપાર્ટમેન્ટે તેમની લાંબી સર્વિસ જોતાં રૂ. ૫૦,૦૦૦/- મંજૂર કર્યા પણ વિધિની વક્રતા તો જુઓ! નાણાં હાથમાં આવે તે પહેલાં ૨૩મી ઑગસ્ટ, ૧૯૯૪ને દિવસે મારા બાબુજીનું અકાળે અવસાન થયું. અમે તો સાવ જ નોધારા થઈ ગયાં. જાણે કુટુંબ પર દુ:ખના ડુંગરા તૂટી પડયા. એમને નખમાં ય રોગ ન હતો. તે ઑફિસ ગયા હતા, ઘરે આવ્યા, જમ્યા, ઊંઘી ગયા ને પછી ઉઠયા નહીં! અમારા આખા કુટુંબને નદી પાર કરાવી રહેલી નાવ જ જાણે ડુબી ગઈ! હું તો રાતોરાત મોટો થઈ

ગયો. મારા પર આખા કુટુંબની જવાબદારી આવી ગઈ.

ગણિતના એક જ દાખલાને હું વિવિધ ફૉર્મ્યુલાથી ગણીને

સાચા જવાબ લાવવાના પ્રયત્નો

કર્યા જ કરતો.

કૅમ્બ્રિજનું એડમિશન જતું કરીને પટનામાં જ રહેવાનું મેં નક્કી કરી દીધું . આજથી આખું કુટુંબ મારા પર નિર્ભર હતું. મારા બાબુજીના સહકાર્યકરોએ મને સલાહ આપીઃ બેટા, તું કુટુંબનો જ્યેષ્ઠ પુત્ર છે. તને ડિપાર્ટમેન્ટમાં નોકરી મળી જશે. લઈ લે."

જો કે મને એ નોકરીમાં રસ ન હતો. હું તેમને કહેતો: "અંકલજી, હું તો સ્ટુડન્ટ છું. અભી સે નૌકરી મેં લગુંગા તો પઢુંગા કબ? મુઝે તો મેથેમેટિક્સ પઢના હૈ."

મારાં મા ખૂબ સમજદાર અને ઠાવકાં છે . પરિસ્થિતિથી હાલી જવાને બદલે તેમણે મને સહકાર આપ્યો. "બેટા, તું તારે ભણવાનું ચાલુ રાખ. આપણે રસ્તો કાઢીશુ ."" માની મદદથી અમે "આનંદ પાપડ'નો નાનકડો ધંધો શરૂ કર્યો. મારાં મા અને મહોલ્લાની અન્ય સ્ત્રીઓ રોજ બપોર પછી પાપડ બનાવે અને હું રાત્રે ઘેરઘેર ફરીને એ તાજા પાપડ વેચી આવું.

પાપડના ધંધામાંથી જે નફો થતો, તેમાં ઘરનો ખર્ચ નીકળતો તથા બાકીના રૂપિયા મારા નાના ભાઈને મોકલી દેવામાં આવતા. એ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ભણતો હતો. મેં પાપડની સાથે સાથે પૈસાદારોનાં બાળકોને ગણિતના ટ્યુશનો આપવા ચાલુ કર્યા. મને કહેતાં ય શરમ આવે છે , પણ એ બધાં એક જ અઠવાડિયામાં ભાગી જતા... "સર, તમારી ભણાવવાની રીત અમને નથી ગમતી..." હું વિચારતો, અરે, મને ભણાવતા ખરેખર નથી આવડતું? જો કે હું હિંમત હારું તેવો નથી. મેં રૂ. ૫૦૦/- બચાવ્યા હતા. તેમાંથી મેં નજીકની શાળામાં એક રૂમ ભાડે રાખ્યો . રોજ સાંજે પાંચ થી આઠ મેં ત્યાં ગણિતના ટ્યુશન લેવાનુ શરૂ કર્યું.

હું ૧૯૯૫-૯૬૪ની વાત કરું છું. એ વખતે મેં ફક્ત IIT ના વિદ્યાર્થીઓને જ તૈયાર કરવાનુ નક્કી નહોતુ કર્યું, મારા ક્લાસમાં ફક્ત એક જ વિષય ભણાવવામાં આવતો - ગણિત. It was a great ૬૫૦૦૯૦૬૬. કૉચિંગ સેન્ટર ફકત બે જ વિદ્યાર્થીઓથી શરૂ કર્યું હતું. પહેલે જ વર્ષે સંખ્યા ૧૦૦ પર પહોંચી અને બીજે વર્ષે ૧૦૦૦/- પર! પહેલા જ વર્ષથી મારી ફી માટે હું પ્રખ્યાત હતો . હું વિદ્યાર્થીઓ પાસે વાર્ષિક ફક્ત રૂ. ૫૦૦/- લેતો. બિહારના સ્તર મુજબ પણ આ રકમ ચણા-મમરા બરોબર ગણાય. મારી ફી સાંભળીને લોકો નવાઈ પામી જતા અને ફક્ત સાંભળી-સાંભળોને દૂર દૂરથી વિદ્યાર્થીઓ આવતા.

૧૯૯૮માં મારી મુલાકાત બિહારના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓંફ પોલીસ (AGP) શ્રી અભ્યાનંદ સાથે થઈ. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની પટના ઍડિશનના એડિટર શ્રી ઉત્તમ સેનગુપ્તા સાથે હું બેઠો હતો ત્યાં અચાનક જ તે આવ્યા. મારી જેમ તેઓ ગણિતના ભારે શોખીન નીકળ્યા તેથી અમે ખૂબ વાતો કરી. ત્યાંથી છૂટા પડ્યા પછી પણ અમારો સંપર્ક જળવાયો.

આ ગાળામાં મેં પણ મારા ક્લાસિઝને વધુ વ્યવસ્થિત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. મારા મોટાભાગના વિદ્યાર્થીઓ એ'-ન્જિસિયરિંગ કૉલેજોની પ્રવેશ પરીક્ષાની તૈયારી માટે જ મારા ક્લાસિસ ભરતા હતા. તો એમને IIT ની IEE માટે જ તૈયાર કરું તો કેમ? મેં ॥1 ની પ્રવેશપરીક્ષા (JEE) માટેનો સ્પેશિયલ કોર્સ તૈયાર કર્યો. ફી ખૂબ જ ઓછી રાખી. વાર્ષિક રૂ. ૧૫૦૦/- માં સ્ટડી મટિરિયલ, ટેસ્ટ અને

અસાઈનમેન્ટ્સ બધું જ આવી જાય.

પાંચસો વિદ્યાર્થીઓ તો જોત જોતામાં મળી ગયા. ફી તો એડવાન્સમાં લેવામાં આવતી. મોટાભાગના વિદ્યાર્થીઓ જયાંથી ત્યાંથી લાવીને ય પૈસા ભરતા. ક્યારેક કોઈક તેજસ્વી વિદ્યાર્થી આવીને કહે કે "સર, પંદ્રહસો રૂપિયે મેરે લિયે કુછ જયાદા હૈ..." તો મારો જીવ બળી જતો. આવા વિદ્યાર્થીઓને મેં સાવ મફતમાં ય ભણાવ્યા છે.

એક દિવસ એક વિદ્યાર્થી એના પિતાજી સાથે મને મળવા આવ્યો અને નમ્રતાથી બોલ્યો, "સર, હું ત્રણ હપ્તામાં તમારી ફી ચૂકવીશ , તો ચાલશે? મને ક્લાસમાં લેશો ને? તેના પિતાએ બંડીના ગજવામાંથી દસ-વીસની ચોળાયેલી નોટોનો થોકડો કાઢયો . બરોબર પાંચસો હતા. મને કહે, "સાહેબ, મારા દીકરાનો હાથ તમારા હાથમાં સોપું છું. તમારા બધા ય રૂપિયા દૂધે ધોઈને આલી દઈશ. બરોબર ત્રણ મહિના કેડે બીજા પાંચસો લઈને આવીશ, ને બટાકા પાકી જાય પછી ત્રીજો હપ્તો ચૂકવી દઈશ."

ગરીબાઈની ગરિમા તો જુઓ! મેં કહ્યું, "ફી તો ભરીશ, પણ અહીં પટણામાં રહીશ ક્યાં?"

છોકરો કહે, "સાહેબ, અમારા ગામના એક વકીલ હવે પટનામાં રહે છે. હું એમના ઘેર રાત્રે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરવાનો છું અને દિવસે એમના ઘરની સીડી નીચેની જગ્યામાં એ મને રહેવા દેશે."

હું આખે આખો હાલી ગયો! શું છોકરાનાં વિનય, વિવેક, નમ્રતા અને ધગશ! મેં એને એડમિશન આપી દીધું. એક દિવસ સાંજે હું ખરેખર એ વકીલના બંગલે પહોંચી ગયો. જાતતપાસ કરવા કે ખરેખર એ છોકરો સીડી નીચે જ રહે છે? એ પગથિયાં નીચે ભણતો હતો! મને મારા વિદ્યાર્થી કાળના દિવસો યાદ આવી ગયા. મેં ભણવા માટે કેટકેટલી યાતના વેઠી હતી... ને મારી માએ કેટલા પાપડ વણ્યા હતા! કૅમ્બ્રિજ જેવી પ્રતિષિત યુનિવર્સિટીની ડિગ્રીથી હું પૈસાના અભાવે જ વંચિત રહી ગયો હતો. આવા ચીંથરે વીંટ્યા રતન માટે કાંઈક કરવાનું એ જ પળે મેં નક્કી ક્યું .

મેં અભ્યાનંદ સાથે વિચારવિમર્શ કર્યો. તે આમ તો 125 ઓફિસર હતા પરંતુ તેમને ભણાવવા પ્રત્યે ગજબ લગાવ હતો. તેમનાં પોતાનાં બાળકો જ્યારે ઝારખંડની રામક્રિષ્ણ્ન મિશનની શાળામાં ભણતા હતાં, ત્યારે તેઓ વિદ્યાર્થીઓને નિયમિત ભણાવતા તથા અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ રસ લેતા. હવે તેમનો દીકરો અને દીકરી મારા ક્લાસમાં ।1ની પરીક્ષાની તૈયારી કરવા આવતાં. હું તેમને ગણિત ભણાવતો અને અભ્યાનંદ તેમનુ ફિઝિક્સ પાકું કરાવતા."

અભ્યાનંદ પણ અમારી વાતોમાં હવે સામેલ થાય છે . તેમને પહેલેથી જ ફિઝિક્સ પ્રત્યે ગજબનો લગાવ હતો પણ ધીમે ધીમે તેમને ગણિતમાં પણ એટલો જ રસ પડવા લાગ્યો. "હું બાળકોને સતત સવાલો પૂછતો. જે જવાબો મળે તે દ્વારા બાળકોની વિચારધારા સમજવાનો પ્રયત્ન કરતો. આપણી પેઢીના લોકો જે રીતે વિચારે છે, તેના કરતાં આ નવી પેઢી શી રીતે જુદી પડે છે તેનો તાગ મેળવતાં મને લાગ્યું, કે ફક્ત પોતાની જાત વિષે વિચાર્યા કરવાને બદલે અન્ય માટે કાંઈક કરવાથી ઘણો વધારે સંતોષ મળે છે . મારી દીકરી રિચા અને દીકરા શ્વેતાંકને IIT માં એડમિશન મળી ગયું પછી તો મારા જીવનમાં જાણે શૂન્યાવકાશ સર્જાઈ ગયો. બંને કાનપૂર ભણવા ગયાં પછી મેં ૨૦૦૨ માં ભણાવેલું ભૂલી જવાને બદલે આનંદ કુમાર સાથે "સુપર ૩૦' ની શરૂઆત કરી. આ વિચાર એવા ત્રીસ વિદ્યાર્થીઓને વીણવાનો હતો કે જે હોંશિયાર હોય, પરંતુ કૉચિંગ ક્લાસ કે સારા મટિરિયલના અભાવે તથા નાણાંની તાણને કારણ IIT ને બારણે પહોંચી જ ન શકે. "સુપર ૩૦' આવા ચીંથરે વીંટયા રતન' જેવા રફ ડાયમંડને શોધીને પાસા પાડીને IITની JEE (પ્રવેશપરીક્ષા-જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ) માટે તૈયાર કરશે."

પ્લાનિંગ તો થઈ ગયું. નાણાંનું બળ ન હતું પરંતુ ઈરાદા નેક થા, મનોબળ દઢ હતું. આનંદ વાતનો તંત સાધતા કહે છે... "મારાં બાને પહેલેથી જ અભ્યાસ કરનાર માટે પ્રેમ હતો . તેમણે મને કહ્યુ , "બેટા, આ ત્ ૈસેય છોકરાંને હુ જમાડીશ. આપણ્ ક્લાસની આસપાસ થોડા ખાલી રૂમોય મેં શોધી કાઢ્યા છે. ત્યાં બે-બે, ચાર- ચારના ગ્રુપમાં બધાં રહેશે ને મારે રસોડે જમશે.' બસ, આમ પતરાંના છાપરાવાળા એક શેડમાં , લાકડાના કાળા રંગે રંગેલા બોર્ડ પર મારા ક્લાસ શરૂ થયા."

"રૂમમાં એટલા ઉંદર હતા, કે મારે વિદ્યાર્થીઓને જકડીને રાખે તેવું ભણાવવા માટે રોજ ભણવું પડતું. નહીં તો બધા ઉંદરોની દોડ- પકડ જોઈને હસ્યા જ કરતા. જો કે, સાચું કહું તો આ વિદ્યાર્થીઓને ભણવા ને રિઝલ્ટ સિવાયની કોઈ બાબતમાં રસ જ ન હતો. અરે, લંચ ટાઈમમાં ય બધા ભણવાની અને દાખલાઓની જ ચર્ચા કરતા! અમે અઠવાડિક પરીક્ષાઓ , સરપ્રાઇઝ ટેસ્ટ... બધું કરાવ્યા કરતા પરંતુ અંદરખાનેથી જાણતા કે આમાંના કોઈપણ છો કરાને અર્ધી રાત્રે ઉંઘમાંથી ઊભો કરીને હાથમાં પેપર પકડાવી દઈશું, તો એ શ્રેષ્ઠ પરિણામ લાવશે જ. અમે તો શોભાના ગાંઠિયા જ હતા. આ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવા પૂરતી જ અમારી જરૂર હતી. તમે નહીં માનો, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓને આ પરીક્ષા તથા તેના પરિણામનો જબરદસ્ત હાઉ હોય છે... ભલભલા ખાંટુ વિદ્યાર્થીઓ ત્યાં જ માર ખાઈ જાય છે."

અમારી પહેલી બૅચનું રિઝલ્ટ આવવાની તૈયારી હતી ત્યારે દરેકે દરેક વિદ્યાર્થી રિઝલ્ટ જાણવા તત્પર હતો કેમકે બધાંની પરીક્ષા સારી જ ગઈ હતી. પહેલી જ બેચના ૩૦માંથી ૧૮ વિદ્યાર્થીઓને IITમાં પ્રવેશ મળ્યો!! અમારા અનુભવને આધારે અમે બીજી બેંચ લેતા પહેલાં કોર્સમાં ઘણા સુધારા-વધારા કર્યા. પ્રેસનું જોરદાર કવરેજ મળવાને કારણે બીજે જ વર્ષે "સુપર ૩૦'માં પ્રવેશ મેળવવા ૧૦૦૦ વિદ્યાર્થીઓએ અરજી કરી. ધસારો એવો થયો કે અમારે પ્રવેશ પરીક્ષા લેવી પડી! લેખિત પરીક્ષા!"

અભ્યાસનંદ કહે, "અમારી સિલેક્શન કમિટીમાં અમે એક ભાઈ તો એવા ગોઠવેલા, કે જે તદન અંગૂઠા છાપ હતા. ગણેલા પણ ભણેલા નહીં. સાચૂકલા ગરીબ, ખરા આત્મવિશ્વાસુ તથા મહેનતુ વિદ્યાર્થીઓને જોતાંમાં પારખી લે. અરે, ।1ની પ્રવેશ પરીક્ષાનું રિઝલ્ટ આવે એ પહેલાં જ એ રિઝલ્ટ ભાખી લેતાં, કે આ ત્રીસમાં કોણ પાસ થશે ને કોણ નાપાસ!

૨૦૦૪માં ૩૦ માંથી ૨૨ વિદ્યાર્થીઓ સફળ થયા. આમાં ઈંટના ભકટ્ઠામાં કામ કરનાર એક મજૂરનો પુત્ર પણ હતો અને પગરિક્ષા ખેંચનાર રીક્ષાવાળાનો દીકરો પણ હતો. આ બધાં કારણોને લીધે સુપર ૩૦' રોજરોજ મીડિયામાં વિવિધ છાપાં, મૅગેઝિન, ટી.વી.

મારા સવંપ્રથમ લૅક્ચરમાં જ હું સ્પષ્ટ કહી દઉં છું, કે આપણે અહીં
ગણિત ભણવા ખાતર નથી ભણવાનું. આપણને આમાં સખત મજા
પડે છે માટે જ ભણવાનું છે. હમારે લિયે યે એક પ્રકાર કા જાદુ હે."
ક્લાસિસથી અમને કોઈ જ નાણાકીય લાભ નથી થતો. પણ હા, અમે
વિદ્યાર્થીઓ પાસે ગુરુદરક્ષિણા સ્વરૂપે એટલું જ માંગીએ છીએ કે,
તમતતે આ સમાજ પાસેથી જે કાંઈ મળ્યું છે એટલું તો પાછું
વાળજો જ. વધુ ત આપી શકો તો કાંઈ નહીં!

ચૅનલો પર ચમકવા લાગ્યું. વધુ ને વધુ અરજીઓ આવતી. ઘણા લોકો આને "ગુરૂકુળ' કહેતા તો કેટલાક

વાંકદેખા લોકો એને 'ફેક્ટરી' કહેતા. ઊંચી પોસ્ટ ને પદવી ધરાવતા કેટલાંક પૈસાદાર મા-બાપ સાથે અમારે પંગો લેવો પડતો. ગરીબ અને અભણ વાલી બાળકોને તેમના નસીબ પર છોડીને ખરેખર તેમના પર મોટો ઉપકાર કરે છે, જયારે અતિશય લાડકોડમાં ઊછરતાં પૈસાદારનાં બાળકો બૉન્ઝાઈના વૃક્ષની જેમ પાંગળાં થઈ જાય છે. પૂરેપૂરું પાંગરતાં નથી. તેમનાં વાલી બધે જ ફરી વળે છે. અમારે એવાં વાલીઓને કહેવુ હતું, "અમારામાં શ્રદ્ધા રાખો ."

હવે આનંદ સુપર થર્ટીની એક વરવી વાસ્તવિકતા જણાવે છેઃ "બહેન, બિહારમાં કોચિંગ ક્લાસવાળાનું માફિયારાજ ચાલે છે. એ બધાંએ અમારી સફળતા જોઈને અંદરોઅંદર નક્કી કર્યું કે ઈનકા કુછ કરના પડેગા..." ૨૦૦૪માં મારા પર ઘાતકી હુમલો થયો. હું તો થોડીઘણી ઈજાઓ થવા છતાં બચી ગયો, પણ અમારા એક પ્રોફેસરની તો ઘાત ગઈ. ૨૦૦૫માં ફરીથી આ જ માફિયાઓએ અમારા ક્લાસને નિશાન બનાવ્યું. અમને મારવા માટે આવેલા બંદૂકધારીઓ પકડાઈ ગયા. એ દિવસથી મને પોલીસે સિક્યુરિટી આપી છે. હુ સ્ટેટ ગવર્નમેન્ટનો ખરેખર ત્રકણી છું.

આ બધાં નાટકીય બનાવો વચ્ચે ય ક્લાસ તો ચાલતા જ હતા. ૨૦૦૫માં ૩૦માંથી ૨૬ વિદ્યાર્થીઓને IITમાં પ્રવેશ મળ્યો. ઘણા સેવાભાવી લોકો ખોરાક, જગ્યા, નાણાં સ્વરૂપે મદદ કરવા આગળ આવ્યા. મને કહેતા, "જગ્યા મોટી કરો, વધારે વિદ્યાર્થીઓને લો ." અમે ઘણા વિચારવિમર્શને અંતે નક્કી કર્યું કે નાણાકીય મદદ તો લેવી જ નથી. વ્યક્તિ હોય કે સંસ્થા હોય! વિદ્યાર્થીઓની સંખ્યા પણ ત્રીસની જ રાખવી છે. અમારા પ્રત્યેક શુભેચ્છકોને અમે પત્ર દ્વારા જણાવ્યું કે "સુપર થર્ટી" શસિડઝ ઓન્લી વનથિંગ. યોર ગુડવિશિશ. થેંક્યુ."

૨૦૦૬માં IIT વાળાએ એક નવો ગુગલી ફેંક્યો. આખું પરીક્ષાનું માળખું જ બદલી નાખ્યું. વિદ્યાર્થીઓ માટે તો જાણે દુકાળમાં અધિકમાસ - પડયા પર પાટુ જેવુ થયું. પરીક્ષાનો આટલાં હાઉ ઓછો હોય તેમ ઉપરથી આખી પેટર્ન જ બદલાઈ ગઈ! આ સંજોગોમાં ય અમારા ત્રીસમાંથી ૨૮ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો અને એક વિદ્યાર્થી તો સમગ્ર ભારતમાં દસમા નંબરે પાસ થયો! બિહારના મુખ્યમંત્રીએ પ્રત્યેક વિદ્યાર્થીને રૂ. ૫૦,૦૦૦/- નું રોકડ ઈનામ આપીને સન્માનિત કર્યા અને અમારા ઉત્સાહમાં અનેકગણો વધારો કર્યો. ૨૦૦૭માં ફરી ૩૦માંથી ૨૮ અને ૨૦૦૮માં જે રિઝલ્ટની હુ વર્ષોથી રાહ જોતો હતો તે જાહેર થયું! અમારા ત્રીસેત્રીસ વિદ્યાર્થીઓ IIT ની પ્રવેશ પરીક્ષામાં પાસ થઈને IIT માં ગયા! મારા આનંદનો પાર ન હતો. મેં સૌથી પહેલાં મારાં મા ને સમાચાર આપ્યા અને તેમના પગમાં પડી ગયો!

એ વર્ષે જ હું અને અભ્યાનંદ અલગ થયા. અભ્યાનંદ હવે આ "સામાજિક ફૅક્ટરી'ને એક નવો આયામ આપવા ઈચ્છતા હતા. આ મોંડલને આગળ લઈ જવા ઈચ્છતા હતા."

તો પછી "સુપર થર્ટી'નુ શુ?"- હું પૂછી બેસું છું. "સુપર થર્ટી' તો જેટ સ્પીડે ચાલે છે . હવે મારા જ બે વિદ્યાર્થીઓ મારી સાથે જોડાયા છે. પ્રવિણકુમાર અને અમિતકુમાર. મારો ભાઈ પ્રમોદ મુંબઈમાં વાયૉલિનિસ્ટ તરીકે કામ કરતો હતો . તે પટણા પાછો આવી જઈને એડમિનિસ્ટ્રેશન સંભાળે છે. ૨૦૦૯માં ફરીથી 2્ઊીસેશ્્પીસ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. એ જ વર્ષે અમારી 'રહેમાની સુપર' નામની દસ મુસ્લિમ વિદ્યાર્થીઓની બેચે પણ સો ટકા રિઝલ્ટ મેળવ્યું. મુસ્લિમ વિદ્યાર્થીઓના લાભ માટે અભ્યાનંદે આ બૅચ બનાવી હતી. મોટે ભાગે એ લોકો થોડું ભણીને ઊઠી જાય છે, અથવા તો નોકરી-ધંધે લાગી જાય છે . હવે અમારી અને અભ્યાનંદની વચ્ચે થોડી હરીફાઈ જેવું ચાલુ થઈ ગયું છે. જો કે એમને એટલા વિદ્યાર્થીઓ મળતા નથી. અમે અમારી સંખ્યા ૪૫ પર લઈ ગયા છીએ. આગળ ઉપર ૬૦ કે ૯૦ સુધી લઈ જવાની પણ મારી તૈયારી છે.

"અગર કોઈ ભી ગરીબ કા બચ્ચા ઈતિહાસ બનાતા હૈ, તો મૈં તૈયાર હું."

જુઓ, હું તમને દાખલા સાથે સમજાવું . એક પૈસાદારનો છોકરો - નામ છે રિકી. એક ગરીબનો દીકરો છે - નામ છે ભોલુ! પેલો દીકરો બાઈક પર આવશે, પિઝા ખાશે ને કહેશેઃ 'હા...ય!' ભોલુ સાઈકલ પર આવશે, રોટલી-શાકનું ટિફિન ખાશે અને કહેશે - 'નમસ્તે!' હું બંનેને દાખલો ગણવા આપીશ... પેલો રિકી આખો દાખલો ફેરવી કાઢશે જ્યારે ભોલુ શાંતિથી નવમા-દસમા ધોરણના વિદ્યાર્થીઓની માફક ફક્ત બે કે ત્રણ જ સ્ટેપમાં દાખલો ગણી કાઢશે . બીજો દાખલો આપીશ ત્યારેય એ જ થવાનું... મારા અનુભવે કહું છું. ભોલુને જીવનનાં અનુભવ છે. તેથી એ દાખલાને પહેલાં સમજશે, જયારે રિકીને બધું ભર્યા ભાણે મળ્યું છે તેથી એ રકમ સમજયા પહેલાં જ ગણવા મંડી પડશે.

એક નો એક દાખલો ગણવાની હું વિવિધ રીતો પણ સમજાવું છું. વિદ્યાર્થીઓને પણ કહું કે, "ચાલો તમે હવે આ રીતે ગણી શકાય તેવો દાખલો બનાવો...' એક અંદરની વાત કહું? દરેકેદરેક દાખલો હું એક વાર્તા સાથે સાંકળી લઈને ખૂબ જ રસપ્રદ બનાવું છું. એક વાર્તા હોય તો તેના કેટકેટલા સંભવિત અંત હોય, ખરું ને? હું પણ એ જ શીખવું છું. પ્રત્યેક દાખલો સૂલઝાવવાની અનેક રીત હોય. હું આ રીતે વિદ્યાર્થીઓને વધુ ને વધુ અઘરા દાખલા ગણવા માટે તૈયાર કરું છું. "ઈન્ટરનૅશનલ મૅથેમૅટિક્સ ઓ લિમ્પિયાડ'માં પુછાયેલા દાખલા પણ ક્લાસમાં કેટલીય વાર કરાવું છું."

"તમારી વાત તો સાચી... પણ આ બધું ચલાવવાનાં નાણાં ક્યાંથી આવે છે?" હું પૂછું છું.

ઘણીવાર મારો ૪૫ મિનિટનો પિરિયડ બે-બે કલાક સુધી ખેંચાઈ જાય છે.

દાખલાનો જવાબ વિદ્યાર્થીઓના દિમાગમાં ત ઊતરે ત્યાં સુધી હું તંત નથી

મૂકતો. તેથી જ હું વધારે વિદ્યાર્થીઓ નથી લેતો.

પૈસાનો અહીં સવાલ નથી.

"સુપર થર્ટી" માટે રામાનુજ સ્કૂલ ઑફ મૅથેમૅટિક્સ' તરફથી ઘણી મદદ મળે છે. હું જે રેગ્યુલર ક્લાસિસ ચલાવું છું તેમાં વર્ષે રૂ. ૫૦૦/-ની ફી (ત્રણ વિષયની) લઉં છું . એ ક્લાસમાં દર વર્ષે ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા સહેજે થઈ જાય છે. અહીં બિહારમાં ત્રણ વિષયના કોચિંગનો ભાવ એક લાખ છે! એ નાણાંમાંથી "સુપર થર્ટી'ની આખી બેંચને ફ્રી રહેવા-ખાવાનું તથા તાલિમ મળે છે . હજુ તો ઘણું કામ કરવું છે પરંતુ સારા શિક્ષકો મળવા મુશ્કેલ છે. અરે, મને પોતાને રોજ કોટાના જાણીતા ક્લાસોની ઓફરો આવે છે... તમે માનશો નહીં, પણ મને કરોડોમાં ખરીદી લેવા અને પાર્ટનરશીપ આપવા ય તેઓ તૈયાર છે. જો કે મને કોઈ રસ નથી."

નવરાશના સમયમાં આજે ય આનંદ ગણિતના વિષય પર સંશોધનાત્મક નિબંધો લખે છે . પોતાના વિદ્યાર્થીઓ માટે અઘરામાં અઘરા દાખલા બનાવે છે.

અભ્યાનંદ આજે ય પોલીસ ડ્યૂટીમાં તો છે જ, એ ઉપરાંત આખા બિહારમાં "સુપર થર્ટી' મૉડલને શરૂ કરવાની મથામણમાં પડયા છે. દા.ત. હમણાં જ બાર જેટલા મગધના જાણીતા ડૉક્ટરો અને બિઝનેસમેનોએ પાંચ-પાંચ લાખ રૂપિયા ભેગા કરીને સાઠ લાખના રોકાણથી મગધ સુપર થર્ટી' શરૂ ક્યું છે ,જે ગયા નજીક દાંડીબાદમાં છે. બિહારે શરીફમાં એક શાળાના સંચાલક શ્રી અરવિંદકુમારે સ્થાનિક ડૉક્ટરોની મદદથી "નાલંદા સુપર થર્ટી" શરૂ કર્યું છે. ભાગલપુરમાં સ્થાઈનિક એન્જિસિયરિંગ કૉલેજના બે રિટાયર્ડ પ્રોફેસરોએ "અંગ સુપર થર્ટી' શરૂ કર્યું છે. આ બધાં જ સેન્ટર માટે નાણાં તથા મૅનેજમૅન્ટ જે તે વિસ્તાર તરફથી મળી રહે છે. અભ્યાનંદ ફક્ત માર્ગદર્શક તરીકે કાર્ય સંભાળે છે તથા કોર્સની રૂપરેખા

નક્કી આપે છે . “રહેમાની સુપર'માં તેઓ આજે ફિઝિક્સના ક્લાસ લે છે.”

“અને હા, હું મોબાઈલ ફોન પર ભાગલપુર, નાલંદા અને ગયાની બેચના વિદ્યાર્થીઓને સિયમિતરૂપે ભણાવું છું”... બોલતાં અભ્યાનંદની આંખમાં ચમકારો થાય છે.

હું ય ચમકું છું... “વૉટ એન આઈડિયા, સરજી!'...

ખરેખર, “સુપર થર્ટી'નો ઓરિજિનલ આઈડિયા જ અત્યંત પ્રેરણાત્મક છે. આ મૉડલ અપનાવવામાં સફળતાની ગેરંટી છે. ભારતના કોઈપણ રાજયમાં બે કે ત્રણ શિક્ષણને વરેલા વીરલાઓ આ કામ ચોક્કસ શરૂ કરી શકે. હવે પડકાર ફક્ત પાસાં પડાવવા માટે તત્પર રફ ડાયમંડ શોધવાનો છે.

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

સબસે બડી બાત હૈ લગન કી...

તમારા કામનો તમને નશો ચડવો જોઈએ .

ઊંઘતા-જાગતા ને સપનામાં પણ તમને તમારી પ્રવૃત્તિ જ દેખાવી જોઈએ, એના જ વિચારોમાં મન લીન હોવું જોઈએ... ગાંડપણની હદ સુધી...

તમારાં કુટુંબીજનો તમને સહકાર આપે કે ન આપે, તમે જો તમારા કામ પ્રત્યે વફાદાર હશો તો કોઈની પરવા કરવાની તમારે જરૂર નથી.

સાધનસામગ્રી અને સંજોગોનો વાંક ન કાઢશો. અગર આપકા હોંસલા બુલંદ હૈ તો યે કોઈ ચીઝ કોઈ માયને નહીં રખતી..



ધ સાઉન્ડ ઓફ સાઈલન્સ

ધ્રુવ લાકરા
'મિરેહલ કુરિયસ'

ધ્રુવ લાક્રા નખશીખ ઈન્વેસ્ટમેન્ટ બૅન્કર દીસે છે, પરતુ તેમણે પોતાની બુદ્ધિનું ઈન્વેસ્ટમૅન્ટએક 'હટકે'આઈડિયામા કર્યું છે. ફક્ત મૂક-બધિરો દ્વારા ચલાવાતી ભારતની એક માત્ર કુરિયરસર્વિસ ઊભી કરીને ભલભલી જામેલી કંપનીઓને તેઓ ટક્કર આપી સહ્યા છે. જો કે તેમની મહેચ્છા તો વિશ્વ પ્રસિદ્ધ Fed Exને ભૂ પીવડાવવાની છે... સમાજસેવાની ભાવના સાછે જ સ્તો!

હું અત્યારે "મિરેકલ કુરિયર્સ'ની અત્યંત વ્યસ્ત જણાતી ઓફિસમાં બેઠી છું. બાર-તેર છોકરાઓ ભડક કેસરી રંગના યુનિફોર્મમાં ફટાફટ કવરો પર સિક્કા મારી રહ્યા છે. એક છોકરી કમ્પ્યૂટર પર વીજળી વેગે કંઈક ટાઈપ કરવામાં મશગૂલ છે , પણ બીજી ઓફિસો કરતાં અહીં કાંઈક જુદુ વાતાવરણ લાગે છે! અ ઓફિસમાં નીરવ શાંતિ છે. એકપણ કર્મચારી બોજા સાથે એકેય શબ્દ નથી બોલતો ...કારણ? આ કંપની ફક્ત સાંભળવાને અસમર્થ છે, તેવા (બહેરા) લોકોને જ નોકરી આપે છે.

હું ધ્રુવને મળું છું. "ભાઈ, તને ફક્ત બહેરા લોકોને જ રાખવાનો વિચાર કેમ આવ્યો?"

"હું જોતો કે લોકો અંધ વિદ્યાર્થીઓને ઘણી મદદ કરતા, દિવાળીમાં અપંગ માનવમંડળોમાં મીઠાઈ વહેંચતા, પરંતુ જે વ્યક્તિ સાંભળી ન શકે તેને તો સાવ અન્યાય થતો , કેમકે અંધાપો કે પંગુતા દેખાય છે, બહેરાશ દેખાતી નથી."

વાત તો સાવ સાચી છે, પણ શું કરવું? ધ્રુવ ઓક્સફર્ડ યુનિવર્સિટીની સેઇડ (SAID) બિઝનેસ સ્કૂલનો ગ્રેજ્યુએટ છે. તેને આ કુરિયર બિઝનેસનો વિચાર સ્ફુર્યો. આમાં સાંભળવાની શી જરૂર? કવર સીલ કરો, સહી લો, વજન કરો ,ડિલિવરી કરો...બધું હાથ-પગ અને અક્કલથી થઈ શકે.

૨૦૦ પાઉન્ડ અને દસ શિપમેન્ટથી શરૂ થયેલ આ કંપની ફક્ત દોઢ વર્ષના ટૂંકા ગાળામાં માસિક ૯૦,૦૦૦ ડિલિવરી કરતી થઈ ગઈ છે! એ તો જાણે ઠીક છે, પરંતુ કર્મચારીઓની આંખની ચમક, પગલાંની ઝડપ અને હૃદયની ઊર્મિઓમાં આ સફળતા વર્તાય છે.

મિરેકલ એ ખરા અર્થમાં 'જાદુ' છે. ધ્રુવ લાકરાએ સાંભળવાને અસમર્થ લોકોને આપેલી "જાદુની ઝપ્પી' છે. ખરેખર, ખરા દિલથી પોકરશો તો ઉપરવાળો જરૂર સાંભળશે .

ધ સાઉન્ડ ઓફ સાઈલન્સ

(નિઃ શબ્દતાનો ધ્વનિ)

ધૃવ લાકરા
'મિરેકલ કુરિયર'

"મારો જન્મ જમ્મુના બિઝનેસ ફેમિલીમાં થયો છે. પિતાજીને ફર્નિચર અને કેમિકલનું કામકાજ છે તથા મમ્મી પણ સફળતાપૂર્વક ઘરેથી બુટિક ચલાવે છે . જમ્મુની અત્યંત પ્રતિષ્ઠિત MHAC શાળામાં જ મારા પપ્પા તથા કાકાઓની જેમ હું પણ ભણ્યો. સ્કૂલ એટલે કેવી! જબ્બર વિશાળ મેદાન, રમતગમતનાં અન્ય મેદાનો , સાધનો તથા એ મેદાનોની બરોબર વચ્ચે રૂમઝૂમ કરતું ઝરણું વહે!

નાનપણથી સ્વિમિંગ ચૅમ્પિયન બનવાની મારી મહેચ્છા હતી, પરંતુ ઘરમાં કોઈને રસ ન હતો. જો કે દસમા પછી મને ભણવા માટે મુબઈ મોકલવા માટે હું મારા કુટુંબનો ત્કણી છું. મારાં પપ્પા-મમ્મી બંને દિલ્હીમાં ભણેલાં (કૉલેજ) તેથી તેઓ દઢપણે માનતા કે દસમા કે બારમા પછી બાળકોને મોટાં શહેરથી પરિચિત કરાવવા જોઈએ. . હું એચ. આર. કૉલેજમાં ભણ્યો તથા લહેર પણ ખૂબ કરી. રોજ રાત્રે પાર્ટીઓ કરતાં. એક બોલિંગ ઍલીમાં બે મહિના નાઈટ શીફ્ટ કરીને રૂ. ૯૦૦૦/- કમાઈ પણ લીધા, ને ઉડાવી પણ દીધા. નોકરી તો ઠીક, શીખવા ઘણું મળ્યું. સિયમિતતા, શિસ્ત અને લોકો સાથે કામ કરવાની કુનેહ!

એવામાં જ મેં "ટાટા ફાઈનાન્સ'ના ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં અરજી કરી. ખૂબ થોડા વિદ્યાર્થીઓને નોકરી મળી. એમાં મારો નંબર લાગી ગયો. રોજ મીરાં રોડ, દહીંસર જેવા દૂર-દૂરના વિસ્તારોમાં હીરો-હોન્ડાના બાઈક વેચવા જવાનુ થતું. લોકોને એકએક બાઈક ખરીદાવવા માટે કેટલી મહેનત કરવી પડતી! બી.કોમ પાસ થયો એટલે બધાંની માફક મેં પણ CAT (મૅનેજમૅન્ટની "કોમન એન્ટ્રન્સ ટેસ્ટ') ની તૈયારી શરૂ કરી. થોડા જ દિવસમાં આપણા રામને સમજાઈ ગયું, કે વીસ મિનિટમાં ત્રીસ પ્રશ્નોના જવાબ આપવાની ત્રેવડ આપણામાં નથી. પરીક્ષા તો માંડ માંડ આપી, પણ પછી ઉત્તરાખંડ ભાગી ગયો અને બે-ત્રણ મહિના પહાડોમાં ગાળીને ઘણી આત્મખોજ કરી. માંદ્યલાને ઢંઢોળવાની મથામણ કરતો હતો ત્યારે મારાં દાદા-દાદીના મગજમાં કાંઈ જુદુ જ ચાલતું હતું. એક દિવસ મારા દાદાએ મને પૂછયું , "બેટા, સાચું કહેજે, તું નશાખોર (drug addict) તો નથી થઈ ગયો ને? તને કયા ડ્રગનું બંધાણ છે?"

છેવટે એમના સંતોષ ખાતર મેં મુંબઈ પાછા જઈને મેરિલ લિન્ચ નામની વિશ્વવિખ્યાત કંપનીના ઇન્વેસ્ટમેન્ટ બૅન્કિંગ વિભાગમાં નોકરી સ્વીકારી. એ નોકરીને હું દિલોજાનથી ધિક્કારતો પરંતુ રોજેરોજ મને ત્યાંથી ઘણું શીખવા મળતું. ઇન્વેસ્ટમૅન્ટ બૅન્કિંગ એક બૂરી બલા છે, પરંતુ સો વાતની એક વાત, અહીં જે કામ સોમવારે થવું જોઈએ એ થાય જ. કરવું જ પડે. કોઈ જ બહાનાબાજી ન ચાલે. ગજબ શિસ્ત અને વફાદારીથી અહીં કામ થાય છે. છ જ મહિનામાં મને સમજાઈ ગયું કે આ નોકરીમાં જોતજોતામાં પગારો ઘણા વધી શકે છે , પરંતુ મને અહીં નહીં ફાવે. બે વર્ષમાં મેં નોકરી છોડી. મેં મુંબઈમાં દસરા (DASRA) નામની સેવાકીય સંસ્થામાં જોડાવાનું નક્કી કર્યું. એ વર્ષે તામિલનાડુના કિનારે સુનામી ત્રાટક્યું હતું. સંસ્થાએ મારી પાસે શ્રણ-ચાર મહિના તામિલનાડુના નાગાપટ્ટીનમ અને કહલોર નામના સુનામીગ્રસ્ત ગામોના માછીમારો સાથે રહેવાની બાં હેધરી લીધી. મેં એ જવાબદારી સહર્ષ સ્વીકારી.

આ સંસ્થામાં બે વર્ષમાં વિવિધ પ્રોજેક્ટ્સ પર કામ કર્યું. સુનામી, સ્ત્રીઓ માટેની સંસ્થાઓ, એઈડ્ઝ, બાળકો અને અપંગો માટેનો

IIM માં પ્રવેશ મળે એટલે જાણે “ઈન્વેન્સમૅન્ટ બૅન્કર' બનવાનું

વણમાગ્યું લાઈસન્સ મળી જાય અને જીવનભરની નિરાંત થઈ જાય,

તેવું વિદ્યાર્થીઓ માનતા હોય છે, પરંતુ એ માન્યતા તદન ખોટી છે.

ઈન્વેન્સ્ટમૅન્ટ બૅન્કિંગ એટલે “ટોટલ બુલશિટ'! સાચું કહું છું!

સંસ્થાઓ... વગેરે. “દસરા' ના સ્થાપક પણ એક બૅન્કર જ હતા, તેથી આ સંસ્થા ખૂબ જ વ્યવસ્થિત રીતે ચાલતી. શિસ્ત, રેકોર્ડ કિપિંગ, હિસાબો , ઉત્સાહ તથા ઉત્તમ માર્ગદર્શનનો મને અનુભવ મળ્યો. જે બે વર્ષ મેં આ સંસ્થામાં ગાળ્યાં , તેની એકેએક મિનિટ મેં સંતોષ લીધો છે. અને આ સંસ્થામાં કામ કરવાના બોનસ સ્વરૂપે, મેં ઓક્સફર્ડ યુનિવર્સિટીની સેઈડ સ્કૂલ ઓફ બિઝનેસમાં અરજી કરી ત્યારે મને એડમિશન ઉપરાંત સંપૂર્ણ સ્કૉલરશિપ મળી. આ શિષ્યવૃત્તિ મને ‘Skoll Foundation’ તરફથી મળી હતી, જેઓ સમાજસેવાને લગતા ઉદ્યોગોને અને ઔદ્યોગિકોને પ્રોત્સાહન તથા નાણાંરૂપી મદદ કરે છે.

આ શિષ્યવૃત્તિ અન્વયે મને ૪૫,૦૦૦ પાઉન્ડ (લગભગ બત્રીસ લાખ રૂપિયા) મળ્યા. તમને થશે જ કે અધધધ! પરંતુ ઈંગ્લૅન્ડમાં બે વર્ષ રહેવા, ખાવા-પીવા, ભણવાનો ખર્ચ તથા કોર્સ પત્યા પછી તમે કોઈક સેવાકીય સાહસ ચાલુ કરી શકો તેટલી બચત કરવાની બાંહેધરી આપવાની હોય છે. અહીં મુખ્યત્વે સમાજસેવાને લગતા જ વિષયોમાંથી મારે પસંદગી કરવાની હતી. સોશિયલ ફાઈનાન્સ, સૉશિયલ ઈનોવેશન “સામાજિક સંસ્થાની સ્થાપના અને તેનું ગઠન” વગેરે. હું તો આમેય આ જ વિષયો ભણવા ઈચ્છતો હતો, પરંતુ એને માટે સામેથી પૈસા મળ્યા એટલે મારો ઉત્સાહ બેવડાઈ ગયો .

ઓક્સફર્ડ યુનિવર્સટીના મારા અનુભવની તે શી વાત કરું! જસ્ટ અમેઝિંગ! એ શિક્ષણે અને અનુભવે મારી સામે કેટકેટલાં દ્વાર ખોલી કાઢ્યાં! ક્યાં જઉં ને ક્યાં ન જાઉં! બસ, એ દિવસોમાં જ મને એક પળે ભાન થયું... નોકરી નથી કરવી, જે કાંઈ કરીશ, એ ખુદનું કરીશ. શું કરવું એ તો નક્કી ન હતું. ૨૦૦૮નો ઉનાળો હતો. હું મુંબઈની બસમાં એક પ્રોજેક્ટ માટે અંધેરી તરફ જઈ રહ્યો હતો.

મારી બાજુમાં એક છોકરો ઊભો હતો. કંડક્ટર આવ્યો એટલે છોકરાએ ગજવામાંથી એક ચિઠ્ઠી કાઢી. એમાં 'સાત-બંગલા' લખેલું હતું. કંડક્ટરે એને 'સાત-બંગલા'ના સ્ટેન્ડની ટિકિટ ફાડી આપી. મને આ બનાવે વિચારતો કરી મૂક્યો. આ પહેલાં મેં બહેરા-મૂગા લોકો તરફ ક્યારેય ધ્યાન જ નહોતું આપ્યું. મને અરેરાટી થઈ ગઈ.

મેં છોકરાને પૂછ્યું, “નોકરી કરે છે?”

છોકરો કહે, “ના” (ડોકું ધુણાવીને)

ઘેર જઈને મેં 'ગૂગલ સર્ચ' કરી. મને પોતાને જાણીને ભયંકર આઘાત લાગ્યો, કે વિશ્વભરમાં બહેરા-મૂંગાની સંખ્યામાં ચીન પછી આપણો બીજો નંબર છે. તરત જ મન વિચારે ચડયું . અ બાબતે હું શુ કરી શકું? જાણે પ્રભુ પધાર્યા હોય તેમ એક દિવસ બપોરે હું ઘેર બેઠો હતો ત્યારે કુરિયર લઈને એક છોકરો આવ્યો. બેલ માર્યો, મેં દરવાજો ખોલ્યો, તેણે મારી સહી કરાવી, હાથમાં બૉક્સ આપ્યું અને એકપણ શબ્દની આપ-લે વગર પોતાનું કામ પતાવીને તે ચાલ્યો ગયો.

બસ, મારા બધા પ્રશ્નોનો જવાબ મળી ગયો .- કુરિયર કંપની- ફક્ત બહેરા લોકો દ્વારા ચાલતી કુરિયર

કંપની શરૂ કરી શકાય કે નહીં? મેં વિવિધ કંપનીઓનો અભ્યાસ કર્યો. એ છોકરાઓને સારો પગાર મળતો હતો. મહેનત ઘણી હતી પરંતુ કામનું સન્માન હતું. ૨૦૦૮ના ઓક્ટોબરમાં ઓક્સફર્ડમાંથી MBAની ડિગ્રી સાથે ભારત પરત ફર્યો અને નવેમ્બરમાં જ મેં મારી બસો પાઉન્ડની બચત અને ગણેશ નામના એક બહેરા છોકરા સાથે "મિરેકલ કુરિયર્સ'ની શરૂઆત કરી.

ખાટલે મોટી ખોડ તો એ હતી કે મને ખુદને જ સંજ્ઞાની ભાષા સમજાતી ન હતી, આવડતી ય ન હતી. તેથી હું યુવાન બહેરા છોકરાઓની એક ક્લબમાં જઈને થોડું શીખ્યો અને ત્યાંથી મેં ગણેશને શોધ્યો. મારા એક મિત્ર દ્વારા અમને દસ ડિલિવરીનો પહેલો કૉન્ટ્રેક્ટ મળ્યો. પાંચ પૅકેટ ગણેશે પહોંચાડ્યા અને પાંચની ડિલિવરી મેં કરી. છ અઠવાડિયાં સુધી તો બધું રગશિયા ગાડાની માફક ગોકળગાય ગતિએ ચાલ્યું, પણ પછી એક ઓળખાણની મદદથી ૫૦૦૦ કવરની [ડિલિવરીનો કોન્ટ્રેક્ટ મળ્યો. મેં અમારા ક્લાયન્ટને પેટ છૂટી વાત કરી. "હું ફક્ત બહેરા છોકરાઓ દ્વારા કામ કરાવું છું. આટલાં કવર પહોંચાડતા દસ દિવસ તો સહેજે થશે. તમને ઉતાવળ તો નથી ને?"

ક્લાયન્ટને ઉતાવળ હતી ય નહીં. એમનું એક્ઝિબિશન પંદર દિવસ પછી હતું. કવર જેટલાં મોડાં પહોંચે એટલું સારું. લોકો ભૂલી ન જાય. મેં પેલા ગણેશને કહ્યું , "જા ભાઈ, તારા જેવા બીજા બે છોકરા પકડી લાવ.' ઓર્ડર સરસ રીતે પતી ગયો. અમારા ગ્રાહક ખુશ થઈ ગયા એટલે એમણે બીજાં ૫૦૦૦ કવરનું કામ અમને સોપ્યું. કમાણી ચાલુ થઈ ગઈ. બીજા ઑર્ડર પણ મળ્યા, પેમેન્ટ મોડાંમોડાં ય આવતાં ખરાં... પણ વધતી જતી કર્મચારીઓની સંખ્યાને બેસાડવાનો પ્રૉબ્લેમ થવા લાગ્યો. હાલમાં તો મારા એક મિત્રના ઘરમાંથી બધો ખેલ ચાલતો હતો પણ હવે તો ત્યાંય સંકડાશ પડતી હતી. નસીબજોગે એવામાં મારા એચ.આર. કૉલેજના પ્રિન્સિપાલ મેડમ ઈન્દુ સહાની દ્વારા થર્મેક્સના ચૅરપર્સન શ્રીમતી અનુ આગા સાથે મારી મુલાકાત ગોઠવાઈ. ઈન્દુજીનો આભાર માનવા માટે શબ્દો ઓછા પડે તેમ છે. તેમના જેવાં વિદ્યાર્થીપ્રિય અને પ્રોત્સાહક પ્રિન્સિપાલ કદાચ દીવો લઈને શોધવા પડે.

થર્મેક્સ દ્વારા ૬-૭ માણસો બેસી શકે તેટલી જગ્યા મને આપવામાં આવી. મેં ઝડપથી નવા છોકરાઓની શોધ આદરી. આમ તો બહેરાઓને નોકરી મળતાં ખૂબ મુશ્કેલી પડે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેઓ તમારે ત્યાં કામ કરવા રાજી-રાજી થઈને દોડ્યા આવશે.

બહુરા-મૂંગાની પણ એક જમાત હોય છે અને સામાન્ય માણસો માટે ત્યાં પ્રવેશ નિષેધ હોય છે. જો કે મારું કામ બહેરા છોકરાઓએ સરળ કરી દીધું હતું. તેઓ તેમના જ મિત્રોને લઈ આવતા. ૨૦૦૯માં અમે રૈશમા નામની બહેરી છોકરીને નોકરીએ રાખી. તે અમારી પ્રથમ સી કર્મચારી. એને નોકરીએ રાખતાં પહેલાં મારે એનાં મા- બાપને રાજી કરવાં પડ્યાં. એ બંને મને કહે, "તમે તો બોલી- સાંભળી શકો છો એટલે તમને નહીં ખબર, સાહેબ પણ આ તો બહેરી-મૂં ગી છે. પાછી છોકરીની જાત! રોજ ગોરેગાંવથી ચર્ચગેટ આવવા-જવાનુ એને કેમ ફાવશે? એ ય આટલા પાતળા પગાર માટે?"

માંડ-માંડ એમને મનાવ્યાં. કોઈને શું કહું, પણ કોઈપણ કંપનીમાંથી પેમેન્ટો થાય ત્યારે છેલ્લો વારો ટ્રાવેલ એજન્સીઓ અને કુરિયર કંપનીઓનો આવે છે. અમને પણ બે-બે મહિને પેમેન્ટો મળે છે. કર્મચારીઓનો પગાર તો દર મહિને નિયમિત કરવો જ પડે ને! અમારે માટે બીજો અને વધારે મોટો પ્રશ્ન એ છે - કે આ બહેરા- મૂંગા કર્મચારીઓને આપણા પર બિલકુલ વિશ્વાસ નથી હતો. એમને સમાજે એટલો અન્યાય કર્યો છે , કે હવે તેમણે સમાજ પરથી વિશ્વાસ ગુમાવી દીધો છે. મારા પર તેમની શ્રદ્ધા વધે તેવા પ્રયત્નો મારે સતત કરવા પડે છે. પગારો કરવાનાં ફાંફાં થાય ત્યારે મિત્રો અને કુટુંબીજનો પાસેથી મદદ મળી રહે છે. હમણાં જ એક એન્જલ ઈન્વેસ્ટરે એક લાખ રૂપિયા કોઈપણ શરત વગર આપ્યા છે. એ અજાણ્યા દાનેશ્વરી ન મળ્યા હોત તો આજે હુ પડી ભાંગ્યો હતો!

આમ તો વેન્ચર કેપિટાલિસ્ટોની બાજનજર મારા પર પડી જ છે. પણ હું એ ગીધડાંઓને મારાથી દૂર જ રાખવા માંગું છું. એ લોકો આવે એટલે તમે આંકડાની માયાજાળોની એક્સેલ શીટ્સ બનાવવાના ધંધે લાગી જાઓ. એમને તો નફો જોઈએ. વર મરો, કન્યા મરો, ગોર એટલે કે વેન્ચરનું તરભાણુ ભરો. તેથી જ મેં આનો ઉપાય શોધવાનો એક નવતર પ્રયોગ કર્યો. મેં "ઈઈકૉઈગ ગ્રીન ફેલોશિપ' માટે અરજી કરી. દર વર્ષે વિશ્વના પંદર સમાજસેવીઓને આ ફેલોશિપ મળે છે. આમાં ચાર હપ્તામાં, બે વર્ષના ગાળામાં ૬૦,૦૦૦ યુ.એસ. ડૉલર આપવામાં આવે છે. ૨૦૦૯માં અમને આ ફેલોશિપ મળી છે. જાણે બુઝાતા દીવામાં કોઈએ ઘી પૂર્યું

હવે અમે સાધન-સામગ્રી તથા સગવડો ઊભી કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કમ્પ્યૂટરાઈઝ્ડ સિસ્ટમો તૈયાર કરી છે. ૨૦૧૦ના ફક્ત માર્ચમાં અમે ૯૦,૦૦૦ ડિલિવરીઓ કરી છે! મારું લક્ષ્ય તો આ આંકડાને મહિને ૨૦૦,૦૦૦ ડિલિવરી સુધી પહોંચાડવાનો છે.

સમાજસેવા ક્ષેત્રે તો મને પહેલેથી જ લગાવ હતો, પરંતુ હું દૃઢપણે
માનતો કે આ ક્ષેત્ર તો એવા લોકો માટે છે કે જે ગાંઠના ગોપીચંદન
કરે. જેમનામાં કામની શિસ્ત ન હોય અને
જેના અરમાન ઊંચા ન હોય!

આને માટે પાર્સલને ટ્રેક કરવાની અમારે નવી સિસ્ટમ વિકસાવવી પડે તેમ છે. તમને ખ્યાલ હશે, કે તમે પાર્સલ કે ટપાલ કુરિયર કરો, તો સારી કંપનીઓ તમને ઈન્ટરનેટ દ્વારા એ પાર્સલ કેટલે પહોંચ્યુ તે જણાવે છે. તમારે કૉમ્પ્યૂટરમાં તમારો પાર્સલ નંબર નાંખવાનો એટલે જયાં પહોંચ્યુ હોય ત્યાંથી "બીપ' એવો અવાજ આવે. અમારા કર્મચારીઓ આ સાંભળી શકતા નથી, તેથી તેઓ જોઈ શકે તેવું સૉફ્ટવેર અમારે બનાવવું છે.

હાલમાં 'મિરેકલ'નો બિઝનેસ ફેક્ટરીની માફક જ ચાલે છે. બધાં જ પોતપોતાનાં ડિવિઝન સંભાળે છે. છોકરીઓ વિસ્તાર પ્રમાણે કવરો છૂટાં પાડે છે. બધાં કવર પિનકોડ પ્રમાણે અલગ કરીને બાંધવામાં આવે છે. દા.ત. ચર્ચગેટ અર્થાત મુબઈ ૪૦૦૦૨૦માં દરરોજ એકનો એક જ છોકરો જાય. આને કારણે એ છોકરો એ વિસ્તારથી પરિચિત થઈ જાય છે તથા એ પોતાની મરજી અને ફાવટ મુજબ રૂટ નક્કી કરી શકે છે. સંજોગોવશાત ક્યારેક જ એમાં બદલાવ કરવો પડે છે.

ઘણીવાર સરનામું અધૂરું હોય તો છોકરીઓ 'ગુગલ મૅપ્સ' પર જઈને કવર પર આસપાસના ચર્ચ કે મંદિરનું નામ લખી કાઢે છે. આને કારણે છોકરાઓનું કામ સરળ થઈ જાય છે. પ્રત્યેક કવર અને પાર્સલ સાથે અમે "ભારતીય સાંકેતિક ભાષા'ની માહિતી પૂરી પાડતું કાગળિયું મોકલીએ જ છીએ. જરૂર ઊભી થાય તો ગ્રાહક અમારા છોકરાઓને સાંકેતિક ભાષામાં સાદી સમજ આપી શકે તેટલી માહિતી આ કાગળમાં હોય છે, પરંતુ આજ સુધી એકેય ગ્રાહકને આવી જરૂર જ નથી પડી. એકેય શબ્દની આપ-લે વગર જ બધાં PO પર સહી કરી દે છે. અરે મોટા ભાગના ગ્રાહકોને તો ખબર જ નથી પડતી કે કુરિયર બૉય સાંભળી શકતો નથી. જો કે દરેક કવર ઉપર અમારી કંપની એક સ્ટેમ્પ મારે છેઃ Delivered, sorted and accounted by deaf adults

એક જાણીતું મૅગેઝિન અમારા ક્લાયન્ટ છે. એકવાર એમનો ફોન આવ્યો... "અમારા વાચકો અમને ફોન, ઈ-મેલ તથા પત્ર દ્વારા ખાસ અભિનંદન આપે છે . મિરેકલની સેવાઓ વાપરીએ છીએ તેથી તેઓ ખુશ છે. "જો કે, બધાં મીઠું મીઠું બોલે, પણ અમને કોઈ રૂપિયો ય વધારાનો નથી આપતું. નાના નાના

ગ્રાહકોની તો ક્યાં વાત કરું. અરે મોટા ગજાના કૉર્પોરેટ ક્લાયન્ટ્સ પણ રૂપિયાના ત્રણ અર્ધા શોધે છે. અમારા પિસ્તાલિસ ક્લાયન્ટ્સમાંથી ફક્ત એક જ અમને ગામથી વધારે ભાવે કામ આપે છે. એ બહેન વિદેશી છે. લ્યો, કરો વાત! અને આપણા દેશની મોટી કંપનીઓનાં CEO ટેલિવિઝન પર કોર્પોરેટ સોશિયલ રિસ્પોશન્સિબિલિટી (CSR)નાં ગાણાં ગાયા કરે છે. અમારે તો કંપનીના કોમર્શેયલ મૅનેજર સાથે ભાવ માટે માથાં જ પછાડવા પડે છે.

આ કંપનીઓ પાસે દાન મેળવવાની મારી અપેક્ષા નથી પણ બહેરા- મૂંગા કર્મચારીઓ પાસે કામ લેવામાં ખર્ચ વધારે થાય છે. અમે બધાંનાં પી.એફ. એકાઉન્ટ પણ ખોલાવ્યાં છે. જો કે કંપનીઓના મૅનેજરો તો મોઢે જ અમને કહી દે છે, "ભાઈ, એ કાંઈ અમારો પ્રૉબ્લેમ નથી." અમેરિકામાં તો આવા લોકોની નોકરી આપતી કંપનીઓ માટે અલગ કાયદા છે અને ઘણા લાભ મળે છે.

ઠીક છે, હું ફરિયાદ કરવા નથી માંગતો. કામ લેવા પૂરતું જ હું અમારા કર્મચારીઓ મૂક-બધિર છે એ સત્ય આગળ ધરું છું. એ પછી બધું જ બીજી કંપનીઓની હરીફાઈમાં જ થાય છે. શરૂ શરૂમાં મેં પાંચ રૂપિયામાં ય ડિલિવરી કરી છે, કેમકે મારા છોકરાઓને મારે એ બહાને કામ શીખવવું હતું. હવે અમે એવા દબાવેલા ભાવે કામ નથી લેતા. કામ ન મળે તો વાંધો નહીં!" ધ્રુવ થોભે છે .

મને વિવિધ પ્રયોગો કરવાનો અને

અનુભવો લેવાતો શોખ જ છે!

'મિરેક્લ'નું ક્લાયન્ટ લિસ્ટ જોઈને હું આભી થઈ જાઉં છું. મહેન્દ્ર ઍન્ડ મહેન્દ્ર, એ. વી. બિરલા, ગોદરેજ તથા અન્ય... હવે અમે બૅન્કો ભણી નજર દોડાવી છે. બૅન્કો પાસે સતત અને જથ્થામાં કામ મળી રહે છે. તેથી જ કુરિયર બિઝનેસના કીડા એવાને શ્રી સમીર ભોંસલેને હવે ઓપરેશન્સ મૅનેજર તરીકે લેવામાં આવ્યા છે. "રશ્મિ, મેં છાપામાં જાહેરખબર આપી હતી. આઠ જણ ઈન્ટરવ્યૂમાં આવ્યા હતા. એમાંથી સાત જણ મને કહે, આવા લોકો (મૂક-બધિર) તે કંઈ કંપની ચલાવી શકે? બોલે નહીં એ કામ ક્યાંથી કરે? "આઠમો માણસ એ આ સમીર ભોંસલે. એને AFL, Elbee અને Velocity તેમને ત્રણ કંપનીઓનો સોળ વર્ષનો અનુભવ છે. ખરેખર, એના આવ્યા પછી જ આ કંપનીમાં નવો પ્રાણ ફૂંકાયો છે . સમીર મારાથી બિલકુલ અલગ છે પણ રોજિંદા કામની એને ગજબની ફાવટ છે! હું કામ લઈ આવું, પણ પાર એ પાડે.

હવે અમે ધરી અને ચક્રના સળિયાનું "હબ એન્ડ સ્પોક મોંડલ' વિકસાવ્યું છે. હુ ચર્ચગેટની ઓફિસમાં બેસું છું. આ જગ્યા અમને આદિત્ય બિરલા ગ્રુપે આપી છે. ભોંસલે અંધેરીમાં બેસે છે. બધાં પરાંની ડિલિવરી ત્યાંથી થાય છે . ૨૦૧૦ના માર્ચમાં ૧.૫ લાખનો ધંધો થયો છે. છ મહિનામાં અમારુ રોકાણ તો નીકળી જશે. એથી વહેલું ય થઈ જાય! મારું સ્વપ્ન તો "મિરેકલ' ને ફેડ એક્સ (Fed Ex) તથા DHL. ના સ્તરે પહોંચાડવાનું છે પરંતુ ફક્ત આવા જ કર્મચારીઓની મદદથી.

અમારો એક છોકરો (ભૂપેશ) છેક ભિવપુરીથી બે કલાકની મુસાફરી કરીને ઓફિસે પહોંચે છે. સાંજે બીજા બે કલાકે ઘેર પહોંચે. એનો બાપ દારૂડિયો છે. તેનો ભાઈ પણ બહેરો છે. ભૃપેશને માટે આ ફક્ત નોકરી નથી. માથું ઊંચું રાખીને ટટ્ટાર ઊભા રહેવાની સોનેરી તક છે. ભૂપેશ ફક્ત દસમુ પાસ છે. વનિતા અને રેશ્મા હવે

આવું કામ લેવા પૂરતું જ હું મૂક-બધિર કર્મચારીઓનું બહાનું રજૂ કરું

છું. એ પછીનું બધું જ કામ અન્ય કંપનીઓની હરીફાઈમાં જ થાય

છે. વી હૅવ ટુ ડિલિવરી”

મારી ઈચ્છા તો મૂક-બધિર કે પ્રજ્ઞાચક્ષુ એકાઉન્ટન્ટને પણ નોકરીએ

રાખવાની છે - પણ મળે છે ક્યાં?

સુપરવાઈઝર છે. તેઓ શીપમૅન્ટ કેટલે પહોંચ્યા તેની ખબર રાખે છે. બધાં જ છોકરાઓ સાંજે આવીને આ છોકરીઓને રિપોર્ટ આપીને જ ઘેર જાય છે. છોકરીઓમાં તો જબ્બર આત્મવિશ્વાસનો સંચાર થયો છે. “મિરેક્લ'ના બધા જ કર્મચારીઓના PAN નંબર છે, બૅન્કમાં ખાતા છે, ગ્રુપ વીમો છે , તેમને ATM કાર્ડ્ઝ છે. ભારતનો મોટાભાગની બૅન્કો બધિરોને કાર્ડ નથી આપતી એ સંજોગોમાં 'મિરેકલે' કરેલો આ મિરેકલ છે.

મેં મારા બધા જ કર્મચારીઓને ક્રેડિટ-ડેબિટ કાર્ડ મળે એવી વ્યવસ્થા તો બૅન્ક સાથે કરી છે પરંતુ મોટાભાગના કર્મચારીઓ કાર્ડ ઘેર જ રાખે છે. આ છોકરીઓ ઘેરથી માત્ર વીસ જ રૂપિયા લઈને નીકળે છે. આટલે દૂરથી આવે છે છતાં ય અત્યંત કરકસરથી જીવે છે, ઘણીવાર મોડું થઈ જાય તો નાસ્તો ય નથી મંગાવતી. તમે જો કે અન્ય કુરિયર કંપનીઓની માફક રાત્રે મોડે સુધી સ્ટાફને દોડાવતા ય નથી. સાંજે છ વાગે ઓફિસ બંધ કરી દઈએ છીએ. પોતાની છોકરીઓ મોડે સુધી ઘરની બહાર રહે તે ક્યાં મા-બાપને ગમે? તેથી જ અમે બધાંને વહેલા બોલાવીને સાંજે વહેલા છોડી દઈએ છીએ.

હાલમાં સ્ટાફ સંખ્યા અઠ્ઠાવનની છે. તેમાંથી પંચાવન મૂક-બધિર છે. કંપની વિકાસની આ જ રફતાર ચાલુ રહે, તો મારે હવે પ્રજ્ઞાચક્ષુ તથા મૃક-બધિર-અંધોને પણ અહીં તક આપવી છે. શારીરિક ક્ષતિ ધરાવતા લોકો પાસે કામ લેવાનું તમે માનો છો એટલું અઘરું નથી. બહેન! બસ, એક ઝીણવટભરી સિસ્ટમ તૈયાર કરી દેવી પડે. બધિરો ડિલિવરીમાં એક્કા હોય છે જ્યારે અંધ વ્યક્તિ પાસે ઑફિસનુ જ અન્ય ઘણું કામ લઈ શકાય છે.

આજે મારા મનની એક ખાસ વાત કહ્યા વગર રહી શક્તો નથી. બસો-પાંચસો મૂક-બધિરોને નોકરી આપીને પગભર કરવા એ મારો ધ્યેય નથી. મારો ધ્યેય તો સમગ્ર સમાજ આવા લોકોને માન-સન્માન તથા સમાન અધિકાર આપે તેવું વાતાવરણ ઊભું કરવાનો છે . અન્ય કંપનીઓ પણ પોતાના દ્વાર અપંગો માટે ખોલે તોજ “મિરેકલ' સર્જાયો ગણાશે.

તમને ખબર જ હશે કે આ ડિફ્રન્ટલી એબલ્ડ પિપલ-ડિઝએબલ્ડ નહીં- ને પોતાના ભવિષ્યની ચિંતા સતત કોરી ખાતી હોય છે. કાલે ઊઠીને મારાં મા-બાપ નહીં હોય તો મને રોટલો ને ઓટલો કોણ આપશે. પાંચ જ વર્ષમાં હું એ દિશામાં પણ કામ ચાલુ કરવાનો છું. આ ધંધામાં તો ગળાકાપ હરીફાઈ છે તેથી તેમાંથી તો નફાનું પ્રમાણ હંમેશ માટે પાતળું જ રહેવાનુ, પરંતુ હું એક ફાઉન્ડેશન કે ટ્રસ્ટની સ્થાપના કરવા ઈચ્છુ છું . ”

“ધ્રુવ, કંપની અંગે તથા તમારા ધંધા અને સેવાકીય સ્વપ્નોની ઘણી વાત થઈ ગઈ. તમારા અંગત જીવનની કાંઈક ઝલક આપો ને!” હું પૂછું છું.

“જુઓ , હું ખાસ કમાતો નથી તેથી મારી ગર્લફ્રેન્ડ મારા પર સતત ખફા રહે છે. મારાં મમ્મી-પપ્પા મારે માટે ગર્વ અનુભવે છે તથા સારો સહકાર આપે છે. લોકો શું કહે છે તેની હું ખાસ પરવા નથી કરતો. તમને એક હસવાની વાત કહું! ગ્રેજ્યુએટ થયો અને તરત જ “મૅરિલ લિન્ચ' જેવી ભભકાદાર વિદેશી ફાઈનાન્સ કંપનીમાં મને નોકરી મળી ત્યારે ગામ આખું મારી વાહ વાહ કરવા લાગ્યુ. બે જ વર્ષમાં નોકરી છોડીને મેં સેવાકીય સંસ્થામાં નોકરી લીધી, ત્યારે તે જ લોકો કાનાફૂસી કરવા લાગ્યા. “સાલો

એક નંબરનો ગધેડો છે ." શું થાય? ગામને મોઢે ગરણું થોડું બંધાય? વળી પાછી ઓક્સફર્ડમાં સ્કોલરશિપ મળી ત્યારે એ જ લોકો બોલવા લાગ્યાઃ "અમે તો જાણતા'તા જ કે આ છોકરો પાણીદાર છે!" વળી, પાછું "મિરેકલ કુરિયર' શરૂ કર્યું ત્યારે એ બધાંની રનિંગ કૉમેન્ટ્રી શરૂ થઈ ગઈ. "એમ કાંઈ બહેરા-મૂગાને નોકરીઓ આપીને ધંધો થાય?" હમણાં મને "ઈકોઈંગ ગ્રીન ફેલોશિપ' તથા "હૅલન કેલર" એવૉર્ડ મળ્યાં ત્યારે હું પાછો "હીરો' થઈ ગયો.

એટલે જ કુછ તો લોગ કહેગે... લોગો કા કામ હૈ કહેના ઔર મેરા કામ હૈ નહીં સુનના. આમે ય હવે હું 'સગવડિયો બહેરો' થઈને જ આગળ વધવા માંગુ છું.

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

Nikeનાં જૂતાંની જાહેરખબર જોઈ છે ને?

બસ, એ ત્રણ જ શબ્દો યાદ રાખો.

'Just Do It'

મને તો શરૂશરૂમાં ભારે ગભરામણ થતી હતી. પૈસા વગર શું કરીશ? સફળ થઈશ કે નહીં? કાંઈ કેટલાય વિચારો મેં તો કર્યા હતા, પણ હવે થાય છે કે ગ્રૅજ્યુએટ થયો એ દિવસથી જ આમાં કૂદી પડવાનું હતુ!

અનુભવ લેવો કે ન લેવો એ બાબતે હું શું કહું મને થોડો હતો , પણ આ લૉજીસ્ટિકની લાઇનનો તો બિલકુલ જ ન હતો . ઘણીવાર તો અનુભવ ન હોય તો તમને વધારે સર્જનાત્મક વિચારો આવે છે .

આપણી કૉલેજોમાં તો ગાડરિયો પ્રવાહ ચાલે છે. બી.કૉમ. પત્યું તો CAT આપી દ્યો! અરે ભાઈ, તમને રસ છે કે નહીં તે તો સમજો! આગળ ભણતાં પહેલાં થોડો શ્વાસ લો , રખડવાનો આનંદ લો અને અંતરઆત્માને ઢંઢોળીને પૂછવાની તસ્દી લો, કે તારે આગળ શું કરવું છે?

CHANGEMAKERS

સમાજસુધારકો

કોઈપણ ચળવળ શરૂ કરવા માટે એક વ્યક્તિ કાફી છે. આખી દુનિયા જેને સ્વીકારી લે છે તેને આ સુધારક 'બહુજનહિતાય', 'બહુજનસુખાય' દષ્ટિએ માપે છે અને બદલાવ માટે આકાશ-પાતાળ એક કરીને 'સમાજોપયોગી' મૉડલ સ્વીકૃતિ પામે તે માટે સઘળું ન્યોચ્છાવર કરવા તત્પર રહે છે.



સમાજવાદી વૈજ્ઞાનિક

માધવ ચવાણ
'પ્રથમ'

સજકારણીના ફરજંદ શું બને? મોટેભાગે તો 'ખાઉ' રાજકારણી જાં માધવે શરૂઆતથી જ સામ્યવાદી નેતા બનવાનું [વિચારેલું | જો કે અમેરિકાના Ph.D. ના અભ્યાસે તેમના વિચારોમાં આમૂલ પરિવર્તન આણ્યું. ભારત પરત આવીને તેમણે શિક્ષણને પોતાના જીવનનો એકમાગ ધ્વેષ બનાવ્યો છે. આજે તેમણે સ્થાખેલ 'પ્રથમ' સંસ્થા ભારતનાં અનેક બાળ કોને શિક્ષિત કરી રહી છે તથા આ કગની સૌથી મોટી સસ્થા બની ચૂકી છે.

પિતાશ્રીનો બહોળો ધંધો હોય તો દીકરો પણ વહેલો-મોડો તેમાં જોડાઈ જાય.

બૉલિવૂડના ફિલ્મસ્ટારોના પુત્રો ફિલ્મ ઉદ્યોગમાં નસીબ અજમાવે અને રાજકારણીઓના દીકરાઓ તો રાજકારણના મલાઈદાર “ધંધા'માં જ પડે. ખરુંને!

ના. માધવ ચવાણ “નોખી માટીના નોખા માનવી' છે.

તેમનાં માતા-પિતા બંને ભારતની આઝાદીની ચળવળના લડવૈયા હતાં . માધવનૌ જન્મ અને ઉછેર યુનિયન લીડરોની નઝારાબાજીઓ અને નારાઓ વચ્ચે થયો. માધવ ખુદ પણ જો અમેરિકા ન ગયા હોત તો તેમની દુસિયા આવા જ યુનિયનોમાં સીમિત હોત. .. પરંતુ અમેરિકાના ભણતરે જીવન અને જીવન તરફ જોવાની દષ્ટિ જ બદલી કાઢી.

૧૯૮૯થી આજ સુધી માધવે પોતાનાં સઘળાં સમય અને શક્તિ દિલોજાનથી ભારતની અંદર વસેલા એ “બીજા ભારત' માટે ખરચી કાઢ્યાં છે. આ “બીજું ભારત' એટલે પેલું 'શાઇસિંગ ઈન્ડિયા' નહીં, પેલું બૉલિવૂડ, અને બુદ્‌ધિજીવીઓનું બ્યુટી પેજન્ટોનું “ઈન્ડિયા' નહીં પરંતુ એ ભારત, કે જયાં હજારો બાળકો મ્યુનિસિપલ તિશાળોના પાંચમા ધોરણમાં “ચડી' ગયા છે પરંતુ તેમને 'મગન' કે “કમળ' વાંચતા ય નથી આવડતુ, કે “૨ ૪૨” નો દાખલો જોતાં જ તેઓ બાઘા બની જાય છે! એવું ભારત કે જ્યાં દીકરીઓ નિશાળનું પગથિયું ય નથી ચડતી!

માધવે પોતાના કામમાં રાજકારણીનો નશો, વૈજ્ઞાસિકની મહેનત અને બાળકનો ઉત્સાહ રેડી દીધાં છે...

સાંજે ચાર વાગે તેમને મારી સાથે એક સારી ઉડીપી રેસટોરાંમાં ઈન્ટરવ્યૂ માટે બેસવાનો સમય મળ્યો છે. સવારે બ્રેકફાસ્ટમાં ખવાય તેવી ઈડલી ખાવાની અત્યારે માંડ નવરાશ મળી છે. હું બેઠી બેઠી વિચારું છું. .. આ માણસે શાંતિથી કોઈ કેમિકલ લૅબોરેટરીમાં જીવન કેમ નહીં વિતાવ્યું હોય? આ શી પળોજણ?

જો કે માધવે તો જીવનને જ લૅબોરેટરી બનાવીને નવાં નવાં સંયોજનો , નવી નવી ફૉર્મ્યુલા શોધી છે! શિક્ષણરૂપી ઑક્સિજનના સંમિશ્રણથી નાનાં નાનાં ભૂલકાંઓનાં મનને પ્રજવલિત કર્યાં છે!

સમાજવાદી વૈજ્ઞાનિક

માધવ ચવાણ

'પ્રથમ'

"મારો જન્મ અને ઉછેર મુંબઈમાં જ થયો છે. મારા દાદા કોલ્હાપુરની કોર્ટમાં જજ હતા તેથી તેમણે મારા પિતાને ભણાવવા માટે અને આગળ લાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા જ હશે, પરંતુ ફક્ત સત્તર વર્ષની ઉંમરે મારા પિતાએ સામ્યવાદ અપનાવીને ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં ઝનૂનભેર ઝંપલાવ્યું. આ દરમિયાન જ ૧૯૪૨માં તેમનો મેળાપ મારાં આઈ (મા) સાથે થયો. ચળવળ દરમિયાન બંને એક જ ઘરમાં છુપાયા હતા, તેમાંથી ઓળખાણ થઈ. પાછળથી બાબા (પપ્પા) ટ્રેડ યુનિયનના લીડર બની ગયા.

હું તેમનું એકમાત્ર સંતાન છું પરંતુ હું હમેશાં અસંખ્ય લોકોના ઝમેલાની વચ્ચે જ મોટો થયો છું. અમારા ઘરને બધાં "કૉમ્યુન" કહેતા, કેમકે તેમાં અનેક યુનિયન લીડરો તથા તેમનાં કુટુંબીજનો રહી પડતા. દિવસ થાય એટલે અમારું ઘર યુનિયનની ઓફિસ થઈ જાય. બાબાનો પાર્ટીનું નામ "લાલ નિશાન પાર્ટી' હતું, જે રાજકારણીઓ અને મજૂર સંગઠનોમાં જાણીતું નામ ગણાતું .

મને પણ કિશીરાવસ્થાથી જ સામાજિક અસમાનતા તથા રાજકારણમાં રસ પડવા લાગ્યો. હું ડાબેરીઓની પાર્ટીમાંની ઔઑફિસમાં કામ પણ કરતો. આ લગભગ ૧૯૭૦-૭૨ના અરસાની વાત છે. એ પછી મેં મુંબઈની પ્રતિષ્ઠિત જયહિંદ કૉલેજમાં પ્રવેશ લીધો. ઈન્ટર સાયન્સ પછી મારા મોટાભાગના મિત્રો મેડિકલ અને એન્જિનિયરિંગમાં ગયા અને મેં બી.એસસી.નો રસ્તો લીધો . ભણવા ખાતર જ હું ભણતો. મને તો રાજકારણમાં અને કૉલેજમાં ચાલતા સ્ટુડન્ટ યુનિયનના કામમાં જ રસ હતો . ગ્રૅજ્યુએશન પછી લગભગ

એક વર્ષ સુધી મેં "લાલ નિશાન પાર્ટી'ની ઓફિસમાં કામ કર્યું. જો કે એવામાં જ ભારતમાં "ઈમર્જન્સી'નું એલાન થયું અને રાજકારણને અલવિદા કરીને આગળ ભણવાનું શરૂ કર્યું.

'ઈનઑર્ગેનિક કૅમિસ્ટ્રિ' માં પૉસ્ટ-ગ્રૅજ્યુએશન કરવાનું મેં શરૂ ક્યું પછી બીજા વર્ષમાં મારા ડિસ્ટીક્શન માર્ક્સ આવ્યા એટલે ભણવાનો ઉત્સાહ વધ્યો . મેં IITમાં Ph.D. માટે અરજી કરી. જેનો જવાબ "ના'માં આવ્યો. એવામાં મને કોઈએ કહ્યું કે અમેરિકાની યુનિવર્સિટીઓ પાસે રિસર્ચ માટે ઘણું ફંડ હોય છે. ત્યાંની કો'ક યુનિવર્સિટીમાં એપ્લાય કર તો સ્કૉલરશિપ પણ મળી જશે! વાહ, મારે તો ભાવતું'તું ને વૈદે કીધું જેવો ઘાટ થો . મુંબઈની જે અમેરિકન એમ્બેસી સામે મેં સ્ટુડન્ટ લીડર તરીકે નારાબાજીઓ કરી હતી તેની બહાર જ હું સ્ટુડન્ટ વીઝા માટેની લાઇનમાં ઊભો રહી ગયો.

'ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીમાંથી મેં પીએચ.ડી. પતાવ્યું. કેમિસ્ટ્રી માટે આ ટૉપ-૧૦માં સ્થાન પામેલ છે. ઠીક છે, હુ કાંઈ એવુ તો નહતો ભણ્યો કે મને નોબેલ પ્રાઈઝ મળે, પણ વિષયની સમજણ વધી હતી તથા રસ વધ્યો હતો. અમેરિકામાં રહેવાથી આખી દુનિયાના દેશો તરફ જોવાની મારી દષ્ટિ જ બદલાઈ ગઈ. લેટિન અમેરિકાના દેશો, ચીન, વિયેટનામ, બધે જ આપણા જેવા જ પ્રશ્નો છે અને સામાન્ય માણસને દેશમાં સમાજવાદ, સામ્યવાદ, રાજાશાહી કે મૂડીવાદી સરકારોથી કોઈ જ ફરક નથી પડતો . એમને તો બે ટાઈમ રોટલા ભેળા થવાનું હોય છે. અમેરિકામાં મને સૌથો વધુ શું ગમ્યું, કહું? એ મૂડીવાદી દેશમાં જ મને સાચો સામ્યવાદ દેખાયો. રોજિંદા જીવનમાં અમીર-ગરીબ વચ્ચે ઝાઝો તફાવત

નથી. બધા માટે ચોખ્ખું પાણી, સારામાં સારી સરકારી નિશાળો , સપાટ રસ્તા તથા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવી સહેલી છે.

મને મારી જ યુનિવર્સિટીએ નોકરી આપવાની ઑફર કરી. ગ્રીનકાર્ડ પણ મળી ગયું છતાં ય અંતરઆત્માનો પોકાર હતો... ભારત પાછો જા... આમ તો મારી સામે બે રસ્તા હતા... અમેરિકામાં રહીને એ દેશની મુશ્કેલીઓ સહન કરવી, કે ભારત પરત થઈને ભારતીય સમાજના પડકાર ઝીલવા! મેં ભારત પાછા આવવાનું નક્કી કર્યું.

૧૯૮૪ની આ વાત છે. એ વખતના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ વિદેશથી પરત આવવા ઇચ્છતા વૈજ્ઞાનિકો માટે “સાયન્ટિફિક પુલ ઑફિસર' નામની સ્કીમની જાહેરાત કરી હતી. એ અન્વયે મને પૂનાની NCL (નેશનલ કેમિકલ લૅબોરેટરી)માં બારોબાર નોકરી મળી ગઈ. થોડા જ વખતમાં મુંબઈના UDCT (યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઑફ કેમિકલ ટૅક્નોલૉજી)માં નોકરીની ઑફર મળી અને મેં મુંબઈ ભણી પ્રયાણ કર્યું. ભણાવવાની મને ખૂબ મજા આવતી હતી પરંતુ મારો રિસર્ચ પ્રોજેક્ટ બે વર્ષ માટે સરકારી બાબુઓના ટેબલો પર ધૂળ ખાતો પડી રહ્યો એ બાબતે ખૂબ દુઃખ થતું.

આ ગાળામાં મને ફરી રાજકારણનો ચસકો લાગ્યો. 'લાલ નિશાન પાર્ટી' તો મને કુટુંબીજન જ ગણતી હતી. મેં પાર્ટીની મિટિંગોમાં સિયમિત જવાનું શરૂ કર્યું તથા પાર્ટીનું એક છાપું ચાલુ કરવાનો પણ નિર્ણય લેવાયો. જો કે અમારી જ પાર્ટીમાં કેટલાક લોકોએ ગોર્બેચોવ (રશિયન પ્રમુખ)ની વિચારધારાઓને સમજવાનું અને અપનાવવાનું નક્કી કર્યું. સામ્યવાદે ખરેખર કોનુ ભલું કર્યું છે તે વિચારવાનો સમય પાકી ગયો હતો. ૧૯૮૯માં મને ચીન જવાની તક મળી. હું માઓના વિચારોથી નાનપણથી જ પ્રભાવિત થયો હતો. એ સાહિત્ય વાંચીને જ હું મોટો થયેલો. પરંતુ ચીનના યુવાનોના વિચારો જાણીને તથા તેમની રહેણીકરણી અને સાધ્યવાદ વિરોધી વિચારો જોઈને મને ભયંકર આઘાત લાગ્યો. ભારત પણ હવે બદલાઈ રહ્યું હતું. 'ગરીબી હટાવો' જેવાં સ્લૉગનો હવે ફિક્કા લાગતાં હતાં. રાજીવ ગાંધીના ટેક્નકલ એડવાઈઝર તરીકે જોડાયેલા સામ પિત્રોડાએ ભારતમાં અક્ષરજ્ઞાનના વિસ્તાર માટે “નૅશનલ લિટરસી મિશન' ની સ્થાપના કરી હતી. (NCL)

ભારતમાં પુખ્તવયનાં અસંખ્ય લોકો અક્ષરજ્ઞાન વિહોણાં છે. ફક્ત ગામડાંઓમાં જ નહીં, શહેરોમાં અને બસ્તીઓમાં પણ! આવા પ્રૌઢોને જો ભણાવી શકાય, તો તેઓ બીજાં અનેકને ભણાવી શકે અને એ રીતે સમાજ સુધારણા થાય તેવી આ યોજનાની સાદી સમજ હતી. આમાં યુનિસેફ કે વર્લ્ડબૅન્કના નાણાંની કે માર્કેટ રિસર્ચની જરૂર ન હતી. જીવન જીવવા માટે જેમ ખોરાક-પાણી ને હવા જોઈએ તેમ જ માણવા માટે શિક્ષણ જોઈએ તે વિચાર ફેલાવવાનો હતો.

બાબા (પિતાજી)એ ક્યારેય પાર્ટી પાસે પગાર નથી લીધો. આઈ (મા)

સ્કૂલટીચર તરીકે તોકરી કરતાં હતાં અને એમાં અમારું ગાડું ગબડતું

હંતું. જો કે મને ક્યારેય કોઈ ચીજની ઊણપ નથી લાગી.

આ NCL યોજનાને સફળ બનાવવા માટે સરકાર કોઈ સારી વ્યક્તિની શોધમાં જ હતી. હું પોતે એવો એક માણસ હતો પણ ખરો, પરંતુ શિક્ષણખાતાની નજરમાં હું આવ્યો શી રીતે એ વાત સાંભળવા જેવી જ છે.

૧૯૮૮માં સરકારે યુનિવર્સિટીના પ્રોફેસરો માટે જથા઼ા પગાર કમિશનનાં સૂચનોનો સ્વીકાર કરવાનું મોકુફ રાખ્યું. પ્રોફેસરોને આને કારણે ભારોભાર અન્યાય થતો જોઈને મેં UDCT દ્વારા મોટી રેલી

કાઢવાનો તથા તે રેલીની નેતાગીરી કરવાનું સ્વીકાર્યું. મેં વડાપ્રધાનશ્રીને પણ પત્ર લખ્યો ... માનનીય પ્રધાનમંત્રીશ્રી, તમારા આ અન્યાયી વર્તનથી પ્રોફેસરો તો ઘેર બેઠા જ છે, પરંતુ વિદ્યાર્થીઓ પણ રખડી ખાય છે. આપણા શિક્ષણના મૂળભૂત પ્રશ્નોના ઉકેલ લાવવાને બદલે આપણે પ્રોફેસરોએ મસ્ટરમાં સહી કરી કે નહીં, પગારવધારાનો દર ૫% હોવો જોઈએ કે ૭% જેવાં તદ્દન શુલ્લક પ્રશ્નોમાં અટવાઈ ગયાં છીએ. નસીબજોગે પ્રધાનમંત્રીએ પત્ર વાંચીને સેક્રેટરી એજ્યુકેશન શ્રી અનિલ બો ્ડિયાને મોકલી આપ્યો. હડતાલ તો આટોપાઈ ગઈ પણ અતિલજીએ મને મળવા બોલાવ્યો.

હું એમને મળવા પહોંચ્યો ત્યારે મને જોઈને જ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. એમને એમ કે હું રિટાયરમેન્ટને આરે પહોંચેલો કોઈ ઉંમરલાયક પ્રોફેસર હોઈશ. પોતાની સામે ચોત્રીસ વર્ષના યુવાન પ્રોફેસરને જોઈને તેઓ ઊભા થઈ ગયા. ઘણી ચર્ચા થઈ. હું બીજી વાર તેમને મળ્યો ત્યારે મને કહે, "જો ભાઈ, સો વાતની એક વાત! તમે બધાં લાલ-નિશાન કે ફલાણી-ઢીકણી પોલિટિકલ પાર્ટીવાળાઓ સામાજિક ક્રાંતિ અને ઉત્થાનની મોટી-મોટી વાતોના ઢોલ પીટો છો, પોસ્ટરો ને ફરફરિયાં છપાવો છો પણ એ કાગળિયાં તો ગાંઠિયાના પડીકાં બાંધવામાં વપરાય છે . વાંચે છે કોણ? આ દેશના ૫૦% લોકોને તો વાંચતા ય નથી અવડતુ !"

બસ, આ ચર્ચાએ મારી આંખ ઉઘાડી દીધી. અમેરિકાના મારા દિવસો, ત્યાંના લોકોની સમાનતા, ચીનનો માઓવાદ અને તેનો વિરોધ... બધુ જ કચકડાની પટ્ટીની જે મારી આંખ સામે ફરવા લાગ્યું. એ જ મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ.

૧૯૮૯ના એ દિવસે જ મેં નક્કી કરી દીધું કે નોકરી બાદનો મારો બધો જ ફાજલ સમય હુ પુખ્તવયનાં લોકોને શિક્ષિત કરવા પાછળ ખર્ચાશ. હું ચેમ્બુર અને ધારાવીની ઝૂપડપટ્ટીમાં નિયમિત જવા લાગ્યો. કેટલાંય પ્રૌઢોને ભણતરની ભૂખ હતી. શરૂઆત ક્યાંથી કરવી? NLM નો એક પ્રોગ્રામ હતો MPFL. માસ પ્રોગ્રામ ફૉર ફંક્શનલ લિટરસી- જેમાં ખપપૂરતું ભણતર ભણાવવામાં આવે. રોજિંદા જીવનમાં જરૂર પડે તેવા સરવાળા, બાદબાકી, ભાષા તથા વિજ્ઞાન. મારા ઘણા મિત્રો સમાજસેવાનાં નાનાં-મોટાં કામો કરતા હતા. કોઈક વિજ્ઞાનના પ્રયોગો કરાવતા, કોક સ્રીઓની મુક્તિ માટે કામ કરતાં. મેં બધાંની મિટિંગ કરીને સમજાવ્યાં કે જયાં સુધી ભણતર નહીં હોય, ત્યાં સુધી બધાં કામોનો કોઈ અર્થ નથી. ઘણાં મિત્રો મારા કામમાં જોડાઈ ગયા.

મેં 'CORO'- કમિટી ઑફ રિસોર્સ ઓર્ગેનાઈઝેશન નામની સંસ્થાની સ્થાપના કરી તથા તેમાં મુંબઈમાં ભણાવવા ઈચ્છતા હોય તેવા ભણેલા લોકોની નોંધણી ચાલુ કરી. ૧ લાખની સરકારી ગ્રાન્ટ મળી. તમે માનશો નહીં, પણ નિયમિત રીતે સેવા આપી શકે તેવા લોકો મળવા ખૂબ જ મુશ્કેલ છે. ભારતનો કૉલેજોમાંથી દર વર્ષે લાખો ગ્રૅજ્યુએટો બહાર પડે છે પણ જો સેંટ ઝેવિયર્સ કે રૂઈયા કૉલેજમાં શોધવા જાઓ તો આંગળીને વેઢે ગણાય એટલાય હીરો નિયમિત આવવા રાજી ન હોય! બીજી તરફ આ જ ઝૂંપડપટ્ટીમાં આઠમું અને દસમું પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાના વડીલોને ભણાવવા હોંશેહોંશે આગળ આવ્યા. અમે એક વર્ષ સુધી આ કાર્યક્રમ સિયમિતરૂપે ચલાવ્યો, પરંતુ વર્ષને અંતે ફક્ત ૧૦% જ સફળતા મળી.

સાવ અભણ લોકોને મોટી ઉંમરે ભણાવવા સહેલા નથી. આપણામાં કહેવત છે ને, કે પાકા ઘડે કાંઠા ન ચડે! મને એનો સાક્ષાત્કાર થયો . અમે સરકારને આંકડાની માયાજાળ રચીને ખોટો રિપોર્ટ આપી શક્યા હોત કે ૫૦% લોકો આખું વર્ષ ભણ્યા છે... વગેરે... પણ 'ચલતા હૈ' તો એ અભિગમ મને ન ખપે! સરકારે ગ્રાન્ટ આપવાની બંધ કરી. કાર્યક્રમની ક્ષતિ અમે શોધવા માંડી... ક્લાસ દિવસે ચાલતા હોવાથી નોકરી-ધંધાવાળા (િયમિત નહોતા આવતા. સાંજે મ્યુનિસિપાલિટીનુ પાણી આવે એટલે બૈરાં ક્લાસ

છોડીને પાણી ભરવા ભાગતાં . તો હવે રાત્રે ક્લાસ ચાલુ કરો. બે-ત્રણ વિસ્તારની ઝૂંપડપટ્ટીની બહેનોને ભેગી બેસાડીને ભણાવો તો અંદરઅંદર ચર્ચા થાય, હરીફાઈ રહે તથા પોતપોતાના વિસ્તારમાં થતી પ્રવૃત્તિઓની માહિતીની આપ-લે પણ થાય.

ખરેખર, ક્લાસ તો જામ્યા! સ્ત્રીઓ કેવી કેવી ચર્ચા કરતી! કુટુંબનિર્વાહ માટે અને વધારાની આવક માટે ઘેર બેઠાં કેવા ધંધા શોધી કાઢતી, વર મારતો હોય તો એને શી રીતે સીધો કરતી કે દેશી દારૂની બાટલી લઈને આવે તો એને રાતભર ગટરની બાજુમાં કેવી રીતે સુવાડતી... સઘળી ચર્ચા થતી. પૂનાના એક ગ્રુપે તો આખી દેશી દારૂ ગાળવાની ભટ્ટીમાં જ આગ ચાંપી દીધી હતી! એમના લીડર બહેન કહે, “દેશી દારૂની બદીમાંથી બહેનોને છોડાવવાનું કામ તો સાવ સહેલું છે. ભટ્ટીને જ બાળી કાઢવાની! વાર્તા પૂરી!” એ જ દિવસે બસમાં ઘેર જતાં ઘણી બહેનો અંદર અંદર ગુસપુસ કરતી'તી... “આપડે ય આવું જ કરવુ જોઈએ, તો જ હાળાઓ સીધા દોર થાય.' અને એ બહેનોએ ભેગા થઈને એમના વિસ્તારની દારૂની દુકાનને આગ ચાંપી જ દીધી.

૧૯૯૧માં સરકારે મને UDCT ની મારી નોકરીમાંથી મુક્ત કર્યો અને NLM (નૅશનલ [િટરસી મિશન)માં ડેપ્યુટેશન પર મૂક્યો. હું “સંપૂર્ણ શિક્ષા અશભિયાન' (ટોટલ લિટરસી મિશન)માં જોડાયો અને કેરળનો એર્નાકુલમ જિલ્લો ભારતનો સર્વપ્રથમ ૧૦૦% શિક્ષિત

હું માકર્સવાદી વિચારસરણીનો વિરોધી નથી. મેં એ વિચારોને

મનમાંથી સાવ કાઢી યે તથી કાઢ્યા, પરંતુ હવે મને એ બાબતે

ઘણા પ્રશ્નો થાય છે.

વિસ્તાર જાહેર થયો. ભારત સરકારે આદેશ કર્યો કે જો કેરળમાં સંપુર્ણ સાક્ષરતા શક્ય હોય, તો ભારતના અન્ય રાજ્યોમાં કેમ નહીં? મેં મુંબઈમાં પ્રયત્નો શરૂ કર્યા. રેલવેબોર્ડના અધિકારીઓને મળીને સ્ટેશનોની અદર “સંપૂર્ણ સાક્ષરતા અભિયાન'ની જાહેરાતોનાં પાટિયાં મૂક્યાં. પોસ્ટ આઑફિસોમાં જઈને પોસ્ટમેનોને તાલિમ આપી. જો કે કાગળ પર બતાવવા માટે તો આ એક શ્રેઠ યોજના હતી. પરંતુ કલ્પના અને હકીકત વચ્ચે હોય તેટલું અંતર પ્લાન અને તેની સફળતા વચ્ચે હતું . તમને એક જ દાખલો આપું- 'O & M' નામની જાણીતી કંપનીએ 'પઢના લિખના સૌખો' નામની જાહેરખબર આ અંગે બનાવી હતી. જાહેરાતને અંતે એક બોક્સમાં લખાણ હતું - તમે પણ જો કોઈને ભણાવવા ઈચ્છતા હો તો તમને કીટ આપવામાં આવશે. આ સરનામે લખો.

ભારતના લાખો લોકોએ એ સરનામે પત્રવ્યવહાર કર્યો, પણ નેશનલ લિટરસી શિશન પાસે પૂરતી સંખ્યામાં કીટ જ ન હતી. એમણે પેલી જાહેરાતની એજન્સીને છેલ્લું બોંક્સનું લખાણ કાઢવાની સૂચના આપી દીધી. બોલો , “અંધેરી નગરી ને ગંડુ રાજા' જેવી વાત છે ને?!

અનુભવે બીજું પણ સત્ય શીખ્યો. આ દેશની કે કોઈપણ દેશની સડેલી સિસ્ટમમાં પણ અમુક સાચા અને સારા માણસો હોય જ છે. એવાં જ એક મહિલા એટલે મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડનાં કર્મચારી સુજાતા ખાંડેકર. એ વખતે શ્રી શરદ પવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા. મેં એમને વિનંતી કરીઃ “સાહેબ, આ બહેન સરકારી નોકરીમાં છે, પરંતુ એમને હૈયે રામ વસેલા છે. મારે CORO ના કામ માટે તેમની જરૂર છે પણ એમને અપાય તેટલા રૂપિયા ક્યાંથી લાવું?” સાહેબે તો ફોન ઉઠાવ્યો. NSEB ના ચૅરમૅનને જ સીધા હલાવ્યા. એ દિવસથી જ સુજાતા ખાંડેકર CORO માં કામ કરે છે. પગાર MSEB માંથી આવે છે.

મેધા કુલકર્ણી નામનાં બીજાં મહિલા છે. એ ઑલ ઇન્ડિયા રેડિયો (1૨) માં નોકરી કરતા. એકવાર એમનો ફોન આવ્યો- "તમારા કામ અંગે એક રેડિયો પ્રોગ્રામ કરવો છે. "સર્વશિક્ષા અભિયાન" અંગે પછી તો તેમને દસ હપ્તાની સિરિયલ બનાવી દીધી. અમારી ઝૂંપડપટ્ટીના કેટલાક વિદ્યાર્થીઓને એડિટિંગમાં પણ તેમણે ટ્રેઇન કર્યા. કાર્યક્રમનું નામકરણ થયું - 'શાલેચા બાહેરચી શાલા'- "શાળા બહારની શાળા' - એમાં દસ અલગ-અલગ ગ્રુપને હું ભણાવવાનો તથા ભણતરનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરું છું તેની વાત છે. પહેલાં જ દિવસનો એપિસોડ ભરવાડોના ગ્રુપ સાથે હતો . સાવ જ અંગૂઠાછાપ- કાળા અક્ષર ભેંસ બરાબર! અમે પચ્ચીસ મિનિટ ચર્ચા કરી અને છેલ્લે બધાંએ ભણવાની ઇચ્છા જાહેર કરી. બીજે હપ્તે હું એવી બહેનો સાથે બેઠો હતો કે જેઓ હાલમાં જ ફક્ત પોતાની સહી કરતાં શીખ્યાં હતાં. આમ દરેક હપ્તે કાંઈક નવું પીરસાતું . મ્યુઝિક, સાઉન્ડ ક્વૉલિટી અને એડિટિંગ પણ ઉત્તમ કક્ષાનાં હોવાથી કાર્યક્રમની રાહ જોવાતી. એવામાં દૂરદર્શન તરફથી કહેણ આવ્યું: "અક્ષરધારા' નામનો કાર્યક્રમ કરવો છે.

આ કાર્યક્રમે તો ઘણા રેકોર્ડ કર્યા. પ્રાઇમ ટાઇમે પ્રસારિત થતો આ એકમાત્ર સામાજિક કાર્યક્રમ હતો . દોઢ વર્ષ સુધી નિયમિત પ્રસારિત થયો. મારી ઇચ્છા તો ફક્ત ત્રીસ-ત્રીસ સેકંડના સંદેશ જ બતાવવાની હતી. દા.ત. શાકભાજીની લારી ચલાવવાનો ભણતો દીકરો પોતાના પિતાજીને ભણતરનું મહત્ત્વ સમજાવતો હોય તેવું કાંઈક કરવું - પરંતુ મુંબઈ દૂરદર્શનના આસિસ્ટન્ટ સ્ટેશન ડાયરેક્ટર શ્રીમતી વિજયા ધૂમાળે સાથે મારી મિટિંગ ગોઠવાઈ ત્યારે તેમણે લાગલું જ પૂછયું, "તમે ખરેખર જે કામ કરો છો તે જોવા ધારાવીની ઝૂંપડપટ્ટીમાં મને લઈ જશો?"

થોડા જ દિવસમાં તે અચાનક જ અમારી શાળાની મુલાકાતે આવ્યાં. ત્યાં પ્રૌઢોને ભણાવતા ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને મળ્યા અને પછી મને કહે, "ત્રીસ સેકંડને બદલે આપણે ત્રીસ મિનિટનો એપિસોડ બનાવીએ તો તમને વાંધો છે? તમે ટેલિવિઝન માટે ક્યારેય સ્ક્રિપ્ટ લખી છે?" મેં કહ્યું, "ના, ભાઈ ના! પણ પ્રયત્ન કરી જોઉ."

બહેન કહે, "તમે દેખાવમાં ય ચાલો એવા છો . તમે જ કાર્યક્રમની રજૂઆત પણ કરજો."

થોડા હપ્તાનું શૂટિંગ થઈ ગયું પછી તેમના એક કાર્યક્રમને સ્ટુડિયો સુધી પહોંચતા મોડું થયું ત્યારે પ્રાઇમ-ટાઇમમાં તેમણે આ કાર્યક્રમને મૂકી દીધો . બીજા હપ્તે તો વિજયાએ મહાભારત સિરિયલના કૃષ્ણ, નીતિશ ભારદ્વાજને "અક્ષરાધારા' કાર્યક્રમની શરૂઆતની કોમેન્ટ્રી આપવા સમજાવી લીધા. એ વિજયાના આસિસ્ટન્ટ હતા. એક સમય તો એવો હતો કે 'રામાયણ' સિરિયલનો ટી.આર.પી. ૪૪ હતો અને અક્ષરધારાનો ૨૫ હતો! ઈટ વોઝ અ હ્યુજ સક્સેસ! જો કે આ કાર્યક્રમનો ઉદ્દેશ રૂપિયા કમાવવાનો ન હતો. મને પણ એમાંથી કાંઈ જ ન હતું મળતું. સરકારે પણ CORO ને ગ્રાન્ટ આપવી બંધ કરી હતી. મેં જિંદગીમાં પહેલી વાર નાણાં ઊભા કરવાનો વિચાર કર્યો.

એવામાં જ સેન્ટ્રલ ગવર્નમેન્ટના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી (DST) એ સ્વચ્છતા તથા કચરાના નિકાલ અંગે એક કાર્યક્રમ શરૂ કર્યો. કચરામાંથી ઊર્જા પેદા કરવા તથા ઝૂંપડપટ્ટીઓમાં "પે એન્ડ યૂઝ ટૉઇલેટ'ની રચના માટે તે વખતે વડાપ્રધાન શ્રી નરસિંહરાવે ડૉ. વસંત ગોવારીકરની પોતાના સલાહકાર તરીકે સિમણૂક કરી. મારે એમની સાથે ઘર જેવા સંબંધ હતા. તેમણે અક્ષરધારા કાર્યક્રમ જોયો હતો તેથી "પે એન્ડ યૂઝ ટૉઇલેટ' પર એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવાનું કામ તેમણે મને સોંપ્યું. મેં ઘણાં શૌચાલયોની મુલાકાત લીધી. કૉન્ટ્રાક્ટરો એવું હલકું કામ કરતા કે સરકાર રીતસર ધુતાઈ જ રહી હતી. મેં ગોવારીકર સાહેબને કહ્યું, સ્થાનિક લોકોને જ આ કામ આપો. સંડાસ- બાથરૂમની આવક પણ એમની, બાંધવાના પણ એમણે અને મરમ્મતનું કામ પણ એમનું. તો જ ક્વૉલિટી સુધરશે. બહારના ઠેકેદારોને આ લોકોની શી પડી હોય? એમને તો જાજરૂ બાંધવાના નાણાં મળી જાય એટલે રામરામ!

એમને મારી વાતમાં તથ્ય લાગ્યું . નવા બ્લોક્સ બાંધવામાં મેં સૂચવેલા ફેરફારો લક્ષ્યમાં લેવામાં આવ્યા. €00૨૦ના ઘણા સેવાભાવી લોકોને કામ મળ્યું. ડૂબકાં ખાતી સંસ્થામાં જોમ આવી ગયું.

જો કે ડિસેમ્બર ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદનો ધ્વંસ કરવામાં આવ્યો. મુંબઈમાં વર્ષો પછી કોમી રમખાણો ફાટી

તમારે વિરોધ જ કરવો છે?

તો આ દેશની શિક્ષણપદ્ધતિ સામે કરો. આ દેશમાં શિક્ષણ જે

સ્વરૂપે અપાય છે તેમાં મૂળભૂત ફેરફારની તાતી જરૂર છે.

નીકળ્યાં. ઝૂંપડપટ્ટીઓમાં ભણતર અભરાઈ પર મુકાઈ ગયું અને કોમી વૈમનસ્ય એ કક્ષાએ પહોંચ્યું કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની "સાક્ષરતા હક સમિતિ'માંથી મને રાતોરાત પાણીચું પકડાવવામાં આવ્યું . આજ સુધી મને કારણ બતાવવામાં નથી આવ્યું પરંતુ એ દિવસ મારા જીવનનો બીજો 'ર્ટનંગ પોંઈન્ટ'.

મેં નક્કી કર્યું કે હવે હું જે કાંઈ કરીશ તે આપબળે કરીશ. સરકાર સાથે કામ ન કરવું એમ નહીં, પરંતુ માલિકી મારી રહેશે. ૧૯૯૩- ૯૪માં જ "પ્રથમ' નો વિચાર મનમાં સળવળ્યો હતો . ઘણા લોકો એવું માને છે, કે "પ્રથમ' એ મારો મૌલિક વિચાર છે, પણ ખરેખર તો આ યુનિસેફ (UNICEF) નો વિચાર છે. ૧૯૯૧માં યુશિસેફની મુબઈ ઓફિસમાં શિક્ષિણમાં "પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' ની પ્રથમ વાર ચર્ચા થઈ. રિચાર્ડ બ્રિડલ અને એમી વાટાનાલે નામના બે હોંશિયાર યુનિસેફ કર્મચારીઓએ આ વિચાર રજૂ કર્યો. મિટિંગમાં તેમણે કહ્યું, કે "શિક્ષણ એ ફક્ત સરકારની જવાબદારી નથી.શિક્ષણને સર્વગ્રાહી બનાવવુ હશે તો અમારા જેવી સંસ્થાઓ તો મ્યુનિસિપલ કોર્પોરેશનોને સહકાર આપશે જ, પરંતુ માતબર કંપનીઓ, સેવાકીય સંસ્થાઓ અને જનસમુદાયે પણ નોંધપાત્ર યોગદાન આપવું પડશે. ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણ નાનામાં નાના ગામડામાં મળવુ જ જોઈએ અને એ સર્વ માટે શ્રેષ્ઠ હોવુ જોઈએ."

કેવી ઉમદા ભાવના! જો કે એ વખતે મને તો આવી કોઈ મિટિંગમાં આમંત્રણ પણ નહોતું મળતુ કેમકે મેં કોઈ ૫૦ રજિસ્ટર જ નહોતી કરાવી, પરંતુ મારા એક સ્નેહી બહેન ફરીદા લાંબે "નિર્મલા નિકેતન કૉલેજ ઓફ સોશિયલવર્ક' માં પ્રોફેસર છે. એમણે યુનિસેફના અધિકારીઓ સાથે મારો મેળાપ કરાવી દીધો. દોઢ વર્ષ સુધી વાટાઘાટો ચાલી. અમે તેમને કહેતાં, "અમને પૈસા આપો તો કાંઈ પ્લાન બતાવીએ' યુનિસેફવાળા કહે, "પહેલા પ્લાન તો બતાવો પૈસાની વ્યવસ્થા થઈ જશે ." કોર્પોરેશનવાળા કહે, "તમારા બંને વચ્ચે સમાધાન થઈ જાય એટલે અમને કહેજો." કૂતરું ખેંચે ગામ ભણી ને શિયાળ ખેંચે સીમ ભણી જેવો ઘાટ."

અંતે યુનિસેફ વાળા થાક્યા. મને બોલાવીને ૨.૫ લાખની ગ્રાન્ટ આપી. "કન્સલ્ટન્ટ'ની પદવી આપી. જો કે આ મોડલને સર્વગ્રાહી બનાવવા માટે ઘણાં વધુ નાણાં અને સરકારની જરૂર હતી. ડિસેમ્બર ૧૯૯૪માં "પ્રથમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી. એ વખતના મુંબઈના કમિશનર શ્રી શરદ કાળેએ મિટિંગ બોલાવી. તેમના ઉપરાંત મુંબઈના અનેક પ્રતિષિંત નાગરિકો, જેવા કે શ્રી એસ.પી.ગોદરેજ, જે. બી. ડિસોઝા તથા આર્માઈટી દેસાઈ પણ મિટિંગમાં ઉપસ્થિત હતા. મને કમિટીનો "એ ક્ઝિક્યુટિવ સેક્રેટરી બનાવવામાં આવ્યો.

તમને જાણીને કદાચ આઘાત લાગશે પણ ફક્ત મુંબઈમાં નિશાળમાં જઈ શકે તેવાં અઢી લાખ બાળકો

રસ્તે રઝળે છે. બીજી બાજું, મ્યુનિસિપાલિટીની નિશાળો બાળકોથી ઉભરાય છે. આ બધાંને ભણાવવા ક્યાં? જે શાળાઓ છે ત્યાં સગવડોના નામે મીંડું છે. આ બધું જાણવા સર્વે કરવો જરૂરી હતો. મેં “ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન' નો સંપર્ક કર્યો. “તમારા મંડળના ડૉક્ટરો મુંબઈ શહેરની નગરપાલિકા દ્વારા ચલાવાતી શાળાઓનો એક સર્વે કરી શકશે?

મંડળના સેક્રેટરી તો બઘવાઈ ગયા! “ભાઈ, તમે તો ગધેડાને ય તાવ આવે તેવી વાત કરો છો. આ કામ ડૉક્ટરોનું નથી. સરકારના સેનિટરી ઈન્સ્પેક્ટરોનું છે.”

મેં તેમને સમજાવ્યા. “ડૉક્ટરોનું સમાજમાં જુદા જ પ્રકારનું માન હોય છે. વળી તેઓ જે કામ કરશે તે અંગત સ્વાર્થ કે લોભ-લાલચ માટે નહીં કરે.”

ડૉક્ટરના ગળે વાત ઊતરી. ૪૦૦ ડૉક્ટરોએ સેવા આપીને મુબઈની ૯૦૦ શાળાઓનો સર્વે કર્યો. “પ્રથમની ઑફિસમાં ડેટાનુ વિશ્લેષણ કરવામાં આવ્યું. મને તો રિઝલ્ટ જોઈને નવાઈ જ લાગી! મુબઈની મ્યુનિસિપલ શાળાઓને હું તો સાવ 'ભંગાર' જ ગણતો હતો, પણ ડૉક્ટરોએ ૭૭૫ ટકા જેટલી શાળાઓ 'ઓ.કે.' ની કક્ષામાં મૂકી હતી. મેં તેમને કહ્યું, “હુ અસંખ્ય સરકારી સિશાળોની મુલાકાત લઈ ચૂક્યો છું. મને તો ક્યાંય કશું “ઓ.કે.” નથી લાગ્યું. ત્યાંની મૂતરડીઓ તો જુઓ !” ડૉક્ટરો કહે, “ઇન્ડિયા મેં કોનસા પબ્લિક ટૉઈલેટ ક્લીન હૈ?” હા, એમની વાત ક્યાં ખોટી હતી? આવા જ સરકારી ટૉઈલેટ વાપરીને માંદા પડતા અનેક દર્દીઓ સાથે એમનો તો રોજિંદો પનારો પડતો .

જે હોય તે, ફક્ત રૂ. ૨૫,૦૦૦ માં આટલો મોટો સર્વે પત્યો અને ભણેલા-ગણેલા, સમાજને વરેલા ડૉક્ટરો દ્વારા એ કામ થયું તે જ સૌથી મોટી સફળતા ગણી શકાય. હવે અમે ત્યાંના શિક્ષકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. શિક્ષકો વર્ષોથી એના એ જ થોથાં ભણાવતાં હતા. રોજ મસ્ટર પર સહી કરવી ને પહેલી તારીખે પગાર લેવો તે સિવાય તેમને ભણાવવામાં કોઈ જ રસ ન હતો. અમારી તાલિમમાંય તેમને કોઈ રસ ન હતો. અરે, એક શિક્ષકે તો ચાલુ તાલિમે ઊભા થઈને કહ્યુ, “સાહેબ, એકવાર અમારા ક્લાસમાં આવીને ટાબરિયાંઓને કલાક સીધાં રાખી જુઓ પછી તાલિમ આપજો .”

એ વાક્ય મને શૂળની જેમ ભોંકાયું અને હું વિચારતો થઈ ગયો. આ બાળકોને ભણવામાં કેમ રસ નથી? તેમને ભણતર કેમ ચડતું નથી? મુખ્ય કારણ મને એ લાગ્યું, કે આ બાળકોને ચાર કે પાંચ વર્ષના થાય એટલે સીધાં જ નિશાળે મૂકી દેવામાં આવે છે. બાળક પહેલાં બાળમંદિરમાં જાય, (નર્સરી, જુનિયર કે સિનિયર કે.જી.) બે-ત્રણ કલાક એકધ્યાને બેસતાં શીખે , બીજાને સાંભળતાં શીખે તો જ તેને ભણતર ચડે.

જે તે વિસ્તારના કૉમ્યુનિટી ડેવલપમેન્ટ ઓફિસરોએ મુંબઈનાં અમુક વિસ્તારોની શાળાઓમા બાલવાડીઓ શરૂ કરી છે. (ગુજરાતમાં '“આંગણવાડી'ઓ શરૂ થઈ છે.) પૈસાદારોનાં બાળકો તો મોંઘીદાટ નર્સરી શાળાઓમાં જઈને “બાબા બ્લેકશીપ' શીખે , પણ ગરીબોનાં બાળકો, જેમની મા પણ તેમને સાચવવા ઘેર નથી હોતી ! તેમનું શું? તો આ બાલવાડી ચલાવનારને પગાર કોણ આપે? “બાલવાડી'ના શિક્ષકને બાળક દીઠ મહિને પાંચથી દસ રૂપિયા ઉઘરાવવાની છૂટ હોય છે. પગારનો કોઈને માથે ભાર ન રહે.

બસ, મને અહીં જ તક દેખાઈ! આવી બાલવાડી આખા મુંબઈમાં ચાલુ કરી હોય તો? મેં કોર્પોરેશનમાં વાત કરી. એ લોકો તો ગભરાઈ ગયા! અમે વર્ષોથી પ્રૌઢશિક્ષણના વર્ગો ચલાવતાં જ હતા. તો બાલવાડી ચલાવી જ શકાય. જે તે વિસ્તારમાં એક ઉત્સાહી, સારી નીતિની, પ્રેમાળ વ્યક્તિ શોધવાની. મોટેભાગે સ્રી. એનું મુખ્ય કામ બાળકોને અભિનયનૃત્યો શીખવવાં, તેમની સાથે રમતો રમવાની. બાળકો બે કલાક

એક સ્થાને ચોંટીને બેસે તો જોવાનું તથા બાળકોને સૂચનાઓ સાંભળવાની તથા ચાર દીવાલો વચ્ચે બેસવાની ટેવ પડે, તો જોવાનું. આવી ઉત્સાહી સ્ત્રીઓને મહિને રૂ. ૧૦૦/- "પ્રથમ' તરફથી મળે તથા ઉપરના એમને જે ઉઘરાવવા હોય તે! જયાં જે તે વિસ્તારના નાગરિકો કાઢી આપે અથવા તો સ્ત્રી પોતાને ઘેર પણ બાળકોને બોલાવી શકે. અરે, મંદિરનો ચોક મસ્જિદ, ચર્ચ , શિવ- સેનાની ઓફિસ, કોંગ્રેસ ઓંફિસ, ગલી, વરંડો , ગમે ત્યાં ક્લાસ ચાલી શકે. બાળકો બેધ્યાન ન થાય તથા શાળાના વાતાવરણને રાજકીય કે ધાર્મિક રંગ ન લાગે તેટલું જ બસ હતું. માત્ર સાડા ત્રણ વર્ષમાં ફક્ત મુંબઈમાં જ ૩૦૦૦ બાલવાડીઓ શરૂ થઈ ગઈ!

"પ્રથમ' ની ટીમમાં માત્ર અગિયાર વ્યક્તિઓ હતી. વોર્ડ દીઠ માત્ર એક જણ. દરેક વૉર્ડમાં સ્થાનિક લોકો જ પોતાનામાંથી એક વ્યક્તિને શોધીને અમને સોંપતી. "સાહેબ, આ શકુડી છઠ્ઠી ચોપડી ભણેલી છે. ગીતો ય બહુ હારા ગાય છે. સોકરાં તો ઈને બઉ વા'લાં. એને જ ટીચરબેન બનાવી દો." આમ, અમને સામેથી જ સારા શિક્ષકો મળતા. આ બાલવાડીમાં ભણીને શાળામાં જતાં બાળકો

હું વિજ્ઞાનશાખાનો વિદ્યાર્થી હોવાથી, અમારા કેળવણી અંગેના
કાર્યક્રમોની સફળતાનું વિશ્લેષણ કરવાનો મે આગ્રહ
સેવ્યો. બાકી તો એક રિપોર્ટ ઘસડી માર્યો હોત અને બધું
હૈસો હૈસો ચાલતું હોત.... હાં હાં... હો ગયા, હો ગયા.
મેં કેળવણી વિષયક સેવાકાર્યમાં ઝંપલાવ્યું એનું મુખ્ય કારણ એ
નથી, કે મને શિક્ષણમાં રસ છે. હું દૃઢપણે માનું છું કે શિક્ષણથી લોકો
પોતાના હક્કો અંગે જાગૃત થશે અને આ દેશની લોકશાહી મજબૂત
થશે. મેં સામાજિક-રાજકીય નિર્ધારથી આ ક્ષેત્રે શિક્ષકોએ જ અમને
આ બાબતમાં વિચારતા કર્યા.

અન્ય બાળકો કરતાં હંમેશાં વધુ સારો દેખાવ કરતાં. જે સ્રીઓ બાલવાડીઓ ચલાવતી, તેમના આત્મવિશ્વાસમાં ય વધારો થતો . એમાંની ઘણી સ્ત્રીઓને વધુ સારી નોકરીઓ મળતી તથા તેમનાં ખુદનાં બાળકોને તેઓ ખૂબ જ સરસ રીતે કેળવણી આપતી. બાલવાડીઓ શિક્ષિકાઓ માટે પણ જાણે 'તાલિમશાળા' બની ગઈ.

બાલવાડી પ્રયોગ ન રહેતાં ચળવળ બની ગઈ. સરકારના ધ્યાને પણ "પ્રથમ' ચડી ગયું. મોટેભાગે ગવર્નમેન્ટના અધિકારીઓ સેવાકીય સંસ્થાઓને સિરિયસલી લેતા જ નથી હોતા. તેમનું તો સીધું ગણિત - તમે કેટલાં બાળકોને ભણાવો છો? સો? બસો? અહીં અમારે લાખો બાળકોનું વિચારવું પડે છે ."

"પ્રથમે' આવાં લાખો બાળકો પર લાગુ પડી શકે તેવો બાલવાડીનો વિચાર તરતો કર્યો હતો અને તેને ખાસ્સી સફળતા પણ મળી હતી.

લગભગ આ જ સમયે "બ્રિટિશ એરવેઝે' "ચેઈન્જ ફૉર ગુડ' નામનો કાર્યક્રમ ચાલુ કર્યો. આમાં "ચેઈન્જ' દ્વિઅર્થી શબ્દ તરીકે મુકાયો હતો. 'બદલાવ' તથા "પરચૂરણ'. - તમારા ગજવામાંનું વધારાનું પરચૂરણ અમને આપો, અને બદલાવમાં સહભાગી બનો. આ પ્રયોગમાં જે નાણાં ભેગાં થયાં, તેમાંથી "પ્રથમ'ને

મોટી રકમ મળી. અમે આ નાણાં પ્રત્યેક શાળાના ક્લાસમાં સારાં બોર્ડ, ભણાવવાનાં સાધનો વગેરે આપવામાં વાપર્યા. પાંચ લાખ રૂપિયામાંથી તો ૫૦૦૦ શાળાઓને નાનો-મોટો લાભ થયો. રમકડાં, ગાણિતિક કોયડા, ભાષાકીય પઝલ્સ જેવી વિવિધ ચીજવસ્તુઓ અપાઈ. અમુક શિક્ષકોએ બનાવેલાં સુંદર કોયડા-પઝલ્સ-ચાર્ટને સેંકડોની સંખ્યામાં બનાવડાવીને તેમના નામ સાથે પણ વહેંચવામાં આવ્યાં. શિક્ષકોના

સ્રીઓમાં તો એટલી હિંમત આવી ગઈ કે તે પોતાના દારૂડિયા વરતે

કહેતી, " દારૂ પીવો હોય તો ઘરમાં પગ ના મૂકતો.

પીને ગટરમાં સૂઈ જા."

ટ્રેઈનિંગ પ્રોગ્રામ તો સાવ ફેઈલ ગયા હતા અને અમે ક્યારના ય બંધ કરી દીધા હતા, પરંતુ આ કાર્યક્રમથી શિક્ષકોનો ઉત્સાહ અનેકગણો વધી ગયો. પોતાનું નામ જેની પર છાપેલું હોય તે રમત, પઝલ કે ટિચિંગ એઈડ આખા ય મુંબઈની શાળાઓમાં પહોંચે તે કોને ન ગમે? અરે, કેટલાય શિક્ષકો મને દૂર દૂરથી મળવા આવતા. બોલો, બીજી શી મદદની જરૂર છે?

આ ગાળામાં "પ્રથમ'ની લોટરી લાગી. શિકાગોથી "એજયુકેશન'માં Ph.D. થયેલાં ડૉ. રૂકમણિ બેનરજી "પ્રથમ'માં જોડાયાં. "પ્રથમ'માં જોડાયા પછી તેમણે પહેલું કામ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું કર્યું. પરિણામ એટલું ખરાબ આવ્યું કે અમને શરમ આવે! ત્રીજા, ચોથા કે પાંચમા સુધી ચડી ગયેલા વિદ્યાર્થીઓને લખતા-વાંચતા કે સાદા દાખલા ગણતા ય નહોતું આવડતું!

અમે શિક્ષકોને આવા ઠોઠ અિશાળિયાઓને અલગ તારવીને સાંજના એક્સ્ટ્રા ક્લાસિઝ શરૂ કરાવ્યાં. રોજ સાંજે બે કલાક આ વિદ્યાર્થીઓ સાથે એક શિક્ષક બેસે, વહાલથી ખભે હાથ મૂકે તો ય બાળકોને કેટલું સારું લાગે! શરૂઆતમાં આ કામ માટે અલગ સ્ટાફ રાખવામાં આવ્યો, પરંતુ થોડા જ વખતમાં અમે '"બાલસખી' નામની યોજના વિચારી. જે તે શાળામાંથી અગાઉ ભણીને સારા માર્કે પાસ થયેલી વિદ્યાર્થિનીને જ આ કામ સોંપવું. બાલસખીને માસીક રૂ.૨૦૦/- અપાતા. આમ તો આ રકમ ઘણી નાની છે પરંતુ આવી મ્યુનિસિપલ શાળાઓમાંથી ભણીને આગળ કૉલેજોમાં પહોંચેલી વિદ્યાર્થિનીઓને એક સ્કૉલરશિપ સ્વરૂપે આ ભથ્થું અપાતું હોવાથી એ છોકરીઓનો ભણવાનો, ભણાવવાનો તથા જીવનમાં કાંઈક કરી બતાવવાનો ઉત્સાહ અનેકગણો વધી જતો.

અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ MIT કૉલેજ (મૅસેસ્ચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી)ના ઈકૉનૉમિસ્ટોએ વડોદરામાં આ કાર્યક્રમની સફળતા ચકાસી જોઈ. ૧૯૯૮માં ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયાએ પણ પહેલી વાર શિક્ષણક્ષેત્રે જેને remedical education કહે છે, તેનું મહત્ત્વ સ્વીકાર્યું. બાળકોને શાળામાં મૂકીને ઉપર ચડાવી દેવાં એ જ સરકારી સાધનોનો હેતુ ન હોવો જોઈએ, નબળાં બાળકો પણ અન્યની તુલનામાં ઊભાં રહી શકે તથા જેમનું ભણતર કાચું રહી ગયું હોય, તેમનો પાયો પણ પાકો થાય તે જોવાની પણ સરકારની ફરજ છે તે સ્વીકારાયું. 'પ્રથમ'ની કદાચ આ સૌથી મોટી સફળતા છે. ભારત સરકાર વાર્ષિક બજેટમાં કરોડો રૂપિયા "પ્રાઈમરી એજયુકેશન'ને નામે ચડાવે છે પરંતુ એમાંથી ખરેખર કોણ ભણે છે? કેવું ભણે છે?

આ જ ગાળામાં સરકારશ્રીની નજરે શાળાનું પગથિયું ન ચડયા હોય, અથવા તો બે-ત્રણ વર્ષમાં ઊઠી જઈને રખડી ખાતાં હોય તેવાં બાળકો ચડ્યાં. આવાં બાળકોમાં મુખ્ય પ્રૉબ્લેમ એ હોય છે, કે તમે એમને ગમે તેટલી વાર લાલચો આપીને શાળામાં લઈ આવો તો ય એ પાછાં રખડી જ ખાય, ઊઠી જાય.

ઘણીવાર એવડાં ઊંચા- મોટાં થઈ ગયાં હોય, કે પોતાનાથી નાનાં દેખાતાં બાળકો સાથે બેસતાં ય એમને શરમ આવે, વળી સમજણ ન પડતી હોય એટલે ભણવાનું બોરિંગ લાગે.

અમે આ કામમાં પણ બાલસખીની બહેનોને જ જોતરી. અમારા મોટાભાગનાં કાર્યક્રમોને ભારે સફળતા મળતી અને બજેટ તો એટલું સાંકડું રહેતું કે તમને જાણીને હસવુ આવે! પહેલે વર્ષે અમારું બજેટ અઢી લાખનું હતું, બીજે વર્ષે ૧૮ લાખ અને ત્રીજે વર્ષે ૪૦ લાખ. અમને ICICI ની ગ્રાન્ટ મળી હતી તે ભુલાય? એમાં બન્યું એવુ, કે ICICI ના એ વખતના ચૅરમૅન શ્રી એન. વાગુલે "પ્રથમ' વિષે સાંભળ્યું હતું. મને મળ્યા ત્યારે કહે, "તમે સારું કામ કરો છો તેની મને જાણ છે. હું તમને વધુ મદદ કરવા ઈચ્છું છું, પણ મારે જાતતપાસ કરવી પડે! મને ઝૂપડપટ્ટીમાં લઈ જાઓ ." એ તો ખરેખર "પ્રથમ'ની દીકરીઓ દ્વારા ચલાવાતા એક ક્લાસમાં બેઠા. છેલ્લે પોતાની ભાંગીતૂટી હિન્દીમાં પ્રશ્નો પૂછીને બધાંને ખૂબ હસાવ્યા પણ ખરા અને પછી તો શ્રી વાગુલ પોતે જ "પ્રથમ'ના પ્રખર હિમાયતી બની

કોઈપણ ચળવળમાં "ઝૈદાબાદ-મુર્દાબાદ'ના નારા લગાવવા સહેલા

છે, પણ ખરેખર તેનાથી કોઈ ફરક પડે છે ખરો? બદલાવ માટે

સર્જનાત્મક વ્યક્તિઓની અલગ પ્રકારની-આઉટ ઑફ઼ બૉક્સ-

વિચારસરણીની આવશ્યકતા હોય છે.

ગયા. એમને કારણે ભારતના અનેક મોટાં ઉદ્યોગગૃહોના માલિકો જેવાં કે શ્રી અઝીમ પ્રેમજી (વિપ્રો), શ્રી અજય પિરામલ (પિરામલ ગ્રુપ ઑફ઼ કંપનીઝ) તથા શ્રી મુકેશ અંબાણી (રિલાયન્સ)નો પણ અમને સાથ મળવા લાગ્યો. આમ, "પ્રથમ' કોર્પોરેટ સપોર્ટ સાથેની ભારતની સર્વપ્રથમ N.G.O. બની.

જો કે, ગમે તેટલી નાણાકીય મદદ મળે તો ય અમારું બજેટ મ્યુનિસિપલ એજ્યુકેશન બજેટ કરતાં ૧% જેટલું જ રાખવું એવો અમારો મક્કમ નિર્ધાર છે, જેને અમે આજે ય વળગી રહ્યા છીએ. . દા.ત. ૧૯૯૮માં મ્યુનિસિપલ બજેટ ૪૦૦ કરોડનુ હતું તેથી અમારે ૪૦ લાખની અંદર જ રમવાનું.

૧૯૯૮ સુધી "પ્રથમ' ફક્ત મુંબઈ સુધી જ સીમિત હતું. સફળતા મળવા લાગી, બાળકોને લાભ થવા લાગ્યો એટલે "પ્રથમ'ના જ પગલે ચાલીને ભારતના અન્ય રાજ્યોમાં પણ મૉડલ વિકસાવવાની માંગ થઈ. એ વખતના સેક્રેટરી ઓફ઼ એજ્યુકેશન શ્રી એમ. કે. કૉ. એ ભારતના અન્ય રાજયોના શિક્ષણખાતાના સેક્રેટરીઓને મુંબઈમાં "પ્રથમ'નુ કાર્ય જોવા આમંત્ર્યા.

યુ.પી. અને રાજસ્થાને તો તરત જ જયપુર અને લખનૌનાં બાળકો માટે આવો જ પ્રોગ્રામ કરવાનું નક્કી પણ કર્યું. પરંતુ ટ્રેઈનગ કોણ આપે? અમારી જ સંસ્થામાં બાલવાડીની શિક્ષિકા તરીકે જોડાઈને કાર્યકર્તા બનેલી રેખા જાદવે તરત જ જવાબદારી સ્વીકારી. એ મુબઈની બહાર ક્યારેય ગઈ ન હતી. ભાંગ્યુતૂંટ્યું હિન્દી બોલે ખરી! સચીન નામના અન્ય કાર્યકર્તાને લઈને એ તો જયપુર પહોંચી ગઈ. ફક્ત 2ણ જ અઠવાડિયામાં એણે ત્રીસ બાળમંદિર (આંગણવાડીઓ) શરૂ કરી બતાવ્યા. સરકારી અધિકારીઓ તો મોમાં આંગળા નાખીને અવાક્ બની ગયા! તેમના ટેબલ પરથી એક ફાઈલને બાજુના ટેબલ પર જતાં છ મહિના વીતી જતા! આ રેખા જાદવની કરામત શી હતી? જયપુર હોય કે લખનૌ, એ સવારના પહોરમાં જે તે વિસ્તારમાં પહોંચી જતી. મોટે મોટેથી બોલીને બૈરાંઓને ભેગાં કરી દેતી... "અરે, તુમ્હારે બચ્ચે સ્કૂલ નહીં જાતે , તુમ્હે શર્મ નહીં આતી?" ... કોઈ સર્વે નહીં, કોઈ ફોર્મબાજી નહીં! લોકોની વચ્ચે જવાનું, લીડર બની જવાનું, પોતાનો જ દાખલો આપીને તેમને સમજાવવાના. એક-બે છોકરાં નિશાળે જવા માંડે એટલે તો વાંસળીવાળાની વાર્તાની જેમ બધાં ખેંચાઈ આવે! અને આખી

વાતમાં સરકારશ્રીને તેડું ન મોકલવું પડે. એકવાર આંગણવાડી શરૂ થઈ જાય પછી જ તેમને આવવાનું રહે. કાર્યક્રમ એટલો સફળ છે કે નિશાળમાંથી ઊઠી ગયેલાં ૫૫-૯૦% બાળકો પણ પાછાં નિશાળે આવે છે. (વળી, આ બાળકોને શાળામાં પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે જેમાં “અક્ષયપાત્ર' જેવી સંસ્થાઓ જોડાઈ છે.)

આ રેખા જાદવની સ્ટોરી એ જ પ્રથમની સફળતાની કહાણી છે. એક જ સંસ્થા સાથે જોડાઈને તે ખૂબ આગળ આવી. તેના આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો થયો તથા અન્ય માટે તે ઉદાહરણરૂપ બની છે! “પ્રથમ' પણ અનેક લોકો માટે જીવનમાં કાંઈક કરવાનું પ્રથમ પગથિયું બન્યું. દિલ્હીની એક કૉન્ફરન્સમાં મને શ્રી વિનોદ ખન્ના નામના ભૂતપૂર્વ એલચી, “ઈન્ડિયન ફૉરેન સર્વિસ'ના અધિકારી મળી ગયા. મને કહે, “પ્રથમ દિલ્હીમાં પણ ચાલુ કરો ને!” મેં કહ્યું, “કોણ કરશે? તમે જ કરો ને!” બીજી જ મિનિટે કહે, “ઓ.કે. આઈ વિલ સ્ટાર્ટ “પ્રથમ' ઈન દેલ્લી !” આવાં જ સેવાભાવી ઈન્સાનો દ્વારા અમદાવાદ, વડોદરા, લખનૌ , અલ્હાબાદ, બેંગલુરુ, માયસોર, પૂના તથા રાજસ્થાનમાં “પ્રથમ'ના મૉડલથી સંસ્થાઓ શરૂ થઈ છે . ઘણી જગ્યાએ સરકારે ટેકો આપ્યો છે, અમુક સ્થળે કૉર્પોરેટક્ષેત્રની મદદ મળી છે તો અનેક સ્થળે સખાવતી ઈન્સાનો-સંસ્થાઓ દ્વારા સત્કાર્ય ચાલે છે.

કોઈપણ શહેરમાં સંસ્થાને “પ્રથમ' નામ જ આપવુ એવો કોઈ આગ્રહ મેં નથી સેવ્યો પરંતુ મોટેભાગે જે તે શહેરના લોકો જ “પ્રથમ-જયપુર' કે “પ્રથમ-વડોદરા' જેવાં નામોનો આગ્રહ રાખતા . બેંગ્લોરવાળાએ “અક્ષર ફાઉન્ડેશન' નામ રાખ્યું છે. સારું જ છે કેમકે સંસ્થાઓમાં અંદર-અંદર ગુસપુસ ચાલતી જ હતી- આ માધવે તો રજવાડું ઊભું કરી દીધું છે ને એ રજવાડાનો રાજા અપને કો ક્યા સમજતા હૈ... પતા નહીં?” - તેથી જ જેણે જે નામ રાખવું હોય તે રાખે. અમે બધાં [નિયમિત ઈ-મેલ પર વાતો કરીએ છીએ, પોતપોતાના અનુભવોની ચર્ચા કરી લઈએ છીએ તથા અમારું ફાઈનાન્સ અને અકાઉન્ટિંગ એક જ પદ્ધતિએ થાય છે.

હૈદ્રાબાદમાં જે પદ્ધતિથી બાળકોને ભણાવવામાં આવે છે તે રીત રાજસ્થાનમાં ન ચાલે . પરંતુ બાળક દીઠ ખર્ચ, નાસ્તાનું બજેટ વગેરે લગભગ સરખું જ રહે છે. તમને ઉડીપી રૅસ્ટોરન્ટનો તો ખ્યાલ હશે જ, બહેન. બધે જ મેનુ અને ડેકોરેશન સરખાં જ હોય છે તથા ફૂડ પણ લગભગ સરખું હોય છે. જો કે મૅકડૉનાલ્ડ જેવું નહીં, કે બન કે બટાકાની ચિપ્સ પણ એક જ ઠેકાણેથી સપ્લાય થાય. અમે ઉડિપીની કક્ષાએ છીએ. મે તોએક ચીજ જોઈ છે . માણસો મોટેભાગે સારા જ હોય છે. બધાંને સમાજ માટે કાંઈક કરવાની ભાવના હોય છે. 'પ્રથમ' આ ભાવનાને કારણે જ પ્રગતિ સાધી શક્યુ છે .

૧૯૯૯માં ICICI સંસ્થા મટીને બૅન્ક બની. “પ્રથમ'ને અપાતા ફંડમાં નોંધપાત્ર ઘટાડો થયો. તેથી જ અમે અમેરિકા અને બ્રિટન ભણી નજર દોડાવી. ખર્ચા ઘટાડી દીધા. ૨૦૦૦ની સાલ મારે માટે તથા 'પ્રથમ'ને માટે ટર્નિંગ પૉઈંટ સમાન સાબિત થઈ. સરકારો બદલાઈ. અમુક યુનિયન લીડરો તથા પ્રધાનોને લાગ્યું, કે “'પ્રથમ'ને અન્ય સંસ્થાઓની તુલનામાં ઘણો વધુ ગ્રાન્ટ મળે છે. મારે તો પહેલેથી જ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મૉડલમાં જ કામ કરવું હતું પરંતુ અન્યને ન કરવું હોય તો? મેં મ્યુનિસિપલ શાળાઓમાંથી સંપૂર્ણપણે ખસી જવાનું મુનાસસિબ માન્યું. અમે બસ્તીઓમાં પહોંચ્યા. બસો ઘરોની એક બસ્તીમાં બાળકોની સંખ્યાનો સર્વે થાય,

સંસ્થાને ધમધમતી કરવી છે?

તો તેમાં કામ કરતી વ્યક્તિઓને પાનો ચડાવો.

એમને જ ચૅમ્પિયન બનાવી દો.

તેમાંથી શાળાએ જતાં બાળકોને જુદાં તારવવામાં આવે, શાળામાંથી ઊઠી ગયેલાંઓની ગણતરી કરવામાં આવે, નાપાસ થયેલ કે વારંવાર નાપાસ થઈને ભણતરમાંથી રસ ઊઠી ગયેલની પણ અલગ નોંધણી થતી. દરેક બસ્તી માટે ફક્ત તેમને અનુકૂળ આવે એવો - ટેઈલર મેઈડ-પ્રોગ્રામ બતાવવામાં આવે. જેથી વાંચતા ન આવડતું હોય તેને તે આવડે, ગણિતમાં કાચા હોય તેનુ ગણિત પાકું થાય તથા ભણવામાંથી સદંતર રસ ઊઠી ગયો હોય તે પાછા નિશાળે જતા થાય. ૨૦૦૮માં મુંબઈના ૧૮૦,૦૦૦ ઘરોની બનેલી ૯૦૦ બસ્તીઓ સુધી "પ્રથમ' પહોંચી ગયું હતું.

બેથી ત્રણ મહિનામાં બાળક કેટલું શીખી શકે? આ પ્રશ્નને ધ્યાનમાં રાખીને અમે ફક્ત વાંચન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બાળકોને બધું શીખવવા જાઓ તો તે કાંઈ જ શીખતા નથી. ૩૦ થી ૪૫ દિવસમાં ફક્ત કક્કો જાણતા બાળકોને કડકડાટ વાંચતા મેં જોયાં છે. જો કે અમે એક ટૅકિનક વિકસાવી છે. કેળવણીના પ્રસાર માટે જાન કુરબાન કરી દેનાર વિજ્ઞાન પ્રો. જલાલુદીને બારાખડી માટેનો એક ચાર્ટ બનાવ્યો છે. એ ચાર્ટ દ્વારા કોઈપણ ભણેલો માણસ બાળક કેટલું વાંચી શકે છે તે જાણી શકે છે. - દા.ત. એક બાળક સાવ જ અભણ હોય, કો'કને કક્કો વાંચતા આવડતું હોય પરંતુ શબ્દો ન વંચાય, અમુક જોડાક્ષરો ન ઉકેલી શકે, વગેરે.

અમારી ટેક્નિક થી બાળકને સરસ વાંચતા આવડી જાય છે. તેમાં કાર્ડ્ઝ બનાવવામાં આવે છે. નાની વાર્તાઓ , કહેવતો, જોડકણાંને ચિત્રો સાથે સાંકડીને બાળકે વાંચતું અને બોલતું કરાય છે. બાળકોને વાંચતા આવડયું એટલે અમારો ઉત્સાહ બેવડાયો. અરે, આવાં ગુણાકાર-ભાગાકારના કાર્ડ્ઝ બનાવીને બાળકોને ગણિત પણ શીખવી શકાય! બાળકોને ગણિતમાં તકલીફ ક્યાં પડતી હતી? સૌથી મોટી તકલીફ "પ્લેસ વેલ્યુ' શોધવામાં પડતી હતી. દશક ક્યાં આવે? સેંકડો ક્યાં બેસે, તે સમજણ જ ન હતી. મ્યુનિસિપલ શાળાઓમાં તેમને ઘડિયા શીખવવામાં આવતા. ૯ x ૮ - ૭૨ પણ બોત્તેર એટલે શુ? સાતડો પહેલા કેમ આવે? જમણી બાજું સાતડાનું મહત્ત્વ શું છે? આ બેઝિક સમજણ ન હોય તો ૭૨ નું શું મહત્ત્વ? બાળકને બોત્તેર મણકા ગણાવો તો જ એને સમજણ પડે.

ગણિતનો પ્રયોગ વાંચન-પ્રયોગ જેટલો સફળ તો ન રહ્યો. પણ અમે 'બાલવાડી' અને "બાલસખી' થી વધુ સફળ થઈ શકે તેવો ૨-૩ મહિનાનો ટૂંકો અને અસરકારક કાર્યક્રમ વિકસાવી શક્યા. બાળકોને બે-ત્રણ મહિનામાં જ શાળાએ બેસવા માટે તૈયાર કરી શકાતા. જો કે "પ્રથમ' માટે આટલું પૂરતું ન હતુ. અમે જે તે વિસ્તારમાં લાઈબ્રેરીઓ શરૂ કરવાનું કામ ઉપાડયું. બાળકોને વાંચનમાં વધુ રસ જાગૃત થયો. ધીમે ધીમે ખ્યાલ આવ્યો, કે બાળકોને ગમે તેવાં સસ્તાં અને સારાં પુસ્તકોની જ અછત છે. અમે જ પુસ્તકોનું પ્રકાશન ચાલુ કર્યું, આ ચળવળને નામ અપાયું. "પ્રથમ બુક્સ' - ઈન્ફોસિસના ભૂતપૂર્વ વડા શ્રી નંદન નીલકેનીના પત્ની રોહિણી તથા તેમનું વર્તુળ બેંગ્લોરથી આ કામ સંભાળી રહ્યાં છે.

થોડા જ વખતમાં તામિલનાડુની Aid India સંસ્થા દ્વારા અમને 1૯૯ત- 116 ૯થત નામની પ્રવૃત્તિ વિષે માહિતી મળી. એક કાર્ડનો ખર્ચ માત્ર એક રૂપિયો બેસે છે. હવે અમે સેંકડો રિડિંગ કાર્ડ્ઝ છાપીએ છીએ. (www.google.com/readingcards) દા.ત. તમે ૩૫૦ રૂપિયામાં ૩૫૦ કાર્ડ્ઝ છાપી શકો તથા તેટલા જ બાળકોને વાંચનનો લાભ આપી શકો. જયારે આટલી જ રકમમાં ફક્ત ૩૦ જ પુસ્તકો છાપી શકાય.

બિહારમાં તો બાળકો દ્વારા છપાતું, બાળકોનું એક છાપું પણ 'પ્રથમે' ચાલુ કર્યું છે. બ્લેક એન્ડ વ્હાઈટમાં ચાર પાનાંના આ પેપરની કિંમત છે માત્ર ૫૦ પૈસા. દર પખવાડિયે પ્રત્યેક શાળાને ૨૦ થી ૨૫ નકલો મોકલવી તેમ નક્કી થયું હતુ. પ્રયોગ ખાસ્સો સફળ થયો હોવાથી હવે બિહાર સ્ટેટ ગવર્નમેન્ટે પ્રોજેક્ટ પોતાના હાથમાં લઈને આખા રાજયમાં વિસ્તારવાનુ નક્કી ક્યું .છે. અમારા કોઈપણ

પ્રોજેક્ટની સફળતાની નિશાની શી? જયારે અમારે તેમાંથી ખસી જવું પડે તે ! અન્યને એ ચલાવવાનું મન થાય એ જ મારે મન સૌથી મોટો સંતોષ છે.

અહીં 'પ્રથમે' માં સતત ઉત્સાહનો માહોલ હોય છે. ઘણીવાર સફળતા ન મળે તો પણ બધાં પ્રયત્નો ચાલુ રાખે છે. ૨૦૦૪થી "વાંચે ભારત' (Read India) કાર્યક્રમની શરૂઆત થઈ. ભારતનાં ૪૦ શહેરો અને ૧૨૦ ગ્રામ્ય વિસ્તારો - જેમાં શ્રીમતી સોનિયા ગાંધીના મતવિસ્તાર અમેઠીનો પણ સમાવેશ થાય છે - માં "વાંચે ભારત' નો પ્રયોગ અમલમાં મુકાયો .

કેન્દ્રમાં નવી સરકારની રચના થઈ ત્યારે મને 'નેશનલ એડવાઈઝરી કાઉન્સીલ' નો મેમ્બર બનાવવામાં આવ્યો. મેં સરકારમાં સૂચન કર્યું, કે ભારતનો પ્રત્યેક કરદાતા ૨ ટકા એજયુકેશન સેઝ (શૈક્ષણિક કર) ભરે છે, તો એ નાણાંનું શું થાય છે તે જાણવાનો પ્રત્યેક નાગરિકને હક્ક છે. આપણે Annual /Status of Education Report(ASER) કાઢવો જોઈએ. જો કે, સરકાર આ દિશામાં સહેજે ય આગળ ન વધી ત્યારે "પ્રથમે' જ આ કામ ઉપાડી લીધું .

મેં મારા એક સાથીને પૂછયું, "આપણે આ ભગીરથ કાર્ય કરી શકીશું?" આખા ભારતને ખૂણેખૂણે પહોંચીને ત્યાંના શિક્ષણની પરિસ્થિતિની માપણી કરવી કેટલી અઘરી છે તે મુંબઈની ઓફિસમાં બેઠેલાને કેમ સમજાય? પણ "પ્રથમ'ની નબળાઈ કહો , કે મજબૂતી- અહીં કોઈને "ના' કહેતા આવડયું જ નથી! મારો સહકાર્યકર કહે, "યેસ, વી કેન ડુ ઈટ!"

તમે માનશો? ફક્ત ત્રણ મહિનામાં જાન્યુઆરી, ૨૦૦૬૪૬ થી એપ્રિલમાં ફક્ત બે કરોડના ખર્ચે રિપોર્ટ તૈયાર થઈ ગયો. અમારા રિપોર્ટમાં પ્રત્યેક રાજયના પ્રત્યેક જિલ્લા-તાલુકા-ગામવાર આંકડા છે કે શિક્ષણની પરિસ્થિતિ શી છે? કેટલાં બાળકો શાળાએ જાય છે, કેટલા ઊઠી જાય છે તથા એવી તો પાર વગરની માહિતી આ દળદાર રિપોર્ટમાં છે. હવે અમે જ સરકારને છાતી ઠો કીને કહીએ છીએ કે ઉચ્ચ શિક્ષણની વાતો જવા દો, ૫૦ ટકા વિદ્યાર્થીઓને તો વાંચવાના ફાંફાં છે અને ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં શિક્ષણનું પ્રમાણ બિહારથી ય નીચું છે. !"

"માધવ, તમે પોતે ય પ્રથમની સફળતાનો સર્વે કર્યો જ હશે ને? તેનાં તારણો તો કહો!" - હું પૂછી બેસું છું.

"હા, અમે જયાં સોળ વર્ષ પહેલાં બાળવાડીઓ શરૂ કરી હતી તેવા કેટલાક વિસ્તારોમાં સર્વે કર્યો છે. બાળવાડીઓ શરૂ થયા પછી બાળકોનો ભણવામાં રસ વધ્યો છે . તેઓ વચ્ચેથી ઊઠી જતાં ઓછાં થયાં છે અને ઘણાં ઉચ્ચશિક્ષણ સુધી ય પહોંચ્યા છે. પણ બહેન, એમાં ફક્ત "પ્રથમ' જ કારણભૂત છે એવું માનીને હું ફુલાઈ જવા માંગતો નથી. ભારતમાં પરિસ્થિતિ બદલાઈ છે, લોકો ભણતરનું મહત્ત્વ સમજ્યા છે, એક ઘર ચલાવવા બે માણસે કમાવું પડશે તે સત્યનો સ્વીકાર કરવો પડે તેવી મોંઘવારી થઈ છે ."

"માધવ, તમે ગમે તે કહો, 'પ્રથમ'ની સફળતા બધાંએ વખાણી છે. અનેક રાજયોમાં આ પદ્ધતિના કાર્યક્રમ શરૂ થયાં છે અને સરકારોની પણ સ્વીકૃતિ મળી છે. "પ્રથમ' ઇઝ અ સક્સેસ સ્ટોરી ઈન સોશિયલ સેક્ટર... વોટ ઈઝ ધ સિક્રેટ? મને તો તમારી "સિક્રેટ રેસીપી' કહો..." હું પૂછું છું .

"ઈટ ઈઝ વેરી સિમ્પલ. સેવાકીય સંસ્થા માટે હિસાબો ની પારદર્શકતા એ મુખ્ય મુદ્દો હોય છે. કોઈએ ઉદારભાવે આપેલ રૂપિયાની છેલ્લામાં છેલ્લી પાઈનો હિસાબ હોવો જ જોઈએ. અમે તો અમારા દાતાઓનાં ય નામ જાહેર કરીએ છીએ. મને દાન આપનારને બીજી સંસ્થા ખેંચી જશે તે ભય મને નથી

સતાવતો. વળી અમારા કાર્યકર્તાઓને તેમની મરજી મુજબ કામ કરવાની છૂટ છે. હા, પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલ બજેટની મર્યાદામાં રહીને તમારે કામ કરવું પડે. દરેક વ્યક્તિ એક વિચારશીલ માનવી છે તે સત્યનો સ્વીકાર કરવો જ પડે અને તેની લાગણીઓને માન આપવું જ રહ્યું. અરે, હું તો મારા હોંશિયાર સાથીઓને માળો ખાલી કરીને નવો માળો બનાવવાની સતત પ્રેરણા આપતો રહુ છું. ૯૮-૯૯ની સાલથી જ મેં સ્થાનિક લોકોને પોતપોતાનાં મંડળો રચતાં શીખવ્યું છે. ફક્ત મહારાષ્ટ્રમાં જ વીસથી પચીસ સંસ્થાઓ પ્રથમ દ્વારા પ્રેરિત છે. તમને એક જ દાખલો આપું - ઉષા રાણે . અમારી જ કાર્યકર્તા હતી. એનામાં પહેલેથી જ નેતૃત્વના ગુણ હતા. હાલમાં પ્રથમના જ અમુક પ્રોજેક્ટ ઉષા ખુદ કરે છે . તેની પોતાની સંસ્થા છે . તેઓ કોર્પોરેશનનાં કામો ય કરે છે, સરકાર પાસેથી ગ્રાન્ટ પણ મેળવે છે. “પ્રથમ'ને આમાં રસ નથી. મને કોઈપણ પ્રોજેક્ટની “માલિકી” કે 'ક્રેડિટ' મેળવવામાં પણ રસ નથી. બસ, ગયા વર્ષ કરતાં આ વર્ષે “વધું સારું કામ થાય એ જ ભાવનાથી કામ કર્યે રાખીએ છીએ.” એને માટે ઘણીવાર પોરો ખાઈને પાછા ય વળવું પડે છે. દા.ત. Read India કાર્યક્રમ ભારતના ૩૭૦ જિલ્લાઓમાં ચાલતો હતો જેને હવે ૨૫૦ જિલ્લાઓ સુધી સીમિત કરી દેવાયો છે. હવે અમે ઉચ્ચ શિક્ષણ, ઈતર પ્રવૃત્તિ તથા રમતગમત તરફ ધ્યાન વાળ્યું છે .

ગામડાંઓના કાર્યકર્તાઓને કોઈપણ જાતનું વળતર નહોતું અપાતું તેમને હવે “શિક્ષા કે બદલે શિક્ષા' સ્વરૂપે મળતર અપાય છે. જે શિક્ષક બાળકોને વિનામૂલ્યે ભણાવે તેને કમ્પ્યુટર મફત શીખવવામાં આવે છે. આ ઉપરાંત ભારત દેશનું સૌથો મોટું લાંછન ગણી શકાય તેવું બાળમજૂરીનું દૂષણ અટકાવવા માટે હવે અમારી સંસ્થાએ બીડું ઝડપ્યું છે. આવાં બાળકો ફરી શાળાએ ન જાય તો વાંધો નહી પરંતુ તેમને મોબાઈલ રીપેરિંગ, કાર-મિકેનિક, ઈલેક્ટ્રિશિયન, વૉર્ડબોય, હૉસ્પિટલ આસિસ્ટન્ટ જેવા ક્ષેત્રો માટે ટ્રેઈનિંગ આપીને કમાતા કરી શકાય છે.

હાલમાં મોટાભાગનુ ભંડોળ “પ્રથમ' યુ.એસ. અને યુ.કે.થી મેળવે છે. ભારતના ઉદ્યોગપતિઓ દ્વારા પણ મદદ મળે છે. 'પ્રથમ'રૂપી કુટુંબ જ મારું કુટુંબ છે તેથી બાળકોને ઝાઝો સમય નથી અપાતો - મારાં બે બાળકો નિમિષા અને જોઈ મને પ્રેરણા આપ્યા કરે છે. મારી દીકરી નિમિષાને રીડિંગ કાર્ડથી ફટાફટ વાંચતા જોઈને જ મને “પ્રથમ'માં “લર્નિંગ ટુ રીડ' કાર્યક્રમ શરૂ કરવાની પ્રેરણા મળી હતી. જો કે હવે તો તે એકવીસ વર્ષની થઈ ગઈ છે અને પ્રથમ સોળની ઉંમરે પહોંચ્યું છે .”

વિલિયમ વર્ડ્ઝવર્થીની પેલી કવિતા મને યાદ આવે છે...

એમાં થોડો જ ફેરફાર કરીને હું માધવ સામે બોલી ઊઠું છું...

Miles to go before we all can read

(મૂળ કાવ્ય... and miles to go before I sleep)

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

સૌ પહેલાં તો તમારી પસંદગીનું ક્ષેત્ર નક્કી કરો. પહેલી નજરે આ કામ સાવ સહેલું લાગે છે, પણ છે નહીં!

હું તો આજે ય કાર્ય અને કારણનો વારંવાર અભ્યાસ કરું છું. જાત સાથે સવાલ-જવાબ કરું છું. સમાજસેવાના કાર્યમાં ખુદ પ્રત્યેની વફાદારીની સૌથી વધુ જરૂર હોય છે. હુ તો ખુદને એટલા સવાલો

પૂછું છું કે ઘણીવાર મગજ બહેર મારી જાય! પણ સાચું કહુ તો સાતત્ય જાળવવામાં અને મારી પ્રગતિમાં આ જાત સાથેના વાર્તાલાપે ઘણો મોટો ભાગ ભજવ્યો છે .

બીજું, ઉપરછલ્લી ચમચાગીરી તથા ખોટી આક્ષેપબાજીથી હું ડરતો નથી. બંને ચીજ સરખું જ નુક્સાન કરે છે તેથી તેને સિરિયસલી લેવાની જરૂર નથી. કાંઈક સારું કરશો તો તમારો માંહ્યલો જ જવાબ દેશે. બીજાના સર્ટિફિકેટની જરૂર નથી અને ખોટું કરશો તો ય ત્યાંથી જ અવાજ આવશે. કાંઈ વાંધો નહીં, બેટર લક નેક્સ્ટ ટાઈમ!



નગ્ન સત્ય

અંશુ ગુપ્તા
'ગૂંજ'

માસ કમ્યૂનિકેશનના સ્નાતક અંશૂએ સમાજને કાઈક જૂદું જ વ્યાવહારૈક જ્ઞાન આપવાનું નક્કો ક્યું. વપરાથેલાં, જૂનાં કપડાંને વ્લવસ્ધિત રીતે છૂટા પાડીને શહેરોના શેઠિંયાઓના ઊભરાતા કબાઢોમાંથી ગામડાંના ગરીબ વેઠિયા સૂધી પહોંચાડીને વસ્તલિહોણાઓને માન-સન્માન બહું છે.

દિલ્હીના સરિતા વિહાર નામના ટિપિકલ મધ્યમવર્ગીય વિસ્તારના ફ્લેટ નંબર જે-૯૩ નો બેલ મારું છું. મનોમન ખાતરી છે, કે એકાદી ભદ્દ પંજાબણ બાઈ દરવાજો ખોલશે. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે અંશુ ગુપ્તા જાતે જ દરવાજો ખોલે છે . અહીં કશું જ ટિપિકલ નથી. અંશુ પુરુષ છે, સ્ત્રી નહીં. જબરજસ્ત હેન્ડસમ છે અને એમની આંખોના દરિયામાં ડૂબકી માર્યા વગર તમે રહી શકો તેમ નથી... અને હા, તેમના જીવનનો ધ્યેય તો તદન નોખો-નિરાળો છે.

"જુઓ, આ દેશમાં વર્ષોથી "રોટી-કપડાં-મકાન'ની વાતો તો થાય છે પણ "કપડાં" નો પ્રશ્ન કેટલો વિકરાળ છે તેની તમને કે મને ક્યાં ખબર છે?" - અંશુ કહે છે.

એ મને "ગૂજ'ના "પ્રોસેસિંગ સેન્ટર' માં ફેરવે છે. સરિતા વિહારથી આ સ્થળ ફક્ત પાંચ જ મિનિટ દૂર છે. અહીં તમે દાનમાં આપેલ કે વેચેલ જૂનાં કપડાંને નવજીવન મળે છે. અહીં તે જ કપડાં પહેરનારને માન-સન્માન મળે તેવાં રૂપ-રંગ અપાય છે. કપડાંને સન્માનભેર જરૂરિયાતમંદ સુધી મોકલવામાં આવે છે. તમે દાનમાં અપાયેલ કપડાંને પણ ફરી એવી રીતે દાનમાં અપાય કે લેનારનું સ્વમાન જળવાય. આ તે કલા છે કે વિજ્ઞાન!! 'ગૂજ'ની સફળતાનો કોઈ હિસાબ નથી રખાતો . અહીં આંકડાની માયાજાળો નથી રચાતી.

આ તો એક ચળવળ છે , જબ્બર આઇડિયા છે... ટેલિવિઝન પરની જાહેરખબરોમાં દેખાડાતા 'શાઈનિંગ ઈન્ડિયા' અને ગરીબાઈમાં - દુઃખમાં સબડતા "ડાઈંગ ઈન્ડિયા' વચ્ચેનો સેતુ છે.

તો વાચકો, આજ પછી જયારે પણ તમે ભૂકંપ કે વાવઝોડા પિડીતને કપડાં દાનમાં મોકલો ત્યારે મનોમન સંતોષ માનજો કે મારા કબાટોમાં પણ થોડી જગ્યા થઈ! "ગૂંજ' જેવી સંસ્થાઓ તમારા કબાટોનો ભાર ઉપાડીને દેવદૂતની જેમ પાંખો ધારણ કરીને જરૂરિયાતમંદોને પહોંચાડે છે, વાંચકો રાહ

શેની જુઓ છો? ત્રણ વર્ષથી તમારા કબાટમાં પડી રહેલું પેલું સ્વેટર હવે કાઢોને... દિલ્હી કે હિમાચલની ઠંડીમાં કો'ક ગરીબને કામ લાગશે ને તમને આશિષ દેશે.

નગ્ન સત્ય

અંશુ ગુપ્તા
'ગૂંજ'

મારો જન્મ મધ્યમવર્ગીય કુટુંબમાં થયો હતો. પિતાજી 'MES' (મિલિટરી એન્જિજિશિયરિંગ સર્વિસ) માં હોવાથી દર ત્રણ વર્ષે બદલી થઈ જાય. જો કે, મોટાભાગે યુ.પી. કે ઉત્તરાંચલમાં જ રહેવાનું થયું. આમ તો કુટુંબમાં બધા એન્જિનિયરો જ હતા એટલે મારું ભાવિ નક્કી હતું! બારમું પાસ થવાનુ, એ જ લાઈન પકડવાની... પણ હું બારમામાં ભણતો હતો ત્યારે મારે ત્રણેક મહિના એક્સિડન્ટને કારણે હૉસ્પિટલમાં રહેવું પડ્યું. એ વખતે વાંચનનો ખૂબ સમય મળ્યો અને મને પત્રકારિત્ત્વની દિશા પકડવાનું મન થયું .

તક મળ્યે મેં નાનાં-મોટાં છાપાંઓમાં અને ખાસ તો બાળકોના મૅગેઝિનોમાં લખવાનું શરૂ કર્યાં. 'સુમન-સૌરભ' નામનું દિલ્હીનું જાણીતું બાળકોનું મેગેઝિન હતું. તેમાં તથા દહેરાદૂનના "દૂન-દર્પણ' પેપરમાં મારા લેખો શસિયમિતરૂપે છપાતા. તમને જાણીને નવાઈ લાગશે, પણ એ છાપાંવાળા સેન્ટિમિટર દીઠ મહેનતાણું આપતા. સેન્ટિમિટરના પાંચ રૂપિયા! આ પછી મેં દહેરાદૂનની કૉલેજમાંથી બી.એ. વીથ ઈકોનોમિક્સ પૂરું ક્યું. અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કમ્યુત્તિકેશન (IIMC) દિલ્હીથી પોસ્ટ ગ્રેજ્યુએશન પણ કર્યું. જર્નાલિઝમની સાથે સાથે મેં એડવર્ટાઈઝિંગ અને પબ્લિક રિલેશનમાં (PR) પણ ડિપ્લોમા કર્યો. આમ તો હોસ્ટેલમાં થોડા લાંબા સમય માટે પડયા-પાથર્યા રહેવાય તેને માટે જ મેં કોર્સ લંબાવ્યા હતા, ખર્ચા કાઢવા ફ્રીલાન્સ લખી લેતો .

૧૯૯૨માં "ચિત્ર!ા' નામની જાણીતી જાહેરાતની કંપનીમાં મેં કોપીરાઈટર તરીકે નોકરી મેળવી. પગાર હતો રૂ.૨૦૦૦/-. થોડા જ વખતમાં મારા પર ફોટોગ્રાફીનું ભૂત સવાર થયું, ને મેં નોકરી છોડી! હજુ તો ફોટોગ્રાફી શરૂ જ કરી, ને આંખનો પ્રૉબ્લેમ થયો . હું માત્ર બાવીસ વર્ષનો હતો . ડૉક્ટરને બતાવ્યું તો મોતિયો આવી ગયેલો! હુ તો હબક ખાઈ ગયો! આ ઉંમરે? મને? એની વે, ફોટોગ્રાફીની કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું.

એવામાં મને જાહેરક્ષેત્રની કંપની પાવરગ્રીડમાંથી ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો. એ નૌકરી લેવાની મારી ખાસ ઈચ્છા ન હતી છતાંય બીજું શું કરવું તે નક્કી ન હોવાથી બે વર્ષ સુધી એ નોકરી કરી. ત્યાર બાદ જાણીતી પ્રાઈવેટ કંપની એસ્કોર્ટના "કૉર્પોરેટ કમ્યુનિકેશન" ડિપાર્ટમેન્ટમાં જોડાયો. ઠીક મારા ભઈ... રોજ એનું એ...! ઑફિસનું મૅગેઝિન કાઢવાનું, વાચિક અહેવાલ છપાવવાનો , ડાયરેક્ટરોને ફોટા કે લખાણ ન ગમે તો મઠારવાનું, પાછા ફોટા મૂકવાના... વ્યસ્ત તો રહેવાય પણ જીવ ન ચોંટે. દિવસના આઠથી દસ કલાક ટેબલ પર બેસી રહું, પણ સાંજ પડ્યે દિલમાં સંતોષ ન હોય. "કથા સુણી-સુણી થાક્યા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' - જેવી જ આ વેદના! વળી મારા એકપણ બોંસ સાથે મને ફાવ્યું નહીં.

૧૯૯૨માં જ "સાપ્તાહિક હિન્દુસ્તાન' નામના જાણીતા હિન્દી પેપરમાં મારે લેખ આપવાનો હતો. 'શું લખવુ' ની અવઢવમાં પુરાણી દિલ્હી પહોંચ્યો. ત્યાં મેં એક સાઈકલ રિક્ષા જોઈ. ઉપર બોર્ડ હતું "દિલ્હી પોલીસ કોર્પ્સ કેરિયર'. મને રસ પડ્યો . દિલ્હીની પોલીસે વળી સાઈકલ રિક્ષા રાખવાની શી જરૂર પડી? મેં સાયકલ રિક્ષાવાળા ભાઈને પકડ્યા. "ભૈયા, આપ ક્યા કરતે હો?' અને જે વાર્તા મળી, તે વાંચીને આ પાનું વાંચનારની આંખોમાં પાણી નહીં આવે તો ય ડુમો તો ભરાશે જ. અરે, હું તો એવો દ્રવી ગયેલો કે કેટલીય રાતો છળીને જાગી જતો .

પેલા ભાઈ કહે, "જનાબ, દિલ્હીમાં કેટલાય લોકો રસ્તામાં જ મરી જાય છે, ટ્રેનો નીચે કપાઈ જાય છે કે દારૂ-ગાંજાના નશામાં આત્મહત્યાઓ કરી લે છે. તેમનાં શબ રસ્તે રઝળતાં પડયા હોય છે. આ એવાં શબ હોય છે કે જેમનું કોઈ રણીધણી જ ન હોય. તે બધાં આ સાઈકલ રિક્ષામાં ભેગાં કરું. પોલીસ સ્ટેશને આપી આવું તો એક ડેડબોડીના વીસ રૂપિયાની "કમાણી' થાય! વળી મને તો એક સફેદ કકડો મફત મળે. મડદાને ઢાંકવાનો હોય, પણ હું તો લઈ લઉં! સાહેબ, શિયાળાની દિલ્હીની ઠંડીમાં "ધંધાપાણી' એટલા સારા હોય છે કે હું પહોંચી નથી વળતો . ઠંડીમાં હૂંઠવાઈને જ કેટલાય મરી જાય છે!"

વાચકો, હજી આગળની વાત તો વાંચો....

સાઈકલરિક્ષામાં એ માણસની પાંચક વર્ષનો બેબી બેઠી હતી. સાવ ફાટલાં-તૂટલાં કપડાં પહેરેલ. મને કહે, "અંકલ, હું તો પપ્પાને કહું છું, કે બોડી રાત્રે મળ્યું હોય ને તોય સવારે જ પોલીસને પહોંચાડવાનું. આખી રાત હું તો એ ડેડબોડીને વળગીને સૂઈ રહું છું. અચ્છી ગર્મા મિલતી હે... અમારી પાસે ઓઢવા-પાથરવાનું ન હોય!!!"

ઓ ભગવાન! મારા હૈયામાં ગજબની ઊથલપાથલ મચી ગઈ! આગલે વર્ષે જ ઉત્તરકાશીમાં ભૂકંપ થયો હતો ત્યારે મેં થોડીઘણી ગરીબી અને લાચારી તો નજરે જોઈ હતી કેમકે હુ ત્યાં રાહત કેમ્પમાં કામ કરવા ગયો હતો. મેં પંદર દિવસ કૉલેજમાંથી ગૂટલી મારી હતી. ગ્રામ્ય-ભારતના જીવનને નજીકથી નિહાળવાનો એ મારો પ્રથમ અનુભવ. મને એ ઠંડા પ્રદેશમાં એક બાબતની સૌથી વધુ નવાઈ લાગી. અહીં બધાંને ખાવા-પીવા કે ઘર કરતાં કપડાંની વધુ ચિંતા હતી. બધાંને ગરમ કપડાં અને બ્લેન્કેટો જોઈતા હતા.

રાહત છાવણીઓ તો ઘણી ઊભી થયેલી. અનેક સંસ્થાઓ જાતજાતની ચીજવસ્તુઓ લઈને આવતી, પણ મોટાભાગની વસ્તુઓ સાવ જ ઢંગધડા વગરની હોય. કોઈ વાપરી જ ન શકે તેવી! એવી ચીજવસ્તુઓ સ્વીકારતાં ગરીબો ય લાજી મરે, ઉત્તરકાશીની સ્રીઓ માટે પેન્ટ ને ટોપ આવેલાં! અરે, કોણ પહેરે?

આ દિશામાં કાંઈક કરવુ જોઈએ...પણ શું? ૧૯૯૫માં મારાં લગ્ન મિની સાથે થયાં. મિની બી.બી.સી.માં નોકરી કરતી હતી. તેથી પૈસાની નિરાંત થઈ. હું તો નોકરીથી આમેય કંટાળી ગયો હતો તેથી મેં એસ્કોર્ટ છોડયું.

૨૨મી જુલાઈ ૧૯૯૮ એ મે 'ગૂંજ' વિષે સૌ પહેલીવાર લખ્યું. અમે NGO ચાલુ ન કરી, પરંતુ વસ્રવિહોણા ગરીબો અને ખાસ તો ગરીબ બાળકોને શરીર ઢાંકવા પૂરતાં કપડાં માન જળવાય તે રીતે વહેંચવાનું નિર્ધાર્યું. શરૂઆત મેં અને મિનીએ કાઢી કાઢેલ ૯૭ કપડાંથી થઈ. અમારા લગ્ન થયે ત્રણ વર્ષ થયાં હતાં. આ ત્રણ વર્ષમાં એકપણ વાર ન પહેરાયાં હોય તેવા કપડાંને કાયમ માટે તિલાંજલી આપવી એ જ નિર્ધાર. મિનીએ થોડીક જરીની ભારે સાડીઓ ન કાઢી...બાકી બધું કાઢી કાઢયું.

લોકોના ઘેર જઈજઈને જૂનાં કપડાં ઉઘરાવવાનું પણ અમે શરૂ કર્યું. સાંજે મિનીની ઓફિસ છૂટે એટલે એને પીક-અપ કરીને અમે બંને કૉલોનીમાં ઘેરઘેર ફરીએ. રાત્રે નવ વાગ્યે ઘરે પહોંચીને સીધો એ ઢગલો વૉશિંગમશીનમાં નાખીએ - અલબત્ત, સફેદ-રંગીન છૂટાં પાડીને જ - ધોઈને ચોખ્ખાં કરેલ કપડાં વહેંચવા અમે દિલ્હીની એક ઝૂપડપટ્ટીમાં ગયાં. ત્યાં વળી અનોખો અનુભવ થયો . ત્યાંના દાદાઓ આવીને મને પૂછે, "ક્યો સાબ, ક્યા ચાહિયે? આપકો ઈસ કામકા કિતના મિલેગા?" લ્યો, કરો વાત! સારા કામમાં સો વિઘ્ન!

ત્યાં જવાને બદલે અમે દિલ્હીની જાણીતી જનરલ હોસ્પિટલ 'AIIMS' (અમદાવાદની સિવિલ જેવી) ની બહાર વહેંચણી કરવાનું નક્કી કર્યું. અહીં ભારતભરમાંથી દર્દીઓ આવે છે. રહેવા-ખાવાની- ઓઢવા-પાથરવાની ઘણી તકલીફ હોય છે. વળી દૂરદૂરથી આવતા લોકોને દિલ્હીની ઠંડીનો આછેરો અણસારે ય નથી હોતો . માંદાની દવા કરાવવા આવેલ સાજા સગાંઓ ય અહીં માંદા પડી જતા.

આમ, જાન્યુઆરી મહિનાની એક રાતે અમે ગરમ કપડાં લઈને હોસ્પિટલની બહાર પહોંચેલાં. કાતિલ ઠંડી! એક આધેડ ગરીબ બહેન અમારા પોટલામાંથી શાલ શોધવા લાગ્યાં. સારી સારી શાલ જોઈ-જોઈને આઘી મૂકી દે.

થોડું ઘણું સાંધતા-સીવતા મને ય આવડે છે.

કોથળા સાંધી દઉં, માલ ભરી દઉં...

કામ કામને શીખવે.

મેં પૂછ્યું, “માજી, શું શોધો છો?”

બા કહે, “બહેન, કાળી શાલ છે?” હુ તો વિચારમાં પડી... આ માજી કાતિલ ઠંડીમાં ધ્રૂજે છે તોય તેમને કાળી જ શાલ કેમ જોઈતી હશે?

માજી કહે, “બેટા, આ મેં લાલ સાડી પહેરી છે ને, એની સાથે શાલ કાળી હોય તો જરા 'મેચિંગ' થાય!”

લ્યો! આપણે તો માનીએ કે ગરીબોને વળી “મેચિંગ' સાથે શુ લેવાદેવા? જે આપો તે પહેરી લે. પણ મારી માન્યતા કેટલી ભૂલભરેલી હતી! એમને પણ સ્વપ્ન હોઈ શકે. જરૂરિયાતો હોય. તે દિવસથી અમે જે કપડાં આપતાં, તે મેચ કરીને જ આપતાં. સાડી જોડે બ્લાઉઝ - ચણિયો, સલવાર સાથે ચૂડીદાર-કમીઝ-ચુથી, કુર્તા સાથે પેન્ટ કે સ્કાર્ફ, પેન્ટ સાથે શર્ટ.

પૈસાવાળા લોકો તમેય પુષ્કળ કપડાં આપી જ દેતા હશો . ક્યારેય બટણ ચેક કરો છો? નાડાં છે કે નહીં જુઓ છો ફાટેલાં કપડાં સાંધીને આપો છો? અને હા, તમારે માટે જે કપડાં નકામાં છે, તે ખરેખર બીજાને કામમાં લાગી શકે તેવાં છે કે નહીં. વિચારીને દાન કરો છો કે પછી બળતું ઘર કૃષ્ણાર્પણ? ભૂકંપ કે સુનામી વખતે જે કપડાં દાનમાં મળે છે તે ઉપરના બધા જ પ્રશ્નો સાથે જ મળે છે. ૧૯૯૯માં ચમોલી જિલ્લામાં ભૂકંપ થયો હતો એ વખતે અમને ઘણી રમૂજી આઈટમો દાનમાં મળી હતી. કેસેટો તૂટેલી ચંપલો , વ્હીલ નીકળી ગયેલ બાબાગાડીઓ ...વગેરે! જો કે એ વખતે અમે પાંચેક કોથળા સારા, વપરાઈ શકે તેવા કપડાં ગોઠવીને રેડક્રોસમાં પહોંચાડી આવ્યા હતા. અમારી પાસે પોતાનું વાહન ન હતું અને સેવા માટે રેડકોસનું નામ છે. અમે પાંચ કોથળા કપડાં અને એક કોથળો બૂટ-ચંપલો ચમોલી મોકલી આપ્યાં.

મારા પી.એફ.ના બધા નાણાં હવે વપરાઈ ચૂક્યા હતા. ગોડાઉન ભાડે લેવાના પૈસા ન હતા તેથી અમે અમારા ઘરના એક બેડરૂમનું ફર્નિચર કાઢી નાંખવાનું નક્કી કર્યું. એ રૂમ ખાલી થયો એટલે મને દાનમાં મળેલ કપડાંના કોથળા ભર્યા. સેવાભાવી કાર્યકરો મદદ કરવા મળી રહ્યા, પણ નાણાંની ભારે ખેંચ રહેતી. ૧૯૯૯માં ઓરિસ્સામાં વિનાશક વાવાઝોડું આવ્યું ત્યારે તો અમે ઘણી ટ્રકો ભરાય તેટલાં કપડાં દાનમાં મોકલી શક્યા, પરંતુ અમારા બળે નહીં, રેડક્રોસની મદદથી.

એ વર્ષે જ અમે 'ગૂંજ'નું એન.જી.ઓ. તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું. મારા ખાસમાં ખાસ દોસ્તે જ પહેલું મહેણું માર્યું... “શું શેઠિયા, હવે તમે ય સેવા સંસ્થાની જમાતમાં ભળ્યા? ગોલમાલમાં એક્સપર્ટ થઈ

ગયા?"

હું શું જવાબ આપું? દુનિયા એસી હી હૈ... મિત્રની ક્યાં વાત કરું? નાણાં આપતી સંસ્થાઓ-ફંડિંગ એજન્સીઝ પણ અમારી સામે જોડી- અરે ભાઈ, એઈડઝ અવેરનેસનું કરો, પોલિયોનું કરો... પણ કપડાં? એને માટે અમારી પાસે ભંડોળ નથી- એમ કહીને હાથ ઊંચા કરી દેતી. ઘણા વળી થોડું સાંભળીને કહેતા, "હા... વાત તો સારી છે, પણ અમે તો આવા કામ માટે નાણાં નથી આપતા... એઈડ્સ માટે મૅરેથોન રાખો ને? મરણેક લાખ પડ્યા છે. એમાંથી ટોપીઓ અને ટી-શર્ટો છપાવીશુ . ઉપર અમારી કંપનીનો લોગો ય મુકાય."

થોડા જ વખતમાં અમે ઝૂંપડપટ્ટીઓમાં કપડાં વહેંચવાનું બંધ કરીને ફક્ત ગામડાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી ક્યું. આમાં ફાયદો હતો કે ખર્ચ વહેંચાઈ જતો. આ પાર્ટનરશીપ મૉડલ હતું. જોકે એમાંય નાણાંની જરૂર તો પડતી જ. જગ્યા જોઈએ, માણસો જોઈએ,

'ગૂંજ' (Gōōnj) લેટરહેડ બનાવ્યું ત્યારે અમે Gōōnj-Oના પર બે

ટપકાં મૂકવાનું શરૂ કર્યું. કારણ એ જ કે એક ટપકું એટલે પૂર્ણવિરામ

અને બે ટપકાં એટલે સાતત્ય.

વાન જોઈએ. બહુ નહીં, તો ય મહિને ૧૫ થી ૨૦ હજારનો ખર્ચ હતો . લોકો વસ્તુઓ , કપડાં આપતાં પણ પૈસા ન આપતા. દાતાઓ શસિયમિત દાન કરતા. એ પણ મોટી જૂનો જાણીતી સંસ્થાઓને આપવા જ રાજી હતા. અમારે એવા પૈસાદાર મિત્રો હતા ય નહીં અને જે કૉર્પોરેટની મોટી નોકરીઓ કરતા મિત્રો હતા, તેમના દિમાગમાં આ "સેવાનું ભૂત' ઊતરતું જ ન હતું. એમને તો એમની એ.સી. ગાડી, એ.સી. કૅબિન ને તગડી સેલેરી સાથે જ નિસ્બત હતા. તેથી જ અમે રૂ. ૧૦, ૨૦ કે ૧૦૦ જેવી નાની રકમો સ્વીકારવાનું ય શરૂ કર્યું.

બીજી તરફ રદી, ખાલી બાટલીઓ, પતરાંના ડબલા વગેરે વિણાવડાવી, વેચીને એમાંથી નાણાં ઊભાં કર્યા. આ ઉપરાંત અમે સાધનો લાવીને વાંસમાંથી ઘડિયાળો બનાવીને, વેચીને તેમાંથી ય નાણાંનો સ્રોત્ર શોધી કાઢ્યો. "ધ હોમ સ્ટોર' માંથી રૂ. ૨૫૦૦/-નો મોટો ઓર્ડર મળ્યો. એ દિવસે તો અમે આનંદથી નાચી ઊઠ્યા હતા. મેં અને મારા મિત્ર અજયે રાત-દિવસ તનતોડ મહેનત કરી. ઘડિયાળો બનાવીને જાતે જ પૉલિશ કરીને, મારુતિ ૮૦૦માં ગોઠવી, હોંશે હોંશે ડિલિવરી આપવા ઊપડ્યા.

સ્ટોર પર જઈને જોયું તો દરેક ઘડિયાળ પર છાપાંની પ્રિન્ટની છાપ પડી ગઈ હતી! તાજી પોંલિશવાળી ઘડિયાળોને છાપાંમાં વિંટવાનું પરિણામ! ઓર્ડર કૅન્સલ થઈ ગયો. ચાલો, ભૂલ કરી તો ભોગવો . ૧૯૯૯માં દિલ્હી-હાટમાં અમે સ્ટૉલ રાખ્યો . 'ગૂંજ'ને સારી પ્રસિદ્ધિ મળી. અમારા કાર્યકરો સારાં કપડાં પહેરેલ, સારી વર્તાણક કરતા હોવાથી સંસ્થાની એક સારી છાપ ઊભી થઈ. ફોન રણકવા લાગ્યા. ઘણા લોકો તો પોતપોતાના વિસ્તારોમાંથી મટિરિયલ ભેગું કરીને જાતે જ આપી જતા. અમે રૂ. €૦૦/- ના ભાડે એક રૂમ રાખ્યો. અમારો પહેલો કર્મચારી પણ એ વખતે જોડાયો. આમ તો સુભાષ અમારી કામવાળીનો વર હતો પણ આખો દિવસ બાટલીબાજની જેમ ચરી ખાતો . સપના રોજ કકળાટ કરતી, "સાહેબ, આને કાંઈ કામે લગાડો તો બાટલી પીતો બંધ થાય. તમારી હામે નહીં પીવે." એ અભણ બાઈનો તર્ક કેટલો સાચો હતો! અમે એને રૂ. ૭૦૦/- ના પગારે રાખ્યો. ખાવાનું અને રહેવાનું મફ્ત. સુભાષ તો રાતોરાત સુધરી ગયો.

એવામાં ૨૦૦૧માં ગુજરાતમાં વિનાશક ભૂકંપ થયો . અમારી સંસ્થા માટે જાણે એ ઘટના એટલે "ટર્નગ

પૉઈંટ'. ઠેરઠેરથી લોકો કોથળે- કોથળા ભરીને સામાન આપવા આવતા. એવું ન હતું, કે એમની આસપાસ સારી સંસ્થાઓ ન હતી, પણ "ગૂંજ'નું નામ એટલું સારું હતું કે લોકો જાણતા કે અહીં આપેલ ચીજવસ્તુઓ ગેરવલ્લે નહીં જાય. આપણે આપેલ કપડાં ગુજરાતમાં ચાલે એવાં નહીં હોય, તો 'ગૂંજ'વાળા સાચવીને બીજે વાપરશે. એ વખતે ય અમે નાણાંના અભાવે ગુજરાત જઈ ન શક્યા, પણ એકેએક કપડું વ્યવસ્થિત રીતે વપરાય તે અમે જોયું. ૨૦૦૪માં જયારે તામિલનાડુના કિનારે સુનામી ત્રાટક્યું ત્યારે અમે ખરેખર સ્થળ પર પહોંચી શક્યા. ખૂબ જ કામ કર્યું. તમને ખ્યાલ હશે કે ગુજરાતમાં ભૂકંપ થયો પછી ટી.વી. અને થિયેટરોમાં દિવસો સુધી વણવપરાયેલ કપડાં , પાણીની બોટલો, દવાઓ તથા ખોરાકી સામગ્રવીના ફોટા આવતા. મોટાભાગનાં કપડાં પંજાબથી ગયેલાં. પંજાબના લોકો ઊંચા, પહોળા, હૃષ્ટપુષ્ટ. ગુજરાતમાં આ કપડાં કોણ પહેરે? વળો, ત્યાં બહેનો સાડી કે ચણિયા-ચોળી પહેરે, પંજાબમાં સલવાર-કમીઝ, ઘણાં કપડાં ગેરવલ્લે ગયાં. કચ્છનાં ગામડાંઓમાં જીન્સ, વેસ્ટર્ન ડ્રેસિઝ અને શહેરોમાં જ ચાલે તેવાં ટી-શર્ટો કોણ પહેરે? ઘણાંએ તો ફાટેલી-તૂટેલી ડાઘાવાળી ચડીઓ પણ મોકલી દીધી હતી.

અરે ભાઈ, આ લોકો ભિખારીઓ નથી. વખાનાં માર્યા એમણે હાથ લંબાવવો પડયો છે . આપણા સિનેસ્ટાર શાહરૂખખાન દરિયાકિનારે બંગલામાં રહે છે. તો સુનામીગ્રસ્ત વિસ્તારના લોકો પણ સમુદ્રને કિનારે જ રહે છે. એમાંના ઘણાંનાં ય ત્યાં બંગલા જ હતા. તો અમને સન્માનથી જીવવા દો. તમારા નોકરો ય ન પહેરે તેવાં વાસ મારતા, ફાટેલાં-તૂટેલાં કપડાં મહેરબાની કરીને દાનમાં ન આપો. .

તમને ખબર છે , સુનામી પછી આવી જ સો ટ્રકો ભરીને કપડાં એટલે કે વીસ લાખ જોડ કપડાં સરકારી ગોડાઉનોમાં પડી જ રહ્યાં હતાં! સરકારી ઑફિસરો ય મૂંઝાઈ ગયા હતા કે આનું કરવું શું? હું ત્યાં પહોંચી ગયો. તામિલનાડુ સરકારના બાબુઓ કહે, "આ તો જૂનાં કપડાં છે. કોઈને એનો ખપ નથી."

હું કાંઈ ઢીલો-પોચો નથી. મે કહ્યુ, "અરે સાહેબ, શુ નાખી દેવા જેવી વાત કરો છો? આ દેશનાં ૫૦% લોકો ઊતરેલાં કપડાં પર જ આખી જિંદગી કાઢી નાખે છે, ને તમે કહો છો કે સો ટ્રક કપડાં નકામાં છે?" તે જ વખતે અમે તામિલનાડુ સરકાર સાથે MOU (મૅમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેર*્ડિંગ) કરાર કર્યો. મુશ્કેલી ઘણી પડી પરંતુ શ્રી સી. વી. શંકર નામના એક ઉત્કૃષ્ટ સરકારી અધિકારી અમારી વહારે ધાયા. અમે ઉત્તર હિન્દુસ્તાની હોવાથી દક્ષિણ ભારતમાં અમારી દાળ જ નહોતી ગળતી. તેમણે મદદ ન કરી હોત તો એ સો ટ્રક કપડાં ય દરિયામાં વહી ગયા હોતર!

એમાંથી અમે જે વસ્તુઓ છૂટી પાડી, તે અજીબોગરીબ અને હાસ્યાસ્પદ હતી. ૧૩૦૦ વાંદરા ટોપીઓ! બોલો! દક્ષિણ ભારતમાં ઊટી ને કોડાઈકેનાલ સિવાય એ ક્યાં વપરાય? અને એ ય સુનામીગ્રસ્ત દરિયાકાંઠાના વિસ્તારમાં? જો કે ભૂકંપ, વાવાઝોડાં, સુનામી કે કોમો હુલ્લડો વખતે અનેક માનવીઓને હૈયે રામ વસે છે અને જરૂરિયાતમંદને તે મદદ કરવા ઈચ્છે છે અને હા, વાચકો તમે પણ મદદ કરજો. લેનારા ઘણાં છે . ફક્ત યોગ્ય વ્યક્તિને યોગ્ય ચીજ પહોંચે તે જોવાની જરૂર છે. અમે જે સંસ્થા €૭ કપડાંથી શરૂ કરી હતી તે આજે દર મહિને ૫૦ ટન (૫૦,૦૦૦ કિલો) કપડાં એકત્ર કરે છે અને વહેંચે છે!! કપડાં ઉપરાંત તમારાં જૂનાં જૂતાં , નાનું-મોટું ફર્નિચર, પુસ્તકો અને કમ્પ્યુટરોનો ય અમને ખપ છે. હાલમાં અમારી સ્ટાફ સંખ્યા સો ની છે. તે ઉપરાંત સેંકડો સેવાભાવી ૧૫૦ જેટલાં "પાર્ટનર ગ્રુપ્સ' અમારી સાથે જોડાયેલાં છે. જેમાં ભારતીય સૈન્યથી માંડીને ગ્રામ્યપંચાયતોનો સમાવેશ થાય છે. તમે પણ સત્કાર્યમાં જોડાવા ઈચ્છો છો? તમારા શહેર! ગામમાં, તમારા ઘર કે ઓફિસને તમે "કલેક્શન સેન્ટર' તરીકે વાપરવા દો ને?! આ રીતે શરૂ કરીને ૨૪ વર્ષના રોહિત સિંગે હવે તો હેવિટ નામની મલ્ટિનેશનલ કંપનીની પોતાની કાયમી નોકરી છોડીને 'ગૂંજ'ને જ મુંબઈમાં ગાજતું કર્યું છે.

આપણે જૂનાં કપડાં દાનમાં આપીને ય મતોમત કેટલો ગર્વ લેતા હોઈએ છીએ! લેનારને પૂછી પૂછીને થકવી કાઢીએ, કે યોગ્ય રીતે વપરાશે ને? પણ ખરેખર જીગર હોય તો તમારા કામની એક વસ્તુ આપી જુઓ ને!

'ગૂંજ'ની ટીમ યુવાનોથી છલકાય છે. મારા પછી જેનું નામ ગણાય તે રૂશિકા ફક્ત ઓગણીસ વર્ષની ઉંમરે અહીં કામ કરવા આવી હતી. એ વખતે એણે ગ્રૅજ્યુએશન પણ નહોતું પતાવ્યું. અહીં દિલ્હીનાં મદનાપુર નાદિર નામના વિસ્તારમાં અમારું સૌથી મોટું કલેક્શન અને સોર્ટિંગ સેન્ટર છે. સૌથી પહેલાં બધાં જ કપડાં ધોવામાં આવે છે. તેમાંથી પહેરાય તેવાં તથા તદ્દન નાખી દેવાનાં હોય તેવાં જુદાં પાડવામાં આવે છે. પહેરાય તેવાં કપડાં સીધા જ અમારા પાર્ટનર ગ્રૂપ્સને પહોંચાડી દેવાય છે. વહેંચણીનું કામ તેમનુ. મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં તથા બિહારના છાપરા નામના દારુણ ગરીબીમાં સબડતા વિસ્તારોમાં અમે “કામ કે બદલે મેં કપડા' નામનો પ્રોજેકટ હાથ ધર્યો છે . અહીંની પ્રજા કૂવો ખોદે, તળાવ બાંધે, રસ્તા બાંધે કે પોતાના ગામની સફાઈ કરે. તો મહેનતાણામાં કપડાં આપવામાં આવે છે. હવે તો આ પ્રોજેક્ટનું નામ “વસ સન્માન' રાખવામાં આવ્યું છે. કેમકે લોકોને જે કપડાં વહેંચવામાં આવે છે, તેનાથી તેમનું સન્માન વધે તેનું ધ્યાન રાખવામાં આવે છે.

તમને કદાચ ખબર નહીં હોય, પણ અમને મળતાં સલવાર- ચૂડીદારમાંથી ૫૦% થી યે વધુ નાડા વગરનાં હોય છે. બેરાંઓ દાન કરતા પહેલાં નાડું ય ખેંચી લે! અમારા કાર્યકરો નાડાં નાખે, સલવાર સાથે સરસ મેચિંગ કૂર્તો અને દુપટ્ટો ગોઠવે, ઠંડા પ્રદેશમાં પાર્સલ જવાનું હોય, તો સાથે મેચિંગ પગનાં મોજાં પણ મૂકે અને ફર્સ્ટ ક્લાસ સેટ બનાવે. દરેક પાર્સલ પર “સ્ત્રીઓ માટે', 'બાળકો', પુરુષો લખી દેવાય. સલવાર-કુર્તા મુસ્લિમ વિસ્તારોમાં મોકલવામાં આવે. ગરમ કપડાંના ખોખાં યુ.પી., ઉત્તરાંચલ, હિમાલયના અંતરિયાળ ગામોમાં જાય, સ્ત્રીઓના ગાઉન બંગાળ મોકલવામાં આવે.

“કેમ બંગાળ?” હું પૂછું છું.

તમે કલકત્તા કે અંતરિયાળ પશ્ચિમ બંગાળમાં ગયા છો? બૈરાંઓ દિવસ-રાત ગાઉન જ પહેરે. સ્કૂલ યુનિફોર્મ રાજસ્થાન અને હિમાચલ મોકલાય. હિમાચલમાં બાળકો પહાડોમાં રોજ સાતથી દસ માઈલ ચાલીને ય શાળાએ જાય છે. એ દશ્ય જુઓ તો તમે ય તમારા બાળકોના યુનિફોર્મ અમને આપી જાઓ, બહેન!

“પેલાં વપરાશ યોગ્ય નથી, એ કપડાંનું શું કરો છો?”

“એ કપડાંમાંથી શેતરંજીઓ , હાથે સીવેલી ગોદડીઓ , યોગ માટેની કૉટન મૅટ્સ, દરી તથા સૅનિટરી નૅપ્કિન્સ (પેડ) બનાવીએ છીએ.” “શું વાત કરો છો? પૅડ?”- હું સંકોચ સાથે પૂછું છું.

“હા, ૨૦૦૪માં આ વિચાર આવ્યો . જૂનાં-પુરાણાં કપડાંનું શું કરવું તે અંગે અહીં લેબોરેટરીની કક્ષાનું કામ થાય છે. આમાં લગભગ પિસ્તાલિસ બહેનોનો સહકાર મળ્યો છે. અરે, પૅડને લૂપ મૂકવું કે નહીં એ પણ ઘણી વિચારણાને અંતે નક્કી થયું . ”

“પણ આવો વિચાર કયા ફળદ્રુપ ભેજામાંથી ઉદ્ભવ્યો?” મેં પૂછયું . “હુ ફરતો હોઉં ત્યારે મારી નજર ચારે તરફ ફરતી હોય. ગરીબ કે મધ્યમવર્ગીય ગવર્નમેન્ટ કૉલોનીઓ ની બહાર તાર પર ચોકડાવાળાં લૂગડાં લટકતાં દેખાય. ડાઘાવાળા અને ધોવાઈને કડક થઈ ગયેલાં હોય. વર્ષો પછી મને એ લૂગડાં કોણ,

શા માટે અને કેવી રીતે વાપરતુ થશે તે સમજાયું. અરે "ગૂંજ' શરૂ કર્યું પછી તો અમે એકવાર ઓરિસ્સા ગયેલાં. ત્યાંની ગરીબાઈની તે શી વાત કરું? બહેનો પાસે માત્ર એક જ સાડી હોય. ચણીયા-બ્લાઉઝ તો પોસાય જ નહીં. મને થયું. આ સ્ત્રીઓ પેલા પાંચ દિવસ કેમ કાઢતી હશે? એમની પાસે તો અંતઃવસ્ત્ર (નીકર) પણ નહીં હોય! બહેન, આવી બધી વાતોની ચર્ચાઓ બંધબારણે ય નથી થતી પરંતુ વિશ્વભરની બહેનો માટે આ પ્રૉબ્લેમ તો છે જ. એ હું કહીશ તો તમને નવાઈ અને આઘાત બંને લાગશે કે આ ગરીબ સ્ત્રીઓ આ દિવસોમાં રેતી, રાખ, શણના કોથળા, પ્લાસ્ટિકની થેલીઓ અરે છાપાંના કકડા ય વાપરે છે !! એક બાઈએ પોતાનો જૂનો કબજો મૂકેલો . એનો આંકડો કટાયેલો હશે, તે બાઈને સેપ્ટિક થઈ ગયું અને મરી ગઈ.

હવે 'ગૂજ' દર મહિને બે લાખ સેનિટરી નૅપ્કિન્સ બનાવે છે." અંશુ કહે છે.

હું આ માણસને ભારતની લાખો ગરીબ સ્ત્રીઓ વતી મનોમન વંદન કરી લઉ છું...

"બહેન, અમારે ત્યાં શેઠ-નોકરની સિસ્ટમ નથી. અહીં કોઈને માથે બૉસ નથી. લોકો માટે, લોકો વડે, લોકશાહી ઢબે કામ ચાલ્યા કરે છે. જુઓ તમને એક દાખલો આપું. પ્રત્યેક કલાકમાં કેટલું કામ થવું જોઈએ તે અમે નક્કી નથી કરતા, પરંતુ એક માણસ એક દિવસમાં અંદાજે ત્રણ કોથળા જેટલી રદ્દી છૂટી પાડી શકે તે તારણ અમે અનુભવે કાઢ્યું છે. દરેક માણસ જો પોતાની જાતને વફાદાર રહે અને પોતાનું સમજીને કરે તો શ્રેઠ કામ થાય જ. શું કહો છો?"

"હાસ્તો. અંશુ, ગૂંજનું વાર્ષિક બજેટ કેટલું હશે?"

"વાર્ષિક ત્રણ કરોડનું. એમાંથી લગભગ દોઢ કરોડ દાતાઓ અથવા સખાવતી સંસ્થાઓ (ફંડિંગ એજન્સીઝ) પાસેથી મળે છે. ૧૫ થી ૨૦% જૂની ચીજવસ્તુઓના વેચાણમાંથી મળે છે. થોડાક રદ્દીના વેચાણમાંથી તથા બાકીના મને મળતા વિવિધ ઍવોર્ડોમાંથી મળી રહે છે. (અંશુને "અશોકા ફૅલો' વર્લ્ડ બૅન્ક ગ્લોબલ "ડેવલપમેન્ટ માર્કેટપ્લેસ' જેવા વિવિધ એવોર્ડો દ્વારા ૫૦ લાખથી ય વધુ રૂપિયા ઈનામમાં મળ્યા છે) હમણાંથી કોર્પોરેટ ઈન્ડિયા પણ આ બાબતે વધુ સજાગ બન્યું છે. પૈસા મારે માટે સાધનમાત્ર છે . સાધ્ય નહીં. આથી જ હું 'ગૂજ'ને સામાજિક વેન્ચર જ રાખવા ઈચ્છું છું. અમારું બોર્ડ કાલે સવારે નક્કી કરી દે કે આપણને મળતાં કપડાંમાંથી ૧૦% બારોબાર વેચી કાઢવા. (સારા કપડાં) બાકીના ૯૦% પણ સાવ મફત તો ન જ આપવા. આ તો સામાજિક અન્યાય છે. પછી તો મારે પાવર પૉઈંટ પ્રેઝન્ટેશનો બનાવવા પડે. ઍક્સેલશીટ પર આંકડાની માયાજાળો રચવી પડે. મારો તો સિયમ છે. જો મારે ધંધો જ કરવો હોય તો ઘણા ધંધા છે. હું સેવાનો ધંધો ન કરી શકું. મારે ગૂંજને માનવકેન્દ્રિત રાખવું છે, સિસ્ટમ કેન્દ્રિત નહીં. 'ગૂજ'ની પ્રત્યેક વ્યક્ત આ સંસ્થાને એક પડકાર સમજે છે.

ભારતમાં તમને ઠેર ઠેર સાંભળવા મળશે... "અમે તો ફલાણા ગામને દત્તક લીધુ છે. ઢીંકણો શાળાને દત્તક લીધી છે. અમુક કંપનીઓ તેમના વાશિક અહેવાલમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ના નામે ૧૦૦ ગામોને ચડાવી દેશે. પણ ભોટેભાગે આમાં "બહાર પોટે મોટું ઢોલ ને ભૌતરમાં છે પોલંપોલ' જેવી દશા હોય છે. સો ગામમાં હેન્ડપંપ લાવી દેવા કે પચાસ શાળાઓના ઓરડા રંગાવી દેવા એટલે સેવા પતી ગઈ? મને તો આ બધું તદન વિચિત્ર લાગે છે!

અમારી સંસ્થાની સફળતાની સૌથી મોટી નિશાની એ છે કે આવી જ બીજી સંસ્થાઓ ચાલુ થઈ છે. અંગ્રેજીમાં કહેવત છે ને Imitation is the sincerest form of flattery .હમણાંથી તો બો લિવૂડના જાણીતા ફિલ્મસ્ટારો પણ આ કામમાં જોડાયા છે તેથી જાગૃતિ ઘણી વધી છે.

વળી, એઈડ્ઝના રોગને કારણે રિપ્રોડક્ટિવ ચાઈલ્ડ હૅલ્થ (ર€I1) પ્રોજેક્ટ માટે વિશ્વભરમાંથી ઘણું ફંડ મળી રહે છે. આ ફંડમાંથી ક્યારેય સૅનિટરી નેપ્કિન્સ માટે ફંડ ફાળવવાનો કોઈને ય વિચાર નહોતો આવ્યો, જે હવે આવ્યો છે. મારી આવક હવે એટલી થઈ છે કે હું મારા કુટુંબનો નિર્વાહ તો ચલાવી શકું. હવે મારી પત્ની મિની પણ નોકરી છોડીને 'ગૂંજ'માં જોડાઈ છે . આજે તો એ વાતને ત્રણ વર્ષ થયાં. એ 'ગૂંજ'ની પાયાની ઈંટ છે તેમ કહું તો જરાય અતિશયોક્તિ નહીં લાગે.

બસ, તો આ જ છે મારા "ગૂંજ'ની સ્ટોરી! મારી સ્ટોરી! આ જ મારું કામ, આરામ, કુટુંબ અને મારા સમગ્ર અસ્તિત્વરૂપી ધ્વતિનો પડઘો !"

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

પ્લીઝ... જરા હટકે સોચો! અને હા, "હટકે' એટલે ઈમ્પ્રેક્ટિકલ નહીં. આજકાલ મારી મુલાકાતે અસંખ્ય આદર્શવાદી યુવાનો આવે છે. બધાં મને કહે 'સર, આ ભારતમાં કેટલી ગરીબી છે, ગંદકી છે. કોઈએ કાંઈક કરવું જોઈએ ."

પણ દોસ્તો, આપણા બેડરૂમમાં, ખોળામાં લેપટૉપ મૂકીને શેખચલ્લીની માફક વિચારીએ કે બધાંને પહેરવા માટે જીન્સ, ખાવા માટે રોટી મળવી જોઈએ તો કોઈને મળશે? એને માટે તો તમારે તમારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું પડશે . આ દેશ માટે તમારે ખરેખર કાંઈક કરવું હોય તો આ સોનેરી સમયછે. અન્ના હજારે આ ઉંમરે કરી જ રહ્યા છે ને? હવે તો તમે RTI (રાઈટ ટુ ઈન્ફોર્મેશન)નો ઉપયોગ કરી શકો , કન્ઝ્યૂમર કોર્ટમાં વિનાસંકોચે જઈ શકો. વહીવટમાં પારદર્શકતાની કાનૂની માંગણી કરી શકો. દેશમાં ભારે હકારાત્મક વાતાવરણ ઊભુ થયું છે તેનો લાભ લો.

તમારે તમારો પૂર્ણ સમય સેવાના કામને આપવાની પણ જરૂર નથી. નોકરી ચાલુ રાખીને ય અઠવાડિયે બે વાર ગરીબ બાળકોને ભણાવી શકાય. ભાઈ, તમને પિક્ચર જોવાનો , પાર્ટીનો , નૅટ પરથી મ્યુઝિક ડાઉનલોડ કરવાનો , ચેટિંગ કરવાનો સમય નથી મળતો? તો ફક્ત એક જ કલાક સત્કાર્ય માટે ય કાઢોને!

કેટલાય લોકોએ તો દેશ માટે જાન ન્યોચ્છાવર કર્યા છે. આપણે થોડું તો કરી જ શકીએ ને?



એકલવીર યોદ્ધો

ત્રિલોચન શાસ્ત્રી
'એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (ADR)

MIT/IIT/IIM ની ડિગ્રીઓ મેળવ્યા બાદ ત્રિલોચન પણ ઠંડીગાર ઓફિસમાં મોંમાં હોકલી ખોસીને ધુમાડા કાઢતાં આ દેશની અનેક વિષમ પરિસ્થિતિઓના વિવેચક બની શક્યા હોત! પરંતુ તેમની સાવ સાદી સમજણે તેમને જાહેર હિતની અરજીઓ (Public Interest Litingation-PIL) કરતા કર્યા. ભારત દેશના સામાન્ય માનવીના જીવનને ભોરિંગની જેમ વીંટળાયેલા ભ્રષ્ટાચારને તથા તે આચરનાર અનેક રાજકારણીઓને તેમણે ધૂળ ચાટતા કર્યા છે.

૧૯૯૨ની આ વાત છે.

અમદાવાદના IIM માં વિદ્યાર્થીની તરીકેનું મારું એ પ્રથમ વર્ષ.

એ જ વર્ષે અમેરિકાની અત્યંત પ્રતિષિત યુનિવર્સિટી MITમાંથી Ph.D. થયેલ એક પ્રોફેસર ભારત પરત આવીને અમારી કૉલેજમાં જોડાયા હતા. જબ્બર ભેજાબાજ માણસ ગણાતા, પણ સાવ શાંત અને નિરૂપદ્રવી! મોટાભાગના પ્રોફેસરોને જે બાબતોમાં રસ હોય - રજાઓ, ભથ્થાં , ઈન્ક્રીમૅન્ટ-એ બધાંમાં એમને મુદ્દે્ય રસ નહીં. તો એમને શેમાં રસ હતો?

એ વખતે તો હું વિદ્યાદીની તરીકે ભણવામાં અને અન્ય પ્રવતૃત્તિઓમાં મશગૂલ હતી તેથી મને એ જાણવામાં રસ ન હતો પણ કૉલેજ છોડ્યાના બરોબર દસ વર્ષ પછી ૨૦૦૪માં એક દિવસ સવારના પહોરમાં છાપું ખોલતાં જ હુ શુ જોઉ છું? સુપ્રિમ કોર્ટે એક મહત્ત્વના જજમેન્ટ તરીકે ભારતન પ્રત્યેક રાજકારણીને પોતપોતાની સંપત્તિ તથા ગુનાકિય રેકોર્ડ જાહેર કરવાની ફરજ પાડતું જાહેરનામું બહાર પાડયું હતું!

હું અને મારા જેવા અનેક વિચારશીલ ભારતીયો મનોમન વિચારતા થઈ ગયા, કે ભારતના રાજકારણીઓ જેવા ગાંડા આખલાઓ સામે શિંગડા ભરાવનાર આ ભડ આદમી છે કોણ? મદોન્મત્ત થઈ ગયેલા આ સિંહોને કોણ કહેનાર છે, કે તારું મોઢું ગંધાય છે? તપાસ કરતાં જાણવા મળ્યું કે એ ભડ આદમી એટલે અમારા પેલા ધૂની પ્રોફેસર! આજે એમને કારણે ભારતમાં એસોસિયેશન ફોર ડૅમૉક્રૅટિક રિફોર્મ (ADR) નામની સંસ્થા ઊભી થઈ છે અને આ ADR ને કારણે જ ચૂંટણીમાં ઊભા રહેવા

ઈચ્છતા પ્રત્યેક ઉમેદવારે પોતાની સંપત્તિ તથા ગુનાખોરીના રેકોર્ડની જાહેરાત કરવી પડે છે. અ ચળવળને કારણે જ રાજકારણીઓમાં પણ શરમ જેવી ચીજ ઉત્પન્ન થઈ છે. જાડી ચામડીવાળા, ખાઈ બદેલા અને માતેલા સાંઢ જેવા ધીટ રાજકારણીઓની અક્કલ ઠેકાણે આવી રહી છે. આ દેશને પિંઢારાઓની માફક લૂંટવા નહીં પરંતુ દેશની સાચી સેવા કાજે પ્રજા તેમને ચૂંટે છે તેની આ સેવકોને પ્રતીતિ થઈ છે.

ડૉ. ત્રિલોચન જેવા એક મુટ્ટી ઊંચેરા માનવીની હિંમતને ખરેખર દાદા દેવી પડે! એમણે ભારતના સડેલા તંત્ર સામે માથુ ઊંચકવાની ગુસ્તાખી કરી છે. આવા લોકોને કારણે જ ધીમે ધીમે મારા-તમારા જેવા માનવીને સાચી લોકશાહીનો સ્વાદ ચાખવા મળે છે.

મારા સાહેબની ઑફિસના પીળા રંગના રૅક્ઝિનના સોફામાં બેઠી બેઠી હું વિચારું છું... સાહેબ પાસે ફક્ત ક્લાસમાં જ નહીં. કલાસની બહાર પણ ઘણું ઘણું શીખવા જેવું છે .

એકલવીર યોદ્ધો

ત્રિલોચન શાસ્ત્રી
'એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' **(ADR)**

મારો જન્મ અને ઉછેર દિલ્હીમાં. માતા-પિતા-ભાઈ અને હું એક જ ઘરમાં એકવીસ વર્ષ રહ્યાં. ઘરની સામેથી જ નિશાળે જવા બસ મળે. અમે માઉન્ટ સેંટ મૅરીઝ નામની મિશનરી સ્કૂલમાં જતા . ત્યાંથી મને IITમાં એડમિશન મળ્યું. કૉલેજ જવા માટે તો બસની ય જરૂર ન હતી. ચાલતા જ પહોંચી જવાય. બીજા વિદ્યાર્થીઓની જેમ હું કોઈ એપષણાને કારણે IIT માં નહોતો ગયો. કુછ તો પઢના હી થા... તો ચલો IIT ચલતે હૈ... પાંચ વર્ષ ત્યાં ભણો એટલે બીજું કાંઈ નહીં તો ય દુનિયાને જોવાનો તમારો નજરિયો તો બદલાઈ જ જાય. પાંચ વર્ષ પછી પાછો સવાલ થયો... હવે શુ? એ વખતે ત્રણ વિકલ્પ હતા-નોકરી કરવી, IIMમાં જવું અથવા અમેરિકા જતા રહેવું. મેં અમદાવાદના IIMમાં ૧૯૮૧માં પ્રવેશ મેળવ્યો. ઠીકઠાક રહ્યું. ભણવાનું તો બહુ યાદ નથી પરંતુ ઘણા મિત્રો બનાવ્યા અને ખૂબ મજા કરી. હું પુષ્કળ દોડતો. બે મૅરેથૉન પણ દોડયો . ઘણાં પુસ્તકો વાંચતો અને સમાજ અને ગરીબાઈ વિષે વિચારતો .

જ્યારે હું IITમાં દાખલ થવાનો હતો ત્યારે અમારા ઓ રિયેન્ટેશન વખતે પ્રૉફેસરે જે વાત કરી હતી તે મને હૃદયમાં ઘેરાઈ ગઈ હતી. તેમણે કહ્યું હતું: "યુ આર ધ ક્રીમ ઑફ ધ કન્ટ્રી. તમે તો આ દેશની માટીમાંથી ઉગેલાં શ્રેષ્ઠ પુષ્પો છો. સરકાર તમારા એક-એક જણ પાછળ પ્રતિવર્ષ રૂ. ૫૦,૦૦૦/- ખર્ચે છે. (૧૯૦૯માં રૂ. ૫૦,૦૦૦/- ઘણી મોટી રકમ ગણાતી). તો દેશ માટે જરૂર કાંઈક કરજો."

હું તો વિચારતો... અમે બધાં થોડાક વધારે હોંશિયાર/મહેનતુ છીએ , એટલે સરકારે શા માટે અમારે માટે આટલા બધા રૂપિયા ખર્ચવા જોઈએ? IIMના પ્રથમ વર્ષમાં જ અમારા એક પ્રોફેસર શ્રીમતી નિર્મલા મૂર્તિએ મને તેમની ઑફિસમાં બોલાવીને કહ્યું, "તને સમાજસેવામાં રસ છે તેની મને જાણ છે. "સેવા મંદિર' નામની એક સંસ્થા છે. ત્યાં સમર-પ્રોજેક્ટ કરવામાં તને રસ છે? ત્રણ રાજ્યોમાં એમનું કામ ચાલ છે. કર્ણાટક, બિહાર અને રાજસ્થાન. તારે ક્યાં જવું છે?"

"બિહાર" મેં કહ્યું.

"કેમ? બિહાર કેમ?"

"કેમકે બિહાર અસંખ્ય પ્રશ્નોનો સામનો કરી રહ્યું છે." મારા મનમાં બિહારની છાપ 'ડિઝનીલૅન્ડ ઑફ સોશિયલ પ્રૉબ્લેમ્સ'ની હતી.

પ્રોફેસર મુર્તિ કહે, "ભાઈ, તારું કામ નહીં. તુ તારે રાજસ્થાન જા." બે મહિના રાજસ્થાનમાં ગાળ્યા ત્યારે મને દુનિયાદારીનું ભાન થયું. મેં મારી જિંદગીમાં ગામડું જ પહેલી વાર જોયું. એ પ્રોજેક્ટ ખેરવાડા જિલ્લામાં હતો . ભારતન અત્યંત પછાત જિલ્લાઓમાં એ વખતે એનું નામ ગણાતું. ખાવાનું ન મળે, પાણીનાં સાંસાં અને રસ્તાઓ તો માત્ર કાગળો ઉપર જ! મારે સરકારી ખાતાંઓમાંથી અમુક ડેટા મેળવવાના હતા. હું જે જે ઓફિસમાં જાઉં, ત્યાંના બાબુઓની વર્તણૂકથી મારું મગજ તપી જતું . એક પણ ડિપાર્ટમેન્ટમાં સમ ખાવા પુરતું ય કોઈ કામ નહોતું કરતુ.

જો કે બે મહિના પછી કૉલેજ પાછા આવીને બંદા ઠેરના ઠેર! ભણવાનું, દોડવાનું અને મિત્રો! ભણવાનું

પત્યું એટલે કૅમ્પસ પર ઈન્ટરવ્યૂ શરૂ થયા. બેન્કોની કે કોઈપણ નોકરીમાં મને રસ જ ન હતો. માફ કરજો... પૈસા કમાવા માટે ગધ્ધારવૈતરું કરવાનું મારા સ્વભાવમાં નથી. જો કે આટલુ ભણ્યા પછી કાંઈક તો કરવું જ પડે એટલે મેં N.G.O. માં નોકરી કરવાનું વિચાર્યું. એમાં ફાવ્યું નહીં એટલે જાહેરક્ષેત્રની વિશાળકાય કંપની ONGCના ચૅરમૅન કર્નલ વાહીના પર્સનલ આસિસ્ટન્ટ તરીકેની નોકરી સ્વીકારી.

મારાં વાલીઓએ મને ક્યારેય શિખામણો નથી આપી. મેં તેમની

સલાહ માગી ય નથી. પહેલેથી જ મારો સ્વભાવ ગગનમાં વિહરતા

મુક્ત પંખી જેવો છે. બંધન ન ફાવે.

કર્નલ વાહીની સામે ફક્ત બેસી રહો તો ય તમને ઘણું શીખવા મળે તેવા તે કાબેલ, સમજદાર, મહેનતુ અને હોંશિયાર હતા. એ જમાનામાં ONGC ભારતની સૌથી મોટી અને સૌથી વધુ નફાકારક કંપની હતી તે વાતની મને કર્નલ વાહીના સંપર્કમાં આવ્યા પછી ક્યારેય નવાઈ નથી લાગી. તેમની મહેનત કરવાની શક્તિ અપાર હતી. એ અરસામાં જ હું માત્ર ત્રેવીસ વર્ષનો હતો ત્યારે મારા પિતાજીનું અકાળ અવસાન થયુ. મોટાભાઈ અમેરિકામાં Ph.D. કરતા હતા તેથી નોકરી છોડીને હું દિલ્હી મારા મમ્મી પાસે આવી ગયો. થોડા જ વખતમાં મમ્મીને ખ્યાલ આવ્યો કે મારી ઈચ્છા આગળ ભણવા અમેરિકા જવાની છે તેથી તેણે કહ્યું, “મારી ચિંતા ન કરતો. તને એડમિશન મળે તો તું તારે જા.” મને MIT જેવી પ્રતિષિત યુનિવર્સિટીમાં પ્રવેશ મળી ગયો. Ph.D. પતી ગયુ પછી મેં મારા સલાહકાર પ્રોફેસરને જણાવ્યું કે, મારે ભારત પાછા જવું છે . તેઓ ખૂબ સરળ અને વ્યક્તિસ્વાતંત્ર્યમાં માનનારા હોવાથી મારી લાગણી સમજી શક્યા.

૧૯૯૨ના જાન્યુઆરીમાં હું ભારત આવીને IIM અમદાવાદમાં ઓપરેશન્સ મૅનેજમૅન્ટ વિષયના પ્રોફેસર તરીકે જોડાયો . એ વર્ષથી જ ભારતની બધી સેવાકીય સંસ્થાઓ (NGO) ને એકત્ર કરીને કાંઈક નક્કર કામ કરવાનું મે સ્વપ્નું જોયું છે. આ કામ હું માનતો'તો એટલું સહેલું ન હતું. દરેક સંસ્થાની સફળતા પાછળ એક એવી વ્યક્તિ હોય છે, કે જેને કોઈ એક પ્રશ્ન પાછળ લોહી રેડી દેવાની તમન્ના હોય છે. કોઈને પ્રૌઢ શિક્ષણ માટે કામ કરવું હોય તો કો ઈને ત્યક્તા સ્ત્રીઓ માટે!

આમ ને આમ હું પ્રોફેસરીમાં ઊંડો ઊતરતો ગયો . ભણાવું, પેપરો લખું, પબ્લિશ કરું તથા વખતોવખત હિમાલયમાં ટ્રેકિંગ માટે જાઉં. સમાજસેવા કે પ્રતિબદ્ધતાપૂર્વકના અન્ય કાર્ય માટે ક્યાં તો સમય ન હતો, ક્યાં તો શક્તિ ન હતી. ભારતના અનેક લોકોની જેમ જ છાપાંઓમાં આવતાં મંત્રીઓ , મુખ્યમંત્રીઓ અરે પ્રધાનમંત્રીઓનાં કૌભાંડો વિષે વાંચીને મારું ય લોહી ઊકળી જતું. નાના-નાના ગુના માટે ચૌરચક્કાઓને વર્ષોના વર્ષો જેલની ચક્કી પીસવી પડતી અને આપણા પ્રધાનો ભલભલા ગુના આચરીને ને ય ખુલ્લેઆમ ફરતા. નાનાં કરે તે છિનાળવું ને મોટાં કરે એ લીલા! પ્રધાનોએ અને એમના મળતિયાઓએ જાણે બે હાથે દેશને લૂંટવા જ માંડેલો! જેણે મૂકી લાજ એને નાનું સરખું રાજ ખરું ને?

મારા જેવો એક સામાન્ય માનવી શું કરી શકે? મેં પી.આઈ.એલ. (પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન) ફાઈલ કરવાનું નક્કી કર્યું. આ પી.આઈ.એલ. અન્વયે હું રાજકારણીઓને તેમના ક્રિમિનલ રેકોર્ડ્ઝ જાહેર કરવા માટે મજબૂર કરી શકું તેમ હતુ. જો કે મિત્રો અને મારા સહકાર્યકરોએ મારા ઉત્સાહ પર ઠંડુ પાણી રેડી દીધું. મારા મોટા ભાઈ મને કહે, “અલ્યા, તું ગાંડો થઈ ગયો છું? આ બધું અમેરિકામાં ચાલે, અહીં આવી મૂર્ખામી ન કરીશ.”

હું મારા અમદાવાદના વકીલ મિત્રોને મળ્યો. એમણે કહ્યું, પી.આઈ.એલ. જ કરવી હોય તો સીધી સુપ્રિમ કોર્ટમાં જ કરો ." મને મનમાં થયું.. તમે તો કદાચ ફી નહીં લો, પણ સુપ્રિમ કોર્ટના ધક્કા કોણ ખાશે? મારી સાંકડી આવકમાં એવા ખર્ચા ન પોસાય. પણ કહે છે ને કે મન હોય તો માળવે જવાય. મારી મુલાકાત શ્રી અરુણ શૌરીના પિતા શ્રી એચ. ડી. શૌરી સાથે થઈ. તેમણે Common Cause (www.commoncause.org) નામની સંસ્થાની સ્થાપના કરીને ઘણી PIL. કરી હતી. જોકે મારા વિચારો તેમને હાસ્યાસ્પદ જ લાગ્યા હતા. મેં તેમની વાત એક કાનેથી સાંભળીને બીજે કાને કાઢી નાખી. ૧૯૯૮માં ભારતમાં નવી સરકાર ચૂંટાઈ. ૧૯૯૯માં એ સરકારનું પતન થયું અને ફરી ચૂંટણી જાહેર થઈ. કોના બાપની દિવાળી?! પ્રજાના અબજો રૂપિયાનું આંધણ થઈ જવાનું. આ વખતે મેં મારા મિત્ર અજીત રાનડેની મદદ લીધી . અજીતે મને દિલ્હીમાં વકીલ શોધી આપ્યા. વકીલ કહે, "તમે PIL કરો, પણ વ્યક્તિગત રીતે નહીં, એક સંગઠન તરીકે કરો."

હું તો એકલપંડે હતો. એસોસિયેશન ક્યાંથી બનાવુ? આઈ.આઈ.એમ.ના દસ પ્રોફેસરોને વાત કરી. એમાંથી આઠ મારી સાથે જોડાયા. બાકીના બે એટલે અજીત રાનડે અને સુનીલ હાન્ડા. (વધુ માહિતી માટે- ખભે કોથળો ને દેશ મોકળો-પ્રકરણ-૯) અજીત આદિત્ય બિરલા ગ્રુપના ચીફ ઈકૉનો મિસ્ટ છે.

IIMAની મારી નાનકડી ઓફિસમાં સાંકડેમાંકડે અમે દસ ગોઠવાયા અને "એસોશિયેશન ફોર ડૅમોક્રેટિક રિફોર્મ્સ" (ADR) ની વિધિવત કાગળ પર શરૂઆત થઈ. આ સંસ્થા લોકશાહીની સુધારણા અંગેના કાર્ય કરશે તેમ નક્કી થયું. સૌથી પહેલું કામ પેલી PIL કરવાનું નક્કી થયું.

PIL કરવી એટલે દિલ્હીના અગણિત ધક્કા ખાવા. મારા વકીલ તો મને નાના નાના કામ માટે ધક્કા ખવડાવતા. દર વખતે મુદત પડે. કામ કાંઈ ન થાય. આમથી તેમથી ઓળખાણ લગાવીને મેં પ્રશાંત ભૂષણ (જનલોકપાલ ફેઈમ)ને શોધી કાઢયા. તેમણે પાંચ જ મિનિટમાં મારો મુદ્દો સમજી લીધો. મને કહે, "તમારો કેસ તો મજબૂત છે. હું મદદ કરીશ."

એ જ દિવસે એમણે મને કામિની જયસ્વાલની ઓળખાણ કરાવી. મને કહે, "ત્રિલોચન, આજથી તમારું બધું કામ આ કરશે. તમારા વકીલ એ!" હું તો અચંબામાં પડી ગયો. પણ પ્રશાંતે હૈયાધારણ આપી. આજે વર્ષો પછી મને સમજાયું , કે કામિનીએ કેટલી મહેનત કરી છે.

કામિનીએ PIL. ફાઈલ કરવાનું કામ કર્યું અને મેં અમે રિકા, યુ.કે., ફ્રાન્સ, જાપાન જેવાં દેશોમાં રાજકારણીઓએ શી શી જાહેરાત કરવી પડે છે તથા આચારસંહિતામાં શું લાગુ પડે છે તેનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ કર્યો. ૧૯૯૯માં PIL. ફાઈલ થઈ. કામિનીએ સીધા સુપ્રિમ કોર્ટમાં જવાને બદલે હાઈકોર્ટમાં અરજી ફાઈલ કરી, કેમકે ધારો કે અમે કેસ હારી જઈએ, તો સુપ્રિમ કોર્ટમાં જવાનો વિકલ્પ ખુલ્લો રહે.

૧૯૯૯ના નવેમ્બરમાં મારાં મમ્મી ગુજરી ગયાં અને ૧૯૯૯ના ડિસેમ્બરમા જાહેરહિતની અરજી ફાઈલ થઈ. દિલ્હી હાઈકોર્ટમાં

જાહેરહિતની અરજી કરતી વખતે તો મેં મનોમન એટલું જ વિચાર્યું

હતું, મારે ક્યાં તહાવા-નિચોવવાનું છે? "ક્યા ફરક પડતા હૈ...

ક્યા હોગા?"

અમે જીત્યા. સરકારે સામી અપીલ કરી. આ નાટક અઢાર મહિના ચાલ્યું. ૨૦૦૨માં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં ભારતની સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે ચૂટણીમાં ઊભા રહેવા ઈચ્છતા પ્રત્યેક ઉમેદવારે પોતાની

આવક, શૈક્ષણિક લાયકાત તથા ક્રિમિનલ રેકોર્ડ જાહેર કરવાં પડશે. આ ચુકાદો ભારતના પ્રત્યેક છાપાંના પહેલે પાને ઝળક્યો . લોકશાહીની તથા લોકોની જીત થઈ.

જો કે, આ દેશના રાજકારણીઓ એટલા તો ધીટ છે, કે બધી જ પાર્ટીના ઉમેદવારો આ ચુકાદાની સામે એક થઈ ગયા. આમ તો લોકસભામાં એકમેકની સામે માઈકો અને પાટલીઓ ઉછાળતા હોય, પણ પેન્શન લેવાનો કે પોતાનાં પગાર તથા ભથ્થાં વધારવાનો મુદ્દો આવે ત્યારે બધાં દુશ્મની ભૂલીને સંપી જાય! એ બધાંએ મિટિંગમાં નક્કી કર્યું કે સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને યેનકેન પ્રકારેણ ઉથલાવવો જ પડે!

૮ જુલાઈ ૨૦૦૨એ આ સર્વપક્ષીય બેઠક થઈ હતી. ઑક્ટોબરના એક અઠવાડિયા બાદ એ ચુકાદાને પડકારતું ડ્રાફ્ટ બિલ રજૂ કરવામાં આવ્યું. રાજકારણીઓએ ફેરવી-તોડીને એક જ બાબત રજૂ કરી હતી - અમે તો પૉલિટિશિયન્સ છીએ ભાઈ! અમને પ્રશ્નો પૂછનારા તમે કોણ?

જો કે હવે તો નાગરિકો જાગૃત થઈ રહ્યા હતા. જંગલમાં આગનો પેઠે સમાચાર ફેલાયા. આ દિશામાં કાર્યરત હતા તેવા અનેક વિચારશીલ લોકોનો અમને સાથ મળ્યો. 'લોક્સત્તા', ''ટ્રાન્સપરન્સી ઈન્ટરનૅશનલ' જેવી સંસ્થાઓ તથા શ્રી કુલદીપ નાયર, એલ. સી. જૈન તથા માયા દારૂવાલા જેવા જાણીતા કર્મશીલોનો સાથ મળ્યો . અમે વારંવાર મિટિંગો કરીને ચર્ચતા, કે જો ખરેખર આપણા કાચિંડા જેવા રાજકારણીઓની જીત થાય અને બિલને ઉથલાવી દેવામાં આવે તો આપણો વ્યૂહ શો હશે? અમારામાંથી ઘણાં વૈજ્ઞાનિકો હતા.

કોઈએ આપણા માનનીય રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ સાથે રાષ્ટ્રપતિ ભવનમાં અમારી મિટિંગ ગોઠવી. શ્રી કલામે અમારી વાત એક કલાક સુધી સાંભળી. અમે તેમને બિલને પાછું મોકલવા સમજાવી લીધા જો કે, બીજી વાર એ બિલ એમની પાસે આવે તો તેની પર સહી કરવા સિવાય એમની પાસે કોઈ વિકલ્પ ન હતો.

૨૦૦૨ના ઓઔઑગસ્ટમાં ADR એ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરીને રાજકારણીઓ દ્વારા રજૂ કરાયેલ સુધારા-વધારા સાથેના ડ્રાફ્ટ બિલની બંધારણીય પ્રમાણભૂતતા ચકાસવાનું સૂચવ્યું. લોકશાહીમાં ઉમેદવારનો હક્ક મત માગવાનો છે અને મતદારનો હક ઉમેદવાર વિષે માહિતી મેળવવાનો છે એમાં નવું શું છે? ''ઈટ ઈઝ એઝ સિમ્પલ ઈઝ એઝ ધેટ! આ હક્ક માટે ય પ્રજાએ કોર્ટમાં જવું પડે તે આ દેશની કરુણતા છે.

માત્ર છ જ મહિનામાં સુપ્રિમ કોર્ટે ચુકાદો સંભળાવી દીધો. માર્ચ ૨૦૦૩માં કોર્ટે અમારી અરજી માન્ય રાખી અને નેતાઓ દ્વારા સૂચવાયેલ સુધારા-વધારા સાથેના પેલા દસ્તાવેજને 'સંવૈધાનિક' તથા '''ગેરબંધારણીય' જાહેર કરીને ઉડાડી મૂક્યો. આમ જુઓ તો આ ADR માટે મોટી જીત હતી, પણ ખરું કામ હવે ચાલુ થવાનું હતું. ૨૦૦૩માં ગુજરાતમાં ચૂંટણી થવાની હતી. હવે મતદારોને શિક્ષિત કરવાના હતા અને ઉમેદવારોમાં બીક ઉત્પન્ન થઈ રહી હતી. ઉમેદવારો દ્વારા જાહેર થતી માહિતી અમે કાયદાકીય રીતે ચકાસીને છપાવતા. ઉમેદવારો વિષેની માહિતિ ઈલેક્શન કમિશનની ઓફિસોની ફાઈલોમાં ધૂળ ખાય તો કોને લાભ થવાનો? પ્રજાને જાણવા તો દો, કે એ લોકો કેવા નમૂનાઓને ચૂંટી રહ્યા છે! સાહેબ કેટલા ગુના કરી ચૂક્યા છે? કઈ કઈ કલમો હેઠળ જેલનો હવા ખાઈ ચૂક્યા છે.

તરૂણ તેજપાલ તો તમને યાદ છે ને? આ દેશના રાજકારણીઓ

એમનું ય લોહી પી ગયા! એમના જેવા હિંમતવાળા માણસો મેં

ભાગ્યે જ જોયા છે. સન્માન આપવાને બદલે આ નેતાઓએ એમને

હેરાન-પરેશાન કરી મૂક્યા.

જો કે આ વખતે એક દલીલબાજ વકીલ આડા ફાટ્યા. અમને કહે "આવી બધી માહિતી છપાવવાનો શો અર્થ?" બધાં શાંત થઈ ગયા. મેં તંત પકડી રાખ્યો. આપણે છપાવીશુ નહીં તો લોકોને ખબર કેવી રીતે પડશે? પેલા વકીલ ગભરાયા. માહિતીને છેડે નામ કોનું મૂકીશું? બિલાડીને ગળે ઘંટ બાંધે કોણ? મેં કહ્યું, "મારું નામ મૂકો . હું કોઈથી ગભરાતો નથી.'

"ત્રિલોચન, ખરેખર તમને બીક નથી લાગતી?"" હું પૂછું છું .

"આટલાં વર્ષોથી દોડધામ કરું જ છું ને! મારું ઢીમ કોઈએ હજુ તો ઢાળ્યું નથી. આ બધાં ગુંડાઓ છે તે સમજીને જ શરૂ કર્યું છે. અમે રિટાયર્ડ ચીફ-જસ્સ્ટીસો , આઈ.એ.એસ. ઓફિસર્સ, IIMના ભૂતપૂર્વ ડાયરેક્ટર્સ, ડી.જી.પી., જેવી ઘણી નોંન-પૉલિટિકલ વ્યક્તિઓને આમંત્રિત કરીને "ગુજરાત ઈલેક્શન વૉચ કમિટી" બનાવી. ત્યાર બાદ ADRએ ગુજરાતના પ્રતિષ્ઠિત અખબારોના તંત્રીઓ સાથે મુલાકાત કરી. મોટેભાગે અમે ગુજરાતી પેપરોના તંત્રીઓને જ મળ્યા કેમકે અંગ્રેજી છાપાં વાંચનારા વૉટ જ નથી આપતા. આ જ વ્યૂહરચના અને હવે અન્ય રાજયોમાં અપનાવી છે.

તંત્રીઓએ ખૂબ જ હૂંફાળો પ્રતિસાદ આપ્યો. મિત્રો અને અન્ય વૅલવિશર્શે નાણાંની પણ મદદ કરી. (ગુજરાત ઈલેક્શન વૉચ કૅમ્પેઈનનો ખર્ચ ૧૫ લાખ થયો હતો). મોટાભાગનાં જાણીતા અંગ્રેજી અને ગુજરાતી છાપાંઓએ હેડલાઈન્સ છાપી - મોદી સરકારમાં ૩૪ ગુનેગારો છે તે તમે જાણો છો?- ટીવી ચેનલોએ પણ ન્યૂઝ ચમકાવ્યા. આ સાથે અમે મતદારયાદીઓની પણ ચકાસણી કરાવી. મુંબઈ, દિલ્હી, હૈદ્રાબાદ, અમદાવાદ અને બેંગ્લોરમાં યાદીઓની તપાસમાં ૪૦%થી વધુ યાદીઓમાં ભૂલો નીકળી. આ સમાચાર બધાં પેપરોએ હૅડલાઈન તરીકે છાપ્યા. અરે, ઈલેક્શન કમિશનની ઓફિસમાંથી બાબુઓ દોડતા અમારી ઓફિસે આવ્યા. "હવે આ ભૂલો કેવી રીતે સુધારવી? તમે જ ઉપાય સૂચવો ."

"ત્રિલોચન, તમારે ક્યારેય દબાણ , ધામધમકી કે પજવણીને વશ નથી થવું પડયુ?" - મને ખરેખર હવે સાહેબની ચિંતા થાય છે." "એક-બે વાર નાનાં મોટા છમકલાં થયાં હતાં. એક વખત ઈન્ટેલિજન્સ ખાતાના એક અધિકારી 1110ની મારી ઓફિસે આવીને ધમકી આપવા લાગ્યા ત્યારે મેં તેમને સામે જ ખખડાવી કાઢેલા... "આપ કૌન હૈ? કહાં સે આયે હૈ? આપકા આઈ-કાર્ડ બતાઈએ. . જૈસે હી આપ ઈસ ઓફિસ સે બહાર કદમ રખેંગે, આપ દેખના! હું ૪૦ પત્રકારો , ૪૦૦ સેવા સંસ્થાઓ અને બધાં છાપાંના તંત્રીઓને ઈ-મેલથી તમારા કારસ્તાનની જાણ કરી દઈશ."

ઓફિસર ઢીલો થઈને કહે... "નો સર, આઈ એમ ઓન્લી ડુઈંગ માય જોબ!" મેં કહ્યું, "તમે લોકોએ આવી નોકરી કરી કરીને જ દેશનું ભડથું બનાવી દીધું છે. ગેટ આઉટ!"

આજની ઘડી ને કાલનો દા'ડો, આવા મુલાકાતીઓ ફરી દેખાયા નથી. જોકે એકવાર ભારતના વિદેશખાતામાંથી ઈન્કવાયરી આવી હતી. ADRનું ફંડિંગ ક્યાંથી આવે છે? આટલા બધા વિદેશી નાણાં કોણ મોકલે છે? વિગતો આપો! હું તો પ્રોફેસર માણસ. મેં બધા દાતાઓનાં નામ, સરનામાં અરે પાસપોર્ટની કોપી સુધ્ધાં રાખેલાં . વિદેશખાતું ઠંડું પડી ગયું. એક પત્રકાર મને કહે, "તમારે આ નેતાઓથી ક્યારેય ગભરાવું નહીં, અંદરની વાત કહું તો એ લોકો તમારાથી ગભરાય છે." મેં પૂછયું, "કેમ?" કેમકે તમને "અંદર કરવા' (જેલમાં) માટે તેમને કોઈ કારણ નથી મળતું.

ગુજરાતની ચૂંટણીઓ તો પતી. ADR નો ખાસ કાંઈ પ્રભાવ જણાયો નહીં. મારે તો આ આગ હવે આખા દેશમાં પ્રગટાવવાની હતી. અમારી ટીમના એક મેમ્બર કહે, "આપણે કાંઈ આખા દેશનો ઠેકો

નથી લીધો." મેં સીધો જ જવાબ આપ્યો... "ભાઈ, તમે લીધો હોય કે ન લીધો હોય, મેં તો લીધો છે ." આમ આ ચળવળ દેશભરમાં ફેલાઈ.

અમદાવાદમાં "ગુજરાત ઈલેક્શન વૉચ'ની કામગીરીની માહિતી આપવા માટે અમે વિવિધ NGOની એક કૉન્ફરનસ યોજી. રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમ અને દિલ્હીમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં હતાં. ૨૦૦૪માં બીજી નૅશનલ કોન્ફરન્સ યોજાઈ. આ વખતે ચર્ચાનો મુખ્ય મુદ્દો "ઈલોક્ટ્રલ

વિશાળ જનસમુદાય પર જ પ્રભાવ પાડવાનો ADR નો મુખ્ય હેતુ નથી.

અમારો મુખ્ય હેતુ વિવિધ પક્ષોને ખુલ્લા પાડીને, મીડિયા દ્વારા તેમના

પર તથા તેમના નેતાઓ પર દબાણ લાવવાનો છે. આવા દબાણથી જ

તેઓ સારા ઉમેદવારોને જ ટિકિટ આપશે તથા પ્રધાન બનાવશે.

રિફૉર્મસ' (ચૂટણી પદ્ધતિમાં સુધારણા) અંગેનો હતો . ADR એ જે વિચારવલોણું ચાલુ કર્યું હતું એને હવે અન્ય રાજ્યોમાં વેગ મળી રહ્યો હતો. મશીન એકવાર બની જાય, ચાલુ થઈ જાય પછી તો એમાં તેલ જ ઉંજવાનું રહે.

આ દરમિયાન અમદાવાદ છોડીને હું બેંગ્લોરના IIMમાં જોડાયો . આ વર્ષની ADRની કૉન્ફરન્સ ક્યાં કરવી એની અવઢવમાં જ હતો , ત્યાં અમારા ડીને સામેથી જ પ્રસતાવ મૂક્યો ... આપણા કેમ્પસ પર જ કરો ને!

મેં કહ્યુ, "આપણને કોઈ પ્રૉબ્લેમ તો નહીં થાય ને?" (સરકારી સંસ્થામાં સરકાર વિરુધ્ધ કૉન્ફરન્સ?) ડીન મક્કમ હતા. આમ IIM બેંગ્લોર - "ક્રિમિલાઈઝેશન ઑફ પોલિટિક્સ' - રાજકારણમાં ગુનાખોરી - વિષય પર પરિસંવાદ યોજાયો. ચીફ ઈલેક્શન કમિશનર, વિવિધ સેવાકીય સંસ્થાઓ તથા નામાંકિત નાગરિકોએ હાજરી આપી. એ વખતે ફોર્ડ ફાઉન્ડેશનના એક પ્રતિતિધિ પણ સભામાં હાજર હતા.

નવેમ્બર ૨૦૦૫માં ફોર્ડ ફાઉન્ડેશન તરફથી ૨૦૦,૦૦૦ યુ.એસ. ડૉલરની સહાય મળી. બે વર્ષમાં આ નાણાં વાપરવાનાં હતાં. ભંડોળ મળ્યુ પછી ADR ની વહીવટી કમિટીનું નિર્માણ થયું. અમારા ૭-૮ ટ્રસ્ટીઓ છે. સક્રિય ટ્રસ્ટીઓમાં સુનીલ હાન્ડા, જગદીપ ચોકર, અજીત રાનડે અને હું. હું ચૅરમૅન અને જગદીપ સેક્રેટરી. અમે આમાંથી રૂપિયો ય લેતા નથી. જો કે અમે ફૂલ ટાઈમ સ્ટાફ રાખ્યો છે.

અમારી હેડઑફિસ નેચરલી દિલ્હીમાં છે બિકોઝ ધેટ ઈઝ વ્હેર ઓલ ધ પોલિટિકલ એક્શન ઈઝ! બિભુ મહાપાત્ર અમારો પ્રથમ કર્મચારી છે. એ "કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટીવ (CHRI) તરફથી જયપુરની ચૂંટણીઓ પર નજર રાખતો હતો. એ ગજબનો માણસભૂખ્યો માણસ છે. ફરતો જ હોય....નાના-નાનાં ગામડાંઓની સંસ્થાઓમાં જાય, બધાં એને "બિભુદા'ના હુલામણા નામે બોલાવે. આખો દિવસ સિગારેટો પીવે અને રાત્રે રમ. ..પણ દારૂ અને સિગારેટના ઓઠામાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને બંગાળમાં તેણે જબ્બર નેટવર્ક ઊભું કર્યું છે. અમે બધાંને પોતપોતાની રીતે કામ કરવાની છૂટ આપેલી છે . અમે સંપર્કો જાળવવામાં મદદરૂપ થઈએ છીએ, ચીફ કલેક્શન કમિશનર સાથે તથા મીડિયા સાથે લમણાઝીંક કરીને લોકશાહીને જીવંત રાખવામાં મદદરૂપ થઈએ છીએ. હુ વિવિધ રાજ્યોમાં નાનામાં નાના કાર્યકરોને મળીને પ્રોત્સાહન પૂરું પાડું છું . બિભુ તો મારા કરતાં ય વધારે પ્રવાસ કરે છે. ૨૦૦૫ની ચૂંટણીઓ વખતે મેં અસંખ્ય વાર બિહારનો પ્રવાસ કર્યો. કૉલેજકાળની પ્રો. નિર્મલા મૂર્તિની વાત હંમેશ યાદ રહી ગઈ હતી કે જો બિહારમાં પ્રગતિ થશે તો સમગ્ર દેશમાં પ્રગતિ થશે.

બિહારમાં વિદ્યાર્થીઓ, સ્થાનિક ધંધાર્થીઓ, મીડિયા વગેરેનો ગજબનો ઉત્સાહ જોવા મળ્યો . નાનામાં નાના માણસને જયારે જ્ઞાન અપાય છે કે એનો અવાજ જ્યારે કોઈ સાંભળે છે , ત્યારે તે બોલે જ છે. આવા અસંખ્ય અવાજ જયારે ભેગા થઈને બોલે ત્યારે એવો ચિત્કાર આવે છે, કે જેને ભલભલા ધીટ રાજકારણીઓ અવગણી શકતા નથી. બિહારનું કામ ૩-૪ મહિના ચાલ્યું. “સહારા સમય' તથા “ઈ-ટી.વી (બિહાર)' ચૅનલોએ ઉત્તમ કવરેજ આપ્યું. ચોવીસે કલાક તેઓ ન્યૂઝની પટ્ટી ફેરવ્યા કરતા- મતદારો , શું તમે જાણો છો કે રાષ્ટ્રીય જનતાદળના ફલાણા MLA પર દફા ૩૦૨ (ખૂનનો ગુનો) લાગેલ છે? પણ પરિણામ શું આવ્યા? આવા ખૂનીઓમાંથી ય કેટલાય તો ફરી ચૂંટાયા જ. અમુકની ડિપોઝિટો ગઈ! ઘણા નેતાઓની અક્કલ ઠેકાણે આવી ગઈ. NDTVનું હિન્દી સંસ્કરણ જેમના હાથમાં છે તે પંકજ પરચુરી રાતોરાત બિહાર આવ્યા. તેમણે “વી ધ પિપલ' કાર્યક્રમ (હિન્દી) નું શૂટિંગ પટણામાં કર્યું. બધી જ પૉલિટિકલ પાર્ટીઓના નેતાઓની એ શો માં તેમણે ઊલટતપાસ લઈ લીધી. બિહારના ચીફ મિનિસ્ટર નિતીશકુમારને તો મીડિયાએ એવા લીધા કે એમણે જાહેરાત કરવી પડી, કે આમાંના (કલમ ૩૦૨૨વાળા ખૂનના ગુનેગારો) એકેયને પ્રધાનમંડળમાં લેવામાં આવશે નહીં.

એમણે એમનું વચન પાળી બતાવ્યું. બિહારના ઈતિહાસમાં પ્રથમ વખત ગુનેગાર-ફ્રી પ્રધાનમંડળની રચના થઈ. ૨૦૦૭માં યુ.પી.માં પણ આવી જ સફળતા મળી. મને બરોબર યાદ છે કે એકવાર રાહુલ ગાંધીએ અમારી ઑઑફિસમાં ફોન કર્યો હતો. પહેલાં તો એમના સેક્રેટરીએ વાત કરી અને પછી રાહુલ પોતે લાઈન પર આવીને કહે, “કોંગ્રેસના જે ઉમેદવારો ગુનાહિત રેકોર્ડ ધરાવતા હોય તેમના આંકડા મને મોકલશો?”

એમ તો બી.જે.પી.ના નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીનો પણ એકવાર ઈ-મેલ આવ્યો હતો . - “થેંક્યુ ફોર યોર રિપોર્ટ' - મને તો વાંચીને હસવું આવ્યું, કેમકે જ્યારે ADR એ સુપ્રિમમાં પિટિશન ફાઇલ કરી હતી, ત્યારે એ ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર હતા. એ વખતે અમારી ચળવળમાં લાકડાં નાખવાની એકેય તક છોડ્યા વગર એમણે મહેણાં મારેલાં કે 'જે લોકો જિંદગીમાં ક્યારેય ચૂંટણી લડયાં જ નથી એવા લોકો ચૂટણી પ્રક્રિયામાં સુધારા કરાવવા નીકળી પડ્યા છે!'

મને તો લાગે છે કે અમે ચૂંટણી લડ્યા ન હતા એટલે જ સફળ થયા. ૨૦૦૯માં ફરીથી દેશમાં ચૂંટણીઓ થઈ. એ વખતે અમે સંપૂર્ણ શસ્ત્રસરંજામ સાથે સજ્જ હતા. NGO પાર્ટનર્સ, મીડિયાનો સપોર્ટ અને કેકમાં આઈસિંગની જેમ લોકલાડીલા ફિલ્મસ્ટાર આમિરખાનને ચમકાવતી જાહેરાત. આમિરખાને પ્રજાને સુંદર રીતે અપીલ કરી - ‘નો ક્રિમીનલ્સ ઇન પોલિટિક્સ'.

“આ બધાંની અસર થઈ ખરી?” - હું પૂછું છું.

સંપૂર્ણપણે તો ન થઈ, પણ મુખ્તાર અન્સારી જેવા અઠંગ ગુનેગારો ન ચૂંટાયા. હા, ADR ને કારણે જ એ હાર્યા એમ કહીને હું તો યશ નથી ખાટવા માગતો, પણ હવે તો આવા ઠગ-પિંઢારાઓ ચૂંટણીમાં ઊભા રહેતા પહેલાં જ સો વાર વિચાર કરે છે અને સુપ્રિમ કોર્ટ તેમને રોકે છે. દસ-બાર ખૂન કરીને ય ખુલ્લેઆમ ફરતા ગુનેગારો ટિકિટ મળે તોય નથી ચૂંટાતા....હા એક-બે ખૂનના કેસો ચાલતા હોય, આવા “ભાઈલોગ' હજુ ય ચૂંટાય જ છે. ૨૦૦૪માં શિબુ સોરેન મિનિસ્ટર બન્યા. મુખ્યમંત્રી બન્યા અને પાર્ટી પણ તેમને છાવરતી હતી. હવે પરિસ્થિતિ બદલાઈ છે.

જો કે ADR હવે બીજા પ્રશ્નો હલ કરવાની દિશામાં આગળ વધી રહી છે. આપણા મિનિસ્ટરો તેમની સંપત્તિ તો ફરજિયાત જાહેર કરે પરંતુ એક ચૂંટણી અને બીજી ચૂંટણી વચ્ચે તેમની સંપત્તિમાં જે અમર્યાદ વધારો થાય છે તેનુ શું? હવે અમે એ દિશામાં કાર્યરત છીએ. માયાવતી સામે અમે કોર્ટમાં જવાના છીએ

. અમે પાર્ટીઓને મળતા ભંડોળ તથા પારદર્શકતાનો મુદ્દો પણ ખડો કર્યો છે. આ અન્વયે બી.જે.પી. તથા કોંગ્રેસના નેતાઓએ “પોલિટિકલ પાર્ટી રિફોર્મ' નામના બિલને પાસ કરવાની મૌલિક સંમત્તિ આપી દીધી છે.(આ બિલની ડૂરાફ્ટિંગ કમિટીના એક સભ્ય તરીકે, શ્રી ત્રિલોચન શાસ્ત્રી પણ છે.)

પોલિટિકલ પાર્ટીના ઈન્કમટેક્ષ રીટર્નને જાહેર જનતા સામે રજૂ કરવાની માંગણી કરતી RTI પણ અમે કરેલી છે. લગભગ ચાર મહિના અને બે હિયરૈંગ બાદ હવે આ માહિતી ભારતીય પ્રજાને ઉપલબ્ધ થઇ છે. આ ઉપરાંત ફક્ત ચૂટણી સમયે જ વોચડોગ થવાને બદલે ADR સતત તમારા વિસ્તારના ધારાસભ્ય પર નજર રાખે છે. કોણે પાર્લામેન્ટમાં કેટલી હાજરી આપી , કોણે કેટલી કઈ ચર્ચામાં ભાગ લીધો તથા તેને મળતા ૨ કરોડના ભંડોળમાંથી પોતાના મતવિસ્તારમાં બાંકડા મૂકાવીને તેની પર તકતીઓ મૂકાવવા સિવાય તેણે કોઈ જનહિતનું કાર્ય કર્યું કે નહીં?

આ બધાં નેતાઓનાં સ્ક્ર ટાઇટ થઈ ગયા છે! કાંઈક ગુનો કરે તો આ નેતાઓની બધા ખબર લઈ નાખે છે. ADR વિષે ઘણા કહેતા, “આપ જો કરના ચાહતે હો વો કભી નહીં હો સકતા' પણ થઈ ગયું. કેવી રીતે? મને ખરેખર ખબર નથી. “પહેલું તો નસીબ. બીજું, ટીમવર્ક. અમે ચાર ટ્રસ્ટીઓએ (ત્રિલોચન, સુનીલ હાન્ડા, અજિત રાનડે, જગદીપપ)આ કામ માટે લોહી રેડ્યું છે. બીજું અને સૌથી અગત્યનું- અમારી પાસે વ્યવસ્થિત પ્લાન હતો . ધ્યેય અને પ્રૅક્ટિકલ અપ્રોચ હતા.”

અને મને બીજું પણ એક અગત્યનું પરિબળ જણાય છે. ત્રિલોચનની આઈ.આઈ.એમ.ની નોકરી. હાલમાં તો બેંગ્લોર IIM ના પ્રોફેસર તથા ડીન (એકેડેમિક્સ) તરીકે કાર્યરત છે.

“સર, બધું કેવી રીતે મૅનેજ કરો છો?” હું પૂછું છું .

આમ તો મારે ત્રણ નોકરીઓ છે. ભણાવવાનું, ADR ચલાવવાનું અને દર શનિ-રવિ ગામડાંઓની મુલાકાતો કરવાની. ત્યાં હું બે બીજી NGO ચલાવું છું. જિંદગીમાં તમને જેમાંથી આનંદ મળતો હોય તે જ તમારે કરવુ જોઈએ એમ દઢપણે માનું છું. ADR માં તો હવે ભારતના સૌથી વિચક્ષણ વિદ્યાર્થીઓ જોડાતા થઈ ગયા છે. હાલમાં અમારી કમિટીની ઓફિસ જે છોકરો સંભાળે છે તે તો સુપરભેજું છે . તેણે નાની ઉંમરમાં બે કંપનીઓ ચાલુ કરી અને ઊંચા દામે વેચી દીધી. તે ADR નામના લોહચુંબક તરફ તો ખેંચાયો છે. હું તો બહુ ચિંતા કરતો જ નથી. કાંઈક નવુ કરવાનું હોય, ફંડ લાવવાનું હોય ત્યારે જ મારી જરૂર પડે.

અત્યારે મારું મુખ્ય કામ ગરીબી નિવારણક્ષેત્રમાં છે. અમદાવાદમાં નોકરી કરતો હતો ત્યારથી જ મારે ગામડાંઓમાં જઈને આ અંગે દૂર કામ કરવું હતું. પરંતુ અંતરિયાળ વિસ્તારોમાં કામ કરવા માટે સ્થાનિક ભાષા આવડવી અનિવાર્ય છે . ગુજરાતી શીખવાનો ક્યારેય મોકો ન મળ્યો.

૨૦૦૧માં હું હૈદરાબાદની અત્યંત Indian School of Business (ISB) માં જોડાયો. તેલુગુ ભાષા બોલવાની ફાવટને કારણે અહીંની એક NGO માં હું ટ્રસ્ટી પણ બન્યો . વર્લ્ડ બૅન્કના એક પ્રોજેક્ટનું કામ હતું . ફક્ત ત્રણ જ મહિનામાં મેં ISB ની નોકરી છોડી, પણ આંધ્રપ્રદેશનાં ગામડાંઓમાં ફરતો રહ્યો. ચોપડીઓ વાંચ્યા વગર, પેપરો લખ્યા વગર, જે કાંઈ કરવુ તે લોકોને મળીને તેમની સાથે કરવું તે એક જ ધ્યેય. વર્લ્ડ બૅન્કના પ્રોજેક્ટના CEO એક IAS ઓફિસર હતા. તેમણે મને બોલાવીને કહ્યું, “તમારી બધી શરતો અમને મંજૂર છે પણ તમે બોર્ડ પર આવી જાવ!” મેં ફક્ત મોબાઈલ ફોન માંગ્યો. મહેનતાણું નહીં. પેલા ઓફિસરને નવાઈ લાગી. મેં કહ્યું, “ગરીબો વિષે હું ખરેખર કાંઈ જાણતો નથી . તેમને નામે પૈસાદાર થવાનું મને ન શોભે”

આ પ્રોજેક્ટ માટે મેં ઘણો પ્રવાસ કર્યો. ઘણી સંસ્થાએ તથા સંસ્થામાં કામ કરતા IRMA ગ્રેજ્યુએટ્સ સાથે મારી મુલાકાત થઈ. કામ ઘણું થતુ હતું-સ્વાસ્થ્ય, શિક્ષણ તથા સશક્તિકરણ અંગેના કેટલાય કાર્યક્રમો વિવિધ ગામડાંઓમાં ચાલતા હતા પરંતુ ગરીબોને વધુ આવક કરી આપે તેવો ઉપાય શોધવાની એકે ય સંસ્થા પહેલ ન હતી કરતી. અમે એ દિશામાં કામ કરવાનું નક્કી કર્યું - હા, પણ એક જ શરત. ગરીબોને કાંઈ જ મફત નહીં આપવાનું. ભારતના ખેડૂતોમાંથી ફક્ત ૩૦ ટકાને જ સિંચાઈની સગવડ મળે છે. આ નાના ખેડૂતો દેવાના ભાર નીચે દબાઈને વધુ ને વધુ ગરીબ થતા જાય છે તથા ઘણીવાર આત્મહત્યાને રસ્તે વળે છે. વેઠિયા મજૂર તરીકે વૈતરૂં કરે છે અને ગંદી બસ્તીઓમાં આયખું ઓછું કરે છે . તમે પણ શહેરોના ફ્લાયઓવરની નીચે પાઈપોમાં પડી રહેતા લોકોને જોયા જ છે, ખરું ને?

તમે જાણો છો, ભારતમાં આવા ૪૦ કરોડ ગરીબો છે! આ કંઈ નાનોસૂનો આંકડો છે? હું કદાચ બધાંને મદદ ન કરી શકું, પણ થોડાને તો ઊંચા લાવી શકું ને? હું ગામડાઓમાં ફરતો ત્યારે જોતો , કે નાના ખેડૂતોને ઉપજ લેતાં આવડે છે પણ વેચતા નથી આવડતું . જુઓ, તમને સમજાવું. ધારો કે, એક નાના ગામડાના ખેડૂતે ૨૦ કોથળા મગફળીની ઉપજ લીધી. એણે એ માલ વેચવો હોય તો તે દલાલ પાસે જશે. દલાલ તો એને ટકાનો ભાવ પણ નહીં આપે કેમ કે તે ખેડૂતની ગરજ જાણી ગયો છે. વળી, ૫૦ કિલો મગફળી લઈને ફક્ત ૪૦ કિલોના પૈસા આપશે . લૂંટવાની જ વાત!

અમારી NGO સેન્ટર ફૉર કલેક્ટિવ ડેવલપમૅન્ટ - હિન્દીમાં 'સહકાર-મિરા સંસ્થા'- આવા છેવાડાના ખેડૂતોની સહકારી મંડળીઓ બનાવે છે. ખેડૂત દલાલને બદલે પોતાની જ મંડળીને પોતાનો માલ વેચે છે. મહારાષ્ટ્ર અને ઉત્તર આંધ્રપ્રદેશની સીમા

હું સમાજસેવા માટે અપરિણીત રહ્યો છે એમ રખે માનતા... લગ્ન

મને ખાસ અગત્યની બાબત લાગી જ નથી અને એ દિશામાં મેં

પ્રયત્ન પણ નથી કર્યો.

પર અદિલાબાદ નામનુ ગામ છે . આ વર્ષે ત્યાંની સહકારી મંડળીએ ૩૫ લાખનો નફો કર્યો છે! તે મંડળીના પ્રત્યેક સભ્યને રૂ.૫૦૦૦/- મિસિમમ મળ્યા. વળી સોયાબીનના ભાવ દલાલો ૧૪૫૦,/- રૂપિયે ક્વિન્ટલ પાડતા હતા. અમે મંડળીઓએ રૂ. ૨૧૦૦/-નો ટેકાનો ભાવ નક્કી કર્યો છે. અમે ભારતના તદન આદિવાસી વિસ્તારમાં ભારતની સર્વપ્રથમ દાળની મિલ શરૂ કરી છે. ૧૫ મી માર્ચ ૨૦૦૯ને દિવસે એનું ઉદ્ઘાટન થયું. આ જ વર્ષે ૧૧-૧૨ લાખનો નફો થયો છે. ત્રણ વર્ષમાં તો અમારી બધી લોન પણ ભરપાઈ જશે તેમ લાગે છે. “સહકાર-મિત્ર સંસ્થા'ની હેડઓફિસ હૈદ્રાબાદમાં છે અને હાલમાં અમે આંધ્રના બે જિલ્લાના પચાસ ગામડાંઓમાં કાર્યરત છીએ. ૨૦૦૦ લોકોના જીવન પર આ સંસ્થાએ સીધી કે આડકતરી અસર કરી છે.

આ સંસ્થાનો CEO હું છું પણ અમારી ટીમ જ બધું સંભાળે છે. કેટલાય આદર્શવાદી યુવાનો અત્યંત પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરી રહ્યા છે. અમારો પ્રૉજેક્ટ મૅનેજર પોતે જ આદિવાસી છે. MBA થયેલ આદિવાસી હોં કે, જેવો તેવો નહીં! અને જે છોકરો દાળની મિલ સંભાળે છે તે એ રાજસ્થાની , મારવાડી 'બિયાની' અટકધારી છો કરો IRMA નો ગોલ્ડ મેડાલિસ્ટ છે! એની સ્માર્ટનેસ જોવા માટે તો તમારે એને જ મળવુ પડે!

હું તો ગામડાંઓમાં જાઉં, લોકો ભેગા થાય એટલે ચોરે બેસું. જનરલ વાતો થાય એટલે પૂછું... આપકે પાસ કિતની જમીન હૈ? શું ઉગાડો છો... કોને વેચો છો? તરત જ ખેડૂત બોલે - દલાલને. મેં વર્ષોથી

ગણતરીઓ માંડેલી છે. દલાલ દર વર્ષે ઓછામાં ઓછા રૂ.૨૦૦૦/-નો ચૂનો આ ગરીબ ખેડૂતોને ચોપડે છે. હું એ ગણિત ખેડૂતને સમજાવુ . ખેડૂત તરત જ કહે, "અમે ય જાણીએ જ છીએ કે એ ઉઘાડી લૂંટ ચલાવે છે પણ એનો ઉપાય શો?"

પછી જવાબ પણ એમનામાંથી જ મળે- "આપણે બધાં ભેગાં થઈએ તો જ એ દલાલોની સાન ઠેકાણે આવે." બરોબર એ વખતે લોઢું તપેલુ હોય ત્યારે જ હું "સહકાર મિત્ર સંગઠન'ની વાત કરું. જો કે તમે એમ ન માનતા કે આ બધાંને ભેગાં બેસાડવા સહેલા છે. ભારતના ગામડાંઓમાં જ્ઞાતિજાતિના ભેદભાવની ભયાનક પરિસ્થિતિ છે. કોઈપણ શાળામાં અમે મિટિંગ રાખી હોય, તો ઠેઠ આગળ ચટાઈઓ અને ગાદલાં પર અમારા કાર્યકરોની સાથે ઉચ્ચવર્ણના લોકો ગોઠવાઈ જાય. થોડાક નીચલી વર્ણના લોકો દીવાલોને અઢેલીને બેસે અને દલિતો તો બિચારા છેક છેવાડે, આઘા જ ઊભા રહે. બેસે ય નહીં. ગામમાંથી જે પણ વ્યક્તિ અધવચ્ચે મિટિંગમાં આવે, તેને ખબર જ હોય કે તેણે ક્યાં બેસવાનું છે. તમે હાથી લાવીને સાંકળોથી ખેંચો તો ય એ માણસ ત્યાંથી ઊઠે નહીં. થોડીઘણી વાતો થાય એટલે મિટિંગનું સંચાલન મારા કાર્યકરોને સોંપી, હું દલિતો સાથે વાતે વળગું... અલ્યા, કોઈ બીડી-બાકસ તો કાઢો... તરત જ એ -બધાં મારા ભાઈબંધ થઈ જાય. કો'કનો સવાલ આવે, "તમારી મંડળી ભાવ તો આપહે, પણ ઓણસાલ મારી બે છોડિયુંના લગન લીધો છ, તે દોઢિયાં ઉધાર આલશો?"" આવા પ્રશ્નો આવે ત્યારે હું મૂંઝાઈ જાઉ છું. દલાલો પાંચ-પાંચ ટકાના વ્યાજે રૂપિયા આપીને આ ગરીબોના પ્રસંગો ઉકેલી આપે છે. જે હું નથી કરતો. જો કે ધીમે ધીમે અમે આ પ્રૉબ્લેમનું પણ સોલ્યુશન લાવ્યા છીએ.

હમણાં જ 'NABARD' તરફથી અનંતપૂરમાં દાળની મિલ નાખવા માટે ૯૦ લાખની લૉન મળી છે. ફૉર્ડ ફાઉન્ડેશન, સર દોરાબજી તાતા ટ્રસ્ટ તથા HIVOS (નેંધલૅન્ડની દાતા સંસ્થા) તરફથી નાણાંકીય મદદ મળે છે. હજુ તો બીજા ૫૦ કરોડની જરૂર છે. જે મેળવવા પ્રયત્નો ચાલુ છે. આ નાણાં મળી જાય પછી મારે નોકરી છોડીને ગ્રામ્ય ગરીબીનિવારણના પ્રૉજેક્ટ પાછળ જ આદુ ખાઈને પડવું છે .

સ્કોર્પિયો ગાડી ખરીદીને છત્તીસગઢથી શરૂ કરીને આખા ભારતમાં ફરવું છે. એમ.પી., ઝારખંડ, બિહાર, ઓ રિસ્સા તથા કર્ણાટક... બધી જ NGOનું એકત્રીકરણ કરવું છે. આમાંની ઘણી સંસ્થાઓ સાથે તો ADR ને કારણે સંપર્કમાં છું જ કેમકે અમારા માટે "ઈલેક્શન વૉચનુ કામ એ લોકો જ કરે છે. હવે હું આ કો-ઓપરેટિવ મોડેલની સમજ તેમને આપવા ઈચ્છું છુ.

એક અધુરું સ્વપ્ન છે ખરું... હિમાલયમાં મારું પોતાનું એક ઘર બાંધવાનું! એક એવું ઘર, જયાંથી નંદાદેવીનું હિમાચ્છાદિત શિખર દેખાય અને મારા ગમતાં વિષયો પર પુસ્તકો લખવાની મને પ્રેરણા મળે... મારા ગમતા વિષયો એટલે-રાજકારણ અને ગરીબી. હું તો મારા મનમાં આવે તે લખવાનો છું... કોઈની ય પરવા રાખ્યા વગર..."

સાહેબની ઑફિસમાંથી વિદાય લેતાં હું ય મનોમન વિચારું છું.... સાહેબે પોતાની જાતની ય પરવા કરી નથી... અન્ય માટે જ આયખું ખર્ચી રહ્યા છે.

યુવા સમાજોદ્યોગિકોને મારી શીખ

મારી સલાહ તો સાવ સિમ્પલ છે. સો વાતની એક વાત - થોથાં આઘાં મૂકો, કોઈની ય સલાહ ન માંગો, ઘરની બહાર નીકળો અને ફિલ્ડ વર્ક કરો... કામ કામને શીખવે.

પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કામ કરવું હોય તો ગામડાંઓમાં જઈને બાળકોને અને તેમનાં વાલીને મળો . ગ્રામ્યવિસ્તારની ગરીબી અંગે કાંઈક કરવા ચાહતા હો તો ગરીબોને મળો. સ્ત્રીસશક્તિકરણ તરફ ઝોક હોય તો સ્રીઓને મળો.

હું તો કર્મના સિદ્ધાંતમાં તથા પૂર્વજન્મમાં માનું છું. તમે એને જિનેટિક કહો કે કર્મબંધન! સંસ્કૃતમાં એને "ગર્ભસંસ્કાર' કહે છે. આપણું આખું જીવન આ '"સંસ્કારો'ને જ આધારિત છે. તેથી જ તમારૂં જીવન કે અન્યનું જીવન પૂર્વભવના કે જન્મજાત સંસ્કારને આધીન છે તેમ દૃઢપણે માનુ છું.

સો, ઈફ યુ ફીલ સ્ટ્રોંગલી અબાઉટ સમર્થિંગ - ગો ફોર ઈટ.



આપ ભલા તો જગ ભલા

શાહિંન મિસ્ત્રી
'આકાંક્ષા'

વિદ્યાર્થી કાળમાં જ શર્યાહને ઝૂંપડપટ્ટીમાં બાળ કોને ભણાવવાનું શરૂ કરી દીધું હતું. પંદર બાળકોથી શરૂ થબેલ એ પ્રવૃત્તિ આજે તો પાંગીસસો બાળકોની સંખ્યાએ પહોંચી છે. હાલમાં આકાક્ષાની છ શાળાઓ અને અઢ્ાવન સેન્ટર્સ છે. ભારતના જાગૃત યુવાનોને દેશ માટે કાઈક કરી છૂટવાની પ્રેરણા આપવાનું શહિને બીડું ઝડપ્યું છે.

૧૯૮૯થી શાહિન મિસરી મુંબઈની આંબેડકરનગર ઝૂપડપટ્ટીનાં બાળકોને એકડો ઘૂંટાવતી અને વાર્તાઓ કહેતી. એ અરસામાં જ હું ય રોજ એ જ રસ્તે કૉલેજ જતી અને મારી કૉલેજની બસમાંથી રોજ વધતી ઝૂંપડાંની સંખ્યા અને વસ્તી જોઈને નાકનું ટીચકું ચડાવતી. શાહિન એ જ ઝૂપડાંઓની અદંર જઈને બાળકોને વહાલ આપતી, પાંખમાં લેતી.

આજે મને ખ્યાલ આવે છે કે શાહિનનો જીવ કેટલો ઉદાર હતો અને મારું હૃદય કેટલું સાંકડું! મારા જેવા અસંખ્ય મધ્યમવર્ગીય ભારતીયો પણ પોતપોતાનામાં જ મગ્ન છે. આજુબાજુ નજર કરવાની ય આપણે તસ્દી લેતાં નથી.

શાહિનની વાત વાંચશો ત્યારે તમને જરૂર તમારાં બાળકોને ય વંચાવવાનું મન થશે, જેથી તેમને પણ ખ્યાલ આવે, કે સત્કાર્યો કરવાનું શરૂ કરવા માટે કોઈપણ ઉંમર નાની નથી. તેને માટે વગદાર કે પૈસાદાર હોવુ પણ જરૂરી નથી. પ્રત્યેક વ્યક્તિ પોતાનો આવડત-સમજણશ ક્તિ મુજબ કામ કરી શકે. શાહિન પાસે કરૂણાસભર હૃદય છે, તીવ્ર મનોબળ છે પરંતુ તે ખાસ્સી પ્રેક્ટિકલ પણ છે. સમાજસેવક હોવા છતાં એવી દેખાતી ન થી.

મુંબઈસ્થિત 'વૉલ્ટાસ' કંપનીની ઓફિસમાં એક ખૂણામાં 'આકાંક્ષા'ની ઓફિસ છે. એણે મને ભોંય પર આસન પાથરીને બેસાડી દીધી છે. “તમને વાંધો નથીને નીચે બેસવાનો? મને તો પલાંઠી મારીને બેસવું જ ગમે. કેટલું નેચરલ-કમ્ફર્ટેબલ લાગે નહીં?” - શાહિન મને પૂછે છે.

હું શું બોલું? લિવાઈસના ટાઈટ જીન્સમાં મને નીચે બેસવુ જરા અનકમ્ફર્ટેબલ તો લાગતું જ હતું, પણ શાહિનની સ્ટોરી મને વધારે વ્યથિત કરી ગઈ! હું મનોમન વિચારતી હતી... હું ભારતમાં જ જન્મી,

મોટી થઈ તો ય શાહિનને દેખાયું, તે મને કેમ ન દેખાયુ?

આપ ભલા તો જગ ભલા

શાહિન મિસ્ત્રી
'આકાંક્ષા'

શાહિન ખરા અર્થમાં "વર્લ્ડ સિટિઝન' છે. એનુ કોઈ ચોક્કસ સરનામું નથી. મુંબઈમાં જન્મ, પહેલી વર્ષગાંઠ લેબૅનોનમાં...

આગળની વાત હવે શાહિનના જ શબ્દોમાં સાંભળીએ:

"મારો જન્મ મુંબઈમાં થયો, પરંતુ પપ્પા સિટી બૅન્કમાં હોવાથી હું સાત-આઠ મહિનાની જ હતી ત્યારે તેમની બદલી લેબૅનોનમાં થઈ. અમે ત્રણ વર્ષ બેરૂતમાં રહ્યા. મારા નાના ભાઈનો તો જન્મ જ ત્યાં થયો. જયારે બેરૂતમાં યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે અમારું કુટુંબ રજાઓ ગાળવા ગ્રીસ ગયું હતું. અમે ગ્રીસથી પાછા ગયા જ નહીં. શાળાકીય શિક્ષણ ગ્રીસમાં થયું પછી પપ્પાની બદલી ઈન્ડોનેશિયાના જાકાર્તામાં થઈ. અહીંથી મેં ૮ મુ પાસ કર્યું. આટલાં વર્ષોમાં જ મેં અનેક શાળાઓ બદલી કાઢી હતી. લગભગ દસ!

શરૂઆત ફ્રેંચ સિસ્ટમમાં, પછી બ્રિટિશ, પછી અમે રિકન અને છેલ્લે ઈન્ટરનેશનલ! એવ્રીથિગ એક્સેપ્ટ ઈન્ડિયન સ્કૂલ સિસ્ટમ! આ જ અરસામાં અમારું કુટુંબ અમેરિકા સ્થાઈ થયું ને મેં કનેટિક્ટ રાજયની ગ્રિનવીચ એકેડેમીમાં પ્રવેશ લીધો. ત્યાંથી ટફ્સ યુનિવર્સિટીમાં (અમેરિકામાં). આ ગાળામાં અમે વારંવાર ભારત આવતાં રહેતા કેમકે મારા દાદા-દાદી તથા અન્ય કુટુંબીજનો અહીં જ હતાં. હું માત્ર બારેક વર્ષની હતી ત્યારથી જ મુંબઈની "હૅપી હૉમ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ'માં સેવાકાર્ય કરવાનું શરૂ કરી દીધું હતું.

મારાં મમ્મી મુંબઈ 'EAR' શાળામાં (જે મૂક-બધિરો માટે જાણીતી છે.) સ્થાપકોમાંના એક છે. એટલે નાનપણથી જ મને વારસામાં આ સંસ્કાર મળ્યાં છે. હુ અઢાર વર્ષની હતી ત્યારે એકવાર અમેરિકાથી વેકેશનમાં ભારત આવી હતી. એ વખતે જ મેં હંમેશ માટે ભારતમાં વસી જવાનું નક્કી કરી દીધું ."

"શું વાત કરો છો? એ વખતે તો સ્ટુડન્ટ વીઝા માટે અમેરિકન એમ્બસીની બહાર લાંબી લાઈનો લાગતી હતી. ને તમે ત્યાંની કૉલેજ છોડીને અહીં પાછા આવ્યા?" મેં પૂછયું .

બસ... એ જ તો મારી સ્ટોરી છે . મને બાળકો અને પ્રાણીઓ સાથે ખૂબ ગમતુ. ઘણીવાર વિચારતી કે બાળકો સાથે કામ કરું કે જીવદયા અંગે? વળી, હું દેશદેશના પાણી પીને કંટાળી હતી. મારાં મૂળિયાંની શોધમાં હું દિવસ-રાત ભટકતી હોઉં તેવું મને લાગતું હતું. અમેરિકાની જાહોજલાલી અને ભારતના ખૂણેખૂણે વ્યાપેલ કંગાલિયત વચ્ચેનો વિરોધાભાસ મારા રોમેરોમને ઢંઢોળતો હતો! હું અમેરિકાની જે હાઈસ્કૂલમાં ભણતી ત્યાં એવા પૈસાદાર વિદ્યાર્થીઓ આવતા કે જેમની વાતો સાંભળીને હસવું કે રડવું ખબર ન પડે! સોળમી વર્ષ ગાંઠે પપ્પા લૅક્સસ ગિફ્ટમાં આપશે, કૉર્વેટ કે પોર્શ?

ભારત પાછા આવવાનું નક્કી કર્યું ત્યારે ટફ્સ યુનિવર્સિટીમાં પાછા જવાનો વિકલ્પ પણ મેં ખુલ્લો જ રાખ્યો હતો . પપ્પાને તો મેં એટલું જ કહ્યું: હું એક વર્ષ જોઈશ. ગમશે તો ભારતમાં જ રોકાઈ જઈશ. નહીં ગમે તો અહીં પાછી આવતાં મને કોણ રોકવાનું છે? ભારતમાં ભણવું તો પડે જ. અહીં આવી ત્યારે કૉલેજ ખુલ્યાને ત્રણ મહિના થઈ ગયેલાં. હૂં તો સીધી જ સેંટ ઝેવિયર્સમાં જ ગઈ કેમકે માતા-પિતા પણ

ત્યાં જ ભણ્યા હતા. મને તો એમ કે મારાં વાલીઓ ખુશ થઈ જશે કે મને એમની જ કૉલેજમાં એડમિશન મળી ગયું. પણ અહીં તો પટાવાળાએ મને બહારથી જ રોકી. હું તો પાછલે બારણેથી ફાધર ઈમિલ ડિકૂઝની ઑફિસમાં ઘૂસી ગઈ.

મેં ફાધરને પેટછૂટી વાત કરીઃ "મારે આ દેશ માટે કાંઈક કરવું છે. શું કરવુ છે તેની મને ખબર નથી. પણ પહેલાં તમે મને અહીં એડમિશન આપીને એક વિઘ્ન દૂર કરો.

હું કેટલી નાસમજ અને ભોળી હતી! અમેરિકાથી આવી ત્યારે મતમાં
વિચારતી હતી કે હું એવા દેશમાંથી આવું છું કે જ્યાં કુબેરના ભંડારો
ભરેલા છે. ભારતતે હું ગરીબ, પછાત અને કંગાળ દેશ માનતી હતી.
ધીમે ધીમે મને સમજાયું કે હું તો સાવ મૂર્ખ હતી.

ફાધરે મૅનેજમેન્ટ ક્વૉટામાંથી એક સીટ મને ફાળવી. સાહસિક વ્યક્તિએ "ના' સાંભળવાની આદતથી દૂર જ રહેવું જોઈએ .

ભારતની પરિસ્થિતિને 'અંદર'થી સમજવા હું "ટાઈમ્સ ઓંફ ઈન્ડિયા'ની ઓફિસે પહોંચી ગઈ. તેમના રિપોર્ટરને મેં પૂછયું . "તમને વાંધો ન હોય તો હું તમારી સાથે ઈન્ટર્નશીપ કરું? સમાચારો મેળવવા તમારી જોડે રખડું?" એ બે મહિનામાં મેં ખરેખર "અંતરિયાળ ભારત' જોયું. મુબઈમાં જ વસેલું એક બીજું મુંબઈ નિહાળ્યું. કોર્ટો, જેલ, પોલીસ સ્ટેશનો, અનાથ આશ્રમો, વિકાસગૃહ, બાળ સુધાર કેન્દ્રો... એવામાં જ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં 'સોશિયલ સર્વિસ લીગ' SSL. માં પણ હું જોડાઈ. એક દિવસ એ ગ્રુપ આંબેડકરનગરની ઝૂંપડપટ્ટી (કફપરેડ) તરફ જતું હતું ત્યારે તેમની સાથે જોડાઈ ગઈ. ત્યાં હું સંધ્યા નામની મારી જ ઉંમરની છોકરીને મળી. એને ઈંગ્લિશ ન આવડે ને મને હિન્દી... છતાં ય હૃદયની ભાષા ઘણીવાર હોઠેથી બોલાતા શબ્દો કરતાં વધુ અસરકારક હોય છે તે ન્યાયે એનો પ્રેમ મને તેના ઘર તરફ ખેંચી ગયો. એ ઘર "મારું બીજું ઘર' બની ગયુ. કૉલેજથી છૂટું એટલે રોજ હું ત્યાં જ જતી રહું. થોડા દિવસ જ થયા હશે ને આસપાસનાં ઝૂંપડાંઓમાંથી છોકરાંઓ ડોકિયાં કરવા લાગ્યાં: "દીદી, દીદી, અમને ય તમારા જેવું ઇંગ્લીસ શીખવાડોને!" કો'કવાર બીમાર બાળકને તેડીને ગરીબ મા આવે.. બહેન, મારી જોડે ઈસ્પિતાલ ચાલોને... ગગો તો તાવથી ધખધખે છે . ડાગતર સાયેબ જોડે તમે અંગ્રેજીમાં વાત કરજો ને..."

આમ ને આમ હું નાનાં-મોટાં કામમાં ઊંડી ઊતરતી ગઈ. ધીમે ધીમે સંધ્યાના ઘરમાં જ મેં નાની સ્કૂલ ચાલુ કરી દીધી. ૧૯૮૯નો આ સમય હતો. હું તો ગ્રૅજ્યુએટ થવાની રાહ જ જોતી હતી. ક્યારે નવરી પડું ને ક્યારે આ બાળકો સાથે વધુ સમય ગાળું? ઉનાળાનું વૅકેશન પડ્યુ. મારા પિતાજીની બદલી હવે સાઉદી અરેબિયામાં થઈ હતી. ત્યાં જ મેં નિર્ણય લઈ લીધો. હવે હું યુ.એસ.એ. પાછી નહીં જાઉં. ઘણાંબધાં બાળકોના જીવન સાથે ખિલવાડ કરીને હું વિદેશી ડિગ્રી મેળવવા નહતી ઈચ્છતી. મુંબઈ આવીને મારી એક મિત્ર સાથે અમે એક સર્વે કર્યો. અમે ૪૦૦-૫૦૦ કુટુંબોમાં ફર્યા અને પૂછ્યુ કે અમે કયું કામ કરીએ તો તેમને ગમશે?

અમને મુખ્યત્ત્વે બે જવાબ મળ્યા. એ વર્ષોમાં મુંબઈમાં ઝૂંપડાંઓ પર બુલડોઝરો ફેરવી દેવાનું મોટાપાયે ચાલતું હતું. રાતોરાત 'બૃહદ મુબઈ નગરપાલિકા'નાં જેસૌબી મશીનો આવે અને ઝૂંપડપટ્ટીમાં ભાગાભાગ ને રાડારાડ થઈ જાય. આખો વિસ્તાર રણમેદાનમાં ફેરવાઈ જાય! લોકોએ અમને પહેલો વિકલ્પ આ પ્રવૃત્તિ રોકવાનો આપ્યો.

બીજો વિકલ્પ બાળકોને ઝૂંપડપટ્ટીમાંથી બહાર કાઢવાનો બતાવવામાં આવ્યો. અમે જે સ્કૂલ ચલાવતા ત્યાં રોજ બે-ત્રણ નવાં બાળકો આવી ચડતા. કો'કવાર ભણતાં બાળકને મા ખેંચીને વાસણ-લૂગડાં કરવા લઈ જાય. ઝૂંપડામાં રહેતા બાળકો મ્યુનિસિપાલિટીની શાળાઓના ઉંબરા ય નહોતાં ચડ્યાં! બાળક શાળા જુએ જ નહીં, તો તેને શાળાએ જવાનું મન કેમ થાય? મને એક વિચાર આવ્યો. મુંબઈની કેટલીય શાળાઓ સાંજે સાવ ખાલી જ પડી રહેતી. સાંજે- સાંજે આ બાળકોને નજીકની શાળામાં બોલાવીને ભણાવ્યાં હોય તો?

પણ ભણાવશે કોણ? ચૅરિટી બિગિન્સ ઍટ હૉમ, ખરું ને? મેં મારી કૉલેજના મિત્રો સામે ટહેલ નાખી. તમને જાણીને નવાઈ લાગશે કે લગભગ ૯૮%ની 'હા' આવી. ખરેખર તો બધાંને કાંઈક સત્કાર્ય કરવું જ હતું, પણ શરૂ ક્યાંથી કરવુ? ભારતના એટલા બધા પ્રાણપ્રશ્નો છે કે ભલભલા મૂંઝાઈને પાણીમાં બેસી જાય. ઘણાંને એમ થાય કે હું એકલો શું કરી શકવાનો? હું તો બધાંને એટલું જ પૂછતી કે પિક્ચરો જોવામાંથી, મિત્રોમાંથી અને ભણવામાં તમને અઠવાડિયે ૨-૩ કલાક ન મળે? કો'કના જીવનમાં એ સમયથી ઘણો ફેર પડશે. 'સાથી હાથ બઢાના' ગીતની માફક મદદ મળતી ગઈ. શિક્ષકો તો મળી ગયા પણ સ્કૂલોના ઓરડા મેળવતાં ઘણી તકલીફ પડી. હુ લગભગ વીસ શાળાઓમાં ફરી, ત્યારે એક જ હેડમાસ્ટર સંમત થયા. કેવા કેવા જવાબો મળતા જાણવું છે? એક શાળાના પ્રિન્સિપાલ કહે, “તમે તો માછીમારોનાં બાળકોને અહીં લાવશો , ખરું ને? એ લોકો તો બંગડીઓ પહેરે. અમારી પાટલીઓ પર આંકા પડી જાય!!!” બોલો, '“ના' કહેવાની ય કેવી કલાત્મક રીત! બીજા એક શિક્ષક કહે, “બહેન, તમારો આઈડિયા તો મસ્ત છે પણ અમારી શાળામાં “આવાં' બાળકો આવે તો રોગચાળો ફેલાઈ જાય...”

આવા બધા જવાબો સાંભળીને તો “કાંઈક' કરવાની મારી ઈચ્છા વધુ પ્રબળ થઈ. છેવટે એકવીસમી શાળા અમને ઓરડો આપવા તૈયાર થઈ. “હોલી નેઈમ હાઈસ્કૂલ'ના પ્રિન્સિપાલ ફાધર ડિસોઝા ખરેખર ખૂબ જ ભલા માણસ છે. આટલાં વર્ષો પછી એક વાત સમજાઈ ગઈ છે કે સારી સંસ્થાઓને ઈશ્વરકૃપાએ મદદ મળી જ રહે છે. મેં ફાધરને કહ્યું, “મારે બાથરૂમ નથી જોઈતું, સ્ટોર રૂમ નથી જોઈતો .. . બસ એક ઓરડો આપો . મટિરિયલ અમે લાવીશું. સાફસૂફી અમે કરીશું.” ફાધર કહે, “ક્યારથી શરૂ કરવું છે?” મેં કહ્યું “કાલથી.” મારે એમને વિચારવાનો સમય જ નહોતો આપવો . ક્યાંક એમનો વિચાર બદલાઈ જાય તો? બસ, આમ આકાંક્ષારૂપી વેલાનું બીજ રોપાયુ .

મેં થોડાં બાળકોને ભેગાં કર્યાં, ઝેવિયર્સમાંથી વૉલન્ટિયર્સ બોલાવ્યા અને ભણાવવાનું શરૂ કર્યું. જો કે સેવા આપવા આવેલાંને ખબર ન હતી કે એમને શું ભણાવવાનું છે! સારું જ થયુ... બધાં એ પોતપોતાની રીતે શ્રેઠ રીત શોધી કાઢી અને એમાં જ સુધારા-વધારા કરતા ગયાં. આ બાળકો કદીયે શાળાએ ગયાં ન હતાં એટલે એમને ભણાવવાની રીત અલગ હોય. અમે મિત્રો દર રવિવારે એકમેકને ઘેર ભેગાં થઈને ચર્ચા કરતા. મોટેભાગે બે જ વિષયો પર ઝોક રખાતો. ગણિત અને ભાષા. આજે તો એ વાતને વીસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. બાળકોને વિષયોમાં રસ લેતા કરવાની અમે અનેક નવી નવી તરકીબો શોધી કાઢી છે, પણ મૂળ વિચારો એ જ રહ્યાં છે. બાળકોને ભણતર ભારરૂપ ન લાગે તે સૌથી પહેલી શરત. અહીં આવવા તેઓ રાજી હોય અને મજા કરીને જાય તે બીજો ઉદ્દેશ અને અમે તેમના મિત્રો છીએ તે રીતે વર્તન કરવાનો ત્રીજો ઉદ્દેશ. બાળપણ માણવાનો પ્રત્યેક બાળકનો મૂળભૂત અધિકાર છે. એ માણવાની અમારે તો ફક્ત જગ્યા શોધી આપવાની હતી.

ધીમે ધીમે અમારાં જ બાળકો મોટાં થવાં લાગ્યાં એટલે એમના ઉચ્ચ શિક્ષણ તથા નૌકરીઓ વિષે પણ વિચારાયું. ૧૯૯૧માં “આકાંક્ષા'ની સ્થાપના થઈ. ૧૯૯૨માં હું ગ્રૅજ્યુએટ થઈ. તરત જ છું માંચેસ્ટર યુનિવર્સિટીમાં “માસ્ટર ઈન એજ્યુકેશન' કરવા ગઈ. “આકાંક્ષા' પાસે હવે સબળ, પ્રતિબદ્ધ ટીમ હતી

તેથી કામ અટક્યું નહીં. અમારા ગ્રુપમાં આરતી નામની છોકરી હતી. એ આજે ય બેંગ્લોરમાં આકાંક્ષાનું કામ સંભાળે છે. એણે બધો ભાર એ સમયે ઉપાડી લીધો. અમારા કેટલાય કાર્યકરો શરૂઆતનાં વર્ષોમાં ઘેર ઘેર જઈને બાળકોને બોલાવી લાવતાં, તેમને નવડાવતાં, માથાં ઓળી આપતાં તથા શાળાએ જવા માટે રાજી કરતાં. આરતી રોજ પત્રો લખીને મને જણાવતી કે આજે દસ બાળકોને ઘરમાંથી ખેંચીને લાવ્યાં... બે દિવસથી ફલાણો નિશાળે નથી આવ્યો... વગેરે.

૧૯૯૩માં હું ભારત પાછી આવી. મેં વિકાસશીલ દેશોમાં શૈક્ષણિક પ્રોજેક્ટ્સની પ્લાનિંગ ડિગ્રી લીધી હતી. મારો શોધ નિબંધ Role of Indian College Student in India's educational Development' એ વિષય પર હતો . આજે હું ‘Teach for India’ પ્રોજેક્ટ પર કામ કરું છું તે આ નિબંધ પર આધારિત છે . સૌથી મોટો પડકાર હવે ભારતના શિક્ષિત યુવાનોને શિક્ષણક્ષેત્રે કામ કરવા ખેંચી લાવવાનો છે.

મેં વર્ષો પહેલાં જે બાળકોને ભણાવ્યાં હતાં તેઓ આજે તો સેંટ

ઝેવિયર્સ કૉલેજમાં - જ્યાં હું અને મારા મિત્રો પણ ભણ્યાં છીએ -

ભણે છે. કેવી આનંદની વાત છે!

ચાર વર્ષ સેવાભાવી કાર્યકરોના બળે સંસ્થા ચલાવ્યા પછી અમને ખ્યાલ આવ્યો કે ફક્ત એમના પર આધાર રાખવાને બદલે કાયમી શિક્ષકો રાખવા પડશે. બાળકોને ઉંમર મુજબ અલગ પાડવામાં આવ્યાં. આકાંક્ષાને આજ સુધી બહારથી નાણાં ઊભા કરવાની જરૂર પડી ન હતી પરંતુ હવે એ જરૂર પણ પડી. અમારી પાસે એક બસ હતી. જે રોજ કફપરેડથી કોલાબા જતી. જેનો લગભગ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦/- ખર્ચ થતો. એ નાણાં તો મિત્રો અને શુભેચ્છકો દ્વારા મળી રહેતાં. ઘણાં કાર્યકરો સ્ટેશનરી, કપડાં, ફળો, નાસ્તો... વગેરે પણ વખતોવખત આપી જતાં.

નાણાં ઊભાં કરવા માટે અમે “સ્પોન્સર અ સેન્ટર' નામની સ્કીમ શરૂ કરી. પંદર બાળકોના એક સેન્ટરથી શરૂ કરીને ૧૯૯૮ સુધીમાં ૪૮૦ બાળકોને સમાવતાં આઠ સેન્ટરો ખૂલ્યાં હતાં. ૨૦૦૨માં અમે પૂનામાં પણ કેન્દ્ર ખોલ્યું. “સ્પોન્સર અ સેન્ટર' યોજનાને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. કેમકે માત્ર બે લાખ રૂપિયા જેટલી મદદમાં દાતાઓને એક આખું સેન્ટર એક વર્ષ માટે પોતાનું લાગતું . દાતાએ કેન્દ્ર સાથે મન અને હૃદયપૂર્વકનું જોડાણ અનુભવી શકતા.

“'આકાંક્ષા'ની સફળતાનું મુખ્ય કારણ કયું છે .?” - હું પૂછું છું.

“મને લાગે છે કે અમે એક સૂપ બનાવ્યો છે . જેમાં મુખ્ય તત્ત્વો બધે જ સરખાં છે - ગણિત અને અંગ્રેજી. પરંતુ સેન્ટરોની જરૂરિયાત મુજબ, બાળકોનાં રસ-રૂશિ મુજબ અન્ય મસાલા નાંખવામાં આવે છે. આ મસાલા એટલે બાળકોમાં આત્મવિશ્વાસ વધે અને જીવનમાં સાચાં મૂલ્યોની તેમને સમજ પડે તેવી પ્રવૃત્તિઓ . અને હા, બાળકને કેન્દ્રપર આવવાની મજા તો પડવી જ જોઈએ. એ પહેલી શરત! ફક્ત ભણાવી-ભણાવીને અમે બાળકોને પોપટ બનાવવાને બદલે ઈતર પ્રવૃત્તિઓ , પ્રવાસો તથા નોકરી મળે તેવા કાર્યક્રમો યોજીએ છીએ.

અમે શાળા નથી ચલાવતાં, છતાં ય બધાંએ દસમું ધોરણ તો પાસ કરવું જ પડે તે નક્કી. તેથી જ બાળકો જેમ મોટાં થાય, તેમ તેમને સારું એવું ગૃહકાર્ય આપવામાં આવે છે. લાંબો સમય એક જ જગ્યાએ બેસવાની આદત કેળવાય તેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

આજે ય મોટાભાગનાં કેન્દ્રો માટે જગ્યા મફતમાં મળે છે. અમુક કેન્દ્રો રૂ. ૧૦૦૦/- થી ૧૫૦૦૦/-ના

ભાડે લેવામાં આવ્યાં છે. “આકાંક્ષા'ની કરોડરજ્જુ સમાન અસંખ્ય સેવાભાવો કાર્યકરો [નિયમિત કામ કરવા આવે છે. પાંચેક વર્ષ પહેલાં એક બાબતે મારું ધ્યાન ખેંચ્યું. નવાં બાળકો તો ઘણાં આવતાં પરંતુ ઘણાં જૂનાં બાળકો અધવચ્ચેથી ભાગી જતાં. ઝૂંપડપટ્ટી પર બુલડોઝર ફરી વળે એટલે મા-બાપ સાથે બાળકો પણ પાછાં ગામડાંભેળાં થઈ જાય અને હા, તેમનાં વાલીઓને પડી જ ન હતી, કેમકે “આકાંક્ષા' સ્કૂલ નથી. ઈટ ઈઝ અ સપ્લિમેન્ટલ પ્રોગ્રામ.

જ્યારે મને આ જ્ઞાન થયું ત્યારે જ મેં નક્કી કર્યું કે આમેય અમારો ઉદ્દેશ તો બાળકોને ભણાવવાનો જ છે. તો શાળાકીય માળખાને અપનાવવામાં શો વાંધો છે? તેથી હવે અમે “040001 હ 5100" - દત્તકશાળા પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જો કે, આ બધું “રાતોરાત લંબી દાઢી'ની જેમ નથી થયું, તબક્કાવાર થયું છે. પહેલાં તો હુ શાળાકીય માળખાને સમજી, શિક્ષકોને તાલિમ આપી અને છેવટે અમે શાળાને અપનાવી . અત્યારે અમે જે માળખામાં કામ કરીએ છીએ તેને મુંબઈ અને પૂનામાં ભારે સફળતા મળી છે અને હા, અમે રૂપાળા ટાપુઓ જેવી શાળાઓ નથી ઈચ્છતા. સરકાર શિક્ષણ પાછળ જે નાણાં ખર્ચે છે, ગવર્નમેન્ટ ગ્રાન્ટના સ્વરૂપમાં જે તે શાળાને જે રૂપિયા આપે છે તે જ નાણાંનો શ્રેષ્ઠ ઉપયોગ કરતાં અમે શાળાને શીખવીએ છીએ . હાલમાં અમે છ શાળાઓને હસ્તગત કરી ચૂક્યા છીએ.”

“શાહિન, આજકાલ કરતાં તમને આ પ્રવૃત્તિમાં અઢાર વર્ષ થયાં, ખરું ને? “આકાંક્ષા'ને કારણે સામાજિક બદલાવ આવ્યો હોય તેવું તમને લાગે છે?”

“ગ્રેટ ક્વેશ્ચન! સાચુ કહુ, મા-બાપનો પ્રેમ માપવાનું કોઈ મીટર છે? આ કામ એવું જ છે. છતાં ય અમુક પરિબળોથી આવી માપણી વખતોવખત કરી એ મૂલ્યાંકનોનો ડેટા ભેગો કરીને તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે. વળી, અમારાં ૪૦ સેન્ટર્સમાં “મૉડલ ઑડિટ' થાય છે. દર મહિને “મૉડલ સેન્ટર મિટિંગ' થાય છે અને એ સેન્ટરની ટીમને વિવિધ પ્રશ્નો પૂછવામાં આવે છે. મુખ્યત્વે તમારા સેન્ટરને તમે ભવિષ્યમાં કેવું બનાવવા ઈચ્છો છો? તમારું સ્વપ્ન શું છે? ક્લાસમાં બાળકોને રસ પડે તેવી કઈ પ્રવૃત્તિઓ થાય છે, સેવાભાવી કાર્યકરોનો શ્રેષઠ ઉપયોગ થાય છે કે નહીં, બાળકોની ભૌતિક અને સંવેદનાત્મક જરૂરિયાતોને સમજવામાં આ કેન્દ્રના શિક્ષકો ખરેખર સફળ રહ્યાં છે ખરાં? હવે તો અમે 'E-I નામની કંપનીને (Education Initiatives) પણ આ કામમાં શામેલ કરી છે. આ કંપની અમારા વિદ્યાર્થીઓની 'ASSET' નામની પરીક્ષા લે છે. મુંબઈની ‘કેથિડ્રલ’ જેવી હાઈફાઈ શાળા સાથે જ અમારી શાળાઓની તમે સરખામણી કરી શકો છો.”

“શાહિન, તમારી શાળાનાં બાળકો એ બાળકોની સરખામણીમાં ઊભાં રહી શકે ખરાં?” - હુ પૂછું છું.

“આ જવાબ આપવો અઘરો છે કેમકે ASSET ની પરીક્ષાઓ ત્રીજા ધોરણ પછી જ લેવામાં આવે છે અને અમારા બાળકો તો બાળમંદિરથી જ અમારે ત્યાં હોય છે. ચાર વર્ષ પહેલાં અમે “થર્મેક્સ' કંપનીના સામાજિક કાર્યોનાં ભંડોળની મદદથી પૂનામાં ત્રીજા, ચોથા અને પાંચમા ધોરણના વિદ્યાર્થીઓની શાળા શરૂ કરી છે. શરૂઆતમાં આ બાળકો રાષ્ટ્રીય સ્તરથી ૫૦-૭૦% નીચે હતાં. હવે એમણે રાષ્ટ્રીય સ્તર મેળવી લીધું છે. વિકાસની હરળફાળ નહીં તો શું? હાલમાં કૅમ્બિજ યુનિવર્સિટીના એક સંશોધક અમારાં બાળકોને વિસ્તારનાં અન્ય બાળકો સાથે સરખાવતો એક “ઈમ્પેક્ટ એસેમેન્ટ સ્ટડી' કરી રહ્યાં છે. હજી તો ફક્ત ૧૫૦ બાળકોની જ માહિતી મેળવાઈ છે, પણ પરિણામો જોતાં જ “આકાંક્ષા'નાં બાળકોની સફળતાથી બધાં ચોંકી ઊઠયાં .

અમારાં બાળકોમાંથી ૮૭% બાળકો દસમું પાસ થયાં છે. ૫૮% બાળકો કૉલેજ ગયાં અને અમુક તો ગ્રેજ્યુએટ પણ થઈ ગયાં છે. ભણતાં-ભણતાં જ તેઓ નોકરી-ધંધે પણ લાગી ગયા છે તથા મહિને રૂ.

૧૫૦૦૦ થી ૨૦૦૦૦ જેટલું કમાઈ લે છે. તેમને કમાવું પડે તેમ જ છે. અંગ્રેજીના જ્ઞાનને કારણે તથા કૉન્ફિડન્સને કારણે તેમને નોકરી પણ સરળતાથી મળે છે. કોઈપણ શિક્ષકને માટે આથી મોટો એવૉર્ડ ક્યો હોઈ શકે?" - શાહિન સંતોષથી કહે છે.

"વાત તો સાચી છે, પણ તમને આ બધા વહીવટમાંથી બાળકોને ભણાવવાનો સમય મળે છે ખરો?"

"જવા દો ને વાત! આ વાતનું જ સૌથી મોટું દુઃખ છે. હું બે-ત્રણ દિવસ પહેલાં જ કોઈની જોડે આ જ દુઃખ રડતી હતી. ખરેખર, બધું છોડીને મારે ક્લાસમાં જઈને ફરીથી વાર્તાઓ કહેવી છે ને અંગ્રેજી ભણાવવું છે. મને ખબર છે એ હવે બનવાનું નથી, કેમ કે મારું સંપૂર્ણ ધ્યાન વિકાસ, વહીવટ અને મૅન્ટરિંગ પર કેન્દ્રિત થઈ ગયું છે. જો કે આજે ય સમય મળ્યે હું ક્લાસરૂમમાં પહોંચી જાઉ છું. એકાદ-બે પાઠ ભણાવી આવુ છું.

જે તે વિસ્તારમાં પહોચી જાઉં છું તથા બાળકોનાં વાલીઓને પણ વખતોવખત મળતી રહું છું. "આકાંક્ષા'માં ભણેલા અનેક વિદ્યાર્થીઓ હવે તો અમારી જ વિવિધ ઑફિસોમાં કામ પણ કરે છે. સંસ્થામાં "પર્સનલ ટચ' હોવો અનિવાર્ય છે. હાલમાં અમે ૭૦૦ વ્યક્તિ છીએ (૩૫૦ સેવાભાવી કાર્યકરો તથા ૩૫૦ કર્મચારીઓ) અમારાં ૯૦ સેન્ટર્સમાં ૧૨૦ શિક્ષકોનો સ્ટાફ છે. આ ઉપરાંત સેન્ટર સુપરવાઈઝર્સ, સમાજસેવકો તથા બાળકોની માતાઓ જે અમને નિયમિતપણે મદદ કરે છે.

અમારી મૅનેજર્સની એક ખૂબ નાની ટીમ પણ છે. મુંબઈની બધી શાખાઓના વડા, પૂના કેન્દ્રના વડા અને 'આકાંક્ષા'ના CEO. હું CEO નથી."

"કેમ્?"- મને આશ્ચર્ય થાય છે!

"ટીચ ફૉર ઈન્ડિયા (www.teachforindia.org)-જે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના "ટીચ-ઈન્ડિયા' કરતાં જરા જુદો કાર્યક્રમ છે, તેને ભારતમાં લાવવા માટે મેં "આકાંક્ષા માંથી મુક્તિ લીધી . યુ.એસ.એ.માં મોટાં શહેરોમાં ભણીને ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ બે વર્ષ માટે અંતરિયાળ વિસ્તારોની શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપે છે. કેવો ઉમદા વિચાર! યુવાનો અન્યની લાગણી

સમજી શકે, સમાજને ઉપયોગી થઈ શકે તથા બે વર્ષમાં તેમનામાં પણ નેતૃત્વ અને આત્મવિશ્વાસના ગુણોનો સંચાર થાય. બે વર્ષ પછી તેઓ જે કોઈ ક્ષેત્ર પસંદ કરે તેમાં આ ગુણો કામ લાગે છે.

'આકાંક્ષા'ના વર્ષોના અનુભવે મને ભારતીય સમાજ, શિક્ષણના સ્તર અને તેમાં શિક્ષકોના મહત્ત્વ વિષે વિચારતી કરી મૂકી હતી. શિક્ષણ એક અત્યંત મૂંઝવી નાંખે તેવો કોયડો છે. આ કોયડાને કાંઈ જાદુઈ લાકડી ફેરવીને સુલઝાવી શકાય તેમ નથી. બાળકને સમય, શક્તિ, પ્રેમ અને કાળજી માત્ર અને માત્ર એક લાગણીશીલ શિક્ષક જ આપવા સમર્થ હોઈ શકે. બાળક એક એવું વતુંળ છે કે જેના કેન્દ્રમાં શિક્ષક છે, એક સારો શિક્ષક! આ ગાળામાં નસીબજોગે 'Teach For America' ના અમુક વિદ્યાર્થીઓ અમારી સંસ્થાની મુલાકાતે આવ્યા. હું તો એ યુવાનોને મળીને આભી જ બની ગઈ! આ વિદ્યાર્થીઓ મેડિકલ, એ-ન્જિનિયરિંગ જેવી કોઈપણ લાઈન પકડી શક્યા હોત, પરંતુ તેમણે શિક્ષક બનવાનો નિર્ધાર કર્યો હતો . એમણે પોતપોતાના અનુભવોની અમારી ટીમ સાથે ચર્ચા કરી ત્યારે મેં 'Teach For America' મોડલને સમજવા માટે અમેરિકાની મુલાકાત લેવાનું નક્કી ક્યું. આ વિચારના પ્રણેતા વેન્ડી ક્રૉપને મળીને મેં પૂછ્યું, "ભારતમાં આ મૉડલ લાગુ પાડી શકાય ખરું? એટલે એમણે મને હિંમત આપી અને એ જ મૉડલ પરથી 'Teach For India' ની જાન્યુઆરી ૨૦૦૯માં ભારતમાં શરૂઆત કરવામાં આવી.

મૂળ વિચાર એ જ છે - લોકો દ્વારા, શિક્ષણ દ્વારા અને યુવાનોથી લઈ શકાય તેવો આ પડકાર છે. આ દેશના યુવાધનમાં કરાતું એક પ્રકારનુ રોકાણ છે જે પાકતી મુદતે દેશને માલામાલ કરી દેવાનું છે. આ પડકાર ઝીલવા તત્પર યુવાનો શિક્ષકમાત્ર નથી. તેઓ ભારતની ભાવિ પેઢીના નેતા છે. તદ્દન સામાન્ય કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ આ દેશમાં શિક્ષકો બનીને ભાવિ પેઢીનું ભવિષ્ય રોળી રહ્યાં છે. 'ટીચ ફૉર ઈન્ડિયા'માં ફક્ત તેજસ્વી વિદ્યાર્થીઓને જ સ્થાન આપવાનું નક્કી થયું. આ વિદ્યાર્થીઓ બે વર્ષ ગામડાંઓ કે ઝૂંપડપટ્ટીઓની શાળાઓમાં ભણાવે પછી તેમને ધંધો, નોકરી, સરકારી નોકરી કે જે કરવુ હોય તે કરી શકવાની છૂટ છે.

જાન્યુઆરી ૨૦૦૯માં "ટીચ ફૉર ઈસ્ડિયા' માટે અરજીઓ મંગાવવામાં આવી. તમે માનશો? ૨૦૦૦ હોનહાર વ્યક્તિઓ એ પોતાના બાયોડેટા અમને મોકલી આપ્યાં. આખા દેશમાંથી તાજા સ્નાતકો , સૉફ્વૅર એન્જિનિયરો , કરોડોમાં આળો ટતા ઈન્વેસ્ટમેન્ટ બેન્કરો... ભલભલા ધૂરંધરોએ અરજીઓ મોકલી હતી. શિક્ષણ દ્વારા સમાજનું તણ ફેડવાના શુભઆશયથી તેઓ આ પ્રોગ્રામ તરફ આકર્ષાયા હતા. અમે ૨૦૦૦ માંથી ૮૭ વ્યક્તિઓની પસંદગી કરી. તેમને Teach For India Fellows તરીકેનું માન મળ્યુ છે. ૨૦૧૦માં અમને ૯૦૦૦ અરજી મળી છે અને તેમાંથી ૧૫૦ ફેલોઝ પસંદ થયાં છે.

આ શિક્ષકો ગરીબ વિસ્તારમાં ચાલતી ખાનગી નિશાળોમાં શિક્ષણકાર્ય કરશે. શરૂઆત મુંબઈ અને પૂનાથી થઈ છે.પાંચ જ વર્ષમાં આ કાર્યક્રમ આખા દેશમાં વ્યાપી જાય તેવી અમારી યોજના છે. કોઈપણ ઉદ્યોગ સહાયકને વિકાસની મજલમાં નડતો મુદ્દો છે- નાણાં. અમારે ય ઘણુંબધું કરવું છે પણ પછેડી હંમેશાં ટૂંકી પડે છે! તેથી જ હવે હું આ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવાની છું. અત્યાર સુધી તો મિત્રો-કાર્યકર્તાઓની મદદથી ગાડું ગબડતું હતું . બાળકોનો વિકાસ જોઈને દાતાઓ ફરીથી પણ દાન આપતાં. તે ઉપરાંત અમારા વૉલિન્ટિયર્સને કારણે પણ "આકાંક્ષા'ની એક આગવી ઓળખ ઊભી થઈ છે. મારા પપ્પા સિટીબેંકમાં હોવાથી તેમની ઓળખાણોનો ખૂબ લાભ મળ્યો છે. હું ભલભલા ભારે ભારખમ દરવાજા ય ખખડાવી આવી છું અને તગડા પાકીટો ય મેં ખોલાવડાવ્યાં છે. "આકાંક્ષા' એક રજિસ્ટર્ડ ટ્રસ્ટ છે તથા કાયમી દાતાઓ ની મદદ મળે છે. મારા પપ્પા જેવા ઘણાં બેસ્કિગક્ષેત્રના એ ક્ઝિક્યુટિવ્સ તો મને જોઈને જ મદદ કરે છે. મનોમન વિચારતા હશે... અમે બધાં તો રાત-દિવસ રૂપિયાનાં ઝાડ ખંખેરવામાં રચ્યાંપચ્યાં રહીએ છીએ . આ દીકરી કાંઈક સારું કામ કરે છે. તો એને નાણાંની તો મદદ કરીએ! એ બધાંએ મને નાનપણથી જોઈ છે."

ભારતની યુવાશક્તિને તમે બે વિભાગમાં વહેંચી શકો. એક તો એવાં યુવાનો, કે જે હાથમાં રિમોટ અને ખોળામાં લેપટોપ રાખીને ટાઈમ બગાડ્યા કરે છે અને બીજા એવા છે કે જે દેશને કાજે કંઈક કરી છૂટવા માગે છે. "ટીચ ફૉર ઈન્ડિયા' એવા બીજા પ્રકારના યુવાનો માટેનો પડકાર છે.

શાહિન સાથે વાત કરતા હો, તો તમે પણ લાગણીઓનાં ઘોડાપૂરમાં તણાયા વગર ન રહી શકો. તે પોતાના વિચારો અત્યંત સહજતા અને પારદર્શકતાથી મુદ્દાસર રજૂ કરી શકે છે.

"હું ઘણા બધા દેશોનાં પાણી પીને મોટી થઈ છું. ભાતભાતના લોકો સાથે ભળી છું. તેથી જ લોકોને પારખવાની તથા તેમની ભાષામાં વાત કરવાની મને ફાવટ આવી ગઈ છે.આ દેશમાં ઘણા લોકો સારું કામ કરૈ છે, પરંતુ પોતાના કામને શબ્દદેહ આપવાની કળા બધાં પાસે નથી હોતી. "ટીચ ફોર ઈન્ડિયા'

માટેનાં નાણાં આપવાની શરૂઆત આકાંક્ષાના બોર્ડે કરી. ત્યાર બાદ વિવિધ ટ્રસ્ટો તરફથી નાણાં મળ્યાં અને હવે અમે એન્જલ ઈન્વેસ્ટર પણ શોધી રહ્યાં છીએ. એવા રોકાણકારો, જે આ પ્રોજેક્ટનું હાદ સમજી શકે!

'ટીચ ફૉર ઈન્ડિયા'માં જે વ્યક્તિઓ કે સંસ્થાઓ દાન આપે છે તે સારી પેઠે સમજે છે કે તેઓ નિશાળોમાં શિક્ષકો તૈયાર કરવા માટે આ દાન નથી આપતા. આ દાન નવી પેઢીમાં નેતૃત્વના ગુણો ખીલવવા માટે વપરાવવાનું છે. ભારત દેશને ધીટ, ખંધા રાજકારણીઓથી બચાવવામાં વપરાવવાનુ છે. આ દેશમાં આજે નેતાગોરીનો એવો કારમો દુકાળ પડ્યો છે કે દેશ એક "બોડી બામણીનુ ખેતર" બની ગયો છે . ભારત એટલે ગરીબ કી જોરૂ-સબકી ભાભી!

'સ્પોન્સર અ સેન્ટર'ની જેમ હવે "સ્પૉન્સર અ ફેલો' નામની યોજના અમે શરૂ કરી છે. એક દાતા બે વર્ષ માટે છ લાખ રૂપિયાનું દાન કરીને જે તે ફેલોના બે વર્ષના સંપૂર્ણ ખર્ચને પોતાના ખભે લઈ શકે. જેમાં પસંદગી પાર્મેલ શિક્ષકન્ સ્ટાઈપેન્ડ (માસિક રૂ.૨૦,૦૦૦/) તથા તેની તાલિમનો ખર્ચ, રહેવા-ખાવા-પીવાનું બધુ જ આવી જાય.

તમે કહેવાના જ કે આટલા ખર્ચામાં તો બે-ત્રણ શિક્ષકો મળી જાય, પરંતુ આ શિક્ષકો નથી. ભાવિ નેતાઓ છે. આ ખર્ચ નથી, રોકાણ છે. ભારતની ભાવિ પેઢીમાં, ભારતના ભવિષ્યમાં... આપણા સહુના સ્વપ્નના ભારતમાં! ખરું ને?"... શાહિન કહે છે.

"વાહ! કયા બાત કહી!"- મારાથી બોલાઈ જાય છે.

"અત્યારે અમે જે ઝડપે આગળ વધી રહ્યા છીએ અને જે પ્રોગ્રામો યોજીએ છીએ તેની મને જ ક્યારેક બીક લાગે છે. આવા હોનહાર, ચૂનંદા યુવાનોનો આ પ્રોગ્રામમાં રસ જળવાઈ રહે તે માટે અમારે સતત ખડેપગે રહેવુ પડે છે . અઢાર વર્ષની હતી ત્યારે હું કોઈનાથી ગભરાતી ન હતી પણ હવે મને મારી જ સફળતા ટકાવી રાખવાની ચિંતા કોરી ખાય છે. સમાજમાં આ સંસ્થાની જે છાપ છે તેના પર ડાઘ ન પડે તેનું ધ્યાન રાખવું પડે છે.

આમ તો આકાંક્ષા ફક્ત ૩૫૦૦ બાળકોને શિક્ષણ આપે છે પરંતુ અમારી એક "બ્રાન્ડ ઈમેજ' ઊભી થઈ ગઈ છે . દર વર્ષે અમે કલાના નમૂનાઓની હરાજી કરીએ છીએ. અમારાં અમુક બાળકો દ્વારા બનાવાયેલ પેઈન્ટિગ્ઝ, અન્ય ચીજવસ્તુઓ તથા સુંદર કાર્ડ્ઝ. "એન્યુઅલ આકાંક્ષા મ્યુઝિકલ' વિષે તો તમે જાણતા જ હશો . કદાચ લોકોએ સ્વપ્નામાં ય નહીં વિચાર્યું હોય કે બાળકો દ્વારા આવો સુપર્બ સંગીતનો કાર્યક્રમ થઈ શકે! દાતાઓએ તો લેવા ખાતર ટિકિટો લીધી હતી, પણ પ્રોગ્રામ જોઈને બધાં છકડ ખાઈ ગયા. હવે તો ટિકિટો માટે લાઈનો લાગે છે. અરે ઘણાં તો અમને કહી જાય છે, "આ છોકરાંઓને પ્લેનમાં બેસાડીને દેશ-વિદેશમાં તેમના કાર્યક્રમો કરો."

મને ખૂબ સેવાભાવી કાર્મચારીઓ પણ મળ્યા છે. બધાં અત્યંત ઉત્સાહી છે. કર્મચારીઓની પસંદગીવેળાએ હું તો એક જ ગુણ ધ્યાનમાં લઉં છું... સંસ્થાનાં મૂલ્યોની તેને સમજ છે ખરી? બસ, પછી તો પ્રત્યેક વ્યક્તિને ગમતું કામ સોંપીને એને એ કામની સંપૂર્ણ જવાબદારી સોપી દઉં. પાંચેક વર્ષની વયનાં ઝૂંપડપટ્ટીનાં બાળકો ને ભણાવતા શિક્ષકો સાંજ પડયે ઘણીવાર થાકીને, નાસીપાસ થઈને મારી પાસે આવે ત્યારે હું અમારી જ ઓફિસમાં કામ કરતા એકાદ કર્મચારીનો ખભો થાબડીને એ શિક્ષકને બતાવું કે આ તો સૌથી તોફાની હતો. હવે જો. આકાંક્ષાને કારણે જેના જીવનમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું હોય તેવા અનેક યુવાનો હવે અમારા શિક્ષકો માટે પ્રેરણાસ્રોત છે.

આજે ય અમારા શિક્ષકોને અમે સારામાં સારા પગાર નથી આપી શકતા. તગડી ફી લેતી શાળાઓને જે શિક્ષકો પોસાય તે દાતાઓ પર નભતી સંસ્થાઓને ક્યાંથી પોસાય? શરૂઆતમાં તો અમે મફતમાં જ કામ કરાવતા. હવે સારા પગારો આપીએ છીએ.

હું પણ પગાર જ લઉં છું. શરૂઆતમાં "સાવ ઓછો' લેતી. હવે "જરૂરિયાત કરતાં વધારે' મળી રહે છે."

"શાહિન, તમારા અંગત જીવન પર આકાંક્ષાની અસરની તો વાત કરો. હોપ, યુ ડોન્ડ માઈન્ડ..." હું પૂછું છું .

"હું પ્રૉફેશનલ લાઈફ અને પર્સનલ લાઈફ વચ્ચે સમતુલા સાધી શકી નથી. મારે બે દોકરીઓ છે. પાંચ વર્ષની સાના અને દસ વર્ષની સમારા."

"અરે, તમને "આ બધાનો' ટાઈમ ક્યારે મળ્યો?" હું હસી પડું છું . શાહિન પણ હસે છે. "મને ખ્યાલ આવે છે કે તમે શું પૂછવા માગો છો. ડિલિવરીનું દર્દ ઊપડયું ત્યારે તો હું મિટિંગમાં હતી. મિટિંગમાંથી સીધી જ હૉસ્પિટલમાં ગઈ. એક જ અઠવાડિયું આરામ કર્યો અને પાછું કામ ચાલુ!"

"શાહિન, તમને ક્યારેય ગિલ્ટીફિલિંગ થાય છે? દીકરીઓને વધુ સમય આપી નથી શકતા તેનું દુઃખ ખરું?"

"હું "પરફેક્ટ મધર' બનવા ય નથી માંગતી. મારા જીવનમાં મારાથી થાય એટલું કામ મેં ર્ક્યું છે. બંને દીકરીઓ પણ ઘણી સમજુ છે. તેમની પ્રત્યેક વર્ષગાંઠે હુ તેમની બાજુમાં બેસીને કેક નથી કાપતી. પાર્ટી નથી યોજતી. એમને એનું મહત્ત્વ ય નથી. મારી દીકરીઓ જયારે મોટી થાય ત્યારે મારે વિષે એટલું વિચારશે કે અમારી મોંમે અન્ય માટે જાત ઘસી કાઢી તો ય મારે માટે બસ છે. બંને પોતપોતાની રીતે મુક્ત છે. ક્રિયેટિવ છે તથા કરુણાસભર છે.

સવારે બંનેને જાતે જ તૈયાર કરું છું. સાંજે સાડા સાતે આવી જાઉં છું અને રાત્રે અમે ક્યાંય જતા નથી. બપોરે ય થોડો ઘણો સમય કાઢીને ઘેર આવી જાઉ છું. વિચિત્ર પ્રકારનું સમતુલન સધાઈ ગયું છે. મારાં મમ્મી-પપ્પા પણ હવે ભારત આવી ગયાં છે . તેથી સોમથી શુક તો બાળકો શાળાએથી સીધાં ત્યાં જ જાય છે. પછી તેમના વિવિધ ક્લાસિઝ હોય. સાડા સાતે તો હું ય ઘેર પહોંચી જાઉ.

બંનેને સાચવવા માટે એક બાઈ રાખેલી છે. વર્ષોથી એ બાઈએ બંને દીકરીઓને ભરપૂર પ્રેમ આપ્યો છે. હુ બહારગામ જાઉ ત્યારે ય મને છોકરીઓની ચિંતા નથી રહેતી, કેમ કે મારાથી વધુ પ્રેમ આપી શકે તેવાં દસ જણ તેમને વીંટળાયેલાં જ હોય છે. મિત્રો, પિત્રાઈ ભાઈ-બહેનો, નાના-નાની...

જો હું પુરુષ હોત તો મારે આટલી બધી માહિતી કે કેફિયત આપવી જ ન પડત. પુરુષ તો બહાર જાય જ ને? બહારનું કામ કરે જ ને? મારાં મમ્મીને પણ ઘણીવાર મારો વાંક દેખાય છે , પણ મેં મારાથી બનતું ક્યું છે.

મારી પ્રથમ પુત્રીના જન્મ પહેલાં જ ફક્ત ચાર જ વર્ષના લગ્ન જીવન બાદ મારા છૂટાછેડા થઈ ગયા હતા. મારી મોટી દીકરી તો હજી ગર્ભમાં માત્ર છ મહિનાની હતી. મારા ભૂતપૂર્વ પતિ સાથે મારે ઉપરછલ્લા સંબંધ તો આજે ય છે... કેમકે અમારા જીવનમાં સમારા છે. બાળકો માટે નાટક કરવું પડે છે." શાહિન તો બેધડક કહી દે છેઃ

મારે હજી ઘણું બધું પૂછવું છે. તો આ બીજી નાની દીકરી. ..? પણ હુ ચૂપ જ રહું છું. કેમકે શાહિન તો મુક્ત પંખી છે . ઊડતા પંખીને રોકીને તમે પૂછી શકો ખરાં કે તારો માળો ક્યાં છે? તું ક્યાંથી આવ્યું ને

ક્યાં જાય છે?" શાહિનને મળીને હું કલાકમાં એટલું તો સમજી જ ગઈ કે આ વ્યક્તિ સમાજન ઢાંચામાં ઢળે તેવી તેવી નથી. એ ટિપિકલ નથી. NGO માટે ઘણી 'ફૅશનેબલ' પણ ગણાય. હું એમને પૂછી જ લઉં છું: "શાહિન, આ કપડાંમાં તમે સમાજસેવક જેવાં તો બિલકુલ જ નથી લાગતાં. મેં તો કુર્તો, પાયજામો , ખાદીની સાડી અને ખરબચડા થેલાવાળી વ્યક્તિઓ જ આ ક્ષેત્રમાં જોઈ છે."

"અરે, શરૂ શરૂમાં મેં ય એ નાટક કરેલું. હું ખાદીની સાડીઓ પહેરીને કૉલેજ જતી. એમાં એકવાર એક છોકરી આવીને મને પૂછે , "મેડમ એફ.વાય.બી.એ.નો ક્લાસરૂમ ક્યાં છે?" એ મને પ્રોફેસર સમજી બેઠી! હવે તો મને જે કપડાં કમ્ફર્ટેબલ લાગે તે જ પહેરું છું. આ જીન્સ ને બાંય વગરનું હૉલ્ટર ટૉપ પહેરીને હું ૨૯/૧૧ વિષેના પેનલ ડિસ્કશનમાં ય ગઈ હતી. મને ખોટા દેખાડા નથી ફાવતા. તમે જે ન હો તે બનીને નાટક કરવાની શી જરૂર?"

છતાં ય આપણામાંના મોટાભાગના આખી જિંદગી એમ જ જીવીએ છીએ ને? પ્રવાસીઓ તરીકે, પ્રેક્ષકો તરીકે... જીવનરૂપી સ્ટેજ પર ઊંઘમાં ચાલતા હોઈએ તેમ આપણે સ્લીપ વૉકિંગ કર્યે જ રાખીએ છીએ.

શાહિને તો આ નાટક માટે ખુદની વાર્તા લખી, જાતે જ દિગ્દર્શન અને ઍક્ટિંગ કર્યા તેથી જ એનું જીવન આપણા સર્વે માટે પ્રેરણારૂપ છે.

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

તમે ખરેખર કાંઈક કરવા ધાર્યું હશે તો એ થશે જ. આ વાક્ય ઘસાયેલ-પિટાયેલ લાગશે, પણ ખરેખર, વિશ્વાસ રાખજો .

આપણે જ્યારે આપણી જાતને બહુ પ્રશ્નો પૂછીએ - આ મારાથી થશે? મને ફાવશે? માંદો તો નહીં પડને? ત્યારે આપણે જ આત્મવિશ્વાસ ગુમાવી દઈએ છીએ .

સારા શિક્ષકો તમને યાદ છે? તેમણે તમને હંમેશ પાનો ચડાવ્યો હશે... "મને તારામાં વિશ્વાસ છે, દીકરા. દુનિયા ગમે તે કહે, તુ તો આ દાખલો કરી જ શકીશ..." એ વિશ્વાસ જ બાળકને અનેક શિખરો સર કરાવી દે છે.

જીવન શું છે? શ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે ભરેલાં થોડાં પગલાં માત્ર! બસ એ જ શ્રદ્ધા જાળવી રાખજો. તમને દરેક ક્ષેત્રે કામ લાગશે. ધંધો કરો કે નોકરી.

ઘણાં વિદ્યાર્થીઓને મેં બોલતાં સાંભળ્યાં છે... "આપણે તો એવાં નાનાં-નાનાં કામમાં હાથ જ નથી નાખવો..." પણ ભાઈ, મોટાં- મોટાં કામની શરૂઆત તો નાના કામથી જ થાય ને?

શરૂઆતમા હું બે હાથમાં ચોપડીઓ ની થેલીઓ લઈને ઝૂંપડપટ્ટીઓમાં જતી. કોઈને હુ ભણાવું છું, શુ કરું છું તે જોવાની ય ફૂરસદ ન હતી... કોઈ મારો ઈન્ટરવ્યૂ નહોતું લેતુ... પણ એ વખતે મને સૌથી વધારે શીખવા મળતું ... આવા તકલીફના સમયમાં જ માણસનો ખરી પરીક્ષા થાય છે.



સાચા સ્વાતંત્ર્યની ખોજમાં...

અરવિંદ કેજરીવાલ
'પરિવર્તન'

'RTI' વિષે જ્યારે પેપરમાં વાંચીએ ત્યારે એ ચળવળ પાછળ કોનું ફળદ્રુપ ભેજું કામ કરતું હશે તે જાણવાની આપણને સહુને સહજ જિજ્ઞાસા થાય છે. આ અરવિંદ કેજરીવાલની કમાલ છે. 'પરિવર્તન' નામની ચળવળ દ્વારા તેમણે સૌ પહેલાં તો પોતાના જ ડિપાર્ટમેન્ટ સામે યુદ્ધ છેડ્યૂ. ઈન્ડિયન રેવન્યુ સ્વિસ સામે! આગળની રસપ્રદ વાત હવે વાંચો...

જે માણસે વર્ષોનાં વર્ષો સુધી સ્થાપિત હિતો , ભ્રષ્ટાચાર અને સરકારી અનીતિઓ રૂપી દીવાલો સામે માથું અફળાવે રાખ્યું હોય તેવું કપાળ આટલું સપાટ અને કરચલીઓ વગરનુ શી રીતે હોઈ શકે? અરવિંદ કેજરીવાલને જોઈને મને પહેલો સવાલ એ થાય છે!

આપણે તો કરપ્શન, નેતાગીરી અને દેશની પરિસ્થિતિ વિષે કોફી પીતાં પીતાં ચર્ચાઓ કરીએ તો ય આપણું પ્રેશર વધી જાય છે . દેશના ભાવિ વિષે વિચારીએ તો ડિપ્રેશન આવી જાય છે!

પરંતુ આ માણસ જુદી માટીમાંથી ઘડાયેલો છે. આ દેશના નઘરોળ તંત્ર સામે એણે છેલ્લાં દસ વર્ષથી માથું ઊંચક્યુ છે . ક્યાંક થોડોઘણો ફરક પડયો તો છે જ. પણ હજી લાંબી મજલ કાપવાની બાકી છે. જો કે, એને કોઈ ફરિયાદ નથી. આનંદી કાગડાની માફક જીવે છે.*

“જુઓ બહેન, ભ્રષ્ટાચાર એ આ દેશનો મુખ્ય પ્રશ્ન નથી. એ તો રોગચાળાનું માત્ર એક ચિહ્ન છે. આપણે તો આ દેશને સારા અર્થમાં લોકશાહી પાછી આપવાની છે. અરવિંદે ઠેરઠેર પોતાની સંસ્થા 'પરિવર્તન' દ્વારા લોકશાહીના ખીલા ઠોકવાની શરૂઆત કરી છે. આઝાદી પછીની નવી સ્વરાજ્યની ચળવળ શરૂ કરી છે. આ ખીલા એવા કઠણ પથ્થરોમાં ઠોકવાના છે કે અરવિંદને તમારા-મારા જેવા અનેક વ્યક્તિઓનાં બળની જરૂર છે. પ્રભુ કરે ને આ દેશ જાગૃતિરૂપી સ્વાતંત્ર્ય પામે!*

* અનુવાદકની નોંધ : આ પ્રકરણ અંગ્રેજીમાં લખાયા પછી અને ગુજરાતીમાં અનુવાદિત થતાં પહેલાં શ્રી અન્ના હજારે સામે જનલોકપાલ બિલ અંગેની જાગૃતિની ચળવળમાં શ્રી અરવિંદ કેજરીવાલ જોડાયા. વાચકોમથી ઘણાબધાંએ તેમના વિષે વાંચ્યું જ હશે.

સાચા સ્વાતંત્ર્યની ખોજમાં...

અરવિંદ કેજરીવાલ
'પરિવર્તન'

"મારો જન્મ હરિયાણાના હિસ્સાર જિલ્લાના સિવાની નામના ગામમાં થયો. મારા પિતાજી ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતા. શરૂઆતમાં એમણે ઘણી નોકરીઓ બદલી પરંતુ હું આઠમા ધોરણમાં આવ્યો પછી તેમણે જિંદાલ સ્ટ્રીપ્સ લિ.માં નોકરી લીધી, તેથી હું હિસ્સારમાં જ ભણ્યો. ભણવામાં હું પહેલો નંબર જ રાખતો પણ સ્પોર્ટ્સમાં આપણે ઝીરો! ડૉક્ટર બનવું એવું નક્કી જ કરી લીધેલું . મનમાં એવું ખરું, કે સમાજની સેવા કરવી હોય તો ડૉક્ટર તો બનવું જ પડે. દસમા ધોરણ સુધી તો "ડૉક્ટર'નું જ ભૂત વળગેલું પણ એવામાં એક મિત્રે મને સમજાવ્યું કે તારે જે બનવું હોય તે બન, પણ ભારતની શ્રેઠ કૉલેજમાં જવાનો જ આગ્રહ રાખજે. મેડિકલ માટે દિલ્હીની 'AIIMS' શ્રેષ્ઠ કૉલેજ ગણાય છે. ત્યાં જૂજ સીટ્સ હોય છે તેથી મેં IIT (ખડગપુર)માં પ્રવેશ મેળવ્યો. ૧૯૮૯માં મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રૅજયુએશન પછી તરત જ તાતા સ્ટીલ (TISCO) માં નોકરી મળી ગઈ.

આ કંપનીમાં મેં ત્રણ વર્ષ કામ કર્યું. નોકરી કરતાં કરતાં જ મે સિવિલ સર્વિસિઝની પરીક્ષા પણ આપી. પહેલી જ ટ્રાયલે પાસ તો થયો , પરંતુ ઈન્ડિયન રેવન્યુ સર્વિસિઝ (IRS-જેને આપણે ઈન્કમ ટેક્ષ ખાતું કકીએ છીએ)માં મારું સિલેક્શન થયું. મારે તો IAS ઓફિસર જ બનવું હતું તેથી મેં ફરીથી પરીક્ષા આપી. ફરીથી લેખિત પરીક્ષામાં પાસ થયો. મેં ટાટા સ્ટીલના "સોશિયલ વેલ્ફેર ડિપાર્ટમેન્ટ'માં બદલી માંગી. H.R. ડિપાર્ટમેન્ટે નન્નો સંભળાવી દીધો.

નોકરીને રામ રામ કરી કરીને હું મધર ટૅરેસાની સંસ્થા 'મિશનરીઝ ઑફ ચેરિટી'માં જોડાયો. યુ.પી.એસ.સી.ની પરીક્ષાનાં રિઝલ્ટ આવવાને ચાર મહિનાની વાર હતી. બોડોલૅન્ડના તદન આદિવાસી વિસ્તારમાં તથા રામક્રિષ્ન મિશનમાં મેં થોડો થોડો સમય કામ કર્યું. એવામાં ઈન્ટરવ્યૂ કૉલ આવ્યો એટલે હું હરિયાણા પાછો ગયો. "નેહરુ યુવા કેન્દ્ર'માં પણ થોડું કામ કર્યું. આ ગાળામાં હું ઘણું શીખ્યો. વિવિધ સંસ્થાઓની ખૂબીઓ અને ખામીઓનું મે મનોમન વિશ્લેષણ કર્યું. ફરીથી હું IAS ને બદલે IRS માં જ પસંદગી પામ્યો .

લોકો કહેતા હોય છે કે જો તમે પ્રામાણિક હો , તો આવા ઈન્કમટેક્ષ જેવા ડિપાર્ટમેન્ટમાં તમને નિશાન બનાવવામાં આવે છે. સીધા માણસનું અહીં કામ નહીં... વગેરે. પણ મને તો આ ખાતામાં કામ કરવાની ખરેખર મજા આવતી. મને ક્યારૈય હોળીનું નાળિયેર બનાવવાનો પ્રયત્ન નહોતો થયો. સારામાં સારા પોસ્ટિંગ પણ મળતાં હતાં અને મારા કામમાં ક્યારેય સાહેબો ચંચૂપાત કરતા ન હતા. મને કોઈએ લાંચ લેવા માટે મજબૂર નથી કર્યો.

દિલ્હીના આર્ચબિશપે એક વક્તવ્યમાં કહ્યુ હતું: "હર્ષદ મહેતા આ દેશને ૩૦૦૦ કરોડનો ચૂનો ચોપડી જાય તેને હું દેશનો પ્રાણ પ્રશ્ન નથી ગણતો પણ આ દેશમાં સામાન્ય માણસને દરેક કામ માટે લાંચ આપવી પડે અને એ માનવા જ માંડે કે એમાં શું ખોટું છે? કામ તો થાય છે ને] આ આપણો પ્રાણ પ્રશ્ન છે!" એમણે કેટલી ઊંડી વાત કહી હતી! હું તો વિચારતો થઈ ગયો.

જેને પ્રામાણિકતાથી જીવવૂ હોય એને માટે આ દેશમાં કોઈ વિકલ્પ છે ખરો? આ દિશામાં કામ કરવાનો મે નિર્ણય કર્યો. બહુ વિચાર્યું... શરૂ ક્યાંથી કરવું? લોકોને ફક્ત કહી દેવાથી કે "લાંચ ન આપશો, ભાઈ-

બહેનો"- કામ ન પતે. એમણે લાંચની અવેજીમાં શું કરવું તે કહેવુ પડે! અમે "પરિવર્તન' નામની સંસ્થાના બેનર હેઠળ થોડા કેસ લેવાનું નક્કી કર્યું. ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટથી જ શરૂઆત કરી. દિલ્હીના જાણીતા વિસ્તારોમાં પોસ્ટરો ચોડયા. "કોઈ આપકે પાસ સરકારી કામ કે લિયે રુશ્વત માંગતા હે? તો હમે મિલિયે. હમ આપકા કેસ મુફ્ત મેં લડેંગે." હુ જે ખાતામાં કામ કરતો હતો તેમાં જ મેં

IAS ની પરીક્ષા આપતાં પહેલાં આ દેશ માટે કાંઈક કરી છૂટવાની
તમન્ના હોય, તે શમણાં નોકરીમાં ગોઠવાયા પછી ચૂરચૂર થઈ જાય
છે. તમે તો 'દુનિયા કો બદલ ડાલો' તા આશયથી સિવિલ સર્વન્ટ
બનવાનું નક્કી કર્યું હોય. ધીમે ધીમે તમે ય
જાડી ચામડીના થઈ જાઓ!

લડતની શરૂઆત કરી. સૌથી પહેલું કામ અમે દિલ્હીના કમિશ્નરને મળવાનું ક્યું. તેમણે અમને સંપૂર્ણ સહકાર આપ્યો, તેમણે કહ્યુ, "આમ-આદમી કે લિયે અગર આપ કુછ ભી કર રહે હૈં, તો મેરા આપકો સપોર્ટ હૈ."

દિલ્હીમાં જે મિનિટે પોસ્ટરો લાગ્યાં તે જ મિનિટે સરકારી અધિકારીઓ અમારી વિરુદ્ધ થઈ ગયા. અમે જાહેરમાં તેમનાં લૂગડાં ધોઈએ તે તેઓ ચલાવી શકે ખરાં? ઘણા અધિકારીઓએ અમારો જાહેરમાં વિરોધ કર્યો . દિલ્હીના કમિશ્નર કહે, "આ "પરિવર્તન'ના ઓઠા હેઠળ દિલ્હીના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો અને દલાલોએ હાટડી માંડી છે. એમનાથી ચેતતા રહેજો ." આ છતાં ય અમને ઘણા કેસ મળ્યા. અમે બધી અરજીઓ ભેગી કરી ફાઈલ બનાવી, ઈન્કમટેક્ષ ખાતામાં તો લઈ જ ગયા, સાથે સાથે પ્રધાનો, નાણામંત્રી તથા મીડિયામાં પણ એ અરજીઓ મોકલી આપી.

ફાયનાન્શિયલ ટાઈમ્સે અમારી પ્રવૃત્તિઓ વિષે તથા પેન્ડિંગ કેસો વિષે અર્ધા પાનાની કૉલમ છાપી . કંપનીઓને તથા નાગરિકોને ત્રણ- ત્રણ વર્ષ સુધી ઈન્કમટેક્ષનાં રિફંડ નહતાં મળતાં. ખાતા પાસેથી અમે આનો જવાબ માંગ્યો. આપણી પાસે ટેક્સ વસૂલ કરવાનો હોય ત્યારે તો સરકાર એકેય દિવસની રાહ નથી જોતી, તો આપણા જ પૈસા આપણને પરત કરવામાં વિલંબ શા માટે? ડિપાર્ટમેન્ટમાં તો ઊથલપાથલ મચી ગઈ. છેક ઉપરથી પ્રેશર આવ્યું. "પરિવર્તન" દ્વારા ફાઈલ થયેલા કેસોનો જોતજોતામાં નિકાલ આવી ગયો. જો કે ડિપાર્ટમેન્ટની કામ કરવાની ઢબમાં સહેજે ય ફરક ન પડ્યો. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી.

અમે જાન્યુઆરી ૨૦૦૦માં આ લડતની શરૂઆત કરી હતી. ઓગસ્ટ સુધીમાં તો મને લાગ્યું કે આ ક્ષેત્રે તો ઘણું કામ કરી શકાય તેમ છે. સરકારનાં નઘરોળ તંત્રોને કુંભકર્ણ નિદ્રામાંથી જગાડવા માટે મારી પાસે અમોઘ શસ્ત્ર આવી ગયુ! "દિલ્હી વિદ્યુત નિગમ' ભ્રષ્ટાચારનો ઊંડો અખાડો હતું. ચૅરમૅન શ્રી જગદીશ સાગરનો અમને ઘણો સહકાર હતો. એમણે તો "પરિવર્તન' દ્વારા લવાતા કેસો માટે એક સ્પેશિયલ એં ક્ઝિક્યુટિવ એન્જિનિયરની જ નિમણૂક કરી દીધી. હું પોતે પ્રચાર માટે સિંગમની બહાર જ રસ્તા પર ઊભો ઊભો પૅમ્ફ્લેટ વહેંચતો. મને આમ ઊભેલો જોઈને એકવાર મારો ટાટા સ્ટીલ વખતનો મિત્ર મને બાજુમાં લઈ જઈને પૂછે, "અલ્યા, તું અહીં રસ્તા પર? નોકરી-બો કરી નથી? જરૂર હોય તો હું કંપનીમાં કોઈને વાત કરું!" એને તો એમ કે હું રસ્તે રઝળતો થઈ ગયો છું. અરે, એકવાર તો મારા જ ખાતાના એક કર્મચારીએ મને નેહરુ પ્લેસની સામે ફરફરિયા વહેંચતો જોયો. હી વૉઝ શૉક્ડ!

મારા શરીરના જાણે બે ભાગલા થઈ ગયા હતા. હું અધિકારી તરીકે અરવિંદ હતો અને નાગરિક સ્વરૂપે

કેજરીવાલ! ૨૦૦૦ માં મે નોકરીમાંથી એક વર્ષની “સ્ટડી લીવ' લઈ લીધી અને આ જ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ઘણીવાર તો વીજળીખાતામાં ફરિયાદના પચાસ જેટલા કેસ પડ્યા રહેતા. અમારા આવ્યા પછી આ સંખ્યા ફક્ત ૩-૪ની રહેવા લાગી. જો કે ધીમે ધીમે મારી પ્રવૃત્તિએ મને જ વિચારતો કરી મૂક્યો. અમે આમ ને આમ લોકોનો સેવા ક્યાં સુધી કર્યે રાખીશું? સરકારી ભ્રષ્ટાચારરૂપી દીવાલોમાં ગાબડાં પાડી શકીશું પણ તેને જમીનદોસ્ત કરી શકીશું ખરા?

આ પ્રવૃત્તિથી લોકોની શક્તિ તો વધી જ ન હતી. અમે ય અલગ પ્રકારના વચેટિયાઓ જ બની ગયા! હા, અમે દલાલી નહોતા લેતા, એટલું ખરું! પણ ભ્રષ્ટાચારના ગઢની તો કાંકરી ય ખરતી ન હતી. ડિસેમ્બર ૨૦૦૧માં RTI નામનો કાયદો સરકારે પાસ કર્યો . (Right to Information) અમે એ કાયદાની કૉપી મેળવી અને તેનો અભ્યાસ કર્યો ત્યારે જાણ્યું કે આ કાયદો એ પ્રજાકીય લોકશાહીની મોટી જીત છે. આ કાયદા અન્વયે સરકારે દરેક ખાતામાં એક જવાબદાર વ્યક્તિ'ની નિમણૂક કરવી રહી. ભારતનો કોઈપણ નાગરિક એ અધિકારીને મળીને કે લખીને જે તે ખાતા વિષે કોઈપણ માહિતી માગી શકે છે. અધિકારીએ નિર્ધારિત સમયમાં જ એ માહિતી નાગરિકને મોકલવી જ પડે.

મેં DSIDC (દિલ્હી સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમૅન્ટ કોર્પો .) , દિલ્હી વિદ્યુત અનિંગમ અને દિલ્હી મ્યુનિ. કોર્પોરેશનને અરજીઓ મોકલી . તમારા ખાતાના “જવાબદાર અધિકારી' કોણ છે? મારે ફલાણી માહિતી જોઈએ છે. - અરે, એ ખાતાંઓના સાહેબો તો ઊંઘતા હતા. એમને તો ખબર જ ન હતી કે સરકારે આવો કોઈ RTI જેવો કાયદો પાસ કર્યો છે અને તેમણે “જવાબદાર અધિકારી'ની નિમણૂંક કરવાની છે!!

અમે તો એ બાબુઓને કાયદાની એક એક નકલ પહોંચાડી. તો ય તંત્રમાં ક્યાંય સળવળાટ ન થયો. ૨૦૦૨ માં અમે દિલ્હીનાં મુખ્યમંત્રી શીલા દિક્ષિતને પત્ર લખ્યો. તેમણે બધા અધિકારીઓ સાથે મિટિંગ યોજી અને કડક શબ્દોમાં કહ્યુ, “આ કાયદો છે અને તેનો અમલ થાય તે જોવાની તમારી ફરજ છે.”

બીજે જ મહિને અશોક ગુપ્તા નામનો એક માણસ અમારી ઓફિસે આવ્યો. બિચારો રડવા જેવો થઈ ગયેલો! તમને ઓફિસ ઑફિસ નામની ટીવી સિરિયલનું પંકજ કપૂરનું પાત્ર યાદ છેઃ આ માણસ એની જ કૉપી! મને કહે, “મેં બે વર્ષથી મારી દુકાનના વીજળીના કનેક્શન માટે અરજી કરેલી છે. બે વર્ષથી ફાઇલ ધૂળ ખાય છે. હું ટેબલે-ટેબલે ફરીને થાક્યો . હવે કામ પતાવવાના રૂ.૫૦૦૦/- લાંચ માંગે છે.”

અગાઉ અમે આવી અરજીઓનો નિકાલ કરાવવા માટે ખુદ કેસ ફાઇલ કરતા. આ વખતે અમે એ ભાઈને કહ્યું, “તમારે કોઈને લાંચ આપવાનો જરૂર નથી. RTI ની અરજી કરી દો અને જુઓ, કામ થાય છે કે નહીં?” દસ જ દિવસમાં એની દુકાનમાં વીજળીના મીટર બેસી ગયા. હું પોતે ય આભો બની ગયો, કેમકે પરિવર્તન દ્વારા ફાઇલ થયેલા કેસોનો નિકાલ આવતાં ઘણીવાર બે-ત્રણ મહિના થઈ જતાં! બસ, આ દિવસથી જ અમે અમારે નામે કેસો ફાઇલ કરવાના બંધ કરી દીધાં. અમે બધાંને RTI ની અરજી કરવામાં સો ટકા મદદ કરતા, ત્રણ જ મહિનામાં લગભગ બસો કેસ ફાઇલ થયા. જે કેસો વર્ષોથી અટવાયેલા હતા, તેમનો ૧૫-૨૦ દિવસમાં નિકાલ આવી ગયો.

અમે તો RTIનો ખૂબ પ્રચાર કર્યો. લોકોને જણાવ્યું કે તમારે કાયદેસરનું કોઈપણ કામ સરકારી ખાતાંમાથી કરાવવાનું હોય તો RTIનો જ ઉપયોગ કરો . લાંચરુશ્વત આપવાની કોઈ જ જરૂર નથી. ૨૦૦૨માં હું અરૂણા સોંયને મળ્યો. તેમણે મઝદૂર કિસાન શક્તિ સંગઠન (MKSS) દ્વારા 'જનસુનવાઈ' નામનો કાર્યક્રમ રાજસ્થાનના બિયાવરમાં યોજ્યો હતો. અરૂણા રોય તો છેક પંચાયત સ્તરે ય RTIનો ઉપયોગ કરતા હતા.

સરકાર શિક્ષણ કે ગરીબીનિવારણ જેવાં કામો માટે બે-બે ત્રણ- ત્રણ હજાર કરોડ રૂપિયા બજેટમાં ફાળવે છે, તેનો પ્રધાનો કેમ ક્યારેય વિરોધ નથી કરતા ? વિચાર્યું છે ક્યારેય? કેમકે આ નાણાંમાંથી મોટાભાગના તેમના જ ખિસ્સાઓમાં પાછા આવે છે, વચેટિયાઓ પણ તેમના જ ભાણિયા-ભત્રીજાઓ હોય. એટલે ઘી ઢળ્યું તો ખીચડીમાં. સરકારી રેકોર્ડ મુજબ આ રૂપિયામાં રસ્તા બાંધવામાં કે શાળાઓના ઓરડાના રંગરોગાનમાં વપરાયા હોય...પણ ખરેખર? ઓણઢહિયાં!

MKSSએ પંચાયતના રેકોર્ડમાંથી આવી બોગસ માહિતીના આંકડા ભેગાં કર્યા. ત્યાં ને ત્યાં જ લોકો સાથે મિટિંગ કરી.મને આ જ પ્રવૃત્તિ દિલ્હીમાં કરવાનો તત્કાળ વિચાર સ્ફુર્યો. અમારી ઓફિસ 'સુદરનગરી' વિસ્તારમાં છે, જે ખરેખર તો તદન બદસૂરત સ્લમ વિસ્તાર છે! બાજુમાં જ સીમાપૂરી નામનો વિસ્તાર છે. આ બે વિસ્તારોમાં છેલ્લાં બે-ત્રણ વર્ષમાં કેટલાં સરકારી કામો થયાં છે તે જાણવા માટે અમે RTI ફાઈલ કરી. આ કવાયત લાંબી ચાલી કેમકે અહીં સંપૂર્ણપણે માફિયારાજ ચાલે છે . કેટલાય લોકોને નોકરીમાંથી પાણિચું મળે તેમ હતું. પણ અમે ય ગાંજયા જઈએ એમ ન હતા. ઘણા પ્રયત્નોને અંતે ૧૮૨ કૉન્ટ્રેક્ટ્સની માહિતી મળી .

'પરિવર્તન' રજિસ્ટર્ડ NGO નથી. તમારે જો સમાજસેવા જ કરવી હોય તો તમારે તમારી સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર જ નથી! બોલો, તમે જાણતા'તા?

અમે તો ગલી-ગલીની માહિતી મેળવી. પ્રત્યેક વિસ્તારમાં સરકારી રેકોર્ડ મુજબ કેટલા હેન્ડપંપ લાગ્યા, કેટલા રસ્તા પાકા થયા? દરેક વિસ્તારમાં લોકોની સાથે મિટિંગો યોજી. અમે તેમને આંકડા બતાવતા... કોર્પોરેશનના રેકોર્ડ મુજબ તમારા ઘરની સામેનો રસ્તો પાકો કરવામાં ગઈસાલ બે કરોડ ખર્ચાયા છે અને પચાસ લાખનાં જાજરૂ અને મૂતરડીઓ બાંધવામાં આવ્યાં છે.

લોકોનું તો લોહી ઊકળી ઊઠતું! “અરે, હોતું હશે? આને તમે પાકો રસ્તો કહો છો? અને સંડાસ-બાથરૂમ ક્યાં છે કાગળ પર? નકશામાં?” પરિવર્તને જનસુનવાઈનો કાર્યક્રમ યોજયો . MLA અને સ્થાનિક અધિકારીઓને પણ આવવું જ પડયું. છેવટે ભાંડો ફૂટયો! ૧.૭ કરોડના ૬૪ કોન્ટ્રાક્ટ્સમાંથી સિત્તેર લાખની ચીજવસ્તુઓ તો આવી જ નહોતી. ૨૯ નંગ ઈલેક્ટ્રિક મોટરોનાં નાણાં ફક્ત કાગળ પર ચૂકવાઈ ગયાં હતાં. એકેય મોટર લાગી ન હતી. ૨૯ હેન્ડપંપમાંથી ફક્ત ૧૪ જ આવ્યા હતા! રસ્તાઓના રસ્તાઓ ફક્ત કાગળ પર બન્યા હતા. નાણાં ચૂકવાઈ ગયાં હતા. અમે ઝીણવટમપૂર્વકની તપાસ બાદ મુખ્યમંત્રીને તથા મ્યુનિસિપલ કમિશનરને રિપોર્ટ મોકલ્યો .

બંનેની ઓફિસમાંથી જવાબ આવ્યાઃ તમે તો ખૂબ સરસ કામ કરો છો! થેંક્સ, તમે તો અમારી ય આંખો ખોલી ! પણ કોઈના પર પગલાં ન લેવાયા. હા, એક-બે અધિકારીની બદલી થઈ, પણ તેથી લોકોને શું ફરક પડે?

અમે મ્યુનિસિપાલિટીમાં અમુક સૂચનો મોકલ્યાં. સૌ પ્રથમ તો કોઈપણ નવા પ્રોજેક્ટની જાહેરાત જે તે વિસ્તારના નોટિસ બોર્ડ પર મૂકો. સરકારે આ સૂચન માન્ય રાખ્યું તથા તે મુજબનો ઑર્ડર પણ નીકળ્યો, પરંતુ છેવટે એનો અમલ ન થયો. બધું ઠેરનું ઠેર! અમે દિલ્હી હાઈકોર્ટમાં PIL કરવાનું નક્કી કર્યું. કોર્ટના નિર્ણય મુજબ આ અંગેની એક FIR ફાઈલ કરવામાં આવી છે (ફર્સ્ટ ઈન્ફોરમેશન રિપોર્ટ) જેનો કેસ એક જિલ્લા-અદાલતમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલે છે!! મુદતો પડયે જ જાય છે.

ઘણીવાર નાસીપાસ થઈ જવાય છે, પણ પ્રયત્નો ચાલુ રાખ્યે જ છૂટકો. અમારા વિસ્તારમાં તો કેટલાય

લોકો “પરિવર્તન'ની ઓફિસમાં આવીને ફરિયાદ કરે છે....આ ગંદકીથી ઉભરાતી ગટરનું ય કાંઈ કરવું જોઈએ , પણ શું કરીએ? નાળાંનું ધ્યાન રાખીએ કે રોટલાનું? રેશનની દુકાનવાળા પૂરતું રેશન જ નથી આપતાં.

અમારા જ વિસ્તારમાં એક અત્યંત ગરીબ વૃદ્ધા રહેતી હતી. તેનું નામ ત્રિવેણી. મહિને રૂ. ૪૦૦-૫૦૦ની કમાણી. એની પાસે 'અંત્યોદય' કાર્ડ હતું, જે સરકારે જ ઈશ્યુ કરી આપ્યું હતું. ‘BPL’ બિલો પોવર્ટી લાઈન-કાર્ડ કરતાં ય ગરીબ લોકોને આ કાર્ડ મળે છે, ત્રિવેણી એકવાર ખૂબ જ ત્રાસીને પરિવર્તનની ઓફિસે આવી.... “સાહેબ, આ રેશનની દુકાન કાયમ બંધ જ હોય છે. ખોલે ત્યારે કોઈપણ વસ્તુનો સ્ટોક નથી હોતો .”

અમે ત્રિવેણી તરફથી RTI કરી કે છેલ્લા ત્રણ મહિનામાં રેશનની દુકાનમાંથી એ સતીને જે કાંઈ વેચવામાં આવ્યું હોય તેની રસીદો અમારે દુકાનવાળા તરફથી જોઈએ છે. ત્રિવેણીને એક મહિને જવાબ મળ્યો, કે દર મહિને એને ૨૫ કિલો ઘઉં અને ૧૦ કિલો ચોખા આપવામાં આવ્યા છે. લ્યો! હડહડતું જુઠાણું ! દુકાનદાર પર પગલાં લેવાય તે પહેલાં જ દુકાનદાર એને ઘેર આવીને રેશન આપી ગયો. દર મહિને ઘેર પહોંચાડવાનું પણ વચન આપી ગયો. અહો આશ્ચર્યમ્! મેં વિચાર્યું કે જો એક જ વ્યક્તિને આટલો અન્યાય થતો હોય તો આખા મહોલ્લાને કેટલો અન્યાય થતો હશે? રેશનિંગનું

અમે લોકોને ક્યાં સુધી કહી શકીએ કે લાંચ-રુશ્વતના કેસ અમને

સોંપો ખાટલે મોટી ખોડ તો એ છે કે જેવી અમારી પીઠ ફરે એવું

ભ્રષ્ટાચારનું ભૂતાવળ પાછું ધૂણવા માંડે છે!

કેટલું અનાજ બારોબાર કાળાબજારમાં વેચાઈ જતું હશે? અમે તો સુંદરનગરી અને સીમાપૂરીની સત્તરે સત્તર દુકાનોના છેલ્લા છ મહિનાના રેકોર્ડ કઢાવ્યા. અધિકારીઓ અને દુકાનદારો ફફડી ગયા. આ માહિતી જાહેર થાય તો તેમની રહીસહી આબરૂના ધજાગરા ઊડી જાય તેમ હતુ!

અધિકારીઓએ પરિવર્તનને જણાવ્યું, “આ રેકોર્ડ તો દુકાનદારોની અંગત માલિકી છે. સરકારનો તેની પર હક્ક નથી.” અધિકારીઓ અને દુકાનદારોનું 'ગાંધી-વૈદનું સહિયારું' કારસ્તાન ચાલતું હતું. અમે કોર્ટમાં અપીલ કરી અને કેસ જીતી ગયા. દુકાનદારો હાઈકોર્ટમાંથી સ્ટે-ઓર્ડર લઈ આવ્યા. તમે માનશો નહીં, પણ એક સમયે અમારી સામે ફક્ત દિલ્હીમાં ૧૩૨ સ્ટે ઓર્ડર હતા! અમારા કાર્યકરોને આ દુકાનદારોએ ભેગા થઈને ખૂબ માર્યા. એક છોકરીના ગળા પર રેઝરથી ઘા થયો. અમારા રેકોર્ડ્ઝની હોળી કરવામાં આવી. ભારે તમાશો થયો. દિલ્હીના ફૂડ-કમિશનરની અજાણી જગ્યાએ બદલી થઈ ગઈ. સુંદરનગરીના લોકોએ આના વિરોધમાં રેશનની દુકાનોનો બહિષ્કાર કર્યો. અંતે હારી-થાકીને સરકારે તંત્રમાં ફેરફાર કર્યો.

હવે રેશનખાતાની માહિતી માટે તમારે RTI ફાઈલ કરવાની જરૂર નથી. કોઈપણ શનિવારે તમે બપોરે ૨ થી ૫ ની વચ્ચે દુકાને જઈને રેકોર્ડ જોઈ શકો છો . રેકોર્ડમાં ગોટાળા હશે તો દુકાનનું લાઈસન્સ તત્કાળ જપ્ત થઈ જશે. આ ઓર્ડર પાસ થયો ત્યારે શરૂશરૂમાં તો ફૂડ-કમિશનરે ઘણો સહકાર આપ્યો અને ઘણી દુકાનોને તાળાં લાગી ગયાં, પણ ધીમેધીમે દુકાનદારો ભેગા થઈને લોકોને હેરાન કરવા લાગ્યા. જે વ્યક્તિ રેકોર્ડ જોવા માંગે તેની તેમણે ધોલાઈ કરવા માંડી. દુકાનો જ સમરાંગણ બની ગઈ! ઘણે સ્થળે કાયમી બદલાવ આવ્યો , પણ હજું ઘણું કામ કરવાનું બાકી છે.

૨૦૦૪માં મારા ધ્યાન પર અખબારનો એક રિપોર્ટ આવ્યો. દિલ્હીમાં સરકાર પાણીનું ખાનગીકરણ કરવાની દિશામાં આગળ વધી રહી હતી. મને ભયંકર આઘાત લાગ્યો! પાણીનું ખાનગીકરણ! આ ગરીબ

દેશમાં? ઘણી NGO પણ આ બાબતનો વિરોધ કરતી હતી.તેથી મેં આમાં ઊંડા ઊતરવાનું નક્કી કર્યું. સીધી RTI જ ફાઈલ કરી. આ પ્રોજેક્ટ અંગેના બધા જ રેકોર્ડની નકલો અમારે જોઈએ છે. છ મહિને અમને ૧૦,૦૦૦ પાનાંનો રિપોર્ટ મળ્યો. આ વર્લ્ડ બૅન્ક ફંડેડ પ્રોજેક્ટ હતો. છેલ્લાં છ વર્ષથી તદન ખાનગીમાં તેનું કામ ચાલતું હતું. રિપોર્ટ વાંચ્યા બાદ મને સમજાયું કે જો આ યોજનાનો અમલ થશે તો દિલ્હીમાં દંગલ મચી જશે!

અમે IIM અમદાવાદ તથા બેંગ્લોરમાં આ રિપોર્ટની નકલો મોકલી . બેંગ્લોરના પચ્ચીસ અને અમદાવાદના પંદર પ્રોફેસરોએ પ્રધાનમંત્રીને પત્ર લખીને ચોખ્ખા શબ્દોમાં આ યોજના પડતી મૂકવા જણાવ્યું. દિલ્હીમાં અમે ઘણાં પૅમ્ફ્લેટ વહેંચ્યા - આપકા પાની આપકા ફેંસલા - છેવટે ઘણા હંગામા બાદ સરકારે નમતું જોખ્યું અને વર્લ્ડ બેન્કની લોન નકારી, અને પ્રોજેક્ટ પડતો મૂક્યો .

જેમજેમ વિવિધ ક્ષેત્રે RTI નામનું અમોઘ શસ્ત્ર સફળ થવા લાગ્યું એમ એમ મને સમજાતું ગયું, કે આ જંગ ફક્ત "પરિવર્તન' લડી શકે તેમ નથી. પાણી, ભ્રષ્ટાચાર, કોર્ટનાં કૌભાંડો, લાંચરુશ્વત, રેશનની દુકાનો... અમે બધે તો નહીં જ પહોંચી વળીએ. તેથી જ અમે અમારા ભ્રષ્ટાચાર નાથવાના ધ્યેયને 'ચળવળ'નું સ્વરૂપ આપવાનું નક્કી કર્યું.

૨૦૦૬માં અમે ‘Drive against Bribe’ નામથી ભ્રષ્ટાચાર સામે યુદ્ધ જ છેડી દીધું! આ લડત પાછળ એક જ ધ્યેય હતો. લાંચ ન આપો. તમારા હક માટે RTI અપનાવો. આખા દેશની NGO નો અમે સંપર્ક સાધ્યો . પંદરસો સેવકો તૈયાર કર્યા. તમે એને "ભ્રષ્ટાચાર વિરોધી સૈન્ય' જ કહી શકો . આઠ જેટલાં મીડિયા હાઉસિઝનો પણ અમને સહકાર મળ્યો. જેમાં 'NDTV','The Hindu', 'Hindustn' Times' તથા અનેક પ્રાદેશિક છાપાં-ચેનલોનો સમાવેશ થાય છે. જુલાઈ ૧થી૧૫, ૨૦૯૪ દરમિયાન ભારતનાં પંચાવન જેટલાં શહેરોમાં સામાન્ય માણસોને RTI ફાઈલ કરવામાં મદદરૂપ થાય તેવાં સેન્ટરો ખોલવામાં આવ્યા. ફક્ત પંદર જ દિવસમાં ૨૨,૦૦૦ અરજીઓ ફાઈલ થઈ!! જે સરકારી કામો વર્ષોથી અટવાયેલાં હતાં તે ત્રણ-ચાર દિવસમાં પત્યાં . આ કવાયતે જાણે અમારી આંખો ખોલી નાખી!

'પરિવર્તન' રજિસ્ટર્ડ NGO નથી. અમને કોઈપણ કંપની કે વિકાસશીલ સંસ્થા તરફથી મદદ મળતી નથી. આવી સંસ્થા શક્ય છે? તેનો વિકાસ શક્ય છે? ઘણાંને આ પ્રશ્ન થાય છે.પણ મેડમ, સાચું કહું પૈસાની તકલીફ મને ક્યારેય નડી જ નથી. પૈસા નથી એટલે જ લોકોનો સંપૂર્ણ સહકાર મળે છે. મદદ મળે છે. હું ખુદ કોઈપણ સંસ્થાને મળીને મદદ માંગું તો સૌથી પહેલો સવાલ આવે, "આપ કહો છો તે વાત સાચી. ભ્રષ્ટાચાર સામે RTI તો કરવી જ છે, પણ નાણાં ક્યાંથી આવશે?"

હું તો તેમને કહી જ દઉં, "આપકા શહેર હૈ, આપકા દેશ હૈ, આપકી લડાઈ હૈ, તમારે જ બધું કરવાનું છે .' - બધી NGO સમજી જાય છે કે ફંડ એમણે જ ઊભું કરવાનું છે. મીડિયાનો મને ઘણો સહકાર મળ્યો છે. બધી જ જાહેરાતો મફત થાય છે. એકવાર અમે ગણિત માંડેલું. આટલા શહેરો, આટલા લોકો અને આટલા કાર્યકરો જો અમે સંસ્થાના નામે રાખ્યા હોત તો અમારું બજેટ પંદરથી વીસ કરોડ રૂપિયા થઈ જાય! અત્યારે વાર્ષિક રૂ. ૮૦,૦૦૦/- માં કામ ચલાવીએ છીએ! બીજું, 'પરિવર્તન' હંમેશ પડદા પાછળ રહીને જે કામ કરે છે. આ 'અમારી' લડાઈ નથી. "આપણી" લડાઈ છે.

પૂર્ણ સમયના ફક્ત ચાર જ કર્મચારીઓથી અમારી ઑફિસ ચાલે છે. મહિને રૂ. ૪૦,૦૦૦/- નો ખર્ચ છે. આ નાણાં વ્યક્તિગત દાતાઓ તરફથી મળે છે. લોગોં કે ચલાને સે હી ચલતા હૈ...

૨૦૦૬માં મેં IRS (ઇન્કમટેક્ષ) ખાતાની નોકરીને હંમેશ માટે છોડી. સ્ટડી લીવ, અનપેઇડ લીવ, સ્પેશિયલ લીવ. ..રજા લેવાની ય હદ હોય ને? ફેબ્રુઆરી ૨૦૦૯માં અંતે નક્કી કરી દીધું કે બે ઘોડા પર

સવારી નહીં થાય. એ જ વર્ષે મને “મેગ્સેસે એવોર્ડ' મળ્યો . ઊભરી આવતા નેતૃત્વ (Emergent Leadership) માટે આ એવોર્ડ મળ્યો.

'મેગ્સેસે એવૉર્ડ' ના નાણાં મેં “પબ્લિક કોઝ રિસર્ચ ફાઉન્ડેશન” (PCRF) સ્થાપવામાં વાપર્યો. આ ફાઉન્ડેશન RTI એવોડ્ઝ જાહેર કરે છે. જે કમિશનર્સ કે ઓફિસર્સે Right to Information અંગે શ્રેઠ કાર્ય ક્યું હોય, તેને આ એવૉર્ડ આપવામાં આવે છે.

માહિતિખાતાંના ૧૦૪ કમિશનરો દ્વારા પાસ કરાયેલા ૫૨,૦૦૦ ઓર્ડરોનો અભ્યાસ કરીને અમે આ એવોર્ડ આપીએ છીએ,જો કે આનો પણ વિરોધ થયો છે પરંતુ આ એવોર્ડમાં નાણાં નારાયણ મૂર્તિ (ઈન્ફોસીસ) તથા તાતા ટ્રસ્ટ દ્રારા આપવામાં આવે છે તે જ તેની વિશ્વસનિયતાનુ પ્રમાણ છે .

RTI મોટું શસ્ર છે એની ના નથી, પરંતુ પ્રૉબ્લેમ એ છે કે આપણે જે લોકશાહી માટે ગર્વ લઈએ છીએ તે તો મોટું ફારસ છે! જયાં જાઓ ત્યાં વીજળી, સડક, પાણીના પ્રશ્નો છે. કારણ શું છે? મેં આ અંગે ઘણું વિચાર્યું છે. જવાબ એક જ મળ્યો છે . આપણે પાંચ વર્ષે એક જ વાર વોટ આપીએ છીએ. (ઘણા તો એ ય નથી આપતા!) બસ, એ એક જ વાર સરકારી વહીવટ અંગે પ્રજાનો અભિપ્રાય લેવાય છે.

અન્ય દેશોમાં શું ચાલે છે? મધ્યકાલિન યુગમાં આપણા જ દેશમાં વહીવટ શી રીતે ચાલતો હતો? મેં આ અંગે ઊંડો અભ્યાસ કર્યો ત્યારે સમજાયું. કે આપણે જે લોકશાહીને “મૉર્ડર્ન વિચાર' ગણીએ છીએ તે તો ભગવાન બુદ્ધના સમયમાં ય પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં હતી. વૈશાલી વિશ્વનું પ્રથમ 'ગણતંત્ર' છે. હું ગણતંત્ર કહીશ, એટલે તમે તરત જ ચૂંટણી વિષે વિચારવાના ખરું ને? પણ ચૂટણીને લોકશાહી સાથે કોઈ જ લેવાદેવા નથી.

વૈશાલીમાં ક્યારેય ચૂંટણીઓ હતી ન હતી. રાજાનો પાટવી કુંવર જ રાજા બનતો પણ આ રાજાઓ વહીવટમાં ક્યારે ય દખલ ન કરતા. બધાં જ નિર્ણયો ગ્રામસભામાં (Public Meeting) જ લેવાતા. ૧૮૪૦ સુધી ભારતમાં આ પ્રમાણે વહીવટ ચાલ્યો. બ્રિટિશસે ભારતમાં 'કલેક્ટરપ્રથા' ની શરૂઆત કરી. લોકોના હાથમાંથી હવે સત્તા કલેક્ટરના હાથમાં આવી ગઈ. જે ફક્ત ગોરા સાહેબને વફાદાર હતો . ધીમેધીમે અલગ અલગ ખાતાં અસ્તિત્વમાં આવ્યાં . શિક્ષણખાતુ, સિંચાઈ વિભાગ... વગેરે.

આપણા કમનસીબે ૧૯૪૭માં આઝાદી મળી પછી પણ આ જ પ્રથા અમલમાં રહી. અમેરિકામાં આજે ય બધાં જ નિર્ણયો લેવાની સત્તા લોકો પાસે જ છે. ટાઉનહોલમાં લોકોની મિટીંગો થાય, ચર્ચા થાય

હું તમને એમ કહું કે “ગયે વર્ષે દેશમાં બે હજાર કરોડના કૌભાંડો

થયા', તો તમારા પેટનું પાણી ય નહીં હાલે, પણ જો હું તમને કહીશ

કે કોર્પોરેશનના રેકોર્ડ મુજબ તમારા ઘર સામેની ‘કાચી સડક'

ડામરની છે, તો તમારું લોહી ઊકળે કે નહી?

અને નિર્ણયો લેવાય. ચૂંટાયેલ પ્રતિનિધિની જવાબદારી એ નિર્ણયોનો અમલ થાય છે કે નહીં તે જોવાની છે.

આપણા દેશમાં તો પ્રજાને પૂછયા વગર રાંધણગૅસમાં રાતોરાત પચાસ રૂપિયાનો વધારો કરી દેવામાં આવે છે! હું ખુદ જયારે શીલા દિક્ષિતને મળ્યો, કે “પાણીનું ખાનગીકરણ ન કરો' ત્યારે મેડમે મને કહ્યુ, “લોકોની ઈચ્છા મુજબ જ અમે આ નિર્ણય લીધો છે.” મેં તેમને તરત જ કહ્યું, “લોકો ઈચ્છતા નથી”. જો કે હું તેમને આંકડા સાથે સમજાવી ન શક્યો. આ અનુભવે મને “મહોલ્લાસભા'નો વિચાર આવ્યો.

સમગ્ર દિલ્હીને અલગ-અલગ વિસ્તારમાં વહેંચવામાં આવે. જે તે મહોલ્લાના લોકો દર મહિને મળીને પાણી અંગેનો નિર્ણય લે. આને તમે “પિપલ પાવર' કે 'લોક્લાગણી' કહી શકો. ગાંધીજીએ જે 'સ્વરાજ'ની વાત કરી હતી તે આ હતી. ભારત દેશનાં છ લાખ ગામડાંને જયારે પોતાનો અવાજ મળશે ત્યારે જ આ દેશ સાચા અર્થમાં ગણતંત્ર બનશે, આઝાદ બનશે અને લોકશાહી પ્રસ્થાપિત થશે .

આજે અમારું ર11 નું કામ તો ચાલે જ છે, પરંતુ “સ્વરાજ' ક્ષેત્રો અમે હવે વધુ ઊંડા ઉતરી રહ્યા છીએ. અમે દિલ્હીના ૪૦,૦૦૦ની વસ્તીના એક વૉર્ડની ૪૦૦૦ મતદાતાના એક એવા દસ વિભાગમાં વહેંચણી કરી છે. પહેલો મહોલ્લો મહિનાના પહેલા શનિવારે મિટિંગ યોજે, બીજો બીજા શનિવારે, આમ ૪૦,૦૦૦ લોકો સુધી પહોંચતા દસ અઠવાડિયાં થાય. મિટિંગ પહેલાં જ જે તે વિસ્તારના કાઉન્સીલર એક પત્ર દ્વારા પ્રત્યેક કુટુંબને મિટિંગમાં કયા મુદ્દાઓની ચર્ચા થવાની છે તે જણાવે છે.

મોટેભાગે પ્રત્યેક મિટિંગમાં ૧૫૦ વ્યક્તિઓ હાજર રહે છે. જે તે વિસ્તારના નગરસિયોજક પોતાની સાથે ગટર, બાગકામ, પાણી તથા વીજળી વિભાગના અધિકારીઓને પણ લેતા આવે છે. ઓફિસરને સરકાર તરફથી પ્રજાકીય કામો માટે જે નાણાં ફાળવવામાં આવ્યા હોય તેની તે પેટછૂટી વાત કરે છે. લોકો જ નક્કી કરે કે પોતાના વિસ્તારમાં થાંભલાઓ પર લાઈટના ગોળાની જરૂર છે, કે મૂતરડીઓની. હાલમાં ત્રિલો કપૂરી અને સુંદરનગરી નામના બે વિસ્તારોમાં મહોલ્લાસભા ચાલુ થઈ ગઈ છે . હવે ઝડપથી અન્ય વિસ્તારો પણ જોડાયા છે.

પરિણામો ખૂબ જ સુંદર મળ્યાં છે. મિટિંગોમાં જ તત્કાળ પ્રોજેક્ટો મંજૂર થઈ જાય છે. સાહેબોના ટેબલો પર જે ફાઈલો છ-છ મહિના સુધી ધૂળ ખાતી હતી તે લોકો ખોલી રહ્યાં છે. સુદરનગરીનું જ ઉદાહરણ આપું....ત્યાં કૉર્પોરેટર કહે, “મને તો તમારા વિસ્તાર માટે ફક્ત ૭૦ લાખની જ મંજૂરી મળી છે. એમાં શું થાય?”લોકોએ જ વીજળી, પાણી વગેરે ખાતાંના અધિકારીઓને પૂછ્યુ , “આપકો કિતના ચાહિએ?' કામો નાનાં-નાનાં હતાં . કોઈની ગલીમાં ગોળા ઉડી ગયા હતા. તેના રૂ.૩૦૦૦/- અમુક રસ્તાઓ પર ભૂવા અને ખાડા પડયા હતા તે પૂરવાના રૂ. ૨૦,૦૦૦/-! અરે, ૧૨ થી ૧૪ લાખમાં તો બધાં કામો થઈ ગયાં. હવે તો મહોલ્લાસભાવાળા જ કોન્ટ્રાક્ટરનાં પેમેન્ટ મંજૂર કરે છે. કામ ન પતે તો દામ નહીં. ગવર્નમેન્ટની વિવિધ સ્કીમોનો લાભ કોને મળવો જોઈએ તે હવે મંત્રીઓ નથી નક્કી કરતા. આ મિટિંગોમાં નક્કી થાય છે.

તમને કદાચ “ગરીબ-ઉદ્ધાર' નામની સરકારી યોજનાનો ખ્યાલ નહીં હોય. આમાં દર મહિને ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબોને ઘરદીઠ મહિને રૂ. ૧૦૦૦/- આપવામાં આવે છે. “સુંદરનગરી'ની મહોલ્લા સભા ચાલતી હતી. અહીં ઘણા ગરીબો રહે છે. આ રૂ. ૧૦૦૦/- ક્યા ક્યા રહેવાસીને જોઈએ છે તે માટે સભામાં હાથ ઊંચો કરવાનું કહેવામાં આવ્યું ત્યારે એકપણ હાથ ઊંચો ન થયો. ગરીબને પણ ઈજ્જત હોય છે અને બધાંને પોતાની ઈજ્જત વહાલી હોય છે. કોઈને ય સરકારે ફેંકેલો રોટલો લઈને ભિખારી ગણાવવું નહોતુ . છેવટે બધાંએ એક વૃદ્ધા તરફ આંગળી ચીંધીને કહ્યુ, “ફક્ત આને પૈસાની જરૂર છે. એ સૌથી ગરીબ છે.” માણસની સ્વભાવગત સારપ ગરીબાઈમાં ય મરી પરવારતી નથી એ મેં જોયું છે.

મારું સ્વપ્ન તો સમગ્ર દિલ્હી આવી મહોલ્લાસભાઓથી ચાલતું હોય તે જોવાનું છે. લોકસભામાં કયા કાયદા પસાર થાય છે તે લોકોએ જ નક્કી કરવાનું! દિલ્હીના બે વિસ્તારના નગરસેવકોનો અમને સહકાર મળ્યો છે. તિગરી ખાનપૂર અને જહાંગિરપૂરી. એમને વૉટની લાલચ છે. જો કે, આ બેધારી તલવાર છે. એકવાર લોકો તમને ઓળખતા થાય એટલે તમારે પરિણામલક્ષી કામ કરવુ જ પડે. નહીં તો એ જ લોકોને મોં બતાવવું ભારે પડે . ધંધા-પાણી બંધ થઈ જાય. જયારે નગરપાલિકાના ૩૦-૪૦

અધિકારીઓ આ સ્કિમ લાગુ કરવા પ્રતિબદ્ધ થઈ જશે ત્યારે મહોલ્લાસભા પર જ પસ્તાળ પડશે. જો કે ત્યાં સુધીમાં લોકો પોતાના હક્ક માટેની લડત શીખી ગયા હશે!!

“અરવિંદ, તમારા પર ક્યારેય હુમલો નથી થયો?” - હું પૂછું છું: 'અરે, અમારી કાર્યકર્તા છોકરી પર જયારે ખતરનાક હુમલો થયો ત્યારે એનાં કુટુંબીજનોએ એના પર “પરિવર્તન' છોડી દેવાનું પુષ્કળ દબાણ કર્યું હતું.” દીકરી, તું પરણીને સેટલ થઈ જા!”- તેના પિતાએ કહ્યુ. છોકરી એટલી હિંમતવાળી હતી કે એણે કુટુંબીજનોની ખબર લઈ નાંખી. કહે, “અગર મૈં નહીં કરુંગી તો કૌન કરેગા? કોઈ અમરિકા સે આકર તો હમારે દેશકો સુધારનેવાલા નહીં હે ના?”

આવા પ્રસંગો અમારા સહુની હિંમત વધારે છે. આ યુદ્ધ છે, તે સમજીને જ આમાં પડ્યો ઇં. જયારે જયારે અમારામાંથી કોઈના ઉપર શારીરિક હુમલો થાય છે, ત્યારે અમે ₹1૨ ફાઇલ કરીએ છીએ. જેથી એ હુમલાનો રેકોર્ડ રહે, પણ કોર્ટમાં ધક્કા નથી ખાતા. સહુને સજા આપવાવાળો ઉપર બેઠો છે. અમને ઈજા પહોંચાડનારા ખુદ આ તંગ્રના જ શિકાર છે. અમને સજા અપાવવાથી નઘરોળ તંત્ર સુધરવાનુ નથી.

અરવિદના શબ્દેશબ્દેમાં શહાદત વહોરવાની ખુમારી અને દેશાભિમાન વ્યક્ત થાય છે... “પણ અરવિંદ, આ બધું શી રીતે સંભાળો છો? ખુમારીથી? હવાથી?” હું પૂછું છું.

“જુઓ , મેં તમને પહેલાં કહ્યું તેમ, મારી લડત લોકોની અને લોકો દ્વારા ચાલતી લડત છે . મને "Association for Indias Development(AID) તરફથી ફેલોશીપ મળે છે. હા, મારી પત્ની આજે ય ઈન્કમટેક્ષ વિભાગમાં જ કામ કરૈ છે. મારી પ્રવૃત્તિઓથી એની નોકરીને ઉની આંચ નથી આવી.”

“છતાં ય આ બધું કહેવા જેટલું સહેલું તો નથી જ...” હું કહું છું.

“હા, શરૂશરૂમાં ઘણો વિરોધ થયો. હવે બધાંએ સ્વીકારી લીધું છે કે હું બધાંને શોંક આપવાનો જ છુ!” અરવિંદ મૃછમાં હસે છે “હા, તમે સરકારી તંત્રને પણ શોક પર શોક આપી જ રહ્યા છો ને! જરા વૉલ્ટેજ ઓછા પડે છે એટલુ જ!”

આખી પ્રવૃત્તિને બે રીતે જોઈ શકાય. આભ ફાટ્યુ હોય, ત્યાં થીંગડું દેવા ક્યાં જવું? અને ઘણાં વિચારશે , “પ્રત્યેક કાળા વાદળને રૂપેરી કોર હોય જ છે!' અંધેરે સે ઉજાલે કી તરફ કા સફર શુરૂ હો ગયા હૈ...

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

સૌથી મહત્ત્વની બાબત છે વિચારવાની! ભ્રષ્ટાચાર એ આપણા દેશનો પ્રાણપ્રશ્ન છે એ ખરું, પણ અનેક પ્રશ્નો અંદર અંદર સંકળાયેલાં છે.

બીજું, આપણે આપણા કુટુંબ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તત્પર હોઈએ છીએ પણ દેશ માટેની ભાવનામાં ઊણા ઊતરીએ છીએ .


પ્રધાનો પર પ્રાઈસટૅગ લાગેલી એ પ્રસંગ તમને યાદ છે? આખા ને આખા પ્રધાનોનું “હોંર્સટ્રેડિંગ' થયું! ભારતની લોકશાહી માટે આ ભયંકર લાંછનરૂપ બીના હતી . મેં એ વખતે મારા મિત્રો સામે ટહેલ નાંખી હતીઃ “આપણે બધાંએ “ઈન્ડિયા ગેઈટ' પર જઈને આનો વિરોધ કરવો જ જોઈએ.” તમે માનશો, મને

શું જવાબ મળ્યો? "જાને સે ક્યા હોગા? કુછ હોતા તો નહીં..." જો કે હાલમાં તો એ બનાવના સૂત્રધાર સમા ખંધા રાજકારણી અમરસિંહ તિહાડ જેલના સળિયા ગણી રહ્યા છે.

મને તો લાગે છે કે ભલેને કાંઈ જ ન થાય, પણ જો આપણે ચૂપ રહીશું, તો આ નેતાઓ, અમીચંદો, આખા દેશને વેચી ખાશે. (દેશનાં અસંખ્ય કૌભાંડો આ વાતની સાક્ષી છે.)

આપણે ફિલ્મ જોવા ય એમ ને એમ નથી જતા. ફિલ્મ સારી છે કે નહીં? એમાંથી આપણને ફાયદો થશે? મજા આવશે? બધું વિચારીએ છીએ. તો આપણે દેશ માટે, એના ભવિષ્ય કે ફાયદા માટે કેમ નથી વિચારતા? લોકોના સંપૂર્ણ પ્રતિનિધિત્વ વગર લોકશાહીનો મતલબ જ નથી. આપણા સહકાર વગર એ પડી ભાંગશે. ભાંગી પડી જ રહી છે.

તેથી જ હું કહું છું કે પરિણામ મળે કે ન મળે, પ્રવૃત્તિમાં ભાગ તો લો જ. ખોટું થતું હોય તો ચૂપ ન રહો. "ચલતા હૈ'ની વૃત્તિ ન રાખો. હું તમને "પરિવર્તન'ના મૅમ્બર બનવાનું નથી કહેતો. હું તમને બધે કૂદી પડવાનું ય નથી કહેતો, પણ તમને જયાં ખોટું થતું હોય તેમ લાગે ત્યાં ચૂપ ન રહો.



આંતરખોજ

ભૂષણ પુનાની
"બ્લાઈન્ડ પર્સન્સ ઍસોસિયેશન' ' (BPA)

યુવાન વયે MBA તો થઈ ગયા. હવે શું? ભૂષણે "અંધજન મંડળ" (અમદાવાદ)ને કારકિર્દી તરીકે સ્વીકારવાનું નક્કી કર્યું. લાખો રૂપિયાની નોકરીની ઑફર્સને લાત મારીને આવો "હટકે' નિર્ણય શા માટે? જસ્ટ, જોવા, કે ફાંકડી કૉલેજો MBAની જે ડિગ્રીઓ આપે છે તેનો સમાજ સુધારણા ક્ષેત્રે ખરેખર કોઈ ઉપયોગ છે ખરો કે માત્ર પોથીમાંના રીંગણા જ છે? આજે તો એ વાતને એકત્રીસ વર્ષનાં વહાણાં વાઈ ચૂકયાં છે અને પેલા પ્રશ્નનો જવાબ પણ મળી ગયો છે... 'હા'...

અંધ વ્યક્તિને જોતા જ હું નજર ફેરવી લઉં છું. મનોમન વિચારું... આ વ્યક્તિ પ્રત્યેક દિવસને રાત માનીને શી રીતે જીવી શકતી હશે?... આડી નજર ફેરવીને દસ સેકંડ હું પણ આંખો બંધ કરી લઉં છું!

જો કે અમદાવાદના BPAના કૅમ્પસ પર ભૂષણ પુનાનીની ઓફિસે મને અંધ વિદ્યાર્થીઓ જ દોરી જાય છે . અહીં હું એકલી જ બ્લાઈન્ડ હોઉં તેમ લાગે છે. અંધજનો વિષે ચિત્રવિચિત્ર નકારાત્મક વિચારો પણ મને જ આવે છે. બાકી તો વાતાવરણ હળવુંફૂલ છે. બધાંના મો પર સ્મિત છે અને પ્રત્યેક વ્યક્તિ પોતપોતાનું કાર્ય સાહજિકતાથી કરી રહી છે.

થોડી જ મિનિટોમાં મને BPA વિષે ઢગલો માહિતી મળવાની છે. એક નાનકડી શાળામાંથી અંધજન વ્યાવસાયિક તાલિમીશાળા અને આજે તેમાંથી વિવિધલક્ષી તાલિમકેન્દ્રો ધરાવતી વિશાળ વટવૃક્ષ સમાન આ સંસ્થા અંધ તેમજ અપંગને ફક્ત ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં માન- સન્માન-રોજી અને રોટી અપાવવામાં મદદરૂપ થઈ રહી છે.

આ સંસ્થાની ધરીમાં છે ભૂષણ પુનાની. સાવ સાદા, સરળ, IIM (અમદાવાદના) સ્નાતક. તેઓ આ સંસ્થામાં શિક્ષક કે સમાજસેવક તરીકે નહીં, પરંતુ મૅનેજમેન્ટ ગ્રેજ્યુએટ તરીકે જોડાયા હતા. તે જાણવા ઈચ્છતા હતા કે પુસ્તકમાં લખેલા મૅનેમજમૅન્ટના ત્તિયમો ખરેખર વિકાસલક્ષી ક્ષેત્રોમાં વપરાય છે ખરાં! કે બધું "'પોથીમાંના રીંગણા" જેવું જ જ્ઞાન છે!

જવાબ તો મળી જ ગયો છે, હા. પરંતુ પુનાનીના મતે હજી તો ઘણી મજલ કાપવાની છે. તેમની પાસે સશક્ત ટીમ છે.

અમારી મિટિંગના અંતે હું એક જ વિચારમાં છું આજના યુવાન MBA ને વાર્ષિકપ લાખ પગારથી સંતોષ થાય ખરો? અને એ ય નોકરીના ત્રીસ વર્ષ પછી?

ભૂષણ મને મનથી જ વાંચીને હસી પડે છે... પ્રેમ અને આશીર્વાદ, કાંઈક સારું કર્યાનો સંતોષ અને રાતની મીઠી શિંદર... આ બધાં ભથ્થાં તમે ભૂલી ગયાં?"

લાંબી, મોંઘી ગાડીઓ અને તગડાં બોનસ મેળવતા યુવા MBA વર્ષોની નોકરી પછી પણ નથી મેળવી શકતાં તેવાં આ ભથ્થાં છે... મની કેનનોટ બાય અએંવરીથિંગ, સાચી જ વાત છે!

આંતરખોજ

ભૂષણ પુનાની
"બ્લાઈન્ડ પર્સન્સ ઍસોસિયેશન' ' (BPA)

"હું હરિયાણાના અત્યંત નાનકડા ગામ હાંસીનો વતની છું. અમારી શાળા એટલે અદ્દલ સરકારી શાળા. શિક્ષકો વર્ષને અંતે બધાંને ચડાવી જ દે. બધાં પાસ! જો કે મારી વાત જુદી હતી. હું ભણવામાં હોશિયાર હતો. ચોથા ધોરણથી જ મને મહિને દસ રૂપિયાની સરકારી સ્કૉલરશીપ મળતી હતી." ૯૦ના દાયકામાં આ રકમની ય કિંમત હતી. અભ્યાસ ઉપરાંત હું રાજયકક્ષાનો ટેબલટેનિસ પ્લેયર પણ હતો.

મારા જમાનાના તેજસ્વી વિદ્યાર્થીઓની માફક હું પણ ડૉક્ટર જ બનવા ઈચ્છતો હતો પણ ત્રણ માર્ક ઓછા પડ્યા. અમારી શાળામાં એ વર્ષે કૅમિસ્ટ્રીના શિક્ષક જ ન હતા. તેથી અમને પ્રેક્ટિકલ કોઈએ કરાવ્યા જ ન હતા. ત્યાં જ હું માર ખાઈ ગયો . બાયોલૉજીનો વિષય રાખેલો હોવાથી મને કરનાલમાં પશુપાલનના કોર્સમાં પ્રવેશ મળી ગયો. આ ઈ-્સ્ટિટયૂટમાં દર વર્ષે રાજ્યમાંથી ફક્ત બે જ વિદ્યાર્થીઓને એડમિશન મળતું. અહીં ડેરી ડૅવલપમેંન્ટનું શિક્ષણ આપવામાં આવતુ.

હું બે ગોલ્ડમેડલ મેળવીને ગ્રેજ્યુએટ થયો. મારી બેચમાં તો મારા સૌથી વધારે માર્કસ હતા જ, પરંતુ આ કોર્સમાં આજ સુધીમાં કોઈએ આવું રિઝલ્ટ મેળવ્યુ ન હતું. મને [0|1160૦૦ત કંપનીમાં તરત જ નોકરી મળી ગઈ. કોઈપણ જાતના અનુભવ વગર તાજા ગ્રૅજ્યુએટને "હેડ ઑફ મિલ્ક પ્રોક્યોરમૅન્ટ ડિવિઝન'ની પદવી મળી ગઈ! જો કે થોડા જ વખતમાં હું નોકરીથી કંટાળ્યો. મેં પૉસ્ટગ્રૅજયુએશન કરવાનુ નક્કી કર્યું. તેમાં પણ રિઝલ્ટ સારું આવવાથી 'ICAR'ની ફેલોશિપ મળી. આ ફેલોશિપ પશુસંવર્ધન અને જેનેટિક્સમાં Ph.D. કરવા માટે મળી હતી.

આ દરમિયાન મેં IIMમાં પ્રવેશ માટે પણ અરજી કરી હતી. હું સિલેક્ટ થઈ ગયો. મેં IIM માં ભણવાનું શરૂ કર્યું ત્યારે જ મારામાં ગાંઠ વાળી હતી કે હું ગ્રામ્યવિસ્તાર ક્ષેત્રે જ કામ કરીશ. મને પંજાબનાં ગામડાંઓમાં કામ કરવાનો અનુભવ હતો. આપણે બધાંએ હિન્દી ફિલ્મોમાં શાહરૂખખાનને પંજાબનાં રાઈનાં પીળાં ફૂલોમાં ગીતો ગાતો જોયો છે, ખેતરોમાં લચી પડેલો પાક જોયો છે પણ ત્યાંની ગરીબાઈ નથી જોઈ! મેં મારી સમર-ઈન્ટર્નશીપ બિહારના સિમદંગા વિસ્તારમાં આદિવાસીઓના પ્રશ્નો સમજવામાં ગાળી. અમારા માનીનય પ્રોફેસર્સ શ્રી રણજીત ગુપ્તા અને રવિ મથાઈ સાથે કામ કરવાનું મારું સદ્ભાગ્ય હતું! તેમણે જ IIMA નો ગ્રામવિકાસ કાર્યક્રમ જાવાજામાં શરૂ કર્યો હતો .

જયારે MBA પૂરુ થયું ત્યારે હું બૅન્ક કે કન્સલ્ટિંગ કંપનીની તગડા પગારવાળી રૂટિન નોકરીમાં નહીં જ પડું તેની મને તથા સહુને ખાતરી હતી. તેથી જ અમારા બ્રોશરમાં જ 'અનકન્વેન્શનલ જોબ'ની કૉલમ ઉમેરાઈ. જેને કાંઈક જુદુ કરવું હોય, 'હટકે' વિચારવું હોય તેને માટે મોકળાશ ઊભી થઈ. પ્લેસમૅન્ટના બીજા દિવસે 'મફતલાલ' કંપનીએ મને તેમના "ગ્રામ્ય-વિકાસ ખાતાં માટે પસંદ કર્યો. હું પંદરમી જૂન-૧૯૭૯ને દિવસે જોડવાનું નક્કી કરીને ઘેર ગયો, ત્યાં જ સમાચાર આવ્યા કે મફતલાલ ગ્રુપના ભાગલા પડયા છે અને તેમનો ગ્રામ્ય-વિકાસનો આખો પ્રોજેક્ટ જ પડતો મુકાયો છે. કંપનીએ ઑફર પાછી ખેંચી લેતો પત્ર મને મોકલી આપ્યો. હું અમદાવાદ IIM પરત આવ્યો. મારી પાસે બે ઓફર હતી. એક સરકારી અને એક NGOની.

IIM ના એક વિઝિટિંગ પ્રોફેસર શ્રી મનુભાઈ શાહે મને તેમની પાસે બોલાવ્યો. મને કહે, "તારે

"અનકન્વૅન્શનલ જૉબ' કરવી છે ને? તો આ જો. તેં સ્વપ્નામાં ય ન વિચારી હોય તેવી તદ્દન "હટકે' જોબ! અહીં એક અંધશાળા છે. તેમને મૅનેજરની જરૂર છે. તારી ઈચ્છા હોય તો ઈન્ટરવ્યૂ ગોઠવું."

પંજાબ જેવા સમૃદ્ધ રાજ્યમાં પણ અસંખ્ય ગરીબ લોકો છે. આ
દેશમાં શોષણ એટલી હદે થાય છે કે બીજાં રાજ્યોમાં તો શી
પરિસ્થિતિ હશે તેની કલ્પના જ કરવી રહી!

એ જમાનામાં "બ્લાઈન્ડ પિપલ્સ એસોસિયેશન' ફક્ત "બ્લાઈન્ડ સ્કૂલ' કે "બ્લાઈન્ડ મૅન્સ એસોસિયેશન' તરીકે ઓળખાતું. એક ખૂબ જ વિશાળ જર્મન સંસ્થા 'CBM' તરફથી તેમને મોટી રકમની ગ્રાન્ટ એક શરતે મળે તેમ હતુ. શરત હતી કે પ્રૉફેશનલ મૅનેજર રાખવો. મૅનેજર રાખતા પહેલા પાંચ વર્ષનો પગાર, રહેવા, ખાવાનું બધું જ જર્મન સંસ્થા ભોગવશે. હું તો BPA ના જનરલ સેક્રેટરી ડૉ.જગદીશ પટેલને મળ્યો અને સંસ્થામાં જોડાવાની તૈયારી બતાવી. મેં ચોખ્ખું કહ્યુ, "મને નોકરીમાં રસ છે પણ હું તાત્કાલિક જોડાઈ શકું તેમ નથી. મેં મારા પ્રોફેસર રણજીત ગુપ્તાને તેમના એક પ્રોજેક્ટ માટે કોટા (રાજસ્થાન) જવાનું વચન આપ્યું છે.

એ સમયગાળામાં IIMના ડાયરેક્ટર ડૉ. વ્યાસનો મારા પર ફોન આવ્યો. એ તો મારા પર ગુસ્સે થઈ ગયા... "અલ્યા, તારી ડગળી ચસકી ગઈ છે કે શુ? તારે અંધારા કૂવામાં ભૂસકો મારવો છે? સો વાર વિચારીને પગલું ભરજે. અંધ લોકો સાથે તું ડિપ્રેસ થઈ જઈશ." આ શાળા વિરુદ્ધ છાપામાં થોડા ખરાબ રિપોર્ટ્સ પણ આવ્યા હતા તેની તેમને મારી ચિંતા થાય તે સ્વાભાવિક હતુ .

મેં કહ્યુ, "સર, મારી પાસે બે સારામાં સારી ડિગ્રીઓ છે. આટલા ભણતર સાથે ય જો મારે મારા ભવિષ્યની ચિંતા કરવી પડે, તો ક્યાં તો ડિગ્રીમાં પ્રૉબ્લેમ છે, ક્યાં તો મારામાં!" મનોમન તો મેં ય બે વર્ષ માટે જ આ નોકરી કરવાનુ વિચાર્યું હતુ. આગે આગે દેખા જાયેગા...

ડૉ. વ્યાસે મને કહ્યું, "તારી પ્રગતિ વિષે મને વખતોવખત જણાવતો રહેજે. મને રસ છે."

આમ, ૨૪મી સપ્ટેમ્બર ૧૯૭૯ને દિવસે મેં મેનેજરના હોદ્દા પર સંસ્થામાં કામ શરૂ કર્યું. મારો પગાર કેટલો હતો? મેં પૂછયું જ ન હતું. મારા બોસે એક દિવસ મને ખખડાવી કાઢયોઃ "તું તો મહામૂર્ખ છે, દોસ્ત! અમે તને કેટલો પગાર આપવાના છીએ એ તો પૂછ!"

મેં કહ્યું, "અમદાવાદમાં જીવી શકું એટલો તો તમે આપશો જ એની મને ખાતરી છે."

બોસ ખરૈખર અચ્છા માણસ હતા. ગુજરાત ગવર્નમેન્ટમાં ડાયરેક્ટર કક્ષાની વ્યક્તિને એ જમાનામાં જેટલો પગાર મળતો હતો તેટલો પગાર તેમણે મને નક્કી કરી આપ્યો. પગાર તો સારો હતો જ, પરંતુ આ કામ પડકારરૂપ હતું. ૧૯૭૯માં અંધજન મંડળમાં ૮૦ થી ૯૦નો સ્ટાફ હતો. મુખ્યત્વે પહેલા ધોરણથી હાયર સેકન્ડરી સુધીની શાળા, નાનકડું સ્વરોજગાર તાલિમ કેન્દ્ર અને ૨૦૦ થી ૩૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા. નાણાંનો સોત્ર-મુખ્યત્વે સરકારી ગ્રાન્ટ તથા દરિયાદિલ દાતાઓ! એક નાની વર્કશોપ પણ હતી. એ વખતે અમારી બૅન્ક ડિપોઝિટ લગભગ દસેક લાખની થતી, જેના પર લગભગ સાત લાખનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવતો . સંસ્થા તો ઘણી જૂની હતી. લગભગ ૨૫ વર્ષ જૂની, પરંતુ આજે જે વસ્ાપુર કૅમ્પસમાં તમે બેઠા છો, ત્યાં ૧૯૬૪માં શાળા ખસેડાઈ હતી. હરીશ પંચાલ નામના એક ઍન્જિનિયર બધો વહીવટ સંભાળતા.

મોટાભાગના IIM ગૅજ્યુએટ્સને પોતાના બૉસ સાથે નાના-મોટા પ્રોબ્લેમ્સ થતાં હોય છે પરંતુ મારા

બોસ શ્રી જગદીશ પટેલ નોખી માટીમાંથી બનેલા અત્યંત અચ્છા આદમી હતા. દૂરંદેશીવાળા , સમજુ અને ભલભલાને આંજી દે તેવું તેમનું ચુંબકીય વ્યક્તિત્વ! મારી કારકિર્દીની તડકી-છાંયડીમાં મને તેમનો સદાય સહકાર મળ્યો છે. વળી, BPA ના પ્રેસિડેન્ટ શ્રી અરવિંદ લાલભાઈને કારણે સંસ્થામાં પહેલેથી જ પ્રોફેશનલ વાતાવરણ હતું. ગુજરાતના લોકો દાન આપી જાણે છે . એમાંય જૈનો તરફથી તો સતત દાનની સરવાણી વહ્યા જ કરતી. આ સંસ્થાની પ્રગતિનું સૌથી મહત્ત્વનું કારણ એનો પારદર્શીયિતા અને પ્રામાણિકતા. એ જમાનાની NGO માં આવા દાખલા જૂજ જોવા મળતા. ટ્રસ્ટીઓ તો સંસ્થામાંથી રૂપિયો ય લેતા ન હતા.

અપંગ, અંધ લોકો માટે કામ કરતી સંસ્થાઓ પણ એ જમાનામાં જૂજ હતી. આવી સંસ્થાઓનો દુકાળ હોવાથી અમારો વિકાસ ઝડપથી થયો. એક જ વર્ષમાં મેં કામકાજ સમજી લીધું . આ સંસ્થા વધુ અંધ-અપંગોને મદદરૂપ થઈ શકે તે માટે બે રસ્તા અપનાવી શકાય તેમ હતા. પહેલો, સંસ્થાની પ્રવૃત્તિઓ અને વ્યાપ વધારવો . વધુ લોકોને સમાવાય તેવી શાળા, હોસ્ટેલ વગેરે બનાવવા. બીજો ઉપાય એ હતો, કે જ્યાં અંધો અને અપંગો વધુ છે તેવા વિસ્તારોમાં અમારે પહોંચવું. આ બીજા ઉપાયને આધારે અમે "પ્રોજેક્ટ' શરૂ કર્યા. આજદિન સુધી અમે એ મોડલને જ વળગી રહ્યા છીએ.

જો કે આવો કોઈ નવો પડકાર ઝીલવો હોય તો વફાદાર અને શસિષ્ઠાશીલ માણસોની જરૂર પડે. અમને નંદિની રાવળના સ્વરૂપમાં આવી જ એક વ્યક્તિ મળી ગઈ. એ ખુદ અમદાવાદની જાણીતી બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મૅનેજમૅન્ટની સ્નાતક હતી એને ઊંચા પગારની નોકરી મળી શકી હોત, પરંતુ એણે BPA માં કામ કરવાનું પસંદ કર્યું. એણે જ મને સામેથી ફોન કર્યો હતો. "સર, આપને મળી શકું? તમારે ત્યાં જગ્યા હોય તો મારે તમારી સંસ્થામાં કામ કરવું છે.

મેં તો એને કહ્યુ, "ભગવાને જ તને સામેથી અહીં મોકલી આપી છે. અમારા પ્રોજેક્ટ સંભાળી શકે તેવી કરુણાસભર વ્યક્તિની હું શોધમાં જ હતો. કાલથી જ આવી જા."

નંદિનીએ તો ફક્ત અંધોના જ નહીં, અપંગ, મૂક-બધિર તથા અનેકવિધ પ્રકારે અપંગ લોકોના પ્રોજેક્ટ પણ હાથ ધર્યા. આ બધા પ્રોજેક્ટ્સમાં CBR અર્થાત કૉમ્યુનિટી બેઈઝ્ડ રિહેબિલિટેશન' પર ભાર મુકાતો. અંધ કે અપંગ વ્યક્તિ પોતાની રીતે તો પગભર થાય જ, પણ સમાજમાં સ્વીકૃતિ પામે તે બાબત પર ખાસ ઝોક રહેતો.

૧૯૮૨ની ૧૯મી ફેબ્રુઆરીએ ગુજરાતના ધોળકામાં અને કર્ણાટકના શિકમગલૂર જિલ્લામાં અમારો પહેલો પ્રોજેક્ટ શરૂ થયો. જુઓ તમને સમજાવું - આમાં અમે એક સ્થાનિક ગ્રામ્ય સંસ્થાને ભાગીદાર

મેં અંધજનમંડળમાં નોકરી સ્વીકારી, તેથી ઘણાં લોકો મારા પર

નારાજ થઈ ગયા. IIMના પ્રોફેસર્સને એવું લાગ્યું કે આને કારણે

આપણી સંસ્થાનુ નામ બગડશે!

બનાવી દઈએ છીએ. જે તે વિસ્તારનું કામ એ સંસ્થા સંભાળે. અમે પ્રોજેક્ટ માટે નાણાં આપીએ , ચીજ-વસ્તુઓ આપીએ અને ફક્ત પહેલા ત્રણ વર્ષ માટે જ ફંડ આપીએ . સ્થાસિક NGO દસથી પંદર કાર્યકર્તાઓ - ફિલ્ડ વર્ક્સ - ની ટીમ બનાવે. તેમાં એકાદ સુપરવાઈઝર તથા શિક્ષક પણ હોય.

અમારી સંસ્થાના કર્મચારીઓ એ ટીમને ટ્રેઈનગ આપે. આટલાં વર્ષોમાં અમે હવે તો સારામાં સારા તાલિમ આપનારા શિક્ષકો તૈયાર કરી દીધાં છે . પેલા ફિલ્ડવર્કર્સ સ્થાનિક ભાષામાં અંધ-અપંગ પાસે ફોર્મ ભરાવે, સહી-સિક્કા કરાવે અને તેમને જે કાંઈ વસ્તુની જરૂર હોય તે પહોંચાડે - જેમકે હાથસાળ,

સાઈકલરિક્ષા, ટ્રાયસિકલ, સીવવાના સંચા, હિયરિંગ એઈડ, કાળા ચશ્માં, સફેદ લાકડીઓ , સંગીતનાં સાધનો....

સરકારે પણ અપંગો માટે ઘણી યોજનાઓની જાહેરાતો કરેલી છે. મોટાભાગનાં અપંગો તેનો લાભ જ નથી લેતાં. દા.ત. માનસિક કે શારિરીક રીતે ક્ષતિવાળા બાળકના નામે જે આવક થાય તેમાં ૧ લાખ સુધીની આવક "ટેક્સ ફ્રી ઈન્કમ' ગણાય છે તેની કેટલાંને ખબર હશે? અમે અંધ-મૂક-બધિર અને અન્ય શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને તેમના પગ ઉપર ઊભા રહી શકે તથા માથું ટટ્ટાર રાખી શકે તેવી પ્રવૃત્તિઓમાં સામેલ કરીએ છીએ. આમાંના કેટલાય તો તદ્દન નોર્મલ માણસોની જેમ જ જીવે છે. પોતાના ઘરમાં તેઓ ભારરૂપ નથી.

"ભૂષણ, આ રીતે કામ કરવાનું ફાવે? આ "ડિસેન્ટ્રલાઈઝૂડ મોડલ'ને કારણે કોઈ 'કરી?' ન જાય?" - મને વિચાર આવે છે.

"વાત તો સાચી જ છે. જો સ્થાનિક ભાગીદાર એજન્ટ સારો હોય તો અમારા કરતાં ય સારી રીતે પ્રોજેક્ટ પૂરો કરે છે. અમદાવાદથી ૮૦ કિ.મિ. દૂર વીરમગામ નામનું ગામ છે. ત્યાં રમીલાબેન જૈન નામના લેડી ડૉક્ટર રહે છે. લાયન્સ ક્લબ ઑફ વીરમગામે અમને આ બહેનની માહિતી આપી હતી. એમણે એક સ્થાનિક ટ્રસટ બનાવ્યું છે અને વર્ષોથી BPA સંલગ્ન પ્રોજેક્ટ્સ સંભાળે છે. અમારું કામ ફક્ત પ્રોગ્રામની ઉપરછલ્લી દેખરેખ રાખવાનું અને માસિક મિટિંગોમાં જવા પુરતું જ રહે છે . ફિલ્ડવર્કર્સ માટે અમે વખતોવખત તાલિમ યોજીએ છીએ. .

૧૯૮૫થી રમીલાબેન અમારી સંસ્થા સાથે સંકળાયેલા છે . હાલમાં તેઓ અમારી આંખની હૉસ્પિટલ, ઓર્થોપેડિક હોસ્પિટલ તથા અમારા અનેક પ્રોગ્રામ્સ તો સંભાળે જ છે. એ ઉપરાંત શિક્ષણ વિષયક પ્રોજેક્ટ્સ કરે છે, સાધનોનુ વિતરણ સંભાળે છે તથા સગર્ભા મહિલાઓને વિટામિનની ગોળીઓ વહેંચવાનું કામ પણ કરે છે. જો કે વિકેન્દ્રિકરણના ફાયદા ય છે ને ગેરફાયદા ય છે. આવા દસ રમીલાબેન મળે તો એક જીતેન્દ્ર પણ મળી જાય.

એકવાર જીતેન્દ્ર નામનો માણસ મને મળ્યો. યોગનો શિક્ષક હતો . અરે, કપડાં ય ભગવાં પહેરતો! અમે તો એને જોઈને જ રાજી થઈ ગયાં. મધ્યપ્રદેશના ઈટારસી પાસે ઘોડાડોંગળો નામની એક જગ્યાએ અમારો પ્રોજેક્ટ સંભાળવાનું કામ અમે ખૂબ વિશ્વાસપૂર્વક એને સોપ્યું. એ તો મારો વા'લો ત્યાંની એક યુવાન સ્ત્રી સાથે ભાગી ગયો! એક બીજો કિસ્સો ય યાદ આવે છે. અમારા પ્રોજેક્ટ હેડે નાણાંનો વહીવટ એવો કર્યો કે હિસાબ જ ન મળે! પછી ખબર પડી કે ભાઈ નિયમિતરૂપે કટકી કરતા'તા. અમે ફિલ્ડવર્કરને રૂ.૧૫૦૦/-નો પગાર આપીએ છીએ. ઘણા પ્રોજેક્ટ્સ પર સહી રૂ. ૧૫૦૦/- પર કરાવે અને આપે રૂ. ૧૦૦૦/-. આમ મહિને રૂ. ૫૦૦/-ની કટકી સાહેબ કરી લે. ખોટાં વાઉચરો બને... જાત જાતના નુસખા અપનાવે. અમારા પ્રોજેક્ટ્સ ગુજરાતથી માંડીને મેઘાલય અને ઓ રિસ્સા સુધી ચાલતા હોય છે . નજર તો રાખવી જ પડે છે.

ફિલ્ડ પરના કર્મચારીઓ સાથે અમે સારાસારી કેળવી લઈએ. કાંઈપણ ગરબડ ચાલતી હોય તો સૌથી પહેલી એ બધાંને જ ખબર પડે. ગરબડ ધ્યાન પર આવે કે તરત જ એ સંસ્થાના નામની અમે અમારા લિસ્ટમાંથી બાદબાકી કરી નાંખીએ છીએ. આમ કરવામાં સમય, શક્તિ અને નાણાકીય નુકસાન પણ વેઠવું પડે છે. પણ આવી સડેલી કેરીઓ ટોપલામાં રાખીએ તો બીજી કેરીઓ ય બગડે!

આ વિશ્વ સારા માણસોથી ભર્યું ભર્યું છે. પ્રત્યેક વ્યક્તિને પોતાના સન્માનની પડી છે , અને તેથી જ અમારા જેવી સંસ્થાઓ ચાલવાની જ છે. આટલા વૈવિધ્યસભર સ્થળોએ અને માણસો સાથે પ્રોજેક્ટ્સ

કરવા માટે અમારે કોઠ ટીમની જરૂર પડે છે. નાણાં ઊભા કરવા પડે. સારું નેતૃત્વ પૂરું પાડવું પડે તથા દરેક પ્રોગ્રામ પર ચાંપતી નજર રાખવી પડે.

અમે જયારે “ફંડરેઈઝિંગ ડિવિઝન” શરૂ કર્યું. ત્યારે 'સમાજસેવા'ના વિષયમાં અનુસ્નાતક થયેલો એક વિદ્યાર્થી BPAમાંથી જોડાયો. એનું નામ નૌતમ શુકલ. એ જ રીતે વડોદરાની એમ.એસ.યુનિવર્સિટિમાં સોશિયલ વક વિભાગનાં પ્રોફેસર વિમલ થવાની અમારે ત્યાં જોડાયા. શી ઈઝ અ વૉકેશનલ કાઉન્સેલર. અમે જેમ જેમ નવા નવા વિભાગો શરૂ કરતા ગયાં, તેમતેમ શ્રેષ્ઠ કર્મચારીઓ સંસ્થા તરફ આકર્ષતા ગયા. કંપનીઓ જેમ પ્રત્યેક વિભાગને પ્રોફિટ સેન્ટર તરીકે માનીને આવે છે તે જ પ્રમાણે અહીં પણ પ્રત્યેક વિભાગની જવાબદારી હોય છે. મૅનેજર્સને સતત તાલિમ આપવામાં આવે છે.

ઈન્દોરની “સ્કૂલ ઓફ સોશિયલ વર્ક'નો સ્નાતક અખિલ પૉલ MSW તથા પત્રકારિત્વનો કોર્સ કરીને BPA માં જોડાયો ત્યારે ફક્ત પ્રોગ્રામ સંચાલક હતો. એ એટલો હોંશિયાર હતો કે માત્ર એક જ વર્ષમાં અમે એને અમેરિકાની શ્રેષ્ઠ યુનિવર્સિટિમાં એક વર્ષનો કોર્સ કરવા મોકલી આપ્યો. એ હવે યુ.કે.ની “સેન્સ ઈન્ટરનૅશનલ' સંસ્થા સાથે સંકળાયેલો છે . અખિલ “સેન્સ'નો વડો છે.” ભૂષણ ગર્વથી કહે છે.

મૅનેજમૅન્ટના જે નિયમો છું કૉલેજમાં શીખ્યો હતો તેનું

વિકાસના ક્ષેત્રે મહત્ત્વ છે કે નહીં, જે જાણવા જ હું BPAમાં

જોડાયો હતો. મારી કેળવણીની આ અગ્નિપરીક્ષા હતી.

હું મનોમન વિચારું છું... ભારતની કેટલી સંસ્થાઓ પોતાના ભૂતપૂર્વ કર્મચારીઓ માટે ગર્વભેર ચર્ચા કરી શકતી હશે? ભાગ્યે જ આંગળીના વેઢે ગણાય તેટલી. એને માટે ઘણું મોટું મન જોઈએ .

ભૂષણને ખરેખર અખિલ માટે માન છે. “એ છોકરો ઓલરાઉન્ડર હતો. ફોટોગ્રાફી કરે, ડાઈવિંગ કરે, ચોવીસ કલાક કામ ખેંચી શકે, અડધી રાતે ય હસતો હસતો મહેમાનોને સ્ટેશનેથી લાવે-મૂકે... તમે માનશો, એ આગળ આવે એને માટે મેં જ ઘણા પ્રયત્નો કર્યા હતા અને બીજી સંસ્થામાં મૂકવા માટેની મિટિંગ થઈ ત્યારે હુ એમાં મેમ્બર તરીકે બેઠેલો હતો. જો કે અખિલ ગયો ને બ્રહદા શંકર નામની પોલિટિકલ સાયન્સમાં M.A. થયેલી એક છો કરી BPA માં જોડાઈ. એને અમારે ત્રણ મહિના ટ્રેઈનેગ આપવી પડી, પરંતુ આજે એ અખિલને ય આંટી મારે તેવી તૈયાર થઈ ગઈ છે. બાળકો તો એને મા જ માને છે. હાલમાં તે ત્રિવેન્દ્રમમાં છે અને એક રાષ્ટ્રીય સંસ્થા સાથે કામ કરે છે.”

કાળક્રમે BPA એક એવી સંસ્થા તરીકે ઊભરી આવી છે, કે જેના કર્મચારીઓ સંસ્થાથી દૂર જાય, પછી પણ સંસ્થા સાથે સંકળાયેલા રહે છે. શારીરિક રીતે દૂર પરંતુ હૃદયથી નજીક! અમારા ફૂલટાઈમ લીગલ એડવાઈઝર હસમુખભાઈ ઠક્કર આનું શ્રેઠ ઉદાહરણ છે. વર્ષો સુધી તેમણે અહીં કામ કર્યું. એક દિવસ મને કહે, “સાહેબ, હવે આપણી કોઈ મેટર કોર્ટમાં નથી. તમને વાંધો ન હોય તો મારી પોતાની પ્રેક્ટિસ ચાલુ કરું? હું BPA ને તો નહીં જ છોડું. દર શનિવારે આવીને ટપાલ-કાગળિયાં જોઈ જઈશ.”

હસમુખભાઈ હવે માત્ર મહિને રૂ. ૨૯૮૦/-નો પગાર લે છે. પહેલાં લેતા હતા એનો છઠ્ઠો ભાગ! એ તો એમ જ કહે છે કે આ આ ચેક તો હું BPA સાથેના જોડાણની અનુભૂતિ માણી શકું એટલા ખાતર જ લઉં છું. એમનાં પત્ની અહીં સેવા આપે છે તથા દર મહિને સંસ્થા માટે દસથી વીસ હજારનું દાન ભેગું કરી લાવે છે. અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ વિઝિટિંગ પ્રોફેસર્સ તરીકે અહીં આવે છે. ઘણા અમારા શુભેચ્છકો તરીકે, સલાહકાર તરીકે તથા ફંડરેઈઝર્સ તરીકે સંકળાયેલ રહે છે.

મોટાભાગના વિકાસશીલ દેશોમાં સમાજવ્યવસ્થા લગભગ સરખી જ

હોય છે. થોડાઘણા ફેરફાર સાથે ચીનથી માંડીને ઝાંબિયા સુધી

ભારતમાં સફળ થયેલા સમાજસુધારણાના

કાર્યક્રમો લાગુ પાડી શકાય છે.

દુબાઈમાં જાસ્મીન અનિરૂદ્ધન સંસ્થા માટો કામ કરે છે. અમેરિકામાં દિપીકા જોષી. અશોકકુમાર હવે ઈન્ડિયન રેડક્રોસની ગુજરાત શાખાના વડા છે. તેમણે BPA ને આંખની હૉસ્પિટલ ઊભી કરવા માટે વીસ લાખથી વધુની ગ્રાન્ટ આપી છે. જે કોઈ એકવાર અહીં જોડાય છે તે સંસ્થાથી ક્યારેય અલગ થઈ શકતું નથી. સ્ટાફ તો ભાગ્યે જ છોડીને બીજે જાય. એનાં ત્રણ કારણો છે. પહેલુ તો અમે પાંચમા પે કમિશન મુજબ કર્મચારીઓને પગાર ચૂકવીએ છીએ. બીજી સંસ્થાઓ કરતાં અમારા પગારો ઘણા સારા છે. બીજું, દરેકને પોતાની રીતે કામ કરવાની છૂટ છે અને તેથી જ મોટાભાગના કર્મચારીઓ સંસ્થાના કામને પોતાનું કામ સમજીને માલિકી ભાવનાથી કામ કરે છે. ત્રીજું અને સૌથી મહત્ત્વનું કારણ એ છે કે વિવિધ કોર્સ, સેમિનાર તથા દેશ-પરદેશના ટ્રેઈનગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે અમે કર્મચારીઓને મોકળાશ અને મદદ બંને આપીએ છીએ.

હાલમાં BPA ના ચાર કર્મચારીઓ વિદેશ ભણવા ગયા છે. યુ.એસ., યુરોપ અને જાપાન ખાતે નેતૃત્વ, માનવ અધિકારો અને મલ્ટિપલ ડિઝએબિલિટીમાં આગળ ભણવા અમે જ તેમને મોકલ્યા છે. આવા કાર્યો માટે ફોર્ડ ફાઉન્ડેશનની ગ્રાન્ટ મળે છે. તમને એક હસવાની વાત કહું? મેં હજી અમેરિકા નથી જોયું, પણ BPA ના દસેક કર્મચારીઓને મેં ત્યાં મોકલ્યા છે . જયારે તેઓ ભણીને , નવી દુનિયા જોઈને આવે ત્યારે તેમનો કામ કરવાનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે.”

“ભૂષણ, આટલાં વર્ષોનો મહેનતનાં પરિણામોનુ સરવૈયું તો ક્યારેક કાઢયું જ હશે ને? BPA દ્વારા થયેલાં કામોની સમાજ પરની અસર માપી છે? સંસ્થાની સિદ્ધિઓની તો વાત કરો!

“હું સંસ્થામાં જોડાયો ત્યારે અમે એક જ કૅમ્પસ પરથી કામ કરતાં હતાં. આજે ગુજરાતમાં અમારાં આઠ કેન્દ્રો છે. દસ લાખના બજેટમાંથી આજે વાર્ષિક બજેટ વીસ કરોડે પહોંચ્યું છે. જો કે આ આંકડામાં CBR પ્રોજેક્ટની ગણતરી નથી. એ પ્રોજેક્ટ માટે તો ફંડિંગ એજન્સી બારોબાર સ્થારનિક ભાગીદાર સંસ્થાને નાણાં આપી દે છે. અમે ફક્ત વહીવટી દેખરેખ રાખીએ છીએ. BPA એ ભારતમા લગભગ ૧૨૫ વિસ્તારોમાં, ગુજરાતના ૨૨૫ તાલુકાઓમાં તથા ચીન, દક્ષિણ-પૂર્વ એશિયા અને આફ્રિકામાં અસંખ્ય ફિલ્ડ સ્ટાફ સાથે સેંકડો પ્રોજેક્ટ કર્યા છે.

ફંડિંગ એજન્સીમાંથી નાણાં BPAમાં લેવાને બદલે બારોબાર સ્થાશિક સંસ્થામાં મોકલવાનું મુખ્ય કારણ એ છે કે સંસ્થામાં વધુ પૈસા આવે તો અમને માલિકીભાવના વધે, અભિમાન આવી જાય કે અમે તો આટલું બધું કામ કરીએ છીએ! હા, એ નાણાંમાંથી અમે ટ્રેઈનિંગ, પગારો, કોમ્પ્યૂટર હાર્ડવેર તથા સ્ટાફની ફિલ્ડટ્રીપ માટેનાં નાણાં કાઢી લઈએ છીએ. ગુજરાતની બહાર જે કોઈ પ્રોજેક્ટ કરીએ, તેમાં સંસ્થા પહેલા બે-ત્રણ વર્ષ સુધી જ ટેકો આપે છે. ધીમે ધીમે તેમને જરૂરિયાત મુજબ ફક્ત તાલિમ માટે બોલાવીએ છીએ. પ્રોજેક્ટમાં તેમને તકલીફ પડે, તો BPAનાં બારણાં તેમને માટે ખુલ્લાં જ છે.

આજે તો તમે કહી શકો કે અમે “કર્તા' સંસ્થાને બદલે નેટવર્ક સંસ્થા બની ચૂક્યા છીએ. અત્યારે તાલિમ અને પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેશન આ સંસ્થાનું સૌથી સબળ પાસું છે. અગાઉ સંસ્થામાં એક જનરલ સેક્રેટરી, એક વર્કર્સ મૅનેજર તથા એક જ ટ્રસ્ટ હતુ. આજે એક મુખ્ય ટ્રસ્ટ છે અને ચાર સંલગ્ન ટ્રસ્ટ છે. દરેક ટ્રસ્ટનું સ્વતંત્ર બોર્ડ ઑફ ડાયરેક્ટર છે.

પાંચેક ટ્રસ્ટની પ્રવૃત્તિઓ અલગ-અલગ છે. દા.ત. “નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ બ્લાઈન્ડ'ની ગુજરાત શાખા ફક્ત અન્ય શાખાઓ સાથે સંપર્ક (નેટવર્ક)નું જ કામ કરે છે. “સદ્‌ભાવના ટ્રસ્ટ' પંગુતા સિવાયના પ્રોજેક્ટનું જ કામ લે છે અને “સેન્ટર ફૉર ધ બ્લાઈન્ડ' અમારી ધંધાકીય શાખ છે . દર વર્ષે સંસ્થા આઠ કરોડનું તો ફર્નિચર જ બનાવીને વેચે છે. આ ફર્નિચરના વેચાણ બાદ જે નફો થાય છે તે અમારા કુલ બજેટના ૧૦% જેટલો છે. સરકારી ગ્રાન્ટ દ્વારા ૨૦ થી ૨૫% નાણાં મળે છે. વિદેશી ફંડિંગ ૨૦ થી ૩૦% મળે છે તથા ૧૦ થી ૧૨% નાણાં અન્ય રોકાણો તથા દાતાઓ તરફથી મળે છે. હવે અમે ધીમે ધીમે કંપનીઓને પણ દાન માટે અપીલ કરીએ છીએ.

ફક્ત સેવાકીય સંસ્થા બની રહેવાને બદલે BPA હવે દર્દીઓ પાસેથી યથાશક્તિ ફી સ્વીકારે છે. તમને જાણીને નવાઈ લાગશે, પરંતુ અમારી આંખની હોસ્પિટલનો જે ગરીબો લાભ લે છે તેને મફત સેવા ખપતી નથી. ગરીબોની ગરિમા એવી હોય છે કે રૂપિયા ન હોય તો ખેતરમાંથી શાકભાજી, ઘઉં કે મગફળીના થેલા ય છેવટે આપીને જાય! ખરેખર, અંતરિયાળ વિસ્તારનાં આ મુઠ્ઠી ઉંચેરા માનવીઓની માણસાઈને સલામ કરવાનુ મન થઈ જાય!

અપંગો રોજી-રોટી આપકમાઈથી રળી શકે તેવાં મૉડલ વિકસાવવા માટે અમે નવા-નવા નુસખા શોધી કાઢીએ છીએ. ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી, બ્યુટીશિયન ટ્રેઈનિંગ, ફિઝિયોથેરાપી, માલિશ, સંગીત જેવાં અનેક ક્ષેત્રે અમારા વિદ્યાર્થીઓ સરસ કામ કરે છે. અમારા ફિઝિયોથેરાપી સેન્ટરનું તો એવું નામ છે કે ગુજરાતના અનેક જાણીતા અને પૈસાદાર લોકો ય અહીં ટ્રિટમેન્ટ લેવા આવે છે. અમે વિશાળ ITI પણ ચલાવીએ છીએ, જયાં વિદ્યાર્થીઓને તાત્કાલિક નોકરી મળે તેવા વિવિધ કોર્સિસ કરવા મળે છે. હમણાં જ સરકાર તરફથી નવું અલ્ટ્રામોડલ મકાન બાંધવા માટે સંસ્થાને ભંડોળ મળ્યું છે.

મોટાભાગની સેવાસંસ્થાઓ બળાપો કાઢતી હોય છે... યે ગ્રાન્ટ નહિં મિલા, વો નહિં મિલા... અમને આવા પ્રશ્નો નડતા નથી. સરકાર તરફથી હક્કની હોય તેટલી ગ્રાન્ટ નિયમિત મળે છે. અમે હિસાબો ચોખ્ખા રાખીએ છીએ, જે કોઈ કાગળિયાં મોકલવાનાં હોય, તે નિયમિત સરકારશ્રીને મોકલી દઈએ છીએ તથા અમારી સંસ્થાના કેટલાક ટ્રસ્‌્ટીઓને ગુજરાત રાજયના કેટલાક પ્રધાનો તથા સેક્રેટરીઓ સાથે ઘરવટ છે. અમુક ટ્રસ્ટીઓ તો સરકારની કેટલીક કમિટીઓમાં પ્રધાનો સાથે ઊઠબેસ કરે છે. એમની ઓળખાણો પણ સંસ્થાને મદદરૂપ થાય છે.

છતાં ય કામ સહેલુ તો નથી જ. પ્રભુની કૃપાથી શક્તિ મળી રહે છે. મારી ગુજરાતી પત્ની હંસા વકીલ છે. અમે લગ્ન પહેલાં પણ મિત્રો હતા અને અમારી વચ્ચે સમજણનો એવો મજબૂત સેતુ સધાયેલો છે કે તે મારે માટે શક્તિનો અખૂટ સ્તોત્ર બની ગઈ છે.

હું સવારે ૯.૩૦ વાગે ઓફિસ આવી જાઉં છું અને ૮.૩૦ સુધી અહીં જ હોઉં છું. રવિવારે પણ ૨.૩૦ સુધી તો કામ હોય જ છે. હંસા ખૂબ સમજુ છે. એ જાણે છે કે હું નોકરી નથી કરતો, મારે માટે આ મિશન છે, પડકાર છે. તેથી જ, તે ઘણું ચલાવી લે છે. મારા કરતાં એ વધારે કમાય છે તેથી પૈસાની તકલીફ નથી પડતી .

અમારી એકની એક દીકરી શચિ હમણાં જ વકીલ બની છે. એણે તો અમારી પાસે ક્યારેય કાંઈ માંગ્યું જ નથી! તદ્દન સાદી અને સરળ છોકરી છે. અરે, હું તમને શું કહું? બેંગ્લોરમાં એની ઈન્ટર્નશીપ ચલાતી હતી ત્યારે હું ત્યાં ગયો હતો . અમે ડીનર માટે એક સરસ જગ્યા જોઈ. હુ જવા જ જતો હતો ત્યાં શશિ મને કહે, “પપ્પા, આ રૈસ્ટોરાં તો બહુ મોંઘી લાગે છે. તમે અહીં જ ઊભા રહો. હું અંદર જઈને મેનુકાર્ડમાં ભાવ જોઈ આવું.”

અંતે અમે નજીકની એક સસ્તી ફૂડકોર્ટમાં જમ્યા. એવુ ન હતું કે અમને પોસાય તેમ ન હતું પણ સચિને લાગ્યું કે એવા ખોટા ખર્ચ ન કરાય! ભગવાન આવા સમજુ અને દયાળુ બાળકો આપે તો માણસને બીજું શું જોઈએ? પ્રામાણિકતાપૂર્વક કહું તો મારો પગાર કાંઈ એટલો ઓછો ય નથી. BPAના સરવૈયામાં દર વર્ષે છપાય જ છે. મને વર્ષે પાંચ લાખ મળે છે. સારું ઘર, ગાડી, સાદુ ખાવાનું. . બધું જ અમને પોસાય છે. આનાથી વધુ શું જોઈએ?

મારા પિતાજીનું નામ ભગત ચેલારામ એમણે સમાજસુધારણા અને સામાજિક ઉત્થાનનાં કાર્યોમાં લોહી રેડી દીધું હતું. આજે મને જોઈ શકતા હોત, તો તેમની છાતી ગજ ગજ ફૂલત! બહેન, આજકાલના

મારી સાથે જે IIM(A) માંથી ગ્રેજ્યુએટ થયા હતા તેમને આજે કરોડ-

કરોડનો પગાર મળે છે પણ એમાંથી એકેય રાતે ઊંઘી શકતા નથી.

સ્થાનિક સંસ્થાને સશક્ત બનાવવાનો અમારો મુખ્ય ધ્યેય હોય છે.

BPAને નાણાં મળે અને અમે જ પ્રોજેક્ટના ખર્ચાનાં નાણાંની

ચૂકવણી કરીએ તો આ અમારો પ્રોજેક્ટ ગણાય. પરંતુ

રમીલાબહેતને સીધા જ નાણાં મળે અને કામનું મહેનતાણું પણ એ જ

ચૂકવે, તો તેમને પ્રોજેક્ટ માટે માલિકીભાવનાની લાગણી થાય. એ

લાગણી થવી અનિવાર્ય છે.

સર્વગુણસંપન્ન મા-બાપો અને હુંસાતુંસીમાં મશગૂલ બાળકોને કદાચ મારી લાગણી નહીં સમજાય.

IIM ના વાર્ષિક કાર્યક્રમ “કૉન્ફ્લ્યુઅન્સ'માં ભારતના ભલભલા કોર્પોરેટ માંધાતાઓ સ્ટેજ પર બિરાજે છે . હમણાં હું પણ એક ખુરશી પર તેમની સાથે જ સ્ટેજ પર બેઠો હતો . મેં વિદ્યાર્થીઓ સાથે મુદ્દાની વાત કરી. પૈસાનું જીવનમાં ખરેખર મર્યાદિત પ્રમાણમાં જ મહત્ત્વ છે. સાચી મૂડી છે સંતોષ, સ્વાર્પણ અને સદ્ભાવના. અન્ય માટે કાંઈક કરી છૂટવાની વૃત્તિ!

ઘણાં સાહેબો ત્યાં બોલ્યા કે અમે તો દસ લાખ માણસોને રોજી- રોટી પૂરી પાડી છે . આટલી નોકરીનું સર્જન કર્યું છે. હજારો કરોડની મૂડી દેશને રળી આપી છે. ઓ.કે. ગુડ ફૉર ધેમ! મેં સશક્તિકરણની દિશામાં કામ ક્યું અને સમાજને ચરણે જ્ઞાન અને સંચારની ભેટ ધરી છે. મૅનેજમૅન્ટની ડિગ્રીઓ ફક્ત “પોથીમાંના રીંગણા' નથી. વિકાસ અને સામાજિક ઉત્થાનક્ષેત્રે આ સ્િયમો ચોક્કસ લાગુ પાડી શકાય છે તે મેં અનેકના જીવનમાં પ્રાણ પૂરીને સાબિત ક્યું છે. એક અંધ કે અપંગ વ્યક્તિ સામાન્ય જીવન વ્યતિત કરી શકે તેથી મોટી ભેટ સમાજને શી હોઈ શકે?”

ખરેખર, ભૂષણ તમે તો જીવનને જીવી જાણ્યું અન્ય માટે, અન્ય સાથે. જ્યારે અંતરઆત્મા જાગૃત થાય છે ત્યારે બીજું બધું ગૌણ થઈ જાય છે. ખરું ને, વાચકો? તમે પણ અંતરઆત્માને ઢંઢોળીને સત્યની શોધના રસ્તે પ્રયાણ કરો.

સમાજસેવા કે સત્કાર્ય કરવાની ઈચ્છા હોય તો જાડાં થોથાં વાંચવાની જરૂર નથી. ઘરની બહાર નીકળીને આંખ-કાન ખુલ્લાં રાખીને આસપાસ નજર ફેરવો.

શાળાએ ન જઈ શકતાં રખડતાં બાળકો જોવા મળે છે? મોતિયો પાકી ગયો હોય તેવી વૃદ્ધા દેખાય છે? ગરીબ લારીવાળો મળી આવે છે? એના દીકરાને કૅન્સર હોય તો એ ક્યાં જશે?

એક જ વ્યક્તિને મદદ કરી શકો તો ય ઘણું છે . ઘણીવાર તો આંગળી શિધ્યાનુ ય પુણ્ય મળતું હોય છે. હું તમને એક જાણવા જેવી વાત કરું અમદાવાદમાં જ એવી દસ હોસ્પિટલો છે કે જયાં મોતિયાનાં ઓપરેશન તદ્દન મફત કરી આપવામાં આવે છે. બોલો , તમને ખબર હતી? તમારે તો પેલી વૃદ્ધાને તમારા સ્કૂટર કે અન્ય વાહનમાં બેસાડીને નગરી હૉસ્પિટલ સુધી મૂકી જ દેવાનાં છે.


નગરી હૉસ્પિટલ (મીઠાખળી) પહોંચવામાં તમારે કેટલો ખર્ચ થયો? ૮૦ રૂપિયા? અને પેલાં બહેનનું તો જીવન બદલાઈ જશે. કાફે- કોફી ડે માં બેઠાબેઠા ભારતના ભાવિ અને વિકાસની ચર્ચાઓ કરવાનું બંધ કરીને તમારા ઘરની નજીકની મ્યુનિસિપલ શાળામાં જાઓ. એ કૉફી જેટલા રૂપિયામાં એક બાળકનું દફતર કે યુનિફોર્મ આવી જશે.

એંટલિસ્ટ... ટચ વન લાઈફ!

THE SPIRITUAL CAPITALIST

આધ્યાત્મિક મૂડીવાદીઓ

'જનસેવા એ જ પ્રભુસેવા' 'સાચો સદ્ગુણ સેવા'... આ તો જૂગજૂની વાત છે ખરું ને? પરંતુ આજે ય આપણી આસપાસ જ સેવાના આ આદર્શોને જ જીવનનો પર્યાય સમજીને પોતે બળીને ઉજાસ ફેલાવતી દીવેટો આપણી વચ્ચે શ્વસી રહી છે. કેમકે તેમની પાસે એક સાદી સમજણ છે, કાર્યશુદ્ધિ અને નિસ્વાર્થ ભાવ જ જીવનનો સાચો ધર્મ અને મર્મ છે!



આત્મા અક્ષય છે!

મધુ પંડિત દાસા
'અક્ષયપાત્ર'

આઇ.આઈઈઈ.ટી.ના અભ્યાસકાળ દરમિયાન મધુએ એકવાર તો આત્મહત્યા કરવાનું નક્કી જ કરી નાંખ્યું હતું એ જ ગાળામાં તેમની ઓળખાણ કૃષ્ણ સાથે થઈ! અર્જુનના સખા ભગવાન શ્રીકૃષ્ણ... હો કે! અને બસ એ દિવસથી જ એ આધ્યાત્મના રસ્તે ચાલી નીકળ્યા 'ISKCON' (બેંગલુરુ)ના વડા તરીકે આજે તો મધુ "અક્ષયપાત્ર'ના વડા છે... કદાચ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવો આ સેવાનો ભેખ અને મૅનૅજમેન્ટની જબ્બર કલાનો સુભગ સમન્વય છે! રોજનાં દસ લાખ ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ ઠારવાનું કામ કાંઈ બચ્ચાંનો ખેલ થોડો છે?

મેં ઈસ્કોનનાં ઘણાં મંદિરો જોયાં છે, પરંતુ બેંગ્લોરના મંદિર જેવુ ભવ્યાતિભવ્ય મંદિર આજ સુધી નથી જોયું. વાતાવરણમાં પરમ શાંતિ છે. હું 'અક્ષયપાત્ર'ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (માર્કેટિંગ) શ્રી શ્રીધર વેંકટની ઓફિસમાં મધુ પંડિત દાસની રાહ જોતી બેઠી છું.

"લ્યો, આ વેદિક ચા પીઓ. યુ સી, અમે નોર્મલ ચા-કૉફી અહીં નથી પીરસતાં." શ્રીધર મને માટીના પાત્રમાં ચા ધરે છે .

આજનો ઈન્ટરવ્યૂ લેવો કે નહીં - હું એની અવઢવમાં હતી કેમકે આપણા દેશમાં વર્ષોથી મંદિરો પ્રસાદ આપે જ છે . આ ઈસ્કોનવાળા નવું શું કરે છે? સમાજની સેવા એ તો મંદિરોનો "ધંધો' જ છે , ખરું ને? સમાજની સેવા પરંતુ ભારતમાં પથરાયેલાં લાખો મંદિરોમાંથી માંડ આંગળીના વેઢે ગણાય તેટલાં જ મંદિરો સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. દાન-દક્ષિણા અને ભંડારોમાં જે કરોડોની આવક આવે છે તેનુ શું થાય છે તે તમે ય જાણો છો ને હું ય જાણું છું!

'અક્ષયપાતા' હાલમાં વિશ્વનો સૌથી મોટો "મિડ-ડે મિલ' પ્રોગ્રામ (મધ્યાહ્ન ભોજન યોજના) ચલાવે છે. ભારતનાં દસ લાખથી ય વધુ શાળાએ જતાં બાળકોને અક્ષયપાત્રના અનેક રસોડાંમાંથી દરરોજ તાજું અને પૌષ્ટિક ભોજન પહોંચાડાય છે. મોટાભાગનાં મંદિરોનાં મહારાજોને તમે બોલતા સાંભળ્યા હશે. ..અમારાથી થાય એટલું કરીએ છીએ....અક્ષયપારા વિજ્ઞાન અને સામાજિક પ્રતિબદ્ધતા નો સુભગ સમન્વય છે. વૈજ્ઞાનિક પદ્ધતિથો બનાવેલું રસોડું, અલ્ટ્રામૉડર્ન કહેવાય તેની વિતરણ વ્યવસ્થા,

મૉડર્ન માર્કેટિંગ અને પારદર્શક હિસાબો - આ બધાનો ઉત્સાહ આવતો ક્યાંથી હશે? અહીંની એકેએક વ્યક્તિ સમર્પિત છે અને કૃષ્ણ ભગવાન તરફનું તેમનું સમર્પણ એવુ જોરદાર છે કે ભલભલા રેશનાલિસ્ટ પણ ભગવાનમાં માનતા થઈ જાય!

મધુ પંડિતની વાતો સાંભળતાં સાંભળતાં હું વિચારમાં પડું છું... This is a monk who never dreamt of a ferrari! આ સાધુએ કદીએ ફરારી ગાડીનું સ્વપ્નું નહીં જ જોયું હોય. આ જીવન વિષે તથા અસ્તિત્વ વિષે તેમણે પોતાની જાતને જે જે પ્રશ્નો પૂછયા તે બધાનો તેમને જવાબ મળી જ ગયો છે અને છતાં ય... તેમની શોધ ચાલુ જ છે. હવે તો તે અઘરા સવાલો નથી પૂછતા. તેમના પ્રશ્નો બહુજનહિતાય હોય છે.

“ભારત દેશમાં રોજ કેટલાં બાળકો ભૂખ્યાં ઊંઘે છે?”

“કાલથી થોડાં વધારે બાળકોને જમાડી શકાય ખરાં?”

એક સ્તી તરીકે હું ય સમજું છું કે ભગવાન કોઈને ભૂખ્યો ઉઠાડે છે પણ સુવાડતો નથી પરંતુ એની ભૂખ ભાંગવા કોઈએ રાંધવું તો પડે ને?

આત્મા અક્ષય છે!

મધુ પંડિત દાસા
'અક્ષયપાત્ર'

"મારો જન્મ નાગરકોલમાં થયો હતો પરંતુ હું બેંગ્લોરમાં જ મોટો થયો છું કેમકે મારા પિતાજી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ઼ સાયન્સ (IIST) માં વૈજ્ઞાનિક હતા. ત્યાંથી તેમની બદલી ત્રિવેન્દ્રમ ઈસરો (ISRO) માં થઈ."

હું તો બેંગ્લોરની સેંટ જોસેફ઼ સ્કૂલમાંથી ત્રિવેન્દ્રમની એ જ શાળાની શાખામાં દાખલ થઈ ગયો! નાનપણમાં મને બ્રિટિશ લાઈબ્રેરીમાં જઈને વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવા ખૂબ ગમતાં. મને ચેસ રમવાનો પણ ગજબ શોખ હતો. ચોથા ધોરણમાં મારા પિતાજીએ જ મને રમતાં શીખવ્યું. ત્રિવેન્દ્રમ ડિસ્ટ્રિક્ટ જુનિયર ચેમ્પિયનશીપમાં હું સતત ત્રણ વર્ષ જીત્યો અને એક વર્ષે સ્ટેટ જુનિયર ચેમ્પિયન પણ થયો હતો. વિજ્ઞાન અને ચેસ સિવાય ભણવા-ગણવામાં મને રસ ન હતો.

નવમા ધોરણમાં આવ્યો ત્યારે પિતાજીએ કહ્યું , "આજથી તારું ચેસ બંધ! હવે ભણવા પર ધ્યાન આપો."

મને જ નવાઈ લાગી, પણ થોડું જ વધુ ધ્યાન આપવાથી મારા રિઝલ્ટમાં આસમાન-જમીનનો ફ઼રક પડી ગયો. દસમા ધોરણમાં તો ગણિતમાં સોમાંથી સો આવ્યા. એવામાં હું "ત્રિવેન્દ્રમ સાયન્સ ક્લબ'નો સભ્ય થયો . મને થિયોરેટિકલ ફ઼િઝિક્સમાં ઊંડો રસ જાગૃત થયો. મને ખ્યાલ આવ્યો કે સારું ભૌતિકવિજ્ઞાન ભણવું હશે તો ગણિત પાકું કરવું પડશે. મેં સ્કૂલની ચોપડીઓ તો પતાવી જ દીધી , ઉપરાંત બહારની ઘણી ચોપડીઓમાંથી ગણિતના વિવિધ પ્રોબ્લેમ્સ સૂલઝાવવા માંડયા. એવામાં "નૅશનલ સાયન્સ ટેલૅન્ટ સર્ચ'ની પરીક્ષાના રિઝલ્ટ આવ્યા. મને સ્કોલરશીપ મળી. આ સ્કોલરશીપ એટલી પ્રતિષિત હોય છે, કે બધી જ IIT અને BITS (Pilani) તમારે માટે દરવાજા ખોલી દે છે. કોઈપણ જાતની પ્રવેશ પરીક્ષા વગર જ મને IIT (મુંબઈ) માં એડમિશન મળી ગયું! ૧૯૦૯માં મેં પાંચ વર્ષનો M.Sc. (ફ઼િઝિક્સ)નો કોર્સ શરૂ કર્યો. હું ખરેખર ખૂબ જ ખુશ હતો. હવે ભણવાની ખરી મજા આવશે.

થોડા જ દિવસમાં મારો બધો જ ભ્રમ ભાંગી ગયો. હું શુ વિચારીને આ મહાન સંસ્થામાં આવ્યો હતો....અને અહીં તો ગળાકાપ હરીફ઼ાઈ, પાશ્ચાત્ય વાતાવરણ તથા અન્યના રિઝલ્ટ પર આધારિત તમારું ગ્રેડિંગ (રિલેટિવ ગ્રેડિંગ)! હું અત્યંત નાસીપાસ થઈ ગયો . એ.ન્જિન્યરિંગ માટે કદાચ આવી સંસ્થાઓ સારી હશે પરંતુ વિજ્ઞાનના વિષયો માટે તો ન જ ચાલે. મારાં બે વર્ષ ડિપ્રેશનમાં ગયાં. ઊંઘમાં ચાલતો હોઉં, તેમ ક્લાસમાં જાઉં ટ્યૂટોરિયલ ભરુ , ગોખી કાઢું અને પરીક્ષામાં ગોખેલું લખી દઉં. બે વર્ષ પછી મેં સિવિલ એન્જિનિયરિંગમાં પ્રવેશ લીધો . અહીં હરીફ઼ાઈ ઓછી હતી. ક્લાસ પતે પછી લાઈબ્રેરીમાં જવાનો ટાઈમ મળતો. હું તો દસ-દસ વાગ્યા સુધી ત્યાં જ બેસી રહેતો .

નાનપણથી મને ફ઼િઝિક્સનો શોખ હતો તે તો મેં કહ્યું જ, પણ ક્યાંક ઊંડે ઊંડે હુ હંમેશાં જીવન, અસ્તિત્વ તથા દરેક ક્રિયા પાછળના કારણની શોધમાં રહેતો. વૉટ ઈઝ ધ કોઝ ઑફ઼ એવ્રિથિંગ? મારે આ શોધવું હતું. જુઓ , તમને સમજાવું-એક વૈજ્ઞાસ્નિક જયારે આણુની શોધ કરે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે તે અનેક પરમાણુઓનો બનેલો છે. ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યૂટ્રોન્સનું અસ્તિત્વ છે . એમાં

ઊંડા ઊતરીએ તો વળી બીજાં તત્ત્વો મળી આવે. આ સર્વે તત્ત્વોનું સુંદર સંયોજન હોય છે.

કુદરતમાં કેટલું સૌંદર્ય છે! કેટલી હાર્મની છે? આ પ્રત્યેક ચીજનો સર્જનહાર તો હશે જ ને? જો કે, યુવાન વયે મને ક્યારેય ઈશ્વરના અસ્તિત્વનું મહત્ત્વ નહોતું સમજાયું. હું તો દરેક ક્રિયા, ચીજ અને કારણને માત્ર અને માત્ર વિજ્ઞાનના દૃષ્ટિકોણથી જ જોતો . આજે ય અસંખ્ય ભૌતિકશાસ્ત્રીઓ આવો એક પરમાણુ શોધવાના પ્રયત્નોમાં રચ્યાપચ્યા છે, જે આપણા સહુના અસ્તિત્વનું કારણ છે. પંછી, નદીયાં, પવન કે ઝોંકે, પ્રાણી, આપ-હમ... આ બધાનો સર્જનહાર કોણ છે? દિવસ-રાત મને આ વિચારે ગાંડો કરી મૂક્યો હતો . મારા અસ્તિત્વનું કારણ શોધવામાં ને શોધવામાં રિઝલ્ટ બગડ્યું. કાયમ મારો પહેલો નંબર આવતો, અરે હું નૅશનલ સ્કોલર, સાયન્સ ટીમ ચેમ્પિયન, પણ IIT માં સાવ એવરેજ! સાઠ ટકાય માંડમાંડ આવે!

હું સિગારેટના રવાડે ચડી ગયો. રાત-દિવસ ફિલસૂફીનાં પુસ્તકો વાંચ્યા કરું. એવામાં એક દિવસ મારા હાથમાં બર્ટ્રાન્ડ રસેલનું એક પુસ્તક આવી ગયું. એ પુસ્તકમાં તેમણે લખ્યું હતું, "આ જીવન મને ફરીથી જીવવા મળે તો હું ફિલોસૉફીને આંગળી ય ન અડાડું. કારણ એક જ છે, કે મને મારા અસ્તિત્વના કોઈ જ જવાબો ફિલૉસોફીમાંથી નથી મળ્યા. મારી આંખ જે કાંઈ જુએ છે તેનું ખરેખર અસ્તિત્વ છે ખરું? આ દુનિયા સત્ય છે કે ભ્રાંતિ?"

મને વિચાર આવ્યો કે આવા મહાન ફિલસૂફને પણ આ પ્રશ્નનો જવાબ નથી મળ્યો, તો હું તો કૌનસે ખેતકી મૂલી? મારે આ શોધ પડતી મૂકવી જોઈએ. મારી સાથે ત્રિવેન્દ્રમનો એક છોકરો હતો . અમે બંનેએ કૉલેજના મુખ્ય બિલ્ડિંગના છઠ્ઠે માળેથી કૂદકો મારીને આપઘાત કરવાનું નક્કી જ કરી નાંખ્યું. IIT એ અમારું જીવન બરબાદ કરી નાંખ્યું હતું, તો એ જ સંસ્થાના મકાનમાંથી પડતું મૂકીશું તો સંસ્થાનું ય નામ બગડશે ને મરતા મરતાં ય સંતોષ થશે .

હું તમને છાતી ઠોકીને કહું છું કે અમને માર્કની, કારકિર્દીની કે અન્ય ચિંતા ન હતી, કોઈ છોકરીએ અમારું હૃદયભંગ નહોતુ કર્યું. એ જમાનામાં IIT માં છોકરીઓ હતી જ ક્યાં? બસ, આ અસ્તિત્વના સવાલો જ મને દિવસરાત કોરી ખાતા હતા!

જુઓ, તમને સમજાવું! માણસનું મન જયારે ચકરાવે ચડે છે ત્યારે એ કાંઈ પણ કરી બેસે છે. જે ક્ષણે મે આત્મહત્યાનો નિર્ણય લીધો તે જ ક્ષણે મારું મન તદ્દન શાંત થઈ ગયું. બધું જ ટૅન્શન ગાયબ! રાત્રે હું છેલ્લી વાર લાઈબ્રેરીમાં ગયો. મારા હાથમાં કોણ જાણે ક્યાંથી પણ ઈસ્કોનના સ્થાપક શ્રીલ પ્રભુપાદનું એક પુસ્તક આવ્યુ. મેં અગાઉ પણ આ પુસ્તક જોયું હતું. મને એમ કે અંદર વાર્તાઓ હશે!

આઈન્સ્ટાઈને પોતાની "થિયરી ઓફ્ રિલેટિવિટી' દુનિયા સમક્ષ રજૂ
કરી ત્યારે સહુ દંગ થઈ ગયાં! વિજ્ઞાનરૂપી ઈમારતના મિનારા હલી
ગયા... પરંતુ "મૃત્યુશૈયા પર પણ તેઓ સત્યની શોધમાં જ હતા'!

તેથી એ વખતે મેં એ પાછું મૂકી દીધું હતું. આજે તો મારે "હળવુ વાંચન' જ કરવુ હતું તેથી કૃષ્ણ ભગવાનના ફોટાવાળુ આ પુસ્તક મેં શરૂ કર્યું.પુસ્તક લઈને હું હોસ્ટેલના મારા રૂમમાં આવ્યો. મેં "વેદની પ્રાર્થનાઓ "નું પ્રકરણ વાંચવાનું શરૂ જ કર્યું, ત્યાં તો મારી આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી! આ શું? હર્ષાશ્રુ માય ગૉડ! આઈ ડોન્ટ બિલિવ ઈટ... અસ્તિત્વના સવાલનો જવાબ આટલો સહેલો છે? તો મને કેમ સમજાયો નહીં?

સત્ય તો સાવ સહેલું છે. કૃષ્ણ જ બધી પ્રવૃત્તિઓ પાછળનું કારણ છે. "કોઝ ઑફ્ ઓલ કોઝિઝ' છે . એ

સર્વોપરી, સર્વવ્યાપી, અમર્ત્ય અને સર્વશક્તિમાન છે. બસ, જેમ જેમ હું એ પુસ્તક વાંચતો ગયો તેમ મેં નક્કી કર્યું કે મારે મરવાનું નથી. મારા અસ્તિત્વ માટે, આ જીવન માટે કારણ છે. બાવીસ વર્ષની વયે મારી આંખ ઊઘડી. ભગવાનને થયું હતું તેવું કેવળજ્ઞાન થયું! પછી તો મેં પ્રભુપાદની ઘણી બુક્સ વાંચી. વાંચતો ગયો તેમ આ સૃષ્ટિ વિષે મારા વિચારોમાં આમૂલ પરિવર્તન આવતું ગયું. વિજ્ઞાન પાસે ફક્ત પાંચ ઈન્દ્રિયોની ક્રિયાઓનો જવાબ છે...તો છઠ્ઠી ઈન્દ્રિયનુ શું? આપણા સહુ પાસે મગજ છે પણ તે આપણે જોઈ શકતા નથી. તેથી જ મનનું શાસ્ત્ર - જેને સાયકોલોજી કહે છે તેને વિજ્ઞાનનો વિષય નથી ગણવામાં આવતો.

વેદ, ભાગવત અને ગીતામાં માનવશરીરને મુખ્યત્વે ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. શરીર, મન, હોશિયારી અને ગર્વ. વેદાંત એટલે આત્માનું વિજ્ઞાન. એની લૅબોરેટરી એટલે શરીર. હું આજેય વૈજ્ઞાનિક જ છું.. .જરા જુદી શાખામાં કામ કરું છું, એટલું જ!

બી.ટેક પતાવ્યા પછી મેં એમ.ટેકમાં પણ પ્રવેશ લીધો . મુખ્ય કારણ એ જ કે લાઈબ્રેરી વપરાય. મેં માસ્ટર્સ પતાવ્યું નહીં કેમકે અધવચ્ચે જ મેં ISKCON (International Society for Krishna consciousness) માં જોડાવાનો નિર્ણય લઈ લીધો હતો. મારા પિતાજી ધર્મમાં ઘણી શ્રદ્ધા ધરાવે છે, છતાં ય નવાઈ પામી ગયા, - “બેટા, તું આ શું કરે છે? ઘરડો થાય ત્યારે બધું છોડીને સાધુ બનજે...” મેં તેમને સમજાવ્યા. “પિતાજી, સત્યની શોધમાં વિજ્ઞાનને માર્ગે ચાલવાની આ મજલ શરૂ કરી રહ્યો છું. હું સાધુ બનવાનો નથી કે કોઈ સંપ્રદાયની ગાંઠ બાંધવાનો નથી.”

હાઇ;ડોજનને ઓક્સિજન સાથે મેળવવાથી પાણી બની ન જાય, ચોક્કસ પ્રકારનું દબાણ તથા તાપમાન હેઠળ તેની પ્રક્રિયા કરવી પડે. તે જ રીતે સાધક બનવા માટે તમારે તમારા મન અને શરીરને આકરી કસોટીઓરૂપી ભઠ્ઠીમાં શેકવા પડે. શિસ્તનું કડક પાલન કરવું પડે. સવારે સાડા ત્રણ વાગે ઊઠવાનું, ગમે તેવી ઠંડીમાં ય નહાવાનું અને પાંચ કલાક મંત્રોચ્ચાર, સેવા-પૂજામાં ગાળવાનાં . તમે પૂછશો, જ કે આ કડક શિસ્ત શા માટે? જવાબ છે -મનને સ્વચ્છ કરવા માટે! 'ભક્તિયોગ'નું આ વિજ્ઞાન છે.*

જુઓ , “ઈસ્કોન' કૃષ્ણભ ક્તિનો પ્રચાર કરે છે એની ના નથી, પરંતુ અહીં કૃષ્ણભક્તિની આખી ક્રિયાનો ઘણો ઊંડો અર્થ છે. ગીતામાં કૃષ્ણનું સ્વરૂપ એક એતિહાસિક વ્યક્તિ તરીકેનું છે. શાસ્ત્રોક્ત ચિત્રણ મુજબ તેઓ “મનોહર” છે. પ્રભુનું સ્વરૂપ એવું જ કોઈ શકે. જે સર્વેને આકર્ષવા શક્તિમાન હોય તે જ સર્વશક્તિમાન! તેથી જ અમારે માટે (ઈસ્કોન માટે) “કૃષ્ણ' ફક્ત “હિન્દુઓનો ઈશ્વર' નથી. કૃષ્ણ જિસસ પણ છે અને અલ્લાહ પણ! હી ઈઝ અ યુનિવર્સલ ગોડ! તેથી “ઈસ્કોન'માં જે કોઈ સેવા આપે છે, તે માનવજાતને સેવા આપે છે.

આત્મજ્ઞાન થાય એટલે એક ચીજ તો નક્કી જ થઈ જાય! જાતને ભૂલી જઈને નિસ્વાર્થભાવે ચીંધ્યું કામ કરવાની નમ્રતા વ્યક્તિમાં આવી જાય. અહીં કો'ક પૂજારી છે , કોઈ પુસ્તકો વાંચે છે. તો કોઈક

કોઈપણ સંસ્થા જ્યારે વિકાસની સીમાઓ પાર કરી જાય ત્યારે સંસ્થા તો

નિમિત્તમાત્ર રહે છે. ભગવાન સંસ્થાસ્વરૂપે સહુનું શુભ-મંગળ કરવા

હાજરાહજૂર થઈ જાય છે.

સાધુઓ મૅનેજમૅન્ટ સંભાળે છે . ભાવના એક જ છે! સમર્પિત થઈને સેવા કરવાની જેમ જેમ તમે જાતને ભૂલીને અન્ય માટે સ્વને ઓગાળતા થાઓ, એમ તમે પ્રભુની અને તમારા આત્માની વધુ નજીક આવતા જાઓ છો.

દીદી, મારા અનુભવથી કહું છું કે જયાં સુધી સ્વાર્થની ભાવનાને જડમૂળમાંથી ઉખાડીને બહાર ન ફેંકી શકીએ ત્યાં સુધી ઈશ્વર છેટો જ રહેવાનો . અમે અહીં જે સાધના કરીએ છીએ તથ નિસ્વાર્થભાવે કામ કરીએ છીએ. તેને કારણે ધીમે ધીમે અહં ઓગળી રહ્યો છે. "હું' "મારું', "મારા માટે' આ શબ્દોની ક્ષણભંગુરતા સમજાઈ રહી છે.

જેમ જ જેમ ભક્તિયોગમાં અને કર્મયોગમાં ઊંડા ઊતરો તેમ તેમ તમારી ક્ષિતિજો વિસ્તૃત થાય. તમે ઈશ્વર સાથે એકાકાર થયાની અનુભૂતિ માણી શકો અને છેવટે તમને સમજાય કે તમારામાં પણ ઈશ્વરનું અસ્તિત્વ છે. આ એક યાત્રા છે. મારી આ સફર ૧૯૮૧માં શરૂ થઈ. છ જ મહિનામાં મને દીક્ષા આપવામાં આવી. મારું મુંડન થયું, મે ભગવાં કપડાં ધારણ કર્યા. હું વિધિવત હરેકૃષ્ણ સંપ્રદાયનો અનુયાયી સાધુ બન્યો.

બે વર્ષ સુધી હું દક્ષિણ ભારતનાં ગામડાંઓમાં ભગવતગીતા પર વ્યાખ્યાનો આપતો રહ્યો. પુસ્તકો વેચતો તથા પ્રચાર કરતો. મેં ઈસ્કોનની ત્રિવેન્દ્રમ શાખામાં પણ થોડો વખત કામ કર્યું. ૧૯૮૩માં હું બેંગ્લોર આવ્યો . અહીંનું સેન્ટર ચાલુ કરવાની જવાબદારી મારા શિરે હતી. આ ગાળામાં મારાં લગ્ન મદ્રાસનાં ચિન્મયા મિશનની શાળાના હેડમિસ્ટ્રેસ સાધ્વી ભક્તિલતા સાથે થયાં. પોતાની નોકરીમાંથી રાજીનામું આપીને તે પણ "ઈસ્કોન'ની ચળવળમાં જોડાયાં.

બેંગ્લોરમાં સંસ્થાની શરૂઆત બે બેડરૂમના ઘરમાંથી થઈ. જો કે, પહેલેથી જ સાયન્સ હોય કે ચેસ, હું ઊંચું જ વિચારતો... આઈ હેડ બિગ પ્લાન્સ!" મધુ પંડિત દાસ બોલે છે...

મને વિચિત્ર લાગે છે!

"મધુ, એક સાધુ આ ભાષામાં વાત કરી શકે? મને તો નવાઈ લાગે છે!" હું બોલી ઊઠું છું...

ખોટું ન લગાડશો. હું તમને સમજાવું . અમારા ગુરુએ આ સમાજને જે આધ્યાત્મિક જ્ઞાન સેવાના સ્વરૂપે આપ્યું છે, તે તેમની મોટામાં મોટી ભેટ છે પણ કોઈપણ ભેટ તમારા ખોળામાં આવીને તો નહીં જ પડે ને! તમારે એને માટે મહેનત કરવી પડશે! એનો પ્રચાર કરવો પડશે. મને તો શ્રીલ પ્રભુપાદનું જીવન જ પ્રેરણાત્મક લાગે છે.

તમે માની નહીં શકો , પણ એ સિત્તેર વર્ષની ઉંમરે ખિસ્સામાં ફક્ત રૂ. ૪૦/- લઈને અમેરિકા ગયા હતા. સવા નવા જ વાતાવરણમાં ગોઠવાયા અને ત્યાંના લોકોનું હૃદય પરિવર્તન કર્યું. "ઈસ્કોન' ફક્ત ૧૯૬૪ થી ૧૯૭૭ના અગિયાર જ વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું! શી રીતે તેમણે આ કરામત કરી? ગીતામાં સ્પષ્ટ કહ્યું છે, તું ફળની આશા રાખ્યા વગર કર્મ કર્યે જા. કર્મણ્યેવાધિકારસ્તે માફલેષુ કદાચન.

બેંગ્લોરમાં સરકારે એક ખરાબાની જમીનનો ટુકડો અમારી સંસ્થાને દાનમાં આપ્યો હતો. અમારા એક સાધક કહે, "અહીં મંદિર બાંધવાથી શો ફાયદો? ચારે બાજુ ફેક્ટરીઓ છે. પાકો રસ્તો ય નથી." પોલ્યુશન પણ ઘણું છે. દર્શન કરવા આવશે કોણ?"

પ્લોટની વચ્ચે કાદવમાં ઉગેલ તુલસીના એક છોડ તરફ મારી નજર પડી. મેં પેલા સાધુને કહ્યું , "ફેક્ટરીની સામે ના જોઈશ, રસ્તો છે કે નહીં એ ય ભૂલી જા. આ તુલસી સામે જો. ભગવાનનાં પગલાં અહીં જરૂર પડશે.

બસ, એ ખરાબાની જમીન પર જ આ ભવ્યાતિભવ્ય મંદિર આજે ઊભું છે. કોઈપણ ઉદ્યોગસાહસિક આ રીતે જ વિચારે છે. ધંધામાં

શ્રીલ પ્રભુપાદ હંમેશ કહેતા, “ઈસ્કોન મંદિરના ૧૫ થી ૨૦ કિ.મી.ના પરિઘમાં એકપણ વ્યક્તિ ભૂખી ન રહે તે જોવાનું આપણું કર્તવ્ય છે. કદાચ “અક્ષયપાત્ર' શરૂ કરવાની પ્રેરણા આ વાક્યથી જ મળી છે.

એક આજની પરિસ્થિતિ હોય છે અને એ ધંધાને કયા સ્તરે પહોંચાડવો એ માટે વેપારી પાસે દૃષ્ટિ હોય છે . એ સ્વપ્નને જ્યારે સાકાર થતું જુએ ત્યારે જ તેને સંતોષ થાય છે. મારું સ્વપ્ન સુંદર, મૉડર્ન, મંદિરના નિર્માણનું હતું. નાણાં પણ આમ આદમીએ જ પ્રસાદીરૂપે આપ્યાં છે.

અમે '“સુદામાસેવા' નામની યોજના તરતી મૂકી હતી. કોઈપણ વ્યક્તિ એક રૂપિયો ય દાનમાં આપી શકે. કૃષ્ણમંદિર માટે સુદામા તો સેવા આપે જ ને? તમે માનશો? ટીપે ટીપે સરોવર ભરાયું. ત્રીસ કરોડ રૂપિયા ભેગા થઈ ગયાં!

સેંકડો કારીગરો માટે હજારો તાડપત્રીનાં કામચલાઉ આવાસો ઊભા કરવામાં આવ્યાં. દર અઠવાડિયે નાણાં ભેગાં થાય અને અંતે કૉન્ટ્રાક્ટરોને ચૂકવણી કરવામાં આવે. ૧૯૯૯માં આ મંદિરનુ વિધિવત્ ઉદ્‌ઘાટન થયુ. શરૂઆતમાં તો “ઈસ્કોન'નાં અન્ય મંદિરોની માફક અમારો ઝોક પણ ગીતા અને કૃષ્ણભક્તિના પ્રચાર પર રહ્યો.

હા, દર્શાનાર્થીઓનાં ટોળેટોળાં પ્રસાદી વગર પાછાં ન જતાં . બધાંને ખવડાવવાનો અમે દુરાગ્રહ રાખતાં.

૨૦૦૦ના માર્ચ મહિનામાં બે વ્યક્તિઓ મારી ઓફિસમાં આવી. એમાંથી એક ઇન્ફૉશસિસ કંપનીના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર (CFO) શ્રી મોહનદાસ પાઈ હતા. શ્રી પાઈએ વાતવાતમાં મને પૂછ્યું, “સ્વામીજી, તમે આટલા બધા દર્શનાર્થીઓને રોજ પ્રસાદ ખવડાવો છો તેના કરતાં આસપાસની મ્યુનિસિપલ શાળાઓમાં ભણતાં ગરીબ બાળકોને નાસ્તો ખવડાવોને?”

શ્રી પાઈએ કહ્યું, “તામિલનાડુમાં સ્વ.શ્રી એમ.જી.આરે.આવી સ્કીમ ચાલુ કરી છે . કેટલાંય ગરીબ બાળકો ખાવાની લાલચે શાળાએ આવતાં અને ભણતાં થયાં છે.”

હું તો તરત જ કૂદી પડયો . “ચાલો , તમારું સૂચન શિરોમાન્ય. મારી પાસે રસોડું અને સામગ્રી તો છે જ, પણ વાહન નથી. નાસ્તો શાળાઓમાં પહોંચાડવાની મુશ્કેલી પડશે.”

શ્રી પાઈએ તો એક નહીં, બે વાહનો દાનમાં આપી દીધાં. મિટિંગ પૂરી થઈ અને એ ગયા. હું તો મૂંઝાઈ ગયો. કાગળ-પેન્સિલ લઈને ગણતરીઓ માંડી. ઉત્સાહમાં મેં તો એમને કહ્યું હતું કે તમે જે વાહન આપશો, તેમાં સમાય તેટલી રસોઈ અમે બનાવી દઈશું. એમણે તો બે ટ્રકો મોકલી આપી!

બે ટ્રક એટલે દસ ટન રસોઈ! મારું તો મગજ બહેર મારી ગયુ! ધીમે ધીમે એ પણ સમજાયું કે વીસ જ દિવસમાં બે ટ્રકોની કુલ કિંમત કરતાં રસોઈ બનાવવા માટેની સામગ્રીનો ખર્ચ વધી જશે!! બીજો વધારાનો ખર્ચ-રસોઈયા, વાસણ સાફ કરનાર બાઈઓ, ડ્રાઈવરો- તો મેં વિચાર્યો જ ન હતો. સાચું કહુ, આવા સમયે જ તમને “ઈશ્વરેચ્છા' શબ્દનો મતલબ સમજાય છે. એની નજર ક્યાં નથી? કયા કામમાં તેનો હાથ નથી? મોટે ભાગે લોકો પાસે મેં સાંભળ્યું છે કે તારાઓ સુધી પહોંચવાની અપેક્ષા રાખો તો ચંદ્ર સુધી પહોંચી જવાય, પણ પ્રભુની સેવાની બાબતમાં જરા જુદુ છે . તમે સચ્ચાઈથી , શ્રદ્‌ધાપૂર્વક માંગશો તો એ ઘણું કરીને આપશે.

અંગ્રેજીમાં કહે છે ને કે ઈગ્નોરન્સ ઈઝ બ્લીસ! ન જાણ્યામાં નવ ગુણ! તમને પરિણામોની જાણ જ ન હોય, તો ભય શાનો? મોહનદાસ પાઈની સામે જ મે ગણતરી માંડી હોત તો હું ગભરાઈ જ ગયો હોત. હવે તો હું એમને વચન આપી ચૂક્યો હતો . હવે થૂંક ગળાય?

૨૦૦૦ના જૂન મહિનામાં અમે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો. જુદુ રસોડું ઊભું કર્યું. રોજના ૧૫૦૦ બાળકોને ખોરાક મોકલવાથી સંસ્થાની શરૂઆત થઈ. બેંગ્લોર અને આસપાસના વિસ્તારોની મ્યુનિસિપલ શાળાઓ માત્ર. મને જાણીને આઘાત લાગ્યો કે અનેક બાળકો સાવ ભૂખ્યાં જ શાળાએ આવતાં હતાં. અમે પાંચ શાળાઓથી શરૂઆત કરી હતી પણ આવા સમાચાર ફેલાતા કાંઈ વાર લાગે? અનેક શાળાઓમાંથી પૂછપરછ આવવા લાગો. બે જ મહિનામાં એક લાખ બાળકોને ભોજન આપવા માટે અરજીઓ મળી. વિકાસની યોજના વગર જ અમારું કાર્યક્ષેત્ર વિસ્તરવા લાગ્યું . ચાર મહિનામાં ૧૦,૦૦૦ બાળકોને મધ્યાન્હ ભોજન યોજના હેઠળ સમાવી લેવાયા.

તમે પૂછશો જ કે “પછી પૈસા ક્યાંથી આવ્યાં?' વ્યક્તિગત દાતાઓ તરફથી. બહુ જ તકલીફ પડતી હતી. સરકારની કોઈ સબસિડી ન હતી, કોઈ લોન ન હતી કે નહોતું ભંડોળ! બસ, શ્રદ્ધાના બળે જ અમે ટકી ગયા અને તમે માનશો, બધી તિજોરીઓ તળિયાઝાટક થઈ જાય પછી “કાલનું શું થશે' એ મૂંઝારો થતો હોય, ત્યાં જ કોઈ અજાણ્યા દાતા જાણે કુંવરબાઈનું મામેરું લઈને આવતા શેઠ શામળાશા હોય તેમ ચાલી આવતા!

એક દિવસ તો હું મૂંઝાઈને મંદિરમાં રાધા-કૃષ્ણની પ્રતિમાની સામે મૂઢ થઈને ઊભો હતો. મેં રાધાને મનોમન પ્રાર્થના કરી, “મા, તું તો જગતજનની છે. તારાં બાળકો ભૂખ્યાં રહેશે જ નહીં ને હું મારી ચિંતા તને સોંપું છું .”

ભગવાને જ મને અનેક સારા રસ્તા સુઝાડ્યા. સૌથી અગત્યનો નિર્ણય એ લેવાયો કે મંદિરથી અલગ ફાઉન્ડેશન ઊભું કરવું. જેને મંદિર માટે દાન આપવું હોય તે મંદિરને આપે, જેને બાળકોના ભવિષ્ય માટે આપવું હોય તે અલગ ટ્રસ્ટમાં આપે આને કારણે અનેક કંપનીઓને પણ સંસ્થાના કામમાં દાન આપીને જોડાવાનો મોકો મળ્યો. મોટી કંપનીઓ નાણાં આપે, એટલે હિસાબોમાં પારદર્શકતાની પહેલી માંગણી થાય. અમે KPMG નામની વિશ્વપ્રસિદ્ધ કંપનીને અમારું ઑડિટ અને એકાઉન્ટિંગ સૌંપ્યું .

મોહનદાસ પાઈ સંસ્થાના દરેક નિર્ણયમાં વ્યાપેલા દેખાય છે. એ સંસ્થાના ટ્રસ્ટી તરીકે જોડાયા. ઈન્ફૉસિસ કંપની પણ આ કાર્યમાં પાછળથી જોડાઈ.”

“મધુદાસાજી, “અક્ષયપારા' નામ કોણે સુઝાડ્યું?” હું પૂછું છુ.

“ઓહ... ઈટ ઈઝ વેરી ઈન્ટરેસ્ટિંગ! એ જમાનામાં ડૉ. મુરલી મનોહર જોષી આપણા હ્યુમન રિસોર્સ ડેવલપમૅન્ટ મિનિસ્ટર હતા. મૈં વાતવાતમાં એમને કહ્યું કે “અમે મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત હેઠળ રોજના પાંચ હજાર બાળકોને જમાડીએ છીએ. .”

શ્રી જોખી કહે, “સ્વામીજી, તમારી પાસે “અક્ષયપાત્ર” છે કે શું?”

મહાભારતમાં અક્ષયપાત્રનો ઉલ્લેખ આવે છે. એક એવું પાત્ર કે જેમાંથી ખોરાક ખૂટે જ નહીં! એ વખતે જ મેં સંસ્થાનું નામ નક્કી કરી લીધું. શ્રી જોષોના મોઢે જાણે ભગવાન જ આ નામ બોલ્યા હતા કે આ નામને જીવી જાણજો .

કેવુ સરસ નામ! કેટલું પ્રેરણાત્મક અને ખરેખર આ વાસણ 'અક્ષયપાત્ર' જ છે. આમાં ભગવાનનો નહીં તો કોનો આભાર માનું? આ સંસ્થા પાસે કોઈપણ જાતનું ભંડોળ જ નથી એમ કહું છું તો

ફાયનાન્સવાળાને તો તમ્મર જ ચડી જાય છે! અમારું એક ભાણુ તૈયાર થાય ત્યારે ખર્ચ સાડા પાંચ રૂપિયા થાય છે. શરૂઆતમાં તો બધા જ નાણાં અમે ખર્ચતા. ૨૮ નવેમ્બર ૨૦૦૧ને દિવસે ભારતની સુપ્રિમ કોર્ટે એક અતિમહત્ત્વના ચુકાદામાં ઓર્ડર કર્યો કે "દરેક રાજયની સરકારી અને ખાનગી શાળાઓમાં પ્રત્યેક બાળકને એક ટંક રાંધેલો ખોરાક (મધ્યાહ્‌ન ભોજન) આપવાની જવાબદારી કેન્દ્ર સરકારની બને છે."

એ દિવસથી અમે સરકારી સબસિડી માટે પાત્રતા મેળવી, પરંતુ સરકારે એક ટંકના માત્ર ત્રણ રૂપિયા મંજૂર કર્યા છે. બે રૂપિયા

આજકાલ પુસ્તકોમાં, ભાષણોમાં અને મૅગેઝિનોમાં ઘણી મોટીમોટી

વાતો થાય છે. થિંક બિગ, થિક હાઈ...

તમે ઈચ્છા રાખશો તો ધાર્યું કરી શકશો. આ બધો નર્યો બકવાસ છે.

હું તો કર્મના સિદ્‌ધાંતમાં માનું છું.

અમારે ગાંઠના કાઢવા પડે છે. જયારે અમે રોજના ૩૦,૦૦૦ બાળકોને જમાડતા હતા, ત્યારે રોજના રૂ. ૯૦,૦૦૦/- ભંડોળમાંથી કાઢવા પડતા. આજે જયારે અમે ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) બાળકોને આ યોજના હેઠળ આવરી લીધાં છે ત્યારે રોજના રૂ. ૨૦ લાખનો ખાડો પૂરવો પડે છે!

છતાં ય પ્રભુકૃપાથી પ્રવૃત્તિ શરૂ કરી, પછી એકેય દિવસ તકલીફ નથી પડી. પ્રયત્નો , નિષ્ઠા અને નીતિમત્તાનો જાદુ અને ઈશ્વરકૃપા! જ્યારે દાન મેળવવાની પારાવાર તકલીફ પડી, ત્યારે અમે "સ્પોન્સર અ ચાઈલ્ડ' નામની યોજના શરૂ કરી. આમાં તમે વર્ષના માત્ર રૂ. ૧૨૦૦/- ના દાનથી એક બાળકનો ખર્ચ ભોગવી શકો છો .અમેરિકામાં સંસ્થા રજિસ્ટર કરાવીને સ્વામી ચૈતન્ય ચિત્રંગદાસે પુષ્કળ નાણાં ઊભ કર્યા છે. શરૂશરૂમાં તો તેઓ ઘેરઘેર જઈને દાન માટે અપીલ કરતા. ઘણી સંસ્થાઓ અને ચેરિટેબલ ટ્રસ્ટો આવા પ્રયત્નો જ કરે છે પરંતુ અક્ષયપાત્ર આ બધામાં નોખું તરી આવે છે. તમે અમને 'મિશનરી' પણ કહી શકો અને "કોર્પોરેટ' પણ કહી શકો. ભૂખના રાક્ષસનો વધ કરવા 'અક્ષયપાગા' નૃસિંહ અવતાર ધારણ કરીને પ્રગટ થયું છે.

અક્ષયપાત્રના ટ્રસ્ટીમંડળમાં સાધુઓ તો છે જ, છતાંય મોટાભાગના ટ્રસ્ટીઓ બહારના છે. સંસ્થાના વહીવટમાં પારદર્શકતા અને વિશ્ર્વસનીયતાનું એ મુખ્ય કારણ છે. અમારા ટ્રસ્ટીઓ "ઈઈસ્કોન' માં માનતા નથી. એ બિલકુલ જરૂરી નથી. તેઓ સત્કાર્યો કરવામાં માને છે, સમાજનુ ત્કણ ફેડવાની ભાવનાથી આ પ્રવૃત્તિને મદદ કરે છે.તેમના ધંધાકીય અને પ્રૉફેશનલ જ્ઞાનનો અમને લાભ મળે છે.

તમે ભલે નિસ્વાર્થ ભાવે કામ કરતા હો, પરંતુ અંદરખાનેથી

પ્રતિષ્ઠાની કે નામની ઝંખના હોય, તો તેની પણ બાદબાકી કરી

તાખજો. પછી જો જો, ભગવાન જ તમતે પોતાની યોજનાઓનું

હથિયાર બનાવી દેશે!

'અક્ષયપાત્ર' ની પ્રતિષ્ઠા જમાવવા માટે અમે ધંધામાં વપરાય છે તેવી

જ બધી જ ટૅક્નિક્સ અપનાવી છે. ભંડોળ ભેગું કરવું એ

મુખ્ય ધ્યેય છે. એને માટે નિષ્ઠા, ઓળખાણો અને

રોજિંદા પ્રયત્નોથી અમે મંડ્યા રહીએ છીએ.

અક્ષયપાત્રનાં રસોડાં તો તમે ઈન્ટરનેટ પર જોયાં જ હશે , સાધુઓનુ મૅનેજમૅન્ટ ખરું, પરંતુ અમારો સ્ટાફ અત્યંત વિશ્વાસપારા છે . રોજ સવારે ત્રણ વાગે ઊઠીને શાક સમારવાં અને દાળ બાફવા માટે આકરી શિસ્ત અનિવાર્ય છે. ટેક્નોલોજી અને શિસ્તને કારણે જ અમારા રસોડાં વિશ્વકક્ષાનાં બન્યાં છે. ભારતીય રસોઈ પ્રમાણે અમે રોટલી, સંભાર, લાડવા, દાળઢો કળી જેવાં ભોજનો પણ મશીનોથી જ બનાવીએ છીએ. શરૂશરૂમાં ગૅસ અને તાંબાના વાસણોમાં દસ હજાર બાળકોની રસોઈ બનતી તે વિચારતાં ય આજે નવાઈ લાગે છે. હાલમાં અમારાં અઢાર રસોડાં છે . હુબલી (કર્ણાટક) જીલ્લામાં રોજનાં ૧,૮૦,૦૦૦ બાળકોને મધ્યાહ્ન ભોજનનો લાભ મળે છે . રોજના પંદર ટન ચોખા અને ૨૬૯,૮૦૦ લિટર તો સંભાર જ બને છે. આટલી અધધધ રસોઈ માત્ર દ કલાકમાં તૈયાર થઈ જાય છે.*

અમે ગામડાંઓમાં નાનાં-નાનાં રસોડાં પણ ઊભાં કર્યા છે. બારન જિલ્લામાં ૨૦૦૫ના એપ્રિલ માસમાં છસો બાળકોને પૌષ્ટિક આહાર આપવાનો એક પ્રોજેક્ટ જયારે અમે હાથ ધર્યો ત્યારે ત્યાંના એક 'સેલ્ફ હેલ્પ ગ્રુપ'5ઉ ની બહેનોને અમે રસોઈ બનાવવાની, ચોખ્ખાઈની તથા પોષક તત્ત્વો વિષયક તાલિમ આપી હતી.

આ પ્રકારની સંસ્થા માત્ર પ્રેમ-લાગણી અને શિસ્તથી ન ટકી શકે ખરું ને? અમારા સદ્નસીબે ૨૦૦૯માં શ્રીધર વેંકટ એની તગડી IT કંપનીની નોકરી છોડીને “અક્ષયપાત્ર'માં જોડાયો. હાલમાં તે એ ક્ઝિક્યુટિવ ડાયરેક્ટર છે . તેના હાથ નીચે ફાયનાન્સ, માર્કેટિંગ, સપ્લાય, ફંડ રેઈઝિંગ, આઈ.ટી. તથા સમાજસેવકોની ટીમ કામ કરે છે. તમે આને સમાજસેવા ગણો તો એ, ધર્મ ગણો તો ધર્મ અને સેવાકીય કંપની માનો તો તે....

'અક્ષયપારા'ની સાધુ શાખાના વડા શ્રી ચંચલપતિ દાસ છે. તેઓ ૧૯૮૪માં હરેકૃષ્ણ સંપ્રદાયમાં જોડાયા હતા. સંસ્થામાં પચીસસો કર્મચારીઓ અને ૫૦ સાધુઓ અથાગ પરિશ્રમ કરે છે. ૨૦૧૦માં દસ લાખ બાળકોને “મિડ-ડે મિલ' પહોંચાડવાનો અમારો ધ્યેય અમે ૨૦૦૯માં જ હાંસિલ કરી લીધો છે. હવે ૨૦૨૦માં ૫૦ લાખ બાળકો સુધી પહોંચાડવાની નેમ છે.”

“મધુદાસજી, બાળકોની ભૂખ ભાંગવા સિવાય આ પ્રવૃત્તિથી અન્ય લાભ થયા છે ખરાં?”

“આ અંગે તો ઘણી સંસ્થાઓએ સ્ટડી કર્યા છે . કર્ણાટક સરકારના “ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશને' “અક્ષયપાત્ર'ના પ્રોગ્રામ્સ પર એક સ્વતંત્ર રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમાં ૯૯.૬૧ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કેઆ ભોજનને કારણે તેમની એકાગ્રતામાં વધારો થયો છે. A C Nielsen તથા ORG MARG જેવી માતબર સંસ્થાઓએ તો જણાવ્યું છે કે પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન મળતું થયા બાદ બાળકોની ગેરહાજરી ઘટી, માંદગી ઘટી છે અને ભણવાની વૃત્તિ વધી છે.

સાચું કહુ તો અમારી પાસે કોઈ યોજના ન હતી. આ તો સત્કાર્યની આડપેદાશ છે. મેં ક્યારેય શાંતિથી બેસીને પ્લાન નથી બનાવ્યો. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને એક વારના પૌષ્ટિક ભોજનથી આટલો ફાયદો થશે. તેવું અમે સ્વપ્નેય નહોતું વિચાર્યું! સાચું કહું તો પેટની ભૂખ વિષે મેં વિચાર્યું જ ન હતું! આટલાં બધાં બાળકો રોજ ભૃખ્યાં જ ભણતાં હતા... એ ભણતરમાં ક્યાંથી ભલીવાર આવે?”

હજારો માઈલની સફર આમ તો નાનાં નાનાં પગલાંથી જ શરૂ થાય છે ને?! હું વિચારે ચડું છું... અક્ષયપાત્રને લાખો બાળકોનાં જીવનમાં તો પરિવર્તન આણ્યું જ છે પણ “મંદિર'ની વ્યાખ્યા જ બદલી

કાઢી છે. (મુંબઈ ઈસ્કોન અને બેંગ્લોર ઈસ્કોનનાં મંદિરો વચ્ચેના મતભેદ હાલમાં પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. આખી મેટર કોર્ટમાં છે.)

મધુ પંડિત દાસ વાતનો છેડો લાવતાં કહે છે, "આવડું મોટું મંદિર બાંધીને જો સમાજની સેવા ન કરીએ તો શું યોગ્ય છે? તમે જ કહો!"

હું શું કહું? હું તો ક્યારની ય વિચારું છું કે જો ભારતનાં બધાં મંદિરો સમાજની સેવા કરવાને પોતાની ફરજ સમજશે, તો સ્વર્ગમાં ભગવાનના જીવને ય ટાઢક થશે. આ સૃષ્ટિની સિકલ સુધરી જશે .

યુવા સમાજોદ્યૌગિકોને મારી શીખ

મહેનત અને કર્મ કર્યે જાઓ . પ્રભુ જ તમારી વહારે થાશે . એકવાર ધ્યેય નક્કી કરી લો પછી મહેનત કરવામાં ઢીલ ન કરશો.

જ્ઞાન, બળ અને ક્રિયા (Knowledge, strength & skill) વાપરીને સ્વપ્નને સત્યમાં પરિવર્તિત કરી શકાય. ઉદ્યોગસાહસિકતા પણ શીખી શકાય છે. તમારી ટીમને તમે તાલિમ આપીને તૈયાર કરી શકો છો.

આ સમાજમાં કેટલાક લોકો પોતાના ધંધા-ઉદ્યોગ-રોજગાર માટે આકરી મહેનત કરે છે. તેમને કુટુંબની પણ જવાબદારી હોય છે. ઘણા દેશ માટે જાન કુરબાન કરે છે. થોડી જ વ્યક્તિઓ તદ્દન નિઃસ્વાર્થ ભાવે કર્મ કરે છે. આનું શુ કારણ? હું તો એને જ કર્મનો સિદ્ધાંત માનું છું .

ભગવદ્ગીતામાં સુંદર રીતે કહેવામાં આવ્યું છે કે ફળની આશા વગર કર્મ કર્યે જા. યુવાનો સવાલ કરશે જ કે શા માટે? કારણ એ જ કે તમારી જાણ બહારનાં ઘણાં પરિબળો પણ તમારાં કર્મો પર અસર કરે છે. તમારા પૂર્વજન્મના પાપ-પુણ્યોનો પણ તમારે હિસાબ આ જન્મમાં આપવો જ પડે છે. આપણી સંસ્કૃતિમાં અને પૌરાણિક સાહિત્યમાં કર્મનો સિદ્ધાંત વિસ્તારથી, ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યો છે, પરંતુ કમનસીબે આપણે પાશ્ચાત્ય કેળવણી પદ્ધતિને અપનાવીને આપણી સંસ્કૃતિને અવગણી છે.

એક જ વાર પ્રભુ સાથે તાદાત્મ્ય અનુભવશો અને તેની સામે માથું ટેકવી દેશો તો તે તમારો તાત, તારણહાર બનશે જ. શ્રદ્ધા રાખજો .

---

* આ ઉપરાંત હરેક્રિષ્ણના ચેલાઓ માટે કોઈપણ જાતનાં ડ્રગ્ઝ, માંસ-મચ્છી, ગેરકાયદેસર સેક્સ, જુગાર તથા કૅફિન વર્જ્ય છે.

* હુબલીનું રસોડું ૨૦૦૪-૦૫માં ઈન્ફોસિસ ફાઉન્ડેશનની દસ કરોડની ગ્રાન્ટ તથા સુધા મૂર્તિ અને ગુરુરાજ દેશપાંડેનાં અંગત દાનની મદદથી બનાવવામાં આવ્યું છે.



વી આર અ ફેમિલિ

વિનાયક લોહાની
'પરિવાર આશ્રમ'

IIM (કોલકાતા) માંથી સ્નાતક થયા પછી વિનાયકે કોર્પોરેટક્ષેત્રે જવાને બદલે સામાજિકક્ષેત્રે કાંઈક કરી છૂટવાના આદર્શથી "પરિવાર આશ્રમ'ની સ્થાપના કરી. આજે અહીં ૪૫૦ થી વધુ વેશ્યાઓનાં સંતાનો, ઘરબાર વિહોણાં આદિવાસીઓ અને આંગળિયાત દીકરીઓ રહે છે.

વાતાવરણમાં પુષ્કળ ભેજ છે. રણ કલાકનો લાં...બો ઈન્ટરવ્યૂ અને અનેક વ્યંજનોવાળી બંગાળી થાળી જમ્યા પછી મને તો ઊંઘ આવવા લાગી છે!

જો કે વિનાયક લોહાનો તો હજુ ફ્રેશ છે! કડક, ઈસ્ ીવાળાં, દૂધ જેવાં સફેદ લેઘા-જભ્ભામાં એ મને તેમનાં "પરિવાર આશ્રમ"નું મોટું ચક્કર મરાવવા તત્પર છે.

ચાલો, ત્યારે! પહેલાં શાળાનું બિલ્ડિંગ, પછી વિવિધ કૅટેગરીનાં હોસ્ટેલ રૂમો! જાત જાતનાં વિદ્યાર્થીઓ રવિવારની રજા માણી રહ્યાં છે. કો'ક ઊંઘ ખેંચી રહ્યુ છે તો કો'ક કબાટ સાફ કરે છે . જે જાગતાં છે તે સહુ વિનાયકને જોતાં જ "કેમ છો' કે 'નમસ્તે' કહેવાનુ ચૂકતાં નથી.

ગેઈમ્સ રૂમ, લાઈબ્રેરી, ટી.વી. રૂમ અને છેલ્લે ક્રિકેટનું મેદાન! "બહેન, ચાલો, હવે તમને "નિવેદિતા હાઉસ' બતાવું." વિનાયક ઉત્સાહથી કહે છે.

હું મનોમન વિચારું છું... હવે પતાવો ને! ત્યાંય બીજાં છોકરાં જ હશે ને?... જો કે દાદરા ચડીને ઉપર પહોંચતાં જ વિનાયક મારી ઓળખાણ નિવેદિતા હાઉસનાં બાળકો સાથે કરાવે છે ત્યારે મને એકાએક ભાન થાય છે કે આ બધાં માત્ર "બાળકો? નથી... 'વિનાયકનાં બાળકો' છે.

કોઈપણ બાપને પોતાનાં સંતાનો માટે હોય તેવો જ ગર્વ વિનાયક અનુભવે છે. અને માટે જ એ મને પોતાનાં બધાં જ બાળકો સાથે મેળાપ કરાવવા ઈચ્છે છે.

'પરિવાર' માત્ર સંસ્થા નથી, આ એક કુટુંબ છે.

પ્રેમના માધ્યમથી આ સૃષ્ટિને સુધારવાનો એક પડકાર છે, પ્રયાસ છે .

વી આર અ ફેમિલિ

વિનાયક લોહાની
'પરિવાર આશ્રમ'

વિનાયકનો જન્મ અને ઉછેર ભોપાલમાં થયો.

"મારા પિતાજી મધ્યપ્રદેશ કેડરના IAS ઓફિસર હતા, તેથી જ મેં હાયર સેકન્ડરી ભોપાલમાં પતાવ્યું. ત્યાંથી હું IIT (ખડગપુર) ગયો. ગ્રેજ્યુએશન પછી એક વર્ષ બેંગ્લોરમાં "ઈન્ફોસિસ' કંપનીમાં નોકરી કરી. મોટાભાગના સૉફ્ટવેર એન્જિન્યરોની માફક મેં પણ CATની પરીક્ષા આપી.

સાચું કહું તો મને MBAમાં બિલકુલ રસ ન હતો પરંતુ CATની પરીક્ષામાં સારું રિઝલ્ટ લાવવું એ કોઈપણ વિદ્યાર્થી માટે પડકાર હોય છે. સારા માર્ક આવ્યા એટલે મને IIM(કલકત્તા)માં પ્રવેશ મળ્યો. મેં મનોમન વિચાર્યું... ચાલો, હવે એડમિશન મળી જ ગયું છે તો કરી નાંખીએ MBA!

બે જ મહિનામાં મને સંસ્થા અને MBA પરનો ઊભરો શમી ગયો . અહીંથી પાસ થઈને મને વિશ્વની સારામાં સારી નોકરી અને પગારો મળે ખરાં, પણ સંતોષ મળે ખરો? મેં અભ્યાસમાંથી બિલકુલ જ રસ ગુમાવી દીધો. મને IIMનું વાતાવરણ પણ નહોતું ગમતુ. હુ જે વાતાવરણમાં મોટો થયો હતો તે તો તદન જુદું જ હતું. દેશભાવના ધરાવતા લોકસેવકોની વચ્ચે હું મોટો થયો હતો. પિતાજી અત્યંત આદર્શવાદી, દેશપ્રેમી હતા. હું પણ ગાંધીજી, જયપ્રકાશ નારાયણ અને વિનોબા ભાવેનાં લખાણો સિય મિત વાંચતો . મારા જીવન પર તે લખાણોનો ઊંડો પ્રભાવ હતો. આ વ્યક્તિઓએ ભારતનાં ગામડાંઓના વિકાસ માટે જીવન સમર્પિત કરી દીધું હતું. જ્યારે અહીં IIMમાં તો કૉર્પોરેટક્ષેત્રની આસપાસ જ રમત રમાઈ રહી હતી. સમાજ કે દેશની કોઈને પરવા ન હતી.

IIM- કલકત્તામાં હાજરી ફરજિયાત નથી. તેથી મેં મારો મોટાભાગનો સમય કલકત્તામાં ફરવામાં અને બૌ દ્વિકો સાથે ચર્ચાઓ કરવામાં ગાળ્યો. સેવાકીય સંસ્થાઓની મુલાકાતો લીધી. બીજા વર્ષમાં કૉલેજમાં "પ્લેસમૅન્ટ'ની સિઝન શરૂ થઈ! વિશ્વભરની વિવિધ કંપનીઓનાં તથા ભારતની શ્રેઠ બૅન્કો , કન્સલ્ટિંગ કંપનીઓ તથા કોર્પોરેટ્સનાં આઈ.આઈ.એમ.માં તંબૂ લાગ્યા. હું એ લાઈનમાં ઊભો જ ન રહ્યો, કેમકે કોઈપણ પ્રકારની નોકરીમાં મને રસ ન હતો. આ કંપનીઓ "પ્રિ-પ્લેસમૅન્ટ ટૉક્સ' પણ યોજતી. મને તેમાંથી ય મુક્તિ મળી ગઈ.

આમ જુઓ તો મુક્તિ અને આમ જુઓ તો સાહસની શરૂઆત! આખું વર્ષ પૂરું થઈ ગયું. મોટેભાગે હું IIMના કૅમ્પસ પરના અન્ય મિત્રોની રૂમોમાં પડયો-પાથર્યો રહેતો. મારાં ઘણાં મિત્રો આ જ સંસ્થામાં Ph.D. તથા 'ફેલો પ્રોગ્રામ ઈન મૅનેજમૅન્ટ (FPM) નું ભણતા હતા. હું સહુ સાથે વિવિધ વિષયો પર ચર્ચાઓ કરતો.

જૂન ૨૦૦૩માં હું વારાસણી ગયો. ત્યાં મૅગ્સેસે એવોર્ડ વિજેતા શ્રી સંદિપ પાંડેએ સત્તારૂઢ બી.જે.પી. સરકારની સામે મોરચો માંડયો હતો. (શ્રી પાંડે 'આશા ફૉર એજ્યુકેશન' નામની NGO ચલાવે છે. જે મેધા પાટકરની સંસ્થા-NAPM-નૅશનલ એસોસિયેશન ફૉર પિપલ્સ મૂવમૅન્ટ સાથે સંકળાયેલ છે.)

મને સરકાર સામે બાંયો ચડાવવાના કામમાં ખાસ રસ ન હતો, પરંતુ અંતરિયાળ વિસ્તારોમાં પાયાનું કાર્ય કરતી સંસ્થાઓની કામગીરી સમજવામાં રસ હતો. આ સમયગાળા દરમિયાન મેં યુ.પી.ના એક

દલિત વિસ્તારમાં , મધ્યપ્રદેશની એક ગ્રામ્ય સંસ્થામાં તથા મધર ટેરેસાની સંસ્થા મિશનરીઝ ઓફ ચેરિટી-કલકત્તામાં કામ કર્યું. અહીં હું બ્રધર ઝેવિયર નામના એક અત્યંત કરુણાશીલ પાદરીને મળ્યો. તેમણે વેશ્યાઓનાં બાળકો માટેની એક શાળા શરૂ કરી હતી. મારી સંસ્થાનું બીજ તેમનાં કાર્યોએ જ રોપ્યું છે.

મેં મનોમન વિચાર્યું... આવાં તો કેટકેટલાં બાળકો હશે?! અનાથ, રસ્તે રખડતાં, ભીખ માંગતા, રેલવે સ્ટેશનો પર ખોવાયેલાં અને મળેલાં... આવાં બાળકોને હું એક ઘર આપી શકું તો કેવું સારું?

ધીમે ધીમે મે મારી જાતને બૌદ્ધિકતા તરફથી સમાજસેવાકીય

કામો તરફ ઢળતી જોઈ. પ્રેમ તથા

સમર્પણ દ્વારા કરાતાં કાર્યો

મને અલૌકિક સંતોષ આપી રહ્યાં છે.

વિચાર તો ઘણો સારો છે, પણ શરૂ ક્યાંથી કરવુ?

હું જહોન નામના એક માણસને ઓળખતો હતો. અમારી કૉલેજની કૅન્ટીનનો તે રાતનો રસોયો હતો. ત્યાંથી તો "મિશનરી ઑફ ચેરિટી' સંસ્થા સાથે ત્રણ વર્ષ કામ કરી ચૂક્યો હતો. મેં તેને મધ્યપ્રદેશની એક નાની શાળામાં પ્રિન્સિપાલ તરીકે ગોઠવ્યો હતો . જયાંથી તે કલકત્તા ભાગી આવ્યો હતો. મને એ માણસની શક્તિ અને હોંશિયારીમાં ખૂબ વિશ્વાસ હતો . તેથી મારી સંસ્થાનો તે પ્રથમ કર્મચારી બન્યો. ૨૦૦૩માં અમે "પરિવાર એજયુકેશન સોસાયટીનું રજિસ્ટ્રેશન કરાવ્યું. હું સેક્રેટરી અને 110(કલકત્ત1)ના પ્રોફેસર સુનીતા સેનગુપ્તા પ્રેસિડેન્ટ.

સંસ્થાની સ્થાપના તો થઈ ગઈ, પરંતુ અમારી પાસે કોઈ ઓફિસ કે પ્લાનિંગ ન હતુ. મેં મારું ફિલ્ડવર્ક ચાલુ જ રાખ્યું હતુ. ઘણા લોકો સાથે સંપર્ક જાળવી રાખ્યો હતો અને હું એક્શન પ્લાન વખતોવખત વિચારતો . IIMનું છોગું વિવિધ સેવાકીય સંસ્થાઓના વડાઓને તેમજ અગત્યના ઓફિસરોને મળવામાં ઘણું ઉપયોગી નીવડતું. કલકત્તાના રેડલાઈટ વિસ્તાર (સોનાગાછી)માં વર્ષોથી કાર્યરત બે સંસ્થાઓ 'CINI' - ચાઈલ્ડ ઈન નીડ ઈન્સ્ટીટયૂટ- તથા 'સંલાપ' સાથે મારી ઘણી મિટિંગો અને વિચારવિમર્શ થયા.

વેશ્યાઓની વાતો સાંભળતાં અનેકવાર મારી આંખમાંથી ચોધાર આંસુ વહ્યાં છે. એ સ્ત્રીઓનું જે રીતે અહીં શૌષણ થાય છે તે સાંભળે અને જુએ તો પથ્થરદિલ માનવીનું દિલ પણ પીગળી જાય. તમને ગુરુદૂત્તની ક્લાસિક ફિલ્મ "પ્યાસા'નું વહીદા રહેમાનનું પાત્ર યાદ છે? "મૌસમ'નાં શર્મિલા ટાગોર કે દીના પાઠક યાદ છે? એ ફક્ત સ્ટૉરી નથી... હકીકત છે!

હું ત્યાં બધાંને પૂછતો... હું જો તમારાં બાળકો માટે સંસ્થા શરૂ કરું, તો કેટલાં બાળકો મળે? એવાં કોઈ બાળકો છે ખરાં? વેશ્યાઓ કહેતી, "અરે, સાહેબ, હજારો છે... તમે કેટલાં લેશો?" સંસ્થા શરૂ કરીને બહારથી કોઈપણ કારણ માટે ઝંડા ફરકાવવા કે નારા પાડવા સહેલાં છે, પરંતુ બાળકોની સંપૂર્ણ જવાબદારી લેવી અઘરી છે. એમાં તો જમીન જોઈએ, મકાન જોઈએ , ખાધા-ખોરાકી, કપડાં- લત્તાં... શું ન જોઈએ? મારા ગજવામાં તો દોઢિયુ ય ન હતું.

પંદર લાખ તો જગ્યાનો જ એસ્ટિમેઈટ હતો . તમને હસવું આવશે , પણ હું એવી જમીનો જોવા ફરતો ... ખાખી બંગાળી હતો તોય... IIMમાંથી હું એક બાબત સારી રીતે શીખ્યો છું. કાંઈપણ કરવું હોય તો

પહેલાં "બિઝનેસ પ્લાન' બનાવી નાંખવાનો! મેં આવો પ્લાન બનાવ્યો અને કોં્પોરેટક્ષેત્રમાં પૈસાથી ટહેલ નાંખી. હવે મારે મારો આઈડિયા "વેચવાનો' હતો. જો કે, આમાં હું નિષ્ફળ નીવડ્યો . "કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ના નામે થોડું દાન તો કરો... એ સમજાવતાં મને આવડતું ય નહીં અને સેલ્સમેન જેવા ફોન કરતાં શરમ પણ આવતી.

૧૩ નવેમ્બર ૨૦૦૩નો દિવસ હું કેવી રીતે ભૂલી શકું? એ દિવસે IIM-કલકત્તામાં જૂના વિદ્યાર્થીઓનો મિલનસમારંભ ગોઠવાયો હતો . મને ત્યાં મારા પ્રોજેક્ટ વિષે ઉદ્‌બોધન આપવાનું આમંત્રણ મળ્યું . હું તો સવારે આઠ વાગ્યામાં પહોંચી ગયો. ચાર કલાક રાહ જોઈને થાક્યો તો ય મારો વારો જ ન આવ્યો. એટલામાં ઓર્ગેનાઈઝિંગ કમિટીમાંથી એક પ્રોફેસરની મારી પર નજર પડી.. કહે, અરે... સોરી સોરી દોસ્ત! આઇ જસ્ટ ફરગૉટ ઓલ એબાઉટ યુ...

મને ખરાબ તો લાગ્યું. હું સ્ટેજ પર આવ્યો ત્યારે તેમણે મારી સાવ ટૂંકી અને ટચ ઓળખાણ આપી દીધી. ધરતી માર્ગ આપે તો સમાઈ જઉં જેવા હાલમાં સિરાશ થઈને અક્ષરે ય બોલ્યા વગર હું ઘેર પાછો ફર્યો. બપોરે હું મારી ભાડાની કોટડીમાં આડો પડયો હતો ત્યારે મને વેંકટ ક્રિષ્નન* નું નામ યાદ આવ્યું .

એકવાર ICICI બેન્કમાં મારી મિટિંગ હતી ત્યારે ત્યાંના CSRના હેડ વેકટનુ નામ બોલ્યા હતા. તેમણે મને વેંકટનો ફોન નંબર પણ આપ્યો હતો. મેં એ જ દિવસે બપોરે જ એમને ફોન કર્યો. વેંકટે મને સુંદર આઈડિયા આપ્યો... "તારી બેચના બધા જ વિદ્યાર્થીઓને પગા/ઈ-મેલ દ્વારા તુ જણાવી શકે કે તારે સત્કાર્ય માટે મદદની જરૂર છે..."

મેં બધાને ઇ-મેલ કર્યા. મને ખુદને નવાઈ લાગી કે પંદર મિત્રોના જવાબ પણ આવ્યા. મને તો મોટાભાગના યાદ પણ ન હતા. પછી તો મોં IIM (કલકત્ત1)ની વેબસાઈટ પરથી ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ સંપર્ક કર્યો. ઇન્ફૉસિસના મારા એક મિત્રએ અમેરિકાથી ૫૦૦ ડૉલર મોકલી આપ્યા. હજુ તો સંસ્થા શરૂ થઈ પણ ન હતી!

શિયાળાની એક બપોરે શાહુકાર બજારની એક દુકાનમાં હું દાલ- ચાવલ જમતો હતો . મારી બાજુના ટેબલ પર એક યુવાન બેઠો હતો . હું તેની સાથે વાતે વળગ્યો . તે મર્ચંટ નેવીમાં કામ કરતો હતો તથા 'મિશનરીઝ ઑફ ચૅરિટી'માં પણ સેવા આપતો હતો. તેણે મને કહ્યુ, "તમારા IIMથી ફક્ત ૮ કિ.મી. દૂર અંતલા નામના ગામમાં, ડાયમંડ હાર્બર રોડ પર મિ.દાસ નામના સજ્જન ત્યક્તાઓ તથા માનસિક રીતે બિમાર વૃદ્ધો માટે સંસ્થા ચલાવે છે . મોટેભાગે સ્ટેશનો અને બસસ્ટૅન્ડો પર આવાં લોકો ભટકતાં હોય છે.

હું શ્રી દાસને મળવા ગયો. "મારૈ બાળકો માટે એક સંસ્થા શરૂ કરવી છે. ઘર જેવી. જયાં બધાં પરિવારની જેમ જ રહે."

શ્રી દાસે મને ઘણું ઉત્તેજન આપ્યું: "અરે ભાઈ, અહીં આસપાસમાં જ અસંખ્ય બાળકો છે... એમને પ્રેમાળ બાપ મળે તેથી રૂડું શું?" એમણે તો મારા પર તરત જ વિશ્વાસ મૂકી દીધો! હું તરત જ કલકત્તા પાછો ગયો. રૂ. ૧૧૦૦૦/-ના માસિક ભાડે એક જગ્યા મળી ગઈ. હું CAT પરીક્ષાના વિદ્યાર્થીઓના કોચિંગ ક્લાસમાં નોકરી કરીને ય એટલું નહતું કમાતો! હું તો બંને ક્લાસ-'ઈરૂડાઈટ' અને "ટાઈમ'-માં પહોંચ્યો... મને વધારે પિરિયડ ગોઠવી આપો તો ખર્ચા નીકળે...

"તમે તમારાં ૪૦ બાળકોની ચિંતા કરોને! આખી દુનિયાનો ભાર

માથે ઊંચકવાની તમારે જરૂર નથી."

બિહિડિંગનું રિપેરિંગ, રંગરોગાન, થોડું-ઘણુ કામચલાઉ ફિચર તથા સંસ્થા ચલાવવાનો ખર્ચ માત્ર દસથી પંદર વિદ્યાર્થીઓ હોય, તો ય ૩૦,૦૦૦/- થી ૩૫,૦૦૦/- બેસતો. ૩૧મી ડિસેમ્બર ૨૦૦૩ને દિવસે મારો મિત્ર મુનીશ ઠાકુર (જે IIMCમાં FPMનો વિદ્યાર્થી હતો અને હવે XLRIમાં પ્રોફેસર છે) મને કહે, "હવે ઠંડો પડ! બે-મણ મહિના પછી બધું કરજે.

મિ. દાસનો વિશ્વાસ ગુમાવવો હવે મને પોસાય તેમ ન હતો. વાર્તાનાં વડાંને બદલે કામ કરી બતાવવાની ઘડી આવી પહોંચી હતી. ૭મી જાન્યુઆરી ૨૦૦૪ ને દિવસે કોચિંગ ક્લાસમાં ભણાવીને તરત જ મેં અંતલાની બસ પકડી. મિ.દાસે મારા હાથમાં ત્રણ બાળકો સૌંપ્યા અને કહ્યું, "વિનાયક, આજથી તારા જીવનનો નવો તબક્કો શરૂ થાય છે. પાછો ન વળીશ અને હિંમત ન હારીશ."

એ દિવસથી જ મને સમજાઈ ગયું કે હવે મારી જવાબદારી વધી છે . હું પિતા બન્યો છું . હવે મારે માટે આ ફક્ત સાહસ નથી... હકીકત છે. કલકત્તામાં જ અમે રસોયણ બાઈ, ખાટલા, ઓઢવાનાં... બધી જ સાદી વ્યવસ્થા કરીને "હોમ' ચાલુ ક્યું. સાદુ, પણ ચોખ્ખુચણક. હું ખુદ મારી ભાડાની ઓરડી ખાલી કરીને અહીં જ રહેવા આવી ગયો.

૨૦૦૪ની ૧૭મી જાન્યુઆરીએ "ટુમોરોઝ ફાઉન્ડેશન" નામની સંસ્થાએ દસ બાળકો મોકલી આપ્યાં. થોડા જ દિવસમાં શ્રી દાસે ત્રણ બાળકો મોકલ્યાં. આમ કુલ સંખ્યા-૧૪ પર પહોંચી. મેં સૌથી પહેલું કામ બૅન્કમાં ખાતું ખોલાવવાનું કર્યું. જેમણે મદદ કરવાનું વચન આપ્યું હતું તે સહમિત્રો તથા સહાધ્યાયીઓને ઈ-મેલ તથા પત્રો દ્વારા હવે યથાશક્તિ મદદ મોકલવા જણાવાયું. 2ણ લાખ રૂપિયા તો તરત જ આવી ગયાં!

ફેબ્રુઆરી મહિનામાં "હિન્દુસ્તાન ટાઈમ્સે' પરિવાર આશ્રમ વિષે નાનકડો લેખ છાપ્યો. કલકત્તાના એક બિઝનેસમેન શ્રી રવિન્દ્ર ચમારિયાનો મારા પર ફોન આવ્યો. "ભાઈ, દર મહિને હું રૂ. ૨૫,૦૦૦/- મોકલી આપીશ. તું તારે પૈસાની ચિંતા ન કર, કામ કર!" હું તો સાવ નાનકડી સંસ્થા ચલાવતો હતો... આ માણસ મને ઓળખતો ય ન હતો. સાવ અજાણી વ્યક્તિનો મારા પરનો વિશ્વાસ અનુભવતાં પ્રભુ પરની મારી શ્રદ્ધા મજબૂત થઈ.

આવી નિયમિત આવક (દાન સ્વરૂપે) મળવા લાગી એટલે મેં સંસ્થાનો વ્યાપ વધારવાનું નક્કી કયું. મેં વેશ્યાઓનાં બાળકો પર જ ધ્યાન કેન્દ્રિત કયું. ૨૦૦૪ની બારમી માર્ચે આવી છવ્વીસ દીકરીઓ આશ્રમમાં આવી. અમે એક જ દિવસમાં ૧૬ માંથી ૪૨ થઈ ગયાં. પછી તો મેં ન્યૂઝલેટર છપાવ્યો . IIM(અમદાવાદ) સુધી પહોંચતો કર્યો. ચેકોના સ્વરૂપે ઘણી મદદ મળી.

આ દરમિયાન અમે બાળકોને તેમની ઉંમર પ્રમાણે અલગ પાડીને સારી શાળાઓમાં પ્રવેશ માટે તૈયારી કરાવવા લાગ્યા. વિશ્વનાં બધાં પિતાઓની જેમ મને પણ મારાં બાળકો માટે શ્રેઠ કેળવણીની અભિપ્સા હતી.

આમ, ત્રીસ બાળકો વિવિધ શાળાઓમાં ૧ થી ૪ ધોરણમાં પ્રવેશ પામ્યાં. ૨૦૦૪ના મે મહિનામાં '"આઉટલૂક' નામના મેગેઝિનમાં 'પરિવાર' વિષે લેખ છપાયો. એ લેખ વાંચીને અમને અનેક સેવાભાવી વ્યક્તિઓએ સંપર્ક કર્યો. જેમાં સૌથી મહત્ત્વનું નામ હોય તો તે છે મુંબઈના શ્રી રમેશ કચો લિયા.

રમેશભાઈ ખૂબ જ અચ્છા ઈન્સાન છે. ભારતની ઘણી સફળ સંસ્થાઓ અને વ્યક્તિઓના તે ફ્રેન્ડ, ફિલૉસૉફર ઍન્ડ ગાઈડ છે. "મુંબઈ ગ્રુપ ઑફ ફ્રેન્ડઝ' નામનું એક સાવ ઈન્ફોર્મલ મંડળ તેઓ ચલાવે છે. આ ગ્રુપમાં મુંબઈની કેટલીય અત્યંત ધનાઢય અને જાણીતી વ્યક્તિઓ શામેલ છે. ૨૦૦૮-૦૯માં મુંબઈ

ગ્રુપ ઓફ ફ્રેન્ડઝે સત્કાર્યો માટે વીસ કરોડ જેટલી રકમનું દાન વહાવ્યુ છે! રમેશભાઈએ ૨૦૦૪ના ઑગસ્ટ મહિનામાં મુંબઈ આવીને તેમના સ્નેહમિલનમાં વાર્તાલાપ આપવાનું મને આમંત્રણ આપ્યું. દર બે-

મેં સંસ્થાઓ કે સરકારી સહાય કરતાં વ્યક્તિઓ તરફથી મદદ

મેળવવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તમારી સફળતાની ખાતરી

થાય પછી જ સંસ્થાઓ તમને નાણાં આપશે જ્યારે અનેક વ્યક્તિઓ

તમારી શક્તિમાં વિશ્વાસ મૂકીને તમને શરૂઆતથી જ મદદ કરશે.

તમને તક આપશે.

ત્રણ મહિને તેઓ આવી મિટિંગ યોજે છે જેનું નામ છે- "'ગૅટ ટુ ગેંધર વીથ અ પર્પઝ'-ગુજરાતીમાં આને શું કહીશું? 'સદૂભાવના સ્નેહમિલન"'...? જે હોય તે, સારી સંસ્થાઓને મદદ કરવા ઈચ્છતી અત્યંત ધનાઢ્ય વ્યકક્તઓ આમાં હાજરી આપે છે. પૈસો આ વ્યક્તિઓ માટે માત્ર મોજ-શોખનું સાધન નથી. તેઓ તેમનાં જ નાણાંના ટ્રસ્ટીઓ તરીકે કામ કરીને સત્કાર્યોમાં મદદરૂપ થાય છે.

૨૦૦૪ના ડિસેમ્બર સુધીમાં તો "પરિવાર'ની શાખ એવી જામી ગઈ, કે મને રોજ નવી-નવી વ્યક્તિઓના ઈ-મેલ મળવા લાગ્યા. તમને એક ઉદાહરણ આપીને સમજાવું - જાન્યુઆરીથી માર્ચ ૨૦૦૨ સુધીમાં અમને માત્ર રૂ. ૭.૫ લાખનું દાન મળ્યું હતું. એ પછીના ત્રણ જ મહિનામાં અમને ૮૩ લાખનું દાન મળ્યું!!! તરત જ મેં જમીન અને સંસ્થાના બિલ્ડિંગમાં રોકાણ કરવાનું નક્કી કર્યું. અત્યારે તમે જયાં ઊભા છો ત્યાં અમે બે એકર જમીન ખરીદી. શહેરથી થોડી દર હોવાથી સસ્તી જમીન મળી. લગભગ દસ લાખ રૂપિયે એકર.

૨૦૦૫ના જાન્યુઆરીમાં અમે તબક્કાવાર બાંધકામ શરૂ કર્યું. પહેલા ત્રણ બિહિડિંગ માત્ર છ મહિનામાં ઊભાં કરવામાં આવ્યા. પ્રત્યેકનો ખર્ચ બારથી પંદર લાખ થયો. એ વર્ષે વિદ્યાર્થીઓનો સંખ્યા પણ બમણી થઈ ગઈ! ૯૭ માંથી ૧૪૪. જો કે સંખ્યાને અમે કદીયે મહત્ત્વ નથી આપ્યું. ઈટ ઈઝ ઓલ અબાઉટ ક્વૉલિટી! આ આશ્રમ એક પરિવાર તરીકે કામગીરી બજાવે તે મુખ્ય ધ્યેય છે. સર્વે બાળકોને સમાન તક અને હકક મળે તે જોવાની કુટુંબના વડા તરીકે મારી ફરજ બને છે.

હું મિડલક્લાસમાં મોટો થયો. અમે કપડાં-લત્તાં કે હોટેલના ખર્ચા નથી કર્યા પરંતુ કેળવણી પાછળ મારાં માતા-પિતાએ કોઈ પણ જાતની બાંધછોડ નથી કરી. ભણવા માટે જે પુસ્તકો , મટિરિયલ કે ક્લાસનો ખર્ચો કરવો પડે તે કરવામાં આવતો . અહીં "પરિવારમાં પણ બાળકોમાં જેટલી ક્ષમતા હોય તેટલી તક આપવામાં આવે છે. એન્જિનિયરિંગ, મેડિકલ, ITI, ડિપ્લોમા- જેવી જેની ક્ષમતા.

સવારે ૭ થી ૯.૩૦ બધાંને ટ્યૂશન આપવામાં આવે છે . પછી બધાં બ્રેકફાસ્ટ કરીને શાળાએ જવા માટે તૈયાર થાય છે . અમે શરૂઆતમાં (૨૦૦૩-૦૪) જે બાળકોને 'પરિવાર'માં લાવ્યા હતાં. તે વિવિધ શાળાઓમાં જાય છે, પરંતુ ૨૦૦૭માં અમે અમારા કૅમ્પસ પર જ શાળા બનાવી છે - અમર ભારત વિદ્યાપીઠ-વિદ્યાર્થીઓ ની સંખ્યા જ્યારે ૨૦૦ થી વધી ગઈ ત્યારે નજીકની શાળાઓમાં અમારાં બાળકોને પ્રવેશની તકલીફ પડવા લાગી. વળી મેં જોયું કે અમારાં બાળકોને અમે "બ્રિજ કોર્સ' કરાવીએ, પછી તે સમાજનાં અન્ય બાળકો કરતાં ય સારા માર્ક લાવતાં . ઘણીવાર બાળક સંસ્થામાં આવે ત્યાં સુધી કદીયે શાળાએ ગયું નથી હોતું. દા.ત. નવ વર્ષની બાળા વૈશ્યાગૃહમાંથી અહીં આવે તો તેની "બ્રૉજ કોર્સ" કરાવીને ત્રીજા કે ચોથામાં સીધું ઍડમિશન મળે તે રીતે અમે તૈયાર કરીએ છીએ .

આજે અમર ભારત વિદ્યાપીઠમાં ૨૫૬ વિદ્યાર્થીઓ ભણે છે. ચોથા ધોરણ સુધીની શાળા ચાલે છે. ૫૭ વિદ્યાર્થીઓ વિવિધ અન્ય શાળાઓમાં ભણે છે તથા બાકીનાં ૯ થી ૧૨ મહિનાનો "બ્રિજ કોર્સ" કરી રહ્યાં છે. અત્યારે અમારા પરિવારમાં ૫૦૦ બાળકો છે. ૨૦૦૭માં અમે પરિવારની એક શાખા બંગાળના પશ્ચિમ મિદનાપુર જિલ્લાના બેલપહાડી વિસ્તારના અત્યંત અંતરિયાળ આદિવાસી વિસ્તારની સાબર નામની જાતિ માટે શરૂ કરવાનુ નક્કી કર્યું. આ આદિવાસી લોકોને તમે જુઓ તો તેઓ પશુ છે કે માણસ એ વિચારતા થઈ જાઓ એવા છે! અહીં ફક્ત કેળવણી જ નહીં, સ્વાસ્થ્ય અને જીવનિર્વાહનાં સાધનો પર પણ અમે ભાર મૂકવાનાં હતાં.

આઠ મહિના સુધી અમે પાંત્રીસ ગામડાંઓમાં પાયાનું કામ કર્યું. આ કામ કરવામાં મેં એક સત્ય નજરઅંદાજ કર્યું હતું. આ વિસ્તારમાં નક્સલવાદીઓની જબ્બર ધાક છે. અમે બાળકો માટે સારા કાર્યક્રમો કરવાનું શરૂ કર્યું કે તરત જ નક્સલવાદીઓ ત્રાટક્યા. બંદૂકની અણીએ અમારી ટીમના અમુક સભ્યોનું અપહરણ કરી ગયા. માંડ- માંડ અમે બધાંને છોડાવ્યા. ત્યાંના ૧૫૦ વિદ્યાર્થીઓને ૨૦૦૮માં અમે કલકત્તા લઈ આવ્યા.

એ બનાવે મને મારા ભોળપણ અને મૂર્ખામી-જેને આદર્શવાદનુ પણ નામ આપી શકાય- તેનું ભાન કરાવ્યું!

ભારતમાં નક્સલવાદનુ ઝેર જબરદસ્ત વ્યાપેલું છે! મધ્યપ્રદેશનો જંગલ વિસ્તાર, ગુજરાતથી માંડીને પશ્ચિમ બંગાળનો આદિવાસી વિસ્તાર... બધે જ જંગલમાં આગની જેમ આ લોકો ફેલાયેલા છે. લોકશાહીમાં તેમને મુદ્દલેય શ્રદ્ધા નથી. તમને કદાચ ખ્યાલ નહીં હોય, પણ ભારતના ૪૯૦૦ માંથી ૧૦૦ જિલ્લાઓને "નક્સલવાદ પ્રભાવિત' જાહેર કરવામાં આવેલ છે! અહીં એવું જંગલરાજ ચાલે છે કે ધોળે દિવસે પોલીસો ય અહીં આવતાં ગભરાય છે.

આ વિસ્તારમાં અમે તો સારું કામ કરવા ગયા હતા, છતાં ય અમને 'બહારના' ગણીને ભગાડી દેવામાં આવ્યાં. નક્સલવાદીઓએ વિચાર્યું હશે કે અમારી પ્રવૃત્તિઓથી આદિવાસી પ્રજાની પ્રગતિ થશે , તો તેઓ પોતાની પક્કડ ગુમાવી દેશે!

મને ઘણીવાર પૂછવામાં આવે છે કે તમે આ બધું શી રીતે શરૂ કર્યું? મારી પાસે પ્રશ્નનો જવાબ નથી. કદાચ નસીબ... મેં જોયેલું એક સ્વપ્ન! ઘણાં આદર્શવાદી યુવક-યુવતીઓ પણ આ જ કારણે મારી પ્રવૃત્તિમાં પ્રેમથી જોડાયાં છે. ગ્રેજ્યુએટો , શાળાકીય અભ્યાસ પૂરો કરેલાં, અબાલવૃદ્ધ, બધાંને કોઈપણ પ્રકારે મદદ કરવી છે. મારી ટીમને હું "સેવાવ્રતી' કહું છું. મારા પરિચયમાં આવ્યાં તે પહેલાં ય તેમની પાસે અસાધારણ પ્રતિભા અને કામ કરવાની શક્તિ હતાં જ. મેં તો તેમને શોધીને આ કાર્યમાં જોડી દીધાં છે .

અમારામાંથી એકેયને સંસ્થા ચલાવવાનો અનુભવ નહોતો. અહીં ચાઇલ્ડ સાયકોલોજી કે કાઉન્સેલિંગની ડિગ્રી ધરાવનાર સ્ટાફ નથી. અહીં તો બસ નિર્મળ હૃદય અને કરુણાસભર મન ધરાવતા સામાન્ય માનવીઓ છે. હાલમાં અહીં ૩૫ "સેવાવ્રતી'ઓ છે. મુખ્ય ટીમમાં દસ વ્યક્તિઓ છે. પેલા બેલપહાડીના નક્સલવાદી વિસ્તારનો આખો પ્રોજેક્ટ પુલકદા સંભાળતા હતા. (પુલક બેનરજી) એ અમારા "સેવાવ્રતી' ઓનો હીરો છે. લોકોની લાગણીને સમજવાની તેનામાં સ્વાભાવિક આવડત છે.

અમારી ટીમની બીજી બે મહત્ત્વની વ્યક્તિઓ છે સિમાઈ સહા અને સંધ્યા નાગ. આજે તમે સંસ્થાનું જે સ્વરૂપ જેઓ છો તેમાં તેમનો મુખ્ય ફાળો છે. અમારા બધાંના જીવનના કેન્દ્રમાં "પરિવાર" છે. 'પરિવાર' માત્ર નામ નથી. અહીં બાળકને કુટુંબ મળે છે, પ્રેમ, લાગણી અને પ્રગતિની તક મળે છે .

બાળકને અહીં દાખલ કરવાથી કામ પતી નથી જતું. એનું ભવિષ્ય ન બને અને તેને નવજીવન ન મળે ત્યાં સુધી અમે અથાગ પરિશ્રમ કરીએ છીએ. આ ઘરનો હું વડીલ છું. દરેક બાળકને અવાજથી - આંખ બંધ કરી દઉં તો ય ઓળખી જાઉં છું. બધાં મને લાડથી “દાદા' કહે છે. મારું તો વિશ્વ જ આ બાળકો છે. શરૂઆતના બસો બાળકો કઈ તારીખે 'પરિવાર'માં આવ્યા તે દિવસ મને બરોબર યાદ છે.

અને હા, એક વાત ખાસ લખજો! આ દુનિયામાં બહુ જ ઓછા લોકોને મળ્યો હશે તેવો પ્રેમ મને આ બાળકો તરફથી મળ્યો છે! હું એમને પ્રવાસે લઈ જાઉં છું, ઓક્સફર્ડ સ્ટ્રીટ પર ચોપડીઓની દુકાનોમાં ફેરવું છું, પાર્ક, મ્યુઝિયમ, ઝુ... જયાં જાઉં ત્યાં મારાં સંતાનો સાથે જ હોય. એમને મૂકીને ક્યારેક જ મુંબઈ સુધી દાતાઓને મળવા જાઉં ખરો! રમેશભાઈને મળવા ગયો હોઉ ત્યારે મારી બે બહેનોને ય મળતો આવું.

આ કામની શરૂઆત કરી ત્યારે મેં બધા જ દુન્યવી સબંધો કાપી નાખ્યા હતા. બસ, કામ, કામ ને કામ. જો કે, છેલ્લાં બે વર્ષમાં હું ઘણો બદલાયો છું. ચર્ચાઓ કરું, નવું શીખવાનો પ્રયત્ન કરું, સમજોને, કે ઘડાયો છું.

મારા જીવન પર સૌથી ઊંડી અસર હોય તો તે છે સ્વામી વિવેકાનંદનાં લખાણોની! તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો છે - પ્રત્યેક

ભારતનાં મધ્યમવર્ગનાં કુટુંબો અન્ય ખર્ચમાં કાપ મૂકીને ય બાળકોને

શ્રેષ્ઠ શિક્ષણ આપે છે. “પરિવાર' પણ આવું જ એક કુટુંબ છે.

અહીં બાળકોને રોજના સાડા ચાર કલાક એંકસ્ટ્રા ભણવું પડે છે. તમે

એને 'ટ્યૂશન'કહી શકો. આ બાળકો નાનપણમાં કાંઈ જ તથી

ભણતા તેથી અહીં એ “ખાલી જગા પૂરવી' પડે છે.

માનવીના અંતરમાં પ્રભુનો વાસ છે. દરેક વ્યક્તિને અભૂતપૂર્વ પ્રતિભા મળેલ છે. 'પરિવાર'નાં બાળકો 'દેવદૂતો' જેવાં છે.

અત્યારે મંદીના સમયમાં સંસ્થાઓને મળતું ભંડોળ ઘણું ઘટી ગયું છે પરંતુ અમારા દાતાઓ અડીખમ છે. ૨૦૦૮-૦૯માં અમારી આવક ૩.૬૪૧ કરોડમાંથી ૪.૫ કરોડ થઈ છે . અમે દાતાઓને એક જ પ્રશ્ન પૂછીએ છીએ, “મંદીને કારણે તમે બાળકોના ભણવાના ખર્ચ પર કાપ મૂક્યો?” - દાતા સમજી જાય છે. હું થોડો “ક્રેઝી' છું, ખરો! હજુ મારામાં ય એક બાળક જીવે છે. મને જે વ્યક્તિઓ ગમે , જે સંગીત પસંદ હોય અને જે ખેલાડીઓ ગમે છે તે સહુ વિષે બાળકોને ય જણાવું છું. હમણાં જયારે રોજર ફેડરર એક જાણીતી ગ્રાન્ડસ્લામ ટુર્નામેન્ટ જીત્યો , ત્યારે અમે ય ફટાકડા ફોડીને ખુશાલી વ્યક્ત કરી હતી. માઈકલ જેંક્સનનું મૃત્યુ થયું ત્યારે મને ખૂબ જ દુઃખ થયું હતું! વિરોધાભાસી વ્યક્તિત્વ હોવા છતાં , તેણે વર્ષો સુધી આ વિશ્ચના ા અસંખ્ય લોકોને પોતાના સંગીતના દીવાના બનાવ્યા હતા. સ્કૂલના દિવસોથી જ એ મારો 'હિરો' હતો. એનું મૃત્યુ થયું ત્યારે અમે અહીં “માઈકલ જૅક્સન મંદિર” બનાવ્યું હતું અને દિવસો સુધી હવામાં એનું સંગીત ગુંજતું હતુ!!!

બે દિવસ અગાઉ જ અમે ક્રિકેટના બાદશાહ સર ડૉન બ્રેડમૅનના જન્મદિવસની ઉજવણી કરી. ગયે વર્ષે અમે એમની સુવર્ણજયંતિ પણ ઊજવી હતી. અમારી “પરિવાર'ની ટીમ અનેક શિલ્ડ જીતી લાવી છે. અમે વ્યવસ્થિત કીટથી અને મૅચિસ બૉલથી જ બાળકોને ટ્રેનિંગ આપીએ છીએ. આશ્રમની બાજુમાં

તમને જે ક્રિકેટનું મેદાન દેખાય છે, તેની પીચ કોણે તૈયાર કરી છે, જાણો છો? કલકત્તાના ઇડન ગાર્ડન્સ મેદાનની પીચ જેમણે તૈયાર કરી છે તે જ ટીમે!

આટલાં બધાં બાળકોને, એમાંય આટલી બધી છોકરીઓને સાચવવાની જવાબદારી છે એટલે ક્યારેક વિચિત્ર પરિસ્થિતિ ઊભી

બાળકો પુખ્તવયનાં થાય એટલે મોટા ભાગની સંસ્થાઓ બાળકોને
તેમના તસીબ પર છોડીને જવાબદારીથી મુક્ત થઈ જાય છે. અમે
'પરિવાર' તરીકે એવું ન કરી શકીએ. ભારતમાં દીકરો અઢાર વર્ષનો
થાય એટલે મા-બાપ તેને ઘરની બહાર નથી કાઢી મૂકતા... કહેતા
નથી, કે જા ભાઈ કાલથી તું તારે રસ્તે...

થાય ખરી! હમણાં જ થોડા રોડ સાઈડ રોમિયો અમારી દીકરીઓની પાછળ પડી ગયા હતા. નિશાળે જતાં-આવતાં તેમને હેરાન કરતા હતા. અમારે એ બધાંને સીધા કરવા પડયા. વળી , છોકરા-છોકરીઓ કિશોરાવસ્થામાંથી પુખ્ત થાય એટલે એ પ્રશ્નો પણ ઊભા થાય. તેથી જ અમારે ઘણુ ધ્યાન રાખવું પડે છે. એકાદો ખરાબ બનાવ બને તો સંસ્થાની આબરૂ પર પાણી ફરી વળે.

૨૦૦૮માં હોળીની ઉજવણી વખતે અમારા પરિવારના એક છોકરાનું કરુણ અવસાન થયું. એ પાણીમાં ડૂબીને ગુજરી ગયો ત્યારે આખા આશ્રમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. હુ તો સાવ હતાશ થઈ ગયો હતો. ડિપ્રેશન આવી ગયું! બે-ત્રણ અઠવાડિયાં સુધી રાત- દિવસ એક જ સવાલ મારા મનને કોરી ખાતો હતો - હાઉ કુડ સચ અ થિંગ હૅપન! આટલું ઓછું હોય તેમ ઘા પર મીઠુ ભભરાવવા આપણી ભારતીય પોલીસ અને સરકારી બાબુઓ ની પૂછતાછ!

કુટુંબમાં આવો બનાવ બને તો પડોશીઓ તમને આશ્વાસન આપવા આવે. અહીં પ્રેસ, પોલીસ અને પ્રજાની ત્રિપુટી અમારા પર તૂટી પડી... કેટકેટલા આરોપો! એની વે! આ બનાવે મારી હિંમત વધારી છે, ઘણો ઘડી દીધો. પ્રત્યેક બાળક પાસે પણ ઘણું શીખવા જેવું હોય છે... સાવ સામાન્ય દેખાતા માણસો તમને જીવનભરનું ભાથું આપી જાય છે!

બસ, તો આ છે વિનાયક લોહાનીની વાત... બાળકોના જીવનપથને અજવાળતો આમઆદમી...

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

જુઓ ભાઈ, સત્કાર્ય કરવા માટે સંસ્થા સ્થાપવાની જરૂર નથી. સાચું કહું તો હકારાત્મક અભિગમ કેળવો, પ્રત્યેક વ્યક્તિનો સારો ગુણ શોધી લ્યો અને તે વ્યક્તિ સાથે તેની ભાષામાં વાત કરો .

ઘણા મને પૂછે છે કે 'પૉઝિટિવ એટિટ્યૂડ' એટલે શું? હકારાત્મક અભિગમ કેળવવો કેવી રીતે? જવાબ છે , સામાન્ય માણસોમાં રહેલી અસાધારણ શક્તિઓને પિછાણતાં શીખવું એટલે ‘‘પૉઝિટિવ' બનવુ .

તમે તો કહેશો જ કે આ તો જનરલ જવાબ છે! પણ હું બીજું શું કહું? મે ખુદ આ સંસ્થા શરૂ કરી ત્યારે મારામાં આ પ્રકારના કામની કોઈ આવડત ન હતી. બસ, મનમાં નિશ્ચય કર્યો હતો કે આ કામ કરવું જ છે. કેવી કેવી જબરદસ્ત વ્યક્તિઓના સ્વરૂપે મને ઈશ્વરનો સાથ મળ્યો! હું કોનો આભાર માનું?

સો વાતની એક વાત! પ્રતિબદ્ધતા અને સમપિત ભાવે કરેલાં સત્કાર્યોનું સ્થાન અટલ છે. પાવર ઑફ પ્યૉરિટી... પાવર ઑફ સિન્સિયર આઈડિયાઝ! નિસ્વાર્થભાવે કરેલાં કાર્યોનું ફળ મળે જ છે. ટાંટિયાખેંચ કે અન્યનું નુકસાન કરીને ખુદનો ફાયદો કરવાની ભાવનાને હંમેશ માટે તિલાંજલિ આપજો .

આ સમાજમાં અમુક વ્યક્તિઓ 'gifted'છે . લોકોની લાગણીઓને સમજવાની તેમનામાં સહજ આવડત હોય છે. તમારામાં આવી આવડત હોય, તો તમારી જવાબદારી પણ વધી જાય છે. જો પ્રભુએ તમને આવી ભેટ અને જવાબદારી બંને સોંપ્યા હોય, તો તમારે સત્કાર્યોમાં જાતને સમર્પિત કરવી જ રહી.

---

* વેંકટ ક્રિષ્નન વિષે વધુ માહિતી માટે "ખભે કોથળો દેશ મોકળો' પ્રકરણ- ૨૨ "શિવ ઈન્ડિયા



કટાવા કરતાં ઘસાવું સારું!

શિરીષ જાદવ
'બેલૂર મઠ'

આઇ.આઇ.ટી.માંથી ગ્રૅજ્યુએટ તો થઈ ગયા! હવે શું? બીબાંઢાળ કારકિર્દી તો પસંદ કરવી જ નથી! સમાજસેવા ક્ષેત્રે જ કાંઈક કરવાની મહેચ્છા છેવટે શિરીષે સમાજને તિલાંજલી આપીને પુર્ણ કરી. સમાજમાં વ્યાપેલ કુરિવાજોરૂપી અંધારાને કોસવા કરતાં હાથમાં નાનકડી મિણબત્તી લઈને થોડુંઘણું ય અજવાળું ફેલાવવું શું ખોટું? આ સ્વાર્થી દુનિયામાં ઉજાસ ફેલાવી રહેલી આવી જૂજ વ્યક્તિઓને દિલી સલામ!

આ વ્યક્તિનો સંપર્ક સાધવો શી રીતે?

આ દેશમાં નાનાં-નાનાં છોકરાં ય સેલફોન લઈને ફરતાં હોય છે, પણ આ માણસ પાસ સેલફોન જ નથી!

વધારે નવાઈ તો મને એ લાગે છે કે IIT નો ગ્રૅજયુએટ થયેલ માણસ સાધુજીવન ગાળે છે!

શ્રીસ જાદવ બેલૂર મઠની વિવેકાનંદ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર છે. ઓફિસ કે એડમિનિસ્ટ્રેશનનું કામ ન કરતા હોય ત્યારે તે ક્લાસ કે લેબમાં કમ્પ્યૂટર સાયંસ ભણાવતા હોય છે.

"તમે મારો ઈન્ટરવ્યૂ શા માટે લેવા માંગો છો? મને તો સમજ જ નથી પડતી!" શ્રીસના શબ્દોમાં સાચૂકલી અનિચ્છા જણાય છે... દંભ કે દેખાડો નહીં!

પણ હું તો નક્કી કરીને જ આવી છું... શ્રીસનો ઈન્ટરવ્યૂ લીધા વગર આ શાંતિભર્યા કૅમ્પસમાંથી હું ખાલી હાથે નહીં જ જાઉં!

અમને એક વિશાળ ખંડમાં બારીની બાજુમાં બેસાડવામાં આવ્યાં છે. બારીમાંથી ફૂલોથી લચી પડતાં છોડ, વૃક્ષો અને વિશાળ લૉન દેખાય છે. પક્ષીઓનો મધુર કલરવ મનને બહેલાવી રહ્યો છે. એક વ્યક્તિ હાથે રાંધેલો ખૂબ જ પૌષ્ટિક નાસ્તો અમને પ્રેમથી ધરે છે . આઇ એમ ફિલિંગ ટ્રૂલી સ્પેશ્યલ!

નક્કી કરેલ સમયે શ્રીસ આવે છે. વધારે પડતો આત્મવિશ્વાસ પણ નહીં ને ઓછો ય નહીં. પણ માણસનું વ્યક્તિત્વ એવું કે તમે આંખો બંધ કરી દો તોય તમને ખંડમાં તેમની વ્યાપ્તિ વર્તાય. તેમની

આસપાસ એક આભા છે... શાંતિની, જ્ઞાનની અને સમજણની. આ બધું કુદરતી લાગે છે.

ખરેખર, તમે ખુદને જ્યારે અન્યથી અલગ સમજવા લાગો ત્યારે જ તમને આભાસ ઊભો કરવો પડે છે. જીવનમાં કુદરત સાથે તાદાત્મ્ય સાધનારને સર્વશક્તિમાન સાથે એકાકાર થવું સહજસાધ્ય થઈ જાય છે. શુ કહો છો વાચકો?

કટાવા કરતાં ઘસાવું સારું!

શિરીષ જાદવ
'બેલૂર મઠ'

"મારો જન્મ અને ઉછેર રાયપુર (ઉત્તરપ્રદેશ)માં થયો ." પપ્પા- મમ્મી બંને એન્જિનિયર્સ છે. મમ્મી રાયપુર એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રોફેસર અને પપ્પા ભિલાઈના લોખંડ-પોલાદના કારખાનામાં (ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ) હતા.

નાનપણથી જ હું અને મારી ત્રણેય બહેનો અમારાં પપ્પા-મમ્મી સાથે રાયપુરનાં રામક્રિશ્ન મિશનના આશ્રમમાં નિયમિતપણે જતાં હતાં. સ્વામી આત્માનંદ મહારાજની અમારા સહુનાં જીવન પર ઘેરી અસર હતી. મારા પપ્પા તો ભણતા હતા ત્યારે એ જ આશ્રમમાં રહેતા હતા. આને કારણે રામક્રિશ્ન મિશનની તેમના જીવન પર અસર હોવી સ્વાભાવિક છે. આશ્રમની ઘણી પ્રવૃત્તિઓમાં પણ તેઓ સાથ આપતા.

જો કે વિરોધાભાસ એવો હતો કે હું ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ચલાવાતી કુમારશાળા "સેન્ટ પૉલ હાયર સેકન્ડરી સ્કૂલ'માં ભણતો હતો. અમારી શાળા હિન્દી માધ્યમની હતી. અમારા પ્રિન્સિપાલ શ્રી જહોન સેમ્યુઅલની મારા જીવન પર ઊંડી અસર છે. શિક્ષણ પ્રત્યે તેમની નિષ્ઠા અને તેમનું નિષ્કલંક વ્યક્તિત્વ કોઈને પણ પ્રેરણા આપે તેવાં હતાં!

સ્કૂલમાં હતો ત્યારે હું "લોર્ડ ઓંફ ધ લાસ્ટ બેન્ચ' ગણાતો. ખ્યાલ આવી ગયો ને? રોજ મારામારી કરીને ઘેર આવું, અમુક દિવસોએ શાળામાંથી ભાગી જાઉ, ઘેર કહ્યા વગર ક્રિકેટની મૅચ કે પ્રૅક્ટિસ જોવા ઊપડી જાઉં! એ જમાનામાં અમે બધાં સાઈકલો પર સ્કૂલે જતાં. કેટલીય વાર મિત્રો સાથે સ્કૂલની વાડ સાઇકલ સાથે કુદાવીને હું ભાગતો. બધાંમાં હું સૌથી ઊંચો-પહોળો હોવાથી બધાં ની સાયકલો હુ કુદાવી આપતો .

એકવાર ભારતીય હોકી ટીમ રાયપુરમાં રમવા આવી હતી. એ જમાનામાં ઝફર ઈકબાલ અને મોહમ્મદ શહીદ અમારા હીરો હતા. એ દિવસે અમે ભાગીને મૅચ જોવા સાઇકલ કુદાવી રહ્યા હતાં, ને સિશાળના ચોકીદારે અમને પકડ્યા! "કૌન હૈ? કૌન ભાગ રહા હૈ?" અમારો એક સાથીદાર ગભરાઈને પાછો દોડ્યો, પકડાયો . વોચમેને એની સાઇકલ લોક કરીને ચાવી પ્રિન્સિપાલને આપી દીધી . પછી તો અમે ય પકડાયા. સાહેબે બધાંની ખબર લઈ નાખી અને મને એકલાને છેલ્લે ઊભો રાખીને કહ્યું, "બેટા, તારી પાસે મારી આવી અપેક્ષા ન હતી. તને ખબર છે દીકરા, તારી મમ્મી પણ અહીં મારા હાથ નીચે ભણી છે? રાયપુરમાં એ જમાનામાં છોકરીઓ માટે હાઈસ્કૂલ ન હતી. એની હોંશિયારી અને ધગશ જોઈને મેં એને અહીં બોયૂઝ સ્કૂલમાં દાખલ કરી હતી."

એ આગળ કંઈ જ ન બોલ્યા પણ એમના મૌને અને એમની એ દિલગીરીભરી આંખોએ મારી અક્કલ ઠેકાણે લાવી દીધી. બોર્ડની પરીક્ષામાં મારો ખૂબ સારો નંબર આવ્યો . IITની પરીક્ષામાં પણ હું પાસ થયો અને મને IIT કાનપુરમાં એડમિશન મળ્યું. રાયપૂરમાંથી ગણ્યાગાંઠા વિદ્યાર્થીઓ ને આજ સુધી આ સન્માન મળ્યું હતું.

મેં કમ્પ્યૂટર સાયંસ ડિપાર્ટમેન્ટમાં પ્રવેશ મેળવ્યો. ભારતમાં મોટેભાગે બાળકોની કારકિર્દી અંગેના નિર્ણયો મા-બાપ જ લેતાં હોય છે, તેથી જ IITના વાતાવરણથી મારી મુક્તિ માટેની ઝંખના પૂરી થઈ.

જાણે મારી ખરી "લાઈફ' શરૂ થઈ! હૉસ્ટેલમાં સારી- ખરાબ, વિવિધ પ્રકારની કંપની મળે એ સાચું. પરંતુ મારા સદ્નસીબે મને ખૂબ જ સારા મિત્રો મળ્યા. મારું રિઝલ્ટ જ એની સાબિતી હતી.

IITનું વાતાવરણ દિવસે દિવસે બગડતું જાય છે.

ખૂબ જ પાશ્ચાત્યિકરણ થઈ ગયું છે. ભણતર કારકિર્દીલિક્ષી, સંકુચિત

અને સ્વાર્થી! આ દેશના ભાવિ માટે આ સારી નિશાની તથી. સમાજ

અતે લોકોને મદદરૂપ ન થાય એ ભણતર શા કામનું?

જો કે મેં મારા ભવિષ્યની, પૈસાની કે નોકરીની ચિંતા કદીયે કરી નથી. સ્વામી વિવેકાનંદના શબ્દોની મારા જીવન પર એટલી ઊંડી અસર હતી કે તેમનાં લખાણોની શીળી છાયાનો હું સતત અનુભવ કરતો હતો. એ ખુદ મને દિશા ચીંધતા હોય તેવી અનુભૂતિ થતી. IIT ના મારા બીજા વર્ષથી હું "એન્ટી-રેગિંગ કેમ્પેઈન" માં જોડાયો . જૂના વિદ્યાર્થીઓ દ્વારા નવા વિદ્યાર્થીઓની થતી પજવણીએ આ સંસ્થામાં વિકૃત રૂપ ધારણ કર્યું હતુ. ત્રીજા વર્ષમાં હતો ત્યારે હું "વિવેકાનંદ સમિતિ'ના સભ્યોના પરિચયમાં આવ્યો. સંગઠનને અમે મજબૂત બનાવ્યું .

આ સમિતિ અન્વયે IIT કાનપુરની બહાર વસેલા ભાઉસરાઈ નામના ગામનાં બાળકોને ભણાવવાનું અમે શરૂ કર્યું. એ ગામમાં આમ તો ચાર નિશાળો હતી પરંતુ દલિતોનાં બાળકોને પ્રવેશની પાબંદી હતી.. . અમે માત્ર દલિતોનાં બાળકો માટે શાળા ચાલુ કરી. એ ગામમાં એક સરકારી શાળા હતી જે બંધ પડી હતી. અમે એ શાળા ફરીથી ચાલુ કરાવવાનાં ચક્રો પણ ગતિમાન કર્યા. ત્યાં ત્રણ તો શિક્ષકો હતા. એકેય દિવસ ભણાવ્યા વગર જ મસ્ટર પર દર મહિને મત્તું મારીને પગાર લઈ લેતાં! અમે તો કેળવણીખાતામાં ફરિયાદ મોકલી આપી. ત્રણેય શિક્ષકોને નિશાળે આવતાં કર્યા. એમને ઘણુ ય પેટમાં દુઃખતું હશે, પણ શું થાય?

સરકારી શાળા ચાલુ તો થઈ ગઈ પરંતુ ત્યાં કોઈ જ ભણાવતું ન હતું. બાળકો ય આવવા ખાતર આવતાં. મોટાભાગનાં બાળકોને અમારી સાંજની શાળામાં વધારે ગમતુ. ત્યાં ભાર વગરનું, પણ ભણતર તો હતું! અમે અઠવાડિયે બે દિવસ ભણાવવાથી શરૂઆત કરી હતી જે ધીમે ધીમે નિયમિત, રોજિંદી શાળા થઈ ગઈ.

દસ વિદ્યાર્થીઓ IIT માંથી નિયમિત સેવા આપવા આવતાં. જો કે અમુક "આરંભે શૂરા' નીકળ્યા. ધીમેધીમે અમારી ટીમ છ જણની થઈ - પાંચ વિદ્યાર્થીઓ અને છઠ્ઠા અમારા ફિઝિક્સના પ્રોફેસર શ્રી આર. રામચંદ્રનનાં પત્ની શ્રીમતી વિજયા રામચંદ્રન". બાળકોની કેળવણી ઉપરાંત સફાઈ અને સ્વાસ્થ્ય અંગેના કાર્યક્રમો પણ અમે વારતહેવારે યોજતા. ત્રણ જ વર્ષમાં એ ગામનાં સો ટકા બાળકોનું રસીકરણ અમે પતાવ્યું. એ કામમાં મહેનત ઘણી પડી કેમકે શરૂશરૂમાં તો બાળકો અમને જોઈને દોડતાં આવતાં , પરંતુ ધીમેધીમે એમને ખબર પડી કે અમે તો તેમને ઈંજેક્શન આપવાનાં છીએ એટલે બધાં અમારાથી ગભરાઈને દૂર ભાગવા લાગ્યાં. મીઠાઈ કે પિપરમીંટની લાલચ આપીને અમે બાળકોને પટાવી લેતાં શીખી ગયાં.

અમારા પ્રયત્નને પરિણામે ધીમેધીમે કાનપુરની આસપાસનાં વિસ્તારોમાં ફક્ત સેવાભાવી કાર્યકરોથી ચાલતી દસ સ્કૂલો ચાલુ થઈ ગઈ! કાર્યકરો ખૂબ જ ઉત્સાહી હતાં . ભણવા સાથે આ વધારાનું કામ કરવા માટે શક્તિ હતી પરંતુ હવે નાણાંની પણ જરૂર ઊભી થઈ. IITકાનપુરનાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સ દ્રારા આ સગવડ પણ થઈ ગઈ.

અમે અમારી મેસમાં એક રજિસ્ટર મૂકી દીધું. એમાં તમારે દાનની રકમ લખી દેવાની. અમે ફ્રમેફ્રમે ફરીને જેણે જે રકમ લખી હોય તે ઉઘરાવી લેતાં. જો તમે મને પૂછો કે કાનપુરની એ શાળાઓ ખરેખર કાંઈ ઉકાળી શકી? આ બધા પ્રયત્નોનું પરિણામ શું આવ્યું? તો મારી પાસે ખરેખર જવાબ નથી! મોટાભાગનાં વિદ્યાર્થીઓ પાંચમું પાસ થાય, પછી ભણવાનું છોડી દેતા. બાકીનાં બાંધકામની સાઈટો પર મજૂરીએ લાગી જતાં, પરંતુ અમુક બાળકો છેક કૉલેજ સુધી ભણ્યાં. મોટેભાગે છોકરીઓ વધુ પ્રતિબદ્ધ હતી. "દૃમ્નબાઈ' નામની એક છોકરી તો બી.એ. થઈને એ જ ગામમાં આજે શિક્ષિકા બની છે. જે સાવ અંગૂઠાછાપ હતાં તેવાં અનેક બાળકો અમારે કારણે વાંચતાં-લખતાં થયાં તે કાંઈ ઓછું છે?

આ ગાળામાં મારું B.Tech. પત્યું. મને સીધીસાદી નો કરી કરવામાં તો રસ હતો જ નહીં, એટલે મેં IIT કાનપુરમાં જ ઈન્ટીગ્રેટેડ Ph.D. ના કોર્સમાં પ્રવેશ મેળવ્યો . ફેબ્રુઆરીમાં B.Tech. પત્યું પછી જુલાઈ સુધી મારે બીજું કોઈ કામ ન હોવાથી મારી જ બેચના મિત્ર આલોક અગ્રવાલ સાથે હું "નર્મદા બચાવો આંદોલન'માં જોડાયો. આલોક અત્યારે આ આંદોલનનો સેક્રેટરી છે અને મેધા પાટકરની સંસ્થા સાથે જોડાયેલો છે . જુલાઈમાં હું ।1 કાનપુર પાછો આવ્યો . Ph.D. ની સાથે સાથે સેવાકીય કામો ચાલુ જ હતાં.

સંસ્થાના હોદ્દેદારો તથા પ્રોફેસર્સ સાથે મારે ઘણીવાર શાબ્દિક ટપાટપો થઈ જતી. તે છતાં ય હું Ph.D. થયો ત્યારે મને IIT એ નૌકરી આપવાની તૈયારી બતાવી. મે તો ડીનને મોઢે પૂછયું , "તમારે આ ડિપાર્ટમેન્ટમાં એક ચક્રમ માણસને શા માટે લેવો છે?" અમારા હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ કહે, "તુ આદર્શવાદી છે. વીસીમાં બધાં આદર્શવાદી જ હોય. ધીમેધીમે તુ આ ડિપાર્ટમેન્ટ માટે મોંઘેરી મૂડી બની જઈશ એની મને ખાતરી છે.

મેં એ ઑફર નકારી કાઢી. કારણ તો મને ય ખબર નથી પરંતુ મારું નસીબ મને બીજી દિશામાં ખેંચી રહ્યું હતું... એ નસીબ એટલે આ દુન્વયી સુખ-સગવડોથી દૂર સાધુજીવનમાં પ્રવેશ!"

"શ્રીસ, તમારા જીવનમાં એવી કોઈ ઘટના બની હતી? એવી કોઈ પળ હતી કે, જયારે તમે આ સંસારની ઘટમાળનો ત્યાગ કરીને સાધુ બનવાનું નક્કી કર્યું?" - હું પૂછું છું.

"સાચું કહું તો એવી કોઈ પળે મેં આવો નિર્ણય નથી લીધો. હું Ph.D. કરતો હતો ત્યારે જ મેં મારા અનેક મિત્રોને બી.ટેક. થઈને અમેરિકા જતાં જોયા. ઘણીવાર એકલો પડતો ત્યારે હું સાધુજીવન અંગે વિચારતો હતો . દ્વિધા તો ઘણી થતી . એક તરફ સમાજસેવાનું વળગણ, બીજી તરફ ભણવાનો શોખ? ત્રણ-ચાર વર્ષ સુધી આ વિચારવલોણું ચાલ્યું હશે ."

"શ્રીસ, તો પછી સાધુજીવન તરફ વળવાનું કારણ શું? "જીવનમાં પૈસાનું ખાસ મહત્ત્વ નથી" એવું કહેનારા ઘણાં મળે છે પરંતુ જીવનમાં એને ઉતારનાર જૂજ હોય છે. એમાં ય ભગવાં ધારણ કરવા માટે તો ઘણું મનોબળ જોઈએ." - હુ કહું છું.

"સાચું કહું તો દરેક ક્રિયા પાછળનું કારણ શોધવા જાઓ તો તમે ગાંડા થઈ જાઓ! હું તો પૂર્વજન્મના કર્મ અને સંસ્કારમાં માનું છું. હું ખુદ બુદ્ધિથી વિચારું છું તો મને મારા નિર્ણય પાછળનું કારણ સમજાતુ નથી."

"૧૯૯૪માં હું પહેલીવાર બેલૂર મઠ આવ્યો. હું અહીં સાધુ બનવા નહોતો આવ્યો. મારે તો બસ જગ્યા જોવી હતી. તે વખતના પ્રેસિડેન્ટ પૂજય આત્મસ્થાનંદજી મહારાજે મને જાણે એક જ નજરમાં પારખી લીધો ."

તેમણે મને પૂછયું , “તુ ક્યાંથી આવે છે , દીકરા? કેટલો સમય અહીં રોકાઈશ?”

મેં કહ્યું, “એક મહિનો.”

સ્વામીજીએ અન્ય બ્રહ્મચારીઓને બોલાવીને કહ્યું, “આને PPTC માં લઈ જાઓ.” PPTC એટલે “પ્રિ-પ્રોબેશનર્સ ટ્રેઈસગ સેન્ટર”. જ્યાં નવા બ્રહ્મચારીઓને રહેવા-ખાવા-પ્રાર્થનાની સગવડ હોય છે.

જેવો હું PPTC માં પહોંચ્યો એટલે એક બ્રહ્મચારીએ મને એક થાળી અને ધોતી આપ્યાં. મને કહે, “આ થાળી તમારી છે. રોજ થાળી તથા તમારી ધોતી જાતે જ ધોવાનાં છે .મને તો નવાઈ લાગી! મહેમાન સાથે આ લોકો આવું વર્તન કરતા હશે? રોજ સાંજે સ્વામીજી નવા બ્રહ્મચારીઓને સંબોધતાં. એમણે મને થોડા જ દિવસમાં કહ્યું , “અમારે ત્યાં કોઈ એક મહિનો રહેવા નથી આવતું. તું મહિના માટે રહીશ એની જાણ થતાં જ મને મનોમન ખ્યાલ આવી જ ગયો કે તું સાધુ થઈશ.”

આમ, કોઈ જાતના પ્રયત્ન વગર જ મેં સાધુજીવનમાં પ્રવેશ કર્યો.

“શ્રીસ, તમારાં કુટુંબીજનો? તેમનું શું રિએક્શન હતું?” હું પૂછું છું .

“આ દેશનાં કે કોઈપણ દેશનાં મા-બાપને તેમનું સંતાન સાધુ બને તે ન જ ગમે, ખરું ને? પડોશીનો દીકરો ભગવાં પહેરે તો વાંધો નહીં... પણ પોતાનું સંતાન.... ના ભાઈ ના!”

ભુ શું થયુ?”

“શું થાય? એ લોકો શું કરે? હુ તો હવે ભગવા રંગે રંગાઈ ચૂક્યો હતો... ત્યાગ અને વૈરાગ્યને માર્ગે ઘણો આગળ નીકળી ગયો હતો...”

જુઓ , તમને આ બધું સમજવામાં કદાચ તકલીફ પડશે. .. પણ વાત સહેલી છે. તમે દુન્વયી સુખ-સગવડનો ત્યાગ કરી દો પછી તો તમારી યાત્રા શરૂ થાય છે. દસ વર્ષ બ્રહ્મચારી તરીકે ગાળ્યા પછી તમે સાધુજીવનમાં પ્રવેશીને ભગવાં કપડાં ધારણ કરી શકો છો. આ પ્રમાણે જાતને ભૂલીને , સમાજની સેવા કરીને તમે મુક્તિ માટે પ્રાર્થના કરો છો. આ જન્મ-મરણની ઘટમાળમાંથી તમે મુક્તિની ચાહના કરો છો.

તમે પુનર્જન્મમાં માનો છો? હુ વારંવાર એ બાબતનો ઉલ્લેખ કરું છું તેનું ખાસ કારણ છે . ભારતીય ફિલસૂફીનો એ પ્રાણ છે. મધ્યબિંદુ છે. તમને જો પુનર્જન્મ ન મળવાનો હોય તો સંસ્કારની કે સદ્‌વર્તનની જરૂર જ શી? બસ, ખાઓ, પીઓ ને મજા કરો. સંસ્કૃતનો ખૂબ જ જાણીતો શ્લોક છેઃ

યાવત્ જિવેત્ સુખમ્ જિવેત્,ત્ઠણંકૃત્વા ધૃત પિબેત્ ।

ભસ્મિભૂતસ્ય દેહસ્ય પુનરાગમનઃ કૃતઃ ||

અર્થ એવો છે કે જીવ્યા એટલુ જીવી જાણો . દેવું કરીને ય ઘી પીઓ . કેમકે, જયારે મૃત્યુ થશે ત્યારે આ શરીર તો ભસ્મીભૂત (આગમાં) થઈ જવાનું છે અને એ પાછું ખોળિયામાં નથી આવવાનું .

ભારતીય સંસ્કૃતિ મુજબ આ ફિલસૂફી આપણી સંસ્કૃતિનો નથી. પશ્ચિમની છે. આને જ આપણે ભૌતિક્તાવાદ કહી શકીએ. નિસ્વાર્થપણે જે અન્યની સેવા કરે છે, તે ખરેખર તો પોતાના આત્માનું જ કલ્યાણ કરે છે. કેમકે તે બંધનોમાંથી મુક્તિ પ્રાપ્ત કરે

સાધન અને સાધ્ય વચ્ચે આપણે મોટી ગેરસમજ ઊભી કરી છે.

પૈસાને તમારે ધ્યેય નથી બનાવવાનું. હા, ધ્યેય સુધી પહોંચાડવાનો

એ માર્ગ હોઈ શકે.

છે અને આત્મને શરીરરૂપી પાંજરાંમાંથી મુક્ત કરે છે. અંતે તે મોક્ષની પ્રાપ્તિ કરે છે. સંન્યાસીઓએ આ સમાજ માટે સાધનાનો અને સત્યનો માર્ગ પ્રજ્વલિત કરવાનો છે . માયાના અંધકારમાં ગોથાં ખાતી પ્રજાને પોતાના ઉદાહરણથી જ માર્ગ ચીંધવાનો છે . બધાંએ સંન્યાસી બની જવું જોઈએ એવું કહેવા નથી માંગતો પરંતુ સમાજનો થોડો વર્ગ જો આ રસ્તે નહીં જાય તો આ દેશ ભૌતિકતા અને ઉપભોક્તાવાદનો શિકાર બનશે.

તમારે સારું ભણવું હોય તો ટી.વી., ઈન્ટરનેટ અને ફિલ્મોથી દર રહેવું જ પડે ને? એ પણ એક જાતનો ત્યાગ જ છે. રોજ સાંજે ગલીમાં ક્રિકેટ ટીચ્યા કરીએ તો રિઝલ્ટ પર અસર તો પડવાની જ!

અરે, સચીન તેન્ડુલકરે પણ કેટકેટલો ત્યાગ કરવો પડે છે? એને મોજમજા કરવાની ઈચ્છા નહીં થતી હોય? રોજના કલાકો સુધી એ પ્રેક્ટિસ અને તાલિમ પાછળ પરસેવો પાડે છે! તેથી જ હું કહુ છું, કે ઊર્ધ્વગમન માટે ત્યાગ અનિવાર્ય છે. તમે જો ધ્યેય ઊંચું નહીં રાખો તો આ સમાજ સ્થગિત થઈ જશે.

સ્વામી વિવેકાનંદના મત મુજબ ત્યાગનો અંતિમ ધ્યેય શો હોવો જોઈએ? આત્મમોક્ષર્યમ્ અને જગદ્્હિતાયામ.અર્થા[ત્ આત્માનુ કલ્યાણ અને જગતનું હિત. તમને આ બે બાબતો પરસ્પરવિરોધી લાગશે, પણ તમે અન્યનું કલ્યાણ કરશો તો જ તમારું હિત થશે, તે નક્કી છે . ઉંડાણપૂર્વક સમજાવું તો આત્મા સર્વવ્યાપી છે. તમારામાં ય આત્મા છે અને મારામાં ય છે. એ તત્ત્વ તો બધાંમાં એક જ સરખું છે. તો હું તમારા આત્માની અવગણના કરીને ફક્ત મારા વિષે વિચારું તો મને મુક્તિ નહીં મળે.

હું જે મુક્તિની વાત કરું છું તે "નિર્વાણ' નથી. આ બધું સમજવા કરતાં એક વાત સમજવા જેવી છે - અને એ વાતને ગંભીરતાપૂર્વક

મારા નામે બૅન્કમાં ખાતું નથી. મારાં ખોરાક, કપડાંલત્તાં તથા દવા કે

હૉસ્પિટલના ખર્ચા માટે હું સંસ્થા પર સો એ સો ટકા નિર્ભર છું

તેથી જ હું નિશ્ચિત છું.

ધ્યાન પર લેવા જેવી છે . આપવાનો આનંદ - The joy of giving એની પ્રત્યેક વ્યક્તિએ સ્વયં અનુભૂતિ કરવી રહી.

બેલૂર મઠ રામક્રિષ્ન મિશનનું હેડક્વાટર છે . (www.belurmath.org) રામક્રિષ્ન મિશનના મુખ્યત્વે ચાર ધ્યેય છે. અશ્નદાન, જ્ઞાનદાન, પ્રાણદાન અને મોક્ષદાન. "અશ્નદાન' એટલે તો ધાન્યની સેવા. 'જ્ઞાનદાન' એટલે કેળવણી દ્વારા સમાજની સેવા. "પ્રાણદાન' એટલે મેડિકલ સર્વિસ અને "મોક્ષદાન' એટલે ધાર્મિક સેવા.

રામક્રિષ્ણ મિશનમાં જોડાનાર પ્રત્યેક વ્યક્તિ માટે આ ચારમાંથી કોઈપણ એક પ્રવૃત્તિમાં જોડાવું ફરજિયાત છે. હું Ph.D. હોવાથી મને સ્વાભાવિકપણે જ્ઞાનદાનમાં મૂકવામાં આવ્યો . અહીં માર્કશિટો , ડિગ્રીઓ અને ઠાલી હુંસાતુંસીથી વિદ્યાર્થીઓને મુક્તિ આપવામાં આવે છે. તેમની પ્રત્યેક આંતરિક શક્તિ ખીલે તેવી કેળવણી પર ભાર મુકાય છે.

સ્વામી વિવેકાનંદને એકવાર પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, "વોટ ડું યુથિક અબાઉટ ધ પ્રૉબ્લેમ્સ ઑફ વિમેન?" સ્વામીજીનો જવાબ ખૂબ જાણીતો છે - "હું સ્રી નથી. તમે મને એમના પ્રશ્નો વિષે શા માટે પૂછો છો? તમને ખરેખર એમના પ્રૉબ્લેમ્સની ફિકર હોય તો એમને શિક્ષિત કરો. કેળવણી દ્વારા સ્રીઓ

સ્વતિભરતા પ્રાપ્ત કરશે. ધે વિલ બી એબલ ટુ સોલ્વ ધેર ઓન પ્રૉબ્લેમ્સ."

અહીં બેલૂર મઠમાં અમે આ જ સ્પિરિટથી જ્ઞાનદાન આપીએ છીએ. દલિતોનાં, ગરીબોનાં અને સમાજના તરછોડાયેલા વર્ગોનાં લોકોને શિક્ષિત કરો, તો એમને સારાં નોકરી-ધંધા મળશે. તેમનામાં આત્મવિશ્વાસ વધશે. એમના પ્રૉબ્લેમ્સ એ જ સોલ્વ કરશે. મારા મતે તો સબ રોગોં કી એક દવા - કેળવણી છે.

જો કે આજે તો શિક્ષણની સાચી વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. સા વિદ્યા યા વિમુક્તયેતૂ - વિદ્યા એ જ કે જે મુક્તિ અપાવે - સ્વામીજી ચારિત્યનું ઘડતર થાય તેવા શિક્ષણની વાત કરતા હતા. આજે શિક્ષણ નોટો છાપવાનું મશીન બની ગયું છે."

"તો શું તમે નાસીપાસ થઈ ગયા છો? શ્રીસ?"

"ના...ના! અરે, લોકોએ શિક્ષણ વિષે વિચારવાનું શરૂ કર્યું છે. એ જ મહત્ત્વની બાબત છે . જેમણે શિક્ષણના "ધંધા'માં પુષ્કળ રૂપિયા બનાવી લીધા છે એમને પણ હવે રહી રહીને સમજાયું છે કે પૈસો સર્વસ્વ નથી. હવે એવા લોકો પણ સાત્ત્વિક શિક્ષણ તથા કેળવણી અંગે હકારાત્મક સૂચનો આવકારે છે ."

ખરેખર સ્વામીજી, તમે તો બહુ આશાવાદી છો! તમારામાં ધીરજનાં ય ભંડાર ભરેલા છે. તમે બીજ રોપી રહ્યા છો, બાગમાં (નિદામણ કરો છો તથા જ્ઞાનરૂપી ખાતર-પાણીથી એને નંદનવન બનાવી રહ્યાં છો. ફૂલો તો એ જ છે પરંતુ સુવાસ અલગ છે. શાંતિની અને ધ્યેય પ્રત્યેની સમર્પિતતાની સુવાસ!

"રામક્રિષ્ન મિશનની શાળાઓ અન્ય શાળાઓ કરતાં જુદી કે ચડિયાતી છે એવો મારો દાવો નથી, પરંતુ શાળાઓ ખરેખર જેવી હોવી જોઈએ તેવી આ સ્કૂલો છે. બધી જ નિશાળોમાં શિક્ષકોની હાજરી શસિયમિત હોવી જોઈએ, શિક્ષકો ટ્યૂશનો ન કરતા હોવાં જોઈએ, સરકારના વિવિધ કાર્યક્રમોના ઓઠાં હેઠળ શિક્ષણ ઠેબે ન ચડવું જોઈએ! અહીં બંગાળમાં તો શિક્ષકો "પાર્ટી વર્ક' (રાજકીય પાર્ટીના દબાણ હેઠળ) માટે દિવસો સુધી શાળામાં ગેરહાજર રહે છે . બંગાળની શાળાઓને 'શાળા' કહેવી કે નહીં તે સવાલનો જવાબ અટપટો છે. અહીં ગરીબ-તવંગર બધાંનાં બાળકો ટ્યૂશન લે છે."

અમારી શાળાઓમાં સિયમિત ભણાવાય છે. અમારા શિક્ષકોને પોતાનાં વિદ્યાર્થીઓનું ટ્યૂશન કરવા પર પાબંદી છે . તેથી જ અહીં પ્રવેશ માટે પડાપડી થાય છે. વિદ્યાર્થીઓ ઘણીવાર અમારી કડક શિસ્તથી કંટાળે છે. સવાર-સાંજ પ્રાર્થના કરવાની, સિયમિત અભ્યાસ કરવાનો... આ બધું એમને આકરું લાગે છે . પરંતુ એ જ વિદ્યાર્થીઓ જયારે માતા-પિતા બને ત્યારે તેમના બાળકને આંગળી પકડીને અહીં જ લાવે છે!

મારે કેટલી શાળાઓનું નિર્માણ કરવું છે, તે જવાબ આપવો અઘરો છે. કેમકે છેલ્લાં વીસ વર્ષમાં અમારા સાધુઓની સંખ્યામાં સાવ સામાન્ય વધારો થયો છે - ૧૨૦૦માંથી ૧૪૦૦ - કામ કરવા માટે મેનપાવર જોઈએ. હું તો સમાજને ફક્ત સાચો રસ્તો ચીંધી શકું. ફાનસ લઈને અંધારામાં રસ્તો કરી રહ્યો છું. વેદાંતમાં કહ્યું જ છેકે સમાજ જ સમાજના પ્રશ્નોનું નિરાકરણ લાવવા સમર્થ છે."

શ્રીસની ઘણી વાતો મને સમજાતી નથી. એમાંનું ઘણું મને સાચું ય લાગે છે! અંગ્રેજીમાં કહેવત છે જ ને કે ગૉડ ઓનલી હેલ્પસ હુ હેલ્પ ધેમસેલ્વઝ! અપના હાથ જગશાથ! આપણા સહુની ભીતરમાંથી દીવેટને પ્રજવલિત કરે તેવા એક તણખાની જ આવશ્યકતા હોય છે...અને એ આત્મારૂપી દીવડાને તેલની જરૂર હોય છે... એ તેલ એટલે સેવા... વાવો તેટલુ લણશો તે કરશો એટલુ પામશો.

યુવા સમાજૌદ્યોગિકોને મારી શીખ

આ સ્વાર્થી દુનિયામાં મને પૂછવામાં આવે તો મહેનત એક જ કરવાની છે - સ્વાર્થને તિલાંજલી આપવાની! બસ, તમારા સ્વાર્થને બાજુએ મૂકીને જુઓ . બધું આપોઆપ થઈ જશે .

તમારે ધાર્મિક કે આધ્યાત્મિક બની જવાની જરાય જરૂર નથી. ભૌતિક ચીજવસ્તુઓનો છોછ રાખવાની બિલકુલ જ જરૂર નથી. તમારે આધ્યાત્મને રસ્તે આગળ વધવું હોય, કે ભૌતિક સુખ-ચેન મેળવવા હોય, “જાત' ને ભૂલીને કર્મ કરવાનાં છે . નિસ્વાર્થપણે કરેલાં કાર્યોનું ફળ મળે જ છે.

સ્વામી વિવેકાનંદ માનતા કે યુવાનો પાસે આ દેશમાં પરિવર્તન લાવવાની જાદુઈ છડી છે . તેમને તેઓ પુષ્કળ પ્રેરણા અને પ્રોત્સાહન આપતાં. “ઘરડાં ગાડાં વાળે' એ કહેવતમાં હું પણ વિશ્વાસ ધરાવતો નથી. વૃદ્‌ધો માત્ર બેસીને ચર્ચા કરશે તો આ દેશમાં પરિવર્તન આવવાનું નથી. ગરીબાઈ અને નિરક્ષરતાને આ દેશમાંથી હાંકવા હોય તો યુવાનોએ જ કમર કસવી પડશે. ફિલસૂફીની ચર્ચાઓ કરવાથી આ કામ નહીં થાય.

મને આ દેશના યુવાનોમાં ભારોભાર શ્રદ્‌ધા છે. આ દેશની પ્રગતિમાં અવરોધક જે કોઈ પડકારો છે તેને ઝીલવા તેઓ સક્ષમ છે. મારી પેઢી અને તે અગાઉની પેઢી દબાયેલી હતી. એમના મનમાં એવો ખ્યાલ ઘર કરી ગયો હતો કે બ્રિટિશર્સ વધુ હોંશિયાર છે! બધાં જ ધોળિયા આપણાથી ચડિયાતા! પરંતુ આજની પેઢી આવું સ્વપ્નામાં ય વિચારતી નથી. આજનો વિદ્યાર્થી લઘુતા અનુભવતો નથી. તેથી જ મને વિશ્વાસ છે કે ભારતની યુવાપેઢી આ દેશને 'વિકાસશીલ' દેશમાંથી “વિકસિત' ની દિશામાં મૂકીને જ જંપશે .

*શ્રીમતી વિજયા રામચંદ્રન આપણ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ માનનીય શ્રી આર. વૈંકટરામનનાં પુત્રી છે.

આપને વધુ માહિતીની જરૂર છે?

આ પુસ્તકમાં સમાવિષ્ટ સમાર્જા ધો ગિકોનો આપ સંપર્ક કરવા ઈચ્છો છો? તેમની સંસ્થામાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી અર્પણ કરવા ચાહો છો? તો, નીચે પ્રત્યેક સંસ્થાના ઈ-મેલ તથા વેબસાઈટની માહિતી છે. રાહ ન જુઓ... પ્રોત્સાહનનાં થોડાં શબ્દો, સેવા આપવાની ઈચ્છા કે તમારા હૃદયમાં જાગતાં સંવેદનો... કાંઈક તો લખો! શુભ કાર્ય કરવા માટે સારા ચોઘડિયાની રાહ જોવાની જરૂર નથી. હા, પ્રશ્ન હોય, તો મુદ્દાસરનો અને સચોટ હોય તેનું ખાસ ધ્યાન રાખજો .

1. Bindeshwar Pathak - sulabhinfo@gmail.com
www.sulabhinternational.org

2. Anita Ahuja - info@conserveindia.org
www.conserveindia.org

3. Vineet Rai - vineet_rai@aavishkaar.org
www.aavishkaar.org

4. Sumita Ghose - sumita@rangsutra.com
www.rangsutra.com

5. Saloni Malhotra - saloni@desicrew.in
www.desicrew.in

6. Ishita Khanna - Spiti Ecosphere -
ishita@spitiecosphere.com
www.spitiecosphere.com

7. Harish Hande - Selco - harish@selco-india.com
www.selco-india.com

8. Santosh Parulekar - Pipal Tree -
sparulekar@pipaltreeventures.com
www.pipaltreeventures.com

9. Dinabandhu Sahoo - Project Chilika -
dbsahoo@hotmail.com
website : not available

10. Anand Kumar - Super 30 - mail@super30.org
www.super30.org

11. Dhruv Lakra - Mirakle Couriers -
dhruv.lakra@miraklecouriers.com
www.miraklecouriers.com

12. Madhav Chavan - Pratham - madhavchavan@gmail.com
www.pratham.org

13. Anshu Gupta - Goonj - anshu@goonj.org
www.goonj.org

14. Trilochan Sastry - ADR - tsastry@gmail.com
www.adrindia.org

15. Shaheen Mistry - Akanksha & Teach for India -
shaheen@teachforindia.org
www.akanksha.org & www.teachforindia.org

16. Arvind Kejriwal - Parivartan -
parivartan_india@rediffmail.com
www.pcrf.in

17. Bhushan Punani - Blind Person's Association (BPA) -
blinabad1@bsnl.in
www.bpaindia.org

18. Madhu Pandit Dasa - Akshaya Patra -
mpd@iskconbangalore.org
www.akshayapatra.org


19. Vinayak Lohani - Parivaar Ashram -
vinayak@parivaar.org
www.parivaar.org


20. Shreesh Jadhav - Belur Math -
sarvottamananda@gmail.com
www.belurmath.org


ALSO BY RASHMI BANSAL

OVER 12 LAKH COPIES SOLD






















બિંદેશ્વર પાઠકમાં જોમ હતું...
અરવિંદ કેજરીવાલ અડીખમ રહ્યા...
ભૂષણ પુનાનીએ અજવાસ પ્રસાર્યો...

'સપનાનાં સોદાગરો' એટલે એવા વીસ આદર્શવાદી વીરલાઓની જીવનગાથાઓ, કે જેમણે ઉદ્યોગસાહસિકતા અને સમાજસેવાને પરસ્પર વિરોધી તરીકે નહીં, પરંતુ એકમેકના પર્યાય તરીકે માનીને દેશના પાયાના પ્રશ્નોનું નિરાકરણ કરવાની કોશિશ કરી.


મેનેજમેન્ટના નિયમો ફક્ત 'પોથીમાંના રીંગણા'નથી, તે સાબિત કરવાની કમર કસી છે. આ પુસ્તક વાંચનારને એક બાબત તો ચોક્કસ સમજાશે. પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે એકાદ અણણા હજારે પણ પૂરતા છે અને એ વ્યકિત કદાચ તમે પણ હોઇ શકો!



નવભારત
સાહિત્ય મંદિર
e-mail : info@navbharatonline.com
web: www.navbharatonline.com
facebook.com/Navbharat Sahitya Mandir
OUR APP IS NOW LIVE ON







₹225.00